

ખંભાતનાં જિનાલયો

ચંદ્રકાન્ત કડિયા

શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખંભાતનાં જિનાલયો

ચંદ્રકાન્ત કડિયા

પ્રકાશક :
શેઠ આણંદજી કલ્યાણજી
અમદાવાદ-૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Khambhatnan Jinalayo by Chandrakant Kadia

પ્રથમ આવૃત્તિ : ૨૧ ફેબ્રુઆરી, ૨૦૦૦
વીર સંવત : ૨૫૨૬ વિક્રમ સંવત : ૨૦૫૬
પ્રત : ૩૦૦૦

© શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ-૧

કિંમત : રૂા. ૨૦૦-૦૦

પ્રકાશક : કામદાર નવીનચંદ્ર મણિલાલ
મૅનેજર
શેઠ આણંદજી કલ્યાણજી, ઝવેરીવાડ, અમદાવાદ-૧

ગ્રંથ આયોજન : શારદાબેન ચિમનભાઈ એજ્યુકેશન રિસર્ચ સેન્ટર,
'દર્શન' બંગલો, શાહીબાગ, અમદાવાદ-૪

મુખપૃષ્ઠ : જનક પટેલ

મુદ્રક : ચંદ્રિકા પ્રિન્ટરી
મિરઝાપુર, અમદાવાદ-૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પુરોવચન

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી તરફથી સને ૧૯૫૩માં ભારતભરનાં જૈન તીર્થો અને નગરોનું ઐતિહાસિક વર્ણન આલેખતો ગ્રંથ જૈન તીર્થ સર્વ સંગ્રહ ત્રણ ભાગમાં પ્રકાશિત કરવામાં આવ્યો હતો. આ ગ્રંથના સંપાદનનું કાર્ય શ્રી સારાભાઈ મણિલાલ નવાબે કર્યું હતું તેમજ ઐતિહાસિક વર્ણન પં૰ શ્રી અંબાલાલ પ્રેમચંદ શાહે કર્યું હતું. ગ્રંથમાં આપવામાં આવેલી ઉપયોગી માહિતીને કારણે તેની નકલો ખપી જવાથી તે ગ્રંથ અનુપલબ્ધ બન્યો હતો. ત્યાર બાદ આ ગ્રંથની અવારનવાર માંગણી આવ્યા કરતી હતી. તેથી તેને માત્ર પુનઃ પ્રકાશિત કરવાને બદલે આજ સુધીની નવી માહિતીઓ ઉમેરી નવા સ્વરૂપે પ્રગટ કરવાની મનમાં ભાવના થયા કરતી હતી. છેલ્લા પચાસ વર્ષમાં અનેક નૂતન જિનાલયોનું નિર્માણ થયું છે, અનેક જિન પ્રતિમાઓ સ્થળાંતર પામી છે, અનેક તીર્થોનો જીર્ણોદ્ધાર થયો છે તે તમામ માહિતીનું આલેખન થાય તો ઈતિહાસ જળવાય અને પ્રાપ્ત થયેલ પ્રાચીન હસ્તપ્રતોને આધારે તેમજ આ સમયગાળા દરમિયાન પ્રકાશિત થયેલ અનેક ઐતિહાસિક ગ્રંથોને આધારે લખાણ કરવામાં આવે તો ઈતિહાસ કાંઈક વધુ સ્પષ્ટ થાય. આ કારણે પૂર્વે પ્રકાશિત થયેલ ગ્રંથો સંવર્ધિત થઈ પ્રકાશિત થાય તે ઈચ્છનીય હતું.

આ અંગે ટ્રસ્ટીગણ સાથે ચર્ચા કરતાં તેઓ સૌએ પણ સહર્ષ આ કાર્ય કરવું જ જોઈએ તેવી ભાવના દર્શાવી હતી. પરંતુ આ વિરાટ કાર્ય કરવા માટે ખૂબ જ સમય, અનેક કાર્યકર્ત્તાઓનો સહયોગ, સમજપૂર્વક અને સરળ ભાષામાં લેખન કાર્ય કરી શકે, યોજના બનાવી તેનો અમલ કરાવી શકે તેવા અનુભવી તેમજ નેતૃત્વ લઈને કાર્ય પૂરું કરી શકે તેવા વિદ્વાનોને પ્રાપ્ત કરવાની આવશ્યકતા હતી. આવા વિદ્વાનોને શોધી અને તેઓની સેવા કેવી રીતે પ્રાપ્ત થઈ શકે તે મૂંઝવણ હતી. અંતે એવો નિર્ણય લીધો કે પ્રાથમિક તબક્કે એક ગ્રંથ તૈયાર કરાવી, જોવું કે ધાર્યા મુજબનું કાર્ય થઈ શકે છે કે કેમ ? તે નિર્ણય મુજબ રાજનગર (અમદાવાદ)નાં જિનાલયોનો ઐતિહાસિક પરિચય તથા જિનપ્રતિમાઓની માહિતી દર્શાવતો ગ્રંથ તૈયાર કરાવ્યો અને તેમાં તીર્થ સર્વ સંગ્રહમાં પ્રકાશિત કરવામાં આવેલી માહિતી તો સમાવી લીધી તદુપરાંત નવી માહિતીઓ ઉમેરી ''રાજનગરનાં જિનાલયો'' નામનો ગ્રંથ પ્રકાશિત કર્યો. તેને ખૂબ સારો આવકાર મળ્યો અને ધાર્યા કરતા ઘણી જ જલદી તેની નકલોનું વિતરણ થઈ જવાથી ગ્રંથ અલભ્ય બની ગયો. આ કાર્યનું આયોજન જિતેન્દ્રભાઈ બી. શાહે તથા ખૂબ જ શ્રમસાધ્ય માહિતી એકઠી કરવાનું અને લેખન કરવાનું કાર્ય શ્રી ચંદ્રકાન્ત કડિયાએ કર્યું છે. પ્રસ્તુત ગ્રંથ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રકાશિત થવાથી એક લાભ થયો કે તેમાં રહેલી ક્ષતિઓ જાણવા મળી અને હવે પછીના પ્રકાશનોમાં તેને સુધારી લેવાની તક મળી છે.

બીજા તબક્કામાં ગુજરાતના યથાશક્ય સમગ્ર જિનાલયોની માહિતી એકઠી દસ ભાગોમાં પ્રકાશિત કરવાની યોજના તૈયાર કરવામાં આવી છે અને તે પ્રમાણે નિર્ધારિત સમયમાં ખંભાતનાં જિનાલયો નામનો પ્રથમ ગ્રંથ પ્રકાશિત થઈ રહ્યો છે ત્યારે ખૂબ જ આનંદ થાય તે સ્વભાવિક છે. શ્રી ચંદ્રકાન્ત કડિયા અને તેઓના સહકાર્યકરોએ અથાગ પરિશ્રમ કરી આ કાર્ય સફળ બનાવ્યું છે તે બદલ તેઓની જેટલી અનુમોદના કરીએ તેટલી ઓછી છે.

હવે પછી ગુજરાતના તમામ તીર્થો અને જિનાલયોનો ઈતિહાસ તથા ઉપયોગી માહિતી પણ એકઠી કરી ગ્રંથ સ્વરૂપે પ્રગટ કરવાનું વિશાળ અને શ્રમસાધ્ય કાર્ય શ્રી ચંદ્રકાન્ત કડિયાએ સ્વીકાર્યું છે. તે બદલ તેઓ અભિનંદનને પાત્ર છે. યોજના અનુસાર બીજા ગ્રંથો પણ યથાશીઘ્ર તૈયાર કરી આપશે તેવી આશા છે.

આ ગ્રંથની માહિતી એકઠી કરવા માટે મુખ્ય આર્થિક સહયોગ ''શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન બોર્ડિંગ''-અમદાવાદ, તરફથી પ્રાપ્ત થયો છે. છબીઓ (ફોટોગ્રાફ્સ) તથા પ્રકાશન માટે ''સંબોધિ સંસ્થાન,'' અમદાવાદ સંસ્થાએ અને ગ્રંથ સંરચના, કૉમ્પ્યુટર આદિ દ્વારા સુંદર ગ્રંથ પ્રકાશન માટે શારદાબેન ચિમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર અમદાવાદનો બહુમૂલ્ય સહકાર અને સહયોગ મળ્યો છે તે બદલ તે સહુનો આ પ્રસંગે ખૂબ જ આભાર માનું છું.

ફેબ્રુઆરી-૨૦૦૦, અમદાવાદ.

શ્રેણિક કસ્તુરભાઈ
પ્રમુખ
આ. ક. પેઢી

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપોદ્‌ઘાત

જૈન ધર્મમાં સેંકડો વર્ષોથી નૂતન જિનાલયોની પાવન પ્રવૃત્તિ અવિરત ચાલુ જ રહી છે. ટાંકણાંઓનું સંગીત ક્યારેય વિરામ પામ્યું નથી. પ્રભાવિક જૈનાચાર્યો તથા વિદ્વાન્ મુનિઓના ઉપદેશથી, શ્રેષ્ઠીઓની ઉચ્ચ ધર્મભાવના અને ઉદાર મનોવૃત્તિ દ્વારા સોમપુરાઓની કળાનો કસબ આરસ તથા અન્ય ઉમદા પથ્થરો ઉપર દિવ્ય અને ભવ્ય બની શોભી રહ્યો છે. પ્રશમરસ-નિમગ્ન, શાંત મુદ્રાયુક્ત વીતરાગ પરમાત્માઓની પ્રતિમાઓ દિવ્યાનુભૂતિ તો કરાવે જ છે, સાથે સાથે મનને ભક્તિમાં લીન બનાવી દે છે. આ પ્રતિમાઓ વર્ષો પૂર્વે નિર્મિત થઈ હોવા છતાં જાણે આજે જ બની હોય તેવી નિર્મળ અને સુંદર છે. આ પ્રતિમાજીઓ સાથે જોડાયેલું ભવ્ય શિલ્પ ભાવનાની અભિવૃદ્ધિ કરાંવવામાં નિમિત્ત બને છે. અનેક જિનાલયોના રંગમંડપો, સ્તંભો, શિખરો અને સામરણોમાં કંડારવામાં આવેલું શિલ્પ આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવું અદ્‌ભુત હોય છે. આ બધાનાં અવલોકન માત્રથી હૈયું નાચવા માંડે છે. આવા અદ્‌ભુત શિલ્પ અને સ્થાપત્યના નમૂના સ્વરૂપ જિનાલયો માત્ર જૈનોનો જ નહીં પણ ભારતીય સંસ્કૃતિનો ગૌરવપ્રદ અણમોલ વારસો છે. તેમજ સમયે સમયે નિર્મિત થયેલાં વિભિન્ન પ્રકારનાં જિનાલયો ભક્તિના મૂર્તિમંત પ્રતીક તો છે જ પણ સાથે સાથે શિલ્પ અને સ્થાપત્યની અનુપમ રચનાઓ છે. આવાં જૈન તીર્થો, જિનાલયો અને ગૃહમંદિરો સાથે વણાયેલો ગૌરવવંતો ઈતિહાસ જાણવા અને માણવા જેવો હોય છે.

તેમજ કાળના પ્રભાવે, રાજકીય તથા અન્ય ધર્મીઓના આક્રમણને કારણે કેટલાંક જૈન મંદિરો નષ્ટ થયાં, કેટલાંક જીર્ણ થયાં અને કેટલાંક સ્થળાંતર પામ્યાં. છતાંય જૈનોએ યથાશક્ય જિનમંદિરોની રક્ષા કરી છે. શાસ્ત્રમાં વર્ણવ્યા પ્રમાણે જીર્ણ થયેલા મંદિરને સુરક્ષિત કરવાના કાર્યને તો નૂતન જિનાલયના નિર્માણ કરતાં આઠ ગણું વધુ પુણ્ય વર્ણવ્યું હોવાથી પ્રાચીન જિનાલયના જીર્ણોદ્ધારની પ્રવૃત્તિને ઘણો જ વેગ મળ્યો છે. એટલું જ નહીં પણ કળાની ઊંડી સૂઝ ધરાવતા ઘણા શ્રાવકોએ તો પ્રાચીન જીર્ણ થયેલ મંદિરનો ઉદ્ધાર કરી નૂતન જિનાલય કરતાંય સવાયું કર્યાનાં દૃષ્ટાંત મળે છે. આ ઉમદા કાર્યોનો ઈતિહાસ જાળવવો તે આપણા સહુની જવાબદારી છે. ભવિષ્યની પેઢીને તેની સમ્યક્ જાણકારી પ્રાપ્ત થાય તો તેઓ પણ આ ગૌરવવંતી પ્રણાલિકાથી વાકેફ થાય અને પ્રણાલિકા ચાલુ રાખે તે આશયથી ઈતિહાસ લખવો આવશ્યક છે.

ઈતિહાસલેખનની દિશામાં ત્રણ વર્ષ પૂર્વે **રાજનગર(અમદાવાદ)નાં જિનાલયો** નામનો ગ્રંથ પ્રકાશિત કર્યો ત્યારે તેનો વ્યાપ સમગ્ર ગુજરાતનાં જિનાલયો સુધી વિસ્તારવાનું નક્કી કર્યું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હતું. આ યોજના અંતર્ગત ગુજરાતનાં તીર્થો અને સમગ્ર જિનાલયોની માહિતી આપવાનું આયોજન કરવામાં આવ્યું અને આખીય યોજનાને દસ ભાગમાં વહેંચવામાં આવી છે.

રાજનગર પછી સ્તંભતીર્થ(ખંભાત)નો ઇતિહાસ આલેખવાનું વિચાર્યું. કેમકે જૈન ધર્મના પ્રમુખ પ્રાચીન નગરોમાં પાટણ, ખંભાત, સુરત, પાલિતાણા, ગિરનાર વગેરેનો ક્રમ આવે છે. તેમાં ખંભાતનું નામ લેતાં જ કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, અભયદેવસૂરિ અને હીરસૂરિ જેવા અનેક શાસન પ્રભાવક આચાર્યોનાં નામો સ્મૃતિપટ ઉપર તરી આવે છે. મંત્રીશ્વર ઉદયન મહેતા અને કવીશ્વર ઋષભદાસ જેવા શ્રેષ્ઠ શ્રાવકોનાં ધર્મકાર્યોની વાત તાજી થઈ આવે છે. તેમજ દિવ્ય, મનોહર, જિનપ્રતિમાઓ, સુંદર શિલ્પયુક્ત જિનાલયો, જ્ઞાનભંડાર આદિના દર્શન ભાવવિભોર બનાવી દે છે. પૂર્વ મહર્ષિઓએ આ નગરની યાત્રા કરી ચૈત્યપરિપાટીઓ લખી છે. તેમાં નગરનાં જિનાલયોનાં મુક્ત કંઠે વખાણ કર્યા છે. શ્રાવકોની ઉદાત્ત ધર્મભાવનાની અનુમોદના કરી છે. અનેક ગ્રંથોમાં આ નગરના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. તે બધાને આધારે અહીં ઇતિહાસ આલેખવામાં આવ્યો છે. તેમજ જિનમંદિરોની સંપૂર્ણ માહિતી પણ આપવામાં આવી છે. પરિશિષ્ટોમાં ચૈત્યપરિપાટીઓ, શિલાલેખો અને તવારીખ આપી ગ્રંથને વધુ ઉપાદેય બનાવ્યો છે. આ ગ્રંથ માત્ર ઇતિહાસસ્વરૂપ જ નથી પરંતુ શ્રાવકોને જાણકારી મળે તેવી, વ્યવસ્થાપકોને ઉપયોગી થાય તેવી, અને ચૈત્યપરિપાટી કરવા ઇચ્છતા ભાવિકોને માટે પણ ઉપયોગી થાય તેવી અનેક માહિતીઓથી સભર છે.

આ સમગ્ર યોજના અંગે શ્રેષ્ઠીશ્રી શ્રેણિકભાઈ સાથે ઘણી વાર ચર્ચા થઈ હતી. તેમની ઉદાત્ત ભાવના અને અત્યંત ઉત્સાહે મને આ યોજના તૈયાર કરવા માટે પ્રેર્યો. આ વાત મારા મિત્ર શ્રી ચંદ્રકાન્ત કડિયાને જણાવી. તેઓએ આ કાર્ય કરવા ઉત્સાહ દર્શાવ્યો. એટલું જ નહીં પણ યોજનાને સુવ્યવસ્થિત રીતે પાર પાડવાની તૈયારી દર્શાવી. લેખન આદિ કાર્ય પણ સંભાળી લેવાની વાત કરી. તેથી જ મહાભારત જેવા આ વિશાળ કાર્યનું આયોજન કરવાની હિંમત કરી. ઉપરાંત નિશ્ચિત સમયાવિધિમાં આ પ્રથમ ગ્રંથ તેમણે તૈયાર કરી આપ્યો છે તે આનંદની ઘટના છે. તે બદલ તેઓ અભિનંદનને પાત્ર છે.

આ યોજના પાર પાડવા માટે વિભિન્ન ટ્રસ્ટોએ જુદા જુદા સ્વરૂપે સહયોગ કર્યો છે. સહુ પ્રથમ તો શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન બોર્ડિંગે (અમદાવાદ) માહિતી એકઠી કરવા માટે આવશ્યક આર્થિક સહયોગ કર્યો છે અને ગ્રંથમાં પ્રકાશિત કરવામાં આવેલ photographsની તથા પ્રકાશનની જવાબદારી શ્રી સંબોધિ સંસ્થાન-અમદાવાદે ઉપાડી. ગ્રંથપ્રકાશનના કાર્યમાં શારદાબહેન ચિમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર-અમદાવાદના કાર્યકર્ત્તા શ્રી અખિલેશ મિશ્ર, વિક્રમ મકવાણા, પ્રણવ શેઠ તથા ચિરાગ શાહનો સહયોગ મળ્યો છે તથા પ્રૂફ સંશોધન કરી આપવા બદલ શ્રી નારણભાઈ પટેલનો ખૂબ જ આભાર માનું છું.

આ ગ્રંથ જિજ્ઞાસુઓને ઉપયોગી થશે તેવી આશા છે. તેમજ સુજ્ઞ વાચકોને ખાસ વિનંતી છે કે પ્રસ્તુત યોજના તથા પ્રકાશિત થઈ રહેલ આ ગ્રંથમાં કોઈપણ ક્ષતિ રહી હોય તો જણાવી આભારી કરશો.

જિતેન્દ્ર બી. શાહ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રસ્તાવના

સં૦ ૨૦૫૩માં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી દ્વારા પ્રકાશિત થયેલ **રાજનગરનાં જિનાલયો** ગ્રંથના પુરોવચનમાં શ્રેષ્ઠીવર્ય શેઠ શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈએ શ્રદ્ધા વ્યક્ત કરી હતી કે ભવિષ્યમાં સમગ્ર ભારતનાં તમામ શહેરો અને ગામોનાં જિનાલયોની આવી નોંધ તૈયાર થાય અને ગ્રંથસ્વરૂપે પ્રકાશિત થાય તે જરૂરી છે. પ્રસ્તુત ગ્રંથ પ્રકાશિત થયા બાદ બે માસના ટૂંકા ગાળામાં જ તે અપ્રાપ્ય બન્યો હતો. ચતુર્વિધ સંઘના આવા ઉષ્માભર્યા પ્રતિભાવથી પ્રેરાઈને શ્રેષ્ઠીવર્ય શ્રી શ્રેણિકભાઈએ ગુજરાતનાં તમામ જિનાલયોના પ્રોજેક્ટની રૂપરેખા તૈયાર કરવાનું કાર્ય મને સોંપ્યું. રૂપરેખા તૈયાર થઈ અને ૧૦ ગ્રંથોમાં સમાવિષ્ટ થાય તે રીતે પ્રોજેક્ટને આખરી ઓપ આપવામાં આવ્યો. પ્રોજેક્ટને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી દ્વારા મંજૂર કરવામાં આવ્યો. વળી, પ્રોજેક્ટને અમલમાં મૂકવા માટે જરૂરી ફંડ જુદી જુદી સંસ્થાઓ તરફથી ઉપલબ્ધ કરી આપવામાં આવ્યું. પ્રસ્તુત પ્રોજેક્ટનો પ્રારંભ ૨૪ એપ્રિલ, ૧૯૯૮થી શરૂ થયો હતો. અને સરસ્વતીદેવીની કૃપાથી આ પ્રોજેક્ટનો પ્રથમ ગ્રંથ **ખંભાતનાં જિનાલયો** નિર્ધારિત સમયમાં પૂર્ણ થઈ શક્યો છે. શરૂઆતમાં સંબોધિ સંસ્થાન તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થયો. ત્યારબાદ શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન બોર્ડિંગ, સંબોધિ સંસ્થાન તથા તીર્થકોશ નિધિ તરફથી આ પ્રોજેક્ટ માટે આર્થિક સહયોગ સાંપડી રહ્યો છે. ઉપરાંત સંબોધિ સંસ્થાનના સૌજન્યથી પ્રસ્તુત ગ્રંથમાં ફોટોગ્રાફ્સ ઉપલબ્ધ બન્યા છે. એ બન્ને સંસ્થાઓનો તે માટે ઋણ સ્વીકાર કરીએ છીએ. સમગ્ર પ્રોજેક્ટ દરમ્યાન સતત માર્ગદર્શન અને સહયોગ મારા પરમ મિત્ર શ્રી જિતેન્દ્રભાઈ બી. શાહ તરફથી પ્રાપ્ત થતાં રહ્યાં છે તે માટે તેમનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે.

આ કાર્ય માટે રસીલાબેન કડિયા, પુષ્પાબહેન હર્ષદભાઈ શાહ, બિંદુબહેન પ્રદીપભાઈ ઝવેરી, ઉષાબહેન અજિતભાઈ શાહ, ગીતાબહેન નીતીનચંદ્ર શાહ, દક્ષાબહેન નરેશભાઈ શાહ, પારૂલબહેન હેમંતભાઈ પરીખ તથા શીતલ સુરેશકુમાર શાહ વગેરે બહેનોની ટીમનો સહયોગ પ્રાપ્ત થયો છે. અનેક પ્રતિકૂળતાઓ તથા મુશ્કેલીઓમાં પણ ખૂબ જ સમતાપૂર્વક, ખંતથી અને નિષ્ઠાપૂર્વક બહેનોએ આ કાર્ય કર્યું છે અને કરી રહ્યાં છે. તેઓએ જિનાલયોની પ્રત્યક્ષ મુલાકાતો લઈને નિયત કરેલ પત્રકમાં માહિતી એકઠી કરી છે.

ખંભાતનાં પ્રાચીન જિનાલયોની ભવ્યતા તથા અનુપમ કલા-કારીગરીનો અંશતઃ પણ ખ્યાલ આવે તે હેતુથી જિનાલયોનો શક્ય તેટલો વિગતવાર વર્ણન કરવાનો અહીં ઉપક્રમ રાખ્યો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે. જિનાલયોનું વર્ણન કરતી વેળાએ સૌ પ્રથમ તેના વિસ્તારની માહિતી આપી છે. તે વિસ્તારની સરહદો બદલાઈ હોય કે તે વિસ્તારમાં જિનાલયોની સંખ્યા વધઘટ થવા પામી હોય તો તેની વિગતો કે અનુમાનો આધારભૂત ગ્રંથો તથા ચૈત્યપરિપાટીનાં અવતરણો દ્વારા રજૂ કરવામાં આવ્યાં છે.

પ્રત્યક્ષ મુલાકાત ઉપરાંત આ ગ્રંથલેખનમાં બહુમૂલ્ય ફાળો ચૈત્યપરિપાટીઓનો છે. ખંભાતની ચૈત્યપરિપાટીઓમાં શ્રાવક ડુંગરની ચૈત્યપરિપાટી ઉપલબ્ધ હતી. ત્યારબાદ **અનુસંધાન અંક-૮**માં **મુનિ ભુવનચંદ્ર** દ્વારા સંપાદિત **કવિ ઋષભદાસની ૧૭મા સૈકાની ચૈત્યપરિપાટી** લક્ષ્મણભાઈ ભોજકે મેળવી આપી. આ ચૈત્યપરિપાટીમાં પરિશિષ્ટ તરીકે **સં૰ ૧૯૦૦માં ખંભાતનાં જિનાલયોની સૂચિ** પણ સમાવિષ્ટ હતી. વિવિધ ગ્રંથોમાં **મતિસાગરની સં૰ ૧૭૦૧**માં રચાયેલી **ખંભાઈતિ તીર્થમાલા**નો ઉલ્લેખ તથા **પદ્મવિજયની સં૰ ૧૮૧૭ની ખંભાત ચૈત્યપરિપાટી**નો ઉલ્લેખ પ્રાપ્ત થતો હતો પરંતુ ક્યાંય પ્રસિદ્ધ થયેલી માલૂમ પડી નહિ. પ્રસ્તુત બે ચૈત્યપરિપાટી પ્રાપ્ત કરવા માટે વિવિધ જ્ઞાનભંડારોની મુલાકાતો લીધી હતી. અંતે અમદાવાદના ડહેલાના ઉપાશ્રયના ભંડારમાંથી પદ્મવિજયની રચેલી ચૈત્યપરિપાટીની હસ્તપ્રત તેમજ કોબાના આ૰ શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનભંડારમાંથી મતિસાગરની ચૈત્યપરિપાટીની હસ્તપ્રત ઉપલબ્ધ થઈ. આ બન્ને હસ્તપ્રતોનું સંપાદન રસીલા કડીઆ તથા શીતલ શાહે કર્યું છે. તેઓને આ સંપાદનમાં શ્રી લક્ષ્મણભાઈ ભોજકનું માર્ગદર્શન સતત મળતું રહ્યું હતું. મધુસૂદન ઢાંકી તથા જિતેન્દ્ર બી. શાહ દ્વારા સંપાદિત નિર્ગ્રન્થ વૉ.૩માં તે પ્રસિદ્ધ થનાર છે. સંપાદકોની સંમતિથી આ ચૈત્યપરિપાટીઓના સંપાદનનો પ્રસ્તુત ગ્રંથમાં આધાર લીધો છે. ખંભાતનાં જિનાલયોના કડીબદ્ધ ઇતિહાસ માટે આ બન્ને ચૈત્યપરિપાટીઓ ખૂબ જ ઉપયોગી નીવડી છે.

ઉપલબ્ધ તમામ ચૈત્યપરિપાટીઓને અહીં એકસાથે મૂકવામાં આવી છે અને તેને આધારે જિનાલયની તથા પ્રતિમાની ગણતરીના કોષ્ટક બનાવ્યા છે જેથી અભ્યાસીઓને ભવિષ્યમાં ઉપયોગી થાય. ઉપરાંત ૧૬મા સૈકાની શ્રાવક ડુંગરની ચૈત્યપરિપાટીથી માંડીને સં૰ ૨૦૧૦ સુધીનાં જિનાલયોની યાદીને આધારે એક ચાર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. પ્રસ્તુત ચાર્ટને આધારે આજે વિદ્યમાન ન હોય તેવાં જિનાલયો, વિસ્તારોના લુપ્ત થયેલાં નામો, બદલાયેલાં નામો, સમયાંતરે ખંભાતની જૈનપરંપરાના મહિમાનું બદલાયેલું કેન્દ્રસ્થાન વગેરે વિગતો સહજ રીતે સ્પષ્ટ થતી રહે તે તેનો હેતુ છે.

કોષ્ટકમાં પ્રતિમાજીઓ તથા પટની સંખ્યાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ગણતરીમાં પાષાણની પ્રતિમાજીઓની સંખ્યામાં મૂળનાયકની પ્રતિમાજીની ગણતરી સામેલ છે. દેવ-દેવીઓની મૂર્તિઓને ગણતરીમાં સમાવિષ્ટ કરી નથી. માત્ર તીર્થંકરોની જ પ્રતિમાઓને ગણતરીમાં સામેલ કરવામાં આવી છે. પ્રતિમાજીઓનાં નામ જ્યાં આપ્યાં નથી અથવા લાંછન દ્વારા ઓળખી શકાયાં નથી ત્યાં તીર્થંકર ભગવાનનું નામ આપી શકાયું નથી. એનો ઉલ્લેખ આરસપ્રતિમા તરીકે કર્યો છે. આરસના પથ્થરમાં અથવા સાદા પથ્થરમાં કે કાષ્ઠમાં ઉપસાવેલ હોય અથવા ચિત્રાંકન થયેલ પટ હોય તેવા પટોની સંખ્યાને કોષ્ટકમાં ગણતરીમાં લીધેલ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તીર્થંકરના જીવનચરિત્ર તથા અન્ય પ્રસંગોના ચિત્રકામ અંગેની નોંધ કોષ્ટકમાં મૂકી નથી.

સંવતના ક્રમ અનુસાર તથા તીર્થંકરના ક્રમ અનુસાર અલગ અલગ યાદી આપવામાં આવી છે. તીર્થંકરો પ્રમાણેની યાદી પરથી સ્પષ્ટ થાય છે કે આજે ખંભાતમાં ભગવાનશ્રી પાર્શ્વનાથજી તથા ભગવાનશ્રી શાંતિનાથજી મૂળનાયક હોય તેવાં જિનાલયો સવિશેષ છે, જ્યારે ભગવાનશ્રી સુવિધિનાથજી મૂળનાયક હોય તેવું જિનાલય એકે નથી.

જિનાલયની સમયનિર્ધારણા કરવી એ કપરું કામ હતું. આ માટે અમે ચૈત્યપરિપાટીઓ, અન્ય સંદર્ભ ગ્રંથો તથા સંદર્ભ નોંધોનો વિનિયોગ કર્યો છે. પ્રાયઃ સૌથી વિશેષ આધારભૂત સ્રોત જિનાલયના મૂળનાયકનો મૂર્તિલેખ કહી શકાય. આથી, વાંચી શકાયું તેટલું લખાણ મોટા ભાગના મૂર્તિલેખોમાંથી ઉકેલવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. એલ૰ ડી૰ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજી દ્વારા લિપિશાસ્ત્રના વર્ગો લક્ષ્મણભાઈ ભોજકની રાહબરી હેઠળ ચાલ્યા હતા. આ તાલીમ વર્ગમાં પ્રોજેક્ટની ટીમની બહેનો પણ જોડાઈ હતી. લિપિશાસ્ત્રની એ તાલીમ મૂર્તિલેખો તથા શિલાલેખો ઉકેલવામાં ઉપકારક નીવડી. જિનાલયમાં મૂળનાયકના મૂર્તિલેખ ઉપરાંત આજુબાજુની અન્ય પ્રતિમાઓના લેખને ઉકેલવાનો પણ પ્રયત્ન કર્યો છે. પ્રકરણ-૩માં મૂળનાયક ભગવાનના લેખો તથા પ્રકરણ-૪માં પાષાણના અન્ય પ્રતિમાલેખો આપવામાં આવેલ છે. આ બન્ને પ્રકરણો એ 'રાજનગરનાં જિનાલયો' ગ્રંથની અપેક્ષાએ એક નવું ઉમેરણ છે, જે ભવિષ્યના સંશોધન માટે ખૂબ જ ઉપયોગી નીવડે તેમ છે.

આજે પણ ખંભાતમાં નવું મકાન કે નવા રસ્તા બનાવવા ખોદકામ કરવામાં આવે છે ત્યારે પ્રતિમાઓ તથા જિનાલયના અન્ય ભાગો મળી આવે છે. જેમ કે માણેકચોકમાં લગભગ ૩૩ વર્ષ પહેલાં મૂળનાયક સિવાયની આશરે ૫૨ થી ૫૪ પ્રતિમાજીઓ નીકળી હતી. આમાંથી મોટા ભાગની પ્રતિમાજીઓ પર ૧૩મા અને ૧૪મા સૈકાના લેખ છે. આમાંના કેટલાક લેખોમાં મલ્લિનાથચૈત્યનો ઉલ્લેખ છે તથા તેમાંની મોટા ભાગની પ્રતિમાઓ પર 'યશોભદ્રસૂરિ સંતાને...' અને 'ખંડેરક ગચ્છ...' લખેલ સ્પષ્ટ વંચાય છે. લાગે છે કે ૧૪મા સૈકા દરમ્યાન થયેલ વિવિધ આક્રમણોને કારણે પ્રસ્તુત જિનાલય નષ્ટ થયું હોય અને શાસનપ્રેમી શ્રાવકોએ બને તેટલી પ્રતિમાજીઓને સાચવી લેવા જમીનમાં દાટી હોય !

ખોદકામ કરતાં નીકળેલી આવી પ્રતિમાઓને તથા જાળવણીના હેતુસર કેટલાંક જિનાલયો કે ઘરદેરાસરો અથવા તેમાંની પ્રતિમાઓને અન્ય જિનાલયમાં પધરાવી હોય તો તેવી વિગતો શક્ય તેટલી મેળવી તેની માહિતી આપવામાં આવી છે. આવી પ્રતિમાજીઓના મૂર્તિલેખો ખંભાતની જૈન પરંપરાના ઇતિહાસની કેટલીક ખૂટતી કડીઓ પર વધુ પ્રકાશ પાડે છે.

અહીં અભ્યાસીઓ તથા વિદ્વાનોને ઉપયોગી થઈ પડે તે માટે શક્ય તેટલાં વધુ પરિશિષ્ટો સમાવવામાં આવ્યાં છે. પરિશિષ્ટોમાં તે તે સમયની જોડણી યથાવત્ રાખવામાં આવી છે. વળી, તવારીખના પરિશિષ્ટમાં સં૰ ૨૦૦૦ સુધીની તવારીખ સમાવિષ્ટ કરવામાં આવી છે. નર્મદાશંકર ભટ્ટના **ખંભાતનો પ્રાચીન જૈન ઇતિહાસ** ગ્રંથમાં તવારીખ આપવામાં આવી હતી તે તવારીખની યાદીમાં, પ્રોજેક્ટના કાર્યનિમિત્તે જે ગ્રંથોનું અધ્યયન થયું તેમાંથી ઉપલબ્ધ માહિતીને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આધારે તવારીખમાં ઉમેરણો કર્યાં છે. ઉપરાંત ખંભાતમાં બનેલી અંચલગચ્છની ઘટનાઓની માહિતી મુનિ શ્રી સર્વોદયસાગરજીએ ઉપલબ્ધ કરી આપી. તવારીખનું પ્રકરણ સ્વતંત્ર રીતે આપવાનો પ્રસ્તુત પ્રોજેક્ટની અંતર્ગત ઉપક્રમ ન હતો. પરંતુ ભવિષ્યમાં ખંભાતની જૈન પરંપરા અંગે અધ્યયન-સંશોધન કરનાર અભ્યાસીઓને ઉપયોગી થઈ પડે તે હેતુથી તવારીખની નોંધ સં૰ ૨૦૦૦ સુધીની આપવામાં આવી છે. આ તવારીખ સંપૂર્ણ નથી. ત્યારબાદની તવારીખ માટેનું કાર્ય ભાવિ સંશોધનકારો માટે છોડ્યું છે.

જીરાળાપાડામાં આવેલ ૧૯ જિનાલયના નિર્માણને હજુ સૈકો પૂરો થયો નથી છતાં આ જિનાલયમાં ૧૯ જિનાલયો કયે કયે સ્થળેથી લાવીને અહીં પધરાવવામાં આવ્યાં છે, મૂળનાયક તરીકેની પ્રતિમા પ્રસ્તુત જિનાલયમાં કયે સ્થળેથી લાવવામાં આવી છે તે અંગેની આધારભૂત માહિતી અનેક પ્રયત્નો કર્યા છતાં પ્રાપ્ત થઈ શકી નથી. તેથી, અહીં અન્ય ગ્રંથોના આધારો પરથી અનુમાન કરી, આપી શકાય તેટલી વિગતો આપવામાં આવી છે.

અહીં એક સૂચન કરવાનું મન થાય છે. ભવિષ્યમાં હવે જયારે પણ નૂતન જિનાલયનિર્માણ થાય, જીર્ણોદ્ધાર કરતી વખતે પ્રતિમાનું ઉત્થાપન થાય કે પ્રતિમાજી લાવી પધરાવવામાં આવે તેવે વખતે તે પ્રસંગ સાથે સંકળાયેલા અને હોદ્દા પર હોય તેવા શાસનપ્રેમી શ્રાવકો તથા મુનિભગવંતો આપણો ઈતિહાસ સચવાય તેની ખાસ તકેદારી રાખે અને તે માટે જિનાલયમાંના લેખો, ઉત્થાપન થયેલ પ્રતિમાજીના લેખો તજજ્ઞ પાસે વંચાવે, એને લખાવી દે અને જિનાલયમાં જ કોઈ સ્થાને સુવાચ્ય અક્ષરોમાં લખાવી રાખે તેમજ જિનાલયના વહીવટદારોના રેકોર્ડમાં તેની કોપી સચવાઈ રહે તેની કાળજી રાખે. આ કાર્ય ખૂબ જરૂરી છે.

ડહેલાવાળા આ૰ શ્રી રામચંદ્રસૂરિજીને રાજનગરનાં જિનાલયો ગ્રંથ અર્પણ કરવા ગયો હતો ત્યારે તેઓશ્રીએ ગુજરાતનાં તીર્થો તથા તમામ જિનાલયોની માહિતી એકત્રિત કરીને ગ્રંથો તૈયાર કરવાની કામગીરી બને તેટલી ઝડપથી શરૂ કરવાનું અમૂલ્ય સૂચન કર્યું હતું અને તે કાર્ય માટે આશીર્વાદ આપ્યા હતા.

ગુજરાતનાં જિનાલયોના ઈતિહાસના પ્રોજેક્ટને આખરી ઓપ અપાયા પછી આ૰ શ્રી ચંદ્રોદયસૂરિજીને અમદાવાદના ખાનપુરના ઉપાશ્રયમાં વંદન કરવા ગયો તે સમયે તેઓશ્રીના આશીર્વાદ મેળવીને પ્રોજેક્ટના આ કાર્યનો આરંભ કર્યો હતો.

આ૰ શ્રી શીલચંદ્રસૂરિજીનું બહુમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત થયું. ગ્રંથમાં શક્ય તેટલાં વધુ પરિશિષ્ટો સમાવિષ્ટ કરવાનું તેઓશ્રીનું સૂચન અમલમાં પણ આવી શક્યું.

આ૰ શ્રી પ્રદ્યુમ્નસૂરિજીનાં માર્ગદર્શન તથા આશીર્વાદ રાજનગરના પાંજરાપોળના ઉપાશ્રયમાં પ્રાપ્ત થયાં.

શ્રી અજયસાગરજી મહારાજ સાહેબે પ્રસ્તુત પ્રોજેક્ટના કાર્યમાં ખૂબ જ રસ લીધો છે અને તે માટે જરૂરી ગ્રંથો કે હસ્તપ્રતો ઉપલબ્ધ કરી આપવાની ઉમંગભેર તત્પરતા દર્શાવી છે.

શ્રી સર્વોદયસાગરજી મહારાજ સાહેબે હસ્તપ્રતો મેળવી આપવામાં ખૂબ જ ઉમળકાભેર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અંગત રસ લીધો. ખાસ કરીને ખંભાતની જૈન ઘટનાઓ વિશે પ્રકાશ પાડ્યો. ઉપરાંત નિયમિત પત્રો લખીને **ખંભાતનાં જિનાલયો**ના ગ્રંથલેખન માટે ઉષ્માભર્યું પ્રોત્સાહન આપ્યું છે.

મુનિ શ્રી ભુવનચંદ્રજી મહારાજ સાહેબે પત્રવ્યવહાર દ્વારા હસ્તપ્રતોની માહિતી આપી અને તેઓશ્રીનું માર્ગદર્શન પણ બહુમૂલ્ય નીવડ્યું.

આમ, આ ગ્રંથ તૈયાર થયો છે ત્યારે, આ સૌ આચાર્ય ભગવંતો અને સાધુ ભગવંતોનું માર્ગદર્શન, પ્રેરણા, પ્રોત્સાહન અને આશિષોનું બહુમૂલ્ય પ્રદાન કેમ ભુલાય ?

અભ્યાસ દરમ્યાન જે જે હસ્તપ્રતો તથા ગ્રંથોની જરૂરિયાત ઊભી થઈ, તેને મેળવવામાં ક્યારેક ઘણી મુશ્કેલીઓ પડી તેમ છતાં અમદાવાદનાં ભો૰ જે૰ વિદ્યાલય, જૈન પ્રાચ્ય વિદ્યામંદિર, આ૰ શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જ્ઞાનભંડાર, સંવેગી ઉપાશ્રયનો જ્ઞાનભંડાર, ડહેલાના ઉપાશ્રયનો જ્ઞાનભંડાર, લાલભાઈ દલપતભાઈ ભારતીય વિદ્યામંદિર, શારદાબહેન ચિમનભાઈ સંશોધન સંસ્થાનનો ગ્રંથભંડાર, ખંભાતના શ્રી તપગચ્છ અમર જૈનશાળાનો જ્ઞાનભંડાર, પાટણના શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનભંડાર તથા કોબાના આ૰ શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનભંડાર વગેરે સંસ્થાઓએ હસ્તપ્રતો તથા ગ્રંથો સુલભ કરી આપીને ઉમળકાભેર સહકાર આપ્યો છે. તે સર્વેની અનુમોદના કરું તેટલી ઓછી છે. આ સૌનો હું હાર્દિક આભાર માનું છું.

ખંભાતનાં જિનાલયોના વહીવટદારોએ ઉમળકાભેર માહિતી આપીને મદદ કરી છે. તેમાંય પ્રો૰ ડૉ૰ કીર્તિભાઈ શાહનું વિશેષતઃ સ્મરણ કરું છું. તેમણે ખંભાતની વિવિધ સંસ્થાઓ, જિનાલયોના વહીવટદારો તથા અન્ય વ્યક્તિઓની સાથે સંપર્ક કરાવીને અનન્ય સેતુકર્મ બજાવ્યું છે. ઉપરાંત જ્યાં જ્યાં જરૂર પડી ત્યાં સાથે રૂબરૂ આવીને સમગ્ર કાર્યમાં ખૂબ જ મદદરૂપ બન્યા છે. તેઓનો હું ખૂબ જ અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

ખંભાતના અતિથિગૃહ 'શ્રી બંસીલાલ અંબાલાલ જૈન યાત્રિક ભવન'ના સંચાલકોએ ઉષ્માભર્યો આવકાર આપીને જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે રહેવા-જમવાની ઉત્તમ સુવિધા પૂરી પાડી છે. તેમનો પણ હું આભાર માનું છું.

તદુપરાંત આ કાર્યમાં સંબોધિ સંસ્થાનના ઉપક્રમે ખંભાતનાં જિનાલયોની ફોટોગ્રાફ્સની છબીઓના કામગીરી માટે શ્રી સ્નેહલભાઈ શાહનો સહયોગ પ્રાપ્ત થયો છે. ખંભાતનાં જિનાલયોના આ ગ્રંથમાંના મુખપૃષ્ઠ માંડીને સમગ્ર ડિઝાઇનનું કાર્ય મુરબ્બી મિત્ર શ્રી જનકભાઈ પટેલે ખૂબ જ પ્રેમપૂર્વક કરી આપ્યું છે.

સમગ્ર ગ્રંથના સંપાદનમાં મદદનીશ તરીકે કુ૰ શીતલ સુરેશકુમાર શાહે ખૂબ જ નિષ્ઠાપૂર્વક અને સમર્પિતભાવે સેવાઓ આપી છે.

યોજનાના આરંભથી કે ગ્રંથ તૈયાર થયો ત્યાં સુધીના દરેક તબક્કે મારાં પત્ની રસીલા કડિયાએ સાથ-સહકાર ઉપરાંત બહુમૂલ્ય માર્ગદર્શન આપ્યું છે.

અહીં આ સૌનું હું કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કરું છું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અંતે, એક વાત ખાસ જણાવવાની કે આ ગ્રંથમાં કોઈ વિગતદોષ જણાયો હોય અથવા જિનાલયો વિશેની વધુ માહિતીની કોઈને જાણ હોય તો તેઓ તેની અચૂક જાણ કરે તેવી નમ્ર વિનંતિ છે.

પ્રસ્તુત ગ્રંથલેખનમાં શાસ્ત્રોક્ત દૃષ્ટિએ જો કોઈ દોષ રહી ગયો હોય તો હું અંતઃકરણપૂર્વક ખમાવું છું.

ચંદ્રકાન્ત કડિયા

શ્રી એલ૦ આર૦ જૈન બોર્ડિંગ
ટી.વી. ટાવર સામે
ડ્રાઇવ-ઈન રોડ
અમદાવાદ-૩૮૦ ૦૫૪.
ફોન : ૭૪૮૩૯૨૬
તા : ૨૭-૧૨-'૯૯.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનુક્રમણિકા

પુરોવચન

ઉપોદ્‌ઘાત

પ્રસ્તાવના

૧. ખંભાતની જૈન પરંપરા ૧

૨. ખંભાતનાં જિનાલયો ૧૯

૩. મૂળનાયક ભગવાનના પ્રતિમાલેખો ૨૪૧

૪. પાષાણની અન્ય પ્રતિમાઓના લેખો ૨૫૧

૫. ખંભાતનાં જિનાલયોનું કોષ્ટક ૨૬૯

૬. ખંભાતનાં ઘરદેરાસરો ૩૦૧

૭. હાલ વિદ્યમાન નથી તેવાં જિનાલયો ૩૦૯

૮. તીર્થંકરોના ક્રમાનુસાર જિનાલયોની યાદી ૩૧૫

૯. સંવતના ક્રમાનુસાર જિનાલયોની યાદી ૩૨૩

૧૦. ખંભાતનાં ગુરુમંદિરો, વીરસ્થાનકો, ધર્મશાળાઓ તથા આયંબિલશાળા ૩૨૯

૧૧. ખંભાતના ઉપાશ્રયોની યાદી ૩૪૧

૧૨. ખંભાતનાં જિનાલયોના સંઘો તથા સંસ્થાઓની યાદી ૩૪૪

૧૩. પરિશિષ્ટ ૩૫૫

૧. શ્રી સ્તંભન તીર્થનાં જિનાલયોની સૂચિ (સં. ૧૯૦૦) ૩૫૭

૨. ખંભાતની જૈન ઘટનાઓની તવારીખ ૩૬૩

૩. શ્રી ડુંગર કૃત ખંભાત ચૈત્ય પરિપાટી (૧૬મો સૈકો) ૩૮૪

૪. શ્રી ઋષભદાસ કૃત ત્રંબાવતી તીર્થમાળા (સં. ૧૬૭૩) ૩૮૬

૫. શ્રી મતિસાગર કૃત ખંભાઇતિની તીર્થમાળા (સં. ૧૭૦૧) ૩૯૨

૬. શ્રી પદ્મવિજય કૃત ખંભાત ચૈત્ય પરિપાટી (સં. ૧૮૧૭) ૩૯૬

૭. સમયાંતરે વિદ્યમાન જિનાલયો-ચાર્ટ ૪૦૦

૮. ખંભાતનાં જિનાલયોના શિલાલેખો ૪૨૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખંભાતનાં જિનાલયોના ફોટોગ્રાફ્સની યાદી

૧. સ્થંભન પાર્શ્વનાથના જિનાલયનો બાહ્ય દેખાવ (ખારવાડો)

૨. સ્થંભન પાર્શ્વનાથના જિનાલયની પ્રવેશચોકીની કમાનો (ખારવાડો)

૩. ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયના ગર્ભગૃહમાંની શ્રાવકમૂર્તિ (ચોકસીની પોળ)

૪. ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયના ગર્ભગૃહમાંની સાધુમૂર્તિ (ચોકસીની પોળ)

૫,૬,૭. કંસારી પાર્શ્વનાથના જિનાલયના ગભારામાં મૂળનાયકના પબાસનની નીચેની કોતરણી (ખારવાડો)

૮. મુનિસુવ્રતસ્વામીનાં જિનાલયનો ઝગમગતો ભવ્ય કાચનો રંગમંડપ (ખારવાડો)

૯. સંભવનાથ-શાંતિનાથના સંયુક્ત જિનાલયમાં ઉપરના રંગમંડપમાં દેખાતા ભોંયરાના જિનાલયના ઘુમ્મટો (વાઘમાસીની ખડકી)

૧૦. નવપલ્લવ પાર્શ્વનાથના જિનાલયના ગર્ભદ્વારની ઉપર કાષ્ટકોતરણી (બોરપીપળો)

૧૧. નવપલ્લવ પાર્શ્વનાથના જિનાલયના આરસમાં નંદીશ્વરદ્વીપ (બોરપીપળો)

૧૨. નવપલ્લવ પાર્શ્વનાથના જિનાલયના રંગમંડપમાંના ઉત્કૃષ્ટા ૧૭૦ તીર્થંકરનો પટ (બોરપીપળો)

૧૩. આદેશ્વરના જિનાલયના ગભારામાંની મૂળનાયકના સિંહાસનની નીચેના ભાગની કોતરણી (માણેકચોક)

૧૪. શંખેશ્વર પાર્શ્વનાથના જિનાલયમાંની અગરતગરની કાષ્ટકોતરણી (માણેકચોક)

૧૫. મહાવીરસ્વામીના જિનાલયમાં તીર્થંકરોનાં કાષ્ઠશિલ્પો (માણેકચોક)

૧૬. મહાવીરસ્વામી તથા ધર્મનાથનાં જિનાલયોનો બાહ્ય દેખાવ (માણેકચોક)

૧૭. કુંથુનાથ-શાંતિનાથનાં સંયુક્ત જિનાલયોનો બાહ્ય દેખાવ (દંતારવાડો)

૧૮. મહાવીરસ્વામીના જિનાલયનો બાહ્ય દેખાવ (ગીમટી)

૧૯. મહાવીરસ્વામીના જિનાલયમાં રંગમંડપના સ્થંભ પરની પૂતળીઓ (ગીમટી)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨૦. ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયમાંના બહારના ગર્ભદ્વારે બારસાખ-ટોડલા સાથેની કાષ્ઠકોતરણી (ચિતારીબજાર)

૨૧. ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયમાંના ગર્ભદ્વારની કોતરણીમાંનાં શિલ્પો (ચિતારી-બજાર)

૨૨. ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયમાંના રંગમંડપના સ્થંભ પર લાકડાની પૂતળીઓ (ચિતારીબજાર)

૨૩. ચિંતામણિ પાર્શ્વનાથના ભોંયરાના જિનાલયની દેવકુલિકામાંનું ગ્લાસપેઇન્ટિંગ (ચિતારી-બજાર)

૨૪. ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયનો બાહ્ય દેખાવ (જીરાળાપાડો)

૨૫. ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયના નેમિનાથજીના ગભારામાં બિરાજમાન સરસ્વતી-દેવીની મૂર્તિ (જીરાળાપાડો)

૨૬. ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયની બહાર સં૦ ૧૩૫૩નું શિલાલેખયુક્ત શિલ્પ (જીરાળાપાડો)

૨૭. કુંથુનાથના જિનાલયનો બાહ્ય દેખાવ (માંડવીની પોળ)

૨૮. આદેશ્વરના જિનાલયનો બાહ્ય દેખાવ (માંડવીની પોળ)

૨૯. આદેશ્વરના જિનાલયમાં હાથી સાથેના કલ્પવૃક્ષની કોતરણીયુક્ત પ્રતિમાજી (માંડવીની પોળ)

૩૦. શાંતિનાથના જિનાલયના રંગમંડપમાંની કોતરણીનું એક દૃશ્ય (આળીપાડો)

૩૧. શાંતિનાથના જિનાલયના રંગમંડપમાંની એક કલાત્મક હાંડી (આળીપાડો)

૩૨. શ્રી તપગચ્છ અમર જૈન શાળા સંઘમાં ચાંદીનો કલાત્મક દીવો (ટેકરી)

• • •

ટાઈટલ નં. ૧

સ્થંભન પાર્શ્વનાથના જિનાલયની પ્રવેશચોકી તથા તેની કમાનો

ટાઈટલ નં. ૨

સ્થંભન પાર્શ્વનાથના જિનાલયનો રંગમંડપ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખંભાતની જૈન પરંપરા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખંભાતની જૈન પરંપરા

ખંભાત આજે ખેડા જિલ્લામાં આવેલું નગર છે. તેની ઉત્તરે ખેડા જિલ્લાનો માતર તાલુકો, પૂર્વે બોરસદ અને પેટલાદ તાલુકો છે. તેની દક્ષિણે મહીસાગર અને ખંભાતનો અખાત તથા પશ્ચિમે સાબરમતી નદી આવેલી છે.

પ્રાચીન સમયથી આ નગરી માટે ગ્રંથોમાં અનેક નામોનો ઉલ્લેખ થવા પામ્યો છે. જેમ કે સ્તમ્ભતીર્થ, સ્તમ્ભન, સ્તમ્ભનપુર, સ્તમ્ભતીર્થપુર, ખંભનયરિ, થંભન, થંભણી, થંભનપુર, ખંભાયત અને ખંભાત. અંગ્રેજોએ એનું નામ કેમ્બે પાડ્યું. આ ઉપરાંત તેના મહીનગર, ગુપ્તક્ષેત્ર, ત્રંબાવટી, ભોગવતી, લીલાવતી, કર્ણાવતી, રત્નાવતી, કનકાવતી જેવાં નામોના ઉલ્લેખ પણ પ્રાપ્ત થાય છે.

ખંભાત એટલે જૂના જમાનાનું ભારતના જળમાર્ગનું સિંહદ્વાર. ગુજરાતના વેપારને ધીખતું રાખનાર આ બંદર અને તેની જાહોજલાલી એટલા તો જગમશહૂર બન્યાં હતાં કે ગુજરાતના પર્યાય તરીકે ખંભાત ઓળખાતું. ક્યારેક તો ગુજરાતનો બાદશાહ 'ખંભાતના બાદશાહ' તરીકે સંબોધન પામ્યો છે ! ૧૦મી સદી પછીના પાંચ-છ સૈકાઓ સુધીના કાળ દરમ્યાન ખંભાતની જાહોજલાલી ટોચે પહોંચી હતી.

ખંભાતની આ જાહોજલાલીમાં જૈન વણિકોનો તથા તેના દાનવીર શ્રેષ્ઠીઓનો ફાળો બહુમૂલ્ય છે. લક્ષ્મીનો ઔદાર્યપૂર્ણ કોઠાસૂઝથી ઉપયોગ કરીને વણિકોએ મહાજન તરીકેની નામના મેળવી છે, એ જાણીતી વાત છે. ઇતિહાસ અને સાહિત્યનાં પૃષ્ઠો ઉખેળતાં માલૂમ પડે છે કે જૈન વણિકોએ જૈન પરંપરાને ઝળહળતી રાખી છે. જૈન શાસનનો યશ વધે તેવી અનેક ઉજ્જ્વળ ઘટનાઓ આ કાળે બની છે. વળી, રાજાઓએ તથા મંત્રીઓએ જૈન પરંપરાને પોષી છે. તો ક્યારેક તેમાંના કેટલાકે જૈનધર્મ પણ અપનાવેલ છે.

આ કાળે જાણે કે પ્રત્યેક જૈન પરિવારને પોતે બાંધેલું જિનાલય કે પોતે ભરાવેલું જિનબિંબ હોય તેવી મહેચ્છા જાગી ન હોય તેવી રીતે અહીં જિનાલય કે બિંબનિર્માણ તથા જીર્ણોદ્ધારનાં કાર્યો સતત ચાલતાં રહ્યાં છે. ઉપલબ્ધ આધારભૂત સામગ્રીને આધારે ૧૬મા સૈકાથી અદ્યાપિપર્યંત જિનાલયોની સંખ્યા આ પ્રમાણે છે :—

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૬મા સૈકામાં ખંભાતમાં ૩૭ જિનાલયો, સં૰ ૧૬૭૩માં ૭૮ જિનાલયો, સં૰ ૧૭૦૧માં ૮૩ જિનાલયો, સં૰ ૧૯૦૦ના સમયગાળામાં ખંભાતમાં ૮૫ જિનાલયો, સં૰ ૧૯૪૭માં ૮૧ જિનાલયો, સં૰ ૧૯૬૩માં ૭૬ જિનાલયો, સં૰ ૧૯૮૪ના સમયગાળામાં અહીં ૫૬ જિનાલયો, સં૰ ૨૦૧૦માં ૬૭ જિનાલયો અને વર્તમાન સમયમાં ખંભાતમાં ૬૮ જિનાલયો વિદ્યમાન છે, જે પૈકી ૧૦ ઘરદેરાસરો છે.

સંપત્તિ પામ્યા બાદ માત્ર ભોગોપભોગમાં તેનો વ્યય કરવાને બદલે આ વણિકોના જીવનમાં 'અહિંસા પરમો ધર્મ' સૂચવતો જૈનધર્મ કેન્દ્રસ્થાને રહ્યો છે. ધર્મના પ્રભાવે તેઓ 'જીવદયા પ્રતિપાલક' બન્યા. મુનિઓ પોતાના સાધુ આચારો સારી રીતે પાળી શકે તેવી પૌષધશાળાઓ તેઓએ બંધાવી જેથી તેઓના વ્યાખ્યાનનો લાભ સદા લઈ શકાય અને ધર્મવિમુખ ન બનાય. પૂજા, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ જેવી ધર્મક્રિયાઓમાં તેઓ સદા રમમાણ રહેતા.

ખંભાતના જ વતની કવિ શ્રી ઋષભદાસે સં૰ ૧૬૮૫માં પોતાની કૃતિઓમાં ખંભાતનું જે વર્ણન કર્યું છે તેમાં એના ભૂતકાલીન વૈભવની ઝાંખી થાય છે. તેઓ લખે છે કે—

"ખંભાતમાં મેં આ રાસ રચ્યો. બધાં જ નગર-નગરીઓમાં ખંભાત મુખ્ય છે. સકલ દેશના શણગારરૂપ ગુર્જર દેશ છે. તેમાં પંડિતો ઘણા છે. પણ ખંભાતના પંડિતો આગળ તે બધા હારી જાય. એ નગરમાં વિવેક, વિચાર અપાર છે તથા અઢારે વર્ણના લોકો વસે છે. જ્યાં બધા વર્ણના લોકો ઓળખાય છે અને સૌ સાધુપુરુષોનાં ચરણ પૂજે છે. અહીં ધનવાન લોક વસે છે. ગુણવંત પુરુષો પટોળાં તથા ત્રણ આંગળ પહોળા સોનાના કંદોરા પહેરે છે. વળી રેશમના કંદોરા તળે સોનાનાં માદળિયાં મઢેલાં છે. રૂપાના ઝૂડામાં કૂંચીઓ રાખે છે તથા ગળામાં સોનાની સાંકળી પહેરે છે.

મોટા વણિકો દાનવીર છે. સાલુ પાઘડી બાંધે છે, એ પાંત્રીસ ગજ લાંબી પાઘડી તેઓ પોતાને હાથે માથે બાંધે છે. એ વેળાએ વખણાતાં ઝીણાં વસ્ત્રો પહેરે છે. કોઈ વળી માથે ચાર રૂપિયાનું ફાળિયું બાંધે છે અને સાઠ રૂપિયાની પછેડી-પામરી નાખે છે. વળી રેશમી કભાય-અંગરખું પહેરે છે જે સો રૂપિયામાં મળતું. હાથમાં બેરખા અને વીંટીઓ પહેરતા ત્યારે એમ લાગે કે તેઓ સ્વર્ગથી આવ્યા છે.

વણિકો બાંધેલાં પશુ-પંખીઓને છોડાવે છે. પશુઓ અને માણસોની પીડા દૂર કરે છે, માંદા માણસોને સાજા કરે છે. બકરા-પાડાની પણ સંભાળ લે એવા જીવદયાપ્રતિપાલક શ્રાવકો છે. ખંભાતમાં ૮૫ જિનપ્રાસાદો છે, જે હંમેશા ધ્વજ-તોરણોથી શોભે છે ને જ્યાં ઘંટાનાદ થાય છે. ૪૫ પોષધશાળાઓ છે જ્યાં વ્યાખ્યાનકર્તા મુનિઓ વ્યાખ્યાન આપે છે. શ્રાવકો નિયમિત પ્રતિક્રમણ, પોષધ, પૂજા કરીને પુણ્ય કમાતાં કમાતાં દિવસો વિતાવે છે. અહીં વ્યાખ્યાનમાં પ્રભાવના થાય છે ને મોટે ભાગે સાહમ્મીવચ્છલ થતાં હોય છે. અહીં ઉપાશ્રય, જિનાલય ને દુકાન નજીક નજીક છે. અહીં સ્થંડિલ ભૂમિ, ગોચરી વગેરે સુલભ હોવાથી પ્રાયઃ મુનિઓ અહીં સ્થિરતા કરે છે."

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનેક સાધુ-મુનિઓ તથા આચાર્ય ભગવંતોના ચરણસ્પર્શથી આ ભૂમિ પાવન બની છે. સં૰ ૧૧૪૬માં મુનિ આર્યરક્ષિતે ખંભાતમાં દીક્ષા લીધી હતી. તેઓ પાછળથી અંચલગચ્છીય પરંપરાના સૌ પ્રથમ આચાર્ય તરીકે પ્રસિદ્ધ થયા હતા.

છેલ્લા નવ સૈકાથી જેમનો પ્રભાવ જરાય ક્ષીણ થવા પામ્યો નથી તેવા કલિકાલ સર્વજ્ઞ આ૰ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીની દીક્ષા સં૰ ૧૧૫૦માં ખંભાતમાં સગાળવસહિકામાં થઈ હતી. આ સમયે અહીં સો જેટલા કોટ્યાધીશો વસતા હોવાનો ઉલ્લેખ સાંપડે છે. તેમની વિદ્યાની સાધના અહીં જ શરૂ થઈ હતી. સં૰ ૧૧૯૨ તથા સં૰ ૧૧૯૮માં તેઓશ્રીએ ખંભાતમાં ચાતુર્માસ કર્યાના ઉલ્લેખો સાંપડે છે. સં૰ ૧૧૯૯માં રાજા સિદ્ધરાજ પાટણમાં મરણ પામ્યો ત્યારે કુમારપાળને તે સમાચાર પરદેશમાં મળ્યા. કુમારપાળ સીધો ખંભાતમાં બિરાજમાન આ૰ શ્રી હેમચંદ્રાચાર્યસૂરિના આશીર્વાદ લેવા આવ્યો હતો અને ત્યારબાદ તે પાટણ પહોંચ્યો હતો.

આ૰ શ્રી અભયદેવસૂરિ, આ૰ શ્રી દેવચંદ્રસૂરિ (આ૰ શ્રી હેમચંદ્રાચાર્યના શિષ્ય) વગેરે પ્રભાવક આચાર્યોને કારણે ૧૨મા સૈકામાં ખંભાતમાં જૈન શાસનનો પ્રભાવ વધ્યો હતો.

ખંભાતમાં આચાર્યપદ - ગચ્છનાયકપદના ઉત્સવો ગણનાપાત્ર સંખ્યામાં થયા છે. આ૰ શ્રી હેમચંદ્રાચાર્યને સૂરિપદ (સં૰ ૧૧૬૬), આ૰ શ્રી સિંહપ્રભસૂરિને આચાર્યપદ (સં૰ ૧૩૦૯), આ૰ શ્રી મહેન્દ્રસૂરિને ગચ્છનાયકપદ (સં૰ ૧૩૯૫), આ૰ શ્રી જ્ઞાનસૂરિને સૂરિપદ (સં૰ ૧૪૪૧), આ૰ શ્રી કુલમંડનસૂરિને આચાર્યપદ (સં૰ ૧૪૪૨), આ૰ શ્રી રત્નસૂરિને આચાર્યપદ (સં૰ ૧૪૫૨ પછીનો સમય), આ૰ શ્રી જયકીર્તિસૂરિને આચાર્યપદ (સં૰ ૧૪૬૭), આ૰ શ્રી ગુણનિધાનસૂરિને આચાર્યપદ-ગચ્છનાયકપદ (સં૰ ૧૫૮૫ અથવા સં૰ ૧૫૬૫), ભ૰ સૌભાગ્યહર્ષસૂરિને ગચ્છનાયકપદ (સં૰ ૧૬૬૯), શ્રી જિનસિંહસૂરિને આચાર્યપદ (સં૰ ૧૬૭૦), શ્રી વિજયતિલકસૂરિને ગચ્છનાયકપદ (સં૰ ૧૬૭૩), શ્રી અમરસાગરસૂરિને આચાર્યપદ (સં૰ ૧૭૧૫) વગેરે ગણનાપાત્ર પદવીઓના મહોત્સવથી ખંભાતમાં જૈન શાસનનો પ્રભાવ વિજયવંતો બનતો જ રહ્યો છે.

જેમ અહીં દીક્ષા મહોત્સવો, પદવીદાન મહોત્સવો, પ્રતિષ્ઠા મહોત્સવો થયા છે તેમ કેટલાક સાધુભગવંતો અહીં કાળધર્મ પામ્યા હતા. પ્રભાવક મુનિ ભગવંતોના સ્વર્ગવાસ બાદ તેમના સ્મારક કે સ્તૂપ બન્યા છે અને તત્કાલીન રાજાઓએ તે બનાવવામાં પોતાનું યોગદાન પણ આપ્યું છે. આચાર્યોના સ્વર્ગવાસની તથા આવી કેટલીક સ્મારક બનાવવાની ઉલ્લેખનીય ઘટનાઓ નીચે મુજબ છે :

મંત્રી આલિગદેવના ઉપાશ્રયમાં આ૰ શ્રી સોમતિલકસૂરિનો સ્વર્ગવાસ (સં૰ ૧૩૭૩), શ્રી જિનચંદ્રસૂરિનો સ્વર્ગવાસ (સં૰ ૧૪૧૫), શ્રી ધર્મસાગર ઉપાધ્યાયનો કાળધર્મ (સં૰ ૧૬૫૩), વિજયાણંદસૂરિનો સ્વર્ગવાસ (સં૰ ૧૭૧૧) વગેરે. આ પ્રકારના પ્રસંગોમાં પણ જૈન શાસનના જય જયકારના મંગલ સૂરો ગુંજતા રહ્યા છે. શ્રી વિજયસેનસૂરિ ૬૮ વર્ષનું આયુષ્ય ભોગવી સં૰ ૧૬૭૨ના જેઠ વદ ૧૧ના દિવસે ખંભાતના અકબરપુરમાં સ્વર્ગવાસી થયા હતા. બાદશાહ જહાંગીરે તેમના સ્તૂપને માટે ૧૦ વીઘા જમીન આપી હતી અને ગામે ત્રણ દિવસ સુધી પાખી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાળી હતી. અગ્નિસંસ્કારની જગ્યાએ ખંભાતના સોમજી શાહે સ્તૂપ કરાવ્યો. તે સ્તૂપ પરની પાદુકા અંગેનો ઉલ્લેખ સં૰ ૧૯૮૪માં **ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટી** ગ્રંથમાં નીચે મુજબ કરવામાં આવેલો છે :

"કાળક્રમે અકબરપુર પડી ભાંગતાં સ્તૂપ પરની પાદુકા આજે ભોંયરાપાડાના શ્રી શાંતિનાથના જિનાલયમાં રક્ષાઈ રહી છે."

આજે એ જિનાલયમાં કેટલીક પાદુકાઓ છે પરંતુ ઉપર્યુક્ત પાદુકા અમારા સંશોધન દરમ્યાન અમને માલૂમ પડી નથી. જો કે આ અંગે વધુ તપાસ તથા સંશોધન કરવાથી તે પાદુકા અંગે વિશેષ પ્રકાશ પડી શકે તેમ છે.

આચાર્ય શ્રી હીરવિજયસૂરિના હસ્તે થયેલ એક દીક્ષામહોત્સવ પણ અત્રે ઉલ્લેખનીય છે. અભયરાજ નામનો શ્રાવક પાટણનો હતો. સમસ્ત પરિવાર દીક્ષાની ભાવનાવાળા હતા. તેઓને હીરવિજયજીના હસ્તે દીક્ષા લેવી હતી અને ગુરુ ખંભાતમાં હતા. તેથી ત્યાં આવીને પોતે તથા પોતાના પુત્ર, પુત્રી અને ચાર નોકરો સાથે કંસારી પાસેના આંબા સરોવર (આંબાખાડના નામથી તે જગ્યા ઓળખાય છે) પાસેના રાયણના ઝાડ નીચે દીક્ષા લીધી. આવી રીતે નવ જણે એકીસાથે દીક્ષા લીધી તે જોઈને શ્રીમાલી જ્ઞાતિના નાગજી નામના એક ગૃહસ્થને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને તેણે પણ તે જ ક્ષણે દીક્ષા લીધી. તેનું નામ ભાણવિજય રાખવામાં આવ્યું.

સં૰ ૧૧૧૧માં એક અદ્‌ભુત ઘટના ઘટી. થાંભણા ગામમાં શેઢી નદીના કાંઠેથી એક દિવ્ય મૂર્તિને અભયદેવસૂરિએ **જયતિહુઅણ સ્તોત્ર** દ્વારા પ્રકટ કરી હતી. આ મૂર્તિનો ઈતિહાસ અતિ પ્રાચીન છે. સં૰ ૧૩૬૮માં આ મૂર્તિને ખંભાતમાં લાવ્યા અને ત્યારથી ખંભાત નગરીને 'સ્થંભતીર્થ' નામ પ્રાપ્ત થયું. સ્થંભતીર્થના મહિમાનું ગાન જૈન ગ્રંથોમાં અનવરત ગુંજી રહ્યું છે. સૈકાઓ પર્યંત રચાયેલા સ્થંભન પાર્શ્વનાથનાં સ્તવનોનો એક દળદાર ગ્રંથ રચાય તેટલી વિપુલતાથી એના સ્તુતિગાન થયા છે અને આ રીતે એનો મહિમા અપાર ગવાયો છે.

ખંભાતમાં અનેક ધાતુ-પાષાણનાં જિનબિંબો તથા દેવ-દેવીઓની મૂર્તિની પ્રતિષ્ઠા થયેલ છે. એમાં સરસ્વતીની મૂર્તિ તથા પદ્માવતીની મૂર્તિઓની પ્રતિષ્ઠા ઉલ્લેખનીય છે :

સં૰ ૧૨૮૦માં ચંદ્રગચ્છના આચાર્ય જયસિંહે વીરવસહિકામાં સરસ્વતીદેવીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી. આજે જીરાળાપાડાના ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયમાં "**સં૰ ૧૨૮૦.... શ્રી ચંદ્રગચ્છે શ્રી વીર વસહિકા ચૈત્યે સરસ્વતી પ્રતિમા..... શ્રી પદમા તથા પત્ની પદ્મલ દેવી દ્યાં સ્વશ્રે..... યદ્યાચાર્યશ્રી જયસિંહસૂરિભિઃ પ્રતિષ્ટિત**" - એ મુજબના ઉલ્લેખવાળી મૂર્તિ છે.

૧૪મા સૈકામાં ખંભાત ઉપર થયેલાં વિવિધ આક્રમણોમાં જિનાલયોનો નાશ કરવામાં આવ્યો હતો ત્યારે પણ સરસ્વતીદેવીની આ મૂર્તિને સાચવી લેવામાં આવી—જાળવવામાં આવી અને આજે પણ એ મૂર્તિની સરસ જાળવણી થઈ રહી છે.

સં૰ ૧૩૩૯માં આ૰ શ્રી ગુણસેનસૂરિએ સરસ્વતીદેવીની પ્રતિષ્ઠા કરી હતી. જીરાળાપાડામાં આવેલા મનમોહન પાર્શ્વનાથના જિનાલયમાં સરસ્વતીદેવીની મૂર્તિ પર લેખ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે તૂટક તૂટક નીચે મુજબ વંચાય છે :

"સં૰ ૧૩૩૯.... જેઠ વદ છઠ..... ગુણસેનસૂરિ..... સરસ્વતી દેવી....."

સરસ્વતીદેવીની ઉપર જણાવેલી પ્રાચીન મૂર્તિઓ ખંભાતની જૈન પરંપરામાં જ્ઞાનની ઉપાસના અને આરાધનાને જે મહત્ત્વ આપવામાં આવતું હતું તેની દ્યોતક છે.

સંઘવીની પોળમાં સોમચિંતામણી પાર્શ્વનાથના જિનાલયમાં પદ્માવતીદેવીની પ્રાચીન અને ચમત્કારિક મૂર્તિ બિરાજમાન છે. જો કે તેના પર મૂર્તિલેખ નથી. પરંતુ આ પ્રાચીન પ્રતિમાનો ઉલ્લેખ સં૰ ૧૯૦૦માં મળે છે. મૂર્તિ તે સમયથી પણ ઘણી પ્રાચીન હોવાની સંભાવના છે.

તત્કાલીન રાજાઓ તથા તેમના મંત્રીઓ પર પણ જૈનધર્મનો વિશેષ પ્રભાવ પડ્યો છે અને તેઓ દ્વારા જિનાલય તથા જિનબિંબોની રચના થઈ છે. સં૰ ૧૧૨૧ થી સં૰ ૧૧૫૦ના સમય દરમ્યાન અણહિલપુરની ગાદી પર સોલંકી વંશનો રાજા કર્ણ હતો. તેના ત્રણ મંત્રીઓ પૈકી ઉદયન મંત્રી ખંભાતમાં રહેતો હતો. કર્ણ રાજાએ એની ધર્મપ્રિયતા, કુલીનતા, ધનાઢ્યતા અને કુશળતા ઇત્યાદિ ગુણો જોઈ પોતાનો મંત્રી બનાવ્યો હતો. આ ઉદયન મંત્રીએ કર્ણાવતીમાં ઘણું દ્રવ્ય ખર્ચી ઉદયવસહી નામના મોટા દેવલમાં ૭૨ તીર્થંકરોની મૂર્તિઓ પધરાવી હતી.

મહારાજા સિદ્ધરાજે સોરઠનો કારભાર સજ્જનને સોંપ્યો હતો. દંડનાયક સજ્જન વિશે કવિ ઋષભદાસે **કુમારપાલરાસ**માં નીચે મુજબની વિગતો જણાવી છે :

ઉંદર્યા ગામ તણઈ વિષય, રહઈ સાજણદે શેઠ,
કર્મિ તે નિર્ધન થયો, દુખિં ભરઈ પેટ. ૧૯૯

કુલદેવી તસ ઇંમ કહઈ, તુઝનઈ સુખ ખંભાતી
ઋદ્ધિ સિદ્ધિ, સુખ સંપદાસ વાધઈ તાહરી ખાતિ ૨૦૦

દેવી વચને વાણીઓ, ચાલ્યો તેણીવાર,
શકરપુરમાં જઈ રહ્યો, તિહાં રંગઈ ભાવસાર ૨૦૧

સજ્જનને કુલદેવી તેના સપનામાં આવી કહી ગઈ કે તું ખંભાત જા. ત્યાં તને સુખ સંપત્તિ અને કીર્તિ મળશે. આથી તે ખંભાત પાસેના શકરપુરમાં રહ્યો. તેણે પ્રધાન થયા પછી સોરઠપ્રાંતની ત્રણ વર્ષની ઊપજ ભેગી કરી તે વડે ગિરનાર ઉપર શ્રી નેમિનાથનું જિનાલય બંધાવ્યું હતું. જો કે આ સજ્જન મંત્રીના ખંભાતના નિવાસ અંગે વધુ સંશોધનની જરૂર છે.

સિદ્ધરાજ તથા કુમારપાલના સમયમાં આ નગર પર અધિકારીઓની મીઠી નજર હતી. રાજા કુમારપાળે તો પોતે જૈનધર્મ અંગીકાર કર્યો હતો. પોતાના ગુરુ હેમચંદ્રાચાર્યની દીક્ષા સાલિગવસહિકામાં થયેલી. રાજા બન્યા બાદ, કુમારપાલે સાલિગવસહિકાનો જીર્ણોદ્ધાર કર્યો અને આ રીતે ગુરુઋણ અદા કર્યું. આ ઉપરાંત, તેમણે અલંગવસહી પોલિમાં વીરપ્રાસાદ બંધાવ્યો અને તેમાં રત્નબિંબ સ્થાપ્યું. હેમચંદ્રાચાર્યની પાદુકા બનાવરાવી. પુસ્તકભંડાર બનાવ્યો. કવિ ઋષભદાસે **કુમારપાળરાસ**માં આ અંગે ઉલ્લેખ કર્યો છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આવી નૃપ ત્રંબાવતી માંહિ, હેમાચાર્ય દીક્ષા જીહાં,
અલંગવસહી પોલિ વિશેષ, વીર પ્રાસાદ કર્યો તિહાં એક. ૯૨

રત્ન બિંબ તિહાં થાપી સાર, હેમ પાદુકા ત્યાં કરઈ અપાર,
પુસ્તક તણો કરઈ ભંડાર, કીધું રાય સફલ અવતાર. ૯૩

વસ્તુપાલે સાલિગપ્રાસાદના ગર્ભમંડપનો જીર્ણોદ્ધાર કર્યો અને તે ગર્ભમંડપના દ્વાર આગળ પોતાની અને પોતાના અનુજ બંધુની લેખ સહિત બે મૂર્તિ સ્થાપન કરી અને તે ચૈત્યની પરિધિમાં ગુર્જરવંશી લક્ષ્મીધરના સુકૃત નિમિત્તે આઠ પાદુકાનો જીર્ણોદ્ધાર કરાવ્યો. વળી વડદેવ તથા વૈરસિંહના પુણ્ય નિમિત્તે તેમના પક્ષના બે જુદાં ચૈત્યોમાં બે જિનબિંબ સ્થાપન કરાવ્યાં તેમજ ઓસવાળ ગચ્છના પાર્શ્વનાથ પ્રભુનાં ચૈત્યમાં પોતાની અને પોતાના પુત્રની એમ બે મૂર્તિ કરાવી. વળી તે ચૈત્યમાં તેમણે પોતાના પૂર્વજોના પુણ્ય નિમિત્તે શ્રેયાંસ પ્રભુની, પોતાના પુણ્ય નિમિત્તે યુગાદિદેવની, અને પોતાની સ્ત્રીઓના પુણ્ય નિમિત્તે આદિનાથ અને મહાવીર ભગવંતની પ્રતિમાઓ સ્થાપન કરી. વળી તે ચૈત્યના ગર્ભમંડપમાં મોક્ષનગરના દ્વારના તોરણ સ્તંભ સમાન બે કાયોત્સર્ગી જિનેશ્વરની મૂર્તિ કરાવી. વળી થારાપદ્રક ગચ્છના શાંતિનાથના મંદિરમાં ત્રણ બલાનકવાળા ગર્ભમંડપનો ઉદ્ધાર કરાવ્યો, અને તે જ ચૈત્યમાં પોતાની કલિકા નામની ફોઈના પુણ્ય નિમિત્તે અને પોતાના કાકા તિહુઅણપાલના પુણ્ય નિમિત્તે અને પોતાના પુણ્ય નિમિત્તે પોતે કરાવેલ શારદા પટ્ટશાલામાં અનુક્રમે સંભવનાથ તથા અભિનંદનસ્વામીની મૂર્તિ સ્થાપન કરી. વળી તેણે વિવિધ રચનાવાળાં ૮૦ પાષાણનાં તોરણો ખંભાતમાં કરાવ્યાં.

આ એવો જમાનો હતો જ્યારે શ્રેષ્ઠીઓ પણ પોતાની સંપત્તિને ધર્મકાર્યોમાં વહેવડાવતા હતા. તેઓ પોતાના ગામ સિવાયના અન્ય ગામમાં પણ જિનાલય બંધાવતા તથા સમાજને ઉપયોગી કાર્યો કરતા. અંચલગચ્છના શ્રી અજિતસૂરિ(સં૰ ૧૨૯૧ પછી)ના સમયમાં બનેલી આ ઘટના ઉલ્લેખનીય છે :

વર્ધમાન શેઠે મહિયલ ગામમાં શ્રી આદિદેવનો જિનપ્રાસાદ તથા એક વાવ બંધાવ્યાં અને તેમાં ત્રણ લાખ રૂપિયા ખરચ્યા. આ વંશના જગમલ શેઠ એક વખત મથુરા ગયેલા. ત્યાં તેમને સ્વપ્નમાં શ્રી મુહરી પાર્શ્વનાથના અધિષ્ઠાયક દેવે કહ્યું કે ઠાકરના ઘરમાં જે પાર્શ્વ પ્રભુની મૂર્તિ છે, તે દામ આપીને લેવી. તેઓ તે મૂર્તિ લઈ ખંભાત આવ્યા અને અહીં પાંચ લાખ રૂપિયા ખરચીને જિનપ્રાસાદ બંધાવી તેમાં પ્રભુજીને બિરાજમાન કર્યા. આ ઘટના અંચલગચ્છીય પરંપરાના આચાર્ય શ્રી અજિતસિંહસૂરિના (સં૰ ૧૨૯૧ પછી) સમયમાં બની.

આ જ રીતે શ્રેષ્ઠી નાગજીનું નામ પણ જાણીતું છે. તેણે મોટું જિનમંદિર બંધાવ્યું તથા ધર્મમૂર્તિસૂરિનો સ્તૂપ કરાવ્યો.

ઉપદેશતરંગીણિના રચનાર રત્નમંદિરગણિ ખંભાતના ભીમાશાનું દૃષ્ટાંત આપતાં જણાવે છે :

"સ્તંભતીર્થમાં કોઈક ભીમ નામના શ્રાવકે નગરની અંદર જગા નહિ મળવાથી નગરની બહાર ઘણું દ્રવ્ય ખરચીને ચંદન અને હાથીદાંતોથી એક પૌષધશાળા બંધાવી ત્યારે કોઈકે તેને કહ્યું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કે આ નગરની બહાર પોષધશાલા કરી તે તો ફોગટ દ્રવ્ય ખરચ્યું. કેમકે તેમાં તો કદાચ ભીલો આવીને નિવાસ કરશે. તે સાંભળીને ભીમે કહ્યું કે કોઈક વિહાર કરીને થાકેલા મુનિ ખરેખર તેમાં કાયોત્સર્ગાદિક ધ્યાન ધરશે અને તેથી તે પોષધશાલા સફળ થશે. છેવટે નગરની વસ્તી વધવાથી તે પોષધશાલા હાલ નગરની અંદર જ આવી ગઈ છે."

૧૫મા સૈકાની આખરમાં ખંભાતમાં શાણરાજ નામે એક મહા ધનવાન અને પ્રભાવક શ્રાવક થઈ ગયો. તેણે ગિરનાર ઉપર ઘણું દ્રવ્ય ખર્ચી વિમલનાથપ્રાસાદ નામનું એક ભવ્ય મંદિર બંધાવ્યું હતું.

ખંભાતનો જૈન શ્રેષ્ઠી સંઘવી ઉદયકરણ શ્રી હીરવિજયસૂરિનો પરમ ભક્ત હતો. તેણે આબુ તથા ચિત્તોડ વગેરેની જાત્રા માટે મોટો સંઘ કાઢ્યો (સં૰ ૧૬૩૮) હતો. એમાં એણે ૨૦,૦૦૦ હજાર રૂપિયા ખરચ્યા હતા. સં૰ ૧૬૩૮માં મહા સુદિ ૧૩ને સોમવારે શ્રી હીરવિજયસૂરિના હસ્તે શ્રી ચંદ્રપ્રભુની પ્રતિષ્ઠા કરાવી ઘણા દ્રવ્યનો ઉપયોગ કર્યો હતો. વળી, સૂરિજીનો સં૰ ૧૬૫૨માં સ્વર્ગવાસ થયો તે પછી બીજે વર્ષે શેત્રુંજય ઉપર તેમનાં પગલાંની સ્થાપના કરી હતી. આ પગલાં હજી પણ ઋષભદેવ ભગવાનના મંદિરની પશ્ચિમે નાના મંદિરમાં વિદ્યમાન છે. તેની પ્રતિષ્ઠા વિજયસેનસૂરિની હાથે મહોપાધ્યાય કલ્યાણવિજય અને પંડિત ધનવિજયની વિદ્યમાનતામાં કરાવી હતી. કવિ ઋષભદાસે પોતાની કૃતિ **શ્રી હીરવિજયસૂરિરાસ**માં સંઘવી ઉદયકરણનો વારંવાર ઉલ્લેખ કર્યો છે.

આ૰ શ્રી હીરવિજયસૂરિ ખંભાતમાં હતા ત્યારે પાટણનો અભયરાજ સપરિવાર તેમને હસ્તે દીક્ષા લેવા આવેલો ત્યારે વાઘજી શાહ નામના ગૃહસ્થને ત્યાં ઉતારો કર્યો હતો. આ પ્રસંગે ત્રણ મહિના સુધી જે ધાર્મિક કાર્યો થયાં તેમાં લગભગ પાંત્રીસ હજાર મહંમુદિકાનો ખર્ચ થયો હોવાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

ઓસવંશના શા૰ જસરાજે સં૰ ૧૬૬૮ના અષાડ સુદિ બીજને દિવસે સોમ ચિંતામણિ પાર્શ્વનાથની શ્રી વિજયસેનસૂરિના હસ્તે પ્રતિષ્ઠા કરાવી એ પ્રસંગે લગભગ અર્ધો લાખ રૂપિયાનું ખર્ચ થયો હોવાનું કવિ ઋષભદાસ કહે છે. આજે બાવન જિનાલય તરીકે ઓળખાતા માણેકચોકના ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયમાં આ પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે.

ખંભાતમાં ઠક્કર કીકો અને શ્રી મલ્લ નામના શ્રેષ્ઠીઓએ શકરપુરમાં જિનાલય બંધાવ્યાના ઉલ્લેખ મળે છે. હીરવિજયસૂરિરાસમાં તેઓ વિશે નીચે મુજબની પંક્તિઓમાં નોંધ આવે છે :

શકરપુરિ શ્રી મલ રે, કીકા વાઘા કરે,
દહેરૂં પોષધશાલસ્યું એ.

(શ્રી હી૰ રા૰ પૃ૰ ૨૨૩)

શ્રી મલ્લ ખંભાતનો ધનાઢ્ય અને ધર્મપ્રેમી શ્રાવક હતો. શ્રી મલ્લે સંઘવી થઈને શેત્રુંજયનો સંઘ કાઢ્યો હતો. કવિ ઋષભદાસ તે અંગે **શ્રી હીરવિજયસૂરિરાસ**(પૃ૰ ૨૦૬)માં લખે છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચૈત્રી પુનમ દિન કહેવાય, શાહ શ્રી મલ્લ શેત્રુંજે જાય,
શાહ શ્રી મલ્લ સંઘવી જ અનંગ, ચાલે જિમ રાણા નિસંગ.

ખંભાતની સુપ્રસિદ્ધ ઓશવાલ જ્ઞાતિનો પનોતો પુત્ર તેજપાલ સોની ૧૭મા સૈકામાં (સં૰ ૧૬૪૯) મોટો ધનાઢ્ય થઈ ગયો. કવિ ઋષભદાસ તેના વિશે હીરવિજયસૂરિરાસમાં લખે છે :

સોની શ્રી તેજપાલ બરાબરી નહિ કો પોષધધારી.

સોની તેજપાલ તે સમયના સુપ્રસિદ્ધ આ૰ શ્રી હીરવિજયસૂરિ તથા શ્રી વિજયસેનસૂરિનો પરમ ભક્ત હતો. તેમના સદુપદેશથી તેણે જિનમંદિરો બંધાવવામાં તથા સંઘભક્તિ કરવામાં પોતાની લક્ષ્મીનો ઉત્તમ વિનિયોગ કર્યો હતો. તેણે શત્રુંજય ઉપરના મૂળ મંદિરનો પુનરુદ્ધાર કર્યો હતો. આ૰ હીરવિજયસૂરિના સદુપદેશથી ટૂંક સમયમાં આખું મંદિર તદ્દન નવા જેવું તૈયાર કરાવ્યું. સં૰ ૧૬૪૯માં તેજપાલે જસુ ઠક્કરની સહાયથી ખૂબ જ ભવ્ય અને મનોહર મંદિર તૈયાર કરાવ્યું અને તેનું નામ નંદિવર્ધન પાડ્યું. તેજપાલે આ ચૈત્ય સમરાવવા જે ધન ખરચ્યું તે જાણી લોકો તેને 'કલ્પદ્રુમત્યયમનેનધનવ્યયેન' કહી કલ્પદ્રુમની ઉપમા આપવા લાગ્યા. કવિ ઋષભદાસ **શ્રી હીરવિજયસૂરિરાસ**માં કહે છેઃ

ગિરિ શેત્રુંજે ઉદ્ધાર કરાવ્યો ખરચી એક લખ્ય લ્યાહરી
દેખી સમકિત પુરૂષ જ પામે, અનુમોદે નરનારી.

વિ૰ સં૰ ૧૬૪૬ની સાલમાં હીરવિજયસૂરિ ખંભાત પધાર્યા ત્યારે તેજપાલે શ્રી અનંતનાથની પ્રતિષ્ઠા કરાવી પચીસ હજાર રૂપિયા ખરચ્યા હતા. ઉપરાંત, સં૰ ૧૬૫૯માં વૈશાખ વદી છઠને ગુરુવારે આદિનાથ ભગવાનનું ભોંયરાવાળું ચૈત્ય બંધાવ્યું હતું. તે વિશે કવિ ઋષભદાસ લખે છે :

ઇન્દ્રભુવન જસ્યું દહેરૂં કરાવ્યું, ચિત્ર લલિત અભિરામ;
ત્રેવીસમો તીર્થંકર થાપ્યો, વિજયચિંતામણિ નામ હો૰ હી૰ ૬

રૂષભ તણી તેણે મૂરતિ ભરાવી, અત્યંત મોટી સોય;
ભુંઈરામાં જઈને જુહારો, સમકિત નિરમળ હો૰ હી૰ ૭

અનેક બિંબ જેણે જિનનાં ભરાવ્યાં, રૂપક કનક મણિ કેરાં;
ઓશવંશ ઉજવળ જેણે કરીઓ, કરણી તાસ ભમોરા હો૰ હી૰ ૮

આ જિનાલય આજે પણ માણેકચોક વિસ્તારમાં વિદ્યમાન છે.

આબુ અને અચલેશ્વરના સંઘવી થઈને તેણે યાત્રાઓ કરી હતી. તે અંગે કવિ ઋષભદાસ તેની પ્રશસ્તિ કરતાં કહે છે :

આબૂ ગઢનો સંઘવી થાય, લહિણી કરતો જાય
આબૂ ગઢે અચલેશ્વર આવે, પૂજે ઋષભના પાય. હી૰ ૧૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાત ખેત્રે જેણે ધન વાવ્યું, રૂપક નાણે લહિણા
હીરતણા શ્રાવક એ હોયે જાણું મુગટ પરિ ગહિણાં. હી૰ ૧૧

પારેખ રાજિઆ અને વાજિઆનાં પૂર્વજ મૂળ ગંધારપુરમાં રહેતા હતા. શ્રીમાળી જ્ઞાતિના હતા. વેપાર કરવા માટે તેઓ ખંભાતમાં આવ્યા. વેપારમાં તે ઘણું દ્રવ્ય કમાયા. એ સમયે ગોવામાં ફિરંગીઓનું રાજ્ય હતું. તેમના દરબારમાં તેમણે સારી પ્રતિષ્ઠા મેળવી હતી.

પારેખ રાજીઆ વાજીઆએ પાંચ જિનભવનો બંધાવ્યા હતાં. ખંભાતમાં ત્રણ દરવાજા આગળ સં૰ ૧૬૪૪ના જેઠ સુદ ૨ને દિવસે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ તથા શ્રી મહાવીર સ્વામીની પ્રતિષ્ઠા કરી. મૂર્તિઓ ઘણી જ વિશાળ છે અને ત્યાંના ભોંયરામાં છે. આખા મંદિરનું વર્ણન કરતો ૬૨ શ્લોકનો મોટો શિલાલેખ તે મંદિરમાં છે. તે લેખ આ પુસ્તકમાં આપવામાં આવ્યો છે. તે વાંચવાથી તેની ભવ્યતા અને સુંદરતા સમજાશે. બીજું ગંધારમાં નવપલ્લવ પાર્શ્વનાથનું બંધાવ્યું. નેજામાં ઋષભદેવની સ્થાપના કરી અને વડોદરામાં કરેડા પાર્શ્વનાથ અને નેમિનાથ એમ બેની સ્થાપના કરી. વળી સં૰ ૧૬૬૪માં વાજીઆના પુત્ર મેઘજીએ શ્રી શાંતિનાથનું બિંબ કરાવ્યું હતું અને તેની શ્રી વિજયસેનસૂરિએ પ્રતિષ્ઠા કરાવી હતી તથા સં૰ ૧૬૫૮ના માઘ સુદિ ૫ને સોમવારે બે ભાઈઓએ શ્રી સ્તંભન પાર્શ્વનાથનું બિંબ કરાવ્યું હતું.

પારેખ રાજીઆ અને વાજીઆએ સંઘવી થઈને આબુ, રાણપુર અને ગોડી પાર્શ્વનાથની યાત્રા માટે મોટા સંઘો પણ કાઢ્યા હતા.

સં૰ ૧૬૬૧ની સાલમાં ભયંકર દુકાળ પડ્યો ત્યારે તેમણે ચાર હજાર મણ અનાજ વાપરીને ઘણાં કુટુંબોની રક્ષા કરી હતી; એટલું જ નહિ પણ ગામે ગામ પોતાનાં માણસોને મોકલીને ગરીબોને રોકડી રકમ આપીને સહાયતા કરી હતી. એકંદરે તેઓએ ૩૩ લાખ રૂપિયા પુણ્ય કાર્યોમાં ખરચ્યા હતા.

ધર્મકાર્યો કરતાં કરતાં ખંભાતના શ્રેષ્ઠીઓ અને શ્રાવકો અનુમોદનાર્થે અનેક પ્રકારની પ્રભાવનાઓ કરતા હતા. આ પૈકીની બે પ્રભાવનાઓ ઉલ્લેખનીય છે :

સં૰ ૧૩૧૯માં ખંભાતના ચોકમાં રહેલા કુમારપાળવિહારના ઉપાશ્રયમાં મહાઅમાત્ય વસ્તુપાલ આ૰ શ્રી દેવેન્દ્રસૂરિના વ્યાખ્યાનમાં ઉપસ્થિત રહ્યો હતો અને તેણે સામાયિક લઈને બેઠેલાઓને મુહપત્તીની પ્રભાવના કરી હતી. આશરે ૧૮૦૦ મુહપત્તીઓની પ્રભાવના થઈ હતી. ૧૮૦૦ની સંખ્યામાં શ્રાવક શ્રાવિકાઓ સામાયિક લઈને બેસે અને આચાર્યશ્રી પાટ પરથી વ્યાખ્યાન કરતાં હોય એ દૃશ્ય કેવું તો મંગલ બન્યું હશે !

સં૰ ૧૩૩૭માં ખંભાતના સંઘપતિ ભીમાશાહે સત્પાત્ર દાનનો લાભ લેવા ભારતના ચતુર્થવ્રતધારીઓને રેશમ સાડી અને આસપાસ પાંચ પાંચ હીરગર એમ કુલ છ વસ્ત્રો મોકલાવ્યાં. એ કપડાં કુલ ૭૦૦ સ્થાનોમાં પહોંચાડ્યાં હતાં. તેમાંની એક જોડી મંત્રી પેથડને પણ મોકલી હતી.

આ સમયગાળામાં જૈન શ્રાવકો તથા જૈન સાધુભગવંતો દ્વારા ખંભાતમાં રાસ,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચૈત્યપરિપાટી, તીર્થમાળા, ફાગુ, પ્રશસ્તિ સ્તોત્ર જેવી અનેક સાહિત્યકૃતિઓ રચાઈ હતી અને આજે એ સાહિત્ય જ એ જમાનાના ઇતિહાસને જાણવાનો આધાર બન્યું છે. જેમ કે કવિ ઋષભદાસની **કુમારપાલરાસ** તથા **શ્રી હીરવિજયસૂરિરાસ**માં ઇતિહાસની અનેક ઘટનાઓનું નિરૂપણ થવા પામ્યું છે. આશરે સં૰ ૧૪૬૨ના સમયગાળા દરમ્યાન આચાર્યશ્રી જયશેખરસૂરિ મ૰ સા૰ને ખંભાતની રાજસભામાં કવિ ચક્રવર્તીનું બિરુદ પ્રાપ્ત થયું હતું. એની માહિતી એમણે રચેલા ગ્રંથોની પ્રશસ્તિઓ દ્વારા જાણી શકાય છે. તેઓએ **જૈનકુમારસંભવ** રચ્યું છે. તેની પ્રશસ્તિમાં તેઓએ આ ગ્રંથની રચના કેવી રીતે થઈ તે વિશે માહિતી આપતાં કહ્યું છે કે પોતે ખંભાતમાં સ્થંભન પાર્શ્વનાથ પ્રભુની પાસે ધ્યાનમાં બેઠા હતા ત્યારે માતા સરસ્વતીદેવીની કૃપાથી બે શ્લોકોની સ્ફુરણા થઈ અને **જૈનકુમારસંભવ** કાવ્ય રચવાનો સંકેત પ્રાપ્ત થયો. તેથી જ તેઓ પોતાને 'વાણીદત્તવર' કહેતા.

કેટલાક આચાર્યો પાસે સિદ્ધિઓ હતી. આચાર્ય મેરુતુંગસૂરિ આવા આચાર્યો પૈકીમાંના એક હતા. એમ કહેવાય છે કે તેમની પાસે દેવીઓ આવતી હતી. શત્રુંજયમાં દીવાથી ચંદરવો બળી રહ્યો હતો ત્યારે તેમણે ખંભાતમાં બેઠા હાથમાંની મુહપત્તિને ચોળી નાંખીને તે ચંદરવાની આગ બુઝાવી હતી.

મુનિ લાખા **ગુરુપટ્ટાવલી**માં મેરુતુંગસૂરિની નિર્ભયતા વિશે જણાવે છે કે આચાર્ય જ્યારે ખંભાતમાં બિરાજમાન હતા તે અરસામાં ગુજરાત પર મુગલોનો ભય ખૂબ જ હતો. એક પ્રસંગે તો આખું ખંભાત શહેર નાગરિકોની નાસભાગને લીધે સૂનું થઈ ગયું હતું. પરંતુ મેરુતુંગસૂરિ તો નિર્ભીક થઈ ખંભાતમાં જ સ્થિર થઈને રહ્યા હતા. આ અંગેનો ઉલ્લેખ નીચેની પંક્તિઓમાં જોઈ શકાશે :

મૂગલ ભઉ ક્ષણિ કુણહિ ઉપન્નુ, ગૂજર દેસહ હુઉ સહુ સુન્નઉ.
તિણિ દિણિ ખંભનયર થિર થોભી, સુગુરુ રહ્યા જય હથિ જગિ ઊભી,

કે તે દિન તે ભયને નામિ, નીઠિઉ આવ્યૂ સહુઈ ઠામિ.
ગૂજર દેસિ હુઊ ઘણ વાસ, તેહ તઊ અધિકઉ ગુરુનઊ વાસ,

ગુરુકૃપાના આવા પરચાઓ જૈન શાસનના મહિમામાં વધારો કરે જ. ક્યારેક તો પરદેશીઓને આવા પરચા થતા અને તેઓને જિનપૂજામાં આસ્થા બેસતી. આ સંદર્ભે સં૰ ૧૨૮૦માં થયેલા ચંદ્રગચ્છના આ૰ જયસિંહસૂરિ અને ખંભાતમાં રહેતા ધનાઢ્ય આરબ વેપારી સીદિક શેઠનો પ્રસંગ ઉલ્લેખનીય છે. સીદિક શેઠ દૂર દૂરના દેશોમાં વહાણવટું કરતા. તેમના પોતાનાં પાંચ વહાણો હતાં. મોતી જેવી કિંમતી વસ્તુઓનો પોતે વેપાર કરતા. સીદિકને એકે સંતાન નહિ. સંતાનપ્રાપ્તિના અનેક ઉપાયો નિષ્ફળ ગયા. સીદિકનો એક મિત્ર જયવંત પ્રાગ્વાટ જ્ઞાતિનો હતો. આ૰ જયસિંહસૂરિનો તે ભક્ત. તેના કહેવાથી સીદિક આચાર્યના સંપર્કમાં આવે છે. આચાર્યના આશીર્વચનથી તેને સંતાનપ્રાપ્તિ થાય છે. એ પછી તે જયસિંહસૂરિનો પરમ ભક્ત બની જાય છે. જિનપૂજામાં પણ એને આસ્થા બેઠી. આચાર્યને માટે તેણે એક લાખનાં મૂલ્યનો સુખપાલ (પાલખી) અર્પણ કર્યો હતો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધર્મ જ્યારે જીવનમાં ઊતરે ત્યારે જ તે સાચો ધર્મ કહેવાય. જૈન ધર્મ અહિંસાને પરમ ધર્મ માને, એટલે એમનાં કાર્યોમાં પણ એ જોવા મળે. ખંભાતના શ્રાવકો, શ્રેષ્ઠીઓ દ્વારા આચાર્ય ભગવંતોના ઉપદેશથી પ્રેરાઈને જીવહિંસા નિવારવાના અનેક ઉપાયો સમયાંતરે પ્રયોજાયા છે.

૧૩મા સૈકામાં ખંભાતમાં તેજપાલે બે ઉપાશ્રયો તથા ગવાક્ષો સહિત પાણીની પરબ બંધાવ્યાના ઉલ્લેખ મળે છે. છાશ તથા દહીંના વિક્રયસ્થળે તેમાં જીવજંતુ પડતાં બચે તે સારુ ઊંચી દીવાલની વાડો બાંધી આપી.

ખંભાતમાં આજે પણ **જીવાતખાનું** વિદ્યમાન છે. ખૂબ જ નાનાં જીવજંતુઓના રક્ષણ અને ભરણપોષણ માટે જીવાતખાનાની રચના એ જૈન પરંપરાની આગવી લાક્ષણિકતા છે. નાનાં-નાનાં જીવજંતુઓને અર્પવામાં આવતું. આ અભયદાન જૈન પરંપરાની કેન્દ્રમાં રહેલી અહિંસાની મુખ્ય ભાવનાને પ્રકટ કરે છે.

અણહિલપુર પાટણથી થોડે દૂર સલખણપુરમાં રહેતા કોચર નામના વણિકની વાત ઉલ્લેખનીય છે. સલખણપુરથી થોડે દૂર બહુચરાજી આગળ અજ્ઞાની લોકો જીવહિંસા કરતા હતા. તેથી કોચરશાનું હૃદય બહુ કંપી ઊઠ્યું હતું. એક વખતે તેને વ્યાપાર અર્થે ખંભાત આવવું પડ્યું. તપગચ્છનાયક શ્રી સુમતિસાધુસૂરિ વ્યાખ્યાન કરતા હતા અને ખંભાતનો જૈન સંઘ પણ તે શ્રવણ કરતો હતો. સંઘપતિ સાજણસી શાહ પણ વ્યાખ્યાન શ્રવણ કરતા હતા.

ખંભાતના સંઘે કોચરશાનો સત્કાર કર્યો અને તેને આગળ બેસાડ્યો. ગુરુએ વ્યાખ્યાન આગળ ચલાવ્યું. તેમાં પ્રસંગોપાત્ત જીવદયા પર વિવેચન ચાલ્યું. વ્યાખ્યાન સમાપ્ત થયા પછી કોચરશાહે બહુચરાજી આગળ થતો જીવવધ બંધ થાય તે માટે કોઈ પ્રબંધ કરવા ગુરુને વિનંતિ કરી. સાજણસીના પ્રભાવથી કોચરને સારો સરપાવ મળ્યો અને સલખણપુર વગેરે બાર ગામનો અધિકાર આપવામાં આવ્યો. પોતાને મળેલા અધિકારથી તેણે બારે ગામમાં પડો વગડાવ્યો કે કોઈએ કોઈ જીવને હણવો નહીં. બહુચરમાં કોઈ જીવ મારતો તો તેને કોચરશા વારતા હતા. સલખણપુરમાં એક તળાવ હતું તેમાં જાળ નાખવી અટકાવવી તથા સરોવર ઉપર રક્ષકો મૂક્યા હતા કે જેથી માછલાંનો નાશ થઈ શકે નહિ. દાણાના કુંડ મુકાવ્યા હતા. પરબડીમાં પાણી ગાળીને ભરાવાતું હતું. સ્ત્રીઓ પાણી ભરવા આવે તો તેમની પાસે ગળણાં ન હોય તો તેને આપતા હતા. આમ અનેક રીતે જીવદયાનું પાલન કરવા માંડ્યું.

ઉપાશ્રયમાં ગુરુના વ્યાખ્યાનને કારણે પણ ઘણાં મોટાં પુણ્યનાં કાર્યો પરિણમે છે તેનું આ જવલંત ઉદાહરણ છે. આ ઘટના ખંભાતના ઉપાશ્રયમાં બની તે ખંભાતના જૈન પરંપરાના ઇતિહાસને વધુ ગૌરવવંત બનાવે છે.

દીવ પાસેના ઘોઘલા ગામમાં કોઈ માણસ જીવહિંસા કરે નહિ એવો હુકમ ખંભાતના રાજીઆ-વાજીઆએ મેળવ્યો હતો.

મુગલો મૂર્તિપૂજામાં માનતા નહીં, એટલું જ નહીં પણ તેઓ મૂર્તિભંજકો હતા. પણ આ મુગલ બાદશાહો પર આચાર્યોનો પ્રભાવ ખૂબ રહેતો. સં૦ ૧૬૪૯માં સમ્રાટ અકબરે શ્રી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનદત્તસૂરિના કહેવાથી અને કર્મચંદ્રસૂરિની વિનંતિથી ખંભાતના સમુદ્રમાં એક વર્ષ સુધી જીવહિંસા ન થાય તેવું ફરમાન કાઢ્યું હતું. સં૰ ૧૬૭૦માં બાદશાહ જહાંગીરે પણ ખંભાતના સમુદ્રમાં માછલી ન પકડવાનું ફરમાન કર્યું હતું.

શીલવિજયજીએ સં૰ ૧૭૨૧થી ૧૭૩૮માં રચેલી તીર્થમાલામાં ખંભાતના શ્રેષ્ઠીઓની ખૂબ જ પ્રશસ્તિ કરી છે :

ખંભનયરના શ્રાવક શિરે, હૃદે રૂડા ગુણ આદરે;
તુંગિયા નગરી ઉપમા લહી ગુણરાગી સેવે ગહગહી.
રાજસ ગુણ રાજે ઓસવંશ, સોની તેજપાળ અવતંસ;
એક લાખ ધન ખરચ્યું જિણે, શેત્રુંજ શિખર કરાવ્યું તિણે.
સંઘવી ઉદયકરણ ને સોમકરણ, વિજયકરણ ને જશકરણ;
દેવગુરુની પાળે આણ, લક્ષ્મી લાહો લીયે શુભ થાણ.
પારેખ વજીયા ને રાજીયા, શ્રી વંશે બહુ ગાજીયા;
પાંચ પ્રાસાદ કરાવ્યા ચંગ, સંઘ પ્રતિષ્ઠા મનને રંગ.
જેહની ગાદિ ગોઆ બંદરે, સોવન છત્ર સોહે ઉપરે;
કોઇ ન લોપે તેહની લાજ, નામે શીશ ફિરંગી રાજ.
પ્રાગવંશ કુંવરજી વહુઆ, કાવિ દેઉલ તેણે કિયા;
પુત્ર પિતાએ હોડા-હોડ, કીધી કરણી જોડા જોડ.
મોઢ જ્ઞાતિ ઠક્કર જયરાજ, વંશ વિભૂષણ સોહે આજ;
લાલજી સુત માલજી રામજી, બંધ બેસે શુભમતિ ભજી.
સત્તર બાવીસે યાત્રા કરી, શેત્રુંજે સંઘવી પદવી ધરી;
પોતે પોંક્યા પાત્ર વિશેષ, ધન ખર્ચ્યું ધર્મે ધરી રેખ.
સંઘવત્સલ જિન મંદિર તણી, પૂજા પ્રભાવના કીધી ઘણી;
સમકીત ગુણ શોભા ઉજળી, આશ્રિત વત્સલ કરીયે વળી.
કેવા જ્ઞાતા દાતા જાણ, કેવા શ્રોતા ભોક્તા આણ;
કવિતા આગળ ભેદી કહી, ગુરુ વચને કરી નિશ્ચલ રહી.
બુદ્ધિસાગર રૂડા બુદ્ધિવંત , દાન દયા સોહે સતવંત;
ચતુર ચોકસી આનંદ તણો, વેલજી વિવેક ઉપગારી ઘણો.
આજ અપૂર્વ સવે શણગાર, સુગુણ મણિ સરિખો પરિવાર;
જિન ધર્મી ગુરુભક્તો જેહ, યશ સૌભાગ્ય લહે વળી નેહ.
આદિ નગર એ ઉત્તમ ઠામ, દિન દિન દીપે શોભા ધામ;
ઈમ અનેક ગુણમણિની ખાણ, કેના કરીએ અવર વખાણ.

શ્રેષ્ઠીઓની આ પ્રશસ્તિ અકારણ નથી. શ્રાવક કે શ્રેષ્ઠી પોતાની દિનચર્યા અને જીવનચર્યામાં ધર્મને જૈનત્વના સંસ્કારોને વણી લે છે તેનો બહુ સરસ ઉલ્લેખ આપણને શ્રી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હીરવિજયસૂરિરાસમાં મળે છે. એમાં કવિ ઋષભદાસે પોતાનો પરિચય જે રીતે આપ્યો છે તેમાં જૈન પરંપરાના યથાર્થ દર્શન થાય છે. તેઓ લખે છે કે :

"હું યથાશક્તિ પાંચ પ્રકારનાં (સુપાત્ર, ઉચિત, કીર્તિ, અભય અને અનુકંપા) દાન આપું છું. રોજ દસ જિનમંદિરો જુહારું છું. જિનાલયમાં અક્ષત મૂકીને મારા આત્માને તારું છું. મોટે ભાગે આઠમ-ચૌદસે પોષધ કરું છું અને દિવસ રાત સ્વાધ્યાય કરું છું. વીરપ્રભુનાં વચન (વ્યાખ્યાન) સાંભળીને કર્મને ભેદું છું. પ્રાયઃ વનસ્પતિને છેદતો નથી. મૃષાવાદ અને અદત્તાદાનનું પાપ કરતો નથી. વચન અને કાયાથી શિયળ પાળું છું. હંમેશાં જૈન સાધુઓને મસ્તક નમાવું છું — વંદન કરું છું, મેં વીસસ્થાનકની આરાધના કરી, બે વાર ગુરુ પાસે આલોચના લીધી, અઠ્ઠમ-છઠ વગેરે કરીને તે પૂરી કરી, શત્રુંજય, ગિરનાર, શંખેશ્વરની યાત્રા કરી, ઘણા છાત્રોને ભણાવ્યા. જિનેશ્વરની આગળ એક પગે ઊભા રહીને બે માળા ગણું છું. રોજ વીસ નવકારવાળી ભગવાન સમક્ષ ઊભા રહીને ગણું છું. ૫૮ સ્તવનો, ૩૪ રાસાની મેં રચના કરી, તેનાથી પુણ્ય પ્રસાર થયો અને ઘણા સુખની પ્રાપ્તિ થઈ. ગીત-સ્તુતિ આદિ રચનાઓ કરી ને પુણ્ય અર્થે સાધુઓને ભેટ ધર્યા. આ ઉપરાંત કેટલીક બાબતોની ઇચ્છા રાખી છે. દ્રવ્ય હોય તો ઘણું દાન કરવું. જિનમંદિર બનાવું, બિંબ ભરાવું, ઠાઠમાઠથી બિંબ પ્રતિષ્ઠા કરાવું, સંઘ કાઢીને સંઘપતિનું તિલક ધારણ કરું, દેશવિદેશમાં અમારિ-પ્રવર્તન કરાવું, પ્રથમ ગુણસ્થાનકની જયણા કરું, જે હીન મનુષ્ય છે એને પુણ્યશાળી કરું — આમ હું જૈન આચારો પાળું. આમ વાત કરતાં પણ અપાર સુખ ઊપજે છે. મારા મનની એવી અભિલાષા છે કે આ સાંભળીને કોઈ આત્મકલ્યાણ કરે તો હું એ પુણ્યનો ભાગીદાર થાઉં."

આજે એકવીસમી સદીને ઉંબરે આપણે જ્યારે પગ મૂકનાર છીએ ત્યારે વીસમી સદીના ખંભાતના જૈન પરંપરાની પણ એક ઝલક જોઈ લઈએ. કાળની થપાટોથી કોણ બચી શક્યું છે ? આમ છતાંય, બને એટલો પ્રયત્ન કરી, જિનાલયોની રક્ષા કરવી એ આજે પણ ખંભાતના શ્રાવકો તથા શ્રેષ્ઠીઓનું ધ્યેય રહ્યું છે અને એને તેઓ અગ્રિમતા આપી રહ્યા છે.

૨૦મી સદીમાં ખંભાતના જૈન ઇતિહાસમાં શેઠ પોપટભાઈ અમરચંદનું નામ સુવર્ણ અક્ષરે લખાયેલું રહેશે. ખંભાતમાં જીરાવલાપાડા વગેરે સ્થળોમાં આવેલાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન આદિ ૧૯ પ્રાચીન જિનમંદિરો જીર્ણ થઈ ગયેલાં. એ ૧૯ મંદિરોનો જીર્ણોદ્ધાર કરવો આવશ્યક હતો પણ જો એ ઓગણીસેય જિનાલયોનો જુદો-જુદો ઉદ્ધાર કરાવે તો ખૂબ ખર્ચ થાય. વળી જ્યાં જૈનોના ઘર ઓછા હોય યા ન હોય, ત્યાં ગોઠી રાખવા, રક્ષણ માટે બંદોબસ્ત કરવો ઇત્યાદિમાં ઘણો ખર્ચ આવે. આથી શેઠ શ્રી પોપટભાઈ અમરચંદના મનમાં વિચાર આવ્યો કે જો એક જ સ્થળે એક વિશાળ ભવ્ય જિનાલયમાં ઓગણીસેય જિનાલય સમાઈ જાય તો તેની વ્યવસ્થા પણ સુંદર થઈ શકે. અને વળી, એવું વિશાળ મંદિર ભવ્ય શિખરબંધી બની શકે, તેથી તીર્થનો મહિમા પણ વધી જાય.

આ૰ શ્રી નેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણા, માર્ગદર્શન અને આશીર્વાદ મેળવીને શેઠ શ્રી પોપટભાઈએ આચાર્યશ્રીની હાજરીમાં જ જીરાવલાપાડામાં ૧૯ જિનાલયોના જીર્ણોદ્ધારના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મહાકાર્યનો મંગલ પ્રારંભ કર્યો. અથાગ પરિશ્રમ અને વહીવટી કોઠાસૂઝથી જીર્ણોદ્ધારનું ભવ્ય કાર્ય અતિ ત્વરાએ પૂર્ણ થયું. આ૦ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ૦ સા૦ની નિશ્રામાં મોટા મહોત્સવ અને ઘણા ધામધૂમપૂર્વક એ મહાન જિનપ્રાસાદમાં જુદા-જુદા ૧૯ ગર્ભગૃહોમાં ૧૯ જિનાલયના મૂળનાયકજી આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા થઈ અને જિનાલયના મૂળનાયક તરીકે ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનના આહ્લાદક અને ચમત્કારિક પ્રતિમાજી બિરાજમાન થયા. ઉપરાંત આ જિનાલયના ગર્ભગૃહમાં શ્રી ગીરનાર-તીર્થપતિ શ્રી નેમિનાથ પ્રભુની પ્રતિમા જેવી જ શ્રી નેમિનાથ ભગવાનની અદ્‌ભુત અને રમણીય પ્રતિમાની પ્રતિષ્ઠા કરવામાં આવી.

ખંભાતનાં જિનાલયોના સંદર્ભમાં કેટલીક દૃષ્ટાંતરૂપ પરંપરા હજુ આજે પણ જળવાઈ રહી છે, તેને જાળવવાનો સંનિષ્ઠ પ્રયત્ન થઈ રહ્યો છે અને કેટલીક પરંપરા તો લોહીમાં વણાઈ હોય તેવી સાહજિક બની છે.

જિનાલય માટેની આત્મીયતા પ્રત્યેક મહોલ્લામાં જોવા મળે છે. વહીવટ મહોલ્લાના લોકો થકી જ થાય છે. જિનાલય મહોલ્લાનું જ ગણાય છે. મહોલ્લામાં આઠ-દસ કુટુંબો રહ્યાં હોય, ક્યાંક તો એક-બે કુટુંબો રહ્યાં હોય તો પણ તેઓ જિનાલયની સુપેરે જાળવણી કરે છે.

ખંભાતમાં સતત ધૂળ ઊડતી રહે પણ જિનાલયની સ્વચ્છતા અને સુઘડતા ઊડીને આંખે વળગે તેવી હોય છે. જિનાલયની જાળવણી કરનાર મહોલ્લાના રહેવાસીના ઘરમાં વર્ષોથી દીવાલો ચૂના વિનાની રહી હોય, ભીંતો પરથી પોપડાં ઊખડી ગયાં હોય પણ એમના જિનાલયમાં રંગકામ થતું હોય છે અને તેથી જિનાલય નિત્ય નવીન લાગે છે. જીર્ણોદ્ધારનું કામ હાથ ધરવામાં આવે ત્યારે ખંભાતથી દૂર વસતો ખંભાતનો વતની એવા કાર્યમાં ઉમંગભેર સ્વઉપાર્જિત ધનનો વિનિયોગ કરીને ધન્ય બને છે. પોતાના જિનાંલયની વર્ષગાંઠ નિમિત્તે ખંભાતથી દૂર વસેલા પરિવારજનો એકઠાં થાય, જિનાલયની જાળવણી માટે જરૂરી નિર્ણયો લે, તેને અમલમાં મૂકે અને ભક્તિ-આરાધના કરીને છૂટાં પડે. આ ધર્મભાવના તથા આત્મીયતા જ ખંભાતનાં જિનાલયોને કાળનો વિપરીત પ્રભાવ હોવા છતાં સાચવી રહી છે.

જિનાલયમાં જીર્ણોદ્ધાર કરતી વખતે કાષ્ઠની કોતરણીના બચી ગયેલા નમૂનાને અને કાચના જિનાલયનો જીર્ણોદ્ધાર થાય અને કાચ કાઢી અન્ય પ્રકારે જિનાલય બને ત્યારે કાચના જિનાલયની સારી રહી શકી હોય તેવી પહેલાંની રચનાને સ્મૃતિચિહ્નરૂપે જિનાલયમાં જ કોઈક સ્થળે સારી રીતે જડી દઈ કે કાચથી મઢી લઈ જાળવી લેવામાં આવે છે. જેમ કે – કવિ ઋષભદાસના ઘરદેરાસરની અગરતગરના લાકડાની કોતરણી આજે પણ માણેકચોકના શંખેશ્વર પાર્શ્વનાથના જિનાલયમાં વિદ્યમાન છે.

આજે ખંભાતમાં કુલ ૬૮ જિનાલયો છે જેમાં ૯ શિખરબંધી, ૧૨ ધાબાબંધી, ૨ સામરણયુક્ત, ૩૩ ઘુમ્મટબંધી, ૧ છાપરાયુક્ત છે. વડવાનું જિનાલય ભોંયરામાં છે અને તેની ઉપરના ભાગે વ્યાખ્યાન હોલ છે. ઘરદેરાસરો ૧૦ છે. (અહીં દહેવાણનગરના જિનાલયને ઘરદેરાસર ગણ્યું છે.) આજે ભોંયરાવાળાં જિનાલયો ૧૩ છે પણ એમાંનાં ૭ જિનાલયોમાં પ્રતિમાજીઓ છે. બાકીનાં ૬ ભોંયરાં ખાલી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વળી, જિનાલયોની પ્રતિમાઓ પણ વિવિધ દ્રવ્યોની બનેલી છે, જેમાં નીલમ, સ્ફટિક, શનિના, રત્નની પ્રતિમાજીઓ ઉલ્લેખનીય છે. જિનાલયોમાંનાં યંત્રોમાં વિવિધતા તથા વિપુલતા જોવા મળે છે. તિજયપહુત તથા નમિઊણ સ્તોત્રના યંત્રો સવિશેષ છે. એમાંના મોટા ભાગનાં યંત્રોની એક સમયે ઘરમાં વર્ષો સુધી પૂજા થતી આવેલી. હવે આશાતનાના ભયે તે યંત્રોને જિનાલયોમાં મૂકી દેવામાં આવ્યાં છે. એક કાળે આ યંત્રો અભિમંત્રિત હશે. લોકોએ તેની સાધના પણ કરી હશે.

કેટલાંક જિનાલયોની વિશિષ્ટતા અત્રે ઉલ્લેખનીય છે. અહીંનાં તમામ જિનાલયોમાં ચિત્રકામ વિશેષ જોવા મળે છે. કેટલાંક જિનાલયોની છતની દીવાલો પણ ચિત્રાંકનયુક્ત છે ! ખારવાડામાં કંસારી પાર્શ્વનાથના જિનાલયમાં તો દીવાલો પટથી અને તીર્થંકરો તથા મુનિભગવંતોના જીવનપ્રસંગોના ચિત્રપ્રસંગોથી એટલી તો ભરચક છે કે તમે કોરી ભીંત જોઈ શકો જ નહિ ! તેની પાછળના ભાગે આવેલું, હમણાં જ જીર્ણોદ્ધાર પામેલું મુનિસુવ્રતસ્વામીનું કાચનું જિનાલય અતિ મનોહર છે. દહેવાણનગરના જિનાલયની વિશેષતા એ છે કે તેમાં અતીત, અનાગત અને વર્તમાન ચોવીશીની પ્રતિમાજીઓ બિરાજમાન છે. અહીં પ્રતિમાજી સિવાયના ભાગોમાં અરીસા જડેલા હોવાથી તમે જ્યાં જુઓ ત્યાં તમને માત્ર પ્રતિમાજીનાં જ દર્શન થાય ! બજારમાંના ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયના ભોંયરામાં જિનેશ્વર દેવના જીવનપ્રસંગોને Glass Painting માં આલેખવામાં આવ્યા છે તે નયનરમ્ય છે.

મૂળનાયકોના મૂર્તિલેખોમાં ૧૭મા સૈકાના મૂર્તિલેખો સૌથી વધુ (લગભગ ૩૫ જેટલાં) છે: અર્થાત્ ૧૭મા સૈકામાં મુખ્યત્વે આ૦ શ્રી હીરવિજયસૂરિ, આ૦ શ્રી વિજયસેનસૂરિ, આ૦ શ્રી વિજયદેવસૂરિ વગેરેના પ્રભાવ હેઠળ જિનાલયનિર્માણની પ્રવૃત્તિએ વેગ પકડ્યો હતો એમ કહી શકાય. આજે અમદાવાદ તથા સુરત જેવા શહેરનો વિકાસ થતો જાય છે તેમ તેમ પરા વિસ્તારમાં જૈનોની વસ્તી વધી છે ત્યાં ત્યાં નવીન જિનાલયો બંધાતાં જાય છે પણ ખંભાતનો વિકાસ રૂંધાતાં, છેલ્લા કેટલાક સમયમાં જિનાલયનિર્માણની પ્રવૃત્તિ અત્યંત નહિવત્ બની છે.

મોટા ભાગનાં જિનાલયોમાં આજે પણ પ્રક્ષાલ-પૂજાથી માંડીને ગભારાને સ્વચ્છ અને સુઘડ રાખવાનાં તમામ કાર્યો મહોલ્લાના શ્રાવક-શ્રાવિકાઓ જાતે જ કરે છે. ગભારાની બહાર રંગમંડપમાંની ફર્શ કે જિનાલયની આજુબાજુની સફાઈના કામ માટે પગારદાર માણસોની નિમણૂક કરવામાં આવે છે. ૭૦-૭૫ વર્ષની ઉંમર થઈ હોય તો પણ શ્રાવક-શ્રાવિકાઓ જિનાલયની જાળવણી અને સાચવણી માટે તથા ભક્તિ અને આરાધનામાં રોજ બે કલાકથી પણ વધુ સમય શાંતિથી પસાર કરે છે અને પોતાના કુટુંબના નાની ઉંમરનાં ત્રીજી પેઢીનાં બાળકોને પોતાની સાથે લઈ જઈને પ્રક્ષાલ, કેસર વાટવું, પૂજા કરવી વગેરે ક્રિયાઓની પ્રત્યક્ષ તાલીમ આપે છે. ૩૦ થી ૫૦ વર્ષની ઉંમરના વચલી પેઢીના શ્રાવકો હૃદયમાં ખૂબ ભક્તિભાવ હોવા છતાં સમય ફાળવી શકતા નથી. આર્થિક પ્રવૃત્તિ માટે કે ઉચ્ચ અભ્યાસ અર્થે ખંભાત છોડનારાની સંખ્યા ઉત્તરોત્તર વધતી ચાલે છે ત્યારે પોતાના આ જિનાલયનું શું થશે એ ચિંતા પ્રત્યેક વડીલના ચહેરા પર લીંપાઈ ગઈ છે. અત્યારે તો એવા વૃદ્ધ વડીલોને પોતાના જિનાલયની જાળવણીમાં જ જીવનની સાર્થકતાનો અનુભવ થઈ રહ્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખારવાડામાં સ્થંભન પાર્શ્વનાથના જિનાલયમાં રોજ રાત્રે આરતી ટાણે વાદ્ય અને સંગીત સાથે ખૂબ જ ભક્તિભાવપૂર્વક ભાવના થાય છે. આ સમયે નાનાં બાળકો અને નોકરીધંધેથી પાછાં આવેલાં મોટી ઉંમરના તથા વૃદ્ધ વડીલો – એમ ત્રણે પેઢીઓ ભક્તિરસમાં તરબોળ થઈ જાય છે અને સમગ્ર જિનાલય માંગલ્યનો અનુભવ કરાવે છે.

માંગલ્યની સાથે ગૌરવનો પણ અનુભવ કરાવે તેવી એક રસપ્રદ ઘટના માણેકચોકમાં ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયમાં (ભોંયરામાં આદેશ્વર છે તે) દર વર્ષે નિયમિત બને છે. વર્ષો પૂર્વે સુરતવાળા શ્રી તારાચંદ સંઘવી સંઘ લઈને ખંભાત આવેલા અને ભોંયરાના આદેશ્વર દાદાની ભાદરવા વદ દશમના રોજ પૂજા ભણાવી શકાય તે માટે તે સમયે તેઓએ રકમ મૂકેલી. વર્ષો બાદ મોંઘવારી વધતી જ ગઈ. હવે તે રકમમાંથી પૂજા ભણાવી શકાય તેમ રહ્યું નહીં. ખડકીની બહેનોએ આ પરંપરા ચાલુ રાખવાની જાણે પોતાની જવાબદારી હોય તેમ દર વર્ષે તે બહેનો ઘેર-ઘેર ફરે છે અને આ માટેનો ફાળો ઉઘરાવે છે. ફાળાની તે રકમમાંથી પૂજા ભણાવાય છે. નવ્વાણું દીવાની રોશની થાય છે. ઉત્સાહભેર ફાળો ઉઘરાવી આજે પણ આ માણેકચોકની બહેનો તારાચંદ સંઘવીની મંગલ ભાવનાને પુષ્ટિ આપે છે.

ખંભાતના જૈન મહોલ્લાઓનું વિશિષ્ટ અંગ પરબડી છે. પરબડી વિના ખંભાતના જૈન મહોલ્લાની કલ્પના કરવી જ શક્ય નથી. ક્યાંક તો એક મહોલ્લામાં એકથી વધુ પરબડીઓ જોવા મળે છે. પરબડીઓની સંખ્યા અને વૈવિધ્ય ખંભાતના જૈન મહોલ્લાઓમાં જૈન સંસ્કૃતિનું એક આગવું વાતાવરણ ખડું કરે છે. કેટલીક પરબડીઓ તો શિલ્પ અને સ્થાપત્યના ઉત્તમ નમૂનારૂપ છે. પરબડીઓની જાળવણી-સાચવણી આજે પણ ખંભાતની ભવ્ય જૈન પરંપરાની દ્યોતક બની રહી છે.

જીવદયાના મહિમાના ગાનના સૂરો ખંભાતની એકેએક પરબડીમાંથી રેલાઈ રહ્યા છે. જીવદયા માટેના ફંડ તથા તે ફંડોના વહીવટ ખૂબ જ સ્વયંભૂ રીતે અને સહજ રીતે દરેક મહોલ્લાના જૈન શ્રાવક-શ્રાવિકાઓ દ્વારા થઈ રહ્યો છે. મહોલ્લાના શ્રાવક-શ્રાવિકાઓના જીવનમાં જીવદયાની આ પ્રવૃત્તિ સહજ રીતે વણાયેલી જોવા મળે છે. પક્ષીઓ માટે મૂકવામાં આવતા ચણ તથા કોઈ પણ પ્રકારના વપરાશના કાર્ય માટે પાણી ગાળેલું વાપરવું એ ખંભાતના કોઈપણ શ્રાવક-શ્રાવિકાના દૈનિક નિત્યક્રમનો એક ભાગ બની ગયેલ છે.

સદીઓથી ચાલી આવતી એક ભવ્ય ઉજ્જ્વળ પરંપરા હજુ પણ ટકી રહી છે અને તેને કાળના વિપરીત પ્રભાવની સામે ટકાવવાના અથાગ પ્રયત્નો ચાલી રહ્યા છે.

ખંભાતની આ ભવ્ય જૈન પરંપરાના સ્મરણથી ઉન્નત થયેલું મસ્તક અરિહંત ભગવાનનાં ચરણોમાં નમન કરી રહ્યું છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખંભાતનાં જિનાલયો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખંભાતનાં જિનાલયો

વિસ્તાર	મૂળનાયક	સંવત
ચોકસીની પોળ	શાંતિનાથ	સં૰ ૧૭૦૧ પહેલાં
	શ્રેયાંસનાથ	સં૰ ૧૯૦૦ પહેલાં
	ચિંતામણિ પાર્શ્વનાથ	સં૰ ૧૬૬૧
	મનમોહન પાર્શ્વનાથ	સં૰ ૧૬૭૩ પહેલાં અથવા સં૰ ૧૯૪૭ પહેલાં
	વિમલનાથ	સં૰ ૧૬૫૬ આસપાસ
	મહાવીર સ્વામી	સં૰ ૧૯૦૦ પહેલાં
ટેકરી	સુમતિનાથ-ઘરદેરાસર	સં૰ ૧૯૮૪ પહેલાં
અલીંગ	મુનિસુવ્રત સ્વામી	સં૰ ૧૬૭૩ પહેલાં
લાડવાડો	અભિનંદન સ્વામી	સં૰ ૧૯૦૦ પહેલાં
ખારવાડો	અનંતનાથ	સં૰ ૧૯૦૦ પહેલાં
	કંસારી પાર્શ્વનાથ	સં૰ ૧૯૦૦ પહેલાં
	મહાવીર સ્વામી (ચૌમુખજી)	સં૰ ૧૬૫૮ આસપાસ
	મુનિસુવ્રત સ્વામી	સં૰ ૧૭૦૧ પહેલાં
	સ્થંભન પાર્શ્વનાથ	અતિ પ્રાચીન
	શાંતિનાથ-ઘરદેરાસર	સં૰ ૨૦૧૦ પહેલાં
	સીમંધર સ્વામી	૧૬મો સૈકો
	સુખસાગર પાર્શ્વનાથ	સં૰ ૧૬૭૩ પહેલાં અથવા સં૰ ૧૯૮૪ પહેલાં
નાગરવાડો	વાસુપૂજ્ય સ્વામી	સં૰ ૧૯૦૦ પહેલાં
સંઘવીની પોળ	સોમચિંતામણિ પાર્શ્વનાથ	સં૰ ૧૬૭૩ પહેલાં
	વિમલનાથ	સં૰ ૧૬૩૯ આસપાસ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બોરપીપળો	નવપલ્લવ પાર્શ્વનાથ	૧૬મો સૈકો
	ભોંયરામાં ગોડી પાર્શ્વનાથ	
	સંભવનાથ	સં૰ ૧૬૭૩ પહેલાં
	મુનિસુવ્રત સ્વામી	સં૰ ૧૬૭૦
	વિમલનાથ-ઘરદેરાસર	સં૰ ૧૯૦૦ પહેલાં
માણેકચોક	આદેશ્વર	સં૰ ૧૬૭૩ પહેલાં
	શંખેશ્વર પાર્શ્વનાથ	સં૰ ૨૦૪૩
	ચિંતામણિ પાર્શ્વનાથ	સં૰ ૧૬૬૮
	ચિંતામણિ પાર્શ્વનાથ	સં૰ ૧૬૬૧
	ભોંયરામાં આદેશ્વર	સં૰ ૧૬૫૯
	રત્નચિંતામણિ પાર્શ્વનાથ-ઘરદેરાસર	સં૰ ૨૦૦૧
	શાંતિનાથ	સં૰ ૧૬૪૩
	વાસુપૂજ્ય સ્વામી	સં૰ ૧૯૬૩ પહેલાં
	મહાવીર સ્વામી	સં૰ ૧૯૪૭ પહેલાં
	ધર્મનાથ	સં૰ ૧૭૦૧ પહેલાં
ભોંયરાપાડો	શાંતિનાથ	સં૰ ૧૭૦૧ પહેલાં
	શાંતિનાથ-નેમિનાથ	સં૰ ૧૬૭૩ પહેલાં
	મલ્લિનાથ	સં૰ ૧૯૦૦ પહેલાં
	ચંદ્રપ્રભ સ્વામી	સં૰ ૧૬૭૩ પહેલાં
	નવખંડા પાર્શ્વનાથ	સં૰ ૧૬૭૩ પહેલાં
ગીમટી	મહાવીર સ્વામી	સં૰ ૧૬૬૪
ઊંડી પોળ	શાંતિનાથ	સં૰ ૧૯૦૦ પહેલાં
પુણ્યશાળીની ખડકી	શાંતિનાથ	સં૰ ૧૯૪૭ પહેલાં
દંતારવાડો	શાંતિનાથ-કુંથુનાથ	સં૰ ૧૬૭૩ પહેલાં
ચિતારી બજાર	ચિંતામણિ પાર્શ્વનાથ	સં૰ ૧૬૪૪
	ભોંયરામાં સ્થંભન પાર્શ્વનાથ	સં૰ ૧૬૫૮
	આદેશ્વર	સં૰ ૧૯૦૦ પહેલાં
	પાર્શ્વનાથ (ચૌમુખજી)	સં૰ ૨૦૪૬
મોટો ચોળાવાડો	સુમતિનાથ (ચૌમુખજી)	સં૰ ૧૯૦૦ પહેલાં
વાઘમાસીની ખડકી	વિજયચિંતામણિ પાર્શ્વનાથ	સં૰ ૧૭૦૧ પહેલાં
	સંભવનાથ	સં૰ ૧૬૭૦
	ભોંયરામાં શાંતિનાથ	સં૰ ૧૬૭૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લોંકાપરી-ચિતારી બજાર	ચંદ્રપ્રભ સ્વામી-ઘરદેરાસર	સં૰ ૨૦૦૯
દલાલનો ખાંચો - બહુચરાજીની પોળ	પાર્શ્વનાથ-ઘરદેરાસર	સં૰ ૧૯૮૯
શેરડીવાળાની પોળ	વાસુપૂજ્ય સ્વામી-ઘરદેરાસર	સં૰ ૧૯૬૩ પહેલાં
મોટો કુંભારવાડો	શીતલનાથ	સં૰ ૧૬૭૩ પહેલાં
નાનો ગંધ્રકવાડો	પાર્શ્વનાથ-ઘરદેરાસર	સં૰ ૧૯૬૩ પહેલાં
જીરાળાપાડો	અરનાથ	સં૰ ૧૮૧૭ પહેલાં
	મનમોહન પાર્શ્વનાથ	સં૰ ૧૬૯૩
	અમીઝરા પાર્શ્વનાથ	સં૰ ૧૭૦૧ પહેલાં
	અભિનંદન સ્વામી-ઘરદેરાસર	સં૰ ૧૯૬૩ પહેલાં
	ચિંતામણિ પાર્શ્વનાથ	સં૰ ૧૯૬૩
	ભોંયરામાં નેમિનાથ	
માંડવીની પોળ	કુંથુનાથ	સં૰ ૧૬૭૩ પહેલાં
	આદેશ્વર	૧૬મો સૈકો
કંડાકોટડી	સુમતિનાથ	સં૰ ૧૬૭૩ પહેલાં
	પદ્મપ્રભ સ્વામી	સં૰ ૧૯૦૦ પહેલાં
આળીપાડો	શાંતિનાથ	સં૰ ૧૬૭૩ પહેલાં
	ઉપરના માળે અગાશીમાં સુપાર્શ્વનાથ	
દહેવાણનગર	મહાવીર સ્વામી-ઘરદેરાસર	સં૰ ૨૦૩૫
	ભોંયરામાં સીમંધર સ્વામી	
શકરપુર	ચિંતામણિ પાર્શ્વનાથ	સં૰ ૧૬૭૩ પહેલાં
	સીમંધર સ્વામી	સં૰ ૧૬૫૯ આસપાસ
વડવા	ભોંયરામાં આદેશ્વર	સં૰ ૧૯૮૨
રાળજ	ગોડી પાર્શ્વનાથ	સં૰ ૧૯૦૧ આસપાસ

કુલ જિનાલય સંખ્યા : ૬૮

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મહાલક્ષ્મીની પોળ

ચોકસીની પોળ

મહાલક્ષ્મીની પોળ તથા ચોકસીની પોળના ઉલ્લેખ અલગ અલગ વિસ્તાર તરીકે સં૰ ૧૬૭૩માં જોવા મળે છે. આજે પણ આ બંને નામથી અલગ-અલગ વિસ્તાર દર્શાવવામાં આવે છે. પરંતુ જુદા જુદા સમયે બંને વિસ્તારો એકબીજામાં ભળી ગયેલા માલૂમ પડે છે. તેથી બંને પોળોનાં જિનાલયોનો ઉલ્લેખ એકસાથે કરવાનું અભ્યાસની દૃષ્ટિએ વધુ સુગમ થઈ પડે તેમ છે.

સં૰ ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતિ તીર્થમાળ**માં મહાલક્ષ્મીની પોળનાં જિનાલયોના ઉલ્લેખ પછી તુરત ચોકસીની પોળના જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે. તે સમયે મહાલક્ષ્મીની પોળમાં બે જિનાલયોનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

આહે **માહાલષ્યમી**ની અ **પોલ્ય**માં, યનજીનું ભુવન જોહારું ।
આહે **ચંદ્રપ્રભુ** નવ બ્યંબશું, પૂજી કરી તન ઠારું ॥ ૨૪

આહે **બીજઉં દેહરું પાસનઉં,** ત્યાહાં યન પ્રત્યમા ત્રીસ ।
આહે પ્રહઈ ઊઠીનઈ પ્રણમતાં, પહુચઈ મનહ જગીસ ॥ ૨૫

એટલે કે ચંદ્રપ્રભુ તથા પાર્શ્વનાથ ભગવાનનાં એમ બે જિનાલયો મહાલક્ષ્મીની પોળમાં હતા. ચોકસીની પોળમાં તે સમયે પાંચ જિનાલયોનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં આવે છે :

આહે **ચોકસી કેરીઅ પોલિ**માં, યન ભુવન સુ **ચ્યાર** ।
આહે **શ્રી ચ્યંતામણ્ય** દેહરઈ, સોલ બ્યંબ સુ સાર ॥ ૨૬

આહે **સુખ સાગર**ના ભુવનમાં, મનનિં રંગઈ એ જઈઈ
આહે તેત્રીસ બ્યંબ તીહાં નમી, ભવિ જન નિરમલ થઈઈ ॥ ૨૭

આહે **મોહોર પાસ સ્વામી** નમુ એ, બિંબ સત્તાવીસ યાંહિ ।
આહે **ચોમુખ વ્યમલ** જોહારીઈ, ઉગણીસ બ્યંબ છઈ ત્યાંહિ ॥ ૨૮

આહે **નેમનાથ** જિન ભુવનમાં, બ્યંબ નેઉઅ નમી જઈ ।
આહે પ્રેમ કરીનઈ પૂજીઈ, જિમ એ ભવનવિ ભમીઇ ॥ ૨૯

એટલે કે તે સમયે (૧) ચિંતામણિ પાર્શ્વનાથ (૨) સુખસાગર પાર્શ્વનાથ (૩) મોહોર પાર્શ્વનાથ (૪) ચોમુખ વિમલનાથ (૫) નેમનાથ- એમ કુલ પાંચ જિનાલયો હતાં.

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં ચોકસીની પોળનો વિસ્તાર **લાંબી ઓટિ સુગ(ખ)સાગરપોલ**ના નામથી પ્રચલિત થયેલો જણાય છે. તે સમયે આ વિસ્તારમાં સાત જિનાલયોનો ઉલ્લેખ અને મહાલક્ષ્મીની પોળમાં બે જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે. તે નીચે મુજબની પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લાંબી ઓટિ સુગ(ખ)સાગર પોલિ શાંતિ પ્રાસાદિ ત્રીસજી
ચિંતામણિ ત્રીસ વલી **સુષસાગરિ** અડસઠિ જિનવર કહીસિજી ૯

શીતલનાથિ એકોત્યરિ કહીઈ સાત્રીસ શ્રી **મુહુર પાસજી**
શાંતિનાથ તિહાં એકત્રીસ લહીઈ **સોમચિંતામણિ** પંચાસજી ૧૦

મહાલિઈષમીઈ જગતવલ્લભ જિન ઓગણ પંચાસ કહીઈજી
ચંદ્રપ્રભુ બિંબ પાંત્રીસ બોલ્યાં ગાંધીપાટકિ જઈઈજી ૧૧

એટલે લાંબી ઓટિ-સુગ(ખ) સાગર પોલમાં નીચે મુજબનાં સાત જિનાલયો વિદ્યમાન હતાં. (૧) શાંતિનાથ (૨) ચિંતામણિ પાર્શ્વનાથ (૩) સુખસાગર પાર્શ્વનાથ (૪) શીતલનાથ (૫) મુહુર પાર્શ્વનાથ (૬) શાંતિનાથ (૭) સોમચિંતામણિ પાર્શ્વનાથ.

મહાલક્ષ્મીની પોળમાં બે જિનાલયો વિદ્યમાન હતા (૧) જગતવલ્લભ પાર્શ્વનાથ (૨) ચંદ્રપ્રભુ.

સં૰ ૧૯૦૦માં ચોકસીની પોળમાં છ જિનાલયો વિદ્યમાન હતાં જેનો નીચે મુજબ ઉલ્લેખ આવે છે :

૧૩. શ્રી શાંતિનાથ મેડી ઉપર.
૧૪. શ્રી ચંતામણી પાર્શ્વનાથનું દેહરું.
૧૫. શ્રી ચંદ્રપ્રભુનું દેહરું.
૧૬. શ્રી વિમલનાથનો ચોમુખ.
૧૭. શ્રી મોહરી પાર્શ્વનાથનું દેહરું.
૧૮. શ્રી સીતલનાથનું દેહરું.

સં૰ ૧૯૦૦માં મહાલક્ષ્મીની પોળમાં ત્રણ જિનાલયો વિદ્યમાન હતાં :

૨૦. શ્રી સુખસાગર પાર્શ્વનાથનું દેહરું.
૨૧. શ્રી મહાવીરસ્વામી-ગૌતમસ્વામીનું દેહરું.
૨૨. શ્રી જગવલ્લભ પાર્શ્વનાથનું દેહરું.

સં૰ ૧૯૪૭માં **જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથ**ની પ્રસ્તાવનામાં ચોકસીની પોળમાં કુલ તેર જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ નીચે મુજબ પ્રાપ્ત થાય છે :

ચોકસીની પોળમાં :

૫૧. જગવલ્લભ પારસનાથજીનું

૫૨. ગૌતમસ્વામીનું (આ દેહરામાં મૂળનાયકજીની પ્રતિમા મહાવીર સ્વામીની છે પણ તેમાં ગૌતમ સ્વામીની પ્રતિમા છે તેથી દેહરું ગૌતમ સ્વામીનું કહેવાય છે.)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૫૩. શ્રેયાંસનાથજીનું
૫૪. સુવિધીનાથજીનું
૫૫. ચંદ્રપ્રભુજીનું (નં૰ ૫૩-૫૪-૫૫ વાળા દેહરાં ભેગાં છે.)
૫૬. મનમોહન પારસનાથજીનું
૫૭. ચીંતામણ પારસનાથજીનું
૫૮. ચંદ્રપ્રભુજીનું
૫૯. શીતલનાથજીનું
૬૦. મોહોર પારસનાથજીનું
૬૧. ચોમુખજીનું
૬૨. વીમળનાથજીનું
૬૩. શાંતિનાથજીનું.

સં૰ ૧૬૭૩માં દર્શાવવામાં આવેલાં જિનાલયો પૈકી સં૰ ૧૭૦૧માં ચોમુખ વિમલનાથના જિનાલય તથા નેમનાથના જિનાલયનો ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી. ઉપરાતં સં૰ ૧૭૦૧માં શાંતિનાથજીનાં બે જિનાલયો અને સોમચિંતામણિ પાર્શ્વનાથના એક જિનાલયનો ઉલ્લેખ પ્રથમવાર થયેલો છે. જ્યારે સં૰ ૧૯૦૦માં અને સં૰ ૧૯૪૭માં શાંતિનાથજીના એક જિનાલયનો ઉલ્લેખ થયેલો છે અને સં૰ ૧૯૦૦માં 'શાંતિનાથ મેડી' ઉપર તેવો ઉલ્લેખ મળે છે. તે સમયે (સં૰ ૧૯૦૦માં) આ વિસ્તારમાં મહાવીર સ્વામી— ગૌતમસ્વામીનું દેહરું—ના જિનાલયનો ઉલ્લેખ પ્રથમ વાર મળે છે.

સં૰ ૧૯૪૭માં શ્રેયાંસનાથ, સુવિધિનાથ તથા ચંદ્રપ્રભુ(ક્રમાંક ૫૩-૫૪-૫૫)ના જિનાલયનો ઉલ્લેખ કરતાં આ દેહરાં ભેગાં છે તેવી કૌંસમાં ખાસ નોંધ મૂકવામાં આવી છે. તે સમયે વિમલનાથજીનું જિનાલય અને ચોમુખજીનું જિનાલય એમ બે અલગ જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે.

જગવલ્લભ પાર્શ્વનાથ જિનાલયનો ઉલ્લેખ સં૰ ૧૭૦૧માં મહાલક્ષ્મીની પોળના વિસ્તારમાં, સં૰ ૧૯૦૦માં પણ મહાલક્ષ્મીની પોળના જ વિસ્તારમાં અને સં૰ ૧૯૪૭માં ચોકસીની પોળમાં થયેલો છે. પરંતુ આજે આ જિનાલય ચોકસીની પોળ કે મહાલક્ષ્મીની પોળમાં વિદ્યમાન નથી. સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં પૃ૰ ૩૭ પર 'મહાવીર સ્વામીના જિનાલયની નજીકમાં જગવલ્લભ પાર્શ્વનાથના પ્રાચીન જિનાલયની જગ્યાનો' ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સ્થાનિક માહિતી પ્રમાણે આ જિનાલય જીરાળાપાડામાં આવેલા ચિંતામણિ પાર્શ્વનાથ ૧૯ જિનાલયોના ભુવનમાં (ત્રીજે માળ ડાબી બાજુની દેવકુલિકામાં) સમાવિષ્ટ થયેલું છે.

સુખસાગર પાર્શ્વનાથનું જિનાલય સં૰ ૧૬૭૩માં ચોકસીની પોળના વિસ્તારમાં, સં૰ ૧૭૦૧માં લાંબો ઓટિ સુગ(ખ)સાગર પોલિ (ચોકસીની પોળ)ના વિસ્તારમાં, સં૰ ૧૯૦૦માં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મહાલક્ષ્મીની પોળના વિસ્તારમાં અને સં૰ ૧૯૪૭માં ચોકસીની પોળમાં વિદ્યમાન હતું. આજે એ જિનાલય ચોકસીની પોળમાં કે મહાલક્ષ્મીની પોળમાં વિદ્યમાન નથી. પરંતુ એ જિનાલય ખારવાડામાં ખસેડવામાં આવ્યું છે. ખારવાડામાં શ્રી સીમંધર સ્વામીના જિનાલયની જમણી બાજુની ખડકીમાં શ્રી સુખસાગર પાર્શ્વનાથનું ઘુમ્મટબંધી જિનાલય આજે વિદ્યમાન છે. આ ખડકીમાંથી નાગરવાડે જવાનો રસ્તો પડે છે.

ચોકસીની પોળ-મહાલક્ષ્મીની પોળમાં સં૰ ૧૬૭૩માં મોહોર પાર્શ્વનાથનો ઉલ્લેખ આવે છે. જ્યારે સં૰ ૧૭૦૧માં લાંબીઓટિ-સુગ(ખ)સાગરપોળમાં શીતલનાથ તથા મુહુર પાર્શ્વનાથનો ઉલ્લેખ આવે છે. આ બે જિનાલયો સં૰ ૧૯૦૦માં તથા સં૰ ૧૯૪૭માં પણ ચોકસીની પોળમાં વિદ્યમાન હતા. આજે મહાલક્ષ્મીની પોળ-ચોકસીની પોળમાં મહાવીર સ્વામીનું જિનાલય વિદ્યમાન છે. જેમાં ઉપર જણાવેલ શીતલનાથ તથા મોહોર પાર્શ્વનાથ એમ બંને જિનાલયોના મૂળનાયક પ્રતિમાજીઓ પધરાવવામાં આવ્યા છે.આ અંગે સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં પૃ૰ ૩૭ ઉપર મહાવીર સ્વામીના જિનાલય વિશે વર્ણન કરતાં નીચે મુજબની નોંધ મળે છે :

"કાર્તિકી પૂર્ણિમાંએ બંધાતો શ્રી શત્રુંજયનો પટ અહીં જ રહે છે, તેમ જ નવીન વર્ષમાં પ્રથમ પૂજા આ દહેરે થતી હોવાથી આ સ્થાનનું મહત્ત્વ અનેરું છે. પ્રસ્તુત દેવાલયમાં બુલાખીદાસની ખડકીમાંથી શ્રી મહાવીર સ્વામીનું અને ચોકસીની પોળમાંની વાવમાંથી મનમોહન પાર્શ્વનાથ તેમજ શીતલનાથના દહેરા ઉપાડી એ ત્રણેનો અહીં સમાવેશ કરવામાં આવ્યો છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ચોકસીની પોળના વિસ્તારનો ઉલ્લેખ આવે છે પરંતુ મહાલક્ષ્મીની પોળના નામનો ઉલ્લેખ આવતો નથી. સંભવતઃ તે સમયે મહાલક્ષ્મીની પોળનો વિસ્તાર ચોકસીની પોળમાં ભળી ગયેલો હશે. તે સમયે ચોકસીની પોળમાં છ જિનાલયો વિદ્યમાન હતાં. અને બધાં જ જિનાલયો ધાબાબંધી હતાં. (૧) ચંદ્રપ્રભુ (૨) મહાવીર સ્વામી (૩) વિમલનાથ (૪) ચિંતામણિ પાર્શ્વનાથ (૫) શાંતિનાથ (૬) પાર્શ્વનાથ.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં ચૈત્યપરિપાટીની શરૂઆત ચોકસીની પોળનાં જિનાલયોથી થાય છે. તે સમયે ચોકસીની પોળમાં (૧) વિમલનાથ (૨) ચિંતામણિ પાર્શ્વનાથ (૩) મનમોહન પાર્શ્વનાથ (૪) શ્રેયાંસનાથ (૫) મહાવીર સ્વામી (૬) શાંતિનાથ એમ કુલ છ જિનાલયો વિદ્યમાન હતાં.

ચંદ્રપ્રભસ્વામીના જિનાલયનો ઉલ્લેખ સં૰ ૧૬૭૩માં તથા સં૰ ૧૭૦૧માં મહાલક્ષ્મીની પોળમાં થયેલો છે. જ્યારે સં૰ ૧૯૦૦માં સં૰ ૧૯૪૭માં તથા સં૰ ૧૯૬૩માં આ જિનાલયનો ઉલ્લેખ ચોકસીની પોળમાં થયેલો છે. સં૰ ૧૯૪૭માં ચંદ્રપ્રભસ્વામીનાં બે જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે. જે પૈકી ચંદ્રપ્રભુ સ્વામીનું એક જિનાલય સુવિધિનાથ અને શ્રેયાંસનાથનાં દેહરાં સાથે જોડાયેલું છે એટલે કે આ ત્રણેય જિનાલય ભેગાં છે તેવો ઉલ્લેખ થયેલો છે. ત્યાર બાદ સં૰ ૧૯૬૩માં ચંદ્રપ્રભુનું એક જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ મળે છે. અને સં૰ ૧૯૮૪માં ચોકસીની પોળમાં શ્રેયાંસનાથનું જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ મળે છે. શક્ય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે કે સં૰ ૧૯૪૭માં સુવિધિનાથ-શ્રેયાંસનાથ-ચંદ્રપ્રભુસ્વામી એ ત્રણેયના નામ સાથે ઓળખાતું સંયુક્ત જિનાલય સં૰ ૧૯૬૩માં માત્ર ચંદ્રપ્રભુના નામથી પ્રચલિત હોય અને ત્યારબાદ સં૰ ૧૯૮૪માં તે જ જિનાલય શ્રેયાંસનાથના નામથી પ્રચલિત બન્યું હોય. જ્યારે સં૰ ૧૬૭૩માં અને સં૰ ૧૭૦૧માં ઉલ્લેખ પામેલું ચંદ્રપ્રભુસ્વામીનું જિનાલય જીર્ણ થઈ જવાથી અથવા અન્ય કોઈ કારણસર જીરાળાપાડામાં આવેલા ચિંતામણિ પાર્શ્વનાથ ૧૯ જિનાલયમાં સમાવિષ્ટ કરી દેવામાં આવ્યું હોય !

બાકીનાં પાંચેય જિનાલયો સં૰ ૧૯૬૩માં અને સં૰ ૧૯૮૪માં વિદ્યમાન હતાં.

ખંભાતનો ઇતિહાસ અને ચૈત્યપરિપાટીમાં (સં૰ ૧૯૮૪) પૃ૰ ૩૬ પર ચોકસીની પોળ વિશે નીચે મુજબ નોંધ આવે છે :

''આખી પોળમાં શ્રાવકોની જ વસ્તી છે. પૂર્વે આ પોળનું મહત્ત્વ વિશેષ હતું. સોના-રૂપાના વેપારીઓ અને ચોકસીઓ મોટે ભાગે વસતા હોવાથી ચોકસીની પોળ તરીકેનું ગુણનિષ્પન્ન નામ પડ્યું હતું. ભાયજીશા, પાંચાશા, ખુબચંદ અનુપચંદ જેવા આગેવાનો આ લત્તામાં જ થયેલાં.''

વળી સં૰ ૧૯૮૪માં મહાલક્ષ્મીની પોળનો ઉલ્લેખ ચોકસીની પોળ અંતર્ગત જ દર્શાવવામાં આવેલો છે અને તે સમયે મહાવીરસ્વામીના જિનાલયનો ઉલ્લેખ મહાલક્ષ્મી માતાની પોળમાં દર્શાવવામાં આવ્યો છે, જે પૃ૰ ૩૬ ઉપર નીચે મુજબ થયેલો છે :

''પોળ બહાર નીકળી જમણા હાથે વીજળીના થાંભલા સામે આવેલી મહાલક્ષ્મી માતાની પોળમાં જવું. સામે જ શ્રી મહાવીર સ્વામી પ્રભુનું દહેરું છે નજરે પડે છે.''

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં ચોકસીની પોળના વિસ્તારનો ઉલ્લેખ થયેલો છે. પરંતુ મહાલક્ષ્મીની પોળનો અલગ વિસ્તાર તરીકે ઉલ્લેખ થયેલો નથી. તે સમયે મહાવીર સ્વામીના જિનાલયનો ઉલ્લેખ ચોકસીની પોળની અંતર્ગત જ થયેલો છે. ત્યારે ચોકસીની પોળમાં (૧). શાંતિનાથ (૨) ચિંતામણિ પાર્શ્વનાથ (૩) મનમોહન પાર્શ્વનાથ (૪) શ્રેયાંસનાથ (૫) મહાવીર સ્વામી (૬) વિમલનાથ - એમ કુલ છ જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે.

એટલે કે સં૰ ૧૯૮૪માં ચોકસીની પોળમાં જે જિનાલયો વિદ્યમાન હતાં તે જ જિનાલયો સં૰ ૨૦૧૦માં વિદ્યમાન હતાં. જિનાલયોની સંખ્યામાં કોઈ ફેર થયો નથી.

ચોકસીની પોળમાં, સં૰ ૨૦૧૦માં વિદ્યમાન જિનાલયોની સંખ્યા તથા નામ આજે સં૰ ૨૦૫૫માં પણ યથાવત્ રહ્યાં છે. આજે મહાવીર સ્વામીના જિનાલયનો ઉલ્લેખ મહાલક્ષ્મીની પોળ - ચોકસીની પોળ એમ સંયુક્ત નામે થાય છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચોકસીની પોળ

શાંતિનાથ (સં૰ ૧૭૦૧ પહેલાં)

ટેકરી પાસેના રસ્તેથી ચોકસીની પોળમાં પ્રવેશતાં પ્રથમ શ્રી શાંતિનાથજીનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે. આ જિનાલયની અડોઅડ શ્રી શ્રેયાંસનાથનું જિનાલય આવેલું છે.

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં શાંતિનાથનાં બે જિનાલયો આ વિસ્તારમાં વિદ્યમાન હોવાનો ઉલ્લેખ મળે છે, જે નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

લાંબી ઓટિ સુગસાગર પોલિ શાંતિ પ્રાસાદિ ત્રીસજી.....

.....

.....

શાંતિનાથ તિહાં એકત્રીસ લહીઈ સોમચિંતામણિ પંચાસજી ૧૦.

આજે વિદ્યમાન શાંતિનાથજીનું જિનાલય એ બે જિનાલયો પૈકીમાંનું એક હોવાનું સ્પષ્ટપણે માની શકાય તેમ છે.

ત્યારબાદ શ્રી શાંતિનાથજીના આ જિનાલયનો ઉલ્લેખ સં૰ ૧૯૦૦માં પ્રાપ્ત થાય છે.તે સમયે ચોકસીની પોળમાં વિદ્યમાન છ જિનાલયો પૈકી ક્રમાંક ૧૩મા 'શ્રી શાંતિનાથ મેડી ઉપર' એ મુજબ આ જિનાલયનો ઉલ્લેખ થયેલો છે. આ જિનાલય મેડી ઉપર ઉપર હોવા છતાંય આ જિનાલયનો ઉલ્લેખ સં૰ ૧૯૦૦માં દર્શાવવામાં આવેલા ઘરદેરાસરોની યાદીમાં થયો નથી.

સં૰ ૧૯૪૭માં પ્રગટ થયેલ **જયતિ હુઅણસ્તોત્ર ગ્રંથ**ની પ્રસ્તાવનામાં ચોકસીની પોળ વિસ્તારમાં શાંતિનાથનું એક જ જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે જે ક્રમાંક ૬૩ માં થયેલો છે.

ચોકસીની પોળમાં

૫૧. જગવલ્લભ પારસનાથનું

.....

૬૩. શાંતિનાથજીનું.

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં ચોકસીની પોળમાં આવેલાં આ જિનાલયને ધાબાબંધી જિનાલય તરીકે દર્શાવવામાં આવ્યું છે. તે સમયે આ જિનાલયમાં પાષાણની નવ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી અને જિનાલયના મકાનની સ્થિતિ જીર્ણ દર્શાવવામાં આવી હતી.

સં૰ ૧૯૮૪માં **ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટી**માં આ જિનાલયમાં પાષાણની ચાર પ્રતિમાજીઓ વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે. ઉપરાંત તે સમયે આ જિનાલય પથ્થરનું અને નાનકડું હતું અને જીર્ણોદ્ધાર સં૰ ૧૯૮૧ની સાલમાં થયો હોવાનો પણ ઉલ્લેખ છે. ત્યારે આ જિનાલયનો વહીવટ શા૰ પોચાભાઈ છગનલાલ હસ્તક હતો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘુમ્મટબંધી જિનાલય તરીકે થયેલો છે. તે સમયે જિનાલયમાં પાષાણની ચાર પ્રતિમાજીઓ વિદ્યમાન હતી અને જિનાલયનો વહીવટ શેઠ પોચાભાઈ છગનલાલ હસ્તક જ હતો અને જિનાલયના મકાનની સ્થિતિ સારી હતી. આજે આ જિનાલયનો વહીવટ કેસરીચંદ મોતીલાલ ચોકસી તથા રમણલાલ કેશવલાલ કાપડિયા હસ્તક છે.

આ જિનાલયના રંગમંડપમાં પ્રવેશવા માટે એક દ્વાર છે. ઊંચો ઓટલો ચઢી રંગમંડપમાં પ્રવેશી શકાય છે. રંગમંડપ નાનો છે અને તેમાં ચિત્રકામ થયેલું છે. વળી, તેના થાંભલાઓ ઉપર સુંદર શિલ્પાકૃતિઓ છે. જિનાલય પથ્થરનું બનેલું છે. ફરસ આરસની છે અને ભીંતોમાં લાદી જડેલી છે.

ગભારો તદ્દન નાનો છે. ગભારામાં મૂળનાયકની પાછળની દીવાલે ચંડકૌશિક નાગ અને મહાવીરસ્વામીના, શ્રીપાલરાજા તથા મયણાસુંદરીના તથા પ્રભુનાં પગમાં ખીર રંધાય છે તે પ્રસંગોના સુંદર ચિત્રકામ છે. ગભારામાં પાષાણની કુલ પાંચ પ્રતિમાજીઓ વિદ્યમાન છે. પરંપરાગત માન્યતા પ્રમાણે મૂળનાયક શ્રી શાંતિનાથની પ્રતિમાજી સંપ્રતિ મહારાજના સમયની છે. જો કે પ્રતિમા પર કોઈ લેખ નથી.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૭૦૧ પહેલાના** સમયનું છે.

• • •

ચોકસીની પોળ

શ્રેયાંસનાથ (સં૰ ૧૯૦૦ પહેલાં)

ચોકસીની પોળમાં શ્રી શાંતિનાથના જિનાલયની અડોઅડ જ શ્રી શ્રેયાંસનાથનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે.

મૂળનાયક શ્રી શ્રેયાંસનાથની પ્રતિમા પર લેખ છે. તેમાં કેટલાક શબ્દો ઘસાઈ ગયા હોવાથી સ્પષ્ટ વાંચી શકાતા નથી. ''.....મહા વદ બીજ.....વિજયસેનસૂરિ પટ્ટાલંકાર વિજયતિલકસૂરિ....''—એ મુજબનું લખાણ છે. સંવત અંગેનું લખાણ વંચાતું નથી.

વિજયતિલકસૂરિને ખંભાતમાં સં૰ ૧૬૭૩માં ગચ્છનાયક પદ આપવામાં આવ્યું હતું. એ પરથી અનુમાન કરી શકાય કે પ્રસ્તુત મૂર્તિલેખનો સંવત ૧૬૭૫ની આસપાસનો હોવાનો સંભવ છે.

સં૰ ૧૬૭૩માં, સં૰ ૧૭૦૧માં, સં૰ ૧૮૧૭માં કે સં૰ ૧૯૦૦માં ચોકસીની પોળ વિસ્તારમાં શ્રેયાંસનાથનું જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી પરંતુ સં૰ ૧૯૦૦માં મણિયારવાડા વિસ્તારમાં શ્રેયાંસનાથનું એક જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે, જે નીચે મુજબ છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અથ મણિયારવાડામાં દેહરાં ૩-

૮૧. શ્રી ચંદ્રપ્રભુનું દેહરું દક્ષણ સન્મુષ

૮૨. શ્રી સુવધીનાથ

૮૩. શ્રી શ્રેયાંસનાથનું દેહરું. દક્ષણ સન્મુષ

સં૰ ૧૯૦૦માં દર્શાવેલા મણિયારવાડાનો વિસ્તાર ચોકસીની પોળના વિસ્તારની અંતર્ગત હોવાનો સંભવ છે. વળી, ત્યારે મણિયારવાડામાં શ્રેયાંસનાથના જિનાલય ઉપરાંત ચંદ્રપ્રભ સ્વામીનું જિનાલય તથા સુવિધિનાથનું જિનાલય એમ બે જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ પણ છે. સં૰ ૧૯૪૭માં જયતિહુઅણસ્તોત્ર ગ્રંથની પ્રસ્તાવનામાં ચોકસીની પોળ વિસ્તારમાં ઉપર્યુક્ત ત્રણ જિનાલયો ભેગાં હોવાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

સં૰ ૧૯૪૭માં જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથની પ્રસ્તાવનામાં શ્રેયાંસનાથનું જિનાલય ચોકસીની પોળમાં વિદ્યમાન હોવાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે જે નીચે મુજબ છે :

ચોકસીની પોળમાં

૫૧. જગવલ્લભ પારસનાથનું.

.....

૫૩. શ્રેયાંસનાથનું.

૫૪. સુવધીનાથનું.

૫૫. ચંદ્રપ્રભુજીનું (નંબર ૫૩-૫૪-૫૫ વાળાં દેહરાં ભેગાં છે.)

૫૬. મનમોહન પારસનાથનું.

૫૭. ચીંતામણ પારસનાથનું.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ચોકસીની પોળ વિસ્તારમાં ચંદ્રપ્રભ સ્વામીના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે. તેમાં ચંદ્રપ્રભ સ્વામીનું જિનાલય ધાબાબંધી દર્શાવવામાં આવ્યું છે. અહીં આરસની કુલ એકવીસ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી અને જિનાલયના મકાનની સ્થિતિ સારી દર્શાવવામાં આવી હતી.

ત્યારબાદ ફરી એક વાર **સં૰ ૧૯૮૪**માં **ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટી**માં ચોકસીની પોળમાં પરબડી નજીક શ્રેયાંસનાથનું જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. તેનો વહીવટ ચોકસીની પોળમાં રહેતા શા૰ જીવાભાઈ મગનલાલ કરતા હતા. જિનાલયમાં તે સમયે પાષાણની સત્તર પ્રતિમાજીઓ વિદ્યમાન હોવાનો ઉલ્લેખ થયેલો છે.

સં૰ ૧૯૦૦માં ચોકસીની પોળમાં ચંદ્રપ્રભુસ્વામીનું એક જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે. તે જ સમયે મણિયારવાડામાં ચંદ્રપ્રભુ-સુવિધિનાથ-શ્રેયાંસનાથ-એમ કુલ ત્રણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયો વિદ્યમાન હતાં. સં૰ ૧૯૪૭માં ચોકસીની પોળમાં ચંદ્રપ્રભુ સ્વામીનાં બે જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે, જે પૈકી ચંદ્રપ્રભુ સ્વામીનું એક જિનાલય સુવિધિનાથ અને શ્રેયાંસનાથના દેહરાં સાથે જોડાયેલું છે. એટલે કે આ ત્રણેય જિનાલયો ભેગાં છે તેવો ઉલ્લેખ થયેલો છે. સંભવ છે કે સં૰ ૧૯૪૭માં ઉપર્યુક્ત ત્રણ જિનાલયો ચોકસીની પોળમાં વિદ્યમાન છે તે સં૰ ૧૯૦૦માં મણિયારવાડા વિસ્તારમાં વિદ્યમાન જિનાલયો જ હોય. જ્યારે સં૰ ૧૯૬૩માં ચંદ્રપ્રભુનું એક જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ મળે છે. શક્ય છે કે સં ૧૯૪૭માં સુવિધિનાથ, શ્રેયાંસનાથ, ચંદ્રપ્રભુસ્વામી એમ ત્રણેયનાં નામથી પ્રચલિત જિનાલય સં૰ ૧૯૬૩માં એક જ મૂળનાયકના નામે ચંદ્રપ્રભુના જિનાલય તરીકે પ્રચલિત હોય અને ત્યારબાદ સં. ૧૯૮૪માં તે જ જિનાલય શ્રેયાંસનાથના નામથી પ્રચલિત થયું હોય.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સંગ્રહમાં ચોકસીની પોળના શ્રેયાંસનાથના આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી જિનાલય તરીકે થયેલો છે. તે સમયે આ જિનાલયમાં પાષાણની સત્તર પ્રતિમાજીઓ વિદ્યમાન હતી. આ જિનાલયનો વહીવટ તે સમયે જીવાભાઈ મગનલાલ હસ્તક હતો. આજે આ જિનાલયનો વહીવટ નીલેશભાઈ હિંમતલાલ ચોકસી તથા શ્રી યોગેશભાઈ હિંમતલાલ ચોકસી હસ્તક છે.

પ્રસ્તુત જિનાલય બહારથી તથા અંદરથી સાદું છે. રંગમંડપ મધ્યમ કદનો છે. જિનાલય બાંધવામાં આરસ તથા પથ્થરનો ઉપયોગ થયેલો છે. અહીં એક બાજુ કેસર ઘસવાની નાની રૂમ છે. જિનાલયની પુનઃ પ્રતિષ્ઠા આ૰ શ્રી ભુવનભાનુસૂરિના હસ્તક થઈ હતી.

ગભારામાં પાષાણની ઓગણીસ પ્રતિમાજીઓ વિદ્યમાન છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૯૦૦ પહેલાના** સમયનું છે.

• • •

ચોકસીની પોળ

ચિંતામણિ પાર્શ્વનાથ (સં૰ ૧૬૬૧)

ચોકસીની પોળમાં શ્રી મનમોહન પાર્શ્વનાથના જિનાલયની જમણી બાજુ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે.

સં૰ ૧૬૭૩માં કવિશ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

આહે **ચોકસી કેરીઅ પોલિ**માં, યન ભુવન સુ ચ્યાર ।
આહે શ્રી **ચ્યંતામણ્ય દેહરઈ**, સોલ બ્યંબ સુ સાર ॥ ૨૬

મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમા પરના લેખમાં અલાઈ સંવત ૪૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૬૬૧ વર્ષે વૈશાખ સુદ સાતમ સોમવાર અને વિજયસેનસૂરિના હાથે થયેલી પ્રતિષ્ઠા મુજબના અર્થવાળું લખાણ વંચાય છે.

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયનો ઉલ્લેખ લાંબી ઓટિ સુગ(ખ)સાગર પોલિ નામના વિસ્તારમાં નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

લાંબી ઓટિ સુગ સાગર પોલિ શાંતિ પ્રાસાદિ ત્રીસજી ।
ચિંતામણિ ત્રીસ વલી સુષસાગરિ અડસઠિ જિનવર કહીસિજી ॥ ૯

સં૰ ૧૯૦૦માં ચોકસીની પોળનાં છ જિનાલયોના ઉલ્લેખ પૈકી આ જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૧૪માં નીચે મુજબ થયેલો છે :

અથ ચોકસીની પોળનાં દેહરાં ૬ તેહની વિગત

૧૩. શ્રી શાંતિનાથ મેડી ઉપર.

૧૪. શ્રી ચંતામણિ પાર્શ્વનાથનું દેહરું.

સં૰ ૧૯૪૭માં પ્રગટ થયેલ **જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથ**ની પ્રસ્તાવનામાં ચોકસીની પોળ વિસ્તારમાં આ જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૫૭માં નીચે મુજબ થયેલો છે :

ચોકસીની પોળમાં

૫૧. જગવલ્લભ પારસનાથજીનું.

૫૬. મનમોહન પારસનાથજીનું.

૫૭. **ચીંતામણિ પારસનાથજીનું.**

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ચોકસીની પોળમાં ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયેલો છે. જિનાલયમાં તે સમયે પાષાણની કુલ પંદર પ્રતિમાજીઓ વિદ્યમાન હતી અને જિનાલયના મકાનની સ્થિતિ સારી દર્શાવવામાં આવી હતી.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં ચોકસીની પોળમાં ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયમાં પાષાણની ચૌદ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી. તે સમયે જિનાલયના જીર્ણોદ્ધારનું કામ ચાલી રહ્યું હોવાનો તથા પથ્થરના બાંધકામનો પણ ઉલ્લેખ આવે છે. જિનાલયનો વહીવટ તે સમયે માણેકલાલ મગનલાલ ગાંધી હસ્તક હતો.

સં૰ ૧૯૮૪માં આ જિનાલય ઘુમ્મટબંધી બન્યું હશે કારણ કે ત્યારબાદ **સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહ**માં આ જિનાલયનો ઉલ્લેખ ઘુમ્મટબંધ તરીકે થયેલો છે. તે સમયે જિનાલયમાં પાષાણની કુલ અગિયાર પ્રતિમાજીઓ વિદ્યમાન હતી. મૂળનાયક પર સં૰ ૧૬૬૧ના મૂર્તિલેખનો ઉલ્લેખ થયો હતો. તે સમયે જિનાલયનો વહીવટ માણેકલાલ મગનલાલ હસ્તક હતો. આજે આ જિનાલયનો વહીવટ એ જ કુટુંબ-પરંપરાના શ્રી રમણલાલ માણેકલાલ ગાંધી હસ્તક છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પથ્થરના બનેલા આ જિનાલયમાં કોતરણી જોવાલાયક છે. અહીં રંગકામ થયેલ છે.

પ્રવેશદ્વારે કમાનોવાળી ચોકી છે. દ્વારપાળ સાથેની કમાન પર સુંદર શિલ્પવાળા બે હાથીની વચ્ચે લક્ષ્મીદેવીની પથ્થરની ભવ્ય શિલ્પાકૃતિ છે. અંદરના પ્રવેશદ્વારે બારશાખ પર સરસ્વતી દેવીનું શિલ્પ છે. ધાબાની બહારની દીવાલે પ્રવેશદ્વારની ઉપર બે બાજુ લક્ષ્મીદેવી અને સરસ્વતી દેવીનાં શિલ્પો છે.

રંગમંડપમાં સુંદર કમાનો છે. તેની દીવાલો પર સુંદર ચિત્રકામ છે. તેમાં તળાજા, ભદ્રેશ્વર, કદંબગિરિ જેવાં તીર્થોનાં ચિત્રો તથા તીર્થંકરોના જીવનપ્રસંગો (મહાવીર સ્વામીના કાનમાંથી ખીલા કાઢવાનો પ્રસંગ, બાહુબલી અને બ્રાહ્મી સુંદરીનો પ્રસંગ, પ્રભુના પગ પાસે રંધાતી ખીરનો પ્રસંગ, મહાવીર સ્વામી તથા ચંડકૌશીય નાગનો પ્રસંગ, ગોવાળનો ઉપસર્ગ, પાર્શ્વનાથને થયેલો હાથીનો ઉપસર્ગ, મેઘમાળીનો ઉપસર્ગ, પાર્શ્વનાથજી એ નાગને બળતો બચાવ્યો તે પ્રસંગ) વગેરેના સુંદર ચિત્રકામથી દીવાલો શોભે છે. રંગમંડપના ઘુમ્મટમાં ગરબા રમતી સ્ત્રીઓનું ચિત્રકામ છે.

ગભારામાં મૂળનાયકશ્રીની જમણે ગભારે પાર્શ્વનાથજી તથા ડાબા ગભારે મહાવીર સ્વામીની પ્રતિમાજીઓ શોભે છે. અહીં પાષાણની અગિયાર પ્રતિમાજીઓ બિરાજમાન છે. અહીં ગભારામાં મૂળનાયકની સામેની દીવાલે એક લેખ છે. આ લેખ પરથી માલૂમ પડે છે કે જિનાલયનો જીર્ણોદ્ધાર સં૰ ૧૮૭૨માં થયેલો હતો. આ લેખ નીચે પ્રમાણે છે :

"અહં સં૰ ૧૮૭૨ વર્ષ મહામાસ શુક્લ પક્ષે એકાદશી તીર્થ શ્રીમાલ્ય આવર અલીખાનવી રાજ્યે શ્રી સ્તંભતીર્થે શ્રીમાલ્ય શ્રેષ્ઠીવર્ય અનુપચંદ્ર તત્પુત્ર ખુબચંદ તત્પુત્ર જેષ્ઠ ભ્રાતા તત્પુત્ર સકલચંદ્રેણ શ્રેષ્ઠીના શ્રી તપોગચ્છ સંઘ સાહધ્યેન શ્રી ચિંતામણિ પાર્શ્વનાથસ્ય જીર્ણ ચૈત્યસ્યો ઉદ્ધારક કારીગર પ્રતિ પ્રતિષ્ઠિત તપાગચ્છ ગગનદીનમણી સુવિહિત ચૂડામણિ પ્રભુ શ્રી ચિત્યાનંદસૂરીશ્વર શિષ્ય મહાપાધ્યાય શ્રી વિરવિજયેન આ ચંદ્રા દેવાત શુભ ભવતુંયા ॥૧॥....."

જિનાલયમાં ભોમતી છે પણ ભોમતીમાં પ્રતિમાજી નથી. ભોમતીમાં ડાબી બાજુ ઊંડું ભોંયરું છે. નીચે ઊતરી શકાય તેવા ટેકા પણ છે. આ જિનાલયની રૂબરૂ મુલાકાત લેતી વખતે અમે આ ભોંયરું ઉપરથી જોયું હતું. ગભારાની અંદર પણ ડાબી બાજુ સિંહાસનની નીચેના ભાગમાં એક આરસની લાદી ખસી શકે તેવી છે. કોઈ એક જમાનામાં તેનો ઉપયોગ 'સંચ' (તિજોરી) તરીકે થતો હોવાનો સંભવ છે.

ગભારામાં મુનિ મહારાજની આરસની ખૂબ જ નમણી અને સુંદર મૂર્તિ છે[૧] અને વળી

---

૧. આ જિનાલયની રુબરુમાં મુલાકાત વખતે અંચલગચ્છના શ્રી સર્વોદય સાગરજી સાથે મૂર્તિ વિષે વિચાર-વિમર્શ થયો અને માર્ગદર્શન પણ મેળવ્યું. મહાવીર સ્વામી ભગવાનના સમય પહેલાંનાં મુનિભગવંત વિશે એક પ્રસંગ નોંધાયેલો છે. એ મુનિ ભગવંતને વાનું દર્દ હતું જેને કારણે ચૈત્યવંદનમાં બેસી શકવાનું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એક શ્રાવકની પણ મૂર્તિ છે. મુનિ મહારાજ ચૈત્યવંદનમાં બેઠા હોય તેવા સ્વરૂપની આ મૂર્તિ છે. ઉપરાંત એમાં કમરથી પગ સુધી એક પાટો બાંધ્યો હોય તેવું જણાય છે.

આ પ્રકારના સ્વરૂપની મૂર્તિરચના જવલ્લે જ જોવા મળે છે. એટલે કે આ મૂર્તિ ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયની એક આગવી વિશેષતા છે. (જુઓ ફોટોગ્રાફ નં. ૩ અને નં. ૪)

ટૂંકમાં આ જિનાલયનો જીર્ણોદ્ધાર સં. ૧૮૭૨માં તથા સં. ૧૯૮૪માં થયો હતો. આ જિનાલય સં. ૧૬૬૧ના સમયનું છે.

• • •

ચોકસીની પોળ

મનમોહન પાર્શ્વનાથ

(સં. ૧૬૭૩ પહેલાં અથવા સં. ૧૯૪૭ પહેલાં)

ચોકસીની પોળ વિસ્તારમાં શ્રેયાંસનાથના જિનાલયની બાજુની ગલીમાં ખૂણામાં શ્રીમનમોહનપાર્શ્વનાથનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે. આ જિનાલયની જમણી બાજુ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું જિનાલય છે.

સં. ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં ચોકસીની પોળમાં મોહોર પાર્શ્વનાથ સ્વામીના એ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

આહે ચોકસી કેરીઅ પોલિમાં, યન ભુવન સુ ચ્યાર ।

.....

આહે **મોહોર પાસ સ્વામી** નમું એ, બિંબ સત્તાવીસ યાંહિ ।

જિનાલયમાં સંવત ૧૬૫૬ના વર્ષનો ઉલ્લેખ કરતો લેખ છે જે નીચે પ્રમાણે છે :

મુશ્કેલ બનતું હતું તેથી એક ગરમ ઊનનો પાટો ચૈત્યવંદન મુદ્રામાં બેસીને કમરના ભાગથી ઊભા રાખેલા પગમાં પરોવી દે અને ત્યાર પછી તેઓ બેસી શકે. ધીમે-ધીમે એ ગરમ ઊનનો પાટો તેમના જીવનનું અનિવાર્ય અંગ બની ગયું. અત્યંત જ્ઞાની એવા આ મુનિ ભગવંતને પાટા વિશે મોહ ઉપજ્યો. પાટાની જાળવણી-સાચવણીમાં જ તેમનું મન રત રહ્યું. ૫૦૦ શિષ્યોના એ ગુરુ હતાં. એમના કેટલાક જ્ઞાની શિષ્યોએ ગુરુના આ મોહને પારખ્યો અને તેને દૂર કરવા માટે પાટો સંતાડી દીધો પણ પાટાના આ મોહમાં તેઓ કાળધર્મ પામ્યા. અનાર્ય દેશમાં જન્મ્યા. ગુરુના મૃત્યુ બાદ જે કેટલાક સાધુઓ સિદ્ધિમાં આગળ વધ્યા તેઓએ ગુરુ અત્યારે ક્યાં હશે તે જોયું અને તેઓએ ગુરુને ધર્મ પમાડવાનો નિશ્ચય કર્યો. અનાર્ય દેશમાં ગોચરીનો જોગ ન મળે તેને કારણે જેઓ ત્રણથી છ મહિનાના ઉપવાસ કરી શકે તેવા સમગ્ર સાધુઓ અનાર્ય દેશમાં જાય છે. ગુરુ તે વખતે રાજાને ત્યાં આઠ વર્ષના રાજકુમાર હતા. શિષ્યો ત્યાં રહે છે અને પૂર્વભવના આ ગુરુને ઓઘો-સ્થાપનાજી વગેરે જાત જાતની વસ્તુઓ રોજ રોજ બતાવ્યા કરે છે અને એક દિવસ તેઓ સફળ થાય છે. ગુરુને અવધિજ્ઞાન થાય છે. હવે આ શિષ્યો ગુરુને અનાર્ય દેશમાંથી પોતાને ત્યાં લાવે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'સ્વસ્તિ શ્રી અલાઈ ૪૫ સં૰ ૧૬૫૬ વર્ષે વૈ૰ સુ૰ ૭ બુધ વ્ય૰ પ્રાગ્વાટ જ્ઞાતીય વુ૰ પહિરાજ સુત વુ૰ રતનપાલ ભાર્યા રતનાદે સુત વુ૰ શ્રીપાલન ભાર્યા લાલીસુત દાસ શ્રી રદાસ પ્રમુખ કુંટુંબયુતેન સ્વશ્રેય શ્રી પાર્શ્વ બિંબ કારિતં પ્રતિષ્ઠિતં વ તપાગચ્છીય શ્રી હીરવિજય(દ્વ) પટ્ટાલંકાર ભટ્ટારક શ્રી વિજયસેનસૂરીશ્વરજી''

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં ચોકસીની પોળનો વિસ્તાર લાંબીઓટિ-સુખસાગર પોલિ તરીકે પ્રચલિત હતો. તે સમયે મુહુરપાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

લાંબી ઓટિ સુગસાગર પોલિ શાંતિ પ્રાસાદિ ત્રીસજી

.....

શીતલનાથિ એકોત્યરિ કહીઇ સાત્રીસ **શ્રીમુહુરપાસજી**

.....

સં૰ ૧૯૦૦માં ચોકસીની પોળમાં છ જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે તે પૈકી ક્રમાંક ૧૭માં શ્રી મોહરીપાર્શ્વનાથનું દેહરું મુજબનો ઉલ્લેખ થયેલો છે :

૧૩. શ્રી શાંતિનાથ મેડી ઉપર

.....

૧૭ .....

શ્રી મોહરી પાર્શ્વનાથનું દેહરું

સં૰ ૧૯૪૭માં પ્રગટ થયેલ **જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથ**ની પ્રસ્તાવનામાં ચોકસીની પોળ વિસ્તારમાં ક્રમાંક ૫૬માં **મનમોહન પારસનાથજી**નું તથા ક્રમાંક ૬૦માં **મોહોર પારસનાથજી**નું- એમ બે જિનાલયોનો ઉલ્લેખ મળે છે :

ચોકસીની પોળમાં :

૫૧. જગવલ્લભ પારસનાથજીનું

.....

૫૬. મનમોહન પારસનાથજીનું

.....

૬૦. મોહર પારસનાથજીનું

.....

૬૧. શાંતિનાથજીનું

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં ચોકસીની પોળમાં પાર્શ્વનાથજીના જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી જિનાલય તરીકે થયેલો છે. તે સમયે પાષાણની સાત પ્રતિમાજીઓ વિદ્યમાન હતી અને જિનાલયના મકાનની સ્થિતિ સાધારણ હતી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં ચોકસીની પોળમાં આવેલા મનમોહન પાર્શ્વનાથના જિનાલયમાં પાષાણની પાંચ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી. તે સમયે આ જિનાલય ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયની બાજુમાં જ હોવાનો ઉલ્લેખ છે. ઉપરાંત તે જિનાલયની જાળવણી સાચવણી ખૂબ જ સરસ હતી અને સ્વચ્છતાનો આદર્શ પૂરો પાડતું હતું. તે સમયે તેનો વહીવટ પારેખકુટુંબી શાહ ખીમચંદ ઝવેરચંદના હસ્તક હતો.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં ચોકસીની પોળમાં આવેલા મનમોહન પાર્શ્વનાથના આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયેલો છે. તે સમયે જિનાલયના મકાનની સ્થિતિ સારી દર્શાવવામાં આવી છે. મૂળનાયકના લેખનો સંવત ૧૬૪૬ દર્શાવવામાં આવ્યો હતો. ત્યારે પાષાણની સાત પ્રતિમાજીઓ જિનાલયમાં વિદ્યમાન હતી અને વહીવટ શેઠ ખીમચંદ ઝવેરચંદ પારેખ હસ્તક હતો. હાલ જિનાલયનો વહીવટ એ જ કુટુંબ પરંપરામાં આવેલા શ્રી નિરંજનકુમાર રમણલાલ પરીખ તથા નવીનચંદ્ર રમણલાલ પરીખ કરે છે.

બહારથી જિનાલય ખૂબ સુંદર દેખાય છે. ત્રણ ઘુમ્મટવાળા આ જિનાલયના ધાબા પર શ્રી પાર્શ્વનાથનું પથ્થરનું શિલ્પ છે. પ્રવેશદ્વાર પર સુંદર કમાનો તથા પૂતળીઓના શિલ્પો શોભે છે. જિનાલયમાં ફરસ અને દીવાલ પર આરસનો ઉપયોગ થયેલો છે. રંગમંડપનાં હાંડી-ઝુમ્મર જિનાલયની સુંદરતામાં વધારો કરે છે.

રંગમંડપની દીવાલો પર સિદ્ધાચલજી, અષ્ટાપદજી તેમજ શંખેશ્વર તીર્થોનું ચિત્રકામ તથા શ્રીપાર્શ્વનાથના દસ ભવ અને પાંચ કલ્યાણકોનું ચિત્રકામ સુંદર છે. નવકાર મંત્ર પણ દીવાલ પર સુંદર રીતે લખેલો છે. ગર્ભદ્વારની બહાર પથ્થરનું એક પરીનું સુંદર શિલ્પ કોરણીવાળું છે. મુખ્ય ગર્ભદ્વાર પાસે ઈન્દ્ર-ઈન્દ્રાણી તથા આજુબાજુના ગભારા પાસે દ્વારપાળનાં શિલ્પો છે.

ગભારામાં પાષાણની કુલ સાત પ્રતિમાજીઓ વિદ્યમાન છે. તેમાંથી એક પ્રતિમાજી થોડા સમય પહેલાં ખંડિત થયેલા છે તેને ઢાંકીને રાખવામાં આવ્યા છે. મૂળનાયકના ડાબા ગભારે આદિનાથ તથા જમણા ગભારે ગોડીપાર્શ્વનાથ બિરાજે છે. મૂળનાયકની ડાબી બાજુમાં પાર્શ્વનાથની પ્રતિમા પરના મૂર્તિલેખમાં 'અમીચંદની ભાર્યા ગોરદે.....બાદશાહ અકબર' એવો ઉલ્લેખ છે. તેથી એ પ્રતિમા વિજયહીરસૂરિ- વિજયસેનસૂરિના સમયની હોવાનો સંભવ છે.

સં૰ ૧૯૮૪ પછી આ જિનાલયનો જીર્ણોદ્ધાર થયો હોવાનો સંભવ છે. સ્થાનિક માહિતી પ્રમાણે આ જિનાલયોનો જીર્ણોદ્ધાર સં૰ ૨૦૧૫માં થયેલો છે. જીર્ણોદ્ધાર થયા પહેલાં આ જિનાલય નાનું લાકડાનું હતું.

સં૰ ૧૬૭૩માં મોહોર પાર્શ્વનાથ, સં૰ ૧૭૦૧માં 'મુહુર પાર્શ્વનાથ', સં૰ ૧૯૦૦માં 'મોહોરી પાર્શ્વનાથ' અને સં૰ ૧૯૪૭માં 'મોહોર પારસનાથ'- એ મુજબ ઉલ્લેખ થયેલો છે. સં૰ ૧૯૪૭માં આ જિનાલયની સાથે સૌ પ્રથમ વાર મનમોહન પાર્શ્વનાથજીનો ઉલ્લેખ થયેલો છે. એટલે કે સં૰ ૧૯૪૭માં આ વિસ્તારમાં મોહોર પાર્શ્વનાથ તથા મનમોહન પાર્શ્વનાથ એમ બે જિનાલયો વિદ્યમાન હતાં.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૯૬૩માં આ વિસ્તારમાં પાર્શ્વનાથ ભગવાનના એક જ જિનાલયનો ઉલ્લેખ મળે છે. એટલે કે સં૰ ૧૯૪૭ થી સં૰ ૧૯૬૩ના સમય ગાળા દરમ્યાન પાર્શ્વનાથના બે જિનાલયો પૈકીમાંનાં એક જિનાલયના મૂળનાયક આ જ વિસ્તારમાં આવેલા મહાવીર સ્વામીના જિનાલયમાં પધરાવવામાં આવ્યા છે. આ બાબતનો ઉલ્લેખ સં૰ ૧૯૮૪માં 'ખંભાતનો ઇતિહાસ અને ચૈત્ય પરિપાટી'માં મહાવીર સ્વામીના જિનાલયની નોંધમાં નીચે મુજબ મળે છે :

'કાર્તિકી પૂર્ણિમાએ બંધાતો શ્રી શત્રુંજયનો પટ અહીં જ રહે છે. તેમજ નવિન વર્ષમાં પ્રથમ પૂજા આ દેહરે થતી હોવાથી આ સ્થાનનું મહત્ત્વ અનેરું છે. પ્રસ્તુત દેવાલયમાં બુલાખીદાસની ખડકીમાંથી શ્રી મહાવીરસ્વામીનું અને ચોકસીની પોળમાંની 'વાવ' માંથી મનમોહન પાર્શ્વનાથ તેમજ શીતલનાથના દહેરા ઉપાડી એ ત્રણેનો અહીં સમાવેશ કરવામાં આવ્યો છે.'

આજે વિદ્યમાન મનમોહન પાર્શ્વનાથના પ્રતિમાલેખ પર સં૰ ૧૬૫૬નો ઉલ્લેખ આવે છે. જ્યારે મહાવીર સ્વામીના જિનાલયમાં પધરાવેલ પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા પર લેખ પ્રાપ્ત થતો નથી એટલે કે આ જિનાલયનો સમય નક્કી કરવા માટે બે શક્યતાઓ વિચારી શકાય :

૧. સં૰ ૧૬૭૩થી ઉલ્લેખ મળતાં મોહોર પાર્શ્વનાથનું જિનાલય એ જ આ મનમોહન પાર્શ્વનાથનું જિનાલય હોઈ શકે.

અથવા

૨. સં૰ ૧૬૭૩થી સં૰ ૧૯૪૭ સુધી જે મોહોર પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે તે પધરાવી દેવામાં આવ્યું હોય અને સં૰ ૧૯૪૭માં સૌ પ્રથમવાર મનમોહન પાર્શ્વનાથનો ઉલ્લેખ જે જિનાલય માટે મળે છે તે જ આ જિનાલય હોવાનો સંભવ છે.

તે સંજોગોમાં એવો તર્ક થઈ શકે કે સં. ૧૯૪૭માં સૌ પ્રથમ વાર ઉલ્લેખ થયેલ મનમોહન પાર્શ્વનાથના જિનાલયમાં પાર્શ્વનાથ ભગવાનની પ્રાચીન પ્રતિમા પધરાવવામાં આવી હોય કે જેના પર સં૰ ૧૬૫૬નો ઉલ્લેખ છે.

ટૂંકમાં આ જિનાલય કાં તો **સં૰ ૧૬૭૩ પહેલાનું** છે અથવા **સં૰ ૧૯૪૭** પહેલાનું છે. આ અંગે ચોક્કસ નિર્ણય કરવા માટે વધુ સંશોધનની જરૂર છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચોકસીની પોળ

વિમલનાથ (સં૰ ૧૬૫૬ આસપાસ)

ચોકસીની પોળ વિસ્તારમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયની જમણી બાજુની ગલીમાં સીધા જઈ ડાબી બાજુ વળતાં જમણા હાથે શ્રી વિમલનાથનું સામરણયુક્ત જિનાલય આવેલું છે.

સં૰ ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં ચોકસીની પોળમાં વિમલનાથના ચોમુખજીનું જિનાલય હોવાનો ઉલ્લેખ થયેલો છે જે નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

આહે **ચોકસી કેરીઅ પોલિમાં, યન ભુવન સુ ચ્યાર** ।

.....

આહે **ચોમુખ વ્યમલ** જોહારીઇ, ઉગણીસ બ્યંબ છઈ ત્યાંહિ ॥ ૨૮

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં ચોકસીની પોળનો વિસ્તાર લાંબી ઓટિ સુગ(ખ)સાગરિ પોલ નામથી પ્રચલિત હતો પરંતુ તે સમયે વિમલનાથના જિનાલયનો ઉલ્લેખ થયેલો નથી.

સં૰ ૧૯૦૦માં ચોકસીની પોળમાં છ જિનાલયો વિદ્યમાન હતાં જે પૈકી ક્રમાંક ૧૬માં '**શ્રી વિમલનાથનો ચોમુખ**'નો ઉલ્લેખ છે.

સં૰ ૧૯૪૭માં જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથની પ્રસ્તાવનામાં ચોકસીની પોળમાં દર્શાવવામાં આવેલાં ૧૩ જિનાલયો પૈકી વિમલનાથજીનું જિનાલય તથા ચૌમુખજીનું જિનાલય- એમ બે જિનાલયોનો ઉલ્લેખ ક્રમાંક ૬૧ તથા ક્રમાંક ૬૨માં નીચે મુજબ થયેલ છે :

ચોકસીની પોળમાં

૫૧. જગવલ્લભ પારસનાથજીનું.

.....

૬૦. મોહોર પારસનાથજીનું.

૬૧. ચોમુખજીનું.

૬૨. વીમળનાથજીનું.

૬૩. શાંતીનાથજીનું.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેકટરીમાં ચોકસીની પોળમાં આવેલા વિમલનાથના જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી જિનાલય તરીકે થયેલો છે. તે સમયે જિનાલયમાં પાષાણની છવ્વીસ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી અને જિનાલયના મકાનની સ્થિતિ સાધારણ હતી.

સં૰ ૧૯૮૪માં **ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટી**માં ચોકસીની પોળમાં આવેલા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિમલનાથજીના જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી જિનાલય તરીકે થયેલો છે. તે સમયે જિનાલયમાં દસ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી. પૃ૦ ૩૬ ઉપર આ જિનાલય વિશે નીચે મુજબ નોંધ થયેલી છે :

"પ્રથમ વિમલનાથનું દેરાસર જુહારી ચોકસીની પોળમાં આગળ વધવું. આ દેહરું શિખરબંધ છે. પહેલાં તેમાં ચોમુખજી હતા પાણીછેલ્લો પાયો પૂરી પુનઃ નવીન દેવાલય તૈયાર કરાવ્યું. તે વેળાએ તેમાં ફેરફાર થયો અને અત્યારની વ્યવસ્થા નિર્માઈ. પૂર્ણ રીતે કામ થયું નથી. ઘણી પ્રતિમાજીઓ સંપ્રતિ રાજાના સમયની છે. કેટલીક બહારગામ અપાઈ પણ છે. તે સમયે જિનાલયનો વહીવટ શા સકરચંદ ભૂરાભાઈ ચોકસી હસ્તક હતો."

સં૦ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં ચોકસીની પોળમાં આવેલા વિમલનાથજીના જિનાલયને સામરણયુક્ત દર્શાવવામાં આવ્યું છે અને તે સમયે વહીવટ સકરચંદ ભૂરાભાઈ ચોકસી હસ્તક હતો. આજે આ જિનાલયનો વહીવટ તે જ કુટુંબપરંપરાના શ્રી દેવેન્દ્રભાઈ નટવરલાલ ચોકસી હસ્તક છે.

મૂળનાયક શ્રી વિમલનાથજીની પ્રતિમા પર સંવત અલાઈ ૪૨ સં૦ ૧૬૫૬ માઘવદિ ૯..... શ્રેષ્ઠી ધનાના ઉલ્લેખવાળો મૂર્તિલેખ છે. મૂળનાયકની ડાબી બાજુ ચંદ્રપ્રભસ્વામી તથા જમણી બાજુ પાર્શ્વનાથજી બિરાજમાન છે. આ બંને પ્રતિમાજી પર પણ સં૦ ૧૬૫૬ અલાઈ સં૦ ૪૨નો મૂર્તિલેખ છે. ટ્રસ્ટી શ્રી પાસેથી મળેલી માહિતી અનુસાર ચૌમુખમાંના એક પ્રતિમાજી વત્રાના જિનાલયમાં મૂળનાયક તરીકે પધરાવવામાં આવ્યા છે. આજે ગભારામાં મૂળનાયક શ્રી વિમલનાથજીની પ્રતિમા પર સં૦ ૧૬૫૬નો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. ઉપરાંત અન્ય બે પ્રતિમાજીઓ પાર્શ્વનાથ અને ચંદ્રપ્રભુજી પર પણ સં૦ ૧૬૫૬નો ઉલ્લેખ છે એટલે કે સંભવતઃ કહી શકાય કે ચૌમુખજીના ત્રણ પ્રતિમાજીઓ આજે પણ આ જિનાલયમાં વિદ્યમાન છે.

પ્રવેશદ્વારમાં કમાનોવાળો ઝાંપો છે. બહારના ભાગના થાંભલાઓ પર સુંદર રંગકામ કરેલ છે તથા પૂતળીઓના શિલ્પો પણ છે. બહારથી જિનાલય ખૂબ જ સુંદર દેખાય છે. ટ્રસ્ટીશ્રીના જણાવ્યા અનુસાર આશરે ૭૫ વર્ષ પહેલાં તેનો જિણોદ્ધાર થયેલ છે.

રંગમંડપમાં ભીંત ઉપર ચિત્રિત કરેલા વિવિધ પટ છે. જેમકે શત્રુંજય, આબુ, તળાજા, પાવાપુરી, નંદીશ્વર દ્વીપ, સમેતશિખર, ગીરનાર, શંખેશ્વર, અષ્ટાપદ, કદમ્બગીરી, ૧૭૦ તીર્થંકર તથા ભગવાનના પંચકલ્યાણના પ્રસંગો. અહીં રંગમંડપમાં રંગકામ થયેલ છે.

ગભારામાં પાષણની દસ પ્રતિમાજીઓ છે. મૂળનાયકની પાછળની દીવાલ પર કાચકામ થયેલું છે. અહીં જમણે ગભારે શ્રી મુનિસુવ્રતસ્વામી તથા ડાબે ગભારે શ્રી શાંતિનાથ બિરાજમાન છે. મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા પર સં૦ ૧૬૬૨નો મૂર્તિલેખ છે.

સં૦ ૧૬૭૩માં આ જિનાલયનો ઉલ્લેખ **ચૌમુખજી** તરીકે થયેલો છે. સં૦ ૧૯૦૦માં પણ ચોમુખજી વિમલનાથનો ઉલ્લેખ છે. જ્યારે સં ૧૯૪૭માં વિમલનાથનું જિનાલય અને ચોમુખજીનું જિનાલય-એમ બે અલગ જિનાલયોનો ઉલ્લેખ થયો છે. ત્યાર બાદ સં૦ ૧૯૬૩માં આ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયનો ઉલ્લેખ વિમલનાથજી જિનાલય તરીકે થયેલો છે. તે સમયે ચૌમુખજી હોય તો પણ ચૌમુખજી છે તેવી- વિશેષ નોંધ આપી નથી. સં૰ ૧૯૬૩માં આ જિનાલયમાં પાષાણની છવ્વીસ પ્રતિમાજીઓ બિરાજમાન હતી. સં૰ ૧૯૮૪માં પાષાણની દસ પ્રતિમાજીઓનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. એટલે કે આ સમય દરમ્યાન આ જિનાલયનો જીર્ણોદ્ધાર થયો હોવાનો સંભવ છે અને અગાઉ જણાવ્યું તેમ સં૰ ૧૯૮૪માં પહેલાં પાણીછલ્લો પાયો પૂરી પુનઃ નવીન દેવાલય તૈયાર કરાવ્યું તે વેળાએ ચોમુખજીમાં પણ ફેરફાર થયો છે. સં૰ ૧૯૯૬ માં ખંભાતનો પ્રાચીન જૈન ઇતિહાસમાં પૃ૰ ૨૧ ઉપર નીચે મુજબની નોંધ આ જિનાલય માટે પ્રાપ્ત થાય છે :

''આ દેહરું લાંબી ઓટીથી સહેજ આગળ જતાં રસ્તા ઉપર આવેલું છે. તે શિખરબંધી છે. પહેલાં તેમાં ચોમુખજી હતા પણ હાલ તેમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અહીં કેટલીક પ્રતિમાઓ ઘણી જ પ્રાચીન છે.''

સં૰ ૧૯૮૪માં તથા સં૰ ૧૯૯૬માં આ જિનાલય શિખરબંધી હોવાનો નિર્દેશ મળે છે. જ્યારે સં૰ ૨૦૧૦માં આ જિનાલય સામરણયુક્ત હોવાનો નિર્દેશ મળે છે. સં૰ ૧૯૬૩થી સં૰ ૧૯૮૪ દરમ્યાન આ જિનાલયનો જીર્ણોદ્ધાર થયેલો જ છે અને જિનાલય ધાબાબંધી હતું તે શિખરબંધી થયેલું છે. એટલે કે તે સમયે જ આ જિનાલય સામરણયુક્ત હશે પરંતુ સંજોગોવશાત્ તેને શિખરબંધી દર્શાવવામાં આવ્યું હોવાનો સંભવ છે. જો કે આ અંગે વધુ સંશોધન કરવાની જરૂર છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૬૫૬ આસપાસના** સમયનું છે.

• • •

ચોકસીની પોળ - મહાલક્ષ્મીમાતાની પોળ

મહાવીર સ્વામી (સં૰ ૧૯૦૦ પહેલાં)

ચોકસીની પોળમાં મહાલક્ષ્મી માતાના મંદિરની બાજુમાં શ્રી મહાવીર સ્વામી- ગૌતમ સ્વામીનું આરસનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે.

સં૰ ૧૯૦૦માં 'ખંભાતનાં જિનાલયોની સૂચિ'માં આ જિનાલયનો સૌ પ્રથમ વાર ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. તે સમયે મહાવીર સ્વામીનું જિનાલય મહાલક્ષ્મીની પોળમાં દર્શાવવામાં આવ્યું છે જેનો ઉલ્લેખ નીચે મુજબના ક્રમાંકમાં થયેલો છે :

અથ માહાલક્ષ્મીની પોલ દેહરાં ૩ વિગત

૨૦. શ્રી સુખસાગર પાર્શ્વનાથનું દેહરું.

૨૧. શ્રી **મહાવીર સ્વામી-ગૌતમ સ્વામીનું** દેહરું.

૨૨. શ્રી જગવલ્લભ પાર્શ્વનાથનું દેહરું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપર્યુક્ત ત્રણ જિનાલયો પૈકી સુખસાગર પાર્શ્વનાથનું જિનાલય સં૰ ૧૬૭૩માં કવિશ્રી ઋષભદાસ રચિત ત્રંબાવતી તીર્થમાલામાં ચોકસીની પોળમાં દર્શાવવામાં આવ્યું છે. એટલેકે તે સમય દરમ્યાન ચોકસીની પોળનો વિસ્તાર અને મહાલક્ષ્મીની પોળનો વિસ્તાર ક્યાંક ક્યાંક એકબીજામાં ભળી ગયેલો છે. આજે આ સુખસાગર પાર્શ્વનાથનું દેહરું ખારવાડા વિસ્તારમાં આવેલું છે. જગવલ્લભ પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ સં૰ ૧૯૮૪માં 'ખંભાતનો ઇતિહાસ અને ચૈત્યપરિપાટીમાં' ખંડેર તરીકે થયેલો છે. તે સમયે મહાવીરસ્વામીના જિનાલયની નજીકમાં જગવલ્લભ પાર્શ્વનાથના પ્રાચીન દેહરાની જગ્યા છે- તેવી નોંધ પૃ૰ ૩૭ ઉપર કરવામાં આવેલી છે. આજે આ જગવલ્લભ પાર્શ્વનાથની પ્રતિમા જીરાળાપાડામાં આવેલા ઓગણીસ જિનાલયમાં ત્રીજો માળે આવેલી દેવકુલિકામાં મૂળનાયક તરીકે બિરાજમાન છે તેવી માહિતી સ્થાનિક રહીશે આપી છે. વળી, જીરાળાપાડાના જગવલ્લભ પાર્શ્વનાથનો મૂર્તિલેખ સં૰ ૧૬૬૧નો છે અને સં૰ ૧૬૭૩ની ત્રંબાવતી તીર્થમાલામાં તેનો ઉલ્લેખ પણ છે.

સં૰ ૧૯૪૭માં પ્રગટ થયેલ **જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથ**ની પ્રસ્તાવનામાં ચોકસીની પોળમાં કુલ તેર જિનાલયો વિદ્યમાન હતાં તે પૈકી મહાવીર સ્વામી- ગૌતમસ્વામીના આ જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક બાવનમાં થયેલો છે જે નીચે મુજબ છે :

ચોકસીની પોળમાં

૫૧. જગવલ્લભ પારસનાથજીનું.

૫૨. ગૌતમ સ્વામીનું (આ દેહેરામાં મૂળનાયકની પ્રતિમા મહાવીર સ્વામીની છે પણ તેમાં ગૌતમસ્વામીની પ્રતિમા છે તેથી દેહેરુ ગૌતમસ્વામીનું કહેવાય છે.)

.....

૬૩. શાંતીનાથજીનું.

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં ચોકસીની પોળમાં મહાવીર સ્વામીના જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી જિનાલય તરીકે થયેલો છે. તે સમયે જિનાલયના મકાનની સ્થિતિ સારી હતી અને જિનાલયમાં પાષાણની કુલ પંદર પ્રતિમાજીઓ વિદ્યમાન હતી.

સં૰ ૧૯૮૪માં **ખંભાતનો ઇતિહાસ અને ચૈત્યપરિપાટી**માં ચોકસીની પોળ-મહાલક્ષ્મીની પોળમાં મહાવીર સ્વામીના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે અને તે સમયે પાષાણની અગિયાર પ્રતિમાજીઓનો નિર્દેશ થયેલો છે. ઉપરાંત ગૌતમસ્વામીની પ્રતિમાજીનો પણ ઉલ્લેખ થયેલો છે. તેનો ઉલ્લેખ સં૰ ૧૯૦૦માં પણ થયેલો હતો. ઉપરાંત આ જિનાલયના સંદર્ભમાં પૃ૰ ૩૭ ઉપર નીચે મુજબની નોંધ જોવા મળે છે :

"કાર્તિકી પૂર્ણિમાએ બંધાતો શ્રી શંત્રુજયનો પટ અહીં જ રહે છે. તેમ જ નવીન વર્ષમાં પ્રથમ પૂજા આ દહેરે થતી હોવાથી આ સ્થાનનું મહત્ત્વ અનેરું છે. પ્રસ્તુત દેવાલયમાં બુલાખીદાસની ખડકીમાંથી શ્રી મહાવીરસ્વામીનું અને ચોકસીની પોળમાંની 'વાવ'(વિસ્તારનું નામ)માંથી મનમોહનપાર્શ્વનાથ તેમ જ શીતલનાથના દેહરાં ઉપાડી એ ત્રણેનો અહીં સમાવેશ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરવામાં આવ્યો છે.'' તે સમયે આ જિનાલયનો વહીવટ વિમલનાથના દેહરાં નજીક રહેતાં ચોકસી દીપચંદ ડાહ્યાભાઈને હસ્તક હતો.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં ચોકસીની પોળમાં આવેલા મહાવીર સ્વામીના આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી જિનાલય તરીકે થયેલો છે. તે સમયે પાષાણની તેર પ્રતિમાજીઓ વિદ્યમાન હતી અને જિનાલયનો વહીવટ શ્રી નેમચંદ પાનાચંદ હસ્તક હતો. જિનાલયના મકાનની સ્થિતિ સારી દર્શાવવામાં આવી હતી. હાલ આ જિનાલયનો વહીવટ ચંપકલાલ મૂલચંદ શાહ (પટવા) હસ્તક છે.

ત્રણ પ્રવેશદ્વાર અને ત્રણ ગર્ભદ્વારયુક્ત આ જિનાલયનો જીર્ણોદ્ધાર સં૰ ૧૯૩૬માં થયો હતો. જિનાલયનો રંગમંડપ લાંબો છે. રંગમંડપમાં મુખ્ય બે ઘુમ્મટ છે. જેના પર સુંદર કાચકામ થયેલું છે. એક ઘુમ્મટમાં ત્રિશલામાતાને આવેલાં ચૌદ સ્વપ્નો તથા બીજા ઘુમ્મટમાં અષ્ટાપદ, મેરુપર્વત, જિનાલયમાં દર્શન કરવા જતાં શ્રાવકો વગેરેનું સુંદર અને કલાત્મક કાચકામ છે. અહીં રંગમંડપમાં સમેતશિખરનો પટ આવેલો છે.

ગભારામાં રાતા પરિકરમાં મૂળનાયક શ્રી મહાવીર સ્વામીની પ્રતિમા નીચે શ્રી ગૌતમ સ્વામીની પ્રતિમા બિરાજમાન છે. આ બંને પ્રતિમાજીઓ મૂળનાયક તરીકે બિરાજમાન છે. મૂળનાયક મહાવીર સ્વામીની પ્રતિમા પર તથા ગૌતમસ્વામીની પ્રતિમા પર કોઈ લેખ નથી. ગભારામાં પાષાણની કુલ પંદર પ્રતિમાજીઓ બિરાજમાન છે. અહીં લાકડાના પાટલા પર અષ્ટમંગલ તથા ચૌદ સ્વપ્ન વગેરેની સુંદર કોતરણી ઘણી પ્રાચીન લાગે છે. અહીં સામ-સામેના ગોખમાં મહાવીર તથા આદેશ્વરની પ્રતિમાજી બિરાજમાન છે. મહાવીરસ્વામીની પ્રતિમા પર વીર સં૰ ૨૫૦૦નો લેખ છે. જ્યારે આદેશ્વરની પ્રતિમા પર સં૰ ૨૦૩૫નો લેખ છે. અહીં ડાબા ગભારે શ્રી શીતલનાથ તથા જમણા ગભારે શ્રી મનમોહન પાર્શ્વનાથ બિરાજમાન છે.

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત ખંભાઇતિ તીર્થમાલામાં ગૌતમસ્વામીનો ઉલ્લેખ નાગરવાડા વિસ્તારમાં થયેલો છે. આ નાગરવાડાનો વિસ્તાર આજે ખારવાડો તથા ચોકસીની પોળની નજીક છે. સંભવ છે કે મહાવીર સ્વામીના જિનાલયમાં બિરાજમાન ગૌતમસ્વામીનો જ તે સમયે નાગરવાડા વિસ્તારમાં ઉલ્લેખ થયેલો હોય. જો કે તે અંગે વધુ સંશોધન કરવાની જરૂર છે તથા વધુ આધારભૂત પુરાવાઓ મેળવવાની જરૂર છે. નાગરવાડામાં ગૌતમસ્વામીનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

સહસદ્વ પોલિં આદીશર પાંસઠિ જિન શ્રીકાર રે
નાગરવાડઈ ગૌતમસ્વામી વાંદી નગર મઝારિ રે ૨૫ જિ૰

ટૂંકમાં આજે ચોકસીની પોળ-મહાલક્ષ્મીની પોળમાં શ્રી મહાલક્ષ્મીમાતાના મંદિરની બાજુમાં આવેલું શ્રી મહાવીર સ્વામી- ગૌતમ સ્વામીનું જિનાલય **સં૰ ૧૯૦૦ પહેલાના** સમયનું છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ટેકરી

સુમતિનાથ - ઘરદેરાસર (સં૰ ૧૯૮૪ પહેલાં)

ટેકરી વિસ્તારમાં શ્રી પ્રેમચંદ્ર ફતેહચંદ પરિવારનું ઘરદેરાસર આવેલું છે. આ ઘરદેરાસરમાં પંચતીર્થી પરિકરયુક્ત ચાંદીના શ્રી સુમતિનાથજી મૂળનાયક તરીકે બિરાજમાન છે.

ટેકરી પર આવેલા આ જિનાલયનો સૌ પ્રથમ ઉલ્લેખ સં૰ ૧૯૮૪માં મળે છે. તે સમયે ટેકરી પર શ્રી સંભવનાથજી તથા શ્રી સુમતિનાથજી- એમ બે ઘરદેરાસરો વિદ્યમાન હતાં. સ્થાનિક કથા પ્રમાણે શ્રી સંભવનાથજીના ઘરદેરાસરના પ્રતિમાજીઓ સ્થંભન પાર્શ્વનાથના જિનાલયમાં પધરાવવામાં આવેલાં છે. તે સમયે સુમતિનાથજીના ઘરદેરાસરમાં ધાતુની ચાર પ્રતિમાજીઓ તથા ચાંદીની એક પ્રતિમાજી બિરાજમાન હતી. સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં આ બંને ઘરદેરાસરો વિશે પૃ૰ ૩૮ પર નીચે મુજબની નોંધ છે :

'ટેકરી તરફ જતાં શેઠ પોપટભાઈ અમરચંદના વંડામાં બે ઘરદેરાસરો છે.'

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં ટેકરી વિસ્તારમાં બે ઘરદેરાસરોનો ઉલ્લેખ થયેલો છે. સંભવનાથજીના ઘરદેરાસરમાં તે સમયે ધાતુની નવ પ્રતિમાજીઓ બિરાજમાન હતી. શેઠ અમરચંદ પ્રેમચંદ પરિવારનું એ ઘરદેરાસર ત્રીજે માળ હતું અને તેનો વહીવટ તે સમયે નાનજીભાઈ પોપટલાલ હસ્તક હતો. સુમતિનાથજીના ઘરદેરાસરમાં ધાતુની ચાર પ્રતિમાજીઓ બિરાજમાન હતી અને શેઠ જેઠાભાઈ પ્રેમચંદ પરિવારનું આ ઘરદેરાસર બીજે માળ હતું. તેનો વહીવટ શેઠ રમણલાલ દલસુખભાઈ હસ્તક હતો. આજે આ ઘરદેરાસરનો વહીવટ શ્રી તપગચ્છ અમર જૈન શાળા સંઘ હસ્તક છે.

ટૂંકમાં આ બંને ઘરદેરાસરો શ્રી પ્રેમચંદ્ર ફતેચંદ પરિવારના હતાં.

આજે પ્રેમચંદ ફતેચંદ પરિવારનું- સુમતિનાથજીનું આ ઘરદેરાસર પોપટલાલ અમરચંદના વંડામાં આવેલું છે.

હાલ આ જિનાલય અગાશીમાં આવેલી ખૂણાની એક ઓરડીમાં છે. આ ઓરડીમાં નાના ગભારાની રચના છે. તેમાં છત્રયુક્ત સિંહાસનમાં મૂળનાયક શ્રી સુમતિનાથજીની ચાંદીની પ્રતિમા ઉપરાંત ધાતુની ચાર પ્રતિમાજીઓ બિરાજમાન છે. ગોખ જેવા આ સિંહાસનની રચનામાં મહદ્ અંશે ચાંદીનો ઉપયોગ થયેલો જણાય છે. ઉપરનું છત્ર લાકડાનું છે. મૂળનાયક શ્રી સુમતિનાથજીની પ્રતિમા પર સં૰ ૨૦૪૩નો લેખ છે.

આ જિનાલયની નીચે શેઠ પ્રેમચંદ ફતેચંદની ધર્મશાળા છે. ત્યાં આજે પાઠશાળા બેસે છે. જિનાલયની પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવેલી છે. આ અંગે જિનાલયના પ્રવેશદ્વારની ઉપરની દીવાલ પર એક લેખ લખેલ છે, જે નીચે મુજબ છે :

"શેઠ શ્રી પ્રેમચંદ ફતેચંદ ગૃહમંદિર તથા ધર્મશાળા પ્રશસ્તિ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અમારા પ્રતાપી તથા ધર્મનિષ્ઠ પૂર્વજ શેઠ શ્રી પ્રેમચંદ ફતેચંદના શુભ નામથી અંકિત ખંભાત શહેરના ટેકરી વિભાગમાં આવેલા આ શ્રી સુમતિનાથ ભગવાનનું ગૃહમંદિર તથા ધર્મશાળાનું નિર્માણ વર્ષો પૂર્વે તેમના સુપુત્ર શેઠશ્રી જેઠાભાઈ પ્રેમચંદે કરેલ હતું. આ જ મકાનમાં વયોવૃદ્ધ પૂ. મુનિરાજ શ્રી નીતિવિજયજી મ. (દાદા)ની નિશ્રામાં શ્રી તપગચ્છ અમર જૈન શાળાની સ્થાપના કરવામાં આવી હતી. વર્ષો જૂના આ મકાનનું પાયાથી નવનિર્માણ તેમના વારસદારો (૧) શેઠ શ્રી કસ્તૂરભાઈ અમરચંદ પરિવાર (૨) શેઠશ્રી ઠાકરચંદ અમરચંદ પરિવાર (૩) શેઠ શ્રી છગનલાલ અમરચંદ પરિવાર (૪) શેઠશ્રી મણીલાલ પીતાંબરદાસ પરિવાર તરફથી કરવામાં આવેલ છે.

ઉપરના માળે આવેલ ગૃહમંદિરમાં મૂળનાયક શ્રી સુમતિનાથ ભગવાન આદિ ધાતુનાં શ્રી જિનબિંબોની ચલ પ્રતિષ્ઠા વિધિ શ્રી બૃહદ્ અષ્ટોતરી શાંતિ સ્નાત્ર સહિત પયાહ્નિક શ્રી જિનેન્દ્ર ભક્તિ મહોત્સવપૂર્વક સકલગમ રહસ્યવેદી સ્વ. પૂ. આ. દેવ શ્રીમદ્ વિજય દાનસૂરિ મ.ના પટ્ટાલંકાર સિદ્ધાંત મહોદધિ સ્વ. પૂ. આ. દેવ. શ્રીમદ્ વિજય પ્રેમસૂરિ મ. સા.ના પટ્ટ વિભૂષક પરમ શાસન પ્રભાવક પરમોપકારી તપાગચ્છ નાયક સુવિશાલ ગચ્છાધિપતિ વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આ. દેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરિ મ. સા. ની તારક નિશ્રામાં વિશાળ ચતુર્વિધ શ્રી સંઘની ઉપસ્થિતિમાં વિ. સં. ૨૦૪૬ના શ્રાવણ સુદ ૧૪ને રવિવાર તા. ૫-૮-૧૯૯૦ના રોજ શુભ સમયે કરવામાં આવેલ છે.

આ નીચેના હોલનો સદુપયોગ વર્ષોથી ચતુર્વિધ શ્રી સંઘની ભક્તિના કાર્યમાં થતો આવ્યો છે અને થઈ રહ્યો છે.

॥ શુભં ભવતુ શ્રી સંઘસ્ય ॥

વિ. સં. ૨૦૪૭ કારતક વદ ૬ ગુરુવાર

તા. ૮-૧૧-૧૯૯૦ શ્રી સ્થંભનતીર્થ ટેકરી

શેઠ શ્રી પ્રેમચંદ ફતેચંદ પરિવાર''

ટૂંકમાં આ ઘરદેરાસર પ્રેમચંદ ફતેચંદ કુટુંબની પરંપરાનું છે. અગાઉ જણાવ્યું તેમ આ ઘરદેરાસરનો સૌ પ્રથમ ઉલ્લેખ સં. ૧૯૮૪માં મળે છે. પરંતુ હાલમાં મૂળનાયક શ્રી સુમતિનાથ ભગવાન પરના લેખનો સંવત ૨૦૪૩ છે એટલે કે સં. ૧૯૮૪માં વિદ્યમાન સુમતિનાથજીની પ્રતિમાજી હાલમાં વિદ્યમાન નથી.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અલીંગ

મુનિસુવ્રત સ્વામી (સં૰ ૧૬૭૩ પહેલાં)

ખંભાતમાં આજે અલીંગ નામથી પ્રચલિત વિસ્તારમાં મુનિસુવ્રત સ્વામીનું ધાબાબંધી જિનાલય જીર્ણ હાલતમાં વિદ્યમાન છે અને આ જિનાલયના જીર્ણોદ્ધારનું કામ થોડા સમય પહેલાં શરૂ થયું છે.

ખંભાતમાં જુદા-જુદા સમયે અલીંગ અને તેની સાથે સામ્ય ધરાવતા નામવાળા વિસ્તારો પ્રાપ્ત થાય છે. ખંભાતમાં આલિગ નામનો મંત્રી થઈ ગયો. આ વિસ્તારનું નામ આ મંત્રીના નામ પરથી પડ્યું હશે કે આ વિસ્તાર એક સમયે સમુદ્ર કાંઠાની નજીકનો હોય અને ત્યાં વહાણ તોડવાનું કામ ચાલતું હોય અને તેથી અલંગ કે અલિંગ નામ પડ્યું હશે ? નજીકમાં જ ખારવાવાડો અર્થાત્ ખારવાડો આવેલો છે. આમ, આ નામ સંદર્ભે બે તર્ક સંભવે છે અને એમાં વિશેષ સંશોધન આવશ્યક છે. મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા પર સં૰ ૧૬૬૨નો મૂર્તિલેખ છે.

સં૰ ૧૬૭૩માં કવિશ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલામાં અલંગવસહીમાં** ત્રણ જિનાલયો દર્શાવ્યાં છે : (૧) શ્યામલ રંગી ઋષભદેવ (૨) કુંથુનાથ (૩) શાંતિનાથ. ઉપરાંત તે જ તીર્થમાલામાં નાલીયેરપાડાના ઋષભદેવ ભગવાનનું વર્ણન કર્યા બાદ **અલંગ** નામના વિસ્તારનો ઉલ્લેખ કરે છે, જેમાં પાર્શ્વનાથનું જિનાલય હોવાનો સંભવ છે. ત્યારબાદ ફરી એક વાર **અલંગનો** ઉલ્લેખ કરવામાં આવેલ છે, જે નીચે મુજબની પંક્તિઓમાં થયેલ છે :

આહે એક પ્રાસાદ **અલંગમાં, સ્વામી મુનિસુવ્રત** કેરો ।
આહે પાંત્રીસ બ્યંબ પૂજી કરી, ટાલો ભવનો એ ફેરો ॥ ૩૩

એટલે કે સં૰ ૧૬૭૩માં અલંગ નામના વિસ્તારમાં મુનિસુવ્રતસ્વામીનું જિનાલય વિદ્યમાન હતું.

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં અલિંગવસહી અને અલિગવસહી એમ બે વાર એ નામથી વિસ્તાર દર્શાવવામાં આવ્યો છે. અલિંગવસહીમાં આદિનાથનો ઉલ્લેખ છે જ્યારે અલિગવસહીમાં સંભવનાથ અને કુંથુનાથ— એમ બે જિનાલયોનો ઉલ્લેખ આવે છે. પરંતુ મુનિસુવ્રત સ્વામીના જિનાલયનો ઉલ્લેખ આવતો નથી.

સં૰ ૧૯૦૦માં તે સમયે લાડવાડામાં છ જિનાલયોનો ઉલ્લેખ કર્યા પછી બાંમણવાડાના બે જિનાલયોનો ઉલ્લેખ આવે છે. અને ત્યારબાદ અલિંગમાં એક જિનાલય શ્રી ઋષભદેવજીનું હોવાની નોંધ છે. સં૰ ૧૯૦૦માં લાડવાડાનો જે વિસ્તાર દર્શાવાયો છે. તેમાંનો મોટા ભાગનો વિસ્તાર માણેકચોકથી પ્રસિદ્ધ છે અને તે સમયનો બાંમણવાડાનો વિસ્તાર આજે મુખ્યત્વે લાડવાડાથી ઓળખાય છે. અલિંગના જિનાલયનો ઉલ્લેખ સં. ૧૯૦૦માં ક્રમાંક ૮૦માં નીચે મુજબ આવે છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અથ અલિંગમાં દેહરું-૧

૮૦. શ્રી આદિનાથ ભગવાન અમથા તબકીલવાલાનું દેહરું.

સં૰ ૧૯૪૭માં **જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથ**ની પ્રસ્તાવનામાં પણ માણેકચોકના મહેલ્લાનાં જિનાલયો દર્શાવ્યા બાદ અલીંગ નામના મેહેલ્લામાં ક્રમાંક-૭૯માં રીષભદેવ સ્વામીનાં જિનાલયનો ઉલ્લેખ કરેલો છે.

અલીંગ મેહેલ્લામાં

૭૯. રીષભદેવ સ્વામીનું.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં મુનિસુવ્રત સ્વામીનું જિનાલય **અલિંગ** નામના વિસ્તારમાં ધાબાબંધી તરીકે દર્શાવવામાં આવ્યું છે. તે સમયે જિનાલયના મકાનની સ્થિતિ સારી દર્શાવેલી છે અને પાષાણની આઠ પ્રતિમાજીઓ વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં અલિંગ વિસ્તારમાં આવેલા મુનિસુવ્રતસ્વામીનાથમાં પાષાણની સાત પ્રતિમાજીઓ વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે અને તે સમયે વહીવટ શાહ ઠાકરશી ધરમચંદ હસ્તક હતો. તેઓ તે સમયે ટેકરી આગળ રહેતા હતા.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં મુનિસુવ્રત સ્વામીનું જિનાલય લાડવાડામાં દર્શાવવામાં આવેલું છે. તે સમયે આ ધાબાબંધી જિનાલયમાં પાષાણની દસ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી. તે સમયે પણ વહીવટ શાહ ઠાકરશી ધરમચંદ હસ્તક હતો. જિનાલયના મકાનની સ્થિતિ સારી દર્શાવવામાં આવેલી હતી.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં લાડવાડામાં અભિનંદન સ્વામીના જિનાલયની સાથે બીજું જિનાલય મુનિસુવ્રત સ્વામીનું દર્શાવવામાં આવેલું છે. અલિંગ નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. અલિંગના વિસ્તારને કોઈક કારણસર લાડવાડામાં દર્શાવવામાં આવેલો છે. આજે મુનિસુવ્રત સ્વામીનું જિનાલય **અલિંગ** નામના વિસ્તારમાં જ ગણાય છે.

એટલે કે મુનિસુવ્રત સ્વામીના આ જિનાલયનો ઉલ્લેખ **'અલિંગ'** નામ સાથે સં૰ ૧૯૭૩માં, સં૰ ૧૯૯૩માં, સં૰ ૧૯૮૪માં તથા સં૰ ૨૦૧૦માં લાડવાડામાં (અલિંગ પાસેનો વિસ્તાર) મળે છે.

અત્યારે આ જિનાલય જીર્ણ હાલતમાં છે. જિનાલય ધાબાબંધી હતું. ધાબામાં એક ઓરડી હતી. જીર્ણોદ્ધાર પહેલાં અહીં લાકડાના પીઢિયાની છત હતી. અગાઉ આશરે વીસ વર્ષ પહેલાં લાકડાના પીઢિયા ફરી બનાવેલા હતા. પણ ફરી જીર્ણોદ્ધારની જરૂર ઊભી થતાં હાલ જીર્ણોદ્ધાર શરૂ થયો છે.

વહીવટ કરનાર શ્રી બાબુભાઈ ફૂલચંદ શાહે માહિતી આપી કે હવે આરસનું જિનાલય બનાવવાનું આયોજન છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અત્યારે આ જિનાલય આઠ કુટુંબો દ્વારા સચવાય છે. જિનાલયની સંભાળ માટે ગોઠી (પૂજારી) રાખવામાં આવ્યો નથી. પંદર-પંદર દિવસના દરેક કુટુંબ દીઠ વારા રાખેલા છે. પણ હવે મોટી ઉંમરના શ્રાવકો કામ કરવાને અશક્ત થવા લાગ્યા છે. નવી યુવાન પેઢીને આ પ્રકારના કામ પ્રત્યે વિશેષ અભિરુચિ નથી તેથી વર્ષો જૂની પરંપરાનો જાણે હવે અંત આવી રહ્યો છે અને ગોઠી-પૂજારીની વ્યવસ્થા કરવાની આવશ્યકતા ઊભી થવા માંડી છે.

જિનાલયની રચના એક ઘર હોય તેવી લાગે છે. અંદરના ભાગમાં આરસ-પહાણ છે. તેના રંગમંડપમાંની કાષ્ઠની સુંદર પૂતળીઓ મનમોહક છે અને જિનાલયની પ્રાચીનતાની ગવાહીરૂપ છે. અહીં મૂકેલા અરીસાની આજુબાજુ પણ સુંદર નકશીકામ છે.

ગભારામાં પરિકરયુક્ત મૂળનાયક સાથે પાષાણની સાત પ્રતિમાજીઓ છે. ઉપરાંત ત્રણ કાઉસ્સગ્ગીયા અને એક દેવની મૂર્તિ દીવાલે જડેલી છે, જે ખંડિત પરિકરમાંની હોય તેવી લાગે છે. મૂળનાયકની જમણી બાજુ ધર્મનાથજી અને ડાબી બાજુ મુનિસુવ્રતસ્વામી બિરાજમાન છે. ડાબી બાજુના મુનિસુવ્રત સ્વામી પર લેખ છે જેમાં સં૰ ૧૬૬૨ વંચાય છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૬૭૩ પહેલાના** સમયનું હોવાનો વધુ સંભવ છે. જો કે આ અંગે વધુ સંશોધન કરવાની જરૂર છે.

• • •

લાડવાડો

અભિનંદન સ્વામી (સં૰ ૧૯૦૦ પહેલાં)

લાડવાડામાં પ્રવેશતાં, આગળ જતાં જમણા હાથે શ્રી અભિનંદન સ્વામીનું આરસયુક્ત ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે. જિનાલયને અંદર તથા બહાર બંને બાજુએ રંગ કરેલો હોવાથી સુંદર દેખાય છે.

આ જિનાલયનો સૌ પ્રથમ ઉલ્લેખ **સં૰ ૧૯૦૦**માં મળે છે. તે સમયે **બાંમણવાડા**માં આ જિનાલય વિદ્યમાન હતું તે મુજબનો ઉલ્લેખ ક્રમાંક ૭૯માં થયેલો છે.

અથ **બાંમણવાડા**માં દેહરાં ૨

૭૮. શ્રી ચંદ્રપ્રભુનું દેહરું.

૭૯. શ્રી **અભિનંદન** ઝમકુબાઈની મેડી ઉપર

એટલે કે આ જિનાલય 'મેડીનું દેહરું' નામથી પ્રચલિત થયું હતું.

સં૰ ૧૯૪૭માં પ્રગટ થયેલ **જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથ**ની પ્રસ્તાવનામાં આ જિનાલયનો ઉલ્લેખ માણેકચોકના મહેલ્લામાં કરવામાં આવ્યો છે, જે નીચે મુજબ છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માણેકચોકના મેહેલ્લામાં

૭૦. ધરમનાથજીનું

.....

૭૬. આદીનાથજીનું

૭૭. **અભીનંદન સ્વામીનું**

૭૮. ચંદ્રપ્રભુજીનું

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં આ જિનાલયનો ઉલ્લેખ લાડવાડામાં થયેલો છે. 'શિખર વિનાનું' એ મુજબનો ઉલ્લેખ છે. તે સમયે જિનાલયમાં પાષાણની પાંચ પ્રતિમાજીઓ બિરાજમાન હતી અને જિનાલયના મકાનની સ્થિતિ સાધારણ દર્શાવવામાં આવી હતી.

સં૰ ૧૯૮૪માં **ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટી**માં આ જિનાલય લાડવાડામાં જ દર્શાવવામાં આવેલું છે અને તે સમયે પાષાણની પાંચ પ્રતિમાજીઓનો ઉલ્લેખ છે. તે સમયે પૃ૰ ૩૮ પર આ જિનાલય વિશે નીચે મુજબની નોંધ આવે છે :

"ધોબી ચકલા આગળ થઈ લાડવાડામાં આવેલા અભિનંદજીને જુહારવા. આને મેડીનું દેહરું કહેવાય છે. દસકા પૂર્વે આયંબિલની ઓળીમાં સ્ત્રીવર્ગ માટેનું આ કેન્દ્ર સ્થાન હતું. પણ આજે તે દશા નથી. તેની સામેની ખડકીમાં અગાઉ દેહરું હતું. જે ઉપાડી લેવામાં આવ્યું છે". એ સમયે આ જિનાલયનો વહીવટ શાહ ફૂલચંદ ગગલવાળા હસ્તક હતો. તેઓ જિનાલયની નજીકની પતંગશીની પોળમાં રહેતા હતા.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં અભિનંદન સ્વામીનું જિનાલય લાડવાડામાં દર્શાવવામાં આવ્યું છે. અને ધાબાબંધી જિનાલય તરીકે તેનો ઉલ્લેખ થયેલો છે. તે સમયે જિનાલયમાં પાષાણની પાંચ પ્રતિમાજીઓ બિરાજમાન હતી અને જિનાલય બીજે માળ હોવાનો ઉલ્લેખ છે. જિનાલયનો વહીવટ શેઠ લાલચંદ હીરાચંદ હસ્તક હતો. હાલ જિનાલયનો વહીવટ જયંતીલાલ ચુનીલાલ શાહ હસ્તક છે જેઓ બાજુની પતંગશીની પોળમાં રહે છે.

જિનાલયનો જીર્ણોદ્ધાર સં૰ ૨૦૧૯માં થયેલો છે.

જિનાલયમાં પ્રવેશવા માટેના મુખ્ય પ્રવેશદ્વારની બારશાખ ઉપર લક્ષ્મી દેવી તથા સરસ્વતી દેવીનાં શિલ્પો છે. મુખ્ય રંગમંડપમાં પ્રવેશવાનાં બે દ્વાર છે. થાંભલાઓ પર સુંદર શિલ્પાકૃતિઓ છે. રંગમંડપ સાદો છે. રંગમંડપમાં ગર્ભદ્વાર પાસે બંને બાજુ ગોખ છે. આ ગોખમાં આરસના યક્ષ-યક્ષિણી બિરાજમાન છે. રંગમંડપમાં ગીરનારજી, શત્રુંજય, અષ્ટાપદજી અને સમેતશિખરનો પટ છે.

મૂળનાયકના જમણા ગભારે આદેશ્વર તથા ડાબા ગભારે સુવિધિનાથ ભગવાન બિરાજમાન છે. મૂળનાયક શ્રી અભિનંદનસ્વામી પરના લેખ પર **સં૰ ૧૬૫૬** સ્પષ્ટ વંચાય છે. હાલ જિનાલયમાં પાષાણની અગિયાર પ્રતિમાજીઓ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૨૦૧૦માં ઉલ્લેખ થયા પ્રમાણે આ જિનાલય મેડી ઉપર બીજે માળ હતું. સં૰ ૨૦૧૯માં જીર્ણોદ્ધાર થયા પછી જિનાલયનું ભવન નવેસરથી એ જ જગ્યા ઉપર તૈયાર કરવામાં આવ્યું અને ઉપરથી મેડીમાંથી પ્રતિમાજી નીચે લાવી પધરાવવામાં આવ્યા.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૯૦૦ પહેલાના** સમયનું છે.

• • •

ખારવાડો

આજે ખંભાતમાં ખારવાડા તરીકે પ્રસિદ્ધ વિસ્તાર અગાઉ **ખારૂઆ વાડઈ-ખારૂઆની પોલ** ખારવાવાડો તરીકે ઓળખાતો હતો.

૧૬મા સૈકામાં ડુંગર રચિત **ખંભાત ચૈત્ય પરિપાટી**માં આજનો ખારવાડો વિસ્તાર **ખારૂઆ વાડઈ** નામથી પ્રચલિત હતો. તે સમયે ત્યાં સીમંધર સ્વામીનું એક જિનાલય વિદ્યમાન હતું.

ખારૂઆવાડઈ પણમીઈએ તિહાં **શ્રી સીમંધર**

ત્યારબાદ **સં૰ ૧૬૭૩**માં કવિશ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં ખારવાડા નામનો વિસ્તાર **ખારૂઆની પોલના** નામથી પ્રસિદ્ધ હતો અને તે સમયે તે વિસ્તારમાં સાત જિનાલયો વિદ્યમાન હતાં. આ સાતેય જિનાલયોનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

આહે **ષારુઆતણી વલી પોલિ**માં, **સાતઈ દેહરાં** કહી જઈ ।
આહે બત્રીસાં સો બ્યંબશું, **સીમંધર** લહીઈ ॥ ૩૦

આહે **મુનિસુવ્રત** વીસ બ્યંબશું, **સંભવજિન** બ્યંબ વીસ ।
આહે **અજિતનાથ** દેહરઈ જઈ, નીતઈ નામું અ સીસ ॥ ૩૧

આહે **શાંતિનાથ** દશ બ્યંબશું, **મોહોર પાસ** વિખ્યાત ।
આહે પાંચ બ્યય પ્રેમે નમું, **વીર ચોમુષ** સાત ॥ ૩૨

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં આ વિસ્તાર ખારૂઆવાડઈ નામથી પ્રચલિત થયો હતો અને તે સમયે આ વિસ્તારમાં કુલ સાત જિનાલયો વિદ્યમાન હતાં.

ષારુઆવાડઈ **વીર જિન ચઉમુષી** બ્યાસી નમો અવિલંબજી
શ્રી મુનિસુવ્રત દેહરઈ ભુંઈરઈ દોઈસઈ ચૌદહ બિંબજી ૬

મુહુરપાસનઈ દેહરઈ પ્રતિમા એકસુનઈ ઓગણ્યાસીજી
સીમંધર પ્રાસાદિ ત્રણિસઈ ઊપરિ ચ્યાર જગીસજી ૭

અજિત પ્રાસાદિ વીસ જિનેશર **સંભવ જિન** નવ્યાસીજી
શાંતિ ભુવન ત્રીસ નેમિનાથ પોલિ ત્રણિસઈ પચવીસજી ૮

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એટલે કે સં૰ ૧૬૭૩માં જે સાત જિનાલયો વિદ્યમાન હતાં તે જ જિનાલયો સં૰ ૧૭૦૧માં વિદ્યમાન હતાં.

સં૰ ૧૯૦૦માં ખંભાતનાં જિનાલયોની સૂચિમાં ખારવાડો વિસ્તાર **ખારવાવાડો** એ નામથી પ્રચલિત હતો અને તે સમયે બાર જિનાલયો વિદ્યમાન હતાં. આ સૂચિમાં સૌ પ્રથમ ખારવાડાનાં જિનાલયોની નામાવલિ વર્ણવામાં આવેલી છે એટલે કે ખારવાડો તે સમયે ખંભાતનું જૈન શાસનનું મુખ્ય કેન્દ્ર બન્યો હશે.

પ્રથમ ષારવાવાડામાં દેહરાં ૧૨ તેહની વિગત-

૧. શ્રી સ્થંભણ પાર્શ્વનાથનું દેહરું તે મધઈ

૨. શ્રી સીમંધર સ્વામીનું દેહરું

૩. શ્રી અજીતનાથનું દેહરું દક્ષિણ સન્મુખ

૪. શ્રી શાંતિનાથનું દેહરુ

૫. શ્રી ઋષભદેવનું દેહરું, પાસે ચક્રેશ્વરી દેવીની મૂર્તિ છે

૬. શ્રી સહસ્સફણા પાર્શ્વનાથનું દેહરું

૭. શ્રી મોહરી પાર્શ્વનાથનું દેહરું

૮. શ્રી ચઉવીસ તીર્થંકર મૂલનાયક મુનિસુવ્રતસ્વામી છઈ

૯. શ્રી કંસારી પાર્શ્વનાથનું દેહરું

૧૦. શ્રી અનંતનાથનું દેહરું

૧૧. શ્રી મહાવીર સ્વામી દેહરું સમવસરણ ચૌમુખ

૧૨. શ્રી મુનિસુવ્રતસ્વામીનું દેહરું.

એટલે કે સં૰ ૧૭૦૧માં વિદ્યમાન સાત જિનાલયો પૈકી છ જિનાલયો સં૰ ૧૯૦૦માં વિદ્યમાન હતાં. સં૰ ૧૭૦૧ વિદ્યમાન સંભવનાથજીના જિનાલયનો ઉલ્લેખ સં૰ ૧૯૦૦માં મળતો નથી. જ્યારે અન્ય નવાં જિનાલયોનો ઉલ્લેખ સાંપડે છે. (૧) સ્થંભણ પાર્શ્વનાથ (૨) ઋષભદેવ (૩) સહસ્સફણા પાર્શ્વનાથ (૪) ચઉવીસ તીર્થંકર-મૂળનાયક મુનિસુવ્રત સ્વામી (૫) કંસારી પાર્શ્વનાથ (૬) અનંતનાથ.

સં૰ ૧૯૪૭માં પ્રગટ થયેલ **જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથ**ની પ્રસ્તાવનામાં ખંભાતમાં વિદ્યમાન જિનાલયોની યાદી આપવામાં આવી છે, જેમાં પ્રારંભે ખારવાડાનાં જિનાલયોની યાદી છે. તે સમયે ખારવાડામાં કુલ અગિયાર જિનાલયો વિદ્યમાન હતાં.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખારવાડામાં

૧. સ્થંભણ પાર્શ્વનાથ. ૨. સીમંધરસ્વામી. ૩. અજિતનાથ. ૪. સહેસફણા પાર્શ્વનાથ. ૫. આદેશ્વર ભગવાન. ૬. મોહોર પાર્શ્વનાથ. ૭. મુનિસુવ્રત સ્વામી. ૮. કસારી પાર્શ્વનાથ. ૯. અનંતનાથ. ૧૦. માહાંવીર સ્વામી(ચૌમુખ). ૧૧. મુનિસુવ્રતસ્વામી.

એટલે કે સં૰ ૧૯૦૦માં વિદ્યમાન બાર જિનાલયો પૈકી સં૰ ૧૯૪૭માં કુલ અગિયાર જિનાલયો વિદ્યમાન હતાં. સં૰ ૧૯૦૦માં વિદ્યમાન શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ સં૰ ૧૯૪૭માં પ્રાપ્ત થતો નથી.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ખારવાડો એ નામે પ્રસિદ્ધ વિસ્તારમાં સાત જિનાલયો વિદ્યમાન હતાં. (૧) મહાવીર સ્વામી (૨) કંસારી પાર્શ્વનાથ (૩) અનંતનાથ (૪) મુનિસુવ્રતસ્વામી (૫) સ્થંભણપાર્શ્વનાથ (૬) સીમંધર સ્વામી (૭) અજિતનાથ.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં ખારવાડા વિસ્તારમાં નીચે મુજબના સાત જિનાલયો વિદ્યમાન હતાં. ૧. અનંતનાથ. ૨. મહાવીર સ્વામી. ૩. કંસારી પાર્શ્વનાથ. ૪. મુનિસુવ્રતસ્વામી. ૫. સ્થંભણપાર્શ્વનાથ. ૬. સીમંધર સ્વામી - પદ્મપ્રભુ ૭. સુખસાગર પાર્શ્વનાથ.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં પણ ઉપર્યુક્ત સાત જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે. આજે પણ આ વિસ્તારમાં ઉપર્યુક્ત સાત જિનાલયો યથાવત્ છે. ઉપરાંત શ્રીશાંતિનાથજીનું ઘરદેરાસર પણ અહીં મુનિસુવ્રતસ્વામી તથા મહાવીરસ્વામી(ચૌમુખજી)ના જિનાલય સામે આવેલું છે.

• • •

ખારવાડો

અનંતનાથ (સં૰ ૧૯૦૦ પહેલાં)

ખારવાડામાં પ્રવેશતાં પ્રથમ શ્રી અનંતનાથનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે. આ જિનાલયની બાજુમાં જ અડીને શ્રી કંસારી પાર્શ્વનાથનું જિનાલય આવેલું છે. બીજી બાજુ ગુરુમંદિર છે, જેમાં વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજસાહેબની પાષાણની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવેલી છે. ગુરુમંદિરની સ્થાપના સં. ૨૦૫૨માં થયેલી છે.

અનંતનાથની પ્રતિમાના સંદર્ભમાં 'સૂરીશ્વર અને સમ્રાટ' ગ્રંથમાં પૃ૰ ૨૧૫ પર પ્રતિષ્ઠા થયા અંગેની નીચે મુજબની નોંધ મળે છે. ''.....વિ૰ સં૰ ૧૬૪૬માં હીરવિજયસૂરિજી ખંભાત આવ્યા ત્યારે જયેષ્ઠ સુદિ નોમના દિવસે સોની તેજપાલે અનંતનાથની પ્રતિષ્ઠા કરાવી પચીસ હજાર રૂપિયા ખર્ચ્યા હતા. આ જ વખતે સોમવિજયને ઉપાધ્યાય પદવી પણ આપવામાં આવી હતી.....''

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્યારબાદ સં૰ ૧૬૭૩માં, સં૰ ૧૭૦૧માં કે સં. ૧૮૧૭માં રચાયેલી ચૈત્ય પરિપાટીઓમાં અનંતનાથના જિનાલયનો ઉલ્લેખ થયો નથી.

ખારવાડામાં કંસારી પાર્શ્વનાથના જિનાલયની નજીક આવેલા અનંતનાથના જિનાલયનો ઉલ્લેખ **સં૰ ૧૯૦૦**માં સૌ પ્રથમ વાર મળે છે. તે સમયે ક્રમાંક ૧૦માં આ જિનાલયનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

પ્રથમ ષારવાવાડામાં દેહરાં ૧૨, તેહની વિગત

૧. શ્રી સ્થંભણ પાર્શ્વનાથનું દેહરું તે મધઇ

.....

૯. શ્રી કંસારી પાર્શ્વનાથનું દેહરું

૧૦. શ્રી અનંતનાથનું દેહરું

૧૧. શ્રી મહાવીર સ્વામી દેહરું સમવસરણ ચૌમુખ

૧૨. શ્રી મુનીસુવ્રત સ્વામીનું દેહરું.

સં૰ ૧૯૪૭માં જયંતિહુઅણ સ્તોત્ર ગ્રંથની પ્રસ્તાવનામાં ખારવાડા વિસ્તારમાં આ જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૯ માં થયેલો છે.

ત્યારબાદ **સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેકટરી**માં ખારવાડામાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી જિનાલય તરીકે દર્શાવવામાં આવ્યો છે. તે સમયે પાષાણની પાંચ પ્રતિમાજીઓ બિરાજમાન હતી. જિનાલયના મકાનની સ્થિતિ સારી હતી.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઇતિહાસ અને ચૈત્યપરિપાટીમાં ખારવાડામાં આવેલા અનંતનાથના જિનાલયમાં પાષાણની પાંચ પ્રતિમાજીઓ બિરાજમાન હતી અને તે જિનાલય વિશેની નોંધ પૃ૰ ૩૮ પર નીચે મુજબ મળે છે :

'ધોબી ચકલે આવી દંતારાવાળું શ્રી અનંતનાથનું દેહરૂં જુહારવું. સુઘડતા અને સ્વચ્છતા અહીં સારી રહે છે. વ્યવસ્થા શા૰ શેઠ છોટાલાલ જવેરચંદ દંતારા કરે છે જે નજીકમાં જ વસે છે.'

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં ખારવાડામાં આવેલા અનંતનાથજીના જિનાલયને ધાબાબંધી દર્શાવવામાં આવ્યું છે. તે સમયે પાષાણની પાંચ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી. જિનાલયના મકાનની સ્થિતિ સારી હતી અને વહીવટ શેઠ છોટાલાલ ઝવેરચંદ હસ્તક હતો. આજે આ જિનાલયનો વહીવટ શ્રી રસિકલાલ પરસોત્તમદાસ દંતારા તથા શ્રી બંસીલાલ વાડીલાલ દંતારા હસ્તક છે જેઓ લાડવાડામાં રહે છે.

આરસપહાણથી બનેલું આ જિનાલય નાનું છતાં સુંદર છે. જિનાલયના જીર્ણોદ્ધાર વખતે આ જિનાલયના ગભારામાં ખોદકામ કરતાં અહીંથી ૧૯૦ પંચધાતુની પ્રતિમાજીઓ નીકળી હતી. તે રસિકલાલ દંતારાના ઘરમાં પધરાવેલ હતી. જિનાલયના જીર્ણોદ્ધારનું કાર્ય પૂરું થતાં હાલ આ બધી પ્રતિમાઓ રંગમંડપમાં બનાવવામાં આવેલા ભીંત કબાટમાં મૂકવામાં આવેલ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ દરેક પ્રતિમાજીની અંજનશલાકા થયેલ છે. હાલ આ પ્રતિમાજીઓ પૈકીની આશરે ૪૦ થી વધુ પ્રતિમાજીઓ અન્ય જિનાલયોમાં પધરાવવામાં આવી છે.

ગભારામાં અનંતનાથ ભગવાનની સુંદર પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે. મૂળનાયકની પાછળની દીવાલ પર સુંદર ચિત્રાંકન થયેલું છે. ગભારામાં પાષાણની કુલ પાંચ પ્રતિમાજીઓ છે. ગભારાની ફરતે પ્રદક્ષિણા થઈ શકે તેવી રચના છે.

અહીં રંગમંડપ સાદો છે. બાજુમાં આવેલા ગુરુમંદિરમાં અહીંથી જઈ શકાય તે માટે બારણું રાખવામાં આવ્યું છે.

ઉપલબ્ધ સંદર્ભોને આધારે આ જિનાલય **સં. ૧૯૦૦ પહેલાના** સમયનું છે. તેથી વધુ પ્રાચીનતા નક્કી કરવા માટે વધુ સંશોધનની જરૂર છે.

• • •

ખારવાડો

કંસારી પાર્શ્વનાથ (સં. ૧૯૦૦ પહેલાં)

ખારવાડા વિસ્તારમાં કંસારી પાર્શ્વનાથનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે. મહાવીર સ્વામી(ચૌમુખજી)ના જિનાલયમાંથી પણ કંસારી પાર્શ્વનાથના જિનાલયમાં જઈ શકાય છે. આ જિનાલયની બાજુમાં અનંતનાથનું જિનાલય આવેલું છે.

ખંભાતથી ઈશાન ખૂણે આશરે બે કીલોમીટરના અંતરે કંસારી નામનું ગામ આવેલું છે. આજે ત્યાં જૈનોની કોઈ વસ્તી નથી તેમજ એક પણ જિનાલય વિદ્યમાન નથી. જો કે પ્રાચીન ગ્રંથોમાં આ કંસારી ગામમાં જિનાલયો હોવાનો ઉલ્લેખ મળે છે.

કંસારી ગામમાં વિ. સં. ૧૫૭૦માં શ્રી સોમવિમલસૂરિનો જન્મ થયો હતો તેવી વિગતો મળે છે. ઉપરાંત નીચે મુજબની બે પંક્તિઓમાં કંસારીમાં પાર્શ્વનાથની મૂર્તિ ખૂબ જ મનોહર હતી તેવી નોંધ મળે છે.

તસ પરિસરી સારી ઠામિ પુર **કંસારી**
જિહાં **પાસ જિણેસર** મૂરતિ અતિહિ સારી.

સં. ૧૬૭૩માં કવિશ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં કંસારીપુરમાં ભીડભંજન પાર્શ્વનાથથી પ્રચલિત જિનાલય તથા શ્રી ઋષભદેવ ભગવાનનું જિનાલય હોવાનો ઉલ્લેખ નીચેની પંક્તિઓમાં મળે છે :

કંસારીપુર રાજીઉ રે લો, **ભીડ્યભંજન** ભગવંત રે સા.
બ્યંબ બાવીસઈ પૂજતાં રે લો, લહીઈ સુષ અનંત રે સા ॥ ૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બીજઈ દેહરઈ જઈ નમૂં રે લો, સ્વામી **ઋષભ યનંદ** રે સા.
બ્યંબ સતાવીસ વંદતા રે લો, ભવિય મનિ આનંદ રે સા ॥૮

સં. ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં કંસારીપુરમાં ચાર જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે.

પુહતુપુરા માહિ જિન વંદ એકસુસાત **કંસારી** રે
ચિંતામણિનઈ દેહરઈ જાણું શ્રી જિનબિંબ ત્રેતાલી રે ૨૬ જિ

ત્રણિ બિંબ **આદીશ્વર** દેહરઈ ત્રણિ વલી **નેમિનાથ** રે
જુહારીનઈ હું પાવન થાઈસિ શકરપુરિ પાર્શ્વનાથ રે ૨૭ જિ

ઉપર્યુક્ત પંક્તિઓમાં **પુહતુપુરા** નામે પ્રચલિત વિસ્તાર એ જ કંસારીપુર હશે એવો સંભવ છે તેમ છતાં આ અંગે વધુ સંશોધનની જરૂર છે.

સં. ૧૯૦૦માં ખારવાડામાં બાર જિનાલયો વિદ્યમાન હતાં. જે પૈકી ક્રમાંક ૯ માં શ્રી કંસારી પાર્શ્વનાથનું દેહરું — એ મુજબનો ઉલ્લેખ આવે છે અને ત્યારબાદ અનંતનાથનું દેહરું દર્શાવવામાં આવ્યું છે.

પ્રથમ ખારવાવાડમાં દેહરા ૧૨ તેહની વિગત

૧. શ્રી સ્થંભણ પાર્શ્વનાથનું દેહરું.

.....

૯. **શ્રી કંસારી પાર્શ્વનાથનું દેહરું.**

૧૦. શ્રી અનંતનાથનું દેહરું.

૧૧. શ્રી મહાવીર સ્વામીનું દેહરું સમવસરણ ચૌમુખ.

૧૨. શ્રી મુનીસુવ્રત સ્વામીનું દેહરું.

એટલે કે સં. ૧૯૦૦ પહેલાં કંસારી ગામમાંથી પાર્શ્વનાથજીના પ્રતિમાજીની ખારવાડામાં પધરામણી કરાવવામાં આવી હશે અને ત્યારથી એ પ્રતિમાજી કંસારી પાર્શ્વનાથના નામથી મૂળનાયક તરીકે પ્રચલિત થયા હશે. આજે ભીંત ઉપર મૂળનાયકની ઉપરના ભાગમાં શ્રી ભીડભંજન (કંસારી) પાર્શ્વનાથ લખેલું જોવા મળે છે જે સાબિત કરે છે કે આ પ્રતિમાજી કંસારી ગામના ભીડભંજન પાર્શ્વનાથ જ છે. કંસારી ગામેથી આણેલા એટલે કંસારી પાર્શ્વનાથ કહેવાય છે.

સં. ૧૯૪૭માં પ્રગટ થયેલ **જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથ**ની પ્રસ્તાવનામાં ખારવાડામાં આવેલા આ જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૮ માં થયેલો છે જે નીચે મુજબ છે :

ખારવાડામાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧. શ્રી સ્થંભણ પાર્શ્વનાથ.

.....

૮. **કંસારી પાર્શ્વનાથ.**

૯. અનંતનાથ.

૧૦. માહાવીરસ્વામી (ચોમુખજીના આકારનું છે.)

૧૧. મુનિસુવ્રતસ્વામીનું.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ખારવાડામાં આવેલા કંસારી પાર્શ્વનાથના જિનાલયને ધાબાબંધી જિનાલય તરીકે દર્શાવવામાં આવ્યું છે. તે સમયે જિનાલયમાં પાષાણની સાત પ્રતિમાજીઓ વિદ્યમાન હતી અને જિનાલયના મકાનની સ્થિતિ સાધારણ હતી.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીઓમાં કંસારી પાર્શ્વનાથજીના જિનાલયમાં પાષાણની પાંચ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી અને તે સમયે ખારવાડામાં આ જિનાલય રાયા રતનચંદની ખડકીમાં દર્શાવવામાં આવ્યું હતું. જિનાલયનો વહીવટ રાયા રતનચંદવાળા વાડીલાલ છોટાલાલ હસ્તક હતો.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં ખારવાડામાં આવેલા કંસારી પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી જિનાલય તરીકે થયેલો છે. તે સમયે જિનાલયમાં પાષાણની પાંચ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી અને વહીવટ શેઠ વાડીલાલ છોટાલાલ હસ્તક હતો.

ઉપર્યુક્ત પંક્તિઓ ઐતિહાસિક રાસમાળા ભાગ ૩ના પૃ૰ ૩૧ ઉપરૅ નોંધાયેલી છે. એમાં આપેલી વિગતો અનુસાર સં૰ ૧૬૩૯માં સુધર્મગચ્છના આચાર્ય શ્રી વિજયદેવસૂરિ (વિનયદેવસૂરિ ?) ખંભાત પધાર્યા હતા ત્યારે કંસારીમાં ત્રણ દિવસ રહ્યા હતા અને પાર્શ્વનાથનાં દર્શન કર્યા હતાં.

ગછપત્તિ પાંગર્યા પરિવારઈ બહુ પરવર્યા
ગુણભર્યા કંસારઈ આવીયા એ.

પાસજિણંદ એ અશ્વસેન કુલિ ચંદ એ,
વુંદ એ ભાવ ધરીનઈ વંદીયા એ.

આજે આ જિનાલયના વહીવટદાર શ્રી કાંતિલાલ મણિલાલ પરીખ છે. તેઓ મુંબઈમાં રહે છે અને જિનાલયની દેખરેખ શ્રી શશીકાંતભાઈ નટવરલાલ શાહ રાખે છે જેઓ બોરપીપળામાં ઝવેરીની ખડકીમાં રહે છે.

આ જિનાલયના પ્રવેશદ્વારના થાંભલા પર નયનરમ્ય પૂતળીઓનાં શિલ્પો છે. રંગમંડપ સાદો છે. જિનાલયમાં ભોમતી છે. જિનાલયનો જીર્ણોદ્ધાર હમણાં જ થયેલો છે.

અહીં કદંબગિરિ, ગિરનાર, આબુ, અષ્ટાપદ, શત્રુંજય, સમેતશિખર, શંખેશ્વર, કચ્છ,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભદ્રેશ્વર, નંદીશ્વરદ્વીપ, જેસલમેર, રાણકપુર, તાલધ્વજ (તળાજા) તથા હસ્તગિરિના પટ તેમજ સિદ્ધચક્ર મહામંત્ર, સકલતીર્થના ૧૦૮ મૂળનાયક ભગવાનના ચિત્રાંકનોથી દીવાલો ભરચક છે. ભોમતીની દીવાલો ઉપર પણ શ્રી પાર્શ્વનાથ ભગવાનના દસ ભવો, નાગેશ્વર પાર્શ્વનાથ, શાંતિનાથજીના ચિત્રો ઉપરાંત ૧૭૦ ભગવાનનો તથા સહસ્રકુટનો વિશાળ પટ, વીસ સ્થાનકનો પટ અને છપ્પન દિક્કુમારીઓના ચિત્રો ચિત્રાંકન પામ્યા છે. તદુપરાંત, શ્રી આદેશ્વર ભગવાનનું વરસીતપનું પારણું અને સતી સીતાના જીવનપ્રસંગો પણ ચિત્રિત થયા છે. પટ અને જીવનપ્રસંગોના આ બહુવિધ ચિત્રાંકનો જિનાલયની ઇંચ જેટલી જગ્યા પર કોરી રાખતા નથી. જિનાલયના દર્શન કરતી વખતે આ બધાં ચિત્રાંકનો આપણને ભક્તિ અને વૈરાગ્યના ભાવમાં લઈ જાય છે વળી, એકસાથે અહીં જૈન કથા પ્રસંગોની વિપુલતાને ચિત્રો દ્વારા માણી શકાય છે. જૈન સંસ્કૃતિના નજારાને એક જ ઝલકમાં પામવા માટે આ જિનાલયની મુલાકાત અવશ્ય લેવી ઘટે.

ગભારામાં મૂળનાયક શ્રી કંસારી પાર્શ્વનાથજીના પ્રતિમાજીના સિંહાસનની કોતરણી કલાત્મક છે. સિંહાસનની નીચે પણ કોતરણીના ત્રણ સુંદર નમૂના છે. (જૂઓ ફોટોગ્રાફ નં. ૫, ૬, ૭) મૂળનાયક શ્રી કંસારી પાર્શ્વનાથની પ્રતિમાજી પર લેપ થયેલ છે તેથી મૂર્તિલેખ અંગેની માહિતી પ્રાપ્ત થતી નથી. અહીં પાષાણની કુલ પાંચ પ્રતિમાજીઓ છે.

ટૂંકમાં, ખારવાડાનું આ જિનાલય **સં. ૧૯૦૦ પહેલાના** સમયનું છે અને મૂળનાયક પ્રતિમાજી ૧૬મા સૈકાના સમયની હોવાનું ચોક્કસપણે માની શકાય. તેથી પણ વધુ પ્રાચીન સમય નક્કી કરવા માટે વધુ સંશોધનની જરૂર છે.

• • •

ખારવાડો

મહાવીર સ્વામી ચોમુખજી (સં. ૧૬૫૮ આસપાસ)

ખારવાડામાં આવેલું મહાવીરસ્વામી (ચૌમુખજી)નું જિનાલય આરસપહાણનું બનેલું તથા ધાબાબંધી છે. મૂળનાયક ચૌમુખજી છે.

મૂળનાયક શ્રી મહાવીર સ્વામીની પ્રતિમા પર લેખ છે જેમાં 'ઇલાહી ૪૬ સં. ૧૬૫૮ શ્રી વિજયદેવસૂરિ વાંચી શકાય છે. મૂળનાયકની ડાબી બાજુ તથા જમણી બાજુની બંને મહાવીર સ્વામીની પ્રતિમાજીઓ પરના લેખમાં 'ઇલાહી ૪૮ સં. ૧૬૫૯ વૈશાખ..... સોહાસિણિસુત તેજપાલ..... વિજયસેનસૂરિ' વંચાય છે તથા મૂળનાયકની પાછળની મહાવીર સ્વામીની પ્રતિમાજી પરના લેખમાં 'સં. ૧૬૫૮ ઇલાહી સં. ૪૬ માઘ તેજપાલ ભાર્યા તેજલ દે.... વિજયદેવસૂરિ..' વાંચી શકાય છે.

સં. ૧૬૭૩ માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં ખારવાડાના આ જિનાલયની નોંધ નીચે મુજબની પંક્તિઓમાં આવે છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આહે ખારૂઆ તણી વલી પોલિમાં, સાતઈ દેહરાં કહી જઈ ।

.....

આહે પાંચ બ્યંબ પ્રેમે નમું, વીર ચોમુષ સાત ॥ ૩૨

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં આ જિનાલય વિશે નીચે મુજબની પંક્તિઓમાં ઉલ્લેખ આવે છે :

ખારૂઆ વાડઈ વીર જિન ચમુષી બ્યાસી નમો અવિલંબજી

શ્રી મુનિસુવ્રત દેહરઈ ભુંઈરઈ દોઈસઈ ચૌદઇ બિંબજી ૬

સં૰ ૧૯૦૦માં ખારવાડામાં બાર જિનાલયોનો ઉલ્લેખ આવે છે જે પૈકી શ્રી મહાવીરસ્વામીના ચૌમુખજીના જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૧૧માં નીચે મુજબ આવે છે :

પ્રથમ ષારવાવાડામાં દેહરાં ૧૨ તેહની વિગત-

૦૧. શ્રી સ્થંભણ પાર્શ્વનાથનું દેહરું તે મધઈ

.....

૧૧. શ્રી માહાવીર સ્વામી દેહરું સમવસરણ ચૌમુખ

૧૨. શ્રી મુનિસુવ્રતસ્વામીનું દેહરું

સં૰ ૧૯૪૭માં જયતિહુઅણસ્તોત્ર ગ્રંથની પ્રસ્તાવનામાં પણ મહાવીર સ્વામી ચૌમુખજીના જિનાલયનો ઉલ્લેખ ખારવાડા વિસ્તારમાં ક્રમાંક ૧૦માં થયેલો છે જે નીચે મુજબ છે :

ખારવાડમાં

૦૧. શ્રી સ્થંભણ પાર્શ્વનાથજીનું

.....

૧૦. મહાવીર સ્વામીનું (ચૌમુખજીના આકારનું છે)

૧૧. મુનિસુવ્રતસ્વામીજીનું

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ખારવાડામાં આવેલા શ્રી મહાવીર સ્વામીના જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે દર્શાવવામાં આવ્યો છે. જિનાલયમાં તે સમયે પાષાણની દસ પ્રતિમાજીઓ બિરાજમાન હતી અને જિનાલયના મકાનની સ્થિતિ સાધારણ હતી.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઇતિહાસ અને ચૈત્યપરિપાટીમાં ખારવાડામાં મહાવીર સ્વામીજીના જિનાલયમાં પાષાણની નવ પ્રતિમાજીઓ બિરાજમાન હતી અને તે સમયે જિનાલયનો વહીવટ શા૰ રાયા રતનચંદવાળા વાડીલાલ છોટાલાલ હસ્તક હતો. તેઓ જિનાલયની નજીક જ રહેતા હતા.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં ખારવાડામાં આવેલું મહાવીરસ્વામીનું જિનાલય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધાબાબંધી દર્શાવવામાં આવેલું હતું. પાષાણના દસ પ્રતિમાજીઓ બિરાજમાન હતા અને વહીવટ શેઠ વાડીલાલ છોટાલાલ હસ્તક હતો. તે સમયે ધાતુની એક ગુરુમૂર્તિ પણ બિરાજમાન હતી અને રંગનું ચિત્રકામ સારું હોવાનો પણ ઉલ્લેખ થયેલો છે. આજે આ જિનાલયની દેખરેખ શ્રી શશિકાંતભાઈ નટવરલાલ શાહ રાખે છે, જેઓ બોરપીપળાની ઝવેરીની ખડકીમાં રહે છે. જિનાલયના વહીવટદાર શ્રી કાંતિલાલ મણીલાલ પરીખ છે. તેઓ હાલમાં મુંબઈમાં વસે છે.

પ્રવેશદ્વાર ઉપરની ભીંતે સરસ્વતીદેવી તથા તેની આજુબાજુ મુનિ ભગવંતની મૂર્તિઓનાં શિલ્પો છે. બારસાખ લાકડાની સુંદર કોતરણીયુક્ત છે.

રંગમંડપમાં દીવાલો પર સુંદર ચિત્રકામ તથા પટ છે. રંગમંડપમાં ક્યાંય પણ નજર પડે તો તીર્થોનાં દર્શન થાય ! ચંપાપુરી, અષ્ટાપદ રાજગૃહી, કેશરિયાજી, નંદીશ્વરદ્વીપ, ઈડર, ભોંયણી, તળાજા, સમેતશિખર, ગિરનાર, શત્રુંજય, તારંગાજી અને પાવાપુરીના ચિત્રાંકન કરેલા પટ છે. વચ્ચે રહેતી ખાલી જગ્યામાં આદેશ્વરજીના અને શ્રીપાલરાજાના જીવનપ્રસંગો ચિત્રિત કરેલા છે. કંસારી પાર્શ્વનાથના જિનાલયની પેઠે અહીં પણ દીવાલો પટ તથા તીર્થંકર અને સુશ્રાવકોના જીવનપ્રસંગોના ચિત્રાંકનથી ભરચક છે.

મૂળનાયક ચૌમુખજીની ચાર પ્રતિમા સિવાય અન્ય પાંચ પ્રતિમાજીઓ બિરાજમાન છે. તમામ પ્રતિમાજીઓ પરિકરયુક્ત છે. ચૌમુખજીને પરિકર નથી. શ્રી જિનદત્તસૂરિનાં પગલાં પણ આ જિનાલયમાં વિદ્યમાન છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૬૫૮ની આસપાસ**ના સમયનું છે.

• • •

ખારવાડો

મુનિસુવ્રત સ્વામી (સં૰ ૧૭૦૧ પહેલાં)

કન્યાશાળા બાજુથી ખારવાડામાં પ્રવેશ કરીએ તો એક જ પરિસરમાં આવેલા તથા એક જિનાલયમાંથી બીજા જિનાલયમાં જવાય તેવાં ત્રણ જિનાલયો વિદ્યમાન છે. સૌથી પહેલાં મુનિસુવ્રતસ્વામીનું કાચનું ધાબાબંધી નાનું પણ નયનરમ્ય જિનાલય આવે છે.

મૂળનાયક શ્રી મુનિસુવ્રત સ્વામીની પ્રતિમા પરના લેખમાં "સં૰ ૧૬૭૭ વર્ષે કાર્તિક સિત....." એ મુજબનું લખાણ વંચાય છે. તથા મૂળનાયકની પ્રતિમાના પબાસનના આગળના ભાગ ઉપર લેખમાં 'સં૰ ૧૬૭૭ મુનિસુવ્રતબિંબ પ્ર૰ વા૰ કુઅરિ બા૰ રૂપમાઈ કા૰ શ્રી તપાગચ્છે શ્રી વિજયદેવસૂરિભિઃ' વંચાય છે જ્યારે મૂળનાયકની જમણી બાજુ બિરાજમાન પ્રતિમાના લેખ પર સંવત ૧૬૪૪ અને વિજયસેનસૂરિનું નામ વંચાય છે.

સં૰ ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત **'ત્રંબાવતી તીર્થમાલા'**માં ખારવાડામાં આવેલા મુનિસુવ્રતસ્વામીના જિનાલય વિશે નીચે મુજબની પંક્તિઓમાં ઉલ્લેખ આવે છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આહે ષારૂઆતણી વલી પોલિમાં, સાતઈ દેહરાં કહી જઈ ।
આહે બત્રીસાં સો બ્યંબશું, સીમંધર લહીઈ ॥ ૩૦
આહે **મુનિસુવ્રત** વીસ બ્યંબશું, સંભવ જિન બ્યંબ વીસ ।

સં૰ ૧૭૦૧માં કવિ મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં ખારવાડામાં આવેલા મુનિસુવ્રત સ્વામીના જિનાલય વિશે નીચે મુજબની પંક્તિઓમાં ઉલ્લેખ આવે છે :

ષારુઆ વાડઈ વીર જિન ચઉમુષી બ્યાસી નમો અવિલંબજી
શ્રી **મુનિસુવ્રત દેહરઈ ભુંઈરઈ** દોઈસઈ ચૌદહ બિંબજી ૬

એટલે કે સં૰ ૧૭૦૧માં મુનિસુવ્રતસ્વામીનું જિનાલય ભોંયરાયુક્ત હતું. આજે આ જિનાલય ભોંયરાયુક્ત નથી.

સં૰ ૧૯૦૦માં ખારવાડામાં મુનિસુવ્રત સ્વામીજીનાં બે જિનાલયોનો ઉલ્લેખ મળે છે. ક્રમાંક ૮માં તથા ક્રમાંક ૧૨માં આ બે જિનાલયો વિશેની નોંધ નીચે મુજબ આપવામાં આવી છે :

પ્રથમ ષારવાવાડામાં દેહરાં ૧૨ તેહની વિગત—

૮. શ્રી ચઉવીસ તીર્થંકર મૂલનાયક **મુનિસુવ્રત સ્વામી છઈ.**

૯. શ્રી કંસારી પાર્શ્વનાથનું દેહરું.

૧૦. શ્રી અનંતનાથનું દેહરું.

૧૧. શ્રી મહાવીર સ્વામી દેહરું સમવસરણ ચૌમુખ.

૧૨. શ્રી **મુનિસુવ્રત સ્વામી**નું દેહરું.

સં૰ ૧૯૪૭માં પ્રગટ થયેલ **જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથ**ની પ્રસ્તાવનામાં ખારવાડા વિસ્તારમાં મુનિસુવ્રત સ્વામીનાં કુલ બે જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ નીચે મુજબ પ્રાપ્ત થાય છે :

ખારવાડામાં

૧. શ્રી સ્થંભણ પાર્શ્વનાથજીનું.

.....

૭. **મુનિસુવ્રતસ્વામી**નું.

૮. કસારી પારસનાથજીનું.

૯. અનંતનાથજીનું.

૧૦. માહાવીરસ્વામીનું (ચૌમુખજીના આકારનું છે).

૧૧. **મુનીસુવ્રતસ્વામી**નું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૯૦૦માં તથા સં૰ ૧૯૪૭માં ખારવાડા વિસ્તારમાં મુનિસુવ્રતસ્વામીનાં બે જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ મળે છે. પરંતુ સં૰ ૧૬૭૩માં, સં૰ ૧૭૦૧માં, સં૰ ૧૯૬૩માં, સં૰ ૧૯૮૪માં, સં૰ ૨૦૧૦માં અને આજે (સં૰ ૨૦૫૫માં) ખારવાડા વિસ્તારમાં મુનિસુવ્રત સ્વામીનું એક જ જિનાલય વિદ્યમાન હોવાનું જણાય છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ખારવાડામાં મુનિસુવ્રત સ્વામીનું જિનાલય ધાબાબંધી દર્શાવવામાં આવ્યું હતું. જિનાલયના મકાનની સ્થિતિ સારી હતી. પાષાણની એકત્રીસ પ્રતિમાજીઓ બિરાજમાન હતી અને પગલાંની એક જોડ પણ વિદ્યમાન હતી.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં ખારવાડામાં આવેલા મુનિસુવ્રત સ્વામીના જિનાલયમાં પાષાણની છ પ્રતિમાજીઓ બિરાજમાન હતી. તે સમયે જિનાલયનો વહીવટ શા૰ બુલાખીદાસ નાનચંદ હસ્તક હતો, જેઓ તે સમય બોરપીપળા નજીકની શેરીમાં રહેતા હતા.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં ખારવાડાના મુનિસુવ્રત સ્વામીનું જિનાલય ધાબાબંધી દર્શાવવામાં આવ્યું હતું. તે સમયે પાષાણની છ પ્રતિમાજીઓ બિરાજમાન હતી અને વહીવટ શેઠ બુલાખીદાસ નાનચંદ હસ્તક હતો. જિનાલયના મકાનની સ્થિતિ તે સમયે સારી હતી. આજે આ જિનાલયના વહીવટદાર તરીકે શ્રી કેશવલાલ બુલાખીદાસ નાનચંદ પરિવાર છે જ્યારે જિનાલયની દેખરેખ શ્રી દિનેશભાઈ મોતીલાલ ઝવેરી તથા શ્રી શશીકાંતભાઈ નટવરલાલ શાહ રાખે છે. તેઓ બંને બોરપીપળામાંની ઝવેરીની ખડકીમાં રહે છે.

મુનિસુવ્રતસ્વામી અને મહાવીર ચૌમુખજીના જિનાલયના પરિસરમાં ખંભાતનાં જિનાલયોનો માહિતીપ્રદ નકશો મૂકવામાં આવ્યો છે. તે ઘણો ઉપયોગી છે. મુનિસુવ્રત સ્વામીના જિનાલયની બહારની દીવાલે કમ્પાઉન્ડ વોલ પર લેમ્પ પોસ્ટ મૂક્યા છે. તે ખૂબ સુંદર લાગે છે. બંને જિનાલયોની વચ્ચોવચ ત્રણ શિખરયુક્ત ગોખ (દેવકુલિકા) છે જેમાં શત્રુંજય પહાડના મોટા પથ્થર મૂકવામાં આવ્યા છે. શત્રુંજય સુધી યાત્રા ન કરી શકનાર ભાવિકો ખૂબ જ ભક્તિભાવપૂર્વક આ પથ્થરની પૂજા કરે છે.

હાલમાં આ જિનાલયમાં જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે. કામ લગભગ પૂરું થવા આવ્યું છે. આખું જિનાલય કાચનું છે. ફરસ સિવાય આજુબાજુની દીવાલો અને છતમાં રંગબેરંગી કાચની મેળવણીથી થયેલું સુંદર કામ જોવા મળે છે. (જુઓ ફોટોગ્રાફ નં૰ ૮)

ગભારામાં અશોક વૃક્ષ અને દેવ-દેવીઓની આકૃતિઓનું કાચકામ મનને મોહી લે છે. ગભારાની બહાર રંગમંડપમાં દીવાલોમાં અષ્ટાપદ, પાવાપુરી, શત્રુંજય, આબુ, ચંપાપુરી જેવા પટો કાચકામમાં કરેલા છે. સમેતશિખર, ઈડર અને રાજગૃહીના પટનું કામ ચાલુ છે. મુનિસુવ્રતસ્વામી તથા શાંતિનાથના પૂર્વ ભવોનું આલેખન પણ કાચકામમાં જ છે. ગર્ભદ્વાર પાસે નાગેશ્વર પાર્શ્વનાથ તથા શાંતિનાથ ભગવાનનાં કાચચિત્રો મનમોહક છે. જિનાલય જાણે કે નાનો શીશમહલ લાગે છે !

ગભારાને એક દ્વાર છે. ગર્ભગૃહમાં પાષાણની કુલ સાત પ્રતિમાજીઓ બિરાજમાન છે, જે પૈકી એક રાતા અને એક શ્યામ રંગના છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખારવાડામાં મુનિસુવ્રતસ્વામીના જિનાલયનો ઉલ્લેખ સં૰ ૧૬૭૩માં તથા સં૰ ૧૭૦૧માં મળે છે. જ્યારે મૂળનાયક મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા પરનો લેખ સં૰ ૧૬૭૭નો છે. ઉપરાંત મૂળનાયકની જમણી બાજુ બિરાજમાન પ્રતિમાના લેખ પર સં૰ ૧૬૪૪ અને વિજયસેનસૂરિનું નામ સ્પષ્ટ વંચાય છે. એટલે કે, આ જિનાલય સં૰ ૧૬૭૩ પહેલાંનું નક્કી કરવા માટે વધુ ચકાસણીની જરૂર રહે છે.

ટૂંકમાં, આ જિનાલય **સં૰ ૧૭૦૧ પહેલાના** સમયનું છે.

• • •

ખારવાડો

સ્થંભન પાર્શ્વનાથ

ખારવાડામાં અનંતનાથ અને કંસારી પાર્શ્વનાથના જિનાલયની હરોળમાં તથા સીમંધર સ્વામીના જિનાલયની સામેની બાજુએ શ્રી સ્થંભણ પાર્શ્વનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે. મુખ્ય ત્રણ શિખરો અને બીજા બે નાના મળી આ જિનાલયને કુલ પાંચ શિખરો છે.

સ્થંભણ પાર્શ્વનાથના પ્રતિમાજીની પ્રાચીનતા નક્કી પણ થઈ શકતી નથી. તે અંગે અનેક ગ્રંથોમાં તેની પ્રાચીનતા અને માહાત્મ્ય વર્ણવવામાં આવેલાં છે.

કવિ ડુંગર ૧૬મા સૈકામાં ખંભાયત ચૈત્યપરિપાટીમાં અનાદિકાળની આ પ્રતિમા અંગે નીચે મુજબ પ્રશસ્તિ કરે છે :

સરસતિ સામિણિ કરઉ પસાઉ મઝ એ કરહાડે,
ખંભનયરિ જિનભવન અછઈ તિહાં ચૈત્ય પ્રવાડે,

થંભણપુરનઉ પાસ આસ ભવિયણ જિણ પૂરઈ,
સેવક જન આધાર સાર, સંકટ સવિ ચૂરઈ

જસ લંછણિં ધરણિંદ ઈંદ પુમાવઈ સહીઅ,
તિહાં મૂરતિ અનાદિ આદિ તે કુણહિ ન કહીઅ.

અજીતનાથ ભગવાનના જિનાલયનો ઉલ્લેખ કરતો સં૰ ૧૩૬૬નો લેખ આ જિનાલયમાં છે. જેનો મુખ્ય સાર એ છે કે જિનપ્રબોધસૂરિના શિષ્ય જિનચંદ્રસૂરિના ઉપદેશથી ઉકેશવંશવાળા સા૰ જેસલ નામના શ્રાવકે અજીતદેવ તીર્થંકરનું ભવ્ય મંદિર બંધાવ્યું.

સં૰ ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાળા**માં સ્થંભન પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ **જીરાઉલાની પોળ** વિસ્તારમાં થયેલો છે :

આએ **જીરાઉલાની પોલ્ય**માં, પંચ ભુવન વષાણૂં ।
આએ **શ્રી થંભણ** ચઉ બ્યંબશું, તીહાં બઈઠા એ જાણઉં ॥ ૧૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુનિ શ્રી જગવલ્લભ વિજયજી મ૰ સા૰ સંપાદિત **શ્રી ૧૦૮ પાર્શ્વનાથ તીર્થ દર્શન** ગ્રંથમાં પૃ૰ ૫૧, ૫૨ તથા ૫૩ પર શ્રી સ્થંભન પાર્શ્વનાથ વિશે નીચે મુજબની સવિસ્તર નોંધ આવે છે, જે અક્ષરશઃ અહીં રજૂ કરવી જરૂરી લાગે છે :

શ્રી સ્તંભન પાર્શ્વનાથ

પ્રથમ નજરે પ્રતિમા દર્શન :

કૃષ્ણ વર્ણના આ કામણગારા પ્રતિમાજી એટલે અનંત માહાત્મ્યનું ધામ જોઈ લ્યો ! ૮ ઈંચ ઊંચા નાનકડા આ પ્રભુજી એટલે સૌમ્ય રસનો ઘુઘવાટ કરતો મહાસાગર જોઈ લ્યો ! પાંચફણાથી પરિવરેલા આ પરમદેવ એટલે પ્રશમરસ અને પ્રસન્ન રસની પરિમલ પ્રસરાવતાં પુષ્પોનો મઘમઘતો બગીચો જોઈ લ્યો ! પદ્માસને પ્રતિષ્ઠિત આ અરિહંત એટલે અખંડ સૃષ્ટિનું મહામૂલું આભૂષણ જોઈ લ્યો ! ૬ ઈંચ પહોળા આ સોહામણા અને શિવંકરસ્વામી એટલે વિષાદઘેરી વ્યક્તિઓને માટે વિશ્રાન્તિ સ્થાન જોઈ લ્યો ! સપ્તફણા પરિકરનો પમરાટ એટલે ભક્તના સાતેય પ્રકારના ભયોનો ભાંગનારો તરવરાટ જ માની લ્યો ને !

અતીતના ઊંડાણમાં એક ડૂબકી :

શ્રી સ્તંભન પાર્શ્વનાથનો જેવો પ્રબળ પ્રભાવ છે તેવો જ તેનો ઉજ્જવલ ઈતિહાસ છે. ગત ચોવીસીના શ્રી નેમિનાથ પ્રભુના શાસનમાં અષાઢી નામના પ્રભુભક્ત શ્રાવકે ભક્તિની અનહદ ઊર્મિઓ ઠાલવીને અનાગત ચોવીસીના ત્રેવીસમા તીર્થપતિ શ્રી પાર્શ્વનાથ સ્વામીની નીલમરત્નની એક મનોહર મૂર્તિ ભરાવી. અષાઢીના અદ્‌ભુત ભક્તિના ભાવોથી મઢેલી આ પ્રતિમા પ્રતાપી બની. વર્ષો સુધી અષાઢી શ્રાવકે આ પ્રતિમાને ભક્તિસભર હૈયે પૂજી.

પરમ પ્રભાવને પામેલી આ મૂર્તિ સૉધર્મપતિના આકર્ષણનું કેન્દ્ર બની. પ્રતિમાને પોતાના આવાસમાં પધરાવીને સૉધર્મેન્દ્રે હજારો વર્ષો સુધી તેની પૂજા કરી. ત્યાર પછી વરુણ દેવે આ પ્રતિમાને ચિરકાળ પર્યંત પૂજી. કાળાન્તરે આ પ્રતિમાજી નાગરાજના હાથમાં આવી. સમુદ્રકિનારે એક દેવવિમાન સદૃશ મનોહર જિનાલયમાં આ પ્રતિમાજીને પધરાવીને નાગકુમારેન્દ્ર પાતાલવાસી દેવોની સાથે આ પરમાત્માની નિત્ય અર્ચના કરવા લાગ્યો.

કાળપુરુષની ગતિ અવિરતપણે ચાલુ રહી. વર્તમાન ચોવીસીના વીસમા તીર્થકર શ્રી મુનિસુવ્રત સ્વામીના શાસનકાળમાં વનવાસસ્થિત રામચંદ્રજી સીતાનું હરણ થતાં ચિંતિત બન્યા. રાવણ પાસેથી સીતાને પાછી મેળવવા રામ-લક્ષ્મણ વિશાલ સેના સહિત સમુદ્રકિનારે છાવણી નાંખીને રહ્યા હતા. વિરાટ સમુદ્રને ઓળંગવાની મૂંઝવણથી વ્યથિત એવા આ બંધુ યુગલે અકસ્માત નિકટના નિર્જન પ્રદેશમાં એક ભવ્ય જિનપ્રાસાદ નીરખ્યો. જિનપ્રાસાદમાં પ્રવેશ કરતા અનુપમ રૂપને ધારણ કરનારા શ્રી પાર્શ્વનાથજીના અદ્‌ભુત બિંબને નિહાળીને આ બંધુબેલડી હર્ષાન્વિત બની. દેવાર્ચિત આ જિનબિંબના પ્રબળ પ્રભાવને પામવા આ બન્ને બંધુના ભક્તહૃદય ઉલ્લસિત બન્યાં. તેમણે એકાગ્રચિત્તે પરમાત્માનું ધ્યાન ધર્યું. પોતાના સ્વામી પ્રત્યે ભક્તિઘેલા બનેલા આ બે બંધુને નિહાળી પ્રસન્ન ચિત્ત બનેલો નાગરાજ પ્રત્યક્ષ થયો. તેણે આ પ્રભાવકારી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રતિમાનો ઉજ્જવલ ઇતિહાસ આ બંધુબેલડીને કહી સંભળાવ્યો.

ભાવવિભોર બનીને પરમાત્માને પૂજ્યા બાદ આ બન્ને બંધુ જિનાલયની બહાર નીકળ્યા. સમુદ્રજલ સ્તંભિત થયાની તેમને વધામણી મળી. પરમાત્માના આ પ્રત્યક્ષ પ્રભાવથી ઓવારી ગયેલા રામચંદ્રજીએ ''શ્રી સ્તંભન પાર્શ્વનાથ'' નામથી પરમાત્માને બિરદાવ્યા, હર્ષાન્વિત બનીને સહુએ ત્યાં ભવ્ય જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઊજવ્યો.

કાળની કિતાબનાં પાનાં ફરતાં ગયાં. નવમા વાસુદેવ શ્રી કૃષ્ણ મહારાજા સમુદ્રકિનારે છાવણી નાખીને રહ્યા હતા. તેમણે ત્યાં એક મનોહર જિનમંદિરમાં નીલમરત્નના અલૌકિક જિનબિંબને નિહાળ્યું. આ પ્રતિમાજી સમક્ષ ભક્તિઘેલા બનીને નૃત્ય કરતા નાગકુમાર દેવોને કૃષ્ણ મહારાજે નિહાળ્યા. પાતાલપતિ નાગરાજથી પૂજાતી આ અલૌકિક પ્રતિમાનો સમગ્ર વૃત્તાંત દેવોએ તેમને કહી સંભળાવ્યો.

આ અદ્‌ભુત પ્રભાવશાળી બિંબને પોતાના પાટનગર દ્વારિકામાં લઈ જવાના શ્રી કૃષ્ણવાસુદેવને મનોરથ થયા. તેની વિનંતીને માન્ય કરી નાગરાજે આ પ્રતિમાજી દ્વારિકા લઈ જવા અનુજ્ઞા આપી. દ્વારિકામાં લઈ જઈને કૃષ્ણ વાસુદેવે આ પ્રભાવક પ્રતિમાને માણેક અને સુવર્ણ જડિત જિનપ્રાસાદમાં બિરાજમાન કર્યા.

કાળક્રમે દ્વારિકાનગરી દેવી પ્રકોપનો ભોગ બની. પણ અધિષ્ઠાયક દેવની પૂર્વ સૂચનાથી એક ભક્ત શ્રાવકે આ પ્રતિમાજીને સમુદ્રમાં પધરાવ્યાં. દ્વારિકા નગરી ભયાનક દાહમાં નાશ પામી અને પ્રતિમાજી સમુદ્રમાં સુરક્ષિત રહ્યાં. સમુદ્રમાં તક્ષક નામના નાગેન્દ્રે આ પ્રતિમાજીની ૮૦,૦૦૦ વર્ષ સુધી પૂજા કરી. ત્યારબાદ વરુણદેવ આ પ્રતિમાને પૂજવા લાગ્યો.

૪૦૦૦ વર્ષ સુધી આ રીતે વરુણદેવ દ્વારા આ પ્રતિમા પૂજાયા બાદ અજબ ઘટના બની. કાંતિપુરના ધનસાર્થવાહનાં વહાણો સમુદ્રનાં ઊંડા નીરમાં સ્તંભિત થયાં. આવી પડેલી આપત્તિમાંથી બચવાના સઘળા પ્રયત્નો નિષ્ફળ જતાં અત્યંત હતાશ બનેલો સાર્થવાહ સમુદ્રમાં પડીને આત્મહત્યા કરવા તત્પર થયો. ત્યારે એક દિવ્ય વાણીએ આ સાર્થવાહને આત્મહત્યા કરતો રોક્યો અને સમુદ્રના પેટાળમાં રહેલા શ્રી પાર્શ્વપ્રભુના બિંબના પ્રભાવથી આપત્તિનું નિવારણ થશે તેમ સૂચવ્યું. દેવતાએ નીલમરત્નના આ પ્રભાવક બિંબનો પ્રતાપી ઇતિહાસ આ સાર્થવાહને કહી સંભળાવ્યો.

દેવી સહાયથી સાર્થવાહે આ પ્રતિમાજીને સમુદ્રમાંથી બહાર આણ્યાં. કાંતિપુરીમાં આ પ્રતિમાનો ભવ્ય ઠાઠથી પ્રવેશ કરાવીને સાર્થવાહે તેને એક મનોહર જિનપ્રાસાદમાં બિરાજમાન કર્યા. આ પ્રતિમાની સાથે જ સમુદ્રમાંથી બીજા બે પ્રતિમાજી પ્રાપ્ત થયા હતાં. તેમાંના એક શ્રી પાર્શ્વપ્રભુનાં પ્રતિમાજી ચારૂપ ગામમાં અને શ્રી નેમિનાથના પ્રતિમાજી શ્રીપત્તનમાં આજે બિરાજમાન છે.

કાંતિપુરીના શ્રદ્ધાવંત શ્રાવકો આ પ્રભાવક પ્રતિમાજીને ભક્તિપૂર્વક નિત્ય પૂજતા. આ રીતે ૨૦૦૦ વર્ષો પસાર થતાં વિક્રમના પહેલા સૈકામાં વિદ્યાસાધના માટે નાગાર્જુન નામના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

યોગીએ કપટપૂર્વક આ પ્રતિમાનું હરણ કર્યું. શ્રી પાદલિપ્તસૂરિના શિષ્ય બનેલા આ નાગાર્જુને આ પ્રતિમાના પ્રભાવથી કોટીવેધ રસની સિદ્ધિ કરી. વિદ્યાસિદ્ધિનું કાર્ય પૂર્ણ થતાં આ બિંબને તેણે સેઢી નદીના કિનારે ખાખરના વૃક્ષતળે જમીનમાં ભંડારી દીધી. ત્યાં પણ આ પ્રતિમાજી દેવોથી પૂજાતી હતી.

શ્રી જિનેશ્વરસૂરિના શિષ્ય શ્રી અભયદેવ મુનિ ૧૬ વર્ષની કુમારવયે સૂરિપદે પ્રતિષ્ઠિત થયા. કર્મસંયોગે આ સૂરિદેવ કુષ્ટરોગના ભોગ બન્યા. આ રોગ ધર્મનિંદાનું કારણ બનતા વ્યથિત બનેલા સૂરિદેવને શાસનદેવીએ પ્રત્યક્ષ થઈ સાંત્વન આપ્યું. સેઢી નદીના તટે ખાખરના વૃક્ષ તળે ગુપ્ત શ્રી સ્તંભન પાર્શ્વનાથના પ્રતિમાજીનો પ્રભાવ પૂર્ણ ઇતિહાસ જણાવીને દેવીએ તે પ્રતિમાજી પ્રગટ કરવા પૂ૰ સૂરિદેવને સૂચન કર્યું અને નવ અંગોની ટીકા રચવા પૂ૰ સૂરિદેવને દેવીએ વિનંતી કરી.

દેવીસૂચિતસ્થાને સંઘ સહિત જઈને પૂ૰ અભયદેવસૂરિ મહારાજે ૩૨ શ્લોક પ્રમાણે જયતિહુઅણ સ્તોત્રની રચના કરીને શ્રી સ્તંભન પાર્શ્વનાથના પ્રતાપી બિંબને પ્રગટ કર્યું. આ પ્રતિમાજીના સ્નાત્ર જળથી પૂ૰ સૂરિદેવનો કુષ્ટ રોગ ક્ષણમાં નષ્ટ થયો. ધરણેન્દ્રના સૂચનથી પૂ૰ સૂરિદેવે સ્તોત્રની છેલ્લી બે ગાથા ગોપવી દીધી. શ્રી સંઘે સેઢી નદીના તટે સ્તંભનપુરમાં નૂતન જિનાલય બંધાવીને પૂ૰ સૂરિદેવના પુનિત હસ્તે શ્રી સ્તંભન પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા કરાવી. શ્રી અભયદેવસૂરિ દ્વારા શ્રી સ્તંભન પાર્શ્વનાથ પ્રભુના પ્રગટીકરણની ઘટના ૧૧મા સૈકામાં બની. પ્રતિમાના પ્રભાવથી પૂ૰ સૂરિદેવે નવ અંગોની વૃત્તિઓ રચી.''

આ પછીના ઇતિહાસની વિગતો હવે 'શાસન સમ્રાટ' ગ્રંથને આધારે આપવામાં આવી છે.

અલાઉદ્દીન ખીલજીએ ગુજરાત પર ચડાઈ કરી ત્યારે શ્રી સ્થંભન પાર્શ્વનાથ પ્રભુજીનું બિંબ વિ૰ સં૰ ૧૩૬૮માં સ્તંભતીર્થ(ખંભાત)માં લાવવામાં આવ્યું. ખંભાતનો સંઘ આ પ્રતિમાની ભક્તિપૂર્વક અર્ચના કરવા લાગ્યો. ત્યારબાદ વિ૰ સં૰ ૧૯૫૨માં તારાપુરના સોનીએ પ્રભુજીના નીલમના બિંબનું હરણ કર્યું. જાણ થતાં શ્રી સંઘ શોકથી ઘેરાઈ ગયો. તે અવસરે આવી પડેલા વિઘ્નના નિવારણ માટે ધર્મચુસ્ત શેઠ અમરચંદભાઈ પ્રેમચંદભાઈ તેમજ ઘણા ભાઈઓએ વિવિધ તપનો આરંભ કર્યો, તેમજ તેમના સુપુત્ર અને પ્રપૌત્ર ધર્મવીર શેઠ પોપટભાઈ તથા શેઠ પુરુષોત્તમભાઈ વગેરે ધર્મપ્રેમી ભાઈઓના સતત પ્રયાસથી સોનીને પકડવામાં આવ્યો અને તેણે નારેશ્વર તળાવ પાસેથી પ્રતિમાજી કાઢીને શ્રીસંઘને અર્પણ કર્યાં. આથી સહુ દર્શન કરી હર્ષિત થયા અને વિ૰ સં૰ ૧૯૫૫માં વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબના પુનિત હસ્તે પ્રતિષ્ઠા કરાવી કૃતાર્થ થયા.

સમયના વહેણની સાથે શ્રી સ્તંભન પાર્શ્વનાથનું ખારવાડાનું મંદિર જીર્ણ થયું. ખંભાતના શ્રી સંઘે એ જ સ્થાને ત્રણ શિખરનું નવીન વિશાળમંદિર બંધાવવાનું શરૂ કર્યું અને લાખોના ખર્ચે ભવ્ય મંદિર તૈયાર થયું. હવે એક બાજુ મંદિર તૈયાર થયું અને બીજી બાજુ શ્રીસંઘે તપાગચ્છગગનાં-ગણનભોમણિ તીર્થોદ્ધારક પ્રૌઢ પ્રતાપી બાલ બ્રહ્મચારી શાસન સમ્રાટ પૂજ્યપાદ જગત્‌ગુરુ આચાર્ય દેવ શ્રીમાન વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબને પ્રતિષ્ઠાને માટે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિનંતિ કરી. સૂરીશ્વરજી સંઘની વિનંતિનો સ્વીકાર કરી પોતાના વિદ્વાન શિષ્ય પ્રશિષ્ય સૂરિપુંગવો સહિત ખંભાત બંદરમાં પધાર્યા. શ્રીસંઘે પ્રતિષ્ઠા મહોત્સવ શરૂ કર્યો, અને શ્રીસંઘનાં માનભર્યા આમંત્રણો સ્વીકારી દેશદેશના ભાવિક સદ્‌ગૃહસ્થો પ્રતિષ્ઠામહોત્સવમાં આવ્યાં.

ત્યાર બાદ પ્રભુજીને બિરાજમાન કરવાની બોલી બોલાવા લાગી અને શ્રી સુરતનિવાસી સ્વર્ગસ્થ શેઠ બાલાભાઈ ભગવાનદાસ ઝવેરીનાં ધર્મપત્ની ધનકોર બહેનને દશ હજારની બોલીએ શ્રી સ્તંભન પાર્શ્વનાથ પ્રભુને મૂળનાયક તરીકે બિરાજમાન કરવાનો આદેશ આપ્યો અને નવીન જિનાલયમાં ભાવભીના મહોત્સવપૂર્વક વિ૰ સં૰ ૧૯૮૪માં ફાગણ સુદી ૩ના માંગલિક દિવસે ૫૦ પૂ૰ તપાગચ્છાધિરાજ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબના પુનિત હસ્તે પ્રાચીન શ્રી સ્તંભન પાર્શ્વનાથ પ્રભુના નીલમના બિંબની મૂળનાયકજી તરીકે પ્રતિષ્ઠા કરાવી અને તેમની જમણી અને ડાબી બાજુએ મોર પાર્શ્વનાથ અને આદિનાથ પ્રભુના બિંબની પ્રતિષ્ઠા કરાવી. વળી એ માંગલિક પ્રસંગે સૂરીશ્વરજીએ કેટલાક નવીન પ્રભુના બિંબની અંજનશલાકા કરી હતી.

ખંભાતનનો જૈન સમાજ પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવી કૃતાર્થ બન્યો હતો, શેઠ અંમરચંદ પ્રેમચંદના સુપુત્રોએ તથા એ મંદિરના વહીવટ કર્તા શા૰ છગનલાલ પાનાચંદ અને તેમના સુપુત્રોએ તેમજ નેમિ જૈન પ્રભાકર મંડળ અને મહાવીર જૈન સભાના દરેક સભ્યોએ આ પ્રસંગે સુંદર સેવા બજાવી હતી.

આમ ખંભાતમાં શ્રી સંઘે આ૰ શ્રી નેમિસૂરીશ્વરજીના પુનિત હસ્તે શ્રી સ્તંભન પાર્શ્વનાથ પ્રભુની બે વખત પ્રતિષ્ઠા કરાવી હતી.

આજે પણ ખંભાતના ખારવાડામાં આ ભવ્ય તારકતીર્થ વિદ્યમાન છે. અહીં દેવવિમાન સદશ શિખરબંધ જિનપ્રાસાદ શોભી રહ્યો છે.

ભવ્યાત્માઓ સવારે પ્રતિક્રમણ કરતી વખતે તીર્થવંદના સૂત્રમાં શ્રી સ્તંભન પાર્શ્વનાથને નિત્ય નમસ્કાર કરે છે.

શ્રી જિનપ્રભસૂરિએ આ પાર્શ્વપ્રભુને 'ભવભયહર' પાર્શ્વનાથના નામથી ઓળખાવ્યા છે.

પ્રાચીનતાના પુરાવા :

અનેક પ્રાચીન ગ્રંથો આ તીર્થના ઉદ્‌ભવ અને ઈતિહાસને વર્ણવે છે. સં૰ ૧૩૨૧માં રચાયેલા શ્રી ભાવદેવસૂરિ કૃત ''શ્રી પાર્શ્વનાથ ચરિત્ર''ની પ્રશસ્તિમાં આ પાર્શ્વનાથનો નામનિર્દેશ મળે છે.

સં૰ ૧૩૪૪માં રચાયેલા શ્રી પ્રભાચંદ્રસૂરિકૃત 'પ્રભાવક ચરિત્ર'ના 'શ્રી અભયદેવ સૂરિ પ્રબન્ધ'માં આ તીર્થનો ઉજ્જવળ ઈતિહાસ આલેખવામાં આવ્યો છે.

સં૰ ૧૩૬૧માં રચાયેલા શ્રી મેરુતુંગાચાર્ય કૃત ''પ્રબંધ ચિંતામણિના નાગાર્જુન પ્રબંધ'' માંથી આ તીર્થનો વિસ્તૃત ઈતિહાસ પ્રાપ્ત થાય છે.

શ્રી સિદ્ધસેનસૂરિ રચિત ''તીર્થવંદના'' સૂત્રમાં આ પાર્શ્વપ્રભુને પ્રણામ કરવામાં આવ્યા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૩૮૯માં શ્રી જિનપ્રભસૂરિએ રચેલા ''વિવિધ તીર્થકલ્પ'' અન્તર્ગત ''શ્રી પાર્શ્વનાથ કલ્પ'' અને ''શ્રી સ્તમ્ભનક કલ્પ શિલોચ્છ''માં આ તીર્થના માહાત્મ્યનું રોચક અને રોમાંચક વર્ણન જોવા મળે છે.

સં૰ ૧૪૦૫માં રચાયેલા શ્રી રાજશેખર સૂરિકૃત 'ચતુર્વિંશતિ પ્રબન્ધ' અન્તર્ગત 'નાગાર્જુન પ્રબન્ધ'માં પણ આ તીર્થનો ઇતિહાસ ગ્રંથાયેલો છે.

સં૰ ૧૪૪૧માં ખંભાતના તમાલી સ્થાનમાં આવેલા સ્તંભન પાર્શ્વનાથના ચૈત્યમાં આ૰ જ્ઞાનસાગરનો સૂરિપદ મહોત્સવ થયો હતો.

પંદરમા સૈકામાં રચાયેલ શ્રી જિનતિલકસૂરિકૃત ''ખંભાત ચૈત્ય પરિપાટી'', શ્રી કીર્તિમેરુકૃત 'શાશ્વત તીર્થમાલા', અને મેઘકવિ કૃત 'તીર્થમાલા'માં આ તીર્થનો ઉલ્લેખ મળે છે.

સં૰ ૧૫૦૩માં રચાયેલ શ્રી સોમધર્મગણિકૃત 'ઉપદેશસપ્તતિકા' ગ્રંથમાં આ તીર્થની ઉત્પત્તિનો અધિકાર આલેખવામાં આવ્યો છે.

સં૰ ૧૫૨૧માં રચાયેલા શ્રી શુભશીલગણિકૃત 'પ્રબંધ પંચશતિ ગ્રંથમાના 'નાગાર્જુન પ્રબંધ' અને 'અભયદેવ સૂરિકૃત નૃવાંગવૃત્તિ પ્રબંધ'માં આ તીર્થના ઇતિહાસ પર સારો પ્રકાશ પડે છે.

શ્રી રત્નમંદિરગણિકૃત 'ઉપદેશ તરંગિણી'માં આ તીર્થનો નામનિર્દેશ થયેલો છે.

અનેક પટ્ટાવલી ગ્રંથોમાં શ્રી અભયદેવસૂરિના ચરિત્રમાં આ તીર્થના ઇતિહાસને પણ ગૂંથવામાં આવ્યો છે.

સોળમા સૈકામાં કવિ શ્રી ડુંગર શ્રાવકે રચેલી 'ખંભાયત ચૈત્યપરિપાટી'માં પ્રારંભમાં જ આ પ્રભુજીને જુહારવામાં આવ્યા છે.

સં૰ ૧૫૮૨માં સહજ સુંદરે રચેલ 'રત્નસાર કુમાર ચોપાઈ'માં શ્રી સ્તંભન પાર્શ્વનાથજીને પ્રણામ કર્યા છે.

સત્તરમા સૈકામાં શ્રી નયસુંદર, મહોપાધ્યાય શ્રી કલ્યાણ વિજય ગણિવરના શિષ્ય, શ્રી ગુણ વિજયજીના શિષ્ય, શ્રી રત્ન કુશલ, શ્રી ઋષભદાસ કવિ, શ્રી સકલચંદ્ર ઉપાધ્યાય, શ્રી કમલશેખર આદિ અનેક મહાપુરુષોએ પોતાની રચનાઓમાં આ તીર્થનો ઉલ્લેખ કરેલો છે.

'હીર સૌભાગ્ય' મહાકાવ્યમાં પણ આ તીર્થનાં માહાત્મ્યનું કવિએ અદ્‌ભુત વર્ણન કર્યું છે.

સં૰ ૧૬૫૧માં વાચક કુશલલાભે 'સ્તંભનક પાર્શ્વનાથ સ્તવન'માં આ તીર્થના વિસ્તૃત ઇતિહાસનું મનોહર આલેખન કર્યું છે.

શ્રી દેવસૂરિ, શ્રી સોમસુન્દર સૂરિ, શ્રી મુનિચન્દ્ર સૂરિ આદિ અનેક મહાન આચાર્ય ભગવંતોએ પ્રભાવક સ્તોત્રો દ્વારા આ તીર્થની સ્તુતિ કરેલી છે.

અઢારમા સૈકામાં થયેલા શ્રી મેઘવિજય, ઉપાધ્યાય શ્રી શીલવિજય, શ્રી સૌભાગ્ય વિજય, શ્રી જ્ઞાનવિમલ આદિની રચનાઓમાં પણ આ તીર્થના ઉલ્લેખ મળે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૦ ૧૮૧૧માં નેમવિજયે 'થંભણા પારસનાથ, શેરીષા પારસનાથ તથા શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન' રચ્યું છે.

સં૦ ૧૮૪૩માં શ્રી વિજય લક્ષ્મીસૂરિએ 'ઉપદેશ પ્રાસાદ' ગ્રંથમાં આ તીર્થના ઇતિહાસને આલેખ્યો છે.

સં૦ ૧૮૮૧માં શ્રી 'ઉત્તમ વિજયે' શ્રી પાર્શ્વપ્રભુના ૧૦૮ નામના છંદમાં આ તીર્થનો પણ નામનિર્દેશ કરેલો છે.

તદુપરાંત શ્રી સ્તંભન પાર્શ્વનાથના અનેક સ્તવનો ઉપલબ્ધ થાય છે.

સં૦ ૧૭૦૧માં મતિ સાગર રચિત **'ખંભાઈતિ તીર્થમાલા'**નો પ્રારંભ થંભણ પાર્શ્વનાથના જિનાલયથી થાય છે.

''શ્રી સદ્‌ગુરૂ ચરણે નમી સરસતિ કરીય પ્રણામ
ખંભાઈતિની હું કહું તીરથમાલ અભિરામ ૧ ॥

પાટિક જીરાઉલઈ થંભણું ભેટિઉ ભલઈ
પંચ્યાસીય મૂરતિ પ્રણમશું એ

સં૦ ૧૯૦૦માં સ્તંભતીર્થનાં જિનાલયોની સૂચિમાં સૌ પ્રથમ ક્રમમાં સ્થંભણ પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ થયો છે અને તે સમયે આ જિનાલય **ખારવાવાડા**માં વિદ્યમાન હતું. ખારવાવાડામાં આ જિનાલયનો ઉલ્લેખ સૌ પ્રથમવાર અહીં મળે છે. તે અગાઉ આ જિનાલયનો ઉલ્લેખ ઉપર જણાવ્યા મુજબ જીરાઉલાની પોળમાં મળે છે. આ ઉલ્લેખ નીચે મુજબ છે.:

પ્રથમ ખારવાવાડામાં દેહરાં ૧૨ તેહની વિગત-

૧. શ્રી સ્થંભણ પાર્શ્વનાથનું દેહરું

૨. શ્રી સીમંધર સ્વામીનું દેહરું

.....

૧૨. શ્રી મુનિસુવ્રતસ્વામીનું દેહરું

સં૦ ૧૯૪૭માં પ્રગટ થયેલ **જયતિહુઅણ સ્તોત્ર** ગ્રંથની પ્રસ્તાવનામાં ખંભાતનાં જિનાલયોની નોંધ કરવામાં આવી છે જેની શરૂઆત ખારવાડાના વિસ્તારથી થાય છે.

ખારવાડામાં

૧. શ્રી સ્થંભન પાર્શ્વનાથજીનું

.....

સં૦ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં સ્થંભન પાર્શ્વનાથજીના જિનાલયનો ઉલ્લેખ ખારવાડામાં ધાબાબંધી જિનાલય તરીકે થયેલો છે. તે સમયે જિનાલયમાં પાષાણની આઠ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રતિમાજીઓ બિરાજમાન હતી અને જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઇતિહાસ અને ચૈત્યપરિપાટીમાં સ્થંભણ પાર્શ્વનાથજીના જિનાલયમાં પાષાણની ચુંમોતેર પ્રતિમાજીઓ તથા નીલમની એક પ્રતિમાજી બિરાજમાન હતી. તેમાં સ્થંભણ પાર્શ્વનાથના જિનાલય અંગે નીચે મુજબની નોંધ મળે છે :

ખંભાત નગરના અધિષ્ઠાતા શ્રી સ્થંભણ પાર્શ્વનાથનું સ્થાનક. અગાઉ તો દહેરું સાંકડું હતું. પાસે બીજા દેહરાનાં ખંડિયેરો હતાં. પણ ગયા વરસમાં (સં૰ ૧૯૮૪ના ફાગણ સુદ ૩) તીર્થોદ્ધારક સૂરીશ્વર શ્રી વિજયનેમિસૂરીશ્વરજીના વરદ હસ્તે, નવીન બંધાયેલા મનોહર પ્રાસાદમાં પ્રાચીન અને અતિશય મહિમાવાળી શ્રી સ્થંભણ પાર્શ્વનાથની નીલમ પ્રતિમા ગાદીનશીન થઈ, તે વેળા એક તરફ મોર પાર્શ્વનાથ અને બીજી બાજુ આદીશ્વરજીના બિંબોની પણ સ્થાપના કરવામાં આવી. વળી એ શુભ પ્રસંગે નવીન ભરાવેલાં કેટલાંક બિંબોની અંજનશલાકા પણ થઈ હતી. ત્યારથી ખંભાતના ગૌરવમાં પુનઃ તેજ પ્રસર્યું છે. આજે તે યાત્રિકો માટે તીર્થધામ બન્યું છે. સં૰ ૧૯૮૪માં આ જિનાલયનો વહીવટ શા૰ છગનલાલ પાનાચંદ હસ્તક હતો.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં ખારવાડામાં આવેલા શ્રી સ્થંભન પાર્શ્વનાથજીના જિનાલયને શિખરબંધી દર્શાવવામાં આવ્યું છે. તે સમયે પાષાણની ચૌદ પ્રતિમાજીઓ બિરાજમાન હતી અને વહીવટ શ્રી માણેકલાલ છગનલાલ હસ્તક હતો. આજે જિનાલયનો વહીવટ શ્રી ભદ્રિકલાલ જીવાભાઈ કાપડિયા, શ્રી શાંતિલાલ માણેકલાલ કાપડિયા તથા શ્રી સુરેન્દ્રભાઈ જીવાભાઈ કાપડિયા હસ્તક છે, જેઓ હાલ ખારવાડામાં રહે છે.

ત્રણ પ્રવેશદ્વારવાળા આ જિનાલયના પગથિયાની આજુબાજુ હાથીની અંબાડી પર શેઠ-શેઠાણીના શિલ્પ કંડારેલાં છે. પ્રવેશદ્વારની કમાનો કોતરણીવાળી છે. પ્રવેશદ્વારના થાંભલા પર નીચે દ્વારપાલનાં શિલ્પો છે. ત્રણેય પ્રવેશદ્વાર પર શ્રી સરસ્વતી દેવીના શિલ્પ છે. (જુઓ ફોટોગ્રાફ નં૰ ૧ અને ૨ તથા ટાઇટલ નં૰ ૧) ત્યારબાદ નવ પગથિયાં ચડી જિનાલયના મુખ્ય રંગમંડપમાં પ્રવેશવાના પ્રવેશદ્વાર પાસે જઈ શકાય છે. અહીં કુલ પાંચ ચોકી છે. છત પર પટનું સુંદર ચિત્રકામ થયેલું છે. અહીંની ચોકીઓના થાંભલાની કમાનો પર નર્તન કરતી નર્તકીઓનાં શિલ્પો, વીણા વગાડતી પૂતળીઓનાં શિલ્પો તથા પરીઓની સુંદર શિલ્પાકૃતિઓથી મન નાચી ઊઠે છે. પાળીઓ ઉપર બંને બાજુના ખૂણે સિંહની આકૃતિવાળાં સુંદર શિલ્પો છે.

જિનાલયની બહારના ભાગની છત પર ચંપાપુરી, આબુ, સ્તંભન પાર્શ્વનાથ, તારંગાજી, પાવાપુરી વગેરેનું કલાત્મક ચિત્રકામ છે.

રંગમંડપમાં પ્રવેશવા માટે કુલ ત્રણ પ્રવેશદ્વાર તથા મુખ્ય પ્રવેશદ્વારની આજુબાજુ એક-એક બારી છે. રંગમંડપમાં પ્રવેશ્યા બાદ મૂળનાયકની ડાબી તથા જમણી બાજુ પણ પ્રવેશદ્વાર છે. ડાબી બાજુના પ્રવેશદ્વારની પાસેની બારીની નીચે એક ગોખ છે. તેમાં શ્રી ચક્રેશ્વરી દેવીની આરસની મૂર્તિ બિરાજમાન છે. (જુઓ ટાઇટલ નં૰ ૨)

સં૰ ૧૯૦૦માં ખારવાડામાં બાર જિનાલયો વિદ્યમાન હતાં. શ્રી ઋષભદેવનું દેહરું અને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાસે ચક્રેશ્વરીદેવીની મૂર્તિ હોવાનો ઉલ્લેખ આ સૂચિમાં છે. સં૰ ૧૯૮૪ના જીર્ણોદ્ધાર વખતે આદીશ્વર ભગવાનના બિંબની પ્રતિષ્ઠા સાથે ચક્રેશ્વરી દેવીની મૂર્તિની પણ સ્થાપના કરવામાં આવેલી છે એટલે કે ચક્રેશ્વરી દેવીની આ મૂર્તિ પ્રાચીન છે. શ્રી મોહરી પાર્શ્વનાથના દેહરાનો ઉલ્લેખ પણ સં૰ ૧૯૦૦માં થયેલો છે તે જિનાલયના મૂળનાયક પ્રતિમાજી સ્થંભન પાર્શ્વનાથના જિનાલયમાં પધરાવવામાં આવ્યા છે.

દ્વારની બહારના ભાગમાં ચિત્રકામયુક્ત પટની રચનાને દૂધિયા રંગના કાચની અંદર જડી દીધેલ છે. તથા અહીંથી જ ધાબા પર ચડવા માટેની સીડી પડે છે. અહીં સીડીની પાછળની બાજુએ ભીંત પર એક આરસનો લેખ છે. અગાઉ જણાવ્યા મુજબ આ લેખ પણ પ્રકરણ-૧૩માં મૂકવામાં આવ્યો છે.

રંગમંડપમાં કુલ પાંચ આરસના બનાવેલા ગોખ છે. મુખ્ય પ્રવેશદ્વારની ડાબી બાજુના પ્રવેશ દ્વાર પાસેના ગોખમાં શ્રી પદ્માવતી દેવીની આરસની મૂર્તિ તથા જમણી બાજુના પ્રવેશદ્વાર પાસેના ગોખમાં શ્રી પાર્શ્વયક્ષની આરસની મૂર્તિ છે. ગર્ભદ્વાર પાસેના ડાબી બાજુના ગોંખમાં શ્રી શાંતિનાથજીની આરસની પ્રતિમા બિરાજમાન છે. તેની સામેની બાજુ એટલે કે જમણી બાજુના ગોખમાં શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમા બિરાજમાન છે. આ બંને પ્રતિમાજીઓ પર સં૰ ૧૯૮૪માં પ્રતિષ્ઠા કરાવ્યાનો મૂર્તિલેખ છે. હાલ (સં૰ ૨૦૫૫)માં મ૰ સા૰ ચંદ્રોદયસૂરિજીના હસ્તે પ્રતિષ્ઠિત થયેલ આરસની ગૌતમસ્વામીની મૂર્તિ જમણી બાજુ પાર્શ્વયક્ષના ગોખની બાજુમાં આવેલા એક મોટા ગોખમાં બિરાજેલ છે.

અહીં રંગમંડપમાં નવપદજી, આબુજી, સિદ્ધાચલજી, ચંપાપુરીનું કાચકામ, તારંગાજી, સમેતશિખર (પથ્થરમાં કોતરી ભીંતમાં જડેલ), ગિરનારજી વગેરેનું ચિત્રકામ છે. રંગમંડપ વિશાળ છે. ઘુમ્મટ પર પણ સુંદર ચિત્રકામ થયેલું છે.

અહીં ગભારામાં પાષાણની કુલ ચૌદ પ્રતિમાજીઓ છે જેમાં મૂળનાયક તરીકે બિરાજેલ અતિપ્રાચીન, અમૂલ્ય, પંચતીર્થી અષ્ટપ્રાતિહાર્ય પરિકરયુક્ત શ્રી સ્થંભન પાર્શ્વનાથની નાની પણ અતિ ભવ્ય એવી નીલમ પ્રતિમાના અલૌકિક રૂપને નિહાળતાં અને દર્શન કરતાં મન આનંદિત થઈ ઊઠે છે. પ્રતિમાના સૌંદર્ય જેટલું જ પરિકર પણ સુંદર છે. આ પરિકરમાં સાત નાગની ફણા શોભે છે. પંચફણાયુક્ત મૂળનાયક શ્રી સ્થંભનપાર્શ્વનાથ સિંહાસન પર બિરાજમાન છે. સિંહાસનમાં નીચે મધ્યમાં ચક્ર તથા આજુબાજુ હરણા-હરણી દશ્યમાન થાય છે. બે બાજુ ચામર ઢાળતા ઇન્દ્રો છે. ગાદીની નીચેની પીઠ ઉપર 'ૐ હ્રીં શ્રી સ્થંભણ પાર્શ્વનાથાય નમઃ'નું લખાણ અને નાગ ચિત્રિત કરેલ છે. આમ, આ પ્રતિમાજી તથા તેનું સિંહાસન કલાત્મક, નયનરમ્ય અને વિશિષ્ટ છે.

મૂળનાયકની ડાબી બાજુના ગર્ભદ્વાર સન્મુખ બિરાજમાન શ્રી આદેશ્વરની પ્રતિમા પર 'અલઈ ૪૫..સં૰ ૧૬૫૬.. વૈશાખ સુદ ૭ સીહજલ દે .. વિજય સેનસૂરિ...' મુજબનો લેખ વાંચી શકાય છે. જમણી બાજુના ગર્ભદ્વાર સન્મુખ બિરાજમાન શ્રી મનમોહન પાર્શ્વનાથની પ્રતિમા પર કોઈ લેખ નથી. આ ઉપરાંત પૂર્વે ટેકરી વિસ્તારમાં આવેલું શ્રી સંભવનાથજીનું ઘરદેરાસર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અહીં પધરાવવામાં આવેલું છે. આ સંભવનાથની ધાતુપ્રતિમા પરનો લેખ નીચે મુજબ છે :

સંવત ૧૭૦૬ વર્ષે જેઠ વદિ ૩ ગુરૌ વિજયાનંદસૂરિ વિજયરાજ્યે દોશી સવા ભાર્યા મતાં સુત દો૰ હરિઆ ભાર્યા પૂતલી સુત દો૰ લહુઆ ભાર્યા બાઈ ચાંપલદે સુ૰ દો૰ કેસવ ભાર્યા કરમાદે સુત દો૰ મોહનદાસેન ભાર્યા મનરંગદે સુત દો૰ અમરચંદ યુતેન શ્રી સંભવનાથ બિંબં કારિતં પ્રતિષ્ઠિતં ભટ્ટારક શ્રી૰ ૫ શ્રી વિજયાણંદસૂરિ વિજયરાજ્યે આચાર્ય શ્રી વિજયરાજભિઃ શ્રેયસ્તુ ॥

સ્થંભન પાર્શ્વનાથના પ્રાચીન, ચમત્કારિક અને પ્રગટ પ્રભાવી પ્રતિમાજીના દર્શન માત્રથી પણ તમામ જીવોનું મંગલ થાય છે. સ્થંભન પાર્શ્વનાથની આ અતિપ્રાચીન, અલૌકિક પ્રતિમાજીના કારણે ખંભાત શહેરની ઓળખ **'સ્તંભતીર્થ'** તરીકે થાય છે જે એનું માહાત્મ્ય સિદ્ધ કરે છે.

• • •

ખારવાડો

શાંતિનાથ-ઘરદેરાસર (સં૰ ૨૦૧૦ પહેલાં)

ખારવાડા વિસ્તારમાં મુનિસુવ્રતસ્વામીના જિનાલય તથા મહાવીરસ્વામી ચૌમુખજીના જિનાલયની સામે રેવાબેન મગનલાલ પાનાચંદનું મૂળનાયક શ્રી શાંતિનાથનું ઘરદેરાસર આવેલું છે.

મૂળનાયક શ્રી શાંતિનાથના મૂર્તિલેખમાં નીચે મુજબનું લખાણ વાંચી શકાય છે :

''સંવત ૧૯૬૪ વર્ષે જયેષ્ઠ સુદિ ૫ ગુરૌ શ્રી સ્તંભતીર્થ વાસ્તવ્ય શ્રીમાલી જ્ઞાતિય લઘુશાખીય સા૰ હરીદાસ ભાર્યા મધુરીસુત ભગવતીદાસકેન નામ્ના સ્વદ્રવ્યવ્યયેન શ્રી અર્હત ભક્તિ આરાધન નિમિતં શ્રી શાંતિનાથ પંચતીર્થી બિંબ કારાપિતં પ્રતિષ્ઠિતં વ તપાગચ્છે ભ૰ શ્રી હીરવિજયસૂરિપદેશ શ્રીપ શ્રી વિજયસેનસૂરિ પટ્ટે ભ૰ શ્રી ૫ શ્રી વિજયદેવસૂરિ પટ્ટે ભ૰ શ્રી૰ ૫ શ્રી વિજયપ્રભસૂરેશ્વર પટ્ટે સવિજ્ઞપક્ષીય શ્રીપ શ્રી જ્ઞાન વિમલસૂરિભિઃ ॥'' પ્રતિમાજી ધાતુના પંચતીર્થી છે.

ઉપરાંત અન્ય ત્રણ ધાતુ પ્રતિમાઓ પૈકી ચંદ્રપ્રભુસ્વામીની પ્રતિમા પર સં૰ ૧૪૬૮....વૈશાખ વદ ૩.....અભયચંદ્રના ઉપદેશથી પ્રતિષ્ઠા થયાનો લેખ છે. અન્ય એક શાંતિનાથની પ્રતિમા પર શક સં૰ ૧૪૬૨ વિ૰ સં૰ ૧૫૯૬.....વૈશાખ સુદ ૬.....સોમ સ્થંભતીર્થ વાસ્તવ્ય શાંતિનાથ બિંબ....ધનરત્ન સૂરિભિઃ'' મુજબનો લેખ છે અને પાર્શ્વનાથની પ્રતિમા પર સં૰ ૧૬૭૮નો લેખ છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં શાંતિનાથજીનું આ ઘરદેરાસર માણેકચોક વિસ્તારમાં દર્શાવવામાં આવ્યું છે. તે સમયે આ ઘરદેરાસરમાં ધાતુની કુલ ચાર પ્રતિમાજીઓ વિદ્યમાન હતી. આ ઘરદેરાસર બંધાવનાર તરીકે શેઠ મગનલાલ પાનાચંદનો ઉલ્લેખ થયો છે. દેરાસરનો વહીવટ તે સમયે શેઠ પરસોત્તમદાસ મગનલાલ હસ્તક હતો અને દેરાસરના મકાનની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્થિતિ સારી હતી. દેરાસર ત્રીજે માળ છે તેવી નોંધ તે સમયે કરવામાં આવી હતી.

આજે આ દેરાસરનો વહીવટ શ્રી નરેશભાઈ ચંદુલાલ દવાવાલા હસ્તક છે, જેઓ રેવાબેનના ભાણેજ છે. તેમની પાસેથી મળેલી માહિતી અનુસાર ઘરદેરાસર પૂર્વે ઉપરના માળે હતું. પરંતુ ખંડેર જેવું થઈ ગયું હોવાથી આજથી લગભગ ૧૦ વર્ષ પહેલાં આ ઘરદેરાસર નીચે લાવવામાં આવ્યું. એટલે કે ઘરદેરાસરનો જીર્ણોદ્ધાર કરાવી પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી. આ ઘરદેરાસરની પુનઃ પ્રતિષ્ઠા આ૦ શ્રી સૂર્યોદયસૂરિના હસ્તે કરવામાં આવી હતી.

મૂળનાયક તેમના પરિવાર સાથે કાષ્ઠની કોતરણીયુક્ત છત્રીમાં બિરાજમાન છે. અહીં ધાતુની કુલ ચાર પ્રતિમાજીઓ છે. અહીં દીવાલો પર શાંતિનાથજીના દસ ભવ, નાગેશ્વર પાર્શ્વનાથ, શાંતિનાથનું સુંદર ચિત્રકામ થયેલું છે. દેરાસરમાં છપ્પનદિક્કુમારીઓ સાથેનું ભગવાનના જન્મમહોત્સવનું ચિત્રકામ છે.

સં૦ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ખારવાડા વિસ્તારમાં શાંતિનાથના ઘરદેરાસરનો ઉલ્લેખ મળતો નથી.પરંતુ માણેકચોક નજીકના વિસ્તારમાં શાંતિનાથજી ઘરદેરાસરનો ઉલ્લેખ મળે છે. તે ઘરદેરાસરમાં ધાતુની કુલ નવ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી અને બંધાવનાર તરીકે શા૦ ફતેચંદ ખૂબચંદનો ઉલ્લેખ થયેલો છે અને બંધાયા સંવત ૧૮૫૫ દર્શાવવામાં આવી છે તે સમયે દેરાસરના મકાનની સ્થિતિ સારી હોવાનો ઉલ્લેખ છે. આ ઉપરાતં બોરપીપળા વિસ્તારમાં શા૦ ખીમચંદ મોતીચંદના ઘરદેરાસરમાં શાંતિનાથજીનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. અહીં તે સમયે ધાતુની બાર પ્રતિમાજીઓ વિદ્યમાન હતી અને દેરાસરની સ્થિતિ સારી હોવાનો ઉલ્લેખ છે.

ટૂંકમાં આ ઘરદેરાસરનો સમય સં૦ ૨૦૧૦ પહેલાંનો છે. તેથી વધુ પ્રાચીનતા નક્કી કરવા માટે વધુ સંશોધનની જરૂર છે.

• • •

ખારવાડો

સીમંધર સ્વામી (૧૬મો સૈકો)

ખારવાડામાં શ્રી સ્થંભન પાર્શ્વનાથના જિનાલયની સામે શ્રી સીમંધરસ્વામીનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે.

૧૬મા સૈકામાં કવિ ડુંગર રચિત **ખંભાત ચૈત્યપરિપાટી**માં ખારવાડામાં શ્રી સીમંધરસ્વામીના જિનાલયનો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે.

''પલ્લીવાલિ ગુરિ થાપીઉએ આઠમઉ તીર્થંકર,
ખારૂઆવાડઈ પણમીઈએ તિહાં શ્રી સીમંધર ૭.''

સં૦ ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલામાં** 'ખારૂઆ પોલ'માં સાત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે. તે પૈકી સીમંધર સ્વામીના જિનાલયનો ઉલ્લેખ સૌ પ્રથમ થયેલો છે.

''આહે **ષારુઆ તણી** વલી પોલિમાં, સાતઈ, દેહરાં કહી જઈ ।
આહે બત્રીસાં સો બ્યંબશું, **સીમંધર** લહીઇ ॥ ૩૦ ॥

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં ખારૂઆ વાડામાં સીમંધર સ્વામીના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

'ષારૂઆવાડઈ વીર જિન ચઉમુષી બ્યાસી નમો અવિલંબજી
શ્રીમુનિસુવ્રત દેહરઈ ભુંઇરઇ દોઈસઇ ચૌદહ બિંબજી ૬

મુહુર પાસનઈ દેહરઈ પ્રતિમા એકસુ નઈ ઓગણ્યાસીજી
સીમંધર પ્રાસાદિ ત્રણિસઇ ઉપરિ ચ્યાસ જગીસજી ૭''

સં૰ ૧૮૧૭માં પદ્મવિજય કૃત **ખંભાત ચૈત્યપરિપાટી**માં સીમંધરસ્વામીના કુલ બે જિનાલયોનો ઉલ્લેખ આવે છે. પ્રસ્તુત ચૈત્યપરિપાટીમાં શકરપુરના જિનાલયોનો પણ સમાવેશ થયેલો છે. એટલે કે આજે વિદ્યમાન શકરપુરનું સીમંધરસ્વામીનું જિનાલય તથા ખારવાડાનું સીમંધર સ્વામીનું જિનાલય-એ બંને જિનાલયો સં૰ ૧૮૧૭માં પણ વિદ્યમાન હતા.

સં૰ ૧૯૦૦માં 'ખારુવાવાડા'માં બાર જિનાલયો વિદ્યમાન હતાં તે પૈકી શ્રી સીમંધરસ્વામીના જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક-૨માં થયેલો છે.

પ્રથમ **ષારવાવાડામાં** દેહરા ૧૨ તેહની વિગત

૧. શ્રી સ્થંભણ પાર્શ્વનાથનું દેહરું તે મધઈ

૨. **શ્રી સીમંધર સ્વામીનું દેહરું**

.....

૧૨. શ્રી મુનીસુવ્રતસ્વામીનું દેહરું

સં૰ ૧૯૪૭ માં પ્રગટ થયેલ જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથની પ્રસ્તાવનામાં પણ સ્થંભન પાર્શ્વનાથના જિનાલય પછી સીમંધરસ્વામીના જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક-૨માં કરવામાં આવ્યો છે.

ખારવાડામાં

૧. શ્રી સ્થંભણ પાર્શ્વનાથનું

૨. **મંધર સ્વામીનું દેહરું**

.....

૧૨. શ્રી મુનીસુવ્રતસ્વામી

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ખારવાડામાં શ્રી સીમંધરસ્વામીના જિનાલયને ધાબાબંધી દર્શાવવામાં આવ્યું છે. તે સમયે જિનાલયમાં પાષાણની પંચોતેર પ્રતિમાજીઓ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઇતિહાસ અને ચૈત્યપરિપાટીમાં ખારવાડામાં આવેલા શ્રી સીમંધરસ્વામીના જિનાલયના ગભારામાં પાષાણની પાંત્રીસ પ્રતિમાજીઓ, ગભારાની બહાર રંગમંડપમાં પાષાણની સોળ પ્રતિમાજીઓ તથા ઉપર પદ્મપ્રભુજીના ગભારામાં પાષાણની અઠ્ઠાવીસ પ્રતિમાજીઓ બિરાજમાન હતી. તે સમયે વહીવટ જૈન શાળા કમિટી હસ્તક હતો.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં ખારવાડામાં આવેલા શ્રી સીમંધર સ્વામીના જિનાલયને ધાબાબંધી દર્શાવવામાં આવ્યું હતું. તે સમયે પાષાણની કુલ સિત્તેર પ્રતિમાજીઓ બિરાજમાન હતી અને વહીવટ શેઠ રમણલાલ દલસુખભાઈ હસ્તક હતો. તે સમયે સ્ફટિકની સાત પ્રતિમાઓ તથા ધાતુની ચાર ગુરુમૂર્તિનો ઉલ્લેખ થયેલો છે. ઉપરાંત આરસના એક જિનેશ્વર પટનો પણ ઉલ્લેખ થયેલો છે. આજે જિનાલયનો વહીવટ જૈન શાળા કમિટી હસ્તક છે.

આ જિનાલય આરસનું બનેલું છે. આશરે વીસ વર્ષ પહેલાં તેનો જીર્ણોદ્ધાર થયેલો છે.

પગથિયાં ચડી મુખ્ય પ્રવેશદ્વારથી રંગમંડપમાં દાખલ થતાં સન્મુખ શ્રી સીમંધર સ્વામીની પ્રતિમાના દર્શન થાય છે. રંગમંડપમાં ડાબી-જમણી બંને બાજુ ગોખની રચના કરવામાં આવી છે. નવ ચોકીવાળો આ રંગમંડપ ઘણો સુંદર લાગે છે. ડાબી બાજુ ઘુમ્મટયુક્ત ગોખની રચનામાં ચૌદ પાષાણની પ્રતિમાજીઓ તથા જમણી બાજુ ઘુમ્મટયુક્ત ગોખની રચનામાં પણ ચૌદ પાષાણની પ્રતિમાજીઓ એમ કુલ અઠ્ઠાવીસ પ્રતિમાજીઓ બિરાજમાન છે. ઉપરાંત પ્રવેશદ્વારની જમણી બાજુ રંગમંડપમાં ચૌમુખજીની પાષાણની પ્રતિમા પણ સમોવસરણ જેવી રચના પર મૂકવામાં આવી છે. સ્થાનિક માહિતી પ્રમાણે આ ચોમુખજી જમીનમાંથી પ્રગટ થયેલ છે.

પૂર્વે આશરે વીસ વર્ષ અગાઉ સીમંધર સ્વામીના જિનાલયની ઉપરના માળ પર મૂળનાયક તરીકે શ્રી પદ્મપ્રભુ બિરાજમાન હતા. પરંતુ લાકડાનો ભાગ જીર્ણ થતાં ઉપરના મૂળનાયક શ્રી પદ્મપ્રભુને નીચે રંગમંડપમાં પ્રસ્થાપિત કર્યા.

ત્રણ ગર્ભદ્વારયુક્ત આ જિનાલયના ગર્ભદ્વારની બારસાખ ઘણી આકર્ષક છે. મુખ્ય ગર્ભદ્વાર તથા આજુબાજુના ગર્ભદ્વારમાં નીચે દ્વારપાળ, તેની ઉપર પદ્માસનસ્થ મુદ્રામાં તીર્થંકરોનાં શિલ્પોની કાષ્ઠની કોતરણી જોવાલાયક છે. ગર્ભદ્વાર પાસે જ આજુબાજુ ગોખમાં યક્ષ-યક્ષિણીની પાષાણ મૂર્તિ બિરાજેલ છે.

ગભારામાં મૂળનાયક તરીકે પ્રતિષ્ઠિત શ્રી સીમંધરસ્વામીની પ્રતિમાના પબાસન પર એક લેખ છે. તેના પર 'સંવત ૧૯૩૩ જેઠ શુકલે.. શનિ... સંપ્રતિ મહારાજ-" એટલું લખાણ વંચાય છે. સં૰ ૧૯૩૩નો ઉલ્લેખ પ્રતિમાજીની પ્રાચીનતાના સંદર્ભમાં કેટલીક વિસંગતતાઓ ઊભી કરે છે. ઘસાઈ ગયેલા લેખને ફરી વાર લખવામાં સંવતનો આંકડો ભૂલથી લખાયો હશે કે અન્ય કોઈ કારણ હશે તે અંગે વધુ સંશોધન કરવું ખૂબ જ જરૂરી છે. અહીં ગભારામાં પાષાણની ચુંમાળીસ પ્રતિમાજીઓ છે. તે પૈકી બે પ્રતિમાજીઓ કાઉસ્સગ્ગ મુદ્રામાં છે. ઉપરાંત, સ્ફટિકની કુલ છ પ્રતિમાજીઓ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ જિનાલયનો ઉલ્લેખ ૧૬મા સૈકાની કવિ ડુંગર રચિત ખંભાત ચૈત્યપરિપાટીમાં થયેલો છે. ઉપરાંત સં૰ ૧૬૭૩માં, સં૰ ૧૭૦૧માં, સં૰ ૧૮૧૭માં, સં૰ ૧૯૦૦માં, સં૰ ૧૯૪૭માં, સં૰ ૧૯૬૩માં, સં૰ ૧૯૮૪માં, સં૰ ૨૦૧૦માં સાતત્યપૂર્વક સીમંધર સ્વામીના આ જિનાલયનો ઉલ્લેખ ખારવાડા વિસ્તારમાં સ્પષ્ટ જોવા મળે છે. તેથી આ જિનાલય ૧૬મા સૈકાનું હોવાનું ચોક્કસપણે પ્રસ્થાપિત થાય છે.

• • •

ખારવાડો

સુખસાગર પાર્શ્વનાથ (સં૰ ૧૬૭૩ પહેલાં અથવા સં૰ ૧૯૮૪ પહેલાં)

ખારવાડામાં શ્રી સીમંધરસ્વામીની જિનાલયની જમણી બાજુની ખડકીમાં શ્રી સુખસાગર પાર્શ્વનાથનું ઘુમ્મટબંધી જિનાલય છે. આ ખડકીમાંથી નાગરવાડે જવાનો રસ્તો પડે છે.

સં૰ ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં ચોકસીની પોળમાં સુખસાગરના જિનાલયનો ઉલ્લેખ મળે છે.

આહે **ચોકસી કેરીઅ પોલિ**માં, યન ભુવન સુ ચ્યાર ।
આહે શ્રી ચ્યંતામણ્ય દેહરઈ,સોલ બ્યંબ સું સાર ॥ ૨૬

આહે **સુષસાગરના** ભુવનમાં, મનનિ રંગઈ એ જઈઈ ।
આહે તેત્રીસ બ્યંબ તીહાં નમી, ભવિજિન નિરમલ થઈઈ ॥ ૨૭

સં૰ ૧૭૦૧માં મતિ સાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં 'લાંબી ઓટિ સુગ(ખ)સાગર પોલ' વિસ્તારમાં સુખસાગરનું જિનાલય વિદ્યમાન હતું. આ વિસ્તારનાં જિનાલયોનું વર્ણન નવ-દસ નંબરની કડીમાં થયેલું તે અગાઉ છ-સાત અને આઠ નંબરની કડીમાં ખારવાડાનાં જિનાલયોનું વર્ણન કરવામાં આવ્યું છે અને અગિયાર નબંરની કડીમાં મહાલક્ષ્મીની પોળમાં આવેલાં જિનાલયોનું વર્ણન કરવામાં આવ્યું છે. એટલે કે ''લાંબી ઓટિ સુખ સાગર પોલ'' વિસ્તાર ખારવાડા અને મહાલક્ષ્મીની પોળની આસપાસનો અથવા તો તેની અંતર્ગત આવેલો હશે અને આ પૈકીનો જ કેટલોક વિસ્તાર ચોકસીની પોળના નામથી પ્રચલિત થયો હશે.

લાંબી ઓટિ સુગસાગર પોલિ શાંતિ પ્રાસાદિ ત્રીસજી
ચિંતામણિ ત્રીસ વલી **સુષસાગરિ** અડસઠિ જિનવર કહીસિજી ૯

શીલવિજયજી રચિત **તીર્થમાલામાં (સં૰ ૧૭૨૧ થી સં૰ ૧૭૩૮માં)** સુખસાગર પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબ આવે છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

''થંભણ પ્રણમું જીરાઉલો, નારંગો ભીડભંજન શામળો;
નવપલ્લવ જગવલ્લભ દેવ, **સુખસાગર**ની કીજે સેવ.

સં૰ ૧૯૦૦માં મહાલક્ષ્મીની પોળમાં ત્રણ જિનાલયો વિદ્યમાન હતાં. તે પૈકી ક્રમાંક-૨૦માં સુખસાગર પાર્શ્વનાથજીના આ જિનાલયનો ઉલ્લેખ થયેલો છે.

અથ માહાલક્ષ્મીની પોલ દેહરાં ૩ વિગત-

૨૦. **શ્રી સુખસાગર પાર્શ્વનાથનું દેહરું**

૨૧. શ્રી મહાવીર સ્વામી- ગૌતમ સ્વામીનું દેહરું

૨૨. શ્રી જગવલ્લભ પાર્શ્વનાથનું દેહરું.

સં૰ ૧૯૪૭માં પ્રગટ થયેલ **જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથ**ની પ્રસ્તાવનામાં દર્શાવવામાં આવેલાં ખંભાતનાં જિનાલયોમાં સુખસાગર પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ ક્યાંય પણ જોવા મળતો નથી.

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં સુખસાગરના જિનાલયનો ઉલ્લેખ ક્યાંય મળતો નથી. કદાચ સરતચૂક થવાનો પણ સંભવ છે.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં સુખસાગર પાર્શ્વનાથજીનું જિનાલય ખારવાડામાં દર્શાવવામાં આવેલું છે અને તે સમયે પાષાણની દસ પ્રતિમાજીઓ બિરાજમાન હતી. પૃ૰ ૪૩ પર આ જિનાલય વિશે નીચે મુજબની નોંધ મળે છે :

''..નાગરવાડામાં જવાના માર્ગે શ્રી સુખસાગર પાર્શ્વનાથજીનું દેહરું છે. ત્યાં દર્શન કરવા. તેની દેખરેખ શા૰ મનસુખભાઈ લાલચંદ રાખે છે.''

ટૂંકમાં સં૰ ૧૯૦૦માં સુખસાગર પાર્શ્વનાથજીનું જિનાલય મહાલક્ષ્મીની પોળમાં દર્શાવવામાં આવેલું. ત્યારબાદ સં૰ ૧૯૪૭માં તથા સં૰ ૧૯૬૩માં આ જિનાલયનો ઉલ્લેખ કોઈ કારણસર થયેલો નથી અને ત્યારબાદ આ જિનાલય મહાલક્ષ્મીની પોળ ચોકસીની પોળમાંથી ખસેડી લેવામાં આવ્યું છે અને ખારવાડામાં પધરાવવામાં આવેલું છે. ખારવાડામાં આ જિનાલય અમારી માન્યતા પ્રમાણે સં. ૧૯૦૦ થી સં. ૧૯૮૪ના સમયગાળા દરમ્યાન ખસેડવામાં આવ્યું હશે. જો કે આ અંગે વધુ સંશોધન કરવાની જરૂર છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં ખારવાડામાં આવેલા આ સુખસાગર પાર્શ્વનાથજીના જિનાલયને ધાબાબંધી તરીકે દર્શાવવામાં આવ્યું છે. તે સમયે પાષાણની નવ પ્રતિમાજીઓ બિરાજમાન હતી. તેનો વહીવટ શેઠ અંબાલાલ બાપુલાલ હસ્તક હતો. જિનાલયમાં તે સમયે સુંદર ચિત્રકામનો પણ ઉલ્લેખ થયેલો છે. આજે આ જિનાલયનો વહીવટ શ્રી કેશવલાલ તારાચંદ કરે છે જેઓ ખારવાડામાં જ રહે છે.

જિનાલય બહારથી ઘણું જ સુંદર લાગે છે. જિનાલયમાં પ્રવેશતાં જ સન્મુખ શ્રી સુખસાગર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાર્શ્વનાથની અષ્ટ પ્રાતિહાર્ય પરિકરયુક્ત આરસની મનોહર પ્રતિમાના દર્શન થાય છે.

રંગમંડપના ઘુમ્મટમાં વાજિંત્ર વગાડતાં શિલ્પોનું ચિત્રાંકન થયેલું છે. ગભારાની દીવાલો પર પણ સુંદર ચિત્રકામ છે. જોકે, છતમાં લાકડાના પીઢિયા છે તે જીર્ણ થઈ ગયા છે અને જીર્ણોદ્ધારની જરૂર છે.

જિનાલયમાં દીવાલો પર શત્રુંજય, ગીરનાર, આબુ, તારંગાજી જેવાં અનેક તીર્થોના ચૌદ પટ ઉપરાંત ઘણા પ્રસંગોનું ચિત્રકામ થયેલું છે. જેમાં શ્રીપાળ— મયણાસુંદરીનો પ્રસંગ, શ્રેણિક રાજા ગૌતમ સ્વામીને શ્રીપાળ રાજાનું ચારિત્ર પૂછે છે, ધવલશેઠ, શ્રીપાલ રાજા, કમઠનો ઉપસર્ગ, બાહુબલી ઉપરાંત મહાવીર સ્વામીનું ત્રિશલા માતાના ગર્ભમાં આવવું, દેવાનંદની કુક્ષીમાંથી ત્રિશલા માતાની કુક્ષીમાં ગર્ભપરિવર્તન વગેરેનું ચિત્રાંકન છે.

મૂળનાયક શ્રી સુખસાગર પાર્શ્વનાથની પ્રતિમા પરનો લેખ ઘસાઈ ગયેલો છે, તેમ છતાં અસ્પષ્ટ અને ત્રુટક લખાણ વંચાય છે :

''પાદશાહી શ્રી અકબર પ્રવર્તિત અલઈ સં. ૪૧ વર્ષે ફાગુન .. સા સહીસ ભાર્યા સહીજલદેસુત સા કહાનુઆ નામ્ના ....સુખસાગર પાર્શ્વનાથ બિંબં કારિતં પ્રતિષ્ઠિતં ચ।.. સૂરિ પ્રવર્તન શ્રી શત્રુંજય તીર્થાદિકર મોચન..... શ્રી હીરવિજયસૂરિ.. શ્રી વિજયસેન સૂરિભિઃ'' મુજબનું લખાણ વંચાય છે. ગભારામાં પાષાણની કુલ સાત પ્રતિમાજીઓ બિરાજમાન છે. રંગમંડપમાં પાષાણની કુલ બે પ્રતિમાજીઓ સામસામેના ગોખમાં બિરાજમાન છે. મૂળનાયકના જમણે ગભારે શ્રી આદેશ્વર અને ડાબે ગભારે શ્રી સુમતિનાથજી બિરાજમાન છે. શ્રી આદેશ્વરજીની પ્રતિમા પર સં૰ ૧૬૬૬નો લેખ છે. અને શ્રી સુમતિનાથની પ્રતિમા પર સં૰ ૧૬૬૪નો લેખ છે.

ટૂંકમાં સુખસાગર પાર્શ્વનાથનું જિનાલય સં૰ ૧૬૭૩માં ચોકસીની પોળમાં, સં૰ ૧૭૦૧માં લાંબી ઓટિ સુગસાગર પોલ નામે પ્રચલિત વિસ્તારમાં, સં૰ ૧૯૦૦માં મહાલક્ષ્મીની પોળમાં વિદ્યમાન હતું. ત્યાર બાદ સં૰ ૧૯૪૭માં તથા સં૰ ૧૯૬૩માં આ જિનાલયનો ઉલ્લેખ ક્યાંય મળતો નથી અને ફરી સં૰ ૧૯૮૪માં આ જિનાલયનો ઉલ્લેખ સૌ પ્રથમ વાર મહાલક્ષ્મીની પોળના વિસ્તારને બદલે ખારવાડા વિસ્તારમાં મળે છે. સં૰ ૧૯૦૦ થી સં૰ ૧૯૮૪ દરમ્યાન આ જિનાલય વિશે કોઈ માહિતી મળતી નથી એટલે આ જિનાલય સં૰ ૧૯૮૪ પહેલાનું માની શકાય. જો કે મૂળનાયકની પ્રતિમાનો લેખ પ્રતિમાની પ્રાચીનતાનો સ્પષ્ટ નિર્દેશ કરે છે. ઉપરાંત આ જિનાલયનો ઉલ્લેખ સં૰ ૧૬૭૩, સં૰ ૧૭૦૧ અને સં૰ ૧૯૦૦માં સ્પષ્ટ રીતે મળે છે. તેથી આ જિનાલય સં૰ ૧૬૭૩ પહેલાંનું હોવાનો પણ સંભવ છે પણ તે માટે વધુ પુરાવાઓ અને તે માટે વધુ સંશોધનની જરૂર છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નાગરવાડો

વાસુપૂજ્ય સ્વામી (સં૰ ૧૯૦૦ પહેલાં)

નાગરવાડા વિસ્તારમાં શ્રી વાસુપૂજ્યસ્વામીનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે.

મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની પ્રતિમા અષ્ટપ્રતિહાર્ય પરિકરયુક્ત છે. પરિકરમાં બે ધાતુની પ્રતિમા છે. મૂળનાયક પ્રતિમા પર 'સં૰ ૧૫૨૦..... જેઠ સુદી ૧૦.... મુજબનું લખાણ વંચાય છે :

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલામાં નાગરવાડા** નામના વિસ્તારમાં શ્રી ગૌતમસ્વામી બિરાજમાન હોવાનો ઉલ્લેખ છે જે નીચે મુજબની પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે :

સહસદ્વ પોલિં આદીશર પાંસઠિ જિન શ્રીકાર રે
નાગરવાડઈ ગૌતમસ્વામી વાંદી નગર મઝારિ રે ૨૫ જિ.

આજે ખંભાતમાં ચોકસીની પોળ-મહાલક્ષ્મીની પોળમાં શ્રી મહાલક્ષ્મી માતાના મંદિરની બાજુમાં શ્રી મહાવીર સ્વામી-શ્રી ગોતમસ્વામીનું જિનાલય આવેલું છે. બંને મૂળનાયક તરીકે બિરાજમાન છે. ચોકસીની પોળનો વિસ્તાર નાગરવાડા સમીપ જ છે. સંભવ છે કે સં૰ ૧૭૦૧માં નાગરવાડા વિસ્તારમાં દર્શાવવામાં આવેલા શ્રી ગૌતમસ્વામી અને આજે ચોકસીની પોળ-મહાલક્ષ્મીની પોળમાંના મહાવીર સ્વામી— ગૌતમસ્વામીના જિનાલયમાં બિરાજમાન ગૌતમસ્વામી એક જ હોવાનો સંભવ છે. જો કે આ અંગે વધુ સંશોધન કરવાની જરૂર છે અને વધુ આધારભૂત પુરાવાઓની જરૂર છે.

સં૰ ૧૯૦૦ ખંભાતનાં જિનાલયોની સૂચિમાં નાગરવાડા વિસ્તારને **નાળિયેર પાડો** તરીકે દર્શાવવામાં આવ્યો છે. આ વિસ્તારમાં વાસુપૂજ્ય સ્વામીનું જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ સૌ પ્રથમ પ્રાપ્ત થાય છે.

અથ નાલિયેરે પાડે દેહરું ૧

૨૩. **શ્રી વાસુપૂજ્યનું** દેહરું

સં૰ ૧૯૪૭માં પ્રગટ થયેલ **જયતિહુઅણ સ્તોત્ર** ગ્રંથની પ્રસ્તાવનામાં આ જિનાલયનો ઉલ્લેખ નાગરવાડા વિસ્તારમાં ક્રમાંક ૫૦માં કરવામાં આવ્યો છે. આ વિસ્તારના ઉલ્લેખ પહેલાં જીરાળા પાડાના જિનાલયોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને નાગરવાડા વિસ્તારના વાસુપૂજ્ય સ્વામીના જિનાલયના ઉલ્લેખ પછી ચોકસીની પોળના જિનાલયોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

નાગરવાડામાં

૫૦. **વાસુપૂજ્યસ્વામીનું**

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં નાગરવાડા વિસ્તારમાં આવેલા શ્રી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાસુપૂજ્યસ્વામીના જિનાલયને ધાબાબંધી દર્શાવવામાં આવ્યું છે. તે સમયે જિનાલયમાં પાષાણની ત્રીસ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી અને જિનાલયના મકાનની સ્થિતિ સારી દર્શાવવામાં આવી હતી.

સં. ૧૯૦૦માં નાલિયેર પાડાના વાસુપૂજ્યના દેહરાનાં ઉલ્લેખ પછી જીરાળાપાડાનાં જિનાલયોની વિગતો આપવામાં આવેલી છે. સં. ૧૯૬૩માં પણ નાગરવાડાના વાસુપૂજ્યસ્વામીના જિનાલય પછી જીરાળાપાડાનાં જિનાલયોની વિગતો આપવામાં આવી છે.

સં. ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં નાગરવાડામાં વાસુપૂજ્યસ્વામીના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે. તે સમયે પાષાણની અઠ્ઠાવીસ પ્રતિમાજીઓ આ જિનાલયમાં વિદ્યમાન હતી. પૃ. ૪૩ ઉપર આ જિનાલયની નીચે મુજબ નોંધ મળે છે :

'નાગરવાડાના મોટા લતામાં એ એક જ દહેરું હોવાથી એની ઉજળામણ ઊડીને આંખે વળગે તેવી છે. ત્યાં બહારના તાકામાં સ્ફટિક-રજતના નાનાં બિંબો છે. વળી દીવાલ પર નવગ્રહના ચિત્રો છે. ખડકીવાળાઓની દેખરેખ સંબંધી ગોઠવણ સારી છે અને જેનું અનુકરણ બીજા લતાવાળાઓએ કરવા જેવું છે. વહીવટ ઘીયા ઠાકરશી છોટાલાલ કરે છે. કેસર તેમજ વસ્ત્ર-પરિધાન માટે અલગ-ઓરડી છે. આ લતામાં દહેરાં નજીક જૈનોની જ વસ્તી છે. બાજુમાં ગુલાબવિજયજીના ઉપાશ્રય તરીકે ઓળખાતા મોટા ઉપાશ્રયનું દ્વાર પડે છે.'

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં નાગરવાડામાં આવેલા વાસુપૂજ્ય સ્વામીના જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયેલો છે. તે સમયે પાષાણની બત્રીસ પ્રતિમાજીઓ આ જિનાલયમાં બિરાજમાન હતી અને વહીવટ શ્રી ભીખાભાઈ કસ્તુરચંદ ગાંધી હસ્તક હતો. હાલ જિનાલયનો વહીવટ શ્રી જમ્બુભાઈ સુંદરલાલ મીઠાવાલા, શ્રી દિનેશભાઈ સુંદરલાલ ઝવેરી, શ્રી રમેશભાઈ જશુભાઈ સાડીવાલા તથા શ્રી ઈન્દ્રવદનભાઈ કાંતિલાલ શાહ કરે છે જેઓ સૌ નાગરવાડામાં જ રહે છે.

જિનાલય આરસ તથા કાષ્ઠનું બનેલું છે. રંગમંડપમાં પ્રવેશતાં સન્મુખ મૂળનાયક શ્રી વાસુપૂજ્ય સ્વામીની પ્રતિમાજીના દર્શન થાય છે. અહીં પ્રસંગો તથા પટની સુંદર રચના જોવા મળે છે. અહીં વનમાળા તથા રાજાનો પ્રસંગ, મહાવીર સ્વામીના કાનમાં ખીલા ઠોકવા તથા કાઢવાનો પ્રસંગ, ચંડકૌશીયનાગના ડંસનો પ્રસંગ, શૂલપાણી યક્ષનો ઉપસર્ગ, સંગમદેવે કરેલો ઉપસર્ગ, સાગર દત્ત અને જીનધર્મ શેઠના પ્રસંગો, શ્રીપાલ રાજા-મયણા સુંદરીને પૂર્વ ભવ સંભળાવતા અજિતસેનમુનિનો પ્રસંગ, શ્રીકાંતરાજાનો પ્રસંગ, ત્રિશલા માતાને આવેલા ચૌદ સ્વપ્નો — જેવા અનેક પ્રસંગોનું ચિત્રકામ થયું છે. તથા કેટલાક પથ્થર પર ઉપસાવેલ છે. આ ઉપરાંત કદમ્બગીરી, કુંડલપુર, સિદ્ધાચલ, મક્ષીતીર્થ, ભોંયણી, સિદ્ધચક્ર મહાયંત્ર વગેરેના સુંદર પટ છે. અહીં દીવાલો પર ફરતે નૃત્ય કરતાં નરનારીઓનું ચિત્રકામ છે. છત ઉપર પણ સુંદર ચિત્રાંકન છે.

જિનાલયમાં ડાબી બાજુ કેસરસુખડની ઓરડી છે. તેના ગભારામાં પાષાણની એકત્રીસ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રતિમાજીઓ બિરાજમાન છે. ડાબા ગભારે ચંદ્રપ્રભસ્વામી અને જમણા ગભારે પદ્મપ્રભ સ્વામીની અષ્ટપ્રતિહાર્ય પરિકરયુક્ત પ્રતિમાજીઓ બિરાજે છે. જે પૈકી ચંદ્રપ્રભસ્વામીની પ્રતિમા પરના લેખમાં 'સંવત ઈલાહી ૪૬ સંવત ૧૬૯૮ (૫૬) સોમ શૂન્ય પ્રતિષ્ઠિત અસ્તુતેન તપાગચ્છ...'-ના અર્થવાળું લખાણ વંચાય છે તથા પદ્મપ્રભુસ્વામીની પ્રતિમા પરના લેખમાં— 'સંવત ઈલાહી ૪૮ સંવત ૧૬૫૮ વૈશાખ.... પાંચમના' - અર્થવાળું લખાણ છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૯૦૦ પહેલાના** સમયનું છે.

• • •

સંઘવીની પોળ

ખંભાતમાં આજે **સંઘવીની પોળ** તરીકે પ્રચલિત વિસ્તાર અગાઉ **સેગઠા પાડો, સંઘવી પાટિક** કે **સેગઠા પાટિક** તરીકે પ્રચલિત હતો.

સં૰ ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં સંઘવીની પોળનો વિસ્તાર **સેગઠા પાડો** તરીકે પ્રચલિત હતો. તે સમયે આ વિસ્તારમાં (૧) સોમચિંતામણિ પાર્શ્વનાથ અને (૨) વિમલનાથ એમ કુલ બે જિનાલયો વિદ્યમાન હતાં. તે સમયે આજે વાઘમાસીની ખડકી તરીકે પ્રચલિત વિસ્તાર (૧) પટૂઆ પોલ (૨) ઊંચીશેરી—એમ બે વિભાગોમાં વહેંચાયેલો હતો. તેવી જ રીતે આજનો બોરપીપળા તરીકે પ્રચલિત વિસ્તાર પૈકીનો અમુક વિસ્તાર સાલવી પોલ તરીકે તથા અમુક વિસ્તાર બીજી સાલવી પોલ તરીકે પ્રસિદ્ધ હતો. સં૰ ૧૬૭૩માં સેગઠા પાડા વિસ્તારનાં જિનાલયોનો ઉલ્લેખ આજની વાઘમાસીની ખડકીના વિસ્તાર પછી અને બોરપીપળા વિસ્તાર પહેલાં નીચે મુજબની પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે.

સેગઠાપાડા માંહિ હવિ સોહિ, **બિ** પ્રાસાદઈ મનડું મોહઈ,
પૂજી પાતિગ ધોઈ, હો ॥ ૧૬

સોમચ્યંતામણિ ચ્યંતા ટાલઈ, તેર બ્યંબ તિહાં પાતિગ ગાલઈ,
ભવિ લોકનઈ પાલઈ, હો ॥ ૧૭

વિમલનાથનિ દેહરિ બીજઈ, દસ પ્રતિમાની પૂજા કીજઈ,
માનવ ભવ ફલ લીજેં, હો ॥ ૧૮

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત ખંભાઇતિ તીર્થમાલામાં **સંઘવીની પોળ** તથા **સેગઠાપાડો** એ બંને નામનો એક જ વિસ્તાર માટે ઉલ્લેખ થયેલો છે. એટલે કે એ સમયે એક સાથે સેગઠા પાડો અને સંઘવીની પોળ એમ બન્ને નામ પ્રચલિત હતા. વળી, ચિંતામણિ પાર્શ્વનાથ અને વિમલનાથના જિનાલયનો ઉલ્લેખ પણ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

આમરાઈ ગિરિનારિ નેમિ જિન તેણિ જીરાઉલઈ થાપીયા એ
ભુંઈરઈ આદિ જિન અડસઠિ બિંબ ઘિન વંદીય **સંઘવીય પાટકિ** ગયાએ ૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગયા **પાટિક સેગઠાનઈ ચિંતામણિ** ચૌદ સાતસઈ
વિમલ ચઉદ ભુંઇરઇ છ(ઇ) બોરપીપલિ ઉલ્હસઈ

સં૰ ૧૯૦૦માં ખંભાતનાં જિનાલયોની સૂચિમાં સંઘવીની પોળમાં ઉપર્યુક્ત બે જિનાલયોનો જ ઉલ્લેખ આવે છે જે નીચે મુજબ છે :

અથ સંઘવીની પોલમાં દહેરાં-૨

૫૮. શ્રી સોમ ચિંતામણિ પાર્શ્વનાથ તથા પદ્માવતીની મૂરતિ

૫૯. શ્રી વિમલનાથનું દેહરું

સં૰ ૧૯૪૭માં જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથની પ્રસ્તાવનામાં દર્શાવવામાં આવેલા ખંભાતના વિસ્તારો પૈકી સંઘવીની પોળ નામના વિસ્તારનો ઉલ્લેખ થયો નથી. આજે સંઘવીની પોળમાં વિદ્યમાન વિમલનાથ અને સોમચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ તે સમયે બોરપીપળા વિસ્તારમાં ક્રમાંક ૧૩ તથા ક્રમાંક ૧૪માં થયો છે. તે સમયે વિમલનાથના જિનાલયના ભોંયરામાં ગોડી પાર્શ્વનાથ બિરાજમાન હોવાનો ઉલ્લેખ છે. બોરપીપળા વિસ્તારના નવપલ્લવ પાર્શ્વનાથના ભોંયરામાં ગોડી પાર્શ્વનાથજી બિરાજમાન છે. બોરપીપળા વિસ્તારમાં આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબ પ્રાપ્ત થાય છે :

બોરપીપળાના મહેલ્લામાં

૧૨. નવપલ્લવ પારસનાથજીનું

૧૩. **વીમળનાથજી**નું (ભુંઈરામાં ગોડી પારસનાથજી)

૧૪. **સોમચીંતામણજી**નું

૧૫. સંભવનાથજીનું

૧૬. મુનીસુવ્રતસ્વામીનું

૧૭. વજેચિંતામણ પારસનાથજીનું

૧૮. સંભવનાથજીનું (ભુંઈરામાં ત્રણ મોટા બિંબ છે) તે શાંતિનાથ આદિના છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં સંઘવીની પોળમાં (૧) નવપલ્લવ પાર્શ્વનાથજીનું જિનાલય (૨) સોમચિંતામણિ પાર્શ્વનાથ (૩) વિમલનાથના એમ ત્રણ જિનાલયોનો ઉલ્લેખ થયો છે. આજે બોરપીપળા વિસ્તારમાં વિદ્યમાન શ્રી નવપલ્લવ પાર્શ્વનાથજીના જિનાલયનો ઉલ્લેખ તે સમયે એટલે કે સં૰ ૧૯૬૩માં સંઘવીની પોળમાં કરવામાં આવ્યો હતો.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં તથા **સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં સંઘવીની પોળ**માં (૧) સોમચિંતામણિ પાર્શ્વનાથ (૨) વિમલનાથ એમ કુલ બે જિનાલયો વિદ્યમાન હોવાના ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

આજે પણ સંઘવીની પોળમાં ઉપર્યુક્ત બે જિનાલયો વિદ્યમાન છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંઘવીની પોળ

સોમ ચિંતામણિ પાર્શ્વનાથ (સં૰ ૧૬૭૩ પહેલાં)

સંઘવીની પોળમાં શ્રી સોમચિંતામણિ પાર્શ્વનાથનું ઘુમ્મટબંધી આરસનું જિનાલય આવેલું છે.

સં૰ ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં સંઘવીની પોળમાં આવેલા શ્રી સોમચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં આવે છે :

સેગઠાપાડા માંહિ હવિ સોહિ, બિ પ્રાસાદઈ મનડું મોહઈ,
પૂજી પાતિગ ધોઈ, હો ॥ ૧૬

સોમ ચ્યંતામણિ ચ્યંતા ટાલઈ, તે બ્યંબ તિહાં પાતિગ ગાલઈ,
ભવિલોકનઈ પાલઈ, હો ॥ ૧૭

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં સોમચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં આવે છે :

ગયા **પાટિક સેગઠાનઈ ચિંતામણિ** ચૌદ સાતસઈ
વિમલ ચઉદ ભુંઈરઈ છ(ઈ) બોરપીપલિ ઉલ્હસઈ

સં૰ ૧૬૭૩માં આ જિનાલયના મૂળનાયકનો ઉલ્લેખ 'સોમ ચિંતામણિ' તરીકે થયેલો છે જ્યારે સં૰ ૧૭૦૧માં 'ચિંતામણિ' તરીકે થયેલો છે.

સં૰ ૧૯૦૦માં સંઘવીની પોળમાં વિદ્યમાન બે જિનાલયો પૈકી સોમચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ સૌ પ્રથમ આવે છે જે નીચે મુજબ છે :

અથ **સંઘવીની પોલ**માં દેહરા -૨

૫૮. શ્રી **સોમચિંતામણિ પાર્શ્વનાથ** તથા શ્રી પદ્માવતીની મૂરતિ

૫૯. શ્રી વિમલનાથનું દેહરું.

સં૰ ૧૯૪૭માં પ્રગટ થયેલ **જયતિહુઅણ સ્તોત્ર** ગ્રંથની પ્રસ્તાવનામાં આ જિનાલયનો ઉલ્લેખ બોરપીપળા વિસ્તારમાં ક્રમાંક ૧૪માં નીચે મુજબ થયેલો છે :

બોરપીપળાના મેહેલ્લામાં

૧૨. નવપલ્લવપારસનાથજીનું

૧૩. વીમલનાથજીનું (ભુંઈરામાં ગોડીપારસનાથ)

૧૪. **સોમ ચિંતામણજીનું**

.....

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં સંઘવીની પોળમાં આવેલું આ જિનાલય ધાબાબંધી દર્શાવેલું છે. તે સમયે પાષાણની સોળ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી અને જિનાલયના મકાનની સ્થિતિ સાધારણ હતી.

સં. ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં સંઘવીની પોળમાં આવેલા સોમચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયને પદ્માવતીમાતાનું સ્થાન તરીકે પણ ઓળખવામાં આવ્યું છે. તે સમયે જિનાલયમાં પાષાણની નવ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી. આ જિનાલય વિશે પૃ. ૪૪ ઉપર નીચે મુજબની નોંધ મળે છે :

''.....શ્રી સોમચિંતામણિ પાર્શ્વનાથનું જીર્ણોદ્ધાર થયેલું દેહરું આવે છે. એમાં પદ્માવતી દેવીની ચમત્કારીક મૂર્તિનું સ્થાન હોવાથી એ 'પદ્માવતીનાં દેરા' તરીકે પ્રસિદ્ધ છે.'' ત્યારે આ જિનાલયનો વહીવટ શા. ઠાકરશી મોતીચંદ હસ્તક હતો, જેઓ જિનાલયની સામે જ રહેતા હતા.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં સંઘવીની પોળના આ જિનાલયને ધાબાબંધી તરીકે દર્શાવવામાં આવ્યું છે. તે સમયે પાષાણની નવ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી અને જિનાલયનો વહીવટ છોટાલાલ કેશવલાલ હસ્તક હતો. આજે જિનાલયનો વહીવટ શ્રી ચંદુલાલ કેશવલાલ (મુંબઈ) શ્રી અશોકભાઈ શાહ, શ્રી રમેશભાઈ શાંતિલાલ ગાંધી, શ્રી ભુપેન્દ્રભાઈ બાબુભાઈ શાહ હસ્તક છે જેઓ ત્રણેય સંઘવીની પોળમાં જ રહે છે.

આ જિનાલયનો જીર્ણોદ્ધાર સં. ૧૯૮૪ આસપાસ થયેલો છે. જૈન તીર્થધામ ખંભાત-ગ્રંથમાં પૃ. ૮૧ ઉપર આ જિનાલય વિશે નીચે મુજબની નોંધ મળે છે :

'શ્રી અમૃતલાલ ફૂલચંદ મોતીચંદના મકાન આગળ કૂવો-ગટર ખોદાવતી વખતે જે (વિ. સં. ૨૦૦૦ના અરસામાં) ઘણી પ્રતિમાઓ પ્રાપ્ત થઈ હતી તે આ જિનાલયમાં પ્રસ્થાપિત કરવામાં આવી છે'.

જિનાલયના પ્રવેશદ્વારની ભીંતો ઉપર તાપસ તથા પાવાપુરી, રાજગૃહી જેવાં તીર્થોનું ચિત્રકામ થયેલું છે. રંગમંડપમાં ફર્શ આરસની છે અને દીવાલો પર ઈટાલિયન ટાઈલ્સ જડેલા છે. મગરમુખી કમાનોવાળું, નવચોકીનું આ જિનાલય સુંદર ભાસે છે. રંગમંડપમાં આરસના ત્રણ ગઢ પર મહાવીર સ્વામી (ચૌમુખજી)ની આરસની પ્રતિમા બિરાજમાન છે. આ પ્રતિમા પરનો લેખ તૂટક તૂટક વંચાય છે. જેમાં 'માતા શ્રી જયતલ દેવી-રાણક શ્રીમદ્ જનદેવસ્ય રાણી શ્રી કપૂરદેવી' મુજબનું લખાણ અસ્પષ્ટ વંચાય છે. રંગમંડપમાં દીવાલો પર શ્રીપાલ રાજા-મયણા સુંદરીનો પ્રસંગ, ચૌદ સ્વપ્નો, શત્રુંજય તીર્થનું ચિત્રકામ થયેલું છે. રંગમંડપમાં જમણી બાજુ ગોખમાં શેઠ-શેઠાણીની આરસની મૂર્તિઓ છે. આ મૂર્તિઓ પર 'સં. ૧૪૩૧ સામવીર ભારયા સિંગારદેવી'- મુજબનું અસ્પષ્ટ લખાણ વંચાય છે. ડાબી બાજુ ગોખમાં શ્રી પદ્માવતીદેવીની હાજરાહજૂર મૂર્તિ છે. મૂર્તિ પર કોઈ લેખ નથી. પરંતુ ખૂબ જ પ્રાચીન હોવાની મનાય છે. ૨૫ ઇંચ ઊંચાઈ ધરાવતી આ મૂર્તિ રાતા રંગની છે. સ્થાનિક માહિતી પ્રમાણે શ્રી પદ્માવતી દેવીની મૂર્તિ આશરે ૧૪૦૦ વર્ષ જૂની છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગભારામાં મૂળનાયક શ્રી સોમ ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમા અષ્ટપ્રાતિહાર્ય પરિકર યુક્ત છે. મૂળનાયકના ડાબા-જમણા ગભારે બિરાજમાન પ્રતિમાઓનાં લાંછન કે નામ વંચાતાં નથી. મૂળનાયકની પ્રતિમા પર 'અલાઈ સંવત ૫૦ સં૰ ૧૬૬૧' સ્પષ્ટ વાંચી શકાય છે. મૂળનાયકની ડાબી-જમણી બાજુ આવેલા શ્રી મહાવીરસ્વામી તથા શ્રી કુંથુનાથની બંને પ્રતિમાજીઓ પર સં૰ ૧૬૬૭.....'વિજયદેવસૂરિ....' વંચાય છે. ગભારો લાંબો અને પહોળો છે. અહીં પાષાણની કુલ સાડત્રીસ પ્રતિમાજીઓ છે. મૂળનાયકની પાછળની દીવાલો પર અષ્ટાપદજી, ગીરનાર, આબુ, સમેતશિખર, ભદ્રેશ્વર, ૧૪ સ્વપ્નો, પાર્શ્વનાથજીના ઉપસર્ગ વગેરેનું ચિત્રકામ સુંદર છે. અહીં છેલ્લાં ૧૫ વર્ષથી અખંડ દીવો ચાલુ છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૬૭૩ પહેલાના** સમયનું છે.

• • •

સંઘવીની પોળ

વિમલનાથ (સં૰ ૧૬૩૯ આસપાસ)

સંઘવીની પોળમાં વિમલનાથજીનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે.

સં૰ ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં સંઘવીની પોળમાં આવેલા આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

સેગઠા પાડા માંહિ હવિ સોહિ, બિ પ્રાસાદઈ મનડું મોહઈ,
.....
.....
.....

વિમલનાથનિ દેહરિ બીજઈ, દસ પ્રતિમાની પૂજા કીજઈ,
માનવભવ ફલ લીજેં, હો ॥ ૧૮

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે :

ગયા **પાટિક સેગઠાનઈ** ચિંતામણિ ચૌદ સાતસઈ
વિમલ ચઉદ ભુંઈરઈ છ(ઇ) બોરપીપલિ ઉલ્હસઈ.

સં૰ ૧૯૦૦માં સંઘવીની પોળમાં આવેલાં બે જિનાલયો પૈકી વિમલનાથના જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૫૯માં નીચે મુજબ થયેલો છે :

અથ **સંઘવીની પોલ**માં દેહરાં -૨

૫૮.શ્રી સોમ ચિંતામણિ પાર્શ્વનાથ તથા શ્રી પદ્માવતીની મૂરતિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૫૯. **શ્રી વિમલનાથનું દેહરું.**

સં૰ ૧૯૪૭માં પ્રગટ થયેલ **જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથ**ની પ્રસ્તાવનામાં દર્શાવવામાં આવેલા ખંભાતનાં જિનાલયો પૈકી વિમલનાથજીના આ જિનાલયનો ઉલ્લેખ બોરપીપળા વિસ્તારમાં ક્રમાંક ૧૩ માં થયેલો છે. તે સમયે ભોંયરામાં ગોડી પાર્શ્વનાથ બિરાજમાન હોવાનો ઉલ્લેખ છે.

બોરપીપળાના મેહેલ્લામાં

૧૨. નવપલ્લવ પારસનાથજીનું

૧૩. **વીમળનાથજીનું** (ભુંઈરામાં ગોડી પારસનાથ)

૧૪. સોમચિંતામણજીનું.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં સંઘવીની પોળમાં આવેલા આ જિનાલયને ધાબાબંધી તરીકે દર્શાવવામાં આવ્યું છે. તે સમયે પાષાણની સાત પ્રતિમાજીઓ બિરાજમાન હતી અને પગલાંની એક જોડનો પણ ઉલ્લેખ થયેલો છે. જિનાલયના મકાનની સ્થિતિ તે સમયે સારી દર્શાવવામાં આવી હતી.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્ય પરિપાટીમાં સંઘવીની પોળમાં વિમલનાથજીના જિનાલયમાં પાષાણની છ પ્રતિમાજીઓનો ઉલ્લેખ છે અને તે સમયે જિનાલયમાં બે લેખ હોવાનો ઉલ્લેખ છે. પૃ૰ ૪૩-૪૪ ઉપર જિનાલય વિશે નીચે મુજબ નોંધ મળે છે :

''વિમલનાથનું દેહરું નાનકડું છતાં શોભીતું છે. તેમાં બે લેખ તથા બે પગલાં જોડ છે. નીચે ભોંયરું છે. કામ અધૂરું છે.'' તે સમયે વહીવટ હીરાચંદ કીલાચંદ હસ્તક હતો જેઓ જિનાલયની નજીકમાં જ રહેતા હતા. ઉપરાંત આ જિનાલયમાંના મુનિસુવ્રત સ્વામીના બિંબ વિશે નીચે મુજબની નોંધ પૃ૰ ૪૪ ઉપર મળે છે :

''સંવત ૧૪૮૫ વર્ષે મહા સુદિ ૧૦ શનીવારે ઓશવાળ જ્ઞાતિના શેઠ નાથાની ભાર્યા વાનૂએ પુત્ર સા મહુણાકે ભાર્યા પૂરી પ્રમુખ કુંટુંબ સાથે પોતાના શ્રેયાર્થે ભરાવેલા શ્રીમુનિસુવ્રત સ્વામીના બિંબની પ્રતિષ્ઠા કરાવી'. આ બિંબ ઉક્ત દેહરામાં છે. પ્રતિષ્ઠા પ્રભાવક એવા શ્રી સોમસુંદર સૂરિના હસ્તે થયેલી છે.'

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં આ જિનાલયને ઘુમ્મટબંધી દર્શાવવામાં આવેલું છે. તે સમયે જિનાલયમાં પાષાણની છ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી. વહીવટ તે સમયે શેઠ જીવાભાઈ હીરાચંદ હસ્તક હતો. ઉપરાંત તે સમયે જિનાલયમાં સુંદર ચિત્રકામ હોવાનો ઉલ્લેખ પણ થયેલો છે. હાલ આ જિનાલયનો વહીવટ શ્રી અજયભાઈ સેવંતીલાલ શાહ તથા શ્રી યોગેશભાઈ શકરાભાઈ હસ્તક છે, જેઓ સંઘવીની પોળમાં જ રહે છે.

પ્રસ્તુત જિનાલયના બહારના ભાગમાં સરસ્વતીદેવીનું ચિત્રકામ કરેલ છે. રંગમંડપની દીવાલ પર કમઠનો ઉપસર્ગ, ચંદનબાળાના પ્રસંગોનું ચિત્રાંકન કરેલું છે. રંગમંડપના થાંભલાની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કમાનો પર સુંદર પૂતળીઓનાં શિલ્પો છે. ઉપરાંત શત્રુંજય-સમેતશિખરના પટ ભીંત પર ચિત્રિત કરેલ છે.

જિનાલયના બહારના ભાગમાં આરસનો એક લેખ કોતરેલો છે. આ લેખ પ્રકરણ-૧૩માં મૂકવામાં આવ્યો છે. આ લેખ વાંચતાં જણાય છે કે આ જિનાલયની પ્રતિષ્ઠા સં૰ ૧૬૩૯માં શક સં૰ ૧૪૦૫માં આચાર્ય શ્રી હીરવિજયસૂરિના હસ્તે થઈ હતી, જ્યારે **ખંભાતનો પ્રાચીન જૈન ઈતિહાસ**માં પૃ૰ ૨૪ ઉપર નર્મદાશંકર ભટ્ટ આ જિનાલય વિશે નીચે મુજબ નોંધ જણાવે છે :

'જિનાલયમાં ભોંયરું છે. આ જિનાલયમાં બે લેખ તથા બે પગલાંની જોડ છે. સં૰ ૧૬૩૧માં શ્રી વિમલનાથનું બિંબ તૈયાર કરાવવામાં આવ્યું છે અને પ્રતિષ્ઠા શ્રી હીરવિજયસૂરિએ કરાવી છે'

અહીં ગભારામાં પણ ચિત્રકામ થયેલું છે. ચંપાપુરી તથા પાવાપુરીના પટ ગભારામાં ચિત્રિત કરવામાં આવ્યા છે. અહીં પાષાણની કુલ પાંચ પ્રતિમાજીઓ વિદ્યમાન છે. મૂળનાયક ભગવાનની ડાબી બાજુ ગર્ભદ્વાર સન્મુખ પુંડરીક સ્વામી તથા જમણી બાજુ ગર્ભદ્વાર સન્મુખ મુનિસુવ્રત સ્વામી બિરાજમાન છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૬૩૯ આસપાસ**ના સમયનું હોવાનો પૂરો સંભવ છે.

• • •

બોરપીપળો

ખંભાતમાં આજે **બોરપીપળા** તરીકે જાણીતા વિસ્તાર પૈકીનો કેટલોક ભાગ અગાઉ ૧૬મા **સૈકામાં સાલવીવાડ** તરીકે પ્રસિદ્ધ હતો. તે સમયે આ વિસ્તારમાં પાર્શ્વનાથનું જિનાલય વિદ્યમાન હતું તેવો ઉલ્લેખ **કવિ ડુંગર ખંભાત ચૈત્યપરિપાટી**માં નીચે મુજબ કરે છે.

સાલવી વાડઈ પાસનાહ જિન પૂજા કીજઈ

ત્યાર પછી **સં૰ ૧૬૭૩**માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં આ વિસ્તાર (૧) સાલવી પોલ (૨) બીજી સાલવી પોલ- એમ બે વિભાગમાં વહેંચાયેલો માલૂમ પડે છે. તે સમયે સાલવી પોલમાં **નવપલ્લવ પાર્શ્વનાથનું** જિનાલય અને બીજી સાલવીની પોળમાં બે જિનાલયો (૧) સંભવનાથ (૨) મુનિસુવ્રત સ્વામી (ભોંયરાવાળું)- મળીને કુલ ત્રણ જિનાલયો વિદ્યમાન હતા. જેનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે :

સાલવી કેરી પોલિ જ પાસ, દેહરામાં **નવપલ્લવ પાસ,**
બ્યંબ પંચ્યોતિર તાસ, હો. ॥૧૯

બીજી સાલવી પોલિ, બઈ પ્રાસાદ પૂજો અંધોલિ,
કેસર ચંદન ધોલિ, હો ॥ ૨૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંભવનાથ જિન પ્રતિમા વીસ, મૂંનિસુવ્રતનઈ નામુ સીસ,
ભૂંયરિ બ્યંબ બાવીસ, હો ॥ ૨૧

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલામાં સાલવી પોલ**માં (૧) સંભવનાથ (૨) મુનિસુવ્રતસ્વામી (૩) નવપલ્લવ પાર્શ્વનાથ- એમ ત્રણ જિનાલયો દર્શાવવામાં આવ્યાં છે. જેનો ઉલ્લેખ નીચે મુજબ થયેલો છે :

સાલવી પોલિ સંભવનાયક બઈતાલીસ જિનપુંગવજી
ભુંઇરઈ વલી **સુવ્રત** એકાવન પંચસયા **નવપલ્લવજી** ॥ ૫

સં૰ ૧૭૦૧માં સૌ પ્રથમ વાર બોરપીપળા નામના વિસ્તારનો ઉલ્લેખ જોવા મળે છે. પરંતુ તે વિસ્તારમાં, આજે વાઘમાસીની ખડકીમાં વિદ્યમાન (૧) સંભવનાથ (ભોંયરાવાળુ) અને (૨) વિજય ચિંતામણિ પાર્શ્વનાથ— એમ બે જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે. એટલે કે આજે વાઘમાસીની ખડકીનો વિસ્તાર તે સમયે બોરપીપળાના નામે જાણીતો થયો હતો. આજે બોરપીપળાના નામે જાણીતો વિસ્તાર તે સમયે સાલવીવાડ કે સાલવીની પોળ તરીકે ઓળખાતો હતો.

સં૰ ૧૯૦૦માં બોરપીપળા નામના વિસ્તારમાં કુલ ચાર જિનાલયો વિદ્યમાન હતાં જેનો ઉલ્લેખ નીચે પ્રમાણે છે :

અથ **બોરપીપલે** દેહરાં ૪-

૫૪. શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ તથા પદ્માવતીની મૂરતિ છઈ

૫૫. શ્રી ભુંયરામાં ગોડી પાર્શ્વનાથ

૫૬. શ્રી મુનિસુવ્રતસ્વામી

૫૭. શ્રી સંભવનાથનું દેહરું.

જયતિહુઅણસ્તોત્ર ગ્રંથની પ્રસ્તાવનામાં (સં૰ ૧૯૪૭માં) બોરપીપળા વિસ્તારમાં નીચે મુજબના જિનાલયનો ઉલ્લેખ થયો હતો :

બોરપીપળાના મેહેલ્લામાં

૧૨. નવપલ્લવ પારસનાથજીનું.

૧૩. વીમલનાથજીનું (ભુંઈરામાં ગોડી પારસનાથજી).

૧૪. સોમચીંતામણજીનું.

૧૫. સંભવનાથજીનું.

૧૬. મુનિસુવ્રતસ્વામીનું.

૧૭. વજેચિંતામણી પારસનાથજીનું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૮. સંભવનાથજીનું (ભુંઈરામાં ત્રણ મોટા બિંબ છે.) તે શાંતિનાથજી આદિના છે.

એટલે કે આજના વાઘમાસીની ખડકી તથા સંઘવીની પોળના નામે ઓળખાતા વિસ્તારનાં જિનાલયોનો ઉલ્લેખ તે સમયે બોરપીપળા વિસ્તારમાં થયો હતો.

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં બોરપીપળા વિસ્તારમાં કુલ સાત જિનાલયો વિદ્યમાન હતાં. આ સાત જિનાલયો પૈકી ત્રણ ઘરદેરાસરો હતાં તથા આજે વાઘમાસીની ખડકીમાં વિદ્યમાન ૧. સંભવનાથ, ૨. વિજય ચિંતામણિ પાર્શ્વનાથ— આ બે જિનાલયોનો સમાવેશ તે સમયે બોરપીપળા વિસ્તારમાં થયો હતો. નવપલ્લવ પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ તે સમયે સંઘવીની પોળના વિસ્તારમાં થયો હતો. બાકીનાં બે જિનાલયો— ૧. સંભવનાથ, ૨. મુનિસુવ્રત સ્વામીનો ઉલ્લેખ બોરપીપળા વિસ્તારમાં જ કરવામાં આવ્યો હતો.

સં. ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્ય પરિપાટીમાં તથા **સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહ**માં બોરપીપળા વિસ્તારમાં (૧) નવપલ્લવ પાર્શ્વનાથ, (૨) સંભવનાથ, (૩) મુનિસુવ્રતસ્વામી એમ કુલ ત્રણ જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે.

આજે પણ બોરપીપળા વિસ્તારમાં ઉપર જણાવેલાં ત્રણ જિનાલયો વિદ્યમાન છે.

• • •

બોરપીપળો

નવપલ્લવ પાર્શ્વનાથ (૧૬મો સૈકો)

બોરપીપળા વિસ્તારમાં જમણા હાથે પાર્શ્વચંદ્રસૂરીશ્વરજીના ગુરુમંદિરની નજીક ખૂણામાં નવપલ્લવ પાર્શ્વનાથજીનું ભોંયરાયુક્ત ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે. ભોંયરામાં મૂળનાયક ગોડીપાર્શ્વનાથજી છે. જિનાલયની બાજુમાં જ સાધ્વીજી મહારાજનો ઉપાશ્રય છે.

૧૬મા સૈકામાં ડુંગર રચિત **ખંભાત ચૈત્યપરિપાટી**માં આ જિનાલયનો ઉલ્લેખ પાર્શ્વનાથના જિનાલય તરીકે સાલવીવાડમાં થયેલો છે.

સાલવીવાડઈ પાસનાહ જિન પૂજા કીજઈ
પીરોજપુરી શ્રી સુમતિનાથ પણમી ફૂલ લીજઈ

ખંભાતમાં નવપલ્લવ પાર્શ્વનાથનું જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ સં. ૧૬૪૨માં વચ્છરાજે ખંભાતમાં રચેલ **સમ્યકત્વ કૌમુદી રાસ**માં પણ પ્રાપ્ત થાય છે, જે ઉલ્લેખ નીચે પ્રમાણેની પંક્તિઓમાં થયેલ છે :

ત્રંબાવતી નગરી સુખવાસ, **થંભણ શ્રી નવપલ્લવ પાસ,**
તાસ પ્રાસાદિ રચી ચુસાલ, શ્રી સમકિત ગુણ કથા રસાલ ૫૦.

સં. ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં **સાલવીની પોળ**માં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નવપલ્લવ પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

સાલવી કેરી પોલિ જ ષાસ, દેહરામાં **નવપલ્લવ પાસ,**
બ્યંબ પંચ્યોતિર તાસ, હોય ॥ ૧૯

એટલે કે ૧૬મા સૈકાનું પાર્શ્વનાથનું જિનાલય સં૰ ૧૬૭૩માં નવપલ્લવ પાર્શ્વનાથના જિનાલય તરીકે પ્રચલિત થયું હતું.

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલામાં સાલંવીની પોળ**માં આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

સાલવી પોલિ સંભવનાયક બઈતાલીસ જિનપુંગવજી
ભુંઈરઈ વલી સુવ્રત એકાવન પંચસયા **નવપલ્લવજી** ॥ ૫

શીલવિજયજી રચિત **તીર્થમાલા**માં (સં૰ ૧૭૨૧ થી સં૰ ૧૭૩૮) નવપલ્લવ પાર્શ્વનાથના જિનાલય વિશે નીચે મુજબની પંક્તિઓમાં ઉલ્લેખ આવે છે :

થંભણ પ્રણમું જીરાઉલો, નારંગો ભીડભંજન શામળો,
નવપલ્લવ જગવલ્લભ દેવ, સુખસાગરની કીજે સેવ.

સં૰ ૧૯૦૦માં બોરપીપળા વિસ્તારમાં થયેલા ચાર જિનાલયોના ઉલ્લેખ પૈકી નવપલ્લવ પાર્શ્વનાથનો ઉલ્લેખ ક્રમાંક ૫૪માં અને ભોંયરામાં ગોડીપાર્શ્વનાથનો ઉલ્લેખ ક્રમાંક ૫૫માં નીચે મુજબ આવે છે :

અથ બોરપીપલે દેહરાં ૪

૫૪. **શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ તથા પદ્માવતીની મૂર્તિ છે.**

૫૫. **શ્રી ભુંયરામાં ગોડીપાર્શ્વનાથ.**

૫૬. શ્રી મુનિસુવ્રત સ્વામી.

૫૭. શ્રીસંભવનાથનું દેહરું.

સં૰ ૧૯૪૭માં પ્રગટ થયેલ **જયતિહુઅણ સ્તોત્ર** ગ્રંથની પ્રસ્તાવનામાં બોરપીપળા વિસ્તારમાં નવપલ્લવ પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૧૨માં થયેલો છે.

બોરપીપળાના મેહેલ્લામાં

૧૨. **નવપલ્લવ પારસનાથજીનું**

.....

૧૮. સંભવનાથજીનું.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં **નવપલ્લવ પાર્શ્વનાથનું** જિનાલય **સંઘવીની પોળ**માં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધાબાબંધી તરીકે દર્શાવવામાં આવ્યું છે. તે સમયે આ જિનાલયની સાથે ઝવેરી ખુશાલચંદ લક્ષ્મીચંદનું નામ જોડાયેલું હતું. પાષાણની એકવીસ પ્રતિમાજીઓ બિરાજમાન હતી. તે સમયે જિનાલયના મકાનની સ્થિતિ સારી હતી તથા પગલાંની એક જોડનો પણ ઉલ્લેખ થયેલો છે.

સં. ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં આ જિનાલય બોરપીપળા વિસ્તારમાં દર્શાવવામાં આવેલું છે અને તે સમયે ભોંયરામાં શ્રી ગોડીપાર્શ્વનાથના જિનાલયનો પણ ઉલ્લેખ થયેલો છે. નવપલ્લવ પાર્શ્વનાથના જિનાલયમાં પાષાણની વીસ પ્રતિમાજીઓ અને ભોંયરામાં ગોડીપાર્શ્વનાથના જિનાલયમાં પાષાણની એક પ્રતિમાજીનો ઉલ્લેખ થયેલો છે. ઉપરાંત એક કાઉસ્સગ પ્રતિમા તથા ૧૭૦ જિનનો ગોખલો પણ દર્શાવવામાં આવેલા છે. તે સમયે આ જિનાલયનો વહીવટ દલપતભાઈ ખુશાલદાસ ઝવેરી હસ્તક હતો. જેઓ જીરાવલાપાડામાં રહેતા હતા. તેમજ તે સમયે પૃ. ૪૪ ઉપર આ જિનાલય વિશે નીચે મુજબની નોંધ છે :

'અહીં જૈનોથી વસાયેલો સંઘવીની પોળનો લતો પૂરો થઈ ખડકી બહાર નીકળતાં 'બોલપીપળા'નામક સરિયામ લતો આવેલ છે. ખડકીમાંથી જમણા હાથે જતાં જીરાળા પાડો આવે છે. સીધા જતાં બજાર આવે છે. જ્યારે ડાબા હાથે જતાં માણેકચોકમાં જવાય છે. ખડકીની લગોલગ પાર્શ્વચંદ્ર ગચ્છનો ઉપાશ્રય છે. તેનાથી બે મકાન મૂકીને ખાંચામાં વળતાં નાકા પર જર્જરિત દશામાં આવી પડેલી સંઘની મોટી ધર્મશાળા છે. બાજુમાં પાર્શ્વચંદ્રસૂરિનો સ્તુપ યાને થુભ છે. એની પાછળ ખૂણામાં નવપલ્લવ પાર્શ્વનાથનું વિશાળ દેવાલય આવેલું છે. ભોંયરું છે જેમાં ગોડી પાર્શ્વનાથની મૂર્તિ છે. જિનાલયની કારીગરી અને બાંધણી જોવાલાયક છે. બાજુમાં નાનો સાધ્વીનો ઉપાશ્રય છે. ભૂતકાળમાં ત્યાં ભક્તિનું કેવું યે ભવ્ય પ્રદર્શન ભરાતું હશે તેનો વિશાળતા પરથી ખ્યાલ આવે છે. આજે તો એ નિર્જનતાવાળા પ્રદેશમાં એકાકી ઉભેલા પથિક સમું ખૂણામાં પડ્યું છે...'

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં બોરપીપળામાં આવેલા નવપલ્લવ પાર્શ્વનાથજીના જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી જિનાલય તરીકે થયેલો છે. તે સમયે પાષાણની સત્તાવીસ પ્રતિમાજીઓ બિરાજમાન હતી. ભોંયરામાં જિનાલયનો ઉલ્લેખ થયેલો છે. પરંતુ ગોડી પાર્શ્વનાથનો અલગ જિનાલય તરીકે કે સંયુક્ત જિનાલય તરીકે ઉલ્લેખ થયેલો નથી. તે સમયે આ જિનાલયમાં સ્ફટિકની એક પ્રતિમાજીનો પણ ઉલ્લેખ થયેલો છે અને વહીવટ દલપતભાઈ ખુશાલચંદ હસ્તક હતો. હાલ આ જિનાલયનો વહીવટ બંસીલાલ ભાઈલાલ ઝવેરી તથા મુકેશભાઈ કાંતિલાલ ઝવેરી હસ્તક છે જેઓ બોરપીપળામાં જ રહે છે.

જિનાલયનો જીર્ણોદ્ધાર શેઠ શ્રી દલપતભાઈ ખુશાલચંદના વહીવટ દરમ્યાન થયો હતો.

જિનાલયની બાંધણી અને કારીગરી જોવાલાયક છે. અગાઉ આ જિનાલય કાચનું હોવાનો પૂરો સંભવ છે. આજે પણ જિનાલયના રંગમંડપના થાંભલાઓ પર ખૂબ જ જીર્ણ થયેલું કાચકામ નજરે પડે છે. જિનાલયની બહારના ભાગમાં રંગમંડપમાં પ્રવેશવા માટેના બે પ્રવેશદ્વારની આજુબાજુની દીવાલો પર પણ સુંદર ચિત્રકામ છે. આખું જિનાલય સુંદર પટ તથા ચિત્રકામથી સુશોભિત છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયની બહારની દીવાલ પર વિપુલગિરિ, રત્નગિરિ, ઉદયગિરિ, સુવર્ણગિરિ વૈભારગિરિ, ગિરનારજીનું ચિત્રકામ છે. બહારના ભાગમાં ટોડલાઓની સુંદર રચના છે. બારસાખમાં રંગીન કલાત્મક કોતરણી જિનાલયની સુંદરતામાં વધારો કરે છે.

રંગમંડપની છત ચિત્રાંકનોથી ભરચક છે. અહીં સિદ્ધાચલ શેરિસા, પાનસર, કરેડા, શંખેશ્વર, તારંગા, ઘોઘા, મક્ષીજી, માંડવગઢ જેવા તીર્થો તથા તેના જિનાલયો દર્શકને તે તે તીર્થોની યાત્રાની અનુભૂતિ કરાવે છે. તદુપરાંત, આ છત પર જ, સંસારની અસારતાનો અનુભવ કરાવતું મધુબિંદુના દૃષ્ટાંતનું ચિત્ર દર્શકમાં વૈરાગ્યની ભાવના જગાડે છે. અને જંબૂવૃક્ષ અને ૬ લેશ્યાઓનું ચિત્ર તેને નિજ સ્વરૂપનું ભાન કરાવે છે. વળી, શ્રીપાળરાજા સતી સ્ત્રીઓની રક્ષા કરે છે તે વખતે ચક્રેશ્વરી દેવીનું આગમન જેવાં શ્રીપાળ-મયણાસુંદરીના જીવનના પ્રસંગોનું આલેખન તે મહાપુરુષના જીવનને જાણવાની ઉત્સુકતા વધારે છે.

છતની પેઠે, રંગમંડપની દીવાલો પણ ચિત્રાંકનોથી ભરચક છે અહીં સમેતશિખર, રાજુલ તથા રહનેમિના ગુફાનિવાસના પ્રસંગના આલેખન સાથેનો ગિરનાર, આબુ જેવાં તીર્થો ઉપરાંત તીર્થંકરોના જીવન પ્રસંગો (મહાવીરસ્વામીના જીવનનો ચંડકૌશિક નાગનો પ્રસંગ, પાર્શ્વનાથ ઉપર પાણીનો છંટકાવ કરતો હાથી, પદ્માવતી) ચિત્રિત થયા છે. વળી, રાસ રમતી સ્ત્રીઓનું ચિત્ર પણ મનોહર છે. સામ સામેની ભીંતે નંદીશ્વરદ્વીપ તથા નવપદજીની રચનાઓને પથ્થર ઉપર ઉપસાવવામાં આવેલી છે. (જુઓ ફોટોગ્રાફ નં. ૧૧)

રંગમંડપમાં ગીરનાર તીર્થની રચના પથ્થર તથા માટલાંનો ઉપયોગ કરી બનાવેલી છે. એમાં ટોચ પર કાચની ફ્રેમવાળા લાકડાના ખોખામાં શ્રી નેમિનાથ ભગવાનની ચમત્કારિક મનાતી લેપવાળી શ્યામ રંગની પ્રતિમા છે. આ રચનાની બાજુમાં જ કાચનું બનાવેલું સમોવસરણ છે. તે જીર્ણ થઈ ગયું છે. ગીરનાર પર્વત તથા સમોવસરણની રચના સાચે જ અદ્‌ભુત છે ! ગીરનાર પર્વતની રચનાની પાછળની ભીંતે થાળી આકારનો ઊગતો ચંદ્ર ચીતરેલ છે તો સમોવસરણની રચના છે તે ભીંતે ઊગતો સૂર્ય ચીતરેલો છે. બેઉ રચનાઓ બાજુબાજુમાં જ છે, તેથી દીવાલ પર એક સાથે ઊગતો ચંદ્ર અને ઊગતા સૂર્યનું અકલ્પનીય દૃશ્ય મનને મુગ્ધ બનાવે છે. ટૂંકમાં આ જિનાલય વિવિધ પટ, પ્રસંગો તીર્થો, દૃષ્ટાંતકથા તથા સુંદર રચનાઓના ચિત્રાંકનોથી શોભાયમાન બન્યું છે.

સમોવસરણની બાજુમાં ગોખની રચના છે. ગોખમાં ઉપર-નીચે એમ મહાવીર સ્વામી તથા ગૌતમસ્વામીની પ્રતિમા છે. તેની સામેની બાજુએ કલાત્મક છત્રયુક્ત ગોખમાં પાર્શ્વચંદ્રસૂરિજીની પાષાણની મૂર્તિ છે. આ ગોખમાં પગલાંની બે જોડ છે. તે બંનેમાં સં. ૨૦૦૬નો ઉલ્લેખ આવે છે. ઉપરાંત તેમાં ભ્રાતૃચંદ્રસૂરિ તથા સાગરચંદ્રસૂરિના નામનો ઉલ્લેખ છે.

રંગમંડપમાં મૂળનાયકની ડાબી બાજુના ગર્ભદ્વારને અડીને દીવાલ પર ગોખમાં રાતા આરસનો અજિતનાથજીના વખતમાં વિચરતા ઉત્કૃષ્ટા ૧૭૦ તીર્થંકરોનો પટ આવેલો છે. (જુઓ ફોટોગ્રાફ નં. ૧૨) તે દરેક ભગવાનના નામ તેની સામેની દીવાલ પર લખેલા છે. આ પટની ઉપર છત્રમાં સાતમી નારકીના નિગોદમાંથી ઉત્પન્ન થતા જીવનું ચિત્ર પથ્થરમાં ઉપસાવેલું છે. મુખ્ય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગર્ભદ્વાર પાસે ડાબી બાજુ ગોખમાં શ્રી પાર્શ્વ પદ્માવતીની સુંદર પ્રતિમા છે. રંગમંડપ ઘણો વિશાળ છે. પ્રવેશદ્વારની પાસેની ચોકીમાં જ નીચે ભોંયરામાં બિરાજમાન શ્રી ગોડીપાર્શ્વનાથનું શિખર છે. આ શિખર પાસે ઊભા રહેતાં ઉપરથી જ ભોંયરામાં બિરાજમાન મૂળનાયકજીના દર્શન કરી શકાય તેવી જાળીની રચના કરેલી છે.

વિશાળ રંગમંડપમાં મધ્યે ટોડલાઓ અને ઉપર ઝરૂખાવાળી બારીઓ છે. કાષ્ઠકોતરણીની દૃષ્ટિએ જિનાલય વિરલ છે. (જુઓ ફોટોગ્રાફ નં. ૧૦) જિનાલયમાં જ્યાં જુઓ ત્યાં ચિત્રકામ નજરે ચડે છે. તે આ જિનાલયની વિશિષ્ટતા છે. હાલ જિનાલયની સ્થિતિ સાધારણ છે.

નીચે ભોંયરામાં મૂળનાયક ગોડીપાર્શ્વનાથજીના ગભારામાં પાષાણની પાંચ પ્રતિમાજીઓ છે. ગભારો નાનો છે.

નવપલ્લવ પાર્શ્વનાથજીના ગભારામાં પાષાણની છવ્વીસ પ્રતિમાજીઓ છે. જમણી બાજુ ગોખમાં એક ખંડિત પ્રતિમા ઉપરાંત સ્ફટિકની જીર્ણ પ્રતિમા પણ છે. મૂળનાયક નવપલ્લવ પાર્શ્વનાથજી ચાંદીની છત્રીમાં બિરાજમાન છે. અહીં ગૌતમસ્વામીની આરસની એક મૂર્તિ છે. તેના પર ''સંવત ૧૬૩૬.....મહાસુદ તેરસ....હીર વિજયસૂરિઃ'' એ મુજબનું લખાણ વાંચી શકાય છે.

આ જિનાલય પાર્શ્વચંદ્ર ગચ્છના સંઘ સાથે જોડાયેલું છે. આજે પણ જિનાલયની વર્ષગાંઠ ઉપરાંત આ જિનાલયના સંઘ તરફથી શ્રી પાર્શ્વચંદ્રસૂરિની વર્ષગાંઠ નિમિત્તે જમણવાર થાય છે. જિનાલય પાર્શ્વચંદ્રસૂરિજીના ગુરુમંદિરની નજીકમાં જ આવેલું છે.

ટૂંકમાં આ જિનાલય **૧૬મા સૈકા**માં વિદ્યમાન હતું.

• • •

બોરપીપળો

સંભવનાથ-ચંદ્રપ્રભસ્વામી (સં. ૧૬૪૪)

બોરપીપળા નામના વિસ્તારમાં મુનિસુવ્રતસ્વામીના જિનાલયની સામે સંભવનાથનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે. આ જિનાલયમાં જ સંભવનાથજીના ગભારાની બાજુમાં એક અલગ ગભારો બનાવી ચંદ્રપ્રભુસ્વામીની પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

સંભવનાથજીના આ જિનાલયનો સૌ પ્રથમ ઉલ્લેખ **સં. ૧૬૭૩**માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં નીચે મુજબની પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે.

બીજી સાલવી પોલિ, બઈ પ્રાસાદ પૂજો અંઘોલિ,
કેસરચંદન ઘોલિ, હો. ॥ ૨૦

સંભવનાથ જિન પ્રતિમા વીસ, મુનિસુવ્રતનઈ નામૂં સીસ,
ભૂંયરિ બ્યંબ બાવીસ હો. ॥ ૨૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં સંભવનાથના આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં આવે છે :

સાલવી પોલિ સંભવનાયક બઈતાલીસ જિનપુંગવજી
ભુંઈરઈ વલી સુવ્રત એકાવન પંચસયા નવપલ્લવજી ૫

સં૰ ૧૯૦૦માં બોરપીપળા વિસ્તારમાં આવેલા સંભવનાથના જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૫૭માં નીચે મુજબ પ્રાપ્ત થાય છે :

અથ બોરપીપલે દેહરાં ૪

૫૪. શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ તથા પદ્માવતીની મૂર્તિ છઈ

૫૫. શ્રી ભુંયરામાં ગોડી પાર્શ્વનાથ

૫૬. શ્રી મુનિસુવ્રત સ્વામી

૫૭. **શ્રી સંભવનાથનું દેહરું.**

સં૰ ૧૯૪૭માં **જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથ**ની પ્રસ્તાવનામાં દર્શાવવામાં આવેલા ખંભાતનાં જિનાલયો પૈકી બોરપીપળા વિસ્તારમાં આવેલા આ જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૧૫માં થયેલો છે, જે નીચે મુજબ છે :

બોરપીપળાના મેહેલ્લામાં

૧૨. નવપલ્લવ પારસનાથજીનું

.....

૧૫. **સંભવનાથજીનું**

૧૬. મુનીસુવ્રતસ્વામીનું

.....

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં બોરપીપળામાં આવેલા સંભવનાથના જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયેલો છે. તે સમયે પાષાણની દસ પ્રતિમાજીઓ બિરાજમાન હતી અને જિનાલય જીર્ણ અવસ્થામાં દર્શાવવામાં આવ્યું હતું.

સં૰ ૧૯૮૪માં **ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટી**માં બોરપીપળા વિસ્તારમાં આવેલા સંભવનાથજીના જિનાલયમાં પાષાણની દસ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી. તે સમયે જિનાલયનો વહીવટ ચુનીલાલ ખીમચંદ હસ્તક હતો.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વ સંગ્રહ**માં બોરપીપળામાં આવેલા સંભવનાથજીના જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયેલો છે. તે સમયે પાષાણની આઠ પ્રતિમાજીઓ બિરાજમાન હતી. જિનાલયના મકાનની સ્થિતિ સારી હતી. એટલે કે સં૰ ૧૯૬૩ થી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૨૦૧૦ દરમ્યાન આ જિનાલયનો જીર્ણોદ્ધાર થયો હોવાનો પૂરો સંભવ છે. તે સમયે જિનાલયનો વહીવટ શેઠ કેશવલાલ ચુનીલાલ હસ્તક હતો. આજે આ જિનાલયનો વહીવટ નટવરલાલ ચુનીલાલ અને ભુપેન્દ્રભાઈ નગીનદાસ હસ્તક છે. તેઓ બોરપીપળામાં જ રહે છે.

મૂળનાયક શ્રી સંભવનાથજીની પ્રતિમા પરના લેખમાં નીચે મુજબનું લખાણ વાંચી શકાય છે :

'સં૰ ૧૬૪૪ વર્ષે જેઠ સુદી પૂનમ.. સંઘના શ્રેયાર્થે પ્રતિષ્ઠિતં સંભવનાથ બિંબં.... વિજયસેન સૂરીશ્વરજી'

મૂળનાયક સંભવનાથજી અને મૂળનાયક ચંદ્રપ્રભસ્વામીના ગભારાની વચ્ચે ભીંત છે. બંને ગભારાનો રંગમંડપ એક અને સળંગ છે. અહીં દીવાલો પર રંગીન ટાઈલ્સ જડેલા છે. જિનાલયમાં સુંદર કોતરણીવાળા સીસમનાં સ્નાત્ર માટેનાં ત્રિગડાં છે. ગભારાની બારસાખ ઉપર સુંદર રંગીન કોતરણી છે. રંગમંડપમાં પ્રવેશતાં જ જમણી બાજુ પાષાણની ચૌમુખજીની પ્રતિમાજી છે.

સંભવનાથજીના ગભારામાં પાષાણની ચૌદ પ્રતિમાજીઓ અને ચંદ્રપ્રભુના ગભારામાં પાષાણની ત્રણ પ્રતિમાજીઓ બિરાજમાન છે.

ચંદ્રપ્રભ સ્વામીની પ્રતિષ્ઠા સં૰ ૨૦૩૦માં થઈ હતી. ચંદ્રપ્રભસ્વામીની પ્રતિમાજી શ્રી નટવરલાલ વાડીલાલના મકાનમાં ખોદકામ કરતાં સં૰ ૨૦૨૬માં નીકળ્યા હતા. સં૰ ૨૦૩૦માં ચંદ્રપ્રભસ્વામીની પ્રતિષ્ઠા શ્રીમદ્ વિજયનંદનસૂરીશ્વરજી મ૰ સા૰ ના હસ્તે થઈ હતી.

શ્રી ચંદ્રપ્રભ સ્વામીની પ્રતિમાના સંદર્ભમાં જિનાલયના વહીવટકર્તા તરફથી માહિતી પ્રાપ્ત થઈ છે તે મુજબ આ પ્રતિમા ભાઈશ્રી નટવરલાલના મકાનમાં ખોદકામ કરતાં નીકળેલ છે. ત્યાર પછી પણ ખોદકામ કરતાં પુરૂષાદાનીય પાર્શ્વનાથની પ્રતિમાજી નીકળેલ, જે હાલ અમદાવાદના દેવકીનંદન સોસાયટીના જિનાલયમાં બિરાજમાન છે. આ જ સમયે ખોદકામમાં વારાફરતી લગભગ ૧૧ પ્રતિમાજીઓ પણ નીકળ્યા હતા. પછી કેટલાક સામાજિક કારણોસર ખોદકામ બંધ કરાવવામાં આવ્યું. ત્યારપછી કોઈ પ્રતિમાજી નીકળ્યા નથી. તેમાંથી જે આરસની શેઠ-શેઠાણીની પ્રતિમાજી નીકળી હતી તેના પર લેખ લખેલ છે. શબ્દો ઘસાઈ ગયેલ હોવાથી માત્ર 'શેઠ સોમા' વંચાય છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૬૪૪**ના સમયનું છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બોરપીપળો

મુનિસુવ્રતસ્વામી (સં૰ ૧૬૭૦)

બોરપીપળા વિસ્તારમાં શ્રી સંભવનાથજીના જિનાલયની સામે આરસનું મુનિસુવ્રતસ્વામીનું ભોંયરાયુક્ત, ધાબાબંધી જિનાલય આવેલું છે. જિનાલય જીર્ણ અવસ્થામાં છે.

સં૰ ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં આ જિનાલયનો ઉલ્લેખ સૌ પ્રથમ વાર નીચે મુજબની પંક્તિઓમાં આવે છે :

બીજી સાલવી પોલિ, બઈ પ્રાસાદ પૂજો અંધોલિ,
કેસર ચંદન ઘોલિ, હો ॥ ૨૦

સંભવનાથ જિન પ્રતિમા વીસ, **મૂંનિસુવ્રતનઈ** નામૂં સીસ,
ભૂંયરિ બ્યંબ બાવીસ, હો ॥ ૨૧

એટલે કે તે સમયે પણ મુનિસુવ્રત સ્વામીનું જિનાલય ભોંયરાયુક્ત હતું.

મૂળનાયકશ્રી મુનિસુવ્રત સ્વામીની પ્રતિમા ઉપર નીચે મુજબનો લેખ છે :

સં૰ ૧૬૬૬ વર્ષે ફાલ્ગુન સુદિ ૩ ગુરુ સ્થંભતીર્થ વાસ્તવ્ય લઘુ ઉકેશ જ્ઞાતીય સા. કાહનજીકેન ભાર્યા મરઘાબાઈ પ્રમુખ કુટુંબયુતેન સ્વશ્રેયસે શ્રી મુનિસુવ્રત બિંબં કારિતં પ્રતિષ્ઠિતં ચ શ્રીમદ્ ...ભટ્ટારક..શ્રી હીરવિજય સૂરિશ્વર પટ્ટાલંકાર ભટ્ટારક શ્રીવિજયસેનસૂરિશ્વર નિર્દેશાત્ શ્રી વિજયદેવ સૂરિભિઃ ચિરં નંદતાત્ શ્રીરસ્તુ ॥

રંગમંડપમાં મૂળનાયકની ડાબી બાજુ ભીંત પર એક શિલાલેખ છે જે નીચે મુજબ છે :

॥ભલે મીંડું॥ સંવત ૧૬૭૦ વર્ષે વૈશાખ માસે શુકલ પક્ષે ૧૩ તિથૌ લઘુ શાખાયાં ઉસવાલ જ્ઞાતિયમ્ સાં અમિઆ ભાર્યા અમરાદે સૂત સા કાન્હજી કેન ભાર્યા મરઘાદે સહિતેન સ્વદ્રવ્યવ્યયેન સ્વશ્રેયોર્થમ્ પ્રાસાદ કારાપિતા તત્ર સ્વદ્રવ્ય નિષ્પન્ના શ્રી મુનિસુવ્રત તીર્થકર પ્રતિમા સ્થાપિતા પ્રતિષ્ઠતા શ્રી તપાગચ્છે ભટ્ટારક શ્રી વિજયદેવસૂરિભિઃ ॥ શ્રીઃ ॥ સંવત ૧૬૮૩ વર્ષે ઈયં પ્રશસ્તિ લિખાપિતા

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં આવે છે :

સાલવી પોલિ સંભવનાયક બઈતાલીસ જિનપુંગવજી
ભુંઈરઈ વલી **સુવ્રત** એકાવન પંચસયા નવપલ્લવજી ૫

એટલે કે સં૰ ૧૭૦૧માં પણ મુનિસુવ્રતસ્વામીના જિનાલયનો ઉલ્લેખ ભોંયરા સાથે કરવામાં આવેલો છે.

સં૰ ૧૯૦૦માં બોરપીપળામાં મુનિસુવ્રતસ્વામીના જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૫૬માં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નીચે મુજબ થયેલો છે :

અથ બોરપીપલે દેહરાં-૪

૫૪. શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ તથા પદમાવતીની મૂરતિ છઈ

૫૫. શ્રી ભુંયરામાં ગોડી પાર્શ્વનાથ

૫૬. **શ્રી મુનિસુવ્રત સ્વામી**

૫૭. શ્રી સંભવનાથનું દેહરું

સં૰ ૧૯૪૭માં જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથની પ્રસ્તાવનામાં બોરપીપળા વિસ્તારમાં આવેલા આ જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૧૬માં નીચે મુજબ થયેલો છે :

બોરપીપળાના મેહેલ્લામાં

૧૨. નવપલ્લવ પારસનાથજીનું

.....

૧૬. **મુનિસુવ્રતસ્વામીનું**

૧૭. વજે ચીંતામણ પારસનાથજીનું

.....

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેકટરીમાં બોરપીપળા વિસ્તારમાં આવેલા શ્રી મુનિસુવ્રતસ્વામીના જિનાલયને ધાબાબંધી તરીકે દર્શાવવામાં આવેલું છે. તે સમયે પાષાણની કુલ તેર પ્રતિમાજીઓ બિરાજમાન હતી અને જિનાલયના મકાનની સ્થિતિ સારી હતી.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં બોરપીપળામાં આવેલા મુનિસુવ્રતસ્વામીના જિનાલયમાં પાષાણની આઠ પ્રતિમાજીઓ બિરાજમાન હતી. તે સમયે વહીવટ ગફુરભાઈ જીણાભાઈ હસ્તક હતો કે જેઓ એ વિસ્તારમાં જ રહેતા હતા.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં બોરપીપળામાં આવેલા મુનિસુવ્રતસ્વામીના જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયેલો છે. તે સમયે પાષાણની આઠ પ્રતિમાજીઓ બિરાજમાન હતી. તે સમયે પણ મૂળનાયકના લેખનો સંવત ૧૬૬૬ દર્શાવવામાં આવ્યો છે અને વહીવટ શેઠ ભોગીલાલ ગફુરભાઈ હસ્તક હતો. હાલ જિનાલયનો વહીવટ પરસોત્તમદાસ કેશવલાલ શાહ અને કનુભાઈ ભોગીલાલ શાહ હસ્તક છે. જેઓ બંને બોરપીપળામાં જ રહે છે.

વર્ષો પૂર્વે અહીં ભોંયરામાં પ્રતિમાજી હતા. જે કાળક્રમે ખંડિત થઈ જવાથી દરિયામાં પધરાવી દેવામાં આવેલ છે. હાલ ભોંયરામાં કોઈ પ્રતિમાજી નથી.

આ જિનાલયના પ્રવેશદ્વારની ચોકીમાં પથ્થરની કોતરણી સુંદર છે. બંને બાજુએ દ્વારપાલનાં શિલ્પો છે. રંગમંડપમાં કાચનાં બે ભીંતકબાટો છે. જેની ઉપર અને નીચેના ભાગમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુંદર કોતરણી છે. દીવાલો પર રંગીન ડિઝાઇનવાળા ટાઇલ્સ ચોંટાડેલા છે.

ગભારાની લાકડાની બારસાખ ઉપર સુંદર કોતરણી છે. અહીં મૂળનાયકની આજુબાજુમાં બે નાની દેરી જેવી કોતરણીયુક્ત રચના છે. તેમાં પાષાણની બે પ્રતિમાજીઓ બિરાજમાન છે. અહીં પાષાણની કુલ નવ પ્રતિમાજીઓ બિરાજમાન છે. મૂળનાયકની જમણી તથા ડાબી બાજુ પાર્શ્વનાથની પ્રતિમા બિરાજે છે.

આ જિનાલયની નોંધપાત્ર વિશેષતા એ છે કે અહીં રંગમંડપને બદલે ગભારામાં દીવાલો પર પટ ચિત્રિત કરેલ છે. તેમાં શત્રુંજય, ભાવનગર, તારંગા, કદંબગિરિ, સમેતશિખર, શંખેશ્વર, નવપદજી, મહાવીર સ્વામીના ઉપસર્ગો, શ્રીપાલરાજાના જીવનનો એક પ્રસંગ વગેરેનો સમાવેશ થાય છે.

ટૂંકમાં આ જિનાલય **સં. ૧૬૭૦ના સમયનું** અને વિજયદેવસૂરિજી દ્વારા પ્રતિષ્ઠિત થયેલું છે.

• • •

બોરપીપળો

વિમલનાથ-ઘરદેરાસર (સં. ૧૯૦૦ પહેલાં)

બોરપીપળા વિસ્તારમાં ઝવેરીની ખડકીમાં શ્રી રસિકભાઈ દલપતભાઈ પરિવારના ઘરમાં શ્રી વિમલનાથજીનું જિનાલય આવેલું છે.

સં. ૧૯૦૦માં માણેકચોક મધ્યે છ ઘરદેરાસરોનો ઉલ્લેખ થયેલો છે તે પૈકી પરીખ સકળચંદ હેમચંદના ઘરદેરાસરનો ઉલ્લેખ થયેલો છે.

શ્રી પરીખ સકળચંદ હેમચંદના ઘરદેરાસરમાં મૂળનાયક વિમલનાથજી હતા તે મુજબનો ઉલ્લેખ **સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડીરેક્ટરી**માં થયેલો છે. તે સમયે આ જિનાલય બોરપીપળા વિસ્તારમાં જ દર્શાવવામાં આવ્યું છે. આ જિનાલયમાં ધાતુના બાર પ્રતિમાજીઓ હતા અને જિનાલયના મકાનની સ્થિતિ સારી દર્શાવવામાં આવી હતી.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં વિમલનાથજીનું આ ઘરદેરાસર માણેકચોક વિસ્તારમાં દર્શાવવામાં આવેલું હતું. તે સમયે પણ આ જિનાલયમાં ધાતુની બાર પ્રતિમાજીઓ વિદ્યમાન હોવાનો ઉલ્લેખ હતો. આ ઘરદેરાસર સાથે શેઠ રસિકભાઈ દલપતભાઈનું નામ જોડાયેલું હતું અને જિનાલય તે સમયે ત્રીજે માળ હતું. જિનાલયના મકાનની સ્થિતિ તે સમયે સારી હતી.

અત્રે એ જણાવવું જોઈએ કે હાલમાં બોરપીપળામાંની ઝવેરીની ખડકીનું પ્રસ્તુત જિનાલય માણેકચોકની ઘણી નજીક આવેલુ છે. સ્થળનામો બદલાય છે. વિસ્તાર નાના-મોટા થાય છે. તે રૂએ આજના બોરપીપળાનો કેટલોક ભાગ કેટલોક સમય માણેકચોક વિસ્તાર ગણાતો હોઈ શકે. આથી જ, વિમલનાથ જિનાલય સંદર્ભે આપણને સં. ૧૯૦૦માં માણેકચોક, સં. ૧૯૬૩માં બોરપીપળો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વળી સં૰ ૨૦૧૦માં માણેકચોક વિસ્તારમાં હોવાનું પ્રાપ્ત થાય છે.

આજે આ ઘરદેરાસરનો વહીવટ શેઠ રસિકભાઈ દલપતભાઈના પરિવારના શ્રી કીર્તિભાઈ તથા શ્રી પ્રમોદભાઈ કરે છે.

જિનાલય ઘણું જીર્ણ થયેલું હોવાથી સં૰ ૨૦૪૪માં જીર્ણોદ્ધાર થયો હતો અને તે સમયે આચાર્ય શ્રી પ્રબોધચંદ્રસૂરિજી હસ્તે પુનઃપ્રતિષ્ઠા થઈ હતી.

આરસપહાણના બનેલા આ ઘરદેરાસરમાં ધાતુના કુલ બાર પ્રતિમાજીઓ વિદ્યમાન છે. મૂળનાયકની ધાતુપ્રતિમા પર સં૰ ૧૫૩૬નો લેખ છે, જે નીચેની મુજબ છે :

''સંવત ૧૫૩૬ વર્ષે વૈશાખ વદિ ૧૧ શુકલે લોલીયાણા વાસ્તવ્ય શ્રી ઓસવાલ જ્ઞાતીય સા૰ સમધર ભા૰ જાસૂસું સા૰ કમા ભા૰ રમાઈ સહિતેન સાહ આસાકેન ભા૰ પદ્માઈ પ્રમુખ કુટુંબયુતેન શ્રી વિમલનાથ ચતુર્વિશતિ પટઃ કારિત પ્રતિ૰ શ્રી વૃદ્ધ તપાગચ્છે શ્રી રત્નસિંહસૂરિ શ્રી ઉદયવલ્લભસૂરિ શ્રી જ્ઞાનસાગરસૂરિ પટ્ટે શ્રી ઉદયસાગરસૂરિભિઃ'' મૂળનાયકની પ્રતિમાજી મનોહર છે. તેના પરિકરમાં ચોવીશી છે.

ખંભાતમાં ઘરદેરાસરો અલ્પસંખ્યામાં છે ત્યારે આ ઘરદેરાસર એક જ કુટુંબની પરંપરામાં ઘણાં વર્ષોથી વિદ્યમાન રહ્યું છે એ નોંધપાત્ર ઘટના છે.

ટૂંકમાં આ ઘરદેરાસર **સં૰ ૧૯૦૦ પહેલાના** સમયનું છે.

• • •

માણેકચોક

ખંભાતમાં આવેલ આજનો માણેકચોક વિસ્તાર અગાઉ **સાહ મહીઆની પોલ-માણિકચઉકપોલ-લાડવાડો** વગેરે નામ સાથે પ્રચલિત હતો.

૧૬મા સૈકામાં ડુંગર રચિત **ખંભાત ચૈત્યપરિપાટી**માં માણેકચોક નામના વિસ્તારનો ઉલ્લેખ નથી. તે સમયે ભોંયરાવાળા આદિનાથના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે, જે નીચે મુજબ છે :

ભુંહિરા માંહિ જઈ નમું એ ગુરૂઓ **આદિનાથો**

સં૰ ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં માણેકચોક વિસ્તાર **સાહ મહીઆની પોળ**ના નામ સાથે પ્રચલિત હતો. તે સમયે અહીં (૧) મલ્લિનાથ (૨) ચિંતામણિ પાર્શ્વનાથ, ભોંયરામાં આદિનાથ (૩) ખૂણામાં શાંતિનાથ (૪) શાહ જસુઆનું સોમચિંતામણિ પાર્શ્વનાથનું દેહરું (૫) આગળ આદિનાથનું દેહરું — એમ કુલ પાંચ જિનાલયો વિદ્યમાન હતાં. તેનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

સાહા મહીઆની પોલિ વષાણૂં, **પાંચ પ્રાસાદ** તિહાં પોઢા જાણૂં.
પૂજીમ કરિની આંણૂ, હો ભવિકા, સેવો જિનવર રાય,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એ તો પૂજયેં પાતિગ જાઈ, એ તો નિરષ્યઈ આનંદ થાઈ, હો ભવિકા. ॥ ૧

મલ્લિનાથનઈ દેહરિ જઈઈ, બિ પ્રતિમા તિણ થાનકિ લહીઈ,
આંન્યા શર પરિ વહીઈ, હો ભવિકા. ॥ ૨

આગલિ બીજઈ ચ્યંતામણિ પાસ, ભુંયરિ **ઋષભદેવ**નો વાસ,
બ્યંબ નમું પં (ચાસ), હો ॥ ૩

ષૂંણઈ શાંતિનાથ યગદીસ, તિહાં જિન પ્રતિમા છઈ એકવીસ
નીતિ નામૂં સીસ હો ॥ ૪

સાહા જસૂઆનૂં દેહેરું સારુ, **સોમચિંતામણઈ** તિહાં જૂહારું ।
ચઉદ બિંબ ચિત્ત ધારું, હો ॥ ૫

આગલિ દેહરિ રિષભ જિણંદ, પરદષ્યણ દેતાં આનંદ,
સાઠિ બ્યંબ સુખકંદ, હો ॥ ૬

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં **માણિક ચઉક પોલિં** નામના વિસ્તાર સાથે કુલ સાત જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે. માણિક ચઉક પોલિં નામના વિસ્તારમાં (૧) આદેશ્વર (૨) પાર્શ્વનાથ (૩)પાર્શ્વનાથ (૪)ભોંયરામાં આદેશ્વર (૫) મલ્લિનાથ (૬)શાંતિનાથ (૭) ધર્મનાથ- એમ કુલ સાત જિનાલયો વિદ્યમાન હતાં. તેનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

.....
માણિકચઉકપોલિં ઋષભમંદિરિ એકસુ છપ્પન સાંભલઉ ૧૬

છન્નૂ મૂરતિ **પાસનઈ** દેહરઈ
બીજઈ પાસજિન પંચાસ દુષ હરઈ ૧૭

ભુંઈરઈ એકત્રીસ **આદિ સહીત મલ્લિ** સતાવન ગુણઘણઈ
શાંતિ ભુવન ચૌદહ ધર્મ પન્નર .....

સં૰ ૧૯૦૦માં ખંભાતનાં જિનાલયોની સૂચિમાં આજનો માણેકચોક વિસ્તાર **લાડવાડા** નામથી પ્રચલિત હતો અને આજનો લાડવાડા નામનો વિસ્તાર તે સમયે બાંમણવાડા નામથી પ્રસિદ્ધ હતો. ત્યારે લાડવાડા વિસ્તારમાં નીચે મુજબનાં જિનાલયો વિદ્યમાન હતાં.

લાડવાડા મધ્યે દેહરાં ૬

૭૨. શ્રી સોમ ચિંતામણિ પાર્શ્વનાથજી-આદા સંઘવીનું દેહરું

૭૩. શ્રી આદીસર ભગવાન- ખુસાલભરતી

૭૪. શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજીનું દેરું

૭૫. શ્રી આદીશર ભગવાન- જગીબાઈનું ભોંયરું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૭૬. શ્રી શાંતિનાથ- ચંદ્રદાસનું દેરું

૭૭. શ્રી ધર્મનાથનું દેરું

સં૰ ૧૯૪૭માં જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથની પ્રસ્તાવનામાં ખંભાતમાં તે સમયે વિદ્યમાન જિનાલયો પૈકી માણેકચોક વિસ્તારમાં નીચે મુજબના જિનાલયો વિદ્યમાન હતાં.

માણેકચોક મેહેલ્લામાં

૭૦. ધરમનાથજીનું.

૭૧. મહાવીર સ્વામીનું.

૭૨. શાંતિનાથજીનું.

૭૩. શીતલનાથજીનું.

૭૪. ચિંતામણિ પારસનાથજીનું (ભુંયરામાં રીષવદેવસ્વામી)

૭૫. ચિંતામણિ પારસનાથજીનું.

૭૬. આદીનાથજીનું.

૭૭. અભિનંદન સ્વામીનું.

૭૮. ચંદ્રપ્રભુસ્વામીનું.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં માણેકચોક નજીક વિસ્તારમાં ચાર જિનાલયો ઉપરાંત **માણેકચોક** વિસ્તારમાં ચાર જિનાલયો એમ કુલ આઠ જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે. **માણેકચોક નજીક** વિસ્તારનાં ચાર જિનાલયો પૈકી એક ઘરદેરાસર હતું. આ ચાર જિનાલયોમાં (૧) શાંતિનાથ-શિખરવિનાનું (૨) વજે ચિંતામણિ પાર્શ્વનાથ (૩) આદીશ્વર (૪) શાંતિનાથનાં જિનાલયોનો સમાવેશ થાય છે અને **માણેકચોક** વિસ્તારમાં (૧) વાસુપૂજ્યસ્વામી (૨) ચિંતામણિ પાર્શ્વનાથ (૩) મહાવીર સ્વામી (૪) ધર્મનાથ—એમ કુલ ચાર જિનાલયો વિદ્યમાન હતાં.

ઉપર્યુક્ત આઠ જિનાલયો પૈકી આજે ઉપરનાં સાત જિનાલયો વિદ્યમાન છે. શાંતિનાથજીનું ઘરદેરાસર આજે માણેકચોક વિસ્તારમાં નથી.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં માણેકચોક વિસ્તારમાં (૧) આદેશ્વર (૨) ચિંતામણિ પાર્શ્વનાથ, ભોંયરું- આદિનાથ (૩) શાંતિનાથ (૪) વાસુપૂજ્ય સ્વામી (૫) ચિંતામણિ પાર્શ્વનાથ (૬) ધર્મનાથ (૭) મહાવીરસ્વામી— એમ કુલ સાત જિનાલયો વિદ્યમાન હતાં.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં માણેકચોક વિસ્તારમાં કુલ દસ જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે, જે પૈકી ત્રણ ઘરદેરાસરો છે. (૧) રત્ન પાર્શ્વનાથ (૨) શાંતિનાથ (૩) વિમલનાથ આ ત્રણેય ઘરદેરાસરો પૈકી વિમલનાથનું ઘરદેરાસર આજે બોરપીપળા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિસ્તારમાં ઝવેરીની ખડકીમાં વિદ્યમાન છે. શાંતિનાથનું ઘરદેરાસર ખારવાડા વિસ્તારમાં મુનિસુવ્રતસ્વામી જિનાલયની સામે વિદ્યમાન છે. રત્ન પાર્શ્વનાથનું ઘરદેરાસર માણેકચોકમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ બાવન જિનાલયની ડાબી બાજુની ખડકીમાં ખૂણામાં આવેલું છે. બાકીનાં સાત જિનાલયો (૧) આદિનાથ (૨) ચિંતામણિ પાર્શ્વનાથ (૩) ચિંતામણિ પાર્શ્વનાથ (૪) શાંતિનાથ (૫) વાસુપૂજ્ય (૬) ધર્મનાથ (૭) મહાવીર સ્વામી— આજે પણ માણેકચોક વિસ્તારમાં વિદ્યમાન છે.

સં૰ ૨૦૫૫માં એટલે કે આજે માણેકચોક વિસ્તારમાં કુલ નવ જિનાલયો વિદ્યમાન છે, જે નીચે મુજબ છે :

(૧) આદેશ્વર (૨) શંખેશ્વર પાર્શ્વનાથ (૩) ચિંતામણિ પાર્શ્વનાથ (૪) ચિંતામણિ પાર્શ્વનાથ-ભોંયરામાં આદેશ્વર (૫) શાંતિનાથ (૬) વાસુપૂજ્ય સ્વામી (૭) રત્નચિંતામણિ પાર્શ્વનાથ ઘરદેરાસર (૮) ધર્મનાથ (૯) મહાવીર સ્વામી.

• • •

માણેકચોક-સ્કૂલ સામે

આદિનાથ (સં૰ ૧૬૭૩ પહેલાં)

માણેકચોક વિસ્તારમાં પ્રવેશતાં જ ડાબી બાજુ આદિનાથ ભગવાનનું ધાબાબંધી જિનાલય આવેલું છે.

સં૰ ૧૬૭૩માં કવિશ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં માણેકચોક વિસ્તારને **સાહ મહીઆની પોળ**ના નામે ઓળખવામાં આવી છે. તે સમયે આ વિસ્તારમાં પાંચ જિનાલયો વિદ્યમાન હતા. તે પૈકી આદિનાથજીના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં આવે છે :

સાહા મહીઆની પોલિ વખાણું, પાંચ પ્રાસાદ તિહાં પોઢા જાણું,

.....

આગલિ દેહરિ રિષભ જિણંદ, પરદખ્યણ દેતાં આનંદ,
સાઠિ બ્યંબ સુખકંદ હો ॥ ૬

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં માણેકચોકના આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

.....

માણેકચઉકપોલિં ઋષભ મંદિરિ એકસુ છપ્પન સાંભલઉ ૧૬

સં૰ ૧૯૦૦માં આ જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૭૩માં થયો છે જે નીચે પ્રમાણે છે.

અથ લાડવાડામાં દેહરાં ૬-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૭૨. શ્રી સોમચિંતામણિ પાર્શ્વનાથ, આદા સંઘવીનું દેહરું.

૭૩. શ્રી **આદિસર ભગવાન, ધુસાલ ભરતીનું દેહરું દક્ષણ સન્મુષ.**

સં૰ ૧૯૪૭માં જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથની પ્રસ્તાવનામાં માણેકચોક વિસ્તારમાં આવેલા આ જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૭૬માં નીચે મુજબ થયેલો છે :

માણેકચોક મહેલ્લામાં

૭૦. ધરમનાથજીનું.

૭૧. મહાવીરસ્વામીનું.

૭૨. શાંતિનાથજીનું.

.....

૭૬. **આદીનાથજીનું.**

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં માણેકચોક નજીક વિસ્તારમાં આદેશ્વરજીનું ધાબાબંધી જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે. તે સમયે જિનાલયમાં પાષાણની ચોવીસ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી અને જિનાલયના મકાનની સ્થિતિ સારી દર્શાવવામાં આવી હતી.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં માણેકચોક વિસ્તારમાં આવેલા આદેશ્વરજીના આ જિનાલયમાં પાષાણની અઢાર પ્રતિમાજીઓ અને સ્ફટિકની એક પ્રતિમાજી હોવાનો ઉલ્લેખ થયેલો છે. પૃ૰ ૪૫ પર આ જિનાલય અંગે નીચે મુજબની નોંધ છે :

'' પોળમાં પ્રવેશતાં ડાબા હાથે આદીશ્વરનું દેહરૂં આવે છે જેંનો વહીવટ ઓશવાળ જ્ઞાતિય શા. દલપતભાઈ ખુશાલચંદ ઝવેરી કરે છે. જે જીરાલાપાડામાં રહે છે.''

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં માણેકચોક વિસ્તારમાં આવેલા આદેશ્વરજીના જિનાલયને ધાબાબંધી જિનાલય તરીકે દર્શાવવામાં આવ્યું છે. તે સમયે પાષાણની અગિયાર પ્રતિમાજીઓ તથા સ્ફટિકની પ્રતિમાજી ઉપરાંત આરસની એક ગુરુમૂર્તિ હોવાનો ઉલ્લેખ છે. તે સમયે જિનાલયનો વહીવટ શેઠ રમણલાલ દલસુખભાઈ હસ્તક હતો. આજે આ જિનાલયનો વહીવટ શ્રી બંસીલાલ ભાઈલાલ ઝવેરી તથા શ્રી ચંદ્રકાંતભાઈ કાંતિલાલ ઝવેરી હસ્તક છે.

આજે પણ આ જિનાલયમાં મૂળનાયક દક્ષિણ સન્મુખ છે.

જિનાલય સાદા પથ્થર તથા કાષ્ઠનું બનેલું છે. રંગમંડપમાં થાંભલા કાષ્ઠના છે. છતમાં મધ્યે જાળીની રચના છે. રંગમંડપની છત પર રંગકામ થયેલ છે. રંગમંડપની દીવાલો પર નવપદજી, સિદ્ધાચલજી, ગીરનારજી, સમેતશિખર, તારંગાજી વગેરે પટનું ચિત્રકામ થયેલ છે.

રંગમંડપમાં પ્રવેશતાં આપણી જમણી બાજુ ભીંત પર કાળારંગના આરસમાં લેખ કોતરેલ છે, જે નીચે મુજબ છે :

''શ્રી સ્તંભતીર્થે વિક્રમ સંવત ૧૯૮૯ના મિગસર સુદિ બીજ સેઠ રાયસિ અમરચંદ કચ્છ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દેશે માંડવી બંદર નિવાસી તસ્ય સુત શેઠ સિગજીભાઈ તસ્ય ભ્રાત ચિરંજીવી કલ્યાણભાઈ યે સ્વહસ્તે ગુરૂદેવ શ્રીમાન ભ્રાતૃચંદ્રજીના બોધથિ શ્રી આદિશ્વરજીના પ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવવાનો લાભ લિધો. શ્રીમત નાગપુરીય તપાગચ્છાધિરાજ શ્રી પાર્શ્વચંદ્રસૂરિ સમણોપાસક સા૦ ફૂલચંદ માણેકચંદ સુત દિપચંદ હસ્તક ॥ શ્રીરસ્તુ કલ્યાણમસ્તુ ॥ શ્રી ॥"

એટલે કે આ જિનાલયનો જીર્ણોદ્ધાર સં૦ ૧૯૮૯ના માગશર સુદ બીજને દિવસે શ્રી ભ્રાતૃચંદ્રજીની નિશ્રામાં થયેલો છે.

ગભારામાં મૂળનાયક શ્રી આદેશ્વરજીની અષ્ટ પ્રાતિહાર્ય પરિકરયુક્ત આરસની સુંદર પ્રતિમાજી બિરાજે છે. મૂળનાયકશ્રીની પ્રતિમાજી પર સં૦ ૧૫૦૩ નો મૂર્તિલેખ છે. ગભારામાં પાષાણની બાર પ્રતિમાજીઓ છે. જે પૈકી એક કાઉસ્સગ્ગ પ્રતિમા છે. ઉપરાંત એક સ્ફટિકની પ્રતિમા છે. મૂળનાયકની પાછળની દીવાલ પર પરીઓ તથા ચામર ઢાળતા ઈન્દ્રોનું ચિત્રકામ થયેલું છે. અહીં ત્રણે ગર્ભદ્વારની બારસાખ કોતરણીયુક્ત છે. ડાબા ગભારે શ્રી મહાવીર સ્વામી તથા જમણા ગભારે શ્રી પાર્શ્વનાથજી બિરાજે છે. આ ગભારાની વિશેષતા એ છે કે ભગવાનના પબાસનની નીચેની આખી સળંગ પેનલ પણ કોતરણી યુક્ત છે. (જુઓ ફોટોગ્રાફ નં૦ ૧૩)

ટૂંકમાં આ જિનાલય **સં૦ ૧૬૭૩ પહેલાના** સમયનું છે.

• • •

માણેકચોક

શંખેશ્વર પાર્શ્વનાથ (સં૦ ૨૦૪૩)

માણેકચોક વિસ્તારમાંજ ચિંતામણિ પાર્શ્વનાથ બાવન જિનાલયની જમણી બાજુની ગલીમાં જતાં સામે જ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું આરસનું ઘુમ્મટબંધી જિનાલય નજરે પડે છે.

આ જિનાલયની પ્રતિષ્ઠા સં૦ ૨૦૪૩માં કરવામાં આવેલ છે. જિનાલયની પ્રતિષ્ઠા આચાર્ય ભગવંત શ્રી સૂર્યોદયસૂરીશ્વરજીના હસ્તે થયેલ છે. પ્રતિષ્ઠા સમયે જે નિમંત્રણ પત્રિકા સકલ સંઘને મોકલવામાં આવી હતી તે આ ગ્રંથના પ્રકરણ-૧૩માં મૂકવામાં આવી છે.

રંગમંડપમાં પ્રવેશતાં સન્મુખ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના દર્શન થાય છે. રંગમંડપમાં મુખ્ય પ્રવેશદ્વારની ઉપર ગીરનારજી, જમણી બાજુ ભીંત પર અષ્ટાપદજી, શત્રુંજય, સિદ્ધચક્ર તથા ડાબી બાજુ દીવાલ પર કમઠનો પ્રસંગ વગેરેનું ચિત્રકામ છે. ડાબી બાજુ જ દીવાલ પર સમેતશિખર અને આબુનો પટ આરસમાં ઉપસાવેલ છે. મુખ્ય ગર્ભદ્વારની ઉપર દીવાલ પર પાર્શ્વનાથ ભગવાનના ૧૦ ભવોનું વર્ણન ચિત્રિત કરેલ છે. જમીનમાંથી ખોદકામ કરતાં મળી આવેલ એક પંચધાતુયુક્ત પરિકર આ પટની કાચની ફ્રેમમાં મૂકવામાં આવેલ છે.

ગભારામાં આરસના બે તથા ધાતુના એક પ્રતિમાજી છે. અહીં પુંડરીક સ્વામીની આરસની પ્રતિમા છે. મૂળનાયકની જમણી બાજુ ભીંત પર આરસના બે પટ છે. આ બંને પટ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જમીનમાંથી ખોદકામ કરતાં મલ્લિનાથ ચૈત્યની બાવન પ્રતિમાઓની સાથે મળી આવ્યા હતાં, જે પૈકી ઉત્કૃષ્ટા ૧૭૦ તીર્થંકર ભગવાનના પટ પર નીચે મુજબનો લેખ છે :

''સં૰ ૧૨૮૦ વૈશાખ સુદી ૧૫ શ્રીમદ્ યશોવીર .....મલ્લિનાથ..... પુત્ર દેવધર શ્રી મહાત્યામા ભાર્યા માતૃ યશદેવી શ્રેયાર્થે પ્રત્યાધિક શતંકારીતા પ્રતિબિંબં.... શાંતિ સૂરિ'' પટમાં ડાબી બાજુ યશદેવી અને જમણી બાજુ યશોવીરની પ્રતિમા છે. ઉપરાંત પટમાં મધ્યે બિરાજમાન ભગવાન પર પણ એક લેખ છે.

બીજો ૨૪ તીર્થંકર માતાનો પટ છે. તેમાંના લેખમાંથી ''સં૰ ૧૨૧૦ ફાગણ સુદી ૭ શ્રી યશોભદ્રસૂરિ સંતાને શ્રી મલ્લિજિન...પ્રેમચંદ્રસૂરિ..... શિષ્ય હેમચંદ્રસૂરિ પ્રતિષ્ઠિતઃ'' જેવા શબ્દો ઉકેલી શકાય છે.

રંગમંડપની જમણી બાજુ ગર્ભદ્વાર પાસેથી એક બારણાં દ્વારા બીજા રૂમમાં જઈ શકાય છે. જ્યાં આરસની છત્રીમાં શ્રી પદ્માવતી દેવીની મૂર્તિના દર્શન થાય છે. પદ્માવતી દેવીની મૂર્તિ ૨૭ ઇંચની છે. મૂર્તિ મનોહારી છે.

માણેકચોક નિવાસી, સુવિખ્યાત કવિ તથા જગદ્‌ગુરુ હીરવિજયસૂરિના પરમ શ્રાવક શ્રી ઋષભદેવ શેઠના ઘરમાં કાષ્ઠકલાયુક્ત નયનરમ્ય ઘરદેરાસર હતું. હાલ આ ઘરદેરાસરમાંના પ્રતિમાજીઓ ક્યાં છે એની કોઈ માહિતી નથી. પણ આ જિનાલયના અગરતગરના લાકડાની કોતરણીવાળું પરિકર અગાઉ માણેકચોકના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના બાવન જિનાલયના ભોંયરામાં પધરાવવામાં આવ્યું હતું અને સં૰ ૨૦૪૩માં અગરતગરના એ બેનમૂન કાષ્ઠકોતરણીયુક્ત જિનાલયને અહીં પ્રતિષ્ઠિત કરવામાં આવ્યું છે.

અહીં ગભારામાં મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમા અગરતગરના લાકડાની કોતરણી યુક્ત છત્રીમાં બિરાજે છે. આ કોરણી જિનાલયને ભવ્ય બનાવે છે. તેના નાના-મોટા થઈને આશરે ૮૦૦ ભાગોને ફેવીકોલ કે ખીલીના ઉપયોગ વિના તે સમયે જોડવામાં આવ્યા છે એ એની વિશિષ્ટતા છે. તેના પર નંદી, હાથી, સિંહની આકૃતિઓ કંડારેલી છે. તેના ઉપરના ભાગે ઘૂઘરાના આકારની સેર લટકાવેલ છે. તેના ઉપર મોર તથા પોપટની આકૃતિ છે. તેના ઉપરના પટમાં મધ્યભાગે બાજોઠ પર દેવીની ચતુર્ભુજ આકૃતિ છે. તેની બંને બાજુ હાથીની આકૃતિ કંડારેલી જોવા મળે છે. આ હાથીઓની બંને બાજુ દેવીઓની આકૃતિઓ છે. તેના ઉપરના ભાગે તોરણ છે. જેના ખૂણા બીડેલા પદ્મથી વિભૂષિત છે. તોરણની મધ્યે દેવીની ચતુર્ભુજ આકૃતિ છે. તેના ઉપરના બંને હાથમાં અનુક્રમે ગદા તથા અંકુશ અને નીચેના બંને હાથમાં અનુક્રમે અક્ષમાલા અને કમંડલ છે. તેમનું વાહન પોપટ છે. આ દેવીની બંને બાજુએ ચામરધારિણી છે. તોરણના બંને છેડે બે દેવીઓ છે. તોરણના ઉપરના ભાગમાં વાદ્યઘટોનાં શિલ્પો અલંકૃત થયેલા જોવા મળે છે.

ટૂંકમાં, ગુજરાતભરમાં વિરલ કહી શકાય એવું કલાત્મક કાષ્ઠ કોતરણીવાળું, એક સમયે કવિ શ્રી ઋષભદાસનું ગૃહદેરાસર અને આજે શંખેશ્વર પાર્શ્વનાથનું આ જિનાલય ખંભાતની અનુપમ શોભા છે. (જુઓ ફોટોગ્રાફ નં૰ ૧૪)

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માણેકચોક

ચિંતામણિ પાર્શ્વનાથ બાવન જિનાલય (સં૰ ૧૬૬૮)

માણેકચોક વિસ્તારમાં પ્રવેશતાં, પ્રથમ આદેશ્વરજીના જિનાલયની આગળ જતાં કવિ ઋષભદાસ શેઠની પોળ લિખિત પાટિયાવાળા થાંભલા પાસે ચિંતામણિ પાર્શ્વનાથનું ઘુમ્મટબંધ, ભોંયરાયુક્ત બાવનજિનાલય આવેલું છે.

સં૰ ૧૬૭૩માં કવિશ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં માણેકચોકમાં આવેલા આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયો છે :

સાહા મહીઆની પોલિ વખાણું, પાંચ પ્રાસાદ તિહાં પોઢા જાણું.

.....

સાહા જસૂઆનું દેહેરુ સોમચિંતામણિ તિહાં જૂહારું ।
ચઉદ બિંબ ચિત્ત ધારુ, હો । ૪

ખંભાતનો પ્રાચીન જૈન ઈતિહાસ ગ્રંથમાં નર્મદાશંકર ભટ્ટ પૃ૰ ૧૦૩ પર જસરાજ નામના શ્રેષ્ઠી વિશે નીચે મુજબની નોંધ કરે છે :

'ઓસવંશમાં સા૰ જસરાજ કરીને ગૃહસ્થ થયો. તેને જેસલદે નામની સ્ત્રી હતી અને માંડણ નામે પુત્ર હતો. તેણે સં૰ ૧૬૬૮ના અશાડ સુદિ ૨ને દિવસે શ્રી સોમ ચિંતામણિ પાર્શ્વનાથ કરાવ્યા અને શ્રી વિજયસેનસૂરિએ તેની પ્રતિષ્ઠા કરાવી જે હાલ માણેકચોકમાં છે. તેણે આ પ્રસંગે લગભગ અર્ધો લાખ રૂપીઆ ખરચ્યાનું કવિ ઋષભદાસ કહે છે.'

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**ના માણેકચોક વિસ્તારમાં આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

.....

માણિકચઉકપોલિં ઋષભ મંદિરિ એકસુ છપ્પન સાંભલઉ ૧૬

છન્નૂ મૂરતિ પાસનઈ દેહરઈ
બીજઈ પાસ જિન પંચાસ દુષ હરઈ ૧૭

સં૰ ૧૯૦૦માં લાડવાડામાં છ જિનાલયોના ઉલ્લેખમાં આ જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૭૨માં થયેલો છે. તે સમયે પણ આ જિનાલય **સોમચિંતામણિ પાર્શ્વનાથ**ના જિનાલય તરીકે પ્રચલિત હતું અને **આદા સંઘવીનું દેહરું** તરીકે પણ ઓળખાતું હતું.

સં૰ ૧૯૪૭માં જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથની પ્રસ્તાવનામાં આ જિનાલયનો ઉલ્લેખ માણેકચોક વિસ્તારમાં ક્રમાંક ૭૫માં થયેલો છે.

માણેકચોક મહેલ્લામાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૭૦. ધરમનાથજીનું

.....

૭૪. ચિંતામણિ પારસનાથજીનું (ભુંઈરામાં રીખવદેવસ્વામી)

૭૫. **ચિંતામણિ પારસનાથજીનું**

૭૬. આદીનાથજીનું.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલય ધાબાબંધ જિનાલય તરીકે દર્શાવવામાં આવ્યુ હતું. તે સમયે આ જિનાલય શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના નામથી ઓળખાતું હતું. મકાનની સ્થિતિ જીર્ણ હતી. અહીં પાષાણની એકવીસ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં માણેકચોકમાં આવેલા ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયમાં પાષાણની આઠ પ્રતિમાજીઓ વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે. ઉપરાંત પૃ૰ ૪૭ પર નીચે મુજબની નોંધ આવે છે :

''...ભોંયરાના ચિંતામણિ પાર્શ્વનાથના દહેરાં સામે આવેલા શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના કમ્પાઉન્ડવાળા દહેરામાં જવું. આમાં ભોંયરું છે. વહીવટ જેચંદ દીપચંદના પુત્ર હસ્તક છે. જે નજીકમાં જ રહે છે.''

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં ચિંતામણિ પાર્શ્વનાથના આ જિનાલયને ધાબાબંધી તરીકે દર્શાવ્યું છે. પાષાણની આઠ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી. જિનાલયના મકાનની સ્થિતિ તે સમયે સારી દર્શાવવામાં આવી હતી. જિનાલયનો વહીવટ શેઠ ચીમનલાલ મોતીલાલના હસ્તક હતો. આજે આ જિનાલયનો વહીવટ મુંબઈ નિવાસી શ્રી તારાચંદ અંબાલાલ શાહ, શ્રી બિપીનચંદ્ર કેસરીચંદ ઝવેરી, શ્રી રમણલાલ ફકીરચંદ શાહ અને ખંભાત નિવાસી શ્રી કાંતિલાલ સોમચંદ શાહ, શ્રી પ્રવીણચંદ્ર નગીનદાસ શાહ તથા શ્રી ચીમનલાલ મોતીલાલ શાહ કરે છે.

પૂર્વે આ જિનાલયના ભોંયરામાં કવિ શ્રી ઋષભદાસના ઘરદેરાસરમાંનું મનાતું આશરે ૪૦૦ વર્ષ જૂનું અગરતગરના લાકડાનું પરિકર મૂકવામાં આવ્યું હતું. આજે આ પરિકર આ જિનાલયની જમણી બાજુની ગલીમાં આવેલ જિનાલયમાં શંખેશ્વર પાર્શ્વનાથના પરિકર તરીકે છે. હવે ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયના ભોંયરામાં કશું નથી, તે ખાલી છે.

જિનાલયના પ્રવેશવાના મુખ્ય નાના જાળીવાળા ઝાંપા પાસે બે હાથીઓની અંબાડી ઉપર ભગવાનનાં શિલ્પો છે. જિનાલયના રંગમંડપમાં પ્રવેશવાના મુખ્ય ત્રણ દ્વાર છે. રંગમંડપની બહારની દીવાલે ડાબી બાજુ એક શિલાલેખ કાચની ફ્રેમમાં મઢેલો છે. આ જિનાલયના જીર્ણોદ્ધાર, પુનઃ પ્રતિષ્ઠા વર્ષગાંઠ તેમજ આચાર્ય ભગવંતોના ઉલ્લેખ તે લેખમાં કરેલ છે. આ ગ્રંથના પ્રકરણ-૧૩માં તેને મૂકવામાં આવેલ છે.

જૈન તીર્થધામ ખંભાત ગ્રંથમાં ડૉ૰ જે૰ પી૰ અમીન પૃ૰ ૬૭ ઉપર નીચે મુજબની માહિતી આપે છે:

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

''ઈ૰ સ૰ ૧૨૦૦ની આસપાસની (વિક્રમના ૧૩માં સૈકાની) લગભગ (બાવન) ૫૨ જેટલી જૈન પ્રતિમાજીઓ તથા (સોળ) ૧૬ પરિકરો ખંભાતના માણેકચોક વિસ્તારમાંથી ઘરનો ડટણ કૂવો ખોદતી વખતે તથા પાછળથી પદ્ધતિસર ખોદકામ કરતાં શ્રી અમીચંદ કીલાચંદ શાહના ગૃહપ્રાંગણ નીચેથી પ્રાપ્ત થયાં. પ્રતિમાઓ અખંડ પ્રાપ્ત થઈ છે. પ્રતિમાઓ એવી સાવધાનીથી તથા પદ્ધતિસર દાટવામાં આવી હતી કે જેથી એક પણ પ્રતિમા ખંડિત થઈ નથી કે કોઈને ઘસારો પણ અડક્યો નથી. એટલે મુસ્લિમ શાસનના આક્રમણના ભયથી, અગમચેતી વાપરીને આ પ્રતિમાઓ દાટવામાં આવી હશે એવું અનુમાન કરી શકાય.

આ પ્રતિમાઓ પ્રાપ્ત થતાં જૈન સમાજમાં આનંદનું મોજું પ્રસરી ગયું અને ચારે બાજુએ જૈન શાસનની સૌરભ પ્રસરી ગઈ. લોકોનાં અદમ્ય ઉત્સાહથી અને સુખી દાતાઓની મદદથી ટૂંક સમયમાં જ પ્રતિમાઓના પ્રાપ્તિસ્થાનની બાજુમાં આવેલ ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયને નવેસરથી બાંધી વિસ્તૃત કરી એમાં મહા વદી ૭ સંવત ૨૦૨૨ (ઈ૰ સં૰ ૧૯૬૬)માં આ પ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરવામાં આવી. આ **૫૨** (બાવન) પ્રતિમાઓ પૈકીની બાર પ્રતિમાઓ ગર્ભગૃહની અંદર પહેલાંની ચિંતામણિ પાર્શ્વનાથ વગેરેની પ્રતિમાઓની સાથે પ્રતિષ્ઠિત કરી છે, જ્યારે બાકીની ૪૦ પ્રતિમાઓ બહારના ખંડમાં બંને બાજુએ અલગ અલગ નાનાં દેવમંદિરો બનાવી એમાં પ્રસ્થાપિત કરી છે. ઉપરાંત એમાં સળંગ અનુક્રમ નંબર આપેલ છે. ગૃહમાંથી બહાર નીકળતાં જમણી બાજુથી અનુક્રમે નંબર-૧ (પુંડરીક સ્વામી) શરૂ થાય છે.''

આ બાવન પ્રતિમાઓની પુનઃ પ્રતિષ્ઠા સં૰ ૨૦૨૨ની સાલમાં આ૰ શ્રી નંદનસૂરિ મ૰ સા૰, આ૰ શ્રી કસ્તૂરસૂરિ, આ૰ શ્રી વિજ્ઞાનસૂરિ, પં૰ શ્રી મુક્તિવિજયજી ગણિવર વગેરે આચાર્ય ભગવંતોની નિશ્રામાં કરવામાં આવી. તારાચંદ અંબાલાલ, કેસરીચંદ નગીનદાસ, ચીમનલાલ મોતીલાલ, નાનાલાલ સોમચંદ, હીરાલાલ સોમચંદ તથા મૂળચંદ સોમચંદ વગેરે શ્રાવકોએ આ પુનઃ પ્રતિષ્ઠાનો લાભ લીધો.

રંગમંડપની લંબાઈ વિશેષ છે. રંગમંડપમાં બંને બાજુની દીવાલોએ ઘુમ્મટયુક્ત તેમજ કોતરણીવાળા સ્તંભોયુક્ત ગોખમાં ચાળીસ પ્રતિમાજીઓ પ્રતિષ્ઠિત કરવામાં આવેલ છે. જમણી બાજુ ગોખમાં ૧ થી ૨૦ નંબરવાળી પ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરવામાં આવેલ છે, જે પૈકી સાત પ્રતિમાજીઓને સુંદર કોતરણીવાળા પરિકર છે. ડાબી બાજુના ગોખમાં ૨૦ થી ૪૦ નંબરની પ્રતિમાઓ છે. અહીં પણ સાત પ્રતિમાજીઓ સુંદર કોતરણીવાળા પરિકરયુક્ત છે. રંગમંડપમાં ગર્ભદ્વારની ઉપરની દીવાલે શ્રી શત્રુંજય તીર્થ, શ્રી શંખેશ્વરતીર્થ તથા શ્રી ભદ્રેશ્વરતીર્થના પથ્થર પર ઉપસાવી રંગકામ કરેલ કુલ ત્રણ પટ છે. રંગમંડપમાં જમણી બાજુ ગોખમાં બિરાજમાન શ્રી પુંડરીકસ્વામીની પાષાણ પ્રતિમાજી પર સં૰ ૧૨૫૨નો મૂર્તિલેખ છે. તથા ડાબી બાજુના ગોખમાં અશોકવૃક્ષ પર બિરાજેલ મહાવીર સ્વામીની પ્રતિમા બિરાજમાન છે. આ બંને પ્રતિમાજીઓ જોવાલાયક છે. રંગમંડપના બંને બાજુના ગોખમાં બિરાજમાન આ પ્રતિમાજીઓ સંપ્રતિ મહારાજના સમયની છે અને દરેક પ્રતિમાજીના હાથ પર નખ છે, જે આ પ્રતિમાજીઓની લાક્ષણિકતા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રંગમંડપમાં જમણી બાજુના ગોખમાં બિરાજમાન નં૦ ૩ શ્રી નેમિનાથજીના પરિકરના સિંહાસનની નીચેના ભાગમાં લેખ છે. જેના ઉપર સં૦ ૧૨૫૨નો ઉલ્લેખ છે. આ લેખ નીચે પ્રમાણે છે :

''સંવત ૧૨૫૨ માઘ વદિ ૫ રવૌ શ્રી ષંડેરક ગચ્છે શ્રી યશોભદ્રસૂરિસંતાને શ્રી મલ્લિનાથ ચૈત્યે સા બાહડ ભાર્યા મંદોરિ શ્રેયાર્થે નેમિનાથ બિંબં કારિતં શ્રી સુમતિસૂરિભિઃ પ્રતિષ્ઠિતમ્ ।''

રંગમંડપમાં જમણી બાજુના ગોખમાં બિરાજમાન નં૦ ૬ શ્રી નેમિનાથજીની પ્રતિમાજીના પરિકરમાં સિંહાસનની નીચે સં૦ ૧૨૧૫નો લેખ કોતરેલ છે જે નીચે પ્રમાણે છે :

''સંવત ૧૨૧૫ માઘ સુદ ૫ આદિત્યે શ્રી ષંડેરકગચ્છે શ્રી યશોભદ્રસૂરિસંતાને શ્રી સ્તંભતીર્થે શ્રી મલ્લિનાથ ચૈત્યે ઊહિલ.....સુત ઊશા તદ્ ભાર્યા રૂપિણી તત્પુત્રો દૌ ઉઘરણ મહીધરૌ ઉઘરણ ભાર્યા પદ્મદેવી તત્પુત્ર ભા૦ યશોનાગસ્ત ભાર્યા લાહુકા તત્પુત્ર બાહડ જસદેવ જસવીર નામાનઃ ભાર્યા સહિતાઃ ભા૦ યશોનાગ લાહુકાયાઃ આત્મશ્રેયાર્થ શ્રી અરિષ્ટનેમિ બિંબં કારિતં શ્રી શાલિભદ્રસૂરિ પ્રતિષ્ઠિતમ્ ।''

નં૦ ૯. આદેશ્વરજીના પરિકરના સિંહાસનના નીચેના ભાગમાં પણ સં૦ ૧૨૧૫નો લેખ છે જે નીચે પ્રમાણે છે :

''સંવત ૧૨૧૫ માઘ સુદિ ૫ શ્રી ષંડેરકગચ્છે શ્રી યશોભદ્રસૂરિસંતાને સ્તંભતીર્થે શ્રી મલ્લિનાથ ચૈત્યે ઊહિલ સુત અશ્વાત ભાર્યા રૂપિણી તત્પુત્રૌ દૌ ઊઘરણ મહીધરૌ ઊઘરણ ભાર્યા પદ્માદેવી તત્પુત્રો ભા યશોનાગસ્ત ભાર્યા લાહુકા તત્પુત્ર બાહડ જસદેવ જસવીર નામાનઃ ભાર્યા સહિતા બાહડેન આત્મશ્રેયાર્થે શ્રી યુગાદિજિન બિંબ કારિતં શ્રી શાંતિસૂરિ પ્રતિષ્ઠિતમ્ ।''

નં૦ ૧૫ શીતલનાથજીની પ્રતિમાજીના પરિકરના સિંહાસનના નીચેના ભાગમાં સં. ૧૨૫૨નો લેખ છે જે નીચે પ્રમાણે છે :

''સંવત ૧૨૫૨ માઘ વદિ ૫ રવૌ શ્રી ષંડેરકગચ્છે શ્રી યશોભદ્રસૂરિસંતાને શ્રી મલ્લિનાથ ચૈત્યે ભા. બાહડેન ભ્રાતૃ જસદેવ શ્રેયાર્થે વાસુપુજ્ય બિંબ કારિતં શ્રી સુમતિસૂરિભિઃ પ્રતિષ્ઠિતં શુભમ્ ।''

નં૦ ૧૮ ધર્મનાથજીની પ્રતિમાજીના પરિકરના સિંહાસનના નીચેના ભાગમાં સં૦ ૧૨૫૨નો લેખ છે જે નીચે પ્રમાણે છે :

''સં૦ ૧૨૫૨ મહાવદ ૫ રવૌ શ્રી ષંડેરક ગચ્છે શ્રી યશોભદ્રસૂરિસંતાને સ્તંભતીર્થે શ્રી મલ્લિનાથ ચૈત્યે ભા૦ જશવુઅ ભાર્યા પૂનાવિ તત્પુત્ર બાહડ જસો જસાઈ બે જસા ભાર્યા જિણદેવિ તસ્ય પુત્રા ધવદેવ જસાઈ ચ ભાર્યા જિણમતિ તત્ર(ત્) પુત્રો જિનદેવ બહુદેવ કેલહણ ધજદેવ ભાર્યા ધણસિરિ તસ્ય પુત્રા બલા પૂર્ણચન્દ્ર ભ્રાતૃ આલ્હણ બલા પૂર્ણચન્દ્ર આત્મશ્રેયાર્થે સુવિધિનાથ બિંબ કારિતં શ્રી શાલિભદ્રસૂરિ પ્રતિષ્ઠિતમ્ ॥''

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નં૦ ૨૩ શ્રી શાંતિનાથજીના પ્રતિમાના પરિકરના સિંહાસનના નીચેના ભાગમાં સં૦ ૧૩૪૫નો ઉલ્લેખ છે જે નીચે પ્રમાણે છે :

''સં૦ ૧૩૪૫ વર્ષે લૌકિક શ્રાવણ વદિ ૧૩ રવૌ શ્રી ષંડેરકગચ્છે શ્રી યશોભદ્રસૂરિસંતાને સો૦ રતન સૌ રાજા રયપાલ ભા૦ કૂરા ભણસાલિણિ કૂરદેવિ શ્રેયાર્થં શ્રીશાંતિનાથ બિંબ કારિતં પ્રતિષ્ઠિતં શ્રી શાલિસૂરિભિઃ । ''

નં૦ ૨૬ શ્રી પદ્મપ્રભુસ્વામીની પ્રતિમાજીના પરિકરના સિંહાસનના નીચેના ભાગમાં સં૦ ૧૨૨૩ના ઉલ્લેખવાળો લેખ છે.

નં૦ ૨૯ શ્રી શાંતિનાથજીની પ્રતિમાજીના સિંહાસનના નીચેના ભાગમાં સં૦ ૧૩૦૭નો ઉલ્લેખ ધરાવતો લેખ છે જે નીચે પ્રમાણે છે :

''સંવત ૧૩૦૭ વર્ષે વૈશાખ સુદિ ૫ રવૌ શ્રી ષંડેરકગચ્છે શ્રી યશોભદ્રસૂરિ સંતાને પલ્લીવાલ જ્ઞાતિય સો૦ સામંત પુત્ર સો૦ આસચન્દ્ર ભાર્યા લલિતાદેવ્યા આત્મપુણ્યાર્થં શ્રી શાંતિનાથ બિંબ કારિતં પ્રતિષ્ઠિતં શ્રી ઈશ્વરસૂરિભિઃ ।''

નં૦ ૩૨ શ્રી આદિનાથજી તથા નં૦ ૩૫ શ્રી કુંથુનાથજીની પ્રતિમાના પરિકરના સિંહાસનની નીચેના ભાગમાં પણ સં. ૧૨૫૨નો લેખ છે.

આ પ્રતિમાઓ પૈકી કેટલીક પ્રતિમાઓની પરિકરના સિંહાસનના નીચેના ભાગમાં કોતરેલ લેખો પરથી પ્રતીત થાય છે કે વસ્તુપાલ-તેજપાલના સમયના સંડેરક (હાલનું સંડેર તાલુકો-પાટણ જિલ્લો-મહેસાણા) ગચ્છના આ૦ શ્રી યશોભદ્ર સૂરિના શિષ્યો શાંતિસૂરિ, સુમતિસૂરિ વગેરેએ પ્રતિષ્ઠિત કરેલા ઘણાં જિનબિંબો અહીં છે.

સં૦ ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં **સાહા મહીઆની પોળ**માં પાંચ જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ થયેલો છે, જે પૈકી આજના માણેકચોક વિસ્તારમાં મલ્લિનાથજીના જિનાલય સિવાયના બાકીનાં ચાર જિનાલયો વિદ્યમાન છે.

ગભારામાં મૂળનાયક તરીકે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની અષ્ટ પ્રાતિહાર્ય પરિકરયુક્ત અલૌકિક પ્રતિમા બિરાજમાન છે. મૂળનાયકની પ્રતિમાજી પર ''અલાઈ ૪( )....પ્રાગ્વાટ જ્ઞાતિય ધનાઈ પુત્ર....."એટલા શબ્દો ઉકેલી શકાયા છે. પછીના અક્ષરો લેપ કરેલ પટ્ટામાં જતાં રહેતાં હોવાથી વાંચી શકાતા નથી. પ્રતિમાજીના પરિકરના બે કાઉસ્સગ્ગિયા પૈકી એક કાઉસ્સગ્ગિયા નીચે ''શ્રી સોમચિંતામણિ પરિકર શ્રી નેમિનાથ બિંબં'' અને બીજા કાઉસ્સગ્ગ નીચે ''શ્રીસોમચિંતામણિ પરિકર શ્રી વર્ધમાન જિનપતિ બિંબ'' નું લખાણ છે. મૂળનાયકની પ્રતિમાના પબાસન પર નીચે પ્રમાણે લેખ છે :

''સં૦ ૧૬૬૮ વર્ષે...સુદિ ૨ શનૈ શા. જસરાજ કારિતા ચૈત્યે શ્રી સોમચિંતામણિ પરિકર પ્ર૦ ત૦ શ્રી વિજયસેનસૂરિભિઃ''

ગભારામાં પાષાણની કુલ સત્તર પ્રતિમાજીઓ બિરાજમાન છે. તથા રંગમંડપમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બિરાજમાન ચાળીસ પ્રતિમાજીઓ મળીને પાષાણની કુલ સત્તાવન પ્રતિમાજીઓ જિનાલયમાં છે આરસના પગલાં જોડ ચાર છે. મૂળનાયકની ડાબી બાજુ ગર્ભદ્વાર સન્મુખ ધર્મનાથજી તથા જમણા ગર્ભદ્વાર સન્મુખ શાંતિનાથજી બિરાજમાન છે. ગભારામાં ડાબી બાજુ ભીંત પર શ્યામ રંગની ત્રણ મૂર્તિઓની આરસની પેનલ જડેલ છે. ગભારામાં આરસમાં કોતરેલ બે પટ મૂકવામાં આવેલ છે, જે પૈકી એક સમેતશિખરનો પટ તથા બીજો નંદીશ્વર દ્વીપનો પટ છે. નંદીશ્વર દ્વીપના પટ પર સં૰ ૧૨૯૮નો લેખ છે. આ બંને પટ જમીનમાંથી ખોદકામ કરતાં મળી આવેલ. આ ઉપરાંત જમીનમાંથી મળી આવેલ ધાતુનું ચૌમુખજી સમોવસરણ પણ આ જિનાલયમાં છે. જો કે હાલ ધાતુના ચૌમુખજીની ચાર પ્રતિમાજીઓ ગભારામાં બિરાજમાન છે. જ્યારે સમોવસરણ રંગમંડપમાં એક બાજુ મૂકવામાં આવ્યું છે.

ટૂંકમાં, માણેકચોક વિસ્તારમાં આવેલું શ્રી ચિંતામણિ-પાર્શ્વનાથ બાવન જિનાલય **સં૰ ૧૬૬૮ના** સમયનું છે. સં૰ ૨૦૧૫માં ડટ્ટણકૂવો ખોદતાં અનેક પ્રતિમાજીઓ મળી આવેલા અને તેના પ્રતિમા લેખો ઉકેલતાં પ્રતિમાજીઓ વસ્તુપાળ-તેજપાલના સમયનાં મલ્લિનાથના જિનાલયની હોવાનું વિદિત થાય છે. તે સૌ પ્રતિમાઓને પણ સં૰ ૨૦૨૨માં આ જ જિનાલયમાં પ્રતિષ્ઠિત કરવામાં આવી છે.

• • •

માણેકચોક

ચિંતામણિ પાર્શ્વનાથ (સં૰ ૧૬૬૧)

આદેશ્વર (સં૰ ૧૬૫૯)

માણેકચોકની મધ્યમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ બાવન જિનાલયની સામે આવેલું શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું ઘુમ્મટબંધી, ભોંયરાયુક્ત પ્રાચીન જિનાલય અત્યંત મનોહારી છે.

ભોંયરામાં મૂળનાયક શ્રી આદેશ્વરજી છે. જ્યારે ભોંયતળિયે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ છે.

કવિ શ્રી ઋષભદાસ દ્વારા રચાયેલ **શ્રી હીરવિજયસૂરિ રાસમાં** (સં૰ ૧૬૮૫) આ જિનાલય અંગે નીચે મુજબની કડીઓમાં ઉલ્લેખ આવે છે :

ઇન્દ્રભુવન જસ્યું દેહરું કરાવ્યું, ચિત્ર લિખિત અભિરામ
ત્રેવીસમો તીર્થંકર થાપ્યો, **વિજય ચિંતામણ નામ હો.** હી.

ઋષભ તણી તેણે મૂર્તિ ભરાવી, અત્યંત મોટી સોય,
ભુંઈરામાં જઈને જુહારો, સમકિત નિરમલ હોય હો. હી.

ભોંયરામાં મૂળનાયક શ્રી આદેશ્વરજી પરનો મૂર્તિલેખ આજે પણ વિદ્યમાન છે, જે નીચે મુજબ વંચાય છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

''સં૰ ઇલાહી ૬૮ સંવત ૧૬૫૯ વર્ષે વૈશાખ વદિ ૬ ગુરૌ શ્રી સ્તંભતીર્થ બંદિરે ઓશવાલ વંશે વૃદ્ધ શાખાયા ક્ષાત્સરા ગોત્રે સોવર્ણિક સો૰ વછિસા ભાર્યા સોહાસિણી સુત સો૰ તેજપાલ નામ્ના ભાર્યા તેજલ દે પ્રમુખ પરિવારયુતેનસ્ય શ્રેયસે શ્રી આદિનાથ બિંબ કારિતં પ્રતિષ્ઠિતશ્ચ શ્રી તપાગચ્છે ભ૰ શ્રી હિમવિમલસેન..ભ૰ શ્રી આણંદ વિમલસૂરિ પટ્ટમુકુટ પ્રણિ ભ૰ શ્રી વિજયદાન.....પટ્ટ પૂવ્વ પટ્ટેત પદ્મપાણિ ભટ્ટારક કોટી ૨ હીરભ૰ શ્રી હીરવિજય સૂરિ પટ્ટપાદોનિધિ પિયૂષ..... સવચન ચાતુરી ચમકૃતચિત શાહ શ્રી અકબર દત્ત બહુમાન..... ભટ્ટારક પરંપરે પુરંદર સુવિહિત સાધુશિરોમણિ ભટ્ટારક પ્રચુ શ્રી વિજયસેન સૂરિભિઃ । શ્રી રસ્તુ । ''

ભોંયતળિયે બિરાજમાન મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનો લેખ નીચે મુજબ વંચાય છે :

''સં૰ ૧૬૬૧ વર્ષે વૈ૰ વ૰ ૭ સોમે સો. તેજપાલ ભાર્યા.....
બિંબ પ્ર૰ શ્રી તપાગચ્છે શ્રી વિજયસેનસૂરિભિઃ ''

ઉપરાંત મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજીના પરિકરમાંના જમણી બાજુના કાઉસ્સગીયા ભગવાનની મૂર્તિ પરનો લેખ નીચે મુજબ છે :

''સંવત ૧૬૬૯ વર્ષે ઉકેશ જ્ઞાતિ સો૰ તેજપાલ ભાર્યા તેજલદે નામ્ના શ્રી પાર્શ્વપરિકરઃ કારિતઃ પ્રતિષ્ઠિતશ્ચ તપાગચ્છે શ્રી વિજયસેનસૂરિભ(ભિ)ઃ શ્રેયોસ્તિ । સકલ સંઘસ્ય ।''

મૂળનાયકના પરિકરમાંના ડાબી બાજુના કાઉસ્સગ્ગીયા ભગવાનની મૂર્તિ ઉપરનો લેખ નીચે મુજબ છે :

''સંવત ૧૬૬૯ વર્ષે આષાઢી શિત ત્રયોદશી દિને ઉકેશ જ્ઞાતિય સો૰ તેજપાલ ભાર્યા તેજલદે નામ્ના શ્રેયસે શ્રી પાર્શ્વનાથ પરિકરઃ કારિતઃ પ્રતિષ્ઠિતશ્ચ તપાગચ્છે શ્રી વિજયસેનસૂરિભિઃ પં૰ મેરુવિજયઃ પ્રણમતિ તરાસ્સ સકલ સંઘાયે પ્રજલ ભૂયાત્ ।''

સં૰ ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં ચિંતામણિ પાર્શ્વનાથના તથા ભોંયરાના આદેશ્વરજીના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં આવે છે.

સાહા મહીઆની પોલિ વખાણું, પાંચ પ્રાસાદ તિહાં પોઢા જાણું,
.....
.....
.....
આગલિ **બીજઈ ચ્યંતામણિ પાસ, ભુંયરિ ઋષભદેવનો** વાસ,
બ્યંબ નમું પં(ચાસ) હો ॥ ૩

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં **માણિકચઉકપોલિ**માં આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં આવે છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માણિકચઉકપોલિં ઋષભ મંદિરિ એકસુ છપ્પન સાંભલઉ ૧૬

છન્નૂ મૂરતિ પાસનઈ દેહરઈ
બીજઈ પાસ જિન પંચાસ દુષ હરઈ ૧૭

ભુંઇરઈ એકત્રીસ **આદિ** સહીત **મલ્લિ** સત્તાવન ગુણઘણઈ
..... ૧૮

સં૰ ૧૯૦૦માં લાડવાડામાં દર્શાવેલાં છ જિનાલયો પૈકી આ બે જિનાલયોનો ઉલ્લેખ ક્રમાંક ૭૪ તથા ક્રમાંક ૭૫માં આવે છે, જે નીચે મુજબ છે :

૭૪. શ્રી જગીબાઈના ભુંયરામાં શ્રી આદિસર ભગવાન

૭૫. શ્રી ઉપર ચિંતામણિ પાર્શ્વનાથ

સં૰ ૧૯૪૭માં જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથની પ્રસ્તાવનામાં માણેકચોક વિસ્તારમાં દર્શાવવામાં આવેલાં નવ જિનાલયો પૈકી આ જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૭૪માં થયેલો છે. તે સમયે ભોંયરામાં આદેશ્વરની પ્રતિમા હોવાનો પણ ઉલ્લેખ છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજીના જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયેલો છે. પરંતુ ભોંયરામાં બિરાજમાન આદેશ્વરજીના જિનાલયનો ઉલ્લેખ થયો નથી. તે સમયે જિનાલયમાં પાષાણની કુલ આઠ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી અને મૂળનાયકનું નામ 'શ્રી વજેચિંતામણિ પાર્શ્વનાથ' દર્શાવવામાં આવ્યું હતું અને જિનાલયના મકાનની સ્થિતિ જીર્ણ હતી.

સં૰ ૧૯૮૪માં **ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટી**માં માણેકચોક વિસ્તારમાં આવેલા શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલય તથા ભોંયરામાં આદેશ્વરજીના જિનાલયનો ઉલ્લેખ સંયુક્ત જિનાલય તરીકે થયેલો છે. તે સમયે ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયમાં પાષાણની નવ પ્રતિમાજીઓ અને ભોંયરામાં આદેશ્વરજીના જિનાલયમાં પાષાણની દશ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી. તે સમયે પૃ૰ ૪૫ ઉપર આ જિનાલય વિશે નીચે મુજબ નોંધ પ્રાપ્ત થાય છે :

''.....બાંધણીમાં નવીન ભાત પાડતું અને થોડા સમય પૂર્વે જેનો જીર્ણોદ્ધાર થતાં રૂપ-રંગમાં નવીનતા ધરતું અને જેને માટે ઐતિહાસિક નોંધો છે એવું શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું દેવાલય યાને આદેશ્વરજીનું ભોંયરું નયનપથમાં આવે છે કવિવર ઋષભદાસની પોળનું આ પ્રાચીન જિનાલય. એક કાળે જ્યાં રવિનાં કિરણો મહામુશ્કેલીએ પ્રવેશતાં અને પગથી ઊતરતાં અંધારાને લઈ પગ ખસવાની ધાસ્તી રહેતી ત્યાં આજે બાળક પણ સુખે સંચરી શ્રી શત્રુંજયના દાદા સમા વિશાળ એવા શ્રી આદિજિનના બિંબની ઊછળતા હૃદે સ્તુતિ કરે છે. મનમાં આશ્ચર્ય ઉદ્ભવે છે કે આવી મોટી મૂર્તિને ભોંયરામાં શી રીતે સ્થાપન કરી હશે ! ઉપરના ભાગ પર એક સમયે શીર્ણવિશીર્ણતા સિવાય અન્ય કંઈ નજરે ન પડતું, ત્યાં આજે તો ચિંતામણિ પાર્શ્વનાથની તેજસ્વી મુદ્રા હાસ્ય ન કરતી હોય એવો સ્પષ્ટ ભાસ થાય છે. આ દહેરાં સંબંધમાં ઈતિહાસ નીચે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રમાણે બોલે છે—

સોની તેજપાળ ખંભાતનો રહેવાસી અને શ્રી હીરવિજયસૂરિના ધનાઢ્ય ભક્તમાંનો એક, ઉદાર અને શ્રાવક વર્ગમાં અગ્રેસર હતો. વિ૰ સં૰ ૧૬૪૬ની સાલમાં સૂરીશ્વર ખંભાત પધાર્યા ત્યારે શ્રી અનંતનાથની પ્રતિષ્ઠા કરાવી પચીસ હજાર રૂપિયા ખરચ્યા હતા. ખારવાડાવાળા અનંતનાથ હોય અગર બીજા હોય તે ચોક્કસ ન કહેવાય. વળી મોટું જિનભુવન પણ પોતે બનાવ્યું હતું. જે વિશે શ્રી ઋષભદાસ શ્રી **હીરવિજયસૂરિ રાસના** પૃ૰ ૧૬૬માં કહે છે કે —

ઇંદ્રભુવન જસ્યું દહેરૂ કરાવ્યું, ચિત્ર લલિત અભિરામ;
ત્રેવીસમો તીર્થંકર થાપ્યો, વિજયચિંતામણિ નામ હો. હી. ૬

રૂષભ તણી તેણે મૂરતિ ભરાવી, અત્યંત મોટી સોય,
ભુંઇરામાં જઈને જુહારો, સમકિત નિરમળ હો. હી. ૭

અનેક બિંબ જેણે જિનનાં ભરાવ્યાં, રૂપક કનક મણિ કેરા;
ઓશવંશ ઉજવળ જેણે કરીઓ, કરણી તાસ ભમોરા હો. હી. ૮

જેનું ઉપર વર્ણન છે તે જ આ ભોંયરાવાળું દહેરું. ભીંત ઉપર લેખ છે જે ઉપરની વાતને પુરવાર કરે છે. જેનો ભાવાર્થ આ પ્રમાણે છે :

''સોની તેજપાળ ઓસવાલ જ્ઞાતિનો અને આબૂહરા ગોત્રનો હતો. પિતાનું નામ વછિઆ અને માતાનું નામ સુહાસિણી. આ ભૂમિગૃહવાળું જિનાલય તેમની ભાર્યા તેજલદેએ સ્વપતિની આજ્ઞાપૂર્વક ઘણું દ્રવ્ય ખર્ચીને કરાવ્યું હતું. બિંબ પ્રતિષ્ઠા સં૰ ૧૬૬૧ના વૈશાખ વદ ૭ને દિને શ્રી વિજયેસનસૂરિએ કરી હતી.'' વિશેષમાં તેજપાળે એકલાખ રૂપિયા લ્યાહરી ખર્ચી સિધ્ધાચળજી ઉપર મૂળનાયક શ્રી રૂષભદેવ પ્રભુના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો જે વાત ત્યાંના થાંભલા પરના શિલાલેખથી સિદ્ધ થાય છે. એ લેખ પરથી સં૰ ૧૬૪૬માં ખંભાતમાં સુપાર્શ્વનાથનું મંદિર કરાવ્યાની નોંધ મળે છે. તારાચંદ સંઘવીની તિથિએ આ જિનાલયે પૂજા ભણાવવામાં આવે છે. એ સંઘવીને કવિવર ઋષભદાસના વંશ સાથે સંબંધ હોય તેમ બનવા જોગ છે. હાલ આ મંદિરની વ્યવસ્થા જૈન શાળા કમિટી હસ્તક છે''

એટલે કે સં૰ ૧૯૬૩ થી સં૰ ૧૯૮૪ દરમ્યાન આ જિનાલયનો જીર્ણોદ્ધાર થયેલો છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં પણ ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયની સાથે ભોંયરામાં આદેશ્વરજીનું જિનાલય દર્શાવવામાં આવ્યું છે એટલે કે તેને અલગ જિનાલય તરીકે ગણવામાં આવ્યું નથી. તે સમયે જિનાલયમાં પાષાણની કુલ સત્તર પ્રતિમાજીઓ વિદ્યમાન હતી. જિનાલયનો વહીવટ શેઠ રમણલાલ દલસુખભાઈ હસ્તક હતો. તે સમયે જિનાલયમાં પાષાણની બે ગુરુમૂર્તિ અને ધાતુની એક ગુરુમૂર્તિ હોવાનો પણ ઉલ્લેખ હતો. ઉપરાંત તે સમયે ભોંયરામાં જૂના અવશેષો પણ હતા. તેવી વિશેષ નોંધ પણ મળે છે.

હાલમાં જિનાલયનો વહીવટ શ્રી તપાગચ્છ અમરજૈન શાળા સંઘ હસ્તક છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયના બાંધકામમાં આરસ તથા પથ્થરનો ઉપયોગ થયેલો છે. જીર્ણોદ્ધાર વખતે બહારની દીવાલો આરસની બનાવવામાં આવી છે.

ત્રણ કમાનોવાળો પ્રવેશદ્વાર-બહારની ચોકી-ઉપર પ્લાસ્ટર ઑફ પેરિસની પૂતળીઓના શિલ્પો અને દીવાલો પરની રંગીન ભૌમિતિક આકૃતિઓ મનને મુગ્ધ કરે છે. જિનાલયના પ્રવેશદ્વારની બહારની બાજુએ બે હાથીઓ અને અધિષ્ઠાયક દેવીઓનાં શિલ્પો છે. પ્રવેશદ્વારે બે દ્વારપાળનાં શિલ્પો નયનરમ્ય છે. ભોંયરાના આદેશ્વરજીના જિનાલયનું વર્ણન કરતાં અગાઉ ઉપર આવેલા ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયની રચના જોઈએ.

ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયના રંગમંડપમાં રંગકામ મોહક છે. ગભારા સિવાયની ત્રણેય દીવાલો પર ભગવાન મહાવીર તથા પાર્શ્વનાથજીના જીવનપ્રસંગો સુંદર રંગોથી ચિત્રિત થયેલા છે. ગભારાની બહાર સ્ત્રી-પુરુષનાં રંગીન શિલ્પો છે. ગભારાની ભીંતો પર પણ ચિત્રાંકન થયેલું છે. મૂળનાયકનું પરિકર કલાત્મક કોતરણીવાળું છે.

રંગમંડપમાં દીવાલ પર એક લેખ છે જે ખૂબ જ ઘસાઈ ગયેલો છે. આ લેખ ખંભાતનો પ્રાચીન જૈન ઇતિહાસ ગ્રંથમાં પૃ૰ ૨૦૮ પર પરિશિષ્ટ વિભાગમાં તે સમયે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આ ગ્રંથના પ્રકરણ-૧૩માં સદરહુ લેખ આપવામાં આવ્યો છે.

ગભારામાં આરસની કુલ સોળ પ્રતિમાજીઓ છે. જમણી બાજુ કાઉસ્સગ્ગ મુદ્રામાં આરસના પાંચ નાના ભગવાનની પ્રતિમા ભીંતે જડેલી છે. ઉપરાંત એક દેવીની મૂર્તિ પણ ત્યાં ભીંતે જડેલી છે. તે મૂર્તિ પ્રાયઃ અંબિકાદેવીની હોવી જોઈએ. મૂળનાયકની જમણી બાજુ સામેની ભીંતે સરસ્વતીદેવીની આરસની મૂર્તિ છે. હાથમાં પુસ્તક અને વાહન મોર હોવાથી એ મૂર્તિને ઓળખી શકાય છે. ડાબી બાજુની ભીંતે એક સાધુ-ભગવંતની આરસની મૂર્તિ જડેલી છે તથા ગૌતમ સ્વામીની મૂર્તિ પણ છે. સાધુ-ભગવંતની મૂર્તિની પ્રતિષ્ઠા વિજયસેનસૂરિએ કરી હોવાનો ઉલ્લેખ છે. અહીં કેટલીક આરસ પગલાંની જોડ છે.

ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયની નીચે ભોંયરામાં આવેલા આદેશ્વરજીના જિનાલયને અલગ જિનાલય તરીકે ગણવાની પણ પરંપરા જોવા મળે છે.

અહીં ગભારામાં મૂળનાયક આદેશ્વરજીની પ્રતિમાજી ૮૧ ઇંચની ઊંચાઈ ધરાવતી હોવાથી મોટા આદેશ્વર તરીકે પણ ઓળખાય છે.

ગભારામાં આરસની સાત પ્રતિમાજીઓ છે. ઉપરાંત ભીંતે જડેલા પાંચ કાઉસ્સગ્ગીયા છે, જે પૈકી ચાર કાઉસ્સગ્ગિયા પરિકરવાળા છે. આદેશ્વરજીના આરસના પગલાંની એક જોડ છે જેના પર સં૰ ૧૭૧૩નો ઉલ્લેખ છે. ગભારામાં પુંડરીકસ્વામીની આરસની પ્રતિમા છે જેમાં સં૰ ૧૮૫૦ અને હીરાચંદ બાલચંદ એટલા શબ્દો વંચાય છે.

રંગમંડપમાં પ્રવેશતાં સામે જમણી બાજુની ભીંતે શત્રુંજયનો આરસનો રંગીન પટ મૂકવામાં આવ્યો છે. આ પટ છે ત્યાં પહેલાં દાદર હતો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં જણાવ્યા મુજબ તે સમયે આદેશ્વરજીના ભોંયરામાં જૂના અવશેષો પણ છે તેવો ઉલ્લેખ મળે છે. અમે જિનાલયની મુલાકાત લીધી હતી ત્યારે આ જિનાલયનો એક લેખ જૈનશાળામાં પડ્યો હોવાનું જાણ્યું હતું. આ લેખ નીચે પ્રમાણે છે :

'' ૐ નમઃ સિદ્ધ । શ્રી ગૌતમાય નમઃ । સ્વસ્તિ શ્રીમદ્ નૃપ વિક્રમાર્ક સમયાત સંવત ૧૬૨૮ વર્ષે શાક ૧૪૮૪ પ્રવર્તમાન અષાઢ માસે શુકલ પક્ષે દશમ્યાંન તિથ્યૈ ભૃગુવાસરે સ્વાતિ નક્ષત્રે શ્રીમતી સ્તંભતીર્થ નગરે શ્રીમત તપાગણ ગગનાંગણ નભામઈ સકલ સુવિહિત શિરોમણી ભટ્ટારક પૂરંદર પરમ ગુરૂ શ્રી૭ હીરવિજય સૂરિ ચરણાંભોજ ભૃંગાયમાન સકલ સંઘ સમુદાયન શ્રીમદાદિદે વાઘનેક પ્રતિમાપિષ્ઠા સ્થાન તથા કારિતમિદં ભૂમિગૃહ માં ચંદ્રાર્કનંદતાદિતિભ ઈમૂ શુભં ભવતુ । સૂત્રધાર ગણેશેન ક્રિયતેસ્મ । ભૂમિકેયં ચ સૂરિણાગોત્રિય સંઘવી વિઘાધર ભાઈ આસક તાતસ્તયોરેત તદુઘમ કર્ત્રો સાહ । વચ્છ દોસી વિજયકરણં યોશ્ચ ભૂયો ભદ્રં ભૂયાદિતિજીયા..... ચ્ચિરમિદં ભૂમિગૃહં ગુણગુણોદયં । ''

પ્રસ્તુત લેખ સં. ૧૬૨૮માં પ્રતિષ્ઠિત શ્રી હીરવિજયજીના પગલાં પરનો હોય તેવું વિદિત થાય છે.

મૂળનાયક શ્રી આદેશ્વરજીની ભવ્ય પ્રતિમાના દર્શનથી હૃદય આનંદોલ્લાસ અનુભવે છે.

આ જિનાલય અંગે એક રસપ્રદ ઘટના દર વર્ષે નિયમિત બને છે. વર્ષો પૂર્વે સુરતવાળા શ્રી તારાચંદ સંઘવી સંઘ લઈને ખંભાત આવેલા. ભોંયરાના આદેશ્વર દાદાની ભાદરવા વદ દશમના રોજ પૂજા ભણાવી શકાય તે માટે તે સમયે તેઓએ રકમ મૂકેલી. વર્ષો બાદ મોંઘવારી વધતી જ ગઈ. હવે તે રકમમાંથી પૂજા ભણાવી શકાય તેમ રહ્યું નહીં. ખડકીની બહેનોએ આ પરંપરા ચાલુ રાખવાની જાણે પોતાની જવાબદારી હોય તેમ દર વર્ષે તે બહેનો ઘેર-ઘેર ફરે છે અને આ માટેનો ફાળો ઉઘરાવે છે. ફાળાની તે રકમમાંથી પૂજા ભણાવાય છે. નવ્વાણું દીવાની રોશની થાય છે. ઉત્સાહભેર ફાળો ઉઘરાવી આજે પણ આ માણેકચોકની બહેનો તારાચંદ સંઘવીની મંગલ ભાવનાને પુષ્ટિ આપે છે.

ટૂંકમાં **ચિંતામણિ પાર્શ્વનાથનું જિનાલય સં. ૧૬૬૧ના સમયનું** તથા **ભોંયરાના આદિનાથ ભગવાનનું જિનાલય સં. ૧૬૫૯ના સમયનું છે.**

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માણેકચોક

રતનચિંતામણિ પાર્શ્વનાથ-ઘરદેરાસર (સં૰ ૨૦૦૧)

માણેકચોકમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના બાવન જિનાલયની ડાબી બાજુની એક ખડકીમાં રતન ચિંતામણિ પાર્શ્વનાથનું ઘરદેરાસર આવેલું છે. જિનાલય ઘરમાં નથી. પરંતુ અલગ છે. આ ઘરદેરાસરમાં ગભારો અને રંગમંડપ બંનેની રચના છે.

ખંભાતના શેઠ શ્રી સોમચંદભાઈ પોપટલાલના પત્ની બેનકોરબેનનું પિયર માણેકચોકમાં અને સાસરું માંડવીની પોળમાં હતું. સાસરામાં પોતાના ઘરનું ઘરદેરાસર હતું. તેમાં શ્રી રતન ચિંતામણિ પાર્શ્વનાથ મૂળનાયક તરીકે પ્રતિષ્ઠિત હતા. પિયર પક્ષમાં તેઓ એકના એક દીકરી હતા. તેમનું પિયર માણેકચોકમાં હતું. તેઓને પિયરનું ઘર રહેવા માટે મળતાં તેઓ માણેકચોકમાં રહેવા આવ્યાં અને અહીં ઘરદેરાસર બાંધી સાસરીના તે જ રતન ચિંતામણિ પાર્શ્વનાથને અહીં મૂળનાયક તરીકે પ્રતિષ્ઠિત કર્યા.

આ જિનાલયની પ્રતિષ્ઠા સં૰ ૨૦૦૧ના માગશર સુદિ દશમને શનિવારના રોજ તપાગચ્છાધિપતિ ભટ્ટા૰ આ૰ મહારાજાધિરાજ શ્રી વિજયનેમસૂરીશ્વરજી મહારાજ સાહેબશ્રીના વરદ હસ્તે થઈ હતી. પ્રતિષ્ઠા અંગેનો એક લેખ જિનાલયમાં મુખ્ય પ્રવેશદ્વારની અંદરની બાજુએ દીવાલ પર લખેલો છે. અહીં ગર્ભદ્વારની ઉપરની બાજુએ અનુક્રમે ગિરનારજી, શત્રુંજય, સમેતશિખર જેવા પટ ભીંત પર પથ્થર વડે ઉપસાવેલ છે. તેમાં સોનેરી શાહીનો ઉપયોગ કર્યો હોવાથી ઘણું આકર્ષક લાગે છે.

મૂળનાયક શ્રી રતનચિંતામણી પાર્શ્વનાથ ધાતુના સુંદર પરિકરમાં બિરાજે છે. તેમની ગાદી પર ''સં૰ ૧૬૮૧ ફાગણ સુદ ૧૦ કડુઆ મતે સા અમીઆ સુત... શ્રી રતન પાર્શ્વનાથ બિંબ પ્રતિષ્ઠામિ સુશ્રાવકેણ સા । શ્રી તેજપાલેન પ્રતિષ્ઠિતમ્ । '' જેવા શબ્દો વંચાય છે.

મૂળનાયકના પરિકર પર સં૰ ૨૦૦૪ના ઉલ્લેખવાળો લેખ છે. આ ઉપરાંત અહીં આરસના એક છૂટા પથ્થરમાં નાનો લેખ જોવા મળ્યો હતો જેમાં સં૰ ૧૬૬૧ વૈ૰ સુ૰ ૭ સોમ વણિક તેજપાલ તથા વિજયસેનસૂરિ વગેરે શબ્દો વંચાય છે. લેખ ઘસાયેલો હોવાથી પૂરેપૂરો વંચાતો નથી.

મૂળનાયકની આજુબાજુ સ્ફટિકની પ્રતિમાઓ છે. મૂળનાયકની એક બાજુ શનિની સ્ફટિકની મૂર્તિ છે, જે મુનિસુવ્રત સ્વામીની છે. જ્યારે બીજી બાજુ ચંદ્રપ્રભુની સ્ફટિકની પ્રતિમા છે. મૂળનાયકની આજુબાજુના બંને સ્ફટિકના પ્રતિમાજી આરસના સમોવસરણની રચના પર બિરાજેલ છે. અહીં ધાતુની કુલ સાત પ્રતિમાજીઓ છે. ઉપરાંત એક દેવીની ધાતુ પ્રતિમા છે જેને તેઓ પદ્માવતી દેવી તરીકે ઓળખાવે છે. (જો કે તે અંગે વધુ સંશોધનની જરૂર છે.)

સં૰ ૨૦૧૦માં પ્રગટ થયેલ **જૈન તીર્થ સર્વ સંગ્રહ**માં આ જિનાલયનો ઘરદેરાસર તરીકે ઉલ્લેખ થયેલો છે. તે સમયે આ જિનાલયમાં ધાતુની ચાર પ્રતિમાજીઓનો ઉલ્લેખ છે, જે પૈકી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એક શનિના પ્રતિમાજીનો ઉલ્લેખ છે, જે આજે પણ છે. જિનાલય બંધાવનારનું નામ શેઠ સોમચંદ પોપટલાલ અને સં૰ ૨૦૦૧નો પણ તે સમયે નિર્દેશ કરવામાં આવેલો છે.

ટૂંકમાં આ ઘરદેરાસરનો સમય **સં૰ ૨૦૦૧** છે. માંડવીની પોળમાં કદાચ તે સં૰ ૧૬૬૧માં વિજયસેનસૂરિના હસ્તે પ્રતિષ્ઠિત થયું હશે એવું જિનાલયના છૂટા શિલાલેખના છૂટક વંચાતા અક્ષરો પરથી કહી શકાય. જો કે આ અંગે વિશેષ સંશોધનની જરૂર છે.

• • •

માણેકચોક

શાંતિનાથ (સં૰ ૧૬૪૩)

માણેકચોક વિસ્તારમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના ભોંયરાયુક્ત (ભોંયરામાં-આદિનાથ) જિનાલયની બાજુમાં બે-એક ઘર છોડીને ખૂણામાં શ્રી શાંતિનાથ તથા શ્રી વાસુપૂજ્યસ્વામીનાં પાસ-પાસે ધાબાબંધી જિનાલયો આવેલાં છે.

સં૰ ૧૬૭૩માં કવિશ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં **સાહ મહીઆની પોળ** વિસ્તારના નામ સાથે શાંતિનાથજીના આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે:

સાહ મહીઆની પોલિ વખાણું, પાંચ પ્રાસાદ તિહાં પોઢા જાણું,

.....

ખુણઈ શાંતિનાથ યગદીશ, તિહાં જિન પ્રતિમા છઈ ઇકવીસ,
નીતિ નામૂં સીસ, હો ॥ ૪

મૂળનાયક શ્રી શાંતિનાથજીની પ્રતિમા પરના લેખમાં નીચે મુજબનું લખાણ વંચાય છે :

''સંવત ૧૬૪૩ વર્ષે જેષ્ઠ સુદિ ૨ સોમે.. પુરિ રાણી પુત્રી હીરાસ્ય શ્રેયસે શ્રી શાંતિનાથ બિંબ કારાપિતાઃ શ્રીમદ્ વિજય.... શ્રી વિજયસેનસૂરિભિઃ પ્રતિષ્ઠિતઃ ।''

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં શાંતિનાથજીના જિનાલયનો ઉલ્લેખ **માણિકચઉકપોલિ**માં નીચે મુજબની પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે :

માણિકચઉકપોલિં ઋષભમંદિરિ એકસુ છપ્પન સાંભલઉ ૧૬

.....

ભુંઈરઈ એકત્રીસ આદિ સહીત મલ્લિ સતાવન ગુણઘણઇ
શાંતિ ભુવન ચૌદહ ધર્મ પન્નર....

સં૰ ૧૯૦૦માં ખંભાતનાં જિનાલયોની સૂચિમાં **લાડવાડા** વિસ્તારમાં દર્શાવવામાં આવેલાં છ જિનાલયો પૈકી આ જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૭૬માં નીચે મુજબ પ્રાપ્ત થાય છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અથ **લાડવાડામાં** દેહરાં ૬-

૭૨. શ્રી સોમચિંતામણિ પાર્શ્વનાથ આદા સંઘવીનું દેહરું

.....

૭૬. **શ્રી શાંતિનાથ ચંદ્રદાસ સોનીનું દેહરું, દક્ષણ સન્મુષ**

૭૭. શ્રી ધરમનાથનું દેહરું

આજે પણ આ જિનાલયના મૂળનાયકની પ્રતિમા દક્ષિણ સન્મુખ છે.

સં. ૧૯૪૭માં જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથની પ્રસ્તાવનામાં આ જિનાલયનો ઉલ્લેખ માણેકચોક વિસ્તારમાં ક્રમાંક ૭૨માં થયેલો છે જે નીચે મુજબ છે :

માણેકચોક મેહેલ્લામાં

૭૦. ધરમનાથજીનું.

૭૧. મહાવીર સ્વામીનું.

૭૨. **શાંતીનાથજીનું.**

.....

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં માણેકચોક નજીક વિસ્તારમાં આવેલા શાંતિનાથજીના જિનાલયને ધાબાબંધી દર્શાવવામાં આવ્યું છે. તે સમયે પાષાણની એકત્રીસ પ્રતિમાજીઓ બિરાજમાન હતી અને જિનાલયની સ્થિતિ સાધારણ હતી.

સં. ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં માણેકચોક વિસ્તારમાં આવેલા શાંતિનાથજીના જિનાલયમાં પાષાણની ચૌદ પ્રતિમાજીઓ બિરાજમાન હતી. પૃ. ૪૭ ઉપર આ જિનાલય અંગેની નીચે મુજબની નોંધ પ્રાપ્ત થાય છે.

"ત્યાંથી (ભોંયરાવાળા ચિંતામણિ પાર્શ્વનાથજીના જિનાલયથી) ખાંચાના ઊંડાણમાં જતાં શાંતિનાથ તથા વાસુપૂજ્યનાં જિનાલયો જોડાજોડ આવે છે. આ જિનાલયનો વહીવટ જિનાલયની નજીક વસતાં પટવા જીવાભાઈ મૂળચંદ રાખે છે."

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં માણેકચોક વિસ્તારમાં આવેલા શાંતિનાથજીના જિનાલયને ધાબાબંધી જિનાલય તરીકે દર્શાવવામાં આવેલું છે. તે સમયે પાષાણની અગિયાર પ્રતિમાજીઓ વિદ્યમાન હતી અને જિનાલયના મકાનની સ્થિતિ સારી હતી. તે સમયે આ જિનાલયનો વહીવટ ઠાકોરલાલ જીવાભાઈ પટવા હસ્તક હતો. આજે આ જિનાલયનો વહીવટ કાંતિભાઈ ઠાકોરભાઈ પટવા તથા બાબુભાઈ ઠાકોરભાઈ પટવા કરે છે.

સં. ૧૯૬૩માં જિનાલયના મકાનની સ્થિતિ સાધારણ હતી જ્યારે સં. ૨૦૧૦માં જિનાલયના મકાનની સ્થિતિ સારી દર્શાવવામાં આવી છે. એટલે કે સં. ૧૯૬૩ થી સં. ૨૦૧૦ વચ્ચે આ જિનાલયનો જીર્ણોદ્ધાર થયો હોવાનો સંભવ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયની બાંધણી મકાનના જેવી છે. જાળીવાળો ઝાંપો ઓળંગીને ઓટલા પર ચડી, જિનાલયના રંગમંડપમાં પ્રવેશ કરી શકાય છે. રંગમંડપ તદ્દન સાદો છે. જિનાલયના રંગમંડપમાં ખારિયા પથ્થરનો ઉપયોગ થયેલો છે. આ જિનાલયમાંથી વાસુપૂજ્યસ્વામીના જિનાલયમાં જઈ શકાય છે.

ગભારામાં અષ્ટપ્રાતિહાર્ય પરિકરયુક્ત શ્રી શાંતિનાથજીની પ્રતિમા મૂળનાયક તરીકે પ્રતિષ્ઠિત છે. ગભારામાં આરસનો ઉપયોગ થયેલો છે. અહીં પાષાણની કુલ દસ પ્રતિમાજીઓ છે, જે પૈકી ત્રણ પ્રતિમાજી કસોટીના પથ્થરની છે. મૂળનાયક શાંતિનાથજીની આજુબાજુ બંને ગર્ભદ્વાર સન્મુખ શાંતિનાથજીની જ પ્રતિમા બિરાજમાન છે, જે પૈકી મૂળનાયક શ્રી શાંતિનાથની ડાબી બાજુના ગભારે બિરાજમાન શ્રી શાંતિનાથની પ્રતિમા પર નીચે મુજબનું લખાણ વાંચી શકાય છે :

સં૰ ૧૬૪૪ વર્ષે જેઠ સુદ ૧૨ સોમ...બાઈ અમરીદે પુત્રી બાઈ લંબિ સ્વશ્રેયાર્થે શ્રી શાંતિનાથ બિંબં કારાપિતં શ્રીમદ્ તપાગચ્છે ભટ્ટારક જગદ્‌ગુરૂ.....શ્રીપ શ્રી વિજયસેનસૂરિભિઃ પ્રતિષ્ઠિતમ્।

તથા મૂળનાયક શ્રી શાંતિનાથની જમણી બાજુના ગભારે બિરાજમાન શ્રી શાંતિનાથની પ્રતિમા પર પણ નીચે મુજબનું લખાણ વાંચી શકાય છે :

"સંવત ૧૬૪૪ વર્ષે જેઠ સુદ ૧૨ સોમ.. શ્રી શાંતિનાથ બિંબ કારાપિતં....."

મૂળનાયક શાંતિનાથજીની પ્રતિમા પર સં૰ ૧૬૪૩નો લેખ છે. ઉપરાંત ડાબે તથા જમણે ગભારે બિરાજમાન બંને શાંતિનાથની પ્રતિમાઓ પર સં૰ ૧૬૪૪નો લેખ છે. મુખ્ય ગર્ભદ્વાર તથા ડાબે-જમણે આવેલા ગર્ભદ્વાર એમ કુલ ત્રણ ગર્ભદ્વારમાં સન્મુખ શાંતિનાથની પ્રતિમા બિરાજમાન છે. આમ ત્રણે ગભારે શાંતિનાથજીની પ્રતિમા છે એ આ જિનાલયની વિશિષ્ટતા છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૬૪૩ના** સમયનું છે.

• • •

માણેકચોક

વાસુપૂજ્ય સ્વામી (સં૰ ૧૯૬૩ પહેલાં)

માણેકચોક વિસ્તારમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના ભોંયરાયુક્ત (ભોંયરામાં આદેશ્વર) જિનાલયની બાજુમાં બે-એક ઘર છોડીને ખૂણામાં શ્રી વાસુપૂજ્ય સ્વામી તથા શ્રી શાંતિનાથજીનાં પાસ-પાસે ધાબાબંધી જિનાલયો આવેલાં છે.

મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની પ્રતિમા પર સં૰ ૧૬૬૭નો ઉલ્લેખ ધરાવતો લેખ છે.

સં૰ ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં ભંડારી પોળ વિસ્તારમાં વાસુપૂજ્ય સ્વામીના જિનાલયનો ઉલ્લેખ આવે છે. **સાહ મહીઆની પોળ** (આજનું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માણેકચોક) વિસ્તાર પહેલાં ભંડારીપોળ તથા વાસુપૂજ્ય સ્વામીના જિનાલયનો ઉલ્લેખ આવે છે જે નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

આહે **ભંડારીની પોલિમાં**, દેઉલ એક જ સોહઈ ।
આહે **વાસપૂજય** નવ બ્યંબશુ, તે દીઠઈ મન મોહઈ ॥ ૩૬

આ ભંડારીની પોળ તે સમયે આજના માણેકચોક વિસ્તારની આજુબાજુના વિસ્તારમાં જ હતી તેવો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે. માણેકચોકમાં આજે વિદ્યમાન વાસુપૂજ્યસ્વામીની પ્રતિમા ઉપર સં૰ ૧૬૬૭નો લેખ છે. સં૰ ૧૬૭૩માં નિર્દેશ થયેલા ભંડારીપોળના વાસુપૂજ્ય સ્વામીના જિનાલયના મૂળનાયકની પ્રતિમા અને આજના માણેકચોકના વાસુપૂજ્યસ્વામીના મૂળનાયકની પ્રતિમા બંને એક જ હશે કે કેમ તે અંગે વધુ સંશોધન જરૂરી છે.

માણેકચોક વિસ્તારમાં વાસૂપૂજ્ય સ્વામીના જિનાલયનો સૌ પ્રથમ ઉલ્લેખ **સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં પ્રાપ્ત થાય છે. તે સમયે જિનાલય ધાબાબંધી દર્શાવવામાં આવ્યું હતું. જિનાલયના મકાનની સ્થિતિ સાધારણ હતી અને પાષાણની ચાર પ્રતિમાજીઓ આ જિનાલયમાં વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં માણેકચોક વિસ્તારમાં જ વાસુપૂજ્ય સ્વામીના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે. તે સમયે જિનાલયમાં પાષાણની ચાર પ્રતિમાજીઓ વિદ્યમાન હતી. ઉપરાંત પૃ૰ ૪૭ ઉપર આ જિનાલય માટે નીચે મુજબની નોંધ આવે છે :

"ત્યાંથી (ભોંયરાવાળા ચિંતામણિ પાર્શ્વનાથજીના જિનાલયથી) ખાંચામાં ઊંડાણમાં જતાં શાંતિનાથ તથા વાસુપૂજ્યનાં બે જિનાલયો જોડા-જોડ આવે છે." આ જિનાલયનો વહીવટ તે સમયે લાડવાડામાં રહેતાં ગુલાબચંદ ઓશવાળ હસ્તક હતો.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં માણેકચોક વિસ્તારમાં આવેલા શ્રી વાસુપૂજ્ય સ્વામીના જિનાલયને ધાબાબંધ જિનાલય તરીકે દર્શાવવામાં આવેલું છે. તે સમયે જિનાલયમાં પાષાણની ચાર પ્રતિમાજીઓ વિદ્યમાન હતી અને જિનાલયના મકાનની સ્થિતિ સારી હતી. જિનાલયનો વહીવટ શેઠ શાંતિલાલ ગુલાબચંદ હસ્તક હતો. આજે જિનાલયનો વહીવટ લાડવાડામાં રહેતા શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ કરે છે.

શ્રી શાંતિનાથજીના જિનાલયના રંગમંડપમાંથી પણ વાસુપૂજ્ય સ્વામીના જિનાલયના રંગમંડપમાં પ્રવેશી શકાય છે. જિનાલયની રચના સાદી છે. જાણે કોઈ ઘરમાં પ્રવેશતાં હોઈએ તેવો ભાસ થાય છે.

અહીં ગભારામાં પાષાણની નવ પ્રતિમાજીઓ બિરાજમાન છે. સં૰ ૧૯૬૩, સં૰ ૧૯૮૪ તથા સં૰ ૨૦૧૦માં આ જિનાલયમાં પાષાણની ચાર પ્રતિમાઓ વિદ્યમાન હોવાનો ઉલ્લેખ મળે છે. જ્યારે આજે અહીં પાષાણ પ્રતિમાની સંખ્યા નવ છે. એટલે કે દરમ્યાનમાં પુનઃ પ્રતિષ્ઠા થઈ હશે. આજે પણ જૂના ત્રણ ભગવાનની વર્ષગાંઠ શ્રાવણ સુદ તેરસ છે. જ્યારે બાકીના છ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભગવાનની વર્ષગાંઠ જેઠ સુદ બીજ છે. અહીં શ્રી પદ્માવતી દેવી તથા શ્રી ચક્રેશ્વરીદેવીની મૂર્તિઓ બિરાજમાન છે. શ્રી ચક્રેશ્વરીદેવીની પ્રતિમા ઉપર સં૰ ૧૩૬૯નો લેખ છે. અહીં એક યક્ષની પ્રતિમા છે જેના લેખમાં 'ગણપીટ્ટક યક્ષ' એવું લખાણ જણાય છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૯૬૩ પહેલાના સમયનું** છે. મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની પ્રતિમા ઉપર સં૰ ૧૬૬૭નો લેખ છે. સં૰ ૧૬૭૩માં ભંડારીપોળ કે જે આજની માણેકચોકની આજુબાજુનો વિસ્તાર હતો ત્યાં વાસુપૂજ્યસ્વામીના એક જિનાલયનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. તે સંદર્ભમાં જિનાલયની વધુ પ્રાચીનતા નક્કી કરવા માટે વિશેષ સંશોધનની અને વધુ પુરાવાઓની જરૂર છે.

• • •

માણેકચોક

મહાવીર સ્વામી (સં૰ ૧૯૪૭ પહેલાં)

માણેકચોક વિસ્તારમાં ચિંતામણિ પાર્શ્વનાથનાં બે જિનાલયો ઓળંગીને આગળ જતાં ડાબા હાથે શ્રી મહાવીરસ્વામી અને શ્રી ધર્મનાથના પાસ-પાસે ધાબાબંધી જિનાલયો આવેલાં છે. આ બંને જિનાલયોમાં પ્રવેશવા માટેના મુખ્ય બે પ્રવેશદ્વાર છે. ચોક એક છે. બંને જિનાલયોના રંગમંડપમાં પ્રવેશવા માટેના પ્રવેશદ્વાર તથા ગભારાઓની દિશા અલગ અલગ છે.

ધર્મનાથજીના જિનાલયની બાજુમાં શ્રી મહાવીરસ્વામીનું આ ધાબાબંધી જિનાલય આવેલું છે. મૂળનાયક શ્રી મહાવીર સ્વામીની પ્રતિમાજી પર સં૰ ૧૬૫૩નો લેખ છે.

સં૰ ૧૯૪૭માં પ્રગટ થયેલ **જયતિહુઅણ સ્તોત્ર** ગ્રંથની પ્રસ્તાવનામાં માણેકચોક વિસ્તારમાં મહાવીર સ્વામીના જિનાલયનો ઉલ્લેખ સૌ પ્રથમવાર પ્રાપ્ત થાય છે, જે નીચે મુજબ છે :

માણેકચોકના મહેલ્લામાં

૭૦. ધરમનાથજીનું.

૭૧. **મહાવીર સ્વામીનું.**

૭૨. શાંતિનાથજીનું.

.....

ત્યારબાદ મહાવીર સ્વામીના જિનાલયનો ઉલ્લેખ સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આવે છે. તે સમયે આ જિનાલય ધાબાબંધી હોવાનો ઉલ્લેખ છે અને જિનાલયના મકાનની સ્થિતિ સારી હોવાનું દર્શાવ્યું છે. તે સમયે જિનાલયમાં પાષાણની પાંચ પ્રતિમાજીઓ હોવાનો ઉલ્લેખ છે.

સં૰ ૧૯૮૪માં **ખંભાતનો ઇતિહાસ અને ચૈત્યપરિપાટી**માં માણેકચોક વિસ્તારમાં આવેલા આ જિનાલયમાં પાષાણની પાંચ પ્રતિમાજીઓ વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે. તે સમયે જિનાલયનો વહીવટ મનસુખભાઈ સકળચંદ હસ્તક હતો. તેઓ જિનાલયની નજીકમાં જ રહેતા હતા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં માણેકચોક વિસ્તારમાં આવેલા મહાવીર સ્વામીના જિનાલયને ધાબાબંધી જિનાલય તરીકે દર્શાવ્યું છે. તે સમયે પાષાણની પાંચ પ્રતિમાજીઓ આ જિનાલયમાં વિદ્યમાન હતી અને જિનાલયનો વહીવટ સાંકળચંદ મનસુખરામને હસ્તક હતો. હાલ આ જિનાલયનો વહીવટ નવીનભાઈ મંગળદાસ કાટવાલા કરે છે. તેઓ પાસેથી મેળવેલી માહિતી પ્રમાણે તેમના દાદાનું નામ છોટાલાલ સકળચંદ છે. તે મુજબ સકળચંદ મનસુખરામ સાચું હશે. સં. ૧૯૮૪માં સરતચૂકથી મનસુખરામ સકળચંદના નામનો ઉલ્લેખ થયો હોય તેવો સંભવ છે. વધુમાં નવીનભાઈ જણાવે છે કે ફકીરચંદ ઉમેદચંદ દમ્માણવાલા તથા તેમના વડવાઓએ આ જિનાલયની મૂળ પ્રતિષ્ઠા કરાવેલી.

સં. ૨૦૦૬માં આ જિનાલયનો જીર્ણોદ્ધાર થયેલો છે.

ચોકમાં પ્રવેશતાં ડાબા હાથે સામે શ્રી મહાવીર સ્વામીનું જિનાલય આવેલું છે. ચોકમાં જમણા હાથે નાની વાડી જેવી રચનામાં ભગવાનને ચડાવવાનાં ફૂલો ઉગાડવામાં આવે છે.

મહાવીરસ્વામીનું જિનાલય ધર્મનાથજીના જિનાલયની સરખામણીએ નાના કદનું છે.

રંગમંડપ સાદો, સ્વચ્છ અને નાનો છે. રંગમંડપમાં ગર્ભદ્વારની ઉપર કાચની ફ્રેમવાળું લાકડાનું કબાટ છે જેમાં કાષ્ઠની ૧૬ મૂર્તિઓ રાખવામાં આવી છે. (જુઓ ફોટોગ્રાફ નં. ૧૫) ગર્ભદ્વાર પાસે લાકડાની સામાન્ય કોતરણી છે.

એક ગર્ભદ્વાર અને આજુબાજુ નાની બારી છે. ગભારામાં મધ્યે શ્રી મહાવીર સ્વામીની નયનરમ્ય પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે. ડાબી બાજુ બારી સામે ધર્મનાથજી, જમણી બાજુ બારી સામે આદેશ્વરજીની પ્રતિમા બિરાજમાન છે. અહીં ગભારામાં આજે પણ પાષાણની પ્રતિમા સંખ્યા પાંચ છે.

ટૂંકમાં આ જિનાલય **સં. ૧૯૪૭ પહેલાના** સમયનું છે. મૂળનાયક શ્રી મહાવીર સ્વામીની પ્રતિમા પર સં. ૧૬૫૩નો મૂર્તિલેખ છે.

• • •

માણેકચોક

ધર્મનાથ (સં. ૧૭૦૧ પહેલાં)

માણેકચોક વિસ્તારમાં ચિંતામણિ પાર્શ્વનાથનાં બે જિનાલયો પસાર કર્યા બાદ, આગળ જતાં ડાબા હાથે શ્રી ધર્મનાથ તથા શ્રી મહાવીરસ્વામી ભગવાનનાં જોડા જોડ ધાબાબંધી જિનાલયો આવેલાં છે. આ બંને જિનાલયોમાં પ્રવેશવા માટેના મુખ્ય પ્રવેશદ્વાર બે છે, જ્યારે ચોક એક છે. બંને જિનાલયના રંગમંડપમાં પ્રવેશવા માટેના પ્રવેશદ્વાર તથા ગભારાઓની દિશા અલગ-અલગ છે. (જુઓ ફોટોગ્રાફ નં. ૧૬)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધર્મનાથ ભગવાનનું જિનાલય આરસનું બનેલું છે જ્યારે થાંભલા કાષ્ઠના છે.

માણેકચોકમાં આવેલા ધર્મનાથના જિનાલયનો સૌ પ્રથમ ઉલ્લેખ **સં૰ ૧૭૦૧માં** મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

.....
માણેક ચઉક પોલિં ઋષભમંદિરિ એકસુ છપ્પન સાંભલઉ ૧૬
.....
ભુંઈરઈ એકત્રીસ આદિ સહીત મલ્લિ સતાવન ગુણઘણઈ
શાંતિ ભુવન ચૌદહ **ધર્મ** પન્નર.....

સં૰ ૧૭૦૧માં ખંભાતમાં ધર્મનાથ ભગવાનનું માત્ર એક જ જિનાલય હોવાનો ઉલ્લેખ મળે છે.

સં૰ ૧૮૧૭માં પદ્મવિજય રચિત **ખંભાત ચૈત્ય પરિપાટી**માં ધર્મનાથના એક જ જિનાલયનો ઉલ્લેખ થયેલો છે. પ્રસ્તુત ચૈત્યપરિપાટીમાં જિનાલયોની સંખ્યા અને નામ દર્શાવવામાં આવ્યા છે. પરંતુ સ્થળ નામનો ઉલ્લેખ થયેલો નથી. ધર્મનાથના આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

દોય દેઉલ વાસુપૂજ્યનાં રે જિન એકસો ઇગવન્ન
વિમલનાથનાં દેહરાં રે રત્નત્રયી પરેં ત્રણ્ય રે ૧૧ ભવિ.

દોયસેં પનર જગતાતની રે મૂરતિ ભાવિ શિવદાય
ધર્મનાથ એક દહેરેં રે બ્યાશી શ્રી જિનરાય રે ૧૨ ભવિ.

અષ્ટપ્રાતિહાર્ય પરિકરયુક્ત મૂળનાયક શ્રી ધર્મનાથની પ્રતિમા પર "સં૰ ૧૬૬૨ ફાગણ વદ બીજ..... આચાર્ય શ્રી હીરવિજયસૂરિના શિષ્ય વિજયસેનસૂરિજી " એ મુજબનું લખાણ પ્રાપ્ત થાય છે.

સં૰ ૧૬૭૩માં કવિ ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં ધર્મનાથના જિનાલયનો ઉલ્લેખ થયો નથી. પરંતુ સં૰ ૧૭૦૧માં તથા સં૰ ૧૮૧૭માં ધર્મનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે.

સં૰ ૧૯૦૦માં **લાડવાડા** મધ્યે છ જિનાલયનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે પૈકી ક્રમાંક ૭૭માં શ્રી ધર્મનાથના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબ મળે છે :

અથ લાડવાડામાં દેહરાં ૬-

૭૨. શ્રી સોમચિંતામણિ પાર્શ્વનાથ આદા સંઘવીનું દેહરું
.....
૭૭. શ્રી **ધરમનાથનું** દેહરું.

સં૰ ૧૯૪૭માં **જયતિહુઅણ સ્તોત્ર** ગ્રંથની પ્રસ્તાવનામાં માણેકચોક વિસ્તારમાં આવેલાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નવ જિનાલયો પૈકી આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબ થયેલો છે.

માણેકચોકના મહેલ્લામાં

૭૦. **ધરમનાથજીનું**

૭૧. મહાવીરસ્વામીનું

૭૨. શાંતિનાથજીનું.

.....

સં. ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં આ જિનાલય માણેકચોક વિસ્તારમાં ધાબાબંધી જિનાલય તરીકે દર્શાવવામાં આવ્યું છે. તે સમયે જિનાલયના મકાનની સ્થિતિ સાધારણ હતી અને પાષાણની પ્રતિમાજીઓની સંખ્યા તેર હતી.

સં. ૧૯૮૪માં **ખંભાતનો ઈતિહાસ અને ચૈત્ય પરિપાટી**માં આ જિનાલયમાં પાષાણની નવ પ્રતિમાજીઓનો ઉલ્લેખ છે અને વહીવટ કેશવલાલ મૂલચંદ હસ્તક હતો. તેઓ જિનાલયની નજીકમાં જ રહેતા હતા.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં માણેકચોક વિસ્તારમાં આવેલા ધર્મનાથજીના જિનાલયને ધાબાબંધી જિનાલય તરીકે દર્શાવવામાં આવ્યું છે. તે સમયે જિનાલયમાં પાષાણની નવ પ્રતિમાજીઓ બિરાજમાન હતી. જિનાલયના મકાનની સ્થિતિ સારી દર્શાવેલી હતી અને તે સમયે જિનાલયનો વહીવટ કેશવલાલ મૂળચંદ હસ્તક હતો. આજે આ જિનાલયનો વહીવટ માણેકચોકમાં જ રહેતા શ્રી પ્રવીણચંદ્ર બાલચંદ કાપડિયા કરે છે.

આ જિનાલયનો છેલ્લો જીર્ણોદ્ધાર સં. ૨૦૫૧માં વૈશાખ સુદ દશમને બુધવારે થયેલો છે. આ અંગેનો લેખ જિનાલયના ચોકમાં આપણી જમણી બાજુની ભીંત પર કાચની ફ્રેમમાં મઢી દેવામાં આવ્યો છે, જે લેખ આ ગ્રંથનાં પ્રકરણ-૧૩માં મૂકવામાં આવેલ છે. તે અગાઉ સં. ૧૯૯૭માં આ જિનાલયનો જીર્ણોદ્ધાર થયાનો ઉલ્લેખ **જૈન તીર્થધામ ખંભાત** ગ્રંથમાં પૃ. ૭૭ની છેલ્લી લીટીમાં થયેલો છે. ઉપરાંત, સં. ૨૦૪૪ સુધી આ જિનાલયમાં પાષાણની નવ પ્રતિમાજીઓ બિરાજમાન હતી તે મુજબનો ઉલ્લેખ પણ **જૈન તીર્થધામ ખંભાત**માં થયેલો છે.

રંગમંડપ સ્વચ્છ અને મધ્યમ કદનો છે. રંગમંડપમાં થાંભલા કાષ્ઠના છે. રંગમંડપમાં પ્રવેશવાનાં કુલ ત્રણ પ્રવેશદ્વાર છે.

અહીં ગભારામાં મૂળનાયક તરીકે શ્રી ધર્મનાથજીની અષ્ટપ્રતિહાર્ય પરિકરયુક્ત પ્રતિમાજી બિરાજમાન છે. ગભારામાં મૂળનાયકની જમણી બાજુની દીવાલમાં ગોખની રચના છે. આ ગોખમાં ગણધરની પાષાણની ત્રણ મૂર્તિઓ સં. ૨૦૫૧ને વૈશાખ સુદ ૧૦ને બુધવારે અંબાલાલ હેમચંદ શાહના પરિવારને હસ્તે ભરાવેલ છે. આ ત્રણેય ગણધર (૧) ગૌતમસ્વામી (૨) પુંડરીકસ્વામી (૩) સુધર્માસ્વામીની મૂર્તિઓની પ્રતિષ્ઠા શ્રી વિજય મહોદયસૂરિજીના હસ્તે થયેલી છે. ગભારામાં પાષાણની કુલ અઢાર પ્રતિમાજીઓ વિદ્યમાન છે. અહીં આચાર્ય શ્રી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લક્ષ્મીસૂરિ તથા આચાર્ય શ્રી વિજયસોમસૂરિના આરસનાં પગલાંની બે જોડ છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૭૦૧ પહેલાના સમયનું** સ્પષ્ટ જણાય છે. મૂળનાયક શ્રી ધર્મનાથની પ્રતિમા પર સં૰ ૧૬૬૨નો લેખ છે.

• • •

ભોંયરાપાડો

ખંભાતમાં આજે ભોંયરાપાડા તરીકે પ્રસિદ્ધ વિસ્તાર અગાઉ **ભુંઈરા પોલ- ભુંઅરઈ પાડો - ભોંયરાપાડો** તરીકે પ્રસિદ્ધ હતો.

સં૰ ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં **ભુંઈરાપોલ**માં (૧) ચંદ્રપ્રભ સ્વામી (૨) શાંતિનાથ (૩) સાંમલ પાર્શ્વનાથ એમ કુલ ત્રણ જિનાલયો વિદ્યમાન હતાં. તેનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

ભુંઈરા કેરી પોલિ ભલેરી, **ત્રણ્યે પ્રાસાદઈ** ભુંગલ ભેરી,
કીરતિન કરું યન કેરી, હો ॥ ૭

શ્રી ચંદ્રપ્રભનઈ દેહરઈ દીસઈ, અઢાર બ્યંબ દેષી મન હીંસઈ,
શાંતિનાથ જયન વીસઈ, હો ॥ ૮

ષૂંણઈ દેહરું જગવીષ્યાત, બઈઠાં **સાંમલ પારસનાથ,**
પંનર બ્યંબ તસ સાથિ, હો ॥ ૯

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં ભોંયરાપાડામાં ત્રણ જિનાલયો વિદ્યમાન હતાં. તેનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

.....
ભુંઅરઈ પાડઈ શાંતિ મૂરતિ બાવન જિન શુ ગાજએ
છસઈ બત્રીસ **શાંતિનાથિ** સાતસઈ એકવીસ **સાંમલઉ**
.....

સં૰ ૧૯૦૦માં ખંભાતનાં જિનાલયોની સૂચિમાં ભોંયરાપાડા વિસ્તારમાં કુલ છ જિનાલયો વિદ્યમાન હતાં જેનો ઉલ્લેખ નીચે મુજબ થયેલો છે :

અથ **ભુંયરાપાડામાં** દેહરાં ૬-

૬૬. શ્રી શાંતિનાથનું દેહરું

૬૭. શ્રી મલ્લીનાથ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૬૮. શ્રી ચંદ્રપ્રભુ

૬૯. શ્રી સામલા પાર્શ્વનાથ અસલ ભોવડ પાર્શ્વનાથ

૭૦. શ્રી શાંતિનાથ

૭૧. શ્રી નેમનાથ

સં૰ ૧૯૪૭માં જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથની પ્રસ્તાવનામાં પણ ભોંયરાપાડા વિસ્તારમાં ઉપર જણાવેલાં છ જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં પણ ભોંયરાપાડા વિસ્તારમાં ઉપર જણાવેલાં કુલ છ જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે.

જ્યારે **સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં** ભોંયરાપાડા વિસ્તારમાં કુલ પાંચ જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે. તે પૈકી શાંતિનાથજી-નેમિનાથજીનું સંયુક્ત જિનાલય-દર્શાવવામાં આવ્યું છે. આ ઉપરાંત શાંતિનાથ, મલ્લિનાથ, ચંદ્રપ્રભુ અને નવખંડા પાર્શ્વનાથનાં જિનાલયોનો સમાવેશ થાય છે. સં૰ ૧૬૭૩ તથા સં૰ ૧૭૦૧માં સામલ પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે જેનો સં૰ ૧૯૦૦માં 'શ્રી સામલા પાર્શ્વનાથ અસલ ભાવડ પાર્શ્વનાથ' એ મુજબ ઉલ્લેખ થયેલો છે. સં૰ ૧૯૪૭માં 'નવખંડા અથવા ભુવન પારસનાથજીનું' એ મુજબ આ જિનાલયનો ઉલ્લેખ થયેલો છે. સં૰ ૧૯૬૩માં આ જિનાલયનો ઉલ્લેખ સામલ પાર્શ્વનાથ તરીકે થયેલો છે. જ્યારે સં૰ ૧૯૮૪માં આ જિનાલય નવખંડા પાર્શ્વનાથ તરીકે પ્રચલિત હતું. આજે પણ આ જિનાલય નવખંડા પાર્શ્વનાથ તરીકે પ્રસિદ્ધ છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં પણ ભોંયરાપાડા વિસ્તારમાં કુલ પાંચ જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ મળે છે. જેમાં, ૧. શાંતિનાથ, ૨. મલ્લિનાથ, ૩. ચંદ્રપ્રભુ - સ્ફટિકનાં ૪. નવખંડા પાર્શ્વનાથ, ૫. શાંતિનાથ — એમ કુલ પાંચ જિનાલયોનો સમાવેશ થાય છે. જો કે તે સમયે શાંતિનાથ સાથે નેમિનાથજીના જિનાલયનો ઉલ્લેખ થયેલો નથી.

આજે ભોંયરાપાડા વિસ્તારમાં કુલ પાંચ જિનાલયો વિદ્યમાન છે, જે નીચે મુજબ છે :

૧. શાંતિનાથ, ૨. શાંતિનાથ-નેમિનાથ, ૩. ચંદ્રપ્રભુસ્વામી, ૪. મલ્લિનાથ, ૫. નવખંડા પાર્શ્વનાથ.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભોંયરાપાડો

શાંતિનાથ (સં૰ ૧૭૦૧ પહેલાં)

ભોંયરાપાડામાં પ્રવેશતાં સૌ પ્રથમ શ્રી શાંતિનાથજીનું આરસનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે.

સં૰ ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી-તીર્થમાલા**માં ભોંયરાપાડા વિસ્તારમાં કુલ ત્રણ જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ મળે છે. તે પૈકી શાંતિનાથનું એક જિનાલય વિદ્યમાન હતું, જ્યારે હાલ ભોંયરાપાડામાં શાંતિનાથનાં બે જિનાલયો છે.

ભુંઈરા કેરી પોલિ ભલેરી, **ત્રણ્ય પ્રાસાદઈ ભુંગલ ભેરી,**
.....
શ્રી ચંદ્રપ્રભ દેહરઈ દીસઈ, અઢાર બ્યંબ દેખી મન હીંસઈ
શાંતિનાથ જયન વીસઇ, હો ॥ ૮

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં ભોંયરાપાડામાં વિદ્યમાન ત્રણ જિનાલયો પૈકી શાંતિનાથજીનાં બે જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

.....
ભુંઅરઈ પાડઈ શાંતિ મૂરતિ બાવન જિનશુ ગાજએ
છસઈ બત્રીસ **શાંતિનાથિ** સાતસઈ એકવીસ **સાંમલઉ**

મૂળનાયક શ્રી શાંતિનાથજીની પ્રતિમા ઉપરના લેખમાં 'સંવત ૧૬૭૭ વર્ષે કાર્તિક સિત પક્ષે ષષ્ઠી વાસરે રવે શ્રી સ્તંભતીર્થ વાસ્તવ્ય ઉકેશ જ્ઞાતીય દેવરાજ ભાર્યા ધનાઈ સુત.... ભાર્યા વલ્હાદે નામન્યા દ્વિતીયા ભાર્યા વીરાદે નામન્યા..... કારિતમ્ શ્રી શાંતિનાથ બિંબં પ્રતિષ્ઠિતં અંચલ ગચ્છ શિરોવંત સાયમાને શ્રીમત્તપાગચ્છે ભટ્ટારક..... શ્રી વિજય દેવસૂરિભિઃ ચિરંજીયાત્' લખાણ વાંચી શકાય છે. જ્યારે **જૈન તીર્થ સર્વ સંગ્રહ**માં આ જિનાલયમાં મૂળનાયકના લેખનો સંવત ૧૬૭૧ દર્શાવવામાં આવ્યો છે. આ જિનાલયમાં ડાબી બાજુના ગર્ભદ્વારની સન્મુખ બિરાજમાન આદેશ્વરજીની પ્રતિમા ઉપર સં. ૧૫૧૭નો ઉલ્લેખ થયેલો છે તથા જમણી બાજુના ગર્ભદ્વારની સન્મુખ બિરાજમાન શ્રી ધર્મનાથની પ્રતિમા ઉપર સં૰ ૧૬૭૭નો ઉલ્લેખ થયેલો છે.

સં૰ ૧૯૦૦માં ભોંયરાપાડાનાં કુલ છ જિનાલયો પૈકી શાંતિનાથજીનાં બે જિનાલયોનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. તે પૈકી શાંતિનાથજીના એક જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૬૬માં તથા બીજા જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૭૦માં નીચે મુજબ થયેલો છે :

અથ **ભુંયરાપાડામાં** દેહરાં ૬.

૬૬. **શ્રી શાંતિનાથનું દહેરું.**

૬૭. શ્રી મલ્લિનાથ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૬૮. શ્રી ચંદ્રપ્રભુ.

૬૯. શ્રી સામલા પાર્શ્વનાથ, અસલ ભોવડ પાર્શ્વનાથ.

૭૦. **શ્રી શાંતિનાથ.**

૭૧. શ્રી નેમિનાથ.

સં૰ ૧૯૪૭માં જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથની પ્રસ્તાવનામાં ભોંયરાપાડામાં આવેલા શાંતિનાથના આ જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૬૭માં નીચે મુજબ છે :

ભોંયરાપાડો

૬૪. નવખંડા પારસનાથ અથવા ભુવન પારસનાથજીનું.

૬૫. ચંદ્રપ્રભુજીનું.

૬૬. મલ્લિનાથજીનું.

૬૭. **શાંતિનાથજીનું** (આ દેહેરાની જોડે શાલા છે તેમાં શુભવિજયજી અને વીરવિજયજી મહારાજ ઉતરતા એવું કેહેવાય છે.)

૬૮. નેમનાથજીનું.

૬૯. શાંતિનાથજીનું. (આ નંબર ૬૮-૬૯વાળાં દેહેરાં ભેગાં છે.)

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ભોંયરાપાડા વિસ્તારમાં શાંતિનાથજીનાં બે જિનાલયો દર્શાવવામાં આવ્યાં છે. તે સમયે આ બંને જિનાલયો ધાબાબંધી દર્શાવવામાં આવ્યાં હતાં. શાંતિનાથજીના એક જિનાલયમાં પાષાણની નવ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી તથા શાંતિનાથજીના અન્ય જિનાલયમાં પાષાણની આઠ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી અને તે જિનાલયની સ્થિતિ સાધારણ દર્શાવવામાં આવી હતી, જેમાં પાષાણની નવ પ્રતિમાજીઓ વિદ્યમાન છે, તે શાંતિનાથજીના જિનાલયના મકાનની સ્થિતિ સારી દર્શાવવામાં આવી છે. ઉપરાંત તે સમયે તે જિનાલયમાં પગલાંની એક જોડનો પણ ઉલ્લેખ થયેલો છે.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં જણાવ્યા મુજબ ભોંયરાપાડામાં આવેલા શાંતિનાથજીના આ જિનાલયમાં પાષાણની નવ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી. તે સમયે આ જિનાલયનો વહીવટ શા૰ હીરાભાઈ પોપટલાલ હસ્તક હતો. તેઓ બોરપીપળે રહેતા હતા. પૃ૰ ૪૮-૪૯ ઉપર આ જિનાલય સંબંધે નીચે મુજબ નોંધ મળી આવે છે :

'શ્રી વિજયસેનસૂરિ ૬૮ વર્ષનું આયુષ્ય ભોગવી સં૰ ૧૬૭૨ના જેઠ વદ ૧૧ના દિવસે ખંભાતની પાસેના અકબરપુરમાં સ્વર્ગવાસી થયા હતા. બાદશાહ જહાંગીરે તેમના સ્તૂપને માટે દશ વીઘા જમીન મફત આપી હતી અને ગામે ત્રણે દિવસ સુધી પાખી પાળી હતી. એ પરામાં કવિ ઋષભદાસ કૃત ચૈત્યપરિપાટી અનુસાર ત્રણ જિનાલયો હતાં. ૧. વાસુપૂજ્યનું ૭ બિંબોવાળું, ૨.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શાંતિનાથનું ૨૧ બિંબોવાળું ૩. આદીશ્વરનું ૨૦ પ્રતિમાઓવાળું. કાળપ્રભાવે હાલ એક પણ નથી. સોમજી શાહે કરાવેલ સ્તૂપ પણ નથી. પરંતુ ખંભાતના ભોંયરાપાડાના શાંતિનાથનું મંદિર છે. તેના મૂળ ગભારામાં ડાબા હાથ તરફ પાદુકાવાળો એક પથ્થર છે. તેના ઉપરના લેખ ઉપરથી માલૂમ પડે છે કે આ પાદુકા તે જ છે કે જે સોમજી શાહે વિજયસેનસૂરિના સ્તૂપ ઉપર સ્થાપના કરી હતી. કાળના પ્રભાવે અકબરપુરની સ્થિતિ પડી ભાંગવાથી આ પાદુકાવાળો પથ્થર અહીં લાવવામાં આવ્યો હશે. આ લેખ ઉપરથી નીચેની હકીકત મળે છે. 'વિ૰ સં૰ ૧૬૭૨ના માહ સુદી ૧૩ને રવિવારના દિવસે સોમજીએ પોતાની બેન ધર્માઈ, સ્ત્રીઓ સહજલદે અને વયજલદે તથા પુત્રો સૂરજી અને રામજી વગેરે કુટુંબની સાથે પોતાના કલ્યાણને માટે વિજયસેનસૂરિના શિષ્ય વિજયદેવસૂરિ પાસે વિજયસેનસૂરિની આ પાદુકાની સ્થાપના કરાવી હતી."

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં ભોંયરાપાડામાં આવેલા આ શાંતિનાથજીના જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે દર્શાવવામાં આવ્યો છે. તે સમયે પાષાણની આઠ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી. જિનાલયનો વહીવટ પોપટલાલ નગીનદાસ હસ્તક હતો. તે સમયે મૂળનાયક પરના લેખની સં૰ ૧૬૭૧ની નોંધ કરવામાં આવી હતી. આજે આ જિનાલયનો વહીવટ શ્રી શાંતિલાલ મોતીલાલ શાહ હસ્તક છે જેઓ ભોંયરાપાડામાં જ રહે છે.

શાંતિનાથજીનું જિનાલય અને ભોંયરાપાડામાં જ આવેલું મલ્લિનાથનું જિનાલય એકબીજાની અડોઅડ છે અને એક જિનાલયમાંથી બીજા જિનાલયમાં પ્રવેશ થઈ શકે છે. ભોંયરાપાડામાં આજે વિદ્યમાન શ્રી શાંતિનાથજી જૈન જ્ઞાનભંડારની પાછળના ભાગમાં આ જિનાલયનો મુખ્ય દરવાજો આવે છે. એ મુખ્ય દરવાજામાં પ્રવેશ કર્યા પછી નાનો-ખુલ્લો ચોક આવે છે અને ત્યારબાદ જિનાલયના રંગમંડપમાં પ્રવેશવાનો મુખ્ય દ્વાર આવે છે.

રંગમંડપના થાંભલાઓ પર રંગકામયુક્ત આરસનાં શિલ્પો સુંદર છે. રંગમંડપમાં સામ-સામેની બાજુ બે ગોખ છે જેમાં એક ગોખમાં ગરુડ યક્ષ તેની સામેના ગોખમાં નિર્વાણદેવીની મૂર્તિઓ છે.

ગભારામાં પાષાણની દસ પ્રતિમાજીઓ છે તથા આરસનાં પગલાંની એક જોડ છે.

સં૰ ૨૦૨૨માં તા. ૧૧-૫-૬૬ના વૈશાખ વદ સાતમને બુધવારના રોજ આ જિનાલયનો જીર્ણોદ્ધાર થયો છે. જિનાલયમાં ભોંયરું છે પણ તે બંધ છે. એટલે કે ભોંયરામાં પ્રતિમાજીઓ નથી.

આ જિનાલય **સં૰ ૧૭૦૧ પહેલાના સમયનું** છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભોંયરાપાડો

શાંતિનાથ-નેમિનાથ (સં. ૧૬૭૩ પહેલાં)

ભોંયરાપાડામાં શાંતિનાથજીના જિનાલયની બાજુમાં શ્રી શાંતિનાથ-શ્રી નેમિનાથનું આરસનું ઘુમ્મટબંધી સંયુક્ત જિનાલય આવેલું છે.

સં. ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં ભોંયરાપાડામાં શાંતિનાથજીનું એક જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે. જ્યારે આજે (સં. ૨૦૫૫)માં ભોંયરાપાડામાં શાંતિનાથજીનાં બે જિનાલયો વિદ્યમાન છે. ૧. શાંતિનાથ ૨. શાંતિનાથ-નેમિનાથ સંયુક્ત જિનાલય.

શાંતિનાથ-નેમિનાથ બંને મૂળનાયક પ્રતિમાજીઓ પર કોઈ લેખ નથી.

સં. ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં આ જિનાલય વિશે નીચે મુજબની પંક્તિઓમાં ઉલ્લેખ થયેલો છે :

ભુંઈરા કેરી પોલિ ભલેરી, ત્રણ્યે પ્રાસાદઈ ભુંગલ ભેરી,
શ્રી ચંદ્રપ્રભનઈ દેહરઈ હીંસઈ, અઢાર બ્યંબ દેખી મન દીસઈ,
શાંતિનાથ જન વીસઈ, હો ॥ ૮

સં. ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં ભોંયરાપાડામાં શાંતિનાથજીના બે જિનાલયો વિદ્યમાન હતા જેનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

.....
ભુઅરઈ પાડઈ શાંતિ મૂરતિ બાવન જિન શું ગાજએ
છસઈ બત્રીસ **શાંતિનાથિ** સાતસઈ એકવીસ **સાંમલઉ**
.....૧૬

સં. ૧૯૦૦માં ભોંયરાપાડા મધ્યે આવેલાં ૬ જિનાલયો પૈકી શાંતિનાથ-નેમિનાથના જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૭૦ તથા ક્રમાંક ૭૧માં કરવામાં આવ્યો છે, જે નીચે મુજબ છે :

અથ **ભુંયરાપાડામાં** દેહરાં ૬

૬૬. શ્રી શાંતિનાથનું દેહરું.

.....

૭૦. **શ્રી શાંતિનાથ.**

૭૧. **શ્રી નેમનાથ.**

સં. ૧૯૪૭માં **જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથ**ની પ્રસ્તાવનામાં આ બંને જિનાલયોનો ઉલ્લેખ ક્રમાંક ૬૮-૬૯માં નીચે મુજબ થયેલો છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભોંયરાપાડો

૬૪. નવખંડા પારસનાથ અથવા ભુવન પારસનાથ.

.....

૬૮. **નેમનાથજીનું.**

૬૯. **શાંતિનાથજીનું.** (આ નંબર ૬૮-૬૯ વાળા દેહેરાં ભેગા છે.)

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ભોંયરાપાડામાં આવેલા શાંતિનાથ-નેમિનાથના સંયુક્ત જિનાલયનો ઉલ્લેખ અલગ અલગ કરવામાં આવ્યો છે. તે સમયે શાંતિનાથનાં બે જિનાલયોના ઉલ્લેખ કરવામાં આવ્યા છે. જે પૈકી એક જિનાલયમાં પાષાણની નવ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી તથા તે જિનાલયના મકાનની સ્થિતિ સારી હતી. ઉપરાંત પગલાંની એક જોડનો પણ ઉલ્લેખ થયેલો હતો. જ્યારે બીજા જિનાલયમાં પાષાણની આઠ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી અને જિનાલયના મકાનની સ્થિતિ સાધારણ દર્શાવવામાં આવી હતી. નેમિનાથજીના જિનાલયને તે સમયે શિખર વિનાનું દર્શાવવામાં આવ્યું હતું અને તે સમયે નેમિનાથજીના જિનાલયમાં પાષાણની આઠ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી. ઉપરાંત સ્ફટિકની એક પ્રતિમા હોવાનો ઉલ્લેખ હતો. જિનાલયના મકાનની સ્થિતિ સાધારણ હતી.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં શાંતિનાથ-નેમિનાથનું સંયુક્ત જિનાલય ભોંયરાપાડા વિસ્તારમાં દર્શાવવામાં આવ્યું હતું. તે સમયે શાંતિનાથના જિનાલયમાં પાષાણની પાંચ પ્રતિમાજીઓ અને નેમિનાથજીના જિનાલયમાં પાષાણની છ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી. તે સમયે આ જિનાલયનો વહીવટ શકરાભાઈ હકમચંદ હસ્તક હતો. તેઓ તે સમયે જિનાલયની સામેની દાદાસાહેબની પોળમાં રહેતા હતા. તે પૂર્વે (એટલે કે સં૰ ૧૯૮૪ પૂર્વે) આ જિનાલયનો વહીવટ વોરા કુટુંબ હસ્તક હતો.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં ભોંયરાપાડા વિસ્તારમાં આવેલા આ જિનાલયનો ઉલ્લેખ માત્ર શાંતિનાથજીના જિનાલય તરીકે જ થયો છે. તેમાં નેમિનાથજીનો ઉલ્લેખ થયો નથી. તે સમયે જિનાલયની બાંધણી ધાબાબંધી દર્શાવવામાં આવી હતી અને તેમાં પાષાણની નવ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી. તેનો વહીવટ શેઠ રમણલાલ દલસુખભાઈ હસ્તક હતો અને તેના મકાનની સ્થિતિ સારી હતી. વળી તે સમયે અહીં એક સ્ફટિકના પ્રતિમાજી છે તેવી વિશેષ નોંધ પણ કરવામાં આવી હતી. આજે આ જિનાલયનો વહીવટ શ્રી તપગચ્છ અમર જૈન શાળા સંઘ હસ્તક છે.

લગભગ આઠ વર્ષ પહેલાં આ જિનાલયનો જીર્ણોદ્ધાર થયેલો છે. જિનાલય ઊંચા ઓટલાવાળું છે. રંગમંડપમાં પ્રવેશવા માટેના બે પ્રવેશદ્વાર છે. ડાબી બાજુનું પ્રવેશદ્વાર ડાબી બાજુના ગભારામાં બિરાજમાન નેમિનાથજીની સન્મુખ પડે છે અને જમણી બાજુનું પ્રવેશદ્વાર જમણી બાજુના ગભારામાં બિરાજમાન શાંતિનાથના ગભારા સામે પડે છે.

આ જિનાલયમાં બંને ગભારા કે રંગમંડપને જુદી પાડતી કોઈ દીવાલ નથી. રંગમંડપના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રવેશદ્વારની બારસાખ પર તથા ગર્ભદ્વારની બારસાખ પર કાષ્ઠની કોતરણી છે. રંગમંડપ મધ્યમ કદનો, સાદો અને સ્વચ્છ છે.

ગભારામાં પાષાણની કુલ સત્તાવીસ પ્રતિમાજીઓ ઉપરાંત સ્ફટિકની એક પ્રતિમા છે. ગભારામાં પાષાણની બે દેવીની મૂર્તિઓ છે.જિનાલયમાં કાઉસ્સગ્ગ મુદ્રાની પ્રતિમા વિશેષ પ્રમાણમાં છે. નેમિનાથની પ્રતિમા શ્યામરંગની અષ્ટપ્રાતિહાર્ય પરિકરયુક્ત છે. શાંતિનાથજીની પ્રતિમાજી સફેદ આરસની છે. બંને પ્રતિમાની ઊંચાઈ સરખી છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૬૭૩ પહેલાના** સમયનું છે.

• • •

ભોંયરાપાડો

મલ્લિનાથ (સં૰ ૧૯૦૦ પહેલાં)

ભોંયરાપાડામાં શ્રી ચંદ્રપ્રભુસ્વામીના જિનાલયની લગોલગ શ્રી મલ્લિનાથજીનું આરસનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે.

સં૰ ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં કે **સં૰ ૧૭૦૧**માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં ભોંયરાપાડા વિસ્તારમાં મલ્લિનાથના આ જિનાલયનો ઉલ્લેખ આવતો નથી.

સં૰ ૧૯૦૦માં ખંભાતનાં જિનાલયની સૂચિમાં ભોંયરાપાડામાં આ જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૬૭માં નીચે મુજબ આવે છે :

અથ **ભુંયરાપાડામાં દેહરાં** - ૬

૬૬. શ્રી શાંતિનાથનું દેહરું.

૬૭. **શ્રી મલ્લીનાથ.**

.....

સં૰ ૧૯૪૭માં **જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથ**ની પ્રસ્તાવનામાં ભોંયરાપાડામાં આવેલાં છ જિનાલયો પૈકી મલ્લિનાથજીના જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૬૬માં નીચે મુજબ થયેલો છે :

ભોંયરાપાડો

૬૪. નવખંડા પારસનાથ અથવા ભુવન પારસનાથ.

.....

૬૬. **મલ્લીનાથજીનું.**

મૂળનાયક શ્રી મલ્લિનાથની પ્રતિમા ઉપર સં૰ ૧૬૩૭નો લેખ છે. મૂળનાયકના પરિકરના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સિંહાસનના ભાગમાં સં૰ ૧૩૫૦..સા દેવ ભાર્યા...જેટલું લખાણ વાંચી શકાય છે. બાકીના અક્ષરો ઘસાઈ ગયા છે. તેથી વાંચી શકાતા નથી. ગભારામાં મૂળનાયકની જમણી બાજુ ખૂણામાં આવેલા આરસના પગલાં પર સં૰ ૧૮૩૫નો ઉલ્લેખ છે. જ્યારે ડાબી બાજુ ખૂણામાં એક નાના પગલાંની જોડ છે. જેના પર 'સુમતિ વિજય..... સં૰ ૧૯૨૨'ના લખાણવાળો લેખ છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ભોંયરાપાડામાં આવેલા મલ્લિનાથજીના ધાબાબંધી જિનાલય બંધાયાની સાલ સં૰ ૧૯૪૯ની દર્શાવવામાં આવી છે. પરંતુ ઉપરોક્ત સંદર્ભ જોતાં આ સાલ સંદર્ભે હકીકતદોષ રહેલો માલૂમ પડે છે. કારણ કે સં૰ ૧૯૦૦માં તથા સં૰ ૧૯૪૭માં ભોંયરાપાડાના આ જિનાલયનો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે. સં૰ ૧૯૬૩માં આ જિનાલયમાં પાષાણની પાંચ પ્રતિમાજીઓ અને ધાતુની બાર પ્રતિમાજીઓ વિદ્યમાન હતી તેમજ પગલાંની એક જોડનો ઉલ્લેખ છે. તે સમયે જિનાલયના મકાનની સ્થિતિ સારી દર્શાવવામાં આવી હતી.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઇતિહાસ અને ચૈત્યપરિપાટીમાં ભોંયરાપાડામાં આવેલા મલ્લિનાથજીના જિનાલયમાં પાષાણની પાંચ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી. તે સમયે આ જિનાલયમાં એક દક્ષિણાવર્ત શંખનો ઉલ્લેખ છે. જિનાલયનો વહીવટ મૂળચંદ હીરાચંદ હસ્તક હતો. તેઓ ધોબી ચકલે રહેતા હતા.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં ભોંયરાપાડામાં આવેલા મલ્લિનાથજીના જિનાલયને ધાબાબંધ તરીકે દર્શાવેલું છે. તે સમયે જિનાલયમાં પાષાણની આઠ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી અને જિનાલયના મકાનની સ્થિતિ સારી હતી. વળી તે સમયે પણ વહીવટ શેઠ મૂળચંદ હીરાચંદ હસ્તક હતો. આજે એનો વહીવટ નટવરભાઈ વાડીલાલ ચોકસી, જમ્બુભાઈ વાડીલાલ ચોકસી તથા અશોકભાઈ નટવરલાલ ચોકસી હસ્તક છે જેઓ સૌ ધોબીચકલામાં જ રહે છે.

જિનાલયના રંગમંડપમાં ઘુમ્મટ નથી પણ ધાબાની જાળીઓ છે. રંગમંડપની દીવાલો સુંદર ચિત્રકામયુક્ત પટ, પ્રસંગોથી ખચિત છે. અહીં દીવાલ પર ચંપાપુરીજી, સમેતશિખર, શત્રુંજય, અષ્ટાપદજી, આબુજી, રાજગૃહી, ગીરનારજી, પાવાપુરી તથા મહાવીર સ્વામીના જીવનના કેટલાક ઉપસર્ગો ઉપરાંત ચંદનબાળા દ્વારા કરાવેલાં પારણાંનો પ્રસંગ વગેરેનું ચિત્રાંકન સુંદર છે.

ગભારામાં મૂળનાયક શ્રી મલ્લિનાથજીની પ્રતિમા ચાંદીની છત્રીમાં બિરાજેલ છે. મૂળનાયક શ્રી મલ્લિનાથને બે સિંહાસન છે. બંને સિંહાસન પર જુદી-જુદી સંવતનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. પરિકરના સિંહાસનની ઉપર સં૰ ૧૬૩૭નો ઉલ્લેખ છે તથા પરિકરના સિંહાસનની નીચેના બીજા સિંહાસન પર સં૰ ૧૩૫૦નો ઉલ્લેખ છે. અહીં પાષાણની કુલ પાંચ પ્રતિમાજીઓ તથા ધાતુની બાર પ્રતિમાજીઓ બિરાજમાન છે. એક ગર્ભદ્વાર છે અને આજુબાજુ બારી છે. મૂળનાયકની ડાબી બાજુ બારી સન્મુખ સંભવનાથની પ્રતિમા અને જમણી બાજુ બારી સન્મુખ ધર્મનાથની પ્રતિમા બિરાજમાન છે.

સં૰ ૧૯૬૩માં આ જિનાલયમાં પાષાણની પાંચ અને ધાતુની બાર પ્રતિમાજીઓ વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે. ત્યારપછી સં૰ ૧૯૮૪, સં૰ ૨૦૧૦, સં૰ ૨૦૫૫ એટલે કે આજે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પણ આ જિનાલયમાં સાતત્યપૂર્ણ રીતે પાષાણની પાંચ અને ધાતુની બાર પ્રતિમાજીઓ વિદ્યમાન છે, જે ધ્યાન ખેંચે તેવી નોંધપાત્ર વાત છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૯૦૦ પહેલાં** બંધાયું હોવાનું માની શકાય.

• • •

ભોંયરાપાડો

ચંદ્રપ્રભ સ્વામી (સં૰ ૧૬૭૩ પહેલાં)

ભોંયરાપાડો વિસ્તારમાં મલ્લિનાથજીના જિનાલયની બાજુમાં ચંદ્રપ્રભુસ્વામીનું જિનાલય આવેલું છે. જિનાલય ઘુમ્મટબંધી અને આરસનું બનેલું છે. મૂળનાયક શ્રી ચંદ્રપ્રભસ્વામીની પ્રતિમા સ્ફટિકની છે. જિનાલયમાં ગભારાની બહાર એક લેખ છે, જેમાં સંવત ૧૪૯૬માં તપાગચ્છના શ્રી સોમસુંદર સૂરિએ પ્રતિષ્ઠા કર્યાનો ઉલ્લેખ છે.

સં૰ ૧૬૭૩માં કવિ શ્રીઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં ભોંયરાપાડા વિસ્તારને **ભુંઈરા પોલ** તરીકે દર્શાવવામાં આવ્યો છે. આ વિસ્તારમાં કુલ ત્રણ જિનાલયો વિદ્યમાન હતાં, જે પૈકી ચંદ્રપ્રભુસ્વામીના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે :

ભુંઈરા કેરી પોલિ ભલેરી, **ત્રણ્ય પ્રાસાદઈ** ભુંગલ ભેરી,
કીરતિન કરું યન કેરી, હો ॥ ૭

શ્રી ચંદ્રપ્રભનઈ દેહરઈ દીસઈ, અઢાર બ્યંબ દેખી મન હીંસઈ,
શાંતિનાથ જયન વીસઈ, હો ॥ ૮

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં ભોંયરાપાડા વિસ્તારમાં ચંદ્રપ્રભુસ્વામીના જિનાલયનો ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી. સરતચૂકથી અથવા અન્ય કોઈ વિસ્તારમાં એ જિનાલયની નોંધ રજૂ થઈ હોય તેવો સંભવ છે. સં૰ ૧૭૦૧માં માણેકચોક વિસ્તારની પાસે આવેલા શ્રીમલ્લછરના પાડામાં ચંદ્રપ્રભુસ્વામીના જિનાલયનો ઉલ્લેખ મળે છે.

સં૰ ૧૯૦૦માં ખંભાતનાં જિનાલયોની સૂચિમાં ભુંયરાપાડામાં આવેલાં છ જિનાલયો પૈકી આ જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૬૮માં નીચે મુજબ પ્રાપ્ત થાય છે :

અથ **ભુંયરાપાડામાં** દેહરાં- ૬

૬૬. શ્રી શાંતિનાથ.

.....

૬૮. **શ્રી ચંદ્રપ્રભુ** નામ ૨ છે.

સં૰ ૧૯૪૭માં **જયતિહુઅણ સ્તોત્ર** ગ્રંથની પ્રસ્તાવનામાં ભોંયરાપાડામાં આવેલા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચંદ્રપ્રભુસ્વામીના આ જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૬૫માં નીચે મુજબ થયેલો છે :

ભોંયરાપાડો

૬૪. નવખંડા પારસનાથ અથવા ભુવન પારસનાથ.

૬૫. **ચંદ્રપ્રભુજીનું.**

.....

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ભોંયરાપાડાના આ જિનાલયને ધાબાબંધી તરીકે દર્શાવવામાં આવ્યું હતું. તે સમયે પાષાણની પંદર પ્રતિમાજીઓ વિદ્યમાન હતી અને જિનાલયના મકાનની સ્થિતિ સાધારણ દર્શાવવામાં આવી હતી.

સં. ૧૯૮૪માં ખંભાતનો ઇતિહાસ અને ચૈત્યપરિપાટીમાં ભોંયરાપાડામાં આવેલા ચંદ્રપ્રભુના જિનાલયમાં પાષાણની દસ પ્રતિમાજીઓ તથા સ્ફટિકની એક પ્રતિમાનો ઉલ્લેખ છે. તે સમયે જિનાલયનો વહીવટ પાનાચંદ નગીનદાસ હસ્તક હતો. તેઓ ત્યાં જ રહેતા હતા.

સં. ૧૯૯૫ના માગશર સુદ દશમને શનિવાર તા. ૨-૧૨-૧૯૩૮ના દિવસે પ્રાતઃકાળમાં ૧૦ને ૧૭ મિનિટે આ જિનાલયની પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. તે અંગેની એક સવિસ્તર નોંધવાળો લેખ સં. ૧૯૯૫માં **ખંભાતમાં ભોંયરાપાડામાં પ્રતિષ્ઠા** નામે **જૈન સત્ય પ્રકાશના** વર્ષ ૪ અંક-૫ પૃ. ૩૩૪ થી પૃ. ૩૩૬ પર પ્રસિદ્ધ થયો હતો. આ લેખ પ્રતિષ્ઠા થયા પછીના દસ દિવસમાં જ એટલે કે તા. ૧૨-૧૨-૧૯૩૮ના રોજ લખાયો હતો. તે અતિ વિગતપૂર્ણ અને અતિ લંબાણયુક્ત લેખનો મહત્ત્વનો ભાગ નીચે મુજબ છે :

"થોડા દિવસ પહેલાં ખંભાતના ભોંયરાપાડા નામના એક વિભાગમાં એક જીર્ણોદ્ધાર કરાયેલ જિનમંદિરની પ્રતિષ્ઠા કરવામાં આવી. આ જિનમંદિર શ્રી ચંદ્રપ્રભુ ભગવાનના મંદિર તરીકે ઓળખાય છે. આ પ્રતિષ્ઠા ઉત્સવ ત્યાંના ઓસવાળ શ્રી સંઘ તરફથી ઊજવવામાં આવ્યો હતો, અને શેઠશ્રી ભોગીલાલ મગનલાલે રૂા. ૧૦૦૧ બોલી મૂળનાયક ભગવાન શ્રી ચંદ્રપ્રભુની સ્ફટિકની મૂર્તિની પ્રતિષ્ઠાનો લાભ લીધો હતો. આ પ્રસંગે પૂ. આચાર્યશ્રી વિજયઅમૃતસૂરિજી મહારાજ આદિ ખંભાતમાં વિદ્યમાન હોવાથી તેમનાં પ્રેરણા અને સદુપદેશે લોકોને ખૂબ ઉત્સાહિત કર્યા હતા.

આ પ્રતિષ્ઠામાં શ્રી ચંદ્રપ્રભુસ્વામીનું જે બિંબ મૂલનાયક તરીકે પ્રતિષ્ઠિત કરવામાં આવ્યું હતું તેમાં અનેક પ્રકારની વિશેષતાઓ હોવાના કારણે અહીં એનો ઉલ્લેખ કર્યો છે. એ વિશેષતાઓ આ છે :

૧. આ મૂર્તિ સ્વચ્છ સ્ફટિક રત્નની હોવા સાથે લગભગ સાડા છ ઇંચ ઊંચી તેમજ પ્રમાણસર છે.

૨. આ મૂર્તિ લગભગ પાંસચો વર્ષની જૂની છે.

૩. આની પ્રથમ પ્રતિષ્ઠા આચાર્ય શ્રી સોમસુંદરસૂરિજીના હાથે થઈ હતી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૪. આ ફરી પ્રતિષ્ઠા થઈ તે પહેલાં આ મૂર્તિ લગભગ ૧૮ ઇંચ ઊંચા પિત્તલમય પરિકરમાં બિરાજમાન કરવામાં આવતી હતી અને તે ચલ પ્રતિમા તરીકે પૂજાતી હતી.

૫. સ્ફટિકમય મૂર્તિ ઉપર શિલાલેખ કોતરવો અશક્ય હોવાથી તેનો બધો ઇતિહાસ ભવિષ્યની પ્રજા માટે જળવાઈ રહે તે શુભ આશયથી એ મૂર્તિને લગતી બધી વિગત એ પિત્તલમય પરિકરની પાછળ લેખ રૂપે લખવામાં આવેલ છે. (આ વિશેષતા ખરેખર અદ્વિતીય છે.) આ સ્ફટિકમય મૂર્તિને લગતો લેખ પિત્તલમય પરિકર ઉપર અક્ષરશઃ આ પ્રમાણે છે :

સંવત્ ૧૪૯૬ વર્ષે જ્યેષ્ઠ શુદિ ૧૦ બુધે શ્રી પત્તનનગરવાસ્તવ્ય શ્રી શ્રીમાલજ્ઞાતીય વ્ય૰ કર્મસિંહ ભાર્યા ગોઈ સુત વ્ય૰ માલદે ભાર્યા કામલદે સુત વ્ય૰ **ગોવિન્દેન** ભાર્યા ગંગાદે સુત હરિચન્દ દેવચન્દ ભ્રાતૃજ ઉદયરાજ ભ્રાતૃ૰ વ્ય૰ કેરુદા હીરા વીરા પાતા ભ્રાતૃજ ભોલા દત્તા માંડણ માણિક વિજા ગજાદિ સુકુટુમ્બયુતેન સ્વશ્રેયસે **શ્રીચન્દ્રપ્રભસ્વામિસ્ફટિકરત્ન બિમ્બ પિત્તલાપરિકરવિરાજિતં કારિતં । પ્રતિષ્ઠિતં** ચ શ્રી તપાગચ્છનાયક શ્રી દેવસુન્દરસૂરિપટ્ટેશ યુગપ્રવર શ્રી **સોમસુન્દરસૂરિભિઃ** । શ્રીઃ ।

આ આખો લેખ પડિમાત્રામાં લખાયેલ છે અને પાંચસો વર્ષનો ગાળો વીત્યા છતાં તેનો એક પણ અક્ષર ખંડિત થયો નથી.

આ લેખનો સાર એ છે કે પાટણના રહેવાસી અને શ્રીમાલ જાતિના શેઠ કર્મસિંહના પુત્ર શેઠ માલદેના પુત્ર **શેઠ ગોવિંદે** પોતાના કુટુંબ પરિવાર સાથે સંવત ૧૪૯૬ના જેઠ સુદિ ૧૦ને બુધવારે શ્રી ચંદ્રપ્રભસ્વામીનું સ્ફટિકરત્નનું બિંબ પિત્તલમય પરિકરમાં બિરાજમાન કર્યું, અને તેની પ્રતિષ્ઠા શ્રીદેવસુંદરસૂરિજીના પટ્ટધર **શ્રી સોમસુંદરસૂરિજી**એ કરી.

જિનબિંબ સ્ફટિકનું હોય અને તેને ધાતુમય પરિકરમાં બિરાજમાન કરીને તેનો સંપૂર્ણ ઇતિહાસ એ પરિકરમાં સુરક્ષિત કર્યો હોય એવો કદાચ આ પહેલો જ દાખલો હશે.

આ લેખમાંના પિતલાપરિકરવિરાજિતં કારિતં શબ્દો ઉપરથી એવું પણ અનુમાન કાઢી શકાય કે એ સ્ફટિકમય શ્રી ચંદ્રપ્રભસ્વામીનું બિંબ ૧૪૯૬ની સાલથી પણ પુરાતન હોય અને કોઈ પણ જાતના પરિકર વગરનું હોય, અને તે સુરક્ષિત રહે એ આશયથી તેને એ પિત્તલમય પરિકરમાં પધરાવવામાં આવ્યું હોય.

આ મૂર્તિ અંગેની આ વિશેષતા જેવી જ બીજી પણ એક વિશેષતા મળી આવી છે, જે અહીં નોંધવી જરૂરી છે.

પિત્તલમય પરિકરમાં બિરાજમાન કરેલી આ પ્રતિમા, જિનાલયનો જીર્ણોદ્ધાર કર્યા પહેલાં, જે ગાદી ઉપર બિરાજમાન હતી તે ગાદી જ્યારે જીર્ણોદ્ધારના કામ અંગે ઉખાડવામાં આવી હતી ત્યારે તેની નીચેથી એક તાંબાનું લગભગ છ-સાત ચોરસ ઇંચનું પતરું નીકળ્યું હતું. આ પતરા ઉપર કેટલાક મંત્રાક્ષરો તેમજ ઘંટાકર્ણ મંત્ર વગેરે લખેલ હતું.

શ્રી સોમસુંદરસૂરિજી મહારાજનો સમય તેમજ તેની આસપાસનો ચૌદમી પંદરમી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શતાબ્દીનો સમય મંત્રવિદ્યાના મધ્યાહ્ન સમય જેવો હતો. એટલે સંભવ છે કે શ્રીસંઘના કલ્યાણ વગેરેના નિમિત્તે મંત્રાક્ષરોથી ભરેલું આ યંત્ર ચંદ્રપ્રભસ્વામીના બિંબની ગાદી નીચે મૂકવામાં આવ્યું હોય.

આ નવી પ્રતિષ્ઠા વખતે એ યંત્ર પાછું પ્રભુજીની ગાદીની નીચે મૂકવામાં આવ્યું છે. આ પ્રમાણે એ યંત્ર ગાદીની નીચે મૂકવા પહેલાં તેની છબી લઈ લેવામાં આવી છે તે સારું થયું છે. આની છબીની એક નકલ પૂ. આચાર્યશ્રી વિજયઅમૃતસૂરિજી મહારાજ પાસે મેં જોઈ હતી.

એક સ્ફટિકમય જિનબિંબનો ઇતિહાસ પિત્તલમય પરિકરમાં સચવાયાની બીના જેમ નવી છે તેમ ગાદી નીચેથી યંત્ર નીકળ્યાની બીના પણ નવી જણાય છે. આ રીતે આ જિનબિંબમાં અનેક વિશેષતાઓ રહેલી છે.

આ નવી પ્રતિષ્ઠા સંવત ૧૯૯૫ના માગસર સુદી દશમ ને શનિવાર તારીખ ૨-૧૨-૧૯૩૮ના દિવસે પ્રાતઃકાળ દસ ને સત્તર મિનિટે કરવામાં આવી હતી. આ નવી પ્રતિષ્ઠાને લગતો શિલાલેખ જ્યારે આ જિનાલયમાં લગાડવામાં આવે ત્યારે તે જ શિલાલેખમાં યોગ્ય સ્થળે, મૂળનાયક શ્રી ચંદ્રપ્રભ સ્વામીના સ્ફટિકમય બિંબ અંગેની જે કંઈ હકીકત પિત્તલમય પરિકર ઉપર લખવામાં આવી હતી તે અક્ષરશઃ મૂકવામાં આવે એવી મેં પૂ. આચાર્ય શ્રી વિજયઅમૃતસૂરિજીને વિનંતી કરી હતી, જે તેમને પસંદ પડી હતી. તેમજ ત્યાંના જૈનભાઈઓને પણ આ માટે ભારપૂર્વક કહ્યું હતું. કારણ કે હવે એ પિત્તલમય પરિકર એ સ્ફટિકમય બિંબથી છૂટું પડી ગયું છે એટલે કાળાંતરે એ ક્યાં જાય એ કોણ કહી શકે ? અને કેવળ આપણી બેકાળજીના પરિણામે આ પ્રતિમાનો આવો સુંદર ઇતિહાસ અંધારામાં ધકેલાઈ જાય એ પણ કોઈ ઇચ્છે ?"

સં. ૨૦૧૦ માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં ભોંયરાપાડામાં આવેલા શ્રી ચંદ્રપ્રભુસ્વામીના જિનાલયને ધાબાબંધી તરીકે દર્શાવવામાં આવ્યું છે. તે સમયે પાષાણની દસ પ્રતિમાજીઓ વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે. જિનાલયમાં સં. ૧૪૯૬નો લેખ હોવાનો પણ ઉલ્લેખ છે. તે સમયે જિનાલયનો વહીવટ શેઠ ડાહ્યાભાઈ ગાંડાભાઈ હસ્તક હતો અને જિનાલયના મકાનની સ્થિતિ સારી હતી. આજે જિનાલયનો વહીવટ શ્રી કુસુમચંદ નટવરલાલ તથા શ્રી અશ્વિનકુમાર ચીમનલાલ હસ્તક છે. જેઓ ભોંયરાપાડામાં જ રહે છે.

જિનાલયનો મુખ્ય દરવાજો સુંદર કમાનવાળો છે. રંગમંડપમાં પ્રવેશવાના મુખ્ય દ્વારની બારશાખ પથ્થરની રંગીન કોતરણીવાળી છે. આરસની દીવાલોવાળા રંગમંડપમાં અન્ય કોઈ કલાત્મક કોતરણી જોવા મળતી નથી. મુખ્ય ગર્ભદ્વારની બારસાખ રંગીન કોતરણીવાળી છે. ગભારામાં મૂળનાયકશ્રી ચંદ્રપ્રભુસ્વામીની સ્ફટિકની પ્રતિમા આરસના પરિકરમાં બિરાજમાન છે. ગભારામાં પાષાણની કુલ દસ પ્રતિમાજીઓ વિદ્યમાન છે તથા એક જ પથ્થરમાં કોતરેલા આરસના પગલાંની ચાર જોડ છે.

સં. ૧૯૯૫ની પુનઃપ્રતિષ્ઠા વખતનો એક શિલાલેખ પણ છે.

જિનાલયમાં ડાબી બાજુના ગર્ભદ્વારની ઉપરની દીવાલે આ શિલાલેખ છે, જેમાં નીચે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુજબનું લખાણ છે :

જગત્રય પવિત્રાતિ પવિત્રેય ભાગ્યશાલિની
શ્રી સ્તંભતીર્થ રાજેઽસ્મી ૮ ભોંયરા પાટકેઽમલે ॥૧॥

પુરાતનેઽહેતામ્ ચૈત્યે જિર્ણોદ્ધાર કૃતેઽધુના
શ્રીમચંદ્રપ્રભજિન પ્રાસાદે વિશ્વ પાવને ॥૨॥

રસાક્ષ વેદ શિતાશું (૧૪૯૬) સમીત વૈક્રમાબ્ધે
તપોગચ્છામ્બરમણિ યુગપ્રવર સુરિભિઃ ॥૩॥

શ્રીસોમસુંદરાચાર્ય વર્યૈઃ પ્રાણ પ્રતિષ્ઠિતમ્
ચંદ્રપ્રભો બિમ્બ સ્ફટિકમ્ સ્ફારતેજસમ્ ॥૪॥

પૈતલે સમરિકરે ત્તત્કશબ્જ પ્રતિષ્ઠિતે (સમાતિત્) ચરિષ્ણુ
જિન બિમ્બમ્ તત્ પ્રતિષ્ઠા હે વિચાર્ય વૈ ॥ ૫ ॥

સરાક્ષ નંદ ચંદ્ર ઽબ્દે (૧૯૯૫) દધન્યા માર્ગશીર્ષ કે
શીત પક્ષે ભૃગો વારે મગનઃ શ્રેષ્ઠીઃ સુતઃ ॥૬॥

ભોગીલાલમિધઃ શ્રાદ્ધ ઓસવાલા વદ વતસક
સ્વ ભાતૃજ ભીખાભાઈ ચીમનલાલ સર્મપિત ॥૭॥

તપોગચ્છાબ્જ ભાનુ નામ સૂરિચક્રસ્વક્રિણાં
જિનેન્દ્રાત્મા પ્રસા તીર્થોદ્ધાર કૃતાત્મનામ ॥૮॥

શ્રી મન્નેમિસૂરીરાનાં પટ્ટામ્બુધિસુધાંસુભિઃ
આચાર્ય વિજયામૃત સૂરીશ્વરેઽમ્ ॥૯॥

પ્રતિષ્ઠિત પદ્ધિધાને શાસ્ત્રાનુંમાર્ગાનુંસારિણા પુરાતની
પ્રશસ્તિર્યા સચત્રૌ લિખ્યતે તથા ॥ ૧૦ ॥

ટૂંકમાં આ જિનાલય **સં. ૧૬૭૩ પહેલાના** સમયનું છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભોંયરાપાડો

નવખંડા પાર્શ્વનાથ (સં. ૧૬૭૩ પહેલાં)

ભોંયરાપાડામાં છેક છેવાડે નવખંડા પાર્શ્વનાથનું સુંદર શિખરબંધી જિનાલય આવેલું છે.

જયતિહુઅણ સ્તોત્રનામના ગ્રંથની (સં. ૧૯૪૭) પ્રસ્તાવનામાં શ્રીયુત ગિરધરલાલ હીરાભાઈએ ખંભાતનાં જિનાલયોની યાદી આપી છે. તેમાં તેમણે આ નવખંડા પાર્શ્વનાથને શ્રી **ભુવનપાર્શ્વનાથ** નામથી ઓળખાવ્યા છે.

સં. ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં ભોંયરાપાડાનો ઉલ્લેખ **ભુઈરા પોલિ** એ મુજબ થયો છે. તે સમયે આ વિસ્તારમાં કુલ ત્રણ જિનાલયો વિદ્યમાન હતાં. તે પૈકી સાંમલ પારસનાથના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે.

ભુઈરા કેરી પોલિ ભલેરી.....

.....

ખૂણઈ દેહરું જગવીખ્યાત, બઈઠાં **સાંમલ પારસનાથ.**

પંનર બ્યંબ તસ સાથિ, હો ॥ ૯

જિનાલયમાં ગભારાની બહાર રંગમંડપમાં ડાબી બાજુ એક લેખ આવેલો છે. તેમાં આ મંદિર અતિ પ્રાચીન અને લાકડાનું હોવાનો ઉલ્લેખ છે. આ લેખ નીચે પ્રમાણે છે :

'સં. ૧૬૩૭ વર્ષે માઘ વદી પાંચમી શનૌ સ્તંભતીર્થે શ્રી ભોંયરિંગપાડિ શ્રી પાર્શ્વનાથ મંદિરે શ્રી સંઘેન શ્રી અજિતનાથ બિંબ કારાપિતા બૃહદ્ તપાગચ્છે ભટ્ટારક શ્રી હિરવિજય સૂરિભિઃ પ્રતિષ્ઠિતમ્ ॥'

સં. ૧૬૩૭ દરમ્યાન શ્રી હીરવિજયસૂરિ ખંભાતમાં હતા. તે મુજબનો ઉલ્લેખ **સૂરીશ્વર અને સમ્રાટ** ગ્રંથમાં પૃ. ૨૮ ઉપર પ્રાપ્ત થાય છે.

'સં. ૧૬૩૭ની સાલમાં સૂરિજી બોરસદ પધાર્યા હતા. અહીં તેમના પધારવાથી ઘણા ઉત્સવ થયા હતા. આ સાલનું ચોમાસું તેમણે ખંભાતમાં કર્યું હતું. અહીંના સંઘવી ઉદયકરણે સં. ૧૬૩૮ના મહા શુદિ ૧૩ના દિવસે સૂરિજીના હાથે શ્રી ચંદ્રપ્રભુની પ્રતિષ્ઠા પણ કરાવી હતી'.

સં. ૧૬૩૭ના ઉપર મુજબના લેખમાં 'ભોયરિંગપાડિ શ્રી પાર્શ્વનાથ મંદિરે'- એ મુજબનો ઉલ્લેખ છે. જ્યારે સં. ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત ત્રંબાવતી તીર્થમાલામાં **ભુઈરા પોલિ** એ મુજબનો ઉલ્લેખ છે. ટૂંકમાં સં. ૧૬૩૭માં ભોંયરાપાડામાં શ્રી પાર્શ્વનાથનું મંદિર વિદ્યમાન હતું. આ જિનાલય સં. ૧૬૭૩માં સાંમલ પાર્શ્વનાથથી પ્રચલિત છે અને આજે એ જ જિનાલય નવખંડા પાર્શ્વનાથથી પ્રચલિત છે.

સં. ૧૭૦૧માં મતિસાગર કૃત **ખંભાઈતિ તીર્થમાલા**માં શામળા પાર્શ્વનાથના આ જિનાલયનો ઉલ્લેખ ભોંયરાપાડામાં થયેલો છે જે નીચે મુજબની પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

.....

ભુંઅરઈ પાડઈ શાંતિ મૂરતિ બાવન જિન શુ ગાજએ

છસઈ બત્રીસ **શાંતિનાથિ** સાતસઈ એકવીસ **સાંમલઉ**

.....

સં૰ ૧૯૦૦માં ભોંયરાપાડામાં દર્શાવેલાં છ જિનાલયો પૈકી આ જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૬૯માં **શ્રી સાંમલ પાર્શ્વનાથ અસલનામ ભાવડ પાર્શ્વનાથ છે.** એ મુજબ થયેલો છે.

સં૰ ૧૯૪૭માં જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથની પ્રસ્તાવનામાં ભોંયરાપાડામાં આવેલા આ જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૬૪માં નીચે મુજબ થયેલો છે :

ભોંયરાપાડો

૬૪. **નવખંડા પારસનાથ અથવા ભુવન પારસનાથજીનું.**

૬૫. ચંદ્રપ્રભુજીનું.

.....

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ભોંયરાપાડામાં આવેલા શામળા પાર્શ્વનાથજીના જિનાલયને ધાબાબંધી દર્શાવવામાં આવ્યું છે. તે સમયે પાષાણની અગિયાર પ્રતિમાજીઓ વિદ્યમાન હતી અને જિનાલયના મકાનની સ્થિતિ સારી હતી. વળી અહીં પગલાંની એક જોડનો ઉલ્લેખ થયેલો છે.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં ભોંયરાપાડામાં આવેલા આ જિનાલયનો ઉલ્લેખ **શ્રી નવખંડા પાર્શ્વનાથજી**ના નામથી થયેલો છે. સં૰ ૧૯૮૪માં આ જિનાલયમાં પાષાણની પ્રતિમા સંખ્યા અગિયાર હોવાનો ઉલ્લેખ હતો. પૃ૰ ૪૯ પર આ જિનાલય વિશે નીચે મુજબ નોંધ છે :

'.....આગળ જતાં ખૂણામાં નવખંડા પાર્શ્વનાથનું દેહરું આવે છે, સુઘડતા પ્રશંસનીય છે, બિંબ મનોહર છે. વ્યવસ્થા લાખાભાઈ અમીચંદ હસ્તક છે.'

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી જિનાલય તરીકે થયેલો છે. તે સમયે પાષાણની અગિયાર પ્રતિમાજીઓ વિદ્યમાન હતી અને જિનાલયના મકાનની સ્થિતિ સારી હતી. જિનાલયનો વહીવટ તે સમયે શેઠ ભાઈલાલ નેમચંદ હસ્તક હતો. આજે આ જિનાલયનો વહીવટ શ્રી ચંપકભાઈ ભાઈલાલ કાપડિયા (શાહ) હસ્તક છે. તેઓ ચોળાવાડામાં રહે છે.

અહીં મુખ્ય પ્રવેશદ્વારની અંદર ચોક છે. જિનાલયની પહોળાઈ કરતાં લંબાઈ ઘણી વધારે છે. જિનાલયની અંદર પ્રવેશતાં જ અષ્ટપ્રાતિહાર્ય પરિકરયુક્ત શ્યામલ રંગના શ્રી નવખંડા પાર્શ્વનાથની મનોહર મૂર્તિના દર્શન મનને ભરી દે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયમાં બે ગૂઢમંડપો છે. સં૰ ૨૦૨૭માં પુનઃ પ્રતિષ્ઠા થઈ તે સમયનો એક બીજો લેખ પણ મળી આવે છે. તેને આધારે માહિતી મળે છે કે અજિતનાથજી બોરપીપળા વિસ્તારમાંથી પ્રગટ થયેલા હતા અને મૂળનાયક સિવાયના અન્ય જિનબિંબો તથા અજિતનાથની પુનઃ પ્રતિષ્ઠા વિ૰ સં૰ ૨૦૨૭ના વૈશાખ સુદ ૧૧ના ગુરુવારના રોજ થઈ હતી.

ગભારાની બહાર, રંગમંડપમાં જમણી બાજુ ગોખમાં આચાર્ય શ્રી વિજ્ઞાનસૂરિ, શ્રી ગૌતમસ્વામી તથા આચાર્ય શ્રી નેમિસૂરિની પાષાણની મૂર્તિઓ છે. આ મૂર્તિઓની પ્રતિષ્ઠાઓ પણ સં૰ ૨૦૨૭માં જ કરવામાં આવી હતી. આ સમયનું મુહૂર્ત પૂજ્ય આ૰ મ૰ શ્રી વિજયનંદનસૂરીશ્વરજીએ કાઢ્યું હતું અને તેમની તથા આ૰ શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મ૰, શ્રી વિજય યશોભદ્રસૂરીજી મ૰ અને શ્રી દેવસૂરીશ્વરજી મ૰ વગેરે આચાર્ય ભગવંતોની નિશ્રામાં આ પ્રતિષ્ઠા થઈ હતી.

આરસના બનેલા આ જિનાલયના ગૂઢમંડપના દરેક થાંભલા પર અતિસુંદર શિલ્પાકૃતિઓ છે. તેને કાચના બોકસમાં ફીટ કરેલી છે. ગૂઢમંડપમાં ઘુમ્મટની નીચેના ભાગમાં તીર્થંકરોનાં કાષ્ઠનાં શિલ્પો છે. રંગમંડપમાં એક બાજુ સિદ્ધચક્ર મહાયંત્ર, શત્રુંજય તીર્થ અને બીજી બાજુ ગીરનારજી, અષ્ટાપદજી તીર્થના પટ છે. બે પટ પથ્થરથી ઉપસાવેલા છે અને બે પટ ભીંત પર ચિત્રિત કરેલ છે. જિનાલયમાં પટનું ચિત્રકામ હજુ ચાલુ હોય તેમ લાગે છે, કારણ કે લેખની નીચે સમેતશિખરના પટનો સ્કેચ તૈયાર છે. રંગ પુરાયેલા નથી.

ગભારામાં પાષાણની કુલ તેર પ્રતિમાજીઓ વિદ્યમાન છે.

જિનાલયના ટ્રસ્ટીના જણાવ્યા મુજબ શ્રી નવખંડા પાર્શ્વનાથની પ્રતિમા ઘણી પ્રાચીન છે. મૂળનાયકની બાજુમાં બિરાજમાન શ્રી અજિતનાથજી પર મૂર્તિલેખ હતો જે આજે નથી. પરંતુ પુનઃ પ્રતિષ્ઠા વખતે તે પ્રતિમાના ઉત્થાપન વખતે વાંચવામાં આવેલો હતો અને સં૰ ૧૩૦૦ની આસપાસની સાલનો હતો જો કે આ અંગે વધુ સંશોધન કરવાની જરૂર છે.

ઉપરાંત ટ્રસ્ટીના જણાવ્યા મુજબ મૂળનાયકજી નવખંડમાં ખંડિત થયેલ હતા. સ્વપ્ન આવ્યું કે કોઈ પુણ્યશાળી શ્રેષ્ઠીના હાથે પુનઃ પ્રતિષ્ઠા કરાવો અને તેમ નક્કી થયું ત્યારે નવખંડ સંધાઈ ગયા હતા. નવખંડ સાંધેલા દેખાય તેવો ફોટો આજે પણ ટ્રસ્ટીશ્રી પાસે ઉપલબ્ધ છે, જે બતાવવામાં પણ આવ્યો હતો. ત્યારબાદ સાંધેલી આ પ્રતિમા પર લેપ કરવામાં આવ્યો છે.

અગાઉ પૂજા કરતી વખતે પ્રતિમાજી હાલતા હતા, જે બરાબર ફીટ કરાવ્યા પછી હાલતા નથી. આ અંગે અમદાવાદના શ્રેષ્ઠીઓના માર્ગદર્શન હેઠળ કામ કરાવવામાં આવ્યું હતું. આજથી ૨૭ વર્ષ પહેલાં લેપ ફરી વાર કરાવ્યો. આજે આ શામળી પ્રતિમા લેપને કારણે નવખંડા સ્વરૂપે એટલે કે નવ ખંડોમાં સંધાયેલા દેખાતાં નથી.

સં૰ ૨૦૪૮ થી સં૰ ૨૦૫૧ દરમ્યાન ફરી એક વાર જીર્ણોદ્ધારનું કાર્ય થયું હતું.

ટૂંકમાં ભોંયરાપાડામાં આવેલું શ્રી નવખંડા પાર્શ્વનાથના નામે પ્રસિદ્ધ થયેલું આ જિનાલય **સં૰ ૧૬૩૭** આસપાસનાં સમયનું હોવાનો સંભવ છે. જો કે ભીંત પરના લેખને આધારે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૬૩૭ના સમયની ગણના કરી છે. પરંતુ તે માટે વધુ સંશોધન અને પુરાવાઓની જરૂર છે આમ છતાં. **સં૰ ૧૬૭૩ પહેલા**નો સમય નિશ્ચિતપણે નક્કી કરી શકાય તેમ છે.

• • •

ગીમટી

મહાવીર સ્વામી (સં૰ ૧૬૬૪)

ખંભાતમાં ગીમટી નામે પ્રસિદ્ધ વિસ્તારમાં શ્રી મહાવીર સ્વામીનું પ્રાચીન શિખરબંધી જિનાલય આવેલું છે. ગીમટી વિસ્તાર અગાઉ **ઘીવટી-ગિવટી- ગીપટી** નામથી ઓળખાતો હતો.

સં૰ ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં **ઘીવટી** વિસ્તારમાં બે જિનાલયનો ઉલ્લેખ થયેલો છે. મહાવીર સ્વામીનું જિનાલય તથા ચંદ્રપ્રભુનું જિનાલય— એમ બે જિનાલયોનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

આવ્યો **ઘીવટી** પોલિ મઝારિ, **વીર તણો** પ્રાસાદ જોહારિ,
સાત બ્યંબ ચિત્ત ધારિ હો ॥ ૧૦

શ્રી ચંદ્રપ્રભ યનનઈ જોહારું, પાંચ બ્યંબ મન માંહિ ધારુ,
પાતિગ આઠમું વારું હો ॥ ૧૧

સં૰ ૧૬૨૧માં સંવરી જીવરાજ શાહના ઉપદેશથી થાવર દોશીએ ખંભાતના ઘીવાડામાં જિનાલય બંધાવ્યું હતું તેવો ઉલ્લેખ જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ-૩ના પૃ૰ ૬૨૬ પર પ્રાપ્ત થાય છે.

મૂળનાયક મહાવીરસ્વામીની પ્રતિમા પર સં૰ ૧૬૬૪નો મૂર્તિલેખ છે, જે નીચે મુજબ છે :

"સં૰ ૧૬૬૪ વર્ષે માહા સુદિ ૧૦ શનૌ શ્રી સ્થંભતીર્થ વાસ્તવ્ય શ્રી મહાવીર બિંબં કારાપિતં ઘીવટી મધ્ય બાઈ નાકુ દેવગૃહેસ્થા શ્રી હીરવિજયસૂરિ પટ્ટાલંકાર શ્રી વિજયસેનસૂરિભિઃ ॥છા શુભં ભવતુ ॥"

સં૰ ૧૭૦૧માં મતિસાગર કૃત **ખંભાઈતિ તીર્થમાલા**માં **ઘીવટી** માં એક જિનાલય શ્રી મહાવીરસ્વામીના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

ધારાવાડઈ વિમલ ઓગણીસ એ
ઘીવટીઈ વીર બ્યાસી દીસ એ ૧૫

સં૰ ૧૯૦૦માં **ગીવટી**માં આવેલા મહાવીરસ્વામીના જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૬૫માં નીચે મુજબ થયેલો છે. તે સમયે પણ આ વિસ્તારમાં એક જ જિનાલયનો ઉલ્લેખ થયેલો છે.

અથ **ગિવટી**માં દેહરું ૧-

૬૫. શ્રી **મહાવીરસ્વામી**નું દેહરું - દક્ષિણ સન્મુખ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૯૪૭માં જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથની પ્રસ્તાવનામાં ગીમટી વિસ્તાર **ઊંડીપોળ અથવા ગીપટ્ટી** નામે ઓળખાતો હતો. તે સમયે મહાવીરસ્વામી તથા અજિતનાથના જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૨૦-૨૧માં આવે છે. સાથે નોંધ પણ કરવામાં આવી છે કે આ બે દહેરાં ભેગાં છે.

ઊંડી પોળ અથવા ગીપટ્ટીમાં

૨૦. **મહાવીર સ્વામીનું**

૨૧. **અજિતનાથજીનું**

(આ બે દહેરાં ભેગાં છે.)

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ગીપટીમાં મહાવીરસ્વામી તથા અજિતનાથનાં બે જિનાલયોનો ઉલ્લેખ આવે છે. તે સમયે બંને જિનાલયો ધાબાબંધી હોવાનો ઉલ્લેખ છે. અજિતનાથજીનું જિનાલય સં૰ ૧૯૧૬માં બંધાવ્યાનો ઉલ્લેખ છે. તે સમયે અજિતનાથજીના જિનાલયમાં પાષાણની ચાર અને મહાવીર સ્વામીના જિનાલયમાં પાષાણની આઠ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં ગીમટીમાં મહાવીર સ્વામી તથા અજિતનાથ-એમ બંનેનો સંયુક્ત જિનાલય તરીકે ઉલ્લેખ આવે છે. તે સમયે મહાવીર સ્વામીના ગભારામાં પાષાણની આઠ અને અજિતનાથના ગભારામાં પાષાણની પાંચ પ્રતિમાજીઓનો ઉલ્લેખ આવે છે. વળી આ જિનાલયનું વર્ણન (પૃ૰ ૫૦) નીચે મુજબ કરવામાં આવેલું છે :

".....ગીમટી નામક લત્તામાં ઠેઠ ખૂણામાં જતાં શ્રી મહાવીર સ્વામીનું દહેરું આવે છે. આ દહેરું કાચવાળું દહેરું કહેવાય છે, કેમકે સર્વત્ર કાચ જડી દીધેલા છે. આજુબાજુ છૂટ પણ સારી છે, બહાર કરતાં અંદરની શોભા વધી જાય છે." તે સમયે આ જિનાલયનો વહીવટ શેઠ શ્રી મોતીલાલ કશળચંદ હસ્તક હતો.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં ગીમટીમાં મહાવીરસ્વામીનું જિનાલય તથા અજિતનાથનું જિનાલય એમ અલગ અલગ બે જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે. મહાવીર સ્વામીના જિનાલયમાં પાષાણની પાંચ પ્રતિમાજીઓ અને અજિતનાથનાં જિનાલયમાં પાષાણની ચાર પ્રતિમાજીઓનો ઉલ્લેખ થયેલો છે. મહાવીર સ્વામીના જિનાલયમાં ધાતુની ગુરુમૂર્તિ અને અજિતનાથના જિનાલયમાં આરસની એક ગુરુમૂર્તિ હોવાનો ઉલ્લેખ છે. તે સમયે પણ વહીવટ મોતીલાલ કશળચંદ હસ્તક હતો. હાલ જિનાલયનો વહીવટ હેમેન્દ્રભાઈ રતીલાલ શાહ, સુરેન્દ્રભાઈ નટવરલાલ, અશોકભાઈ ઠાકોરલાલ શાહ તથા ચિરાગકુમાર જગદીશલાલ શાહ હસ્તક છે.

દૂરથી જ જિનાલયનો દેખાવ ભવ્ય લાગે છે. આજે ત્રણ શિખરો અને રંગમંડપમાં ઘુમ્મટ છે. સં૰ ૨૦૧૮માં આચાર્ય શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી તથા વિજય મનોહરસૂરિના હસ્તક જિનાલયની પુનઃપ્રતિષ્ઠા થઈ છે. સં૰ ૨૦૧૦માં અગાઉ જણાવ્યા મુજબ આ જિનાલયો મહાવીર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્વામી તથા અજિતનાથનાં જિનાલય તરીકે ઓળખાતાં હતાં. અગાઉ આ જિનાલયમાં મૂળનાયક ભગવાનની દૃષ્ટિ દક્ષિણાભિમુખ હતી. સં૰ ૧૯૦૦માં પણ 'દક્ષિણાભિમુખ' હોવાનો ઉલ્લેખ છે. જીર્ણોદ્ધાર થયા પછી હવે બંનેની એક જ દિશામાં દૃષ્ટિ પડે તેમ પૂર્વાભિમુખ કરાવેલા છે. ઉપરાંત હવે અજિતનાથ મૂળનાયક તરીકે નથી.

અસલમાં આ જિનાલય કાચનું જિનાલય હતું. એટલું જ નહીં પણ તે કાચ-કલાના ઉત્તમ નમૂનારૂપ હતું. કાષ્ઠનો ઉપયોગ જિનાલયમાં થયેલો હોવાથી ઊધઈ વગેરે કારણોથી જિનાલય જીર્ણ થઈ ગયું હતું. જીર્ણોદ્ધાર કરાવવાની આવશ્યકતા તાકીદની બની ગઈ હતી. આ જીર્ણોદ્ધાર વખતે જ મોટા ભાગનું કાચકામ નાબૂદ થયું. જૂનું જિનાલય કાચનું હતું. તેની યાદગીરી માટે રંગમંડપના ઘુમ્મટના ભાગમાં કાચનું કામ કરવામાં આવ્યું. ગૂઢમંડપની બહારના ભાગની ચોકીની ઉપર ભગવાનના પાંચ કલ્યાણકો કોતરેલાં છે. ધાબા ઉપર વચમાં ગૌતમસ્વામી અને આજુબાજુ બંને તરફ લક્ષ્મીદેવીની મૂર્તિઓનાં શિલ્પો છે. આ મૂર્તિઓનાં શિલ્પોને કાચની રચનામાં રાખી સુરક્ષિત બનાવવામાં આવ્યાં છે.

જિનાલય ઘણી વિશાળ જગ્યામાં આવેલું છે. જિનાલયનો કુલ વિસ્તાર લગભગ ૭૨૫ ચોરસ વાર (૬૫૦૦ ચોરસ ફૂટ) છે. જિનાલયની બાંધકામની જગ્યા ૮૪૧ ચોરસ ફૂટની છે. જિનાલયની જ આ જગ્યામાં આજે જૈન શાળા દ્વારા સાધર્મિક ભવન બંધાવાયું છે.

જિનાલયમાં પ્રવેશતાં રંગમંડપ મનને મોહી લે છે. રંગમંડપમાં કમાનો છે. કમાનો પર પૂતળીઓનાં શિલ્પો આગળથી અને પાછળથી જોતાં એકસરખા દેખાય તેવી વિશિષ્ટતાવાળા જણાય છે. (જુઓ ફોટોગ્રાફ નં૰ ૧૯) જિનાલયમાંનાં આકર્ષક ઝુમ્મરો અને હાંડીઓ શોભામાં અભિવૃદ્ધિ કરે છે. ચારે બાજુ દીવાલ પર અરીસા છે. ફાનસ મૂકવા માટેનું લાકડાનું એક ટેબલ જેની અંદર સર્પની આકૃતિ છે તે અનન્ય છે.

ગભારાની બહાર ધાતુના શિખરબંધી પરિકરયુક્ત ચૌમુખજી છે. ગભારાની બહારના ભાગમાં ડાબી બાજુ ગોખમાં સિદ્ધાયિકાદેવીની આરસની મૂર્તિ તથા જમણી બાજુ માતંગયક્ષની આરસની મૂર્તિ છે. વૈશાખ સુદ છઠના રોજ જિનાલયની વર્ષગાંઠ ત્રણેય સમયે (સવારે નવકારશી અને સવારે તથા સાંજે જમણ) ઊજવાય છે. અહીં છ ધજા ચડે છે. ત્રણ ગભારાની, બે દેવ-દેવીની અને એક રંગમંડપની.

મૂળનાયક મહાવીરસ્વામીના ડાબા ગભારે પરિકરયુક્ત ધર્મનાથજીની પ્રતિમા બિરાજમાન છે. આશરે ૬૦ વર્ષે પહેલાં ધર્મનાથજીના આ પ્રતિમાજી ગીમટી વિસ્તારમાં આવેલી સ્કૂલ પાસેની જમીનના ઉકરડામાંથી પ્રગટ થયા હતા. તે સમયે અન્ય પાંચેક નાના પ્રતિમાજી પણ પ્રગટ થયા હતા. મૂળનાયક મહાવીરસ્વામીના જમણા ગભારે અજિતનાથ ભગવાન બિરાજમાન છે. અજિતનાથ તથા ધર્મનાથની પ્રતિમાજીઓ પર લેખ નથી. ગૌતમ સ્વામીની આરસની એક ગુરુમૂર્તિ છે. ગભારામાં આરસના કુલ સોળ પ્રતિમાજીઓ વિદ્યમાન છે. ઉપરાંત ભીંતોમાં જડેલી પેનલોમાંની એક પેનલમાં શ્યામ રંગના ત્રણ કાઉસ્સગ્ગિયા, બે સફેદ રંગના કાઉસ્સગ્ગિયા અને એક પદ્માસનસ્થ પ્રતિમા છે. આ સિવાય બીજી કેટલીક પેનલમાં દેવ-દેવીઓની સફેદ કે શ્યામ રંગની મૂર્તિઓ છે. ધાતુના ખૂબ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નાના પરંતુ કલાત્મક બાજોઠ પર નાનાં નાનાં ચાર જોડ પગલાં છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૬૬૪**ના સમયનું છે. (જુઓ ફોટોગ્રાફ નં૰ ૧૮)

• • •

ઊંડીપોળ

શાંતિનાથ (સં૰ ૧૯૦૦ પહેલાં)

ઊંડીપોળમાં શાંતિનાથ ભગવાનનું ધાબાબંધી જિનાલય આવેલું છે.

મૂળનાયક શ્રી શાંતિનાથજીની પ્રતિમાજી પર સં૰ ૧૬૫૬નો લેખ છે જે નીચે મુજબ વાંચી શકાય છે :

''સ્વસ્તિ શ્રી પ્રભા.....વિજય સેનસૂરભિઃ સંવત ૧૬૫૬...શ્રી અલાઈ ૪૫ વર્ષે વા. ભાઈ ભાર્યા સીથમાદે નામ્ના શ્રી બિરુદ્ધારક શ્રીર વિજયકર..... જ્ઞાતિય વૃદ્ધ પટ્ટધ્ય..... શાખાયા વ્યા૰ સો૰ સધિર સુત....તપાગચ્છે બાદશાહી શ્રી અકબર પ્રદત્ત જગદ્‌ગુરુ...પ્રતિષ્ઠિત કારિત ભટ્ટારક વિજયસેનસૂરિભિઃ ।''

ઊંડીપોળમાં આવેલા શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ **સં૰ ૧૯૦૦માં** દંતારવાડાના ત્રણ જિનાલય પૈકી ક્રમાંક ૪૯માં નીચે મુજબ થયેલો છે :

અથ **દંતારવાડામાં** દેહરાં ૩.

૪૭. શ્રી કુંથુનાથ કીકાભાઈનું દેહરું દક્ષિણ સન્મુખ.

૪૮. શ્રી શાંતિનાથજી.

૪૯. **શ્રી શાંતિનાથ ઊંડી પોલમાં.**

સં૰ ૧૯૪૭માં જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથની પ્રસ્તાવનામાં શાંતિનાથનાં આ જિનાલયનો ઉલ્લેખ દંતારવાડા વિસ્તારમાં થયેલો છે. તે સમયે દંતારવાડામાં શાંતિનાથજીનાં કુલ ત્રણ જિનાલયો વિદ્યમાન હતા.

દંતારવાડામાં

૨૨. શાંતિનાથજીનું.

૨૩. શાંતિનાથજીનું.

૨૪. કુંથુનાથજીનું.

૨૫. શાંતિનાથજીનું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં દંતારવાડામાં ચાર જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે, જે પૈકી શાંતિનાથજીનાં ત્રણ જિનાલય અને કુંથુનાથજીનું એક જિનાલય દર્શાવવામાં આવેલું છે. શાંતિનાથજીના આ જિનાલયમાં તે સમયે પાષાણની પાંચ પ્રતિમાજીઓ અને ધાતુની વીસ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી અને જિનાલયની સ્થાપનાના સંદર્ભમાં સં૰ ૧૯૨૮ મુજબનો ઉલ્લેખ આવે છે. પરંતુ સંભવ છે તે સમયે જીર્ણોદ્ધાર થયો હોય. સં૰ ૧૯૬૩માં જિનાલયના મકાનની સ્થિતિ સારી દર્શાવવામાં આવી હતી.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં શાંતિનાથજીનું જિનાલય ઊંડી પોળ વિસ્તારમાં જ દર્શાવવામાં આવ્યું છે. તે સમયે પણ આ જિનાલયમાં પાષાણની પાંચ અને ધાતુની વીસ પ્રતિમાજીઓ બિરાજમાન હતી. ઉપરાંત પૃ૰ ૫૧ ઉપર નીચે મુજબની નોંધ આવે છે :

'આ લતાનું નામ ઊંડી પોળ છે. અત્રે શાંતિનાથનું દેહરું અટૂલા મુસાફર જેવું શોભી રહ્યું છે. દેખરેખ શા૰ દીપચંદ ફૂલચંદવાળા રાખતા પણ સાંભળવા મુજબ હાલ તેમના જ કુટુંબી શા૰ ઠાકરશી હીરાચંદ રાખે છે.'

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં ઊંડી પોળમાં આવેલું શાંતિનાથજીનું જિનાલય ધાબાબંધી દર્શાવવામાં આવ્યું છે. તે સમયે પાષાણની સાત પ્રતિમાજીઓ અને ધાતુની એકવીસ પ્રતિમાજીઓ બિરાજમાન હતી. જિનાલય બંધાવનાર તરીકે શેઠ માણેકલાલ હરખચંદનું નામ જોડાયેલું હતું. સંભવ છે કે તેઓએ આ જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો હોય અથવા તો લાંબા સમય માટે વહીવટ કર્યો હોય. તે સમયે વહીવટ શેઠ કસ્તુરભાઈ અમીચંદ હસ્તક હતો અને જિનાલયના મકાનની સ્થિતિ સારી હતી. હાલ જિનાલયનો વહીવટ શા૰ બાબુભાઈ કસ્તુરચંદ કરે છે. તેઓ ઊંડી પોળમાં જ રહે છે.

જિનાલયનો છેલ્લો જીર્ણોદ્ધાર સં૰ ૨૦૫૦માં થયેલો છે.

આ જિનાલય તદ્દન સાદું છે. રંગમંડપમાં વાજિંત્ર વગાડતી તથા નર્તન કરતી સ્ત્રીઓનાં શિલ્પો છે. સમેતશિખરજી તથા શત્રુંજય તીર્થના પટ ફ્રેમમાં મઢેલા છે. અહીં આરસના એક યક્ષ તથા વીરની પ્રતિમા છે.

ત્રણેય ગર્ભદ્વારની બારસાખ ઉપરની દીવાલમાં સુંદર ચિત્રકામ છે. મુખ્ય ગર્ભદ્વારની ઉપર ચૌદ સ્વપ્નો તથા આજુબાજુના ગર્ભદ્વાર પર અષ્ટમંગલની રચનાવાળું ચિત્રકામ છે. ગર્ભદ્વાર પાસે દ્વારપાલનાં શિલ્પો છે.

મૂળનાયક શ્રી શાંતિનાથજીની અષ્ટ પ્રાતિહાર્ય પરિકરયુક્ત પ્રતિમા નયનરમ્ય છે. અહીં ગભારામાં પાષાણની સાત પ્રતિમાજીઓ બિરાજમાન છે. તે પૈકી બે પ્રતિમાજીઓ શ્યામરંગી છે. તેઓના પરિકર ખંડિત છે. મૂળનાયકની જમણી બાજુના ગર્ભદ્વારે સંભવનાથજી તથા ડાબી બાજુના ગર્ભદ્વારની સન્મુખ કુંથુનાથજી બિરાજે છે. કુંથુનાથજીની પ્રતિમા પર સં૰ ૧૬૭૨નો લેખ છે. મૂળનાયકની બાજુમાં આવેલી સુમતિનાથજીની પ્રતિમા પર સં૰ ૧૬૬૨નો લેખ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કડીઆપોળ બકરાવાળાની ખડકીમાં વાસુપૂજ્ય સ્વામીના ઘરદેરાસરનો ઉલ્લેખ સં૰ ૧૯૬૩માં તથા સં૰ ૨૦૧૦માં મળે છે. સ્થાનિક માહિતી પ્રમાણે એ ઘરદેરાસર શાંતિનાથના આ જિનાલયમાં પધરાવવામાં આવેલું છે. જો કે આ અંગે વિશેષ ચકાસણી કરવાની બાકી છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૯૦૦ પહેલાના** સમયનું છે. મૂળનાયકની પ્રતિમા પરના લેખમાં સં૰ ૧૬૫૬નો ઉલ્લેખ આવે છે તે સંદર્ભમાં જિનાલયની વધુ પ્રાચીનતા નક્કી કરવા માટે વિશેષ સંશોધનની જરૂર છે અને વધુ પુરાવાઓની જરૂર છે.

• • •

પુણ્યશાળીની ખડકી

શાંતિનાથ (સં૰ ૧૯૪૭ પહેલાં)

દંતારવાડામાં આવેલી પુણ્યશાળીની ખડકીમાં શ્રી શાંતિનાથજીનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે.

સં૰ ૧૯૪૭માં પ્રગટ થયેલ **જયતિહુઅણ સ્તોત્ર** ગ્રંથની પ્રસ્તાવનામાં સૌ પ્રથમવાર શાંતિનાથના આ જિનાલયનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. તે સમયે આ જિનાલય દંતારવાડા વિસ્તારમાં દર્શાવવામાં આવ્યું હતું. દંતારવાડામાં તે સમયે શાંતિનાથનાં કુલ ત્રણ જિનાલયો વિદ્યમાન હતા.

દંતારવાડામાં

૨૨. શાંતિનાથજીનું.

૨૩. શાંતિનાથજીનું.

૨૪. કુંથુનાથજીનું.

૨૫. શાંતિનાથજીનું.

ત્યારબાદ આ જિનાલયનો ઉલ્લેખ **સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં મળે છે. તે સમયે આ જિનાલય દંતારવાડા વિસ્તારમાં ધાબાબંધી જિનાલય તરીકે દર્શાવવામાં આવ્યું હતું. જિનાલય બંધાવનારના નામ સાથે શા૰ જોઈતાદાસ વીરચંદનો ઉલ્લેખ થયો હતો. તે સમયે જિનાલયમાં પાષાણની ચાર તથા ધાતુની બાવીસ પ્રતિમાજીઓ બિરાજમાન હતી અને જિનાલયના મકાનની સ્થિતિ સાધારણ દર્શાવવામાં આવેલી હતી.

સં૰ ૧૯૮૪માં **ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટી**માં આ જિનાલય પુણ્યશાળીની ખડકીમાં દર્શાવવામાં આવેલું છે. તે સમયે પણ આ જિનાલયમાં પાષાણની ચાર પ્રતિમાજીઓ અને ધાતુની બાવીસ પ્રતિમાજીઓ બિરાજમાન હતી. પૃ૰ ૫૧ ઉપર આ જિનાલય વિશે નીચે મુજબની નોંધ થયેલ છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

"...દંતારવાડા તરફ આગળ વધતાં જમણા હાથે ઊંચા ટેકરા પર વીશા શ્રીમાલીની વાડીનો મોટો કંપાઉંડ છે. પાછળ જ્ઞાતિની વાડી તરીકે ઓળખાતું વિશાળ મકાન છે. પૂર્વે અત્રે સાગરગચ્છનો ઉપાશ્રય હતો. સાગરના ઉપાશ્રય સામે ડાબા હાથ પર જે ખડકી છે તે પુણ્યશાળીની ખડકી તરીકે સુપ્રસિદ્ધ છે. શાંતિનાથનું દેહરું નાનું છતાં જુદી જ બાંધણીનું છે. દેખરેખ પુણ્યશાળીવાળા લાલચંદ જેઠાભાઈ રાખે છે, જે હાલ અમદાવાદ રહે છે. અગાઉ તેઓ સારા પ્રમાણમાં સંપત્તિશાળી હતા.'

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં શાંતિનાથજીનું આ જિનાલય પુણ્યશાળીની ખડકીમાં ઘુમ્મટબંધી તરીકે દર્શાવવામાં આવ્યું છે. તે સમયે પણ આ જિનાલયમાં પાષાણની ચાર અને ધાતુની બાવીસ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી અને જિનાલયનો વહીવટ શેઠ હરીલાલ લાલચંદ હસ્તક હતો તે સમયે જિનાલયના મકાનની સ્થિતિ સારી હતી. હાલ આ જિનાલયનો વહીવટ શ્રી જિતેન્દ્રભાઈ જીવાભાઈ શાહ તથા ચુનીલાલ મોહનલાલ વોરા હસ્તક છે. જે પૈકી જિતેન્દ્રભાઈ ખારવાડામાં તથા ચુનીભાઈ પુણ્યશાળીની ખડકીમાં રહે છે.

જિનાલયમાં મુખ્ય પ્રવેશદ્વારની જમણી બાજુ અને મૂળનાયકની ડાબી બાજુની દીવાલ પર આ જિનાલયની પુનઃ પ્રતિષ્ઠા અંગેની વિગતો દર્શાવતો આરસનો લેખ છે. આ લેખમાં જણાવ્યા મુજબ સં૰ ૨૦૦૧માં માગશર સુદ સાતમને બુધવારે આ૰ શ્રી૰ વિજયનેમિસૂરિના હાથે પુનઃ પ્રતિષ્ઠા કરાવવામાં આવી. પુણ્યશાળી કુટુંબના વીશા પોરવાડ જ્ઞાતીય તપાગચ્છીય શેઠ હરીલાલ વીરચંદ તથા તેમના ભત્રીજા જેશંગભાઈ ભગુભાઈ તથા હરીભાઈના ભાઈ સ્વર્ગસ્થ મનસુખભાઈ લાલચંદના ધર્મપત્ની ગંગાબાઈના પ્રયત્નોથી આ જીર્ણોદ્ધાર થયો છે. જિનાલયના આ લેખમાં ખંભાતનાં અન્ય જૈન જિનાલયો અંગેની પણ માહિતી મળે છે. તેથી આ લેખ આ ગ્રંથમાં પ્રકરણ-૧૩માં આપવામાં આવ્યો છે.

આ જિનાલયની બાંધણી નોખા પ્રકારની છે. કોઈ પણ જિનાલયમાં પ્રવેશવા માટે ૨-૩ કે તેથી વધુ પગથિયાંની રચના કરેલી હોય છે, જ્યારે આ જિનાલયમાં કોઈ પગથિયાં નથી. સીધો ઊંબરો ઓળંગી રંગમંડપમાં પ્રવેશી શકાય છે.

રંગમંડપના ઘુમ્મટમાં ચિત્રકામ કરેલ છે. છ ચોકી ધરાવતા આ જિનાલયના થાંભલાઓ પર નર્તન કરતી તથા જુદાં જુદાં વાજિંત્રો વગાડતી પૂતળીઓનાં શિલ્પ સુંદર છે. થાંભલાઓ ઉપર પણ સુંદર રંગકામ થયેલ છે. જિનાલયની બાંધણી સામાન્ય છે તેમ છતાં ચિત્રકામ મનને મોહી લે છે.

ગભારામાં દીવાલ પર પણ સુંદર ચિત્રકામ છે. ગભારામાં આરસની કુલ ચાર પ્રતિમાજીઓ છે, જે પૈકી એક કાઉસ્સગ્ગીયા છે. ધાતુની કુલ બાવીસ પ્રતિમાજીઓ છે.

આ જિનાલય વિશે નોંધપાત્ર લાક્ષણિકતા ધ્યાનમાં આવે છે કે સં૰ ૧૯૬૩માં આ જિનાલયમાં પાષાણની ચાર અને ધાતુની બાવીસ પ્રતિમાજીઓ બિરાજમાન હતી, જે સંખ્યા સં૰ ૧૯૮૪માં-સં૰ ૨૦૧૦માં તથા આજે (સં૰ ૨૦૫૫માં) યથાવત્ જ રહી છે. એટલે કે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાષાણની પ્રતિમાજીઓ અને ધાતુની પ્રતિમાજીઓની સંખ્યામાં કોઈ જ ફેરફાર થયો નથી.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૯૪૭ પહેલાના** સમયનું છે.

• • •

દંતારવાડો

ખંભાતમાં આજે **દંતારવાડો** તરીકે જાણીતો વિસ્તાર સં૰ ૧૬૭૩માં **દંતારાની પોલ** તરીકે પ્રસિદ્ધ હતો. તે સમયે આ વિસ્તારમાં ૧. કુંથુનાથ, ૨. શાંતિનાથ, ૩. ઋષભદેવ— એમ કુલ ત્રણ જિનાલયો વિદ્યમાન હતાં. તેનો ઉલ્લેખ **સં૰ ૧૬૭૩**માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં નીચે મુજબની પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે :

દંતારાની પોલિમાં, કુથજયન તાસ ।
બાર બ્યંબ તસ ભુવનમાં, હું તસ પગલે દાસ ॥ ૫

શાંતિનાથ યનવર તણું, બીજું દેહેરું ત્યાંહિ ।
દસ પ્રતિમાશું પ્રણમતાં, હરષ હુઓ મનમાંહિ ॥ ૬

ગાંધર્વ બઈઠ ગુણ સ્તવઈ, કોકિલ સરીષઉ સાદ ।
વીસ બ્યંબ વેગઈ નમું, **ઋષભતણઉ** પ્રાસાદ ॥ ૭

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં **દંતારવાડો** વિસ્તારમાં ૧. શાંતિનાથ, ૨. કુંથુનાથ — એમ બે જિનાલયો દર્શાવવામાં આવ્યાં છે. તેનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

કુંભારવાડઈ શ્રી આદીશર એકસુપનર જાણુજી
દંતારવાડઈ સોલસમઉ પ્રભુ છ મૂરતિ વષાણુંજી ૧૩

કુંથુનાથ ચઉરાસી જિનવર ચિંતામણિ સાગુટઈજી
ભુઇરા સહીત સાતસઈ એકોત્યરિન નમુ હું મન ષોટઈજી ૧૪

સં૰ ૧૯૦૦માં ખંભાતનાં જિનાલયોની સૂચિમાં દંતારવાડા તથા ઊંડી પોળના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબ આવે છે :

અથ **દંતારવાડા**માં દેહરાં -૩

૪૭. શ્રી કુંથુનાથ કીકાભાઈનું દેહરું દક્ષિણ સન્મુખ

૪૮. શ્રી શાંતિનાથજી

૪૯. શ્રી શાંતિનાથજી ઊંડી પોલમાં.

એટલે કે તે સમયે ઊંડી પોળમાં આવેલા શાંતિનાથજીના જિનાલયનો ઉલ્લેખ દંતારવાડા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિસ્તારમાં જ કરવામાં આવ્યો છે.

સં. ૧૯૪૭માં જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથની પ્રસ્તાવનામાં દંતારવાડા વિસ્તારમાં નીચે મુજબનાં જિનાલયોનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે :

દંતારવાડામાં

૨૨. શાંતિનાથજીનું.

૨૩. શાંતિનાથજીનું.

૨૪. કુંથુનાથજીનું.

૨૫. શાંતિનાથજીનું.

૨૬. ચિંતામણિ પારસનાથજીનું. (ભુંઇરામાં સ્થંભન પારસનાથ)

૨૭. ગોડી પારસનાથજીનું.

૨૮. રીખવદેવ સ્વામીનું.

એટલે કે આજે પુણ્યશાળીની ખડકી તથા ઊંડી પોળમાં વિદ્યમાન બે જિનાલયો(બંને વિસ્તારનાં જિનાલયોમાં મૂળનાયક શાંતિનાથ)નો ઉલ્લેખ સં. ૧૯૪૭માં દંતારવાડા વિસ્તારમાં કરવામાં આવ્યો છે.

ઉપરાંત ઉપર્યુક્ત સાત જિનાલયો પૈકી ક્રમાંક ૨૬,૨૭,૨૮ એ ત્રણ જિનાલયો આજે ચિતારીબજાર અને તેની આસપાસના વિસ્તારમાં છે જે તે સમયે દંતારવાડા વિસ્તારમાં સમાવિષ્ટ થયેલા જોવા મળે છે.

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં દંતારવાડા વિસ્તારમાં કુલ ચાર જિનાલયો વિદ્યમાન હતાં : ૧. શાંતિનાથ, ૨. શાંતિનાથ, ૩. કુંથુનાથ, ૪. શાંતિનાથ. એટલે કે આજે પુણ્યશાળીની ખડકીમાં આવેલું શાંતિનાથજીનું જિનાલય તથા ઊંડી પોળમાં આવેલું શાંતિનાથજીનું જિનાલય—એમ એ બંને જિનાલયોનો ઉલ્લેખ તે સમયે **દંતારવાડો** વિસ્તારમાં થયેલો છે.

સં. ૧૯૮૪માં ખંભાતનો ઇતિહાસ અને ચૈત્યપરિપાટીમાં દંતારવાડા વિસ્તારમાં શાંતિનાથ-કુંથુનાથના સંયુક્ત જિનાલયનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં દંતારવાડા વિસ્તારમાં શાંતિનાથ અને કુંથુનાથના જિનાલયનો અલગ અલગ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

આજે દંતારવાડા વિસ્તારમાં શાંતિનાથ-કુંથુનાથનું સંયુક્ત જિનાલય આવેલું છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દંતારવાડો

શાંતિનાથ-કુંથુનાથ (સં૰ ૧૬૭૩ પહેલાં)

દંતારવાડામાં કુંથુનાથ તથા શાંતિનાથનું સાદા પથ્થર તથા આરસનું બનેલું ઘુમ્મટબંધી સંયુક્ત જિનાલય આવેલું છે. (જુઓ ફોટોગ્રાફ નં૰ ૧૭)

સં૰ ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં આ બંને જિનાલયોનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે :

દંતારાની પોલિમાં, **કુથજયન** તાસ ।
બાર બ્યંબ તસ ભુવનમાં, હું તસ પગલે દાસ ॥ ૫

શાંતિનાથ યનવર તણું, બીજું દેહેરું ત્યાંહી
દસ પ્રતિમાશું પ્રણમતાં, હરષ હુઓ મનમાંહિ ॥ ૬

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં દંતારવાડામાં કુંથુનાથ તથા શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે :

.....
દંતારવાડઈ સોમસમઉ પ્રભુ છ મૂરતિ વષાણું૰જી ૧૩
કુંથુનાથ ચઉરાસી જિનવર ચિંતામણિ સાગુટઈજી
.....૧૪

સં૰ ૧૯૦૦માં દંતારવાડામાં થયેલા ત્રણ જિનાલયોના ઉલ્લેખ પૈકી કુંથુનાથ-શાંતિનાથજીના જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૪૭ તથા ૪૮માં નીચે મુજબ થયેલો છે :

અથ **દંતારવાડા**માં દેહરાં ૩

૪૭. **શ્રી કુંથુનાથ કીકાભાઈનું દેહરું** દક્ષિણ સન્મુખ.

૪૮. શ્રી **શાંતિનાથ.**

૪૯. શ્રી શાંતિનાથ ઊંડી પોળમાં.

સં૰ ૧૯૪૭માં **જયતિહુઅણ સ્તોત્ર** ગ્રંથની પ્રસ્તાવનામાં દર્શાવવામાં આવેલા ખંભાતના જિનાલયો પૈકી દંતારવાડાના આ જિનાલયોનો ઉલ્લેખ નીચે મુજબ થયેલો છે :

દંતારવાડામાં.

૨૨. શાંતિનાથજીનું.

૨૩. શાંતિનાથજીનું.

૨૪. કુંથુનાથજીનું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨૫. શાંતિનાથજીનું.

એટલે કે અગાઉ જણાવ્યું તેમ આજની પુણ્યશાળીની ખડકી તથા ઊંડી પોળમાં વિદ્યમાન શાંતિનાથનાં જિનાલયોનો ઉલ્લેખ તે સમયે દંતારવાડા વિસ્તારમાં જ કરવામાં આવ્યો છે. તે સમયે દંતારવાડામાં કુંથુનાથ અને શાંતિનાથનાં જિનાલયો અલગ અલગ દર્શાવવામાં આવ્યાં છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં દંતારવાડામાં કુંથુનાથજીનું જિનાલય તથા શાંતિનાથજીનું જિનાલય ધાબાબંધી તરીકે દર્શાવવામાં આવ્યાં છે. કુંથુનાથજીના જિનાલયમાં પાષાણની અગિયાર પ્રતિમાજીઓનો ઉલ્લેખ થયેલો છે અને તે સમયે જિનાલયના મકાનની સ્થિતિ જીર્ણ હતી. શાંતિનાથજીના જિનાલયમાં પાષાણની બે પ્રતિમાજીઓ વિદ્યમાન હતી. જિનાલયના મકાનની સ્થિતિ સારી દર્શાવેલી છે. ઉપરાંત શાંતિનાથજીના જિનાલયની સ્થાપના સં૰ ૧૯૩૨માં થયાનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. સંભવ છે કે સં૰ ૧૯૩૨માં શાંતિનાથજીના જિનાલયનો જીર્ણોદ્ધાર થયો હોય. સં૰ ૧૯૦૦માં કુંથુનાથજીનું જિનાલય દક્ષિણાભિમુખ દર્શાવવામાં આવેલું છે.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં દંતારવાડામાં કુંથુનાથ-શાંતિનાથનું સંયુક્ત જિનાલય દર્શાવ્યું છે. કુંથુનાથના જિનાલયમાં તે સમયે પાષાણની પાંચ પ્રતિમાજીઓ અને શાંતિનાથના જિનાલયમાં પાષાણની છ પ્રતિમાજીઓનો ઉલ્લેખ થયેલો હતો. ઉપરાંત પૃ૰ ૫૩ ઉપર આ જિનાલયો વિશે નીચે મુજબની નોંધ પ્રાપ્ત થાય છે :

".....કુંથુનાથજી અને શાંતિનાથના જોડાયેલાં દેહરાં આવે છે. આગળ બાંધી લીધેલો કમ્પાઉન્ડ છે. જીર્ણોદ્ધાર કરતી વેળા મૂળ બાંધણીમાં ફેરફાર કરી જમીન ત્તારવી લઈ નવેસરથી દેવાલયો તૈયાર કરેલાં હોવાથી દેહરાં મનોહર લાગે છે. આખી ખડકી જૈનોથી વસાયેલી હોઈ તેમજ જિનાલયની વ્યવસ્થા માટે કાયદા-કાનૂન હોવાથી ઉજળામણ સારી છે. કેસર ને વસ્ત્ર બદલવા સારું એક ઓરડી છે. વહીવટ નાથાભાઈ અમરચંદ હસ્તક છે જેઓ નજીકમાં જ રહે છે."

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં દંતારવાડામાં શાંતિનાથ અને કુંથુનાથના જિનાલય અલગ અલગ દર્શાવવામાં આવ્યા છે. શાંતિનાથના જિનાલયમાં પાષાણની છ પ્રતિમાજીઓ અને કુંથુનાથના જિનાલયમાં પાષાણની પાંચ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી. તે સમયે બંને જિનાલયના મકાનની સ્થિતિ સારી હતી. બંને જિનાલયનો વહીવટ શેઠ ઉજમશી કેવળદાસ હસ્તક હતો. આજે આ બંને જિનાલયનો વહીવટ રસિકભાઈ દલપતભાઈ શાહ, અરવિંદકુમાર કેશવલાલ શાહ તથા ચંદ્રકાન્તભાઈ રતિલાલ શાહ હસ્તક છે. તેઓ સૌ હાલ દંતારવાડામાં જ રહે છે.

જિનાલયમાં પ્રવેશવા માટેનાં બે દ્વાર છે. રંગમંડપમાં પ્રવેશવાનાં પણ બે દ્વાર છે એટલે કે મુખ્ય એક પ્રવેશદ્વાર અને રંગમંડપનું એક પ્રવેશદ્વાર કુંથુનાથના ગભારા સામે અને બીજું પ્રવેશદ્વાર શાંતિનાથના ગભારા સામે છે. મુખ્ય પ્રવેશદ્વારની (કુંથુનાથના પ્રવેશદ્વારની) કમાનો પર સરસ્વતીદેવી તથા શાંતિનાથજીના મુખ્ય પ્રવેશદ્વારની કમાનો પર લક્ષ્મીદેવીનું શિલ્પ કંડારેલ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કંપાઉંડમાં પ્રવેશતાં બંને બાજુ ઓરડીઓ છે. તે કેસર ચંદનની રૂમ તરીકે ઉપયોગમાં લેવાય છે. કંપાઉંડમાં વચ્ચોવચ ટાંકું છે જેમાં વરસાદનું પાણી એકત્રિત કરવામાં આવે છે. જિનાલયની બહારની છત પર સુંદર ચિત્રકામયુક્ત શિલ્પો છે.

કુંથુનાથ અને શાંતિનાથના આ સંયુક્ત જિનાલયમાં રંગમંડપ એક જ છે. પરંતુ બંને ગભારા વચ્ચે ભીંત પડે છે એટલે બંને જિનાલય એક જ લાગે છે. છતમાં પીઢિયા છે. રંગમંડપમાં ડાબી બાજુ શાંતિનાથજીના ગભારાની બહાર સિદ્ધચક્ર યંત્રનો પટ તથા તેની બાજુમાં વીર મણિભદ્રજીનું ત્રિકોણ યંત્ર ભીંત પર જડેલ છે. સમેતશિખરનો પટ પણ છે. રંગમંડપમાં જમણી બાજુ કુંથુનાથજીના ગભારાની બહાર શત્રુંજયનો પટ છે.

કુંથુનાથ-શાંતિનાથ બંને ગભારા સરખા કદના છે. કુંથુનાથજીના ગભારામાં પાષાણની સાત પ્રતિમાજીઓ અને શાંતિનાથજીના ગભારામાં પાષાણની સાત પ્રતિમાજીઓ બિરાજમાન છે. બંને મૂળનાયક પ્રતિમાજીઓ પર કોઈ લેખ નથી. મૂળનાયક શ્રી કુંથુનાથની જમણી બાજુ શ્રી મુનિસુવ્રત સ્વામી તથા ડાબી બાજુ શ્રી નેમિનાથની પ્રતિષ્ઠા સં. ૨૦૩૫માં થયાનો ઉલ્લેખ મળે છે. મૂળનાયક શ્રી શાંતિનાથની જમણી બાજુ શ્રી શ્રેયાંસનાથ તથા ડાબી બાજુ શ્રી પદ્મપ્રભુસ્વામીની પ્રતિષ્ઠા આચાર્ય શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી દ્વારા થઈ હોવાનો ઉલ્લેખ છે.

કુંથુનાથજીની વર્ષગાંઠ મહા સુદ પાંચમ અને શાંતિનાથજીની વર્ષગાંઠ શ્રાવણ વદ એકમ છે.

શાંતિનાથજીના જિનાલયના મુખ્ય પ્રવેશદ્વાર પાસેની ઓરડીની પાસે નીચે જીર્ણ અવસ્થામાં આરસનો એક લેખ છે. આ લેખ આ ગ્રંથમાં પ્રકરણ-૧૩માં આપવામાં આવ્યો છે.

ટૂંકમાં કુંથુનાથ-શાંતિનાથનું આ સંયુક્ત જિનાલય **સં. ૧૬૭૩ પહેલાના** સમયનું છે.

• • •

ચિતારી બજાર -સાગોટાપાડો

ખંભાતમાં ત્રણ દરવાજા પાસે આવેલ ચિતારી બજાર તરીકે હાલ પ્રસિદ્ધ વિસ્તાર પૂર્વે સાગોટા પાડાના નામે પ્રસિદ્ધ હતો.

સં. ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં આ વિસ્તાર **સાગુટાની પોલ** તરીકે પ્રસિદ્ધ હતો. ત્યારે આ વિસ્તાર ખંભાતમાં જિનશાસનનું મુખ્ય કેન્દ્ર હશે. સં. ૧૬૭૩માં ત્રંબાવતી તીર્થમાલાની શરૂઆત સાગુટાની પોલથી થાય છે. તે સમયે આ વિસ્તારમાં નીચે મુજબની પંક્તિઓમાં બે જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે :

શ્રી શંખેશ્વર તુઝ નમું, નમું તે સારદ માય ।
તીર્થમાલ ત્રંબાવતી, સ્તવતાં આનંદ થાય ॥ ૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાગુટાની પોલિમાં, બઈ પોઢા પ્રાસાદ ।
ચીત્ર લષ્યત તીહાં પૂતલી, વાજઈ ઘંટાનાદ ॥ ૨

શ્રી ચ્યંતામણિ ભોંયહરઈ, એકસુ પ્રત્યમા સાર ।
જિન જિં દ્વારઈ પૂજી જયમઈ, ધ્યન તેહનો અવતાર ॥ ૩

સાહા સોંઢાનઈ દેહરઈ, શ્રી નાર્યંગપુર સ્વામિ ।
પ્રેમ કરીનઈ પૂજીઇ, પનર બ્યંબ તસ ઠાણિ ॥ ૪

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં **સાગુટઈ પાડા**માં માત્ર એક જિનાલય-ભોંયરાવાળું હોવાનો ઉલ્લેખ છે. જે નીચે મુજબની પંક્તિઓમાં થાય છે.

.....ચિંતામણિ **સાગુટંઈજી**
ભુઈરા સહીત સાતસઈ એકોત્યરિ ન નમું હું મન ષોટઈજી ૧૪

સં૰ ૧૯૦૦માં ખંભાતનાં જિનાલયોની સૂચિમાં સાગોટાપાડામાં કુલ ચાર જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ નીચે પ્રમાણે થયેલો છે :

અથ **સાગોટાપાડામાં** દેહરાં ૪ ની વિગત

૫૦. શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ.

૫૧. શ્રી ભુંયરામાં સ્થંભણ પાર્શ્વનાથ.

૫૨. શ્રી અમીઝરા પાર્શ્વનાથ.

૫૩. શ્રી આદીસર ભગવાનનું દેહરું દક્ષિણસન્મુષ.

સં૰ ૧૯૪૭માં જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથની પ્રસ્તાવનામાં ચિંતારીબજાર (સાગોટા પાડા)નો વિસ્તાર દંતારવાડામાં સમાવિષ્ટ કરવામાં આવ્યો છે. આમ દંતારવાડા વિસ્તારમાં તે સમયે કુલ સાત જિનાલયો દર્શાવ્યાં છે. જે પૈકી ચિંતામણિ પાર્શ્વનાથ, ગોડી પાર્શ્વનાથ તથા રીખવદેવ સ્વામી એમ કુલ ત્રણ જિનાલયોનો ઉલ્લેખ અનુક્રમે ક્રમાંક ૨૬, ૨૭, ૨૮માં થયેલો છે.

સં૰ ૧૮૬૨માં સાગોટાપાડા વિસ્તારમાં અમીઝરા પાર્શ્વનાથનું જિનાલય વિદ્યમાન હતું. જૈન ગૂર્જર કવિઓ (ભાગ ૪, પૃ૰ ૧૫૯)માં નીચે મુજબ નોંધ પ્રાપ્ત થાય છે :

"સં૰ ૧૮૬૨ મહા શુદિ ૨ ભોમે લ૰ પં૰ ગોવિંદ વિજયગણિ શિ. પ્રેમવિજયગણિ શિ૰ પ્રમોદવિજયગણિ લિ૰ ચિંતામણિ પ્રસાદાત્ શ્રી સ્તંભતીર્થ પ્રાસાદાત્ શ્રી અમીઝરા પાર્શ્વનાથ જીન સાગોટા પાડા મધે"

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં આ વિસ્તાર **બજાર વચ્ચે** નામથી પ્રસિદ્ધ હતો અને ત્યાં ૧. ચિંતામણિપાર્શ્વનાથ, ૨. આદેશ્વર એમ કુલ બે જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ હતો. ઉપરાંત તે સમયે **શા૰ ગોટા પાડા** નામના વિસ્તારમાં શ્રી ગોડીપાર્શ્વનાથજીનું જીર્ણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ હતો.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં સાગોટાપાડામાં ૧. ચિંતામણિ પાર્શ્વનાથ-ભોંયરામાં સ્થંભણપાર્શ્વનાથ, ૨. આદેશ્વર એમ કુલ બે જિનાલયો વિદ્યમાન હતાં. ઉપરાંત તે સમયે અહીં આદેશ્વરજીના જિનાલયની નજીકમાં શ્રી નીતિવિજયજી મ૰ સા૰નું ગુરુમંદિર આવેલું હોવાનો ઉલ્લેખ છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં આ વિસ્તારનો ફરી એક વાર **બજારમાં** નામ સાથે ઉલ્લેખ થયેલો છે અને તે સમયે પણ ઉપર્યુક્ત બે જિનાલયોનો ઉલ્લેખ થયો છે પરંતુ ચિંતામણિ પાર્શ્વનાથના ભોંયરામાં કયા ભગવાન મૂળનાયક તરીકે બિરાજે છે તેવો ઉલ્લેખ થયેલો નથી. ઉપરાંત તે સમયે અહીં બે ગુરુમંદિર હોવાનો ઉલ્લેખ પણ થયેલો છે.

આજે ચિતારીબજાર-સાગોટાપાડામાં એક જ કંપાઉંડમાં કુલ ત્રણ જિનાલયો આવેલાં છે : ૧. ચિંતામણિ પાર્શ્વનાથ-ભોંયરામાં સ્થંભન પાર્શ્વનાથ ૨. આદેશ્વર ૩. ચૌમુખજી. ઉપરાંત અહીં કંપાઉંડમાં જ જુદા જુદા સમય દરમ્યાન ગુરુમંદિરો પણ બંધાવવામાં આવેલાં છે. હાલ અહીં કુલ પાંચ ગુરુમંદિરો આવેલાં છે : ૧. શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજનું ગુરુમંદિર, ૨. પૂ૰ નીતિ વિજયજી મહારાજનું ગુરુમંદિર, ૩. પૂ૰ આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજીનું ગુરુમંદિર, ૪. પૂ૰ આ૰ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજીનું ગુરુમંદિર, ૫૰ પૂ૰ આ શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજીનું ગુરુમંદિર.

• • •

ચિતારી બજાર - સાગોટાપાડો

ચિંતામણિ પાર્શ્વનાથ (સં૰ ૧૬૪૪)

સ્થંભન પાર્શ્વનાથ (સં૰ ૧૬૫૮)

આ૰ શ્રી હીરવિજયસૂરિના પરમભક્ત, ખંભાતના જૈન શ્રેષ્ઠીઓ રાજિઆ તથા વજિઆએ બંધાવેલ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું શિખરબંધી, ભોંયરાયુક્ત જિનાલય ચિતારી બજાર-સાગોટાપાડામાં આવેલું છે. આ જિનાલયમાં ભોંયરામાં મૂળનાયક શ્રી સ્થંભન પાર્શ્વનાથ બિરાજમાન છે.

સં૰ ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં સાગોટાની પોલમાં ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

સાગુટાની પોલમાં, બઈ પોઢા પ્રાસાદ ।
ચીત્ર લષ્યત તીહાં પૂતલી, વજઈ ઘંટાનાદ ॥૨

શ્રી ચ્યંતામણિ ભોંયહરઈ, એક સુપ્રત્યમા સાર ।
જિનજિ દ્વારઈ પૂજા જયમઈ, ધ્યન તેહનો અવતાર ॥ ૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એટલે કે ચિંતામણિ પાર્શ્વનાથનું જિનાલય ભોંયરાવાળું હતું. પરંતુ તે સમયે ભોંયરામાં મૂળનાયક તરીકે શ્રી સ્થંભન પાર્શ્વનાથનો ઉલ્લેખ થયો નથી.

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં **સાગુટાની પોળમાં ચિંતામણિ પાર્શ્વનાથના ભોંયરા સહિત** જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે :

.....**ચિંતામણિ** સાગુટંઈજી
ભુઈરા સહીત સાતસઈ એકોત્યરિ ન નમું હું મન ષોટઈજી ૧૪.

સં૰ ૧૭૦૧માં પણ ભોંયરામાં મૂળનાયક તરીકે શ્રી સ્થંભનપાર્શ્વનાથનો ઉલ્લેખ થયો નથી.

કવિ શ્રી ઋષભદાસ કૃત શ્રી હીરવિજયસૂરિ રાસ (રચના સંવત ૧૬૮૫) ની કડી નં ૧૫૫૩ તથા ૧૫૫૪માં રાજિઆ-વજિયા શ્રાવકે કરાવેલી પ્રતિષ્ઠા તથા શ્રી વિજયસેનસૂરિ ખંભાત આવ્યા અને હીરગુરૂ સિરોહી રહ્યા તે મુજબનો ઉલ્લેખ આવે છે. ત્યારબાદ રાજિઆ-વજિઆ પારેખે પાંચ પ્રાસાદ કરાવ્યા તે મુજબનો ઉલ્લેખ કડી નં ૧૫૬૪ થી ૧૫૬૮માં આવે છે અને કડી નં ૧૫૬૯ થી ૧૫૭૨માં નીચે મુજબનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

શ્રી ચિંતામણિ થંભણ પાસો, ત્રબાવતી પ્રાસાદિ રેવાસો,
એક પ્રાસાદ ગંધારે ખાસો, ત્યંહા બેઠા નવપલ્લવ પાસો. ૧૫૬૯

એક નેજ જિનભુવન કરાવે, ઋષભ તણી પ્રતિમા જ સોહાવે,
બાદોડે દોએ ભુવન વિખ્યાતો, પાસ કરેડો નેં નેમિ નાથો. ૧૫૭૦

પાંચ પ્રાસાદ કીધા એ સારા, અનેક કીધા જીરણ ઉદ્ધારા,
ચેત્યા પુરૂષ તે આપ સંભાળે, બિંબ-પ્રતિષ્ઠા કરીએ ચ્યુંઆલે. ૧૫૭૧

જેઠ માસ સુદિ બારસિ જ્યારે, બિંબ થપાલી આતમ તારે,
વિજયસેન સૂરીશ્વર હાથે, ચિંતામણિ થાપ્યા નિજ જાતે. ૧૫૭૨.

અર્થાત્ **ખંભાતમાં શ્રી ચિંતામણિ અને સ્થંભનપાર્શ્વનાથનું મંદિર બંધાવ્યું.** ગંધારમાં નવપલ્લવ પાર્શ્વનાથનું મંદિર બંધાવ્યું. નેજા ગામમાં જિનમંદિર કરાવી એમાં ઋષભદેવને પધરાવ્યા. વડોદરામાં બે મંદિર કરાવ્યાં : એક કરેડ પાર્શ્વનાથનું ને બીજું નેમિનાથનું. આ રીતે પાંચ જિનપ્રાસાદો તથા અનેક જીર્ણોદ્ધાર કર્યાં. સં૰ ૧૬૪૪ના જેઠ સુદ ૧૨ને દિને વિજયસેનસૂરીશ્વરજીને હાથે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી.

મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમાના આગળના ભાગ ઉપર પલાંઠી નીચેના પબાસન પર કોતરેલો લેખ નીચે મુજબ છે :

'સંવત ૧૬૪૪ વર્ષે જ્યેષ્ઠ સુ૰ ૧૨ સોમવારે વૃદ્ધ શાખાયા શ્રીમાલ જ્ઞાતીય પ૰ જસીઆ ભાર્યા જસમા દે સુ૰ પ૰ વેજિયા પ૰ રાજિઆ.. પાર્શ્વનાથ બિંબ કારિતં પ્રતિષ્ઠિતં... ॥

મૂળનાયકશ્રીના ડાબા ગભારે બિરાજમાન આદેશ્વરજી પ્રતિમા પર 'સં૰ ૧૬૫૬...

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિજયસેન સૂરિ ..'મુજબનું લખાણ વંચાય છે.

શ્રી હીરવિજયસૂરિ રાસમાં (સં૦૧૬૮૫)માં ચિંતામણિ પાર્શ્વનાથ અને સ્થંભન પાર્શ્વનાથના એક મંદિરનો ઉલ્લેખ થયેલો છે. આજે આ જિનાલયમાં મંદિરના વર્ણન માટે ૬૨ શ્લોકનો જે શિલાલેખ છે તેમાં સ્થંભન પાર્શ્વનાથનો ઉલ્લેખ થતો નથી. તેમાં ચિંતામણિ પાર્શ્વનાથ, મહાવીર સ્વામીની પ્રતિષ્ઠા રાજિઆ-વજિઆ બે ભાઈએ સં૦ ૧૬૪૪માં કરાવી તે મુજબનો ઉલ્લેખ આવે છે. આજે ભોંયરામાં મૂળનાયક સ્થંભનપાર્શ્વનાથના જમણે ગભારે મહાવીરસ્વામીની પ્રતિમા બિરાજમાન છે. તેના મૂર્તિલેખમાં સં૦ ૧૬૪૪નો ઉલ્લેખ છે. એટલે કે રાજિઆ - વજિઆએ સં૦ ૧૬૪૪માં મહાવીર સ્વામીની જે પ્રતિષ્ઠા વિજયસેનસૂરિના હસ્તે કરાવી તે આજે ભોંયરામાં સ્થંભન પાર્શ્વનાથના જમણે ગભારે બિરાજમાન છે.

સં૦ ૧૯૦૦માં સાગોટાપાડામાં વિદ્યમાન ચાર જિનાલયો પૈકી ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૫૦માં અને ભોંયરામાં સ્થંભન પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૫૧માં દર્શાવવામાં આવ્યો છે.

અથ **સાગોટાપાડા**માં દેહરાં ૪ની વિગત

૫૦. શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ.

૫૧. શ્રી ભુંયરામાં સ્થંભણ પાર્શ્વનાથ.

.....

સં૦ ૧૯૪૭માં **જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથ**ની પ્રસ્તાવનામાં ચિંતામણિ પાર્શ્વનાથના આ જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૨૬માં થયેલો છે જે નીચે મુજબ છે :

દંતારવાડામાં.

૨૬. **ચીંતામણ પારસનાથજીનું (ભુંઈરામા સ્થંભણ પારસનાથજીની પ્રતિમા છે પણ મૂળ આ નામવાળી પ્રતિમા ખારવાડામાં સ્થંભણ પાર્શ્વનાથના દેહરામાં છે તે જ સમજવાની છે.)**

૨૭. ગોડીપારસનાથજીનું.

૨૮. રીખવદેવ સ્વામીનું.

સં૦ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ **બજાર વચ્ચે** અને ધાબાબંધી જિનાલય તરીકે થયેલો છે. તે સમયે આ જિનાલયમાં પાષાણની પંચાવન પ્રતિમાજીઓ બિરાજમાન હતી અને જિનાલયના મકાનની સ્થિતિ સારી હતી.

સં૦ ૧૯૮૪માં ખંભાતનો ઇતિહાસ અને ચૈત્યપરિપાટીમાં સાગોટાપાડામાં ચિંતામણિ પાર્શ્વનાથજી તથા ભોંયરામાં સ્થભંન પાર્શ્વનાથના સંયુક્ત જિનાલયનો ઉલ્લેખ થયેલો છે. ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયમાં પાષાણની તેર પ્રતિમાજીઓ અને ભોંયરામાં સ્થંભન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાર્શ્વનાથના જિનાલયમાં પાષાણની પંદર પ્રતિમાજીઓ બિરાજમાન હતી. ઉપરાંત પૃ૦ ૫૧ ઉપર આ જિનાલય વિશે નીચે મુજબની નોંધ આવે છે.

''ખાંચામાંથી બહાર આવી થોડુંક ચાલતા દંતારવાડો પૂરો થઈ બજારનો સરિયામ રસ્તો આવે છે, તે પર થઈ ત્રણ દરવાજા તરફ થોડું ચાલતાં જમણા હાથ પર સાગોટાપાડાની પીઠ પર આવેલા અને જેનો પોતીકો જુદો જ કંપાઉંડ છે. એવા, પ્રાચીનતાના પુરાવા રૂપ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના દેવાલયનો દરવાજો આવે છે, તેમાં પ્રવેશતાં સામે શેઠ અંબાલાલ પાનાચંદની ધર્મશાળાનો દરવાજો નજરે પડે છે. ડાબા હાથ ઉપર શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું કાળ જૂનું, ભોંયરાવાળું જિનાલય છે, પગથિયાં ચઢી પ્રભુની રમ્યમૂર્તિના દર્શન કરવા. દક્ષિણદિશાની દીવાલ પર એક લેખ છે. પશ્ચિમ દિશા તરફથી કરેલ નવા માર્ગે થઈ નીચે ભોંયરામાં જઈ, ત્યાં શ્રી સ્થંભણ પાર્શ્વનાથની વિશાળ મૂર્તિના દર્શન કરતાં આત્મા વિલક્ષણ આનંદ અનુભવે છે. પ્રકાશ ઠીક આવતો હોવાથી ભોંયરાની સુંદર રચના જોઈ શકાય છે અને એ પૂર્વકાળના કારીગરોની બુદ્ધિમત્તા માટે સહજ શાબાશીના ઉદ્‌ગાર નીકળી પડે છે. આજે તો ઉત્તર દક્ષિણની દીવાલોમાંના બાકાં પૂરી નાંખવામાં આવ્યા છે પણ કહેવાય છે કે તેમાંની એક બારી દ્વારા પૂર્વે ત્રણ દરવાજામાં આવેલી જુમ્મા મસ્જિદ તરીકે ઓળખાતી વિસ્તૃત જગા(પૂર્વે એક જૈન મંદિર હતું તે)માં જવાતું. ખૂબી એ છે કે મોટી કમાન વાળેલી હોવા છતાં વચમાં એક પણ થાંભલો મૂક્યો નથી. જિનાલયની દેખરેખ જૈનશાળા કમિટી હસ્તક છે. ઇતિહાસમાં એની નોંધ નીચે મુજબ છે. શાહ રાજીઆ-વજીયાએ બનાવેલ ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર તે આ જ. રંગમંડપની ભીંતના લેખ પરથી એ વાત પુરવાર થાય છે. વિ૦ સં૦ ૧૬૪૪ની સાલમાં શાહ રાજીયા વજીઆએ આ મંદિર કરાવ્યું. ચિંતામણિ પાર્શ્વનાથ તથા મહાવીર સ્વામીની પ્રતિષ્ઠા શ્રી વિજયસેનસૂરિ હસ્તે કરાવી. આ બંધુઓ મૂળ ગાંધારના રહેવાસી હતા. પ્રતિષ્ઠા વેળા ખંભાતમાં રહેતા હતાં. ગોવામાં ધીખતો ધંધો હતો. રાજ્યમાં માન સારું હતું.''

સં૦ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ **બજારમાં** ધાબાબંધી જિનાલય તરીકે થયેલો છે. તે સમયે જિનાલયમાં પાષાણની એકવીસ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી. ઉપરાંત ભોંયરામાં બે શિલાલેખનો ઉલ્લેખ થયેલો છે અને વહીવટ શેઠ રમણલાલ દલસુખભાઈ હસ્તક હતો. જિનાલયની સામે બે ગુરુમંદિર પણ તે સમયે વિદ્યમાન હતાં. આજે આ જિનાલયનો વહીવટ શ્રી તપગચ્છ અમર જૈનશાળા સંઘ હસ્તક છે.

ભોંયરામાં મૂળનાયક તરીકે બિરાજમાન શ્રી સ્થંભન પાર્શ્વનાથની પ્રતિમાના પબાસન પર નીચે મુજબનો લેખ છે :

''॥ ભલે મીડું ॥ સંવત ઇલાહી ૪૬ વર્ષે ૧૬૫૮ વર્ષે માઘ સિત ૫ સોમૈ શ્રી સ્તંભતીર્થ વાસ્તવ્ય શ્રી શ્રીમાલી જ્ઞાતીય ૫૦ વજિઆ રાજિઆભ્યાં સ્વશ્રેયસે શ્રી સ્થંભન પાર્શ્વનાથ બિંબં કારિતં પ્રતિષ્ઠિતં । શ્રી તપાગચ્છે મહાનૃપ પ્રતિબોધક સુવિહિત ભણિ શ્રી હીરવિજયસૂરિ તત્પટ્ટોદ્યોતકારક ભટ્ટારક શ્રીપ શ્રી વિજયસેનસૂરિ આચાર્ય શ્રીપ શ્રી વિજયદેવસૂરિ ઉ૦ શ્રી વિમલહર્ષ ગણિ ઉ૦ શ્રી કલ્યાણવિજય ગ૦ ઉ૦ શ્રી સોમવિજય ગ૦ પ્રમુખ પરિવાર પરિકરિતૈઃ ॥''

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મૂળનાયક શ્રી સ્થંભન પાર્શ્વનાથની ડાબી જમણી બંને બાજુના પરિકર ઉપર નીચે મુજબનું લખાણ છે :

'સંવત ૧૬૮૧ વર્ષે શ્રી શ્રીમાલી જ્ઞાતીય પરીષ વજિઆ રાજિઆ ભાર્યા બાઈ વિમલાદે નામ્મા શ્રી સ્થંભનક પાર્શ્વનાથ પરિકરઃ કારિતઃ પ્રતિષ્ઠિતં શ્રી વિજયદેવસૂરિભિઃ ।'

ઉપરાંત **ખંભાતનો પ્રાચીન જૈન ઈતિહાસમાં** પૃ૦ ૧૧૧ ઉપર સ્થંભન પાર્શ્વનાથની પ્રતિમા વિશે નીચે મુજબની નોંધ મળે છે :

'વળી સં૦ ૧૬૪૪માં વજીઆના પુત્ર મેઘજીએ શ્રી શાંતિનાથનું બિંબ કરાવ્યું હતું અને તેની શ્રી વિજયસેનસૂરિએ પ્રતિષ્ઠા કરાવી હતી. તથા સં૦ ૧૬૫૮ના માઘ સુદિ પને સોમવારે બે ભાઈઓએ શ્રી સ્થંભનક પાર્શ્વનાથનું બિંબ કરાવ્યું હતું.' આ નોંધ લેખકે જૈન ધાતુપ્રતિમા લેખસંગ્રહ ભા-૨જો લે૦ ૫૮૧ અને લે૦ ૫૬૩ ઉપરથી લીધેલ છે.

ખંભાતનો પ્રાચીન જૈન ઈતિહાસ ગ્રંથમાં શ્રી નર્મદાશંકર ભટ્ટે સંઘ અને સંઘયાત્રા વિશે પણ પૃ૦ ૧૪૪-૧૪૫ ઉપર એક અલગ પ્રકરણ લખ્યું છે. ખંભાતમાં ૧૫, ૧૬મા સૈકામાં તથા ૧૭મા સૈકામાં અનેક ધર્મવીરોએ હજારો રૂપિયા ખર્ચી જુદા જુદા તીર્થંકર ભગવંતોની પ્રતિમાઓ કરાવી. જ્યારે જુદા જુદા શ્રેષ્ઠીઓ વ્યક્તિગત રીતે આવા ધર્મકાર્ય કરે ત્યારે સમસ્ત સંઘ પણ ધર્મકાર્ય ચૂકતો નથી. સં૦ ૧૬૩૨ના વૈશાખ સુદિ ૧૩ને શુક્રવારે ખંભાતના સંઘે શ્રી પંચાસરા પાર્શ્વનાથ બિંબ કરાવ્યું અને શ્રી વિજયસેનસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી. પંચાસરા પાર્શ્વનાથના આ પ્રતિમાજી હાલ ભોંયરામાં શ્રી સ્થંભન પાર્શ્વનાથના જિનાલયમાં બિરાજમાન મહાવીરસ્વામીની ડાબી બાજુ બિરાજે છે અને તેની પ્રતિમા પર લેખ છે જેમાં નીચે મુજબનું લખાણ વંચાય છે :

'સંવત ૧૬૩૨ વર્ષે વૈશાખ સુદી તેરસ શુક્રે શ્રી સ્તંભનતીર્થે શ્રી હીરવિજયસૂરિ પ્રાસાદાત્ શ્રી સંઘેન શ્રી પંચાસરો પાર્શ્વનાથ નામે બિંબ કારાપિતં શ્રીમદ્ તપાગચ્છે સા. શ્રી હીરવિજયસૂરિ આચાર્ય શ્રી વિજયસેનસૂરિભિઃ સહપ્રતિપિત્ત સમસ્ત શ્રી સંઘસ્ય ભદ્ર ભવતુ : ।'

સં૦ ૧૬૩૨માં પ્રતિષ્ઠિત થયેલા આ પ્રતિમાજી અગાઉ ખંભાતમાં ક્યાં બિરાજમાન હતા અને સં૦ ૧૬૪૪માં આ જિનાલયની પ્રતિષ્ઠા થયા પછી કયા સમયે સ્થંભન પાર્શ્વનાથના આ ભોંયરામાં બિરાજમાન થયા તે વિશેની વિશેષ કોઈ માહિતી પ્રાપ્ત થઈ શકી નથી.

ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયના રંગમંડપમાં પ્રવેશવા માટેનો પ્રવેશદ્વાર એક છે. નવ ચોકીયુક્ત રંગમંડપમાં પ્રવેશતાં સામેની દીવાલ પર ગીરનારજીનો આરસનો રંગકામયુક્ત પટ નજરે ચડે છે. તેની ઉપરની દીવાલ પર કાચમાં મઢેલા આરસમાં કોતરેલ બે શિલાલેખો મૂકવામાં આવ્યા છે. આ શિલાલેખોની વિગતો જિનાલયના બહારના ભાગમાં અનુવાદ કરીને ભીંત પર કોતરેલી છે. આ શિલાલેખ આ ગ્રંથમાં પ્રકરણ-૧૩માં આપવામાં આવેલ છે અને તેનો અનુવાદ આ જિનાલયની વિગત પૂરી થયા પછી આપવામાં આવ્યો છે.

રંગમંડપમાં કાષ્ઠની કોતરણીયુક્ત રંગકામવાળા સુંદર ટોડલાઓ છે. રંગમંડપમાં મધ્યે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુલાબી રંગના પ્લાસ્ટર ઑફ પેરીસના બનાવેલા ટોડલાઓ છે. અહીં થાંભલાઓને ગ્રેનાઈટ જડેલો છે. થાંભલા પર કાષ્ઠની પૂતળીઓનાં શિલ્પો જિનાલયની સુંદરતામાં વધારો કરે છે. (જુઓ ફોટોગ્રાફ નં. ૨૨) ગભારામાં તથા રંગમંડપમાં એક્રેલીક શીટ લગાડેલી છે. તે ગ્લાસ પેઈન્ટિંગ જેવો શૉ આપે છે. લાઈટનો પ્રકાશ પડવાથી તે વધુ ઈફેક્ટ આપે છે. અહીં દીવાલો પરના આરસના પથ્થરોનું કલાત્મક સંયોજન કરેલું છે. એ જ રીતે બહારના આરસના બે ગોખમાં પણ આરસનું કલાત્મક સંયોજન કરેલું છે તે તેની શોભા વધારે છે.

ગભારામાં મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની અષ્ટપ્રાતિહાર્ય પરિકરયુક્ત પ્રતિમાના ડાબા ગભારે આદેશ્વરજી તથા જમણા ગભારે પાર્શ્વનાથજી બિરાજે છે. પાર્શ્વનાથજીની પ્રતિમા પરના લેખમાં 'સં. ૧૭૦૬.... જયેષ્ઠ વદિ ૩.....' મુજબનું લખાણ છે. ગભારામાં પાષાણની પંદર પ્રતિમાજીઓ બિરાજમાન છે. ગભારો પ્રમાણમાં ઘણો વિશાળ છે. ગભારાની વિશેષતા એ છે કે ગર્ભદ્વાર કાચના છે. (જુઓ ફોટોગ્રાફ નં. ૨૦ તથા નં. ૨૧)

મૂળનાયકની બરોબર સામે એટલે કે પ્રવેશદ્વારની જમણી બાજુ એક દ્વાર પડે છે, જ્યાંથી ભોંયરામાં બિરાજમાન સ્થંભન પાર્શ્વનાથના જિનાલયમાં જઈ શકાય તેવા આરસના પગથિયાં બંને બાજુ છે. પગથિયાં પાસે ઉપર મોટો બંધ ચોક છે. એની દીવાલ પર ગુલાબી રંગના સુંદર ટોડલાઓ છે. ચોકમાં મધ્યે દીવાલ પર એક જીર્ણ પરિકર જડી દેવામાં આવેલ છે.

પગથિયાં દ્વારા નીચે ઊતરતાં દીવાલની મધ્યે અરીસો છે અને તેની નીચે પણ એક જીર્ણ પરિકર જડી દેવામાં આવ્યું છે. ભોંયરામાં પ્રવેશતાં સામે જ શ્રી સ્થંભન પાર્શ્વનાથની મનોહારી અલૌકિક પ્રતિમાના દર્શન થાય છે.

ભોંયરામાં રંગમંડપનો જીર્ણોદ્ધાર થયેલો હોવાથી રંગમંડપ સુંદર, સ્વચ્છ અને ભવ્ય લાગે છે. અહીં રંગમંડપની છત પર ટોડલા આકારના નાના નાના ટુકડાઓ પર ગુલાબી રંગ કરી આકર્ષક બનાવવામાં આવ્યા છે. અહીં સુંદર કારીગરીયુક્ત ગ્લાસ પેઈન્ટિંગ કરવામાં આવ્યું છે. અહીં તીર્થો અને પાર્શ્વનાથ પ્રભુના જીવનપ્રસંગોને ગ્લાસ-પેઈન્ટિંગ દ્વારા દર્શાવવામાં આવ્યા છે જે અતિ મનોહારી છે. જમણી તરફ શ્રી પાર્શ્વનાથ પ્રભુ અને તેમના જીવનપ્રસંગો અનુક્રમે પૂર્વભવમાં લાકડામાં રહેલ સર્પને બળતો બચાવે છે તે, કમઠ દ્વારા થતી મેઘવર્ષા તથા પદ્માવતી-ધરણેન્દ્રનો પ્રસંગ, ઈંદ્ર દ્વારા પ્રભુનું સ્નાત્ર પૂજન, માતા મરુદેવીનાં ૧૪ સ્વપ્નોનું દર્શન તથા ડાબી તરફ સમવસરણ, કેવળજ્ઞાન અને સમેતશિખર પરની પાર્શ્વનાથ ટૂંક, હાથી દ્વારા થતી પુષ્પવર્ષા, પ્રભુના ચરણ પાસે સર્પ જેવા જીવનપ્રસંગોનું આલેખન લાઈટની ઈફેક્ટથી અદ્‌ભુત લાગે છે.

અહીં ડાબી બાજુ છેલ્લે પગથિયાંની રચના છે જે ચડતાં જમણીબાજુ ગોખમાં પાર્શ્વયક્ષની આરસની મૂર્તિના દર્શન થાય છે. ગ્લાસપેઈન્ટિંગ છે તે સ્થળની રચના જોતાં એ બધી પૂર્વે દેવકુલિકાઓ હોવાનું અનુમાન થઈ શકે છે. (જુઓ ફોટોગ્રાફ નં. ૨૩) આ દેવકુલિકા જેવી રચનાની ઉપરની દીવાલ પ્લાસ્ટર ઑફ પેરિસથી સુશોભિત છે. રંગમંડપની ફરશ ગુલાબી, લીલા, કાળા તથા સફેદ— એમ વિવિધ રંગના આરસનાં સંયોજન દ્વારા શોભિત બની છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગભારામાં અષ્ટપ્રાતિહાર્ય શ્રી સ્થંભન પાર્શ્વનાથની પાષાણની પ્રતિમાના દર્શન કરતાં મન ધન્યતા અનુભવે છે. અહીં ગભારામાં પાષાણની કુલ નવ પ્રતિમાજીઓ બિરાજમાન છે. અહીં પણ ત્રણેય ગર્ભદ્વાર કાચના છે.

ટૂંકમાં ચિંતામણિ પાર્શ્વનાથનું આ જિનાલય **સં૰ ૧૬૪૪ના સમયનું** છે. ભોંયરામાં બિરાજમાન શ્રી સ્થંભન પાર્શ્વનાથની પ્રતિમા પર સં૰ ૧૬૫૮માં પ્રતિષ્ઠા થયાનો ઉલ્લેખ હોઈને **સં૰ ૧૬૫૮નું** ગણાવી શકાય. અહીં જુદા જુદા સમયે જિનાલયમાં પ્રતિષ્ઠાઓ પણ થઈ છે અને જીર્ણોદ્ધાર પણ થયા છે. આ જિનાલયનો છેલ્લો જીર્ણોદ્ધાર તાજેતરમાં જ થયેલો છે. આ જીર્ણોદ્ધારમાં આધુનિકતાનો સ્પર્શ જોઈ શકાય છે. આ સ્પર્શ તમે એક્રેલીકના ઉપયોગમાં, કાચના ગર્ભદ્વાર, પ્લાસ્ટર ઑફ પેરિસના ટોડલા, ગ્રેનાઈટ જડેલા થાંભલા, ગ્લાસ પેઈન્ટિંગની જુદી જુદી રચનાઓ(જે અત્યાર સુધી પથ્થર કે દીવાલ પરના ચિત્ર દ્વારા બનતી હતી)માં, પ્રકાશના વિનિયોગમાં તથા લાઇટ ઈફેક્ટમાં જોઈ શકાય. આ જિનાલય ખરે જ, મનોહારી બન્યું છે.

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલય

॥ પ્રશસ્તિ॥ ૬૦...ૐ ॥

નંબર -૧

- કલ્યાણની પરંપરાના સ્થાનભૂત એવા શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ તમારું રક્ષણ કરો તેમજ વર્ધમાન સ્વામી તમારું રક્ષણ કરો. તેઓની પાટે સુધર્મ સ્વામી હતા. તેમની પરંપરામાં ૧૨૮૫ વર્ષ જગત્ચન્દ્રસૂરિ થયા. જેમણે તપાનું બિરુદ મેળવ્યું. તેમની પાટે શ્રી હેમ વિમલસૂરિ થયા. તેમની પાટે આનંદવિમલસૂરિ થયા, જેઓએ ૧૨૮૫ વર્ષે સાધ્વાચારનો ઉદ્ધાર કરી જગતને હરિયાળું બનાવ્યું.
- તેઓની યાદ શ્રી દાનસૂરિ મહારાજે અલંકૃત કરી હતી. તેમની પાટે શ્રી હીરસૂરીશ્વરજી મ. શોભી રહ્યા છે.
- અકબર બાદશાહે બોલાવેલ જેઓ ૧૬૩૯ વર્ષે ફત્તેપુરમાં ગયા. જેમના વચનથી બાદશાહે પોતાના દેશમાં છ મહિનાનો અમારિ પડહ વગડાવ્યો તથા મરેલાનો જીજીયા વેરો છોડ્યા હતા તથા શત્રુંજય તીર્થ જૈનોનું બનાવ્યું.
- મેઘજી આદિ ઋષિઓએ લુંપાકમતને છોડીને જેઓને સેવ્યા હતા તેમની પાટે શ્રી વિજયસેન સૂ૰ આવ્યા. શ્રીમાલીવંશમાં ગંધાર ગામમાં આલ્હાણસી નામે ઉત્તમ પારેખ હતો, તેનો પુત્ર દેલ્હાણીસી, તેનો પુત્ર ધન, તેનો પુત્ર ઉહલસી, તેનો પુત્ર સમર, તેનો પુત્ર અર્જુન, તેનો પુત્ર ભીમ, ભીમની પત્ની લાલુ દ્વારા જસિયા નામે પુત્ર, તેની પત્ની જસમા થઈ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

- તેઓને વજીયા અને રાજીયા નામનાં બે પુત્રરત્નો થયાં. વાજીયાને વિમલાદેવી પત્ની અને રાજીયાને કમલાદેવી પત્ની હતી. વજીયાને મેઘજી નામે પુત્ર થયો. બન્ને ભાઈઓ સ્થંભનતીર્થમાં પહોંચ્યા અને પોતાની લક્ષ્મીને કુલવતી કરી.
- અકબર બાદશાહ, ગોવા નરેશ આ બંન્ને રાજા આગળ પ્રસિદ્ધિ પામ્યા હતા. પૂ. હીર સૂ. મ. અને પૂ. વિજયસેન સૂ. મ. ની મધુરવાણીથી બંન્ને ભાઈઓ સુકૃત કરનારા થયા.
- બંન્ને ભાઈઓએ ૧૬૪૪ વર્ષે શ્રી પાર્શ્વનાથ પ્ર.નું(ની) અને વર્ધમાનસ્વામીની પ્રતિષ્ઠા કરાવી.
- નિર્મમત્વમાં શિરોમણિ એવા શ્રી વિજયસેનસૂરિ મહારાજે આ પ્રતિષ્ઠા કરી.
- ચિંતામણિની જેમ અત્યંત ચિંતિતને પૂરનારા એવા પ્રભુનું નામ ચિંતામણિ પાર્શ્વનાથ થયું.
- ૪૧ અંગુલની શેષનાગથી સેવાયેલી આ મૂર્તિ શોભે છે.
- સાત ભયરૂપી દીપકોને બૂઝવવા માટે સાત ફણાવાળા શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાન શોભી રહ્યા છે.
- જેના મસ્તક ઉપર મણિની કાંતિથી અંધકારનો નાશ કર્યો છે. જેણે એવી સાત ફણાઓ શોભી રહી છે.
- આ બંન્ને ભાઈઓએ ઈન્દ્રસભામાં રહેલું શાશ્વત ચૈત્યતુલ્ય આ ચિંતામણિ પાર્શ્વનાથનું ચૈત્ય કરાવ્યું.
- કામદ નામનું ચૈત્ય કલ્પવેલકીની જેમ સર્વનાં વાંછિતોને પૂરે છે.
- જે પરમાત્માના ગૃહમાં બાર સ્તંભો શોભે છે.
- જે ચૈત્યોમાં જોવાથી શીતલતા પ્રાપ્ત થાય તેવાં છ દ્વારો શોભી રહ્યાં છે.
- આ ચૈત્યમાં સપ્તર્ષિની સાત કુલિકા સંદેશ સાત દેવકુલિકા શોભે છે.
- પાંચ મહાવ્રતની પચીસ ભાવનાતુલ્ય પચીસ મંગળ મૂર્તિઓ શોભે છે.
- જે ચૈત્યમાં અસુરકુમારના ભુવન સુ(સ)દશ સુંદર ભોંયરું શોભે છે.
- જે ભોંયરામાં પચીસ પગથિયાંની પંક્તિ શોભી રહી છે.
- પગથિયાં ઊતરવાના દ્વારમાં લોકોનાં વિઘ્નોને નાશ કરનારું હાથીનું મુખ શોભી રહ્યું છે.
- દશ હાથ ઊંચું અને ચાર ખૂણાવાળું ને દસ દિગપાલને બેસવા મંડપ હોય તેમ શોભે છે.
- આ ભોંયરામાં પ્રભુને નમસ્કાર માટે આવેલા પહેલા-બીજા દેવલોકના ઈન્દ્રો સૂર્ય- ચંદ્રની દેવીઓ અને લક્ષ્મી-સરસ્વતીથી યુક્ત છવ્વીસ દેવકુલિકાઓ શોભી રહી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

- આ ભોંયરામાં પાપરૂપી હરણીયાને ખાવાની ઇચ્છાવાળા ધર્મરૂપી સિંહનાં મુખો હોય તેવાં પાંચ દ્વારો શોભી રહ્યાં છે.
- આ ભોંયરામાં પાંચ દ્વારો અને ચમરેન્દ્ર ધરણેન્દ્ર જેવા બે દ્વારપાલો અને ત્યાગાદિ-ધર્મ સ્વરૂપ ચાર ચામરધારીઓ શોભે છે.
- આ ભોંયરાના ગર્ભગૃહમાં સાડત્રીસ અંગુલની આદિનાથ પ્રભુની મૂર્તિ શોભે છે.
- શ્રી વીરપ્રભુની ૩૩ અંગુલની અને શ્રી શાંતિનાથ ભગવાનની ૨૭ અંગુલ પ્રમાણવાળી ઉત્તમ મૂર્તિ શોભે છે.
- આ ભોંયરામાં દશ હાથીઓ શોભે છે, અને અષ્ટકર્મરૂપી હાથીઓને હણવા માટે આઠ સિંહો શોભે છે.
- સ્તમ્ભતીર્થ નગરીને વિશે ભૂષણરૂપ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું ચૈત્ય કોણા(ના) આશ્ચર્ય માટે ન થાય ?
- જ્યાં સુધી આકાશમાં સૂર્ય-ચંદ્ર છે ત્યાં સુધી આ બંને (સૂર્ય-ચંદ્ર) સજ્જનોના માર્ગમાં સ્વયં અત્યંત ઘણા પ્રકાશને ફેલાવે અને શ્રી સ્તંભણતીર્થની ધરતીરૂપી રમણી(સ્ત્રી)ના કપાળમાં મનોહર એવું આ ચૈત્ય લાંબા કાળ સુધી જય પામે.
- પંડિતોમાં તિલક સમાન અને બુદ્ધિરૂપી ધન વડે અગ્રેસર એવા લાભ વિજય વડે શોધાઈ અને ગુરુભાઈ નામથી શ્રીકીર્તિવિજય વડે હર્ષથી આ લખાઈ છે. (લખેલ છે.)
- કાબેલ દિગપાલ સમાન બાદશાહ અકબર અને દરિયાનો સ્વામી, પરતકાલ રાજા (ગોવા-નરેશ મલેક ફિરંગી પરતકાલય શાહ) તે બંનેની આગળ પણ આ બંને અત્યંત પહોંચેલા હતા. તે બંને દિશાઓમાં અસાધારણ એવા એ બંનેની પ્રસિદ્ધિ હતી.
- સાક્ષાત્ વર્ણિની ન હોય તેવી ગુણથી વ્યાપ્ત, સદ્ અલંકારવાળી, વૃત્તિને ભજનારી એવી આ પ્રશસ્તિ સુશિલ્પી શ્રીધર વડે કોતરાઈ છે.
- જ્યાં સુધી આકાશમાં સૂર્ય-ચંદ્ર છે ત્યાં સુધી શ્રી સ્તંભતીર્થની ધરતીરૂપી રમણીના ભાલમાં મનોહર એવું આ ચૈત્ય લાંબા કાળ સુધી જય પામે.
- પંડિતોમાં તિલક સમાન લાભ વિજય વડે શોધાઈ અને તેમના ગુરુભાઈ શ્રી કીર્તિવિજય વડે હર્ષથી આ પ્રશસ્તિ લખાઈ છે.
- આ પ્રમાણે પરિક્ષકામાં પ્રધાન(પારેખ) ૫૦ વાજીઆ, ૫૦ રાજીયા નામના ભાઈઓએ બનાવેલ શ્રી ચિંતામણિ પાર્શ્વજિનપુંગવના પ્રાસાદની પ્રશસ્તિ સંપૂર્ણ થઈ. ॥ કલ્યાણ થાઓ ॥
- જીવતા એવા પણ વાદીઓ જેમના વડે નિશ્ચેતન કરાયા તેમના પ્રતાપનું માહાત્મ્ય આનાથી બીજું શું વર્ણવાય ?

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

- ભમરા વડે જેમ કમલ અલંકૃત કરાય તેમ શ્રી અકબર રાજા વડે સુંદર આદરપૂર્વક બોલાવાયેલા જેઓ વડે લાભપુરને અલંકૃત કરાયું હતું.
- વાદીના સમૂહના જય રૂપી સમુદ્રમાંથી જન્મેથી જેઓની કીર્તિ શ્રી અકબર બાદશાહની આભારૂપી સુંદરીના હૈયે મોતી સ્વરૂપ બનેલી હતી.
- બાદશાહે પહેલા જે અમારી વગેરેનું (ફરમાન) શ્રી વિજયહીરસૂરીશ્વરજી આચાર્ય ભગવંતને આપેલું તે સઘળું જેમણે સ્વાધીન કર્યું.
- પરમેશ્વરપણાથી સુશોભિત વિશ્વોત્તમ એવા અરિહંતને સાક્ષાત્ અકબર બાદશાહના ગૃહમાં સંસ્થાપિત કરીને લક્ષ્મીથી પ્રત્યક્ષ શૂર એવા જેમણે વાદોન્માદી એવા અગ્રેસર બ્રાહ્મણ ભટ્ટોને નિશાચર જેવા બંધ આંખોવાળા કરી દીધા હતા.
- જેણે અંધકારના સમૂહો(નો) નાશ કર્યો છે એવી સાત ફણાઓ જેના મસ્તક ઉપર સાતેય લોકમાં એકીસાથે સારી રીતે પ્રકાશ કરવા માટે દેદીપ્યમાન દીપકો જાણે ન હોય તેમ શોભી રહી છે.

આ પ્રમાણે પારેખ પ૰ વજીયા, પ૰ રાજીયા નામના ભાઈઓએ બનાવેલ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિન પુઙ્ગ(વ)ના પ્રાસાદની પ્રશસ્તિ સંપૂર્ણ થઈ.

॥ કલ્યાણમસ્તુ ॥

॥ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય ॥

॥ પ્રશસ્તિ ॥.....૬૦.....ૐ

નંબર -૨

- વામા દેવીથી ઉત્પન્ન થયેલ અને વિઘ્નોના નાશ કરવામાં દેવ સમાન એવા પાર્શ્વનાથ ભગવાનને નમસ્કાર કરું છું.
- લુચ્ચા એવા કમઠ દાનવે પથ્થરોના સમૂહની જેમ વરસાવેલું પાણી જેમની પ્રશમ વજીના જેવી અગ્નિની જ્વાળાથી ભસ્મસાત્ થયું હતું તેવા પાર્શ્વનાથ પ્રભુ તમને લક્ષ્મીને આપો.
- આ સંસારમાં રહેલ બાહ્ય અને આંતર શત્રુઓને જેણે જીતી લીધા છે તેવા અને કામદેવ વડે સ્તવાયેલા એવા પાર્શ્વનાથ ભગવંતને નમસ્કાર કરું છું.
- અતિ દિવ્ય એવા ગુર્જર દેશમાં અતિ દેદીપ્યમાન કાન્તિવાળો શ્વેત આતપ જેવો ઉજ્જ્વલ વિશ્વમાં પ્રખ્યાત એવા ચૌલુક્ય નામનો વંશ છે.
- તે વંશમાં ક્ષાત્રવટને ધારણ કરનાર વિજયી રાજ્યલક્ષ્મીથીયુક્ત શંભુપ્રસાદનો પુત્ર શ્રીમાન લુણિંગદેવ હતો. તેનાથી અસાધારણ વીર રસવાળો પ્રજાનો પાલક એવો વીરધવલ નામનો પુત્ર હતો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

- તેના પુત્ર મલ્લ જેવા શત્રુઓનું મર્દન કરનાર પ્રતાપમલ્લ અને બીજો શત્રુઓને જીતનાર અર્જુન નામનો પુત્ર હતો. તેનો કામદેવ સમાન રામદેવ નામે અને બીજો પુત્ર સારંગ દેવ નામે હતો.
- પિતાની ધુરાને વહન કરનારા તે બંને ભાઈઓ રામકૃષ્ણ જેવા શોભતા હતા.
- દરેક નગરમાં તિલકભૂત મહાપુરુષો વડે જયરૂપી લક્ષ્મી વડે પૂજાયેલું એવું સ્તંભતીર્થ નામનું નગર હતું.
- તે નગરમાં સજ્જન પુરુષોમાં આદર્શભૂત સત્ય પ્રતિજ્ઞાવાળો મહાપ્રસિદ્ધમાન મોઢવંશમાં ઉત્પન્ન થયેલ ખેલા નામનો પ્રખ્યાત શ્રેષ્ઠિ હતો.
- અને તે ખેલા શ્રેષ્ઠીને રૂપ અને લક્ષણથી યુક્ત સૌભાગ્યવાળી એવી વાદડાં નામે ધર્મપત્ની હતી.
- સહસ્રકીર્તિ ગુરુ મ૦ના ઉપદેશથી વાદડા સતીએ પાર્શ્વનાથ ભગવાનનું ચૈત્ય બનાવ્યું તે જાણે વાદડાદેવીનું સાક્ષાત્ પુણ્ય જ ન હોય તેવું નાગદેવની ફણાના અગ્રભાગે રહેલું રત્ન જ ન હોય તેવું તે શોભતું હતું.
- ખેલજી અને વાદડા દેવીને અનન્યગુણ રૂપી લક્ષ્મીવાળો સર્વ લોકને પ્રિય એવો વિકલ નામે પુત્ર થયો. તેને પોતાના કુલને આબાદીવાળું બનાવ્યું.
- બંનેને રત્નદેવી નામે બેન હતી. તે ધનસિંહ(ને) પરણાવેલ. તેણીને રત્ન સમાન પોતાના વંશનો ઉદ્ધાર કરવામાં વૃષભ સમાન એવા આસ્વડ ભીમા જાલ્હાણ, કાકલ, વયજલ્લ, ખીમડ, ગુણિમ આદિ પુત્રો થયા
- તેના કાકાના પુત્ર યશોવીરની સાથે જૈન અને શૈવ બંને ધર્મનું પાલન કરતો હતો.
- આસ્વડને પ્રીતિ વડે રામ અને લક્ષ્મણ જેવા બે પુત્રો થયા, આસ્વડને જાલ્હા દેવી નામની પત્ની હતી.
- ખેતલ રાજાને ગુણિ-જનોમાં ગણના કરવા લાયક સિંહના બાળની જેમ નિર્ભય એવો વિજયસિંહ નામે પ્રખ્યાત થયો હતો.
- તે વિજયસિંહનો નાનો ભાઈ લાલ નામે મરી ગયે છતે તેનાં શ્રેયાર્થે આ જિનાલયનો જીર્ણોદ્ધાર વિજયસિંહે કરાવ્યો હતો.
- પોતાના કુળને વધારવામાં સૂર્ય સમાન, દીનનો ઉદ્ધાર કરવામાં કલ્પવૃક્ષ સમાન વિજયસિંહ જયવંતા વર્તો.
- વિમલકીર્તિને અનુપમા દેવી અને શ્રીદેવી નામે બે સ્ત્રીઓ હતી અને તેના મોટા ભાઈને સુહવી નામે પત્ની હતી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

- તે વિજયસિંહને દેવસિંહ નામે કુલમાં ઉદ્યોતને કરનારો પુત્ર થયો.
- તે વિજયસિંહ રાજા વિદ્વાન પુરુષોમાં પ્રશંસાપાત્ર યશના નિધિ સમાન એવા યશઃકીર્તિ આચાર્યના પ્રતિબોધથી અરિહંત ભગવાનની ત્રિકાલ પૂજા કરતો હતો.
- હુંકાર વંશમાં જન્મેલ સાઙ્ગન સિંહપુર વંશમાં જન્મેલ જેતાજી પ્રહલાદ નામના શ્રાવકનું વર્ણન કરેલ છે.
- શોભદેવ, ધાંધુ, કલ્હુ, હલ્લ, રાહડ, ગજગતિ, તેના પુત્રો ધામા, નભોપતિ, નોડેક શુભ શૌડ, ઘહેડ, સોમ, અજયદેવ, ખેતહરિ, વાયણ, દેદાશેઠ, રત્ના, છાજુ, આદિ શાહુકાર થયા હતા તેઓ જિનભક્ત હતા, તે સર્વેએ પાર્શ્વનાથ ભગવાનની વિધિપૂર્વક પૂજા થતી રહે તે માટે લાગો બાંધ્યો.
- વસ્ત્ર, ખાંડ, કુષ્ટ, મુરૂ, માસી, સટંકણ, ચામડું, રંગ, આદિથી ભરેલા એક બળદ દીઠ એક દ્રમ્મ; ગોળ, ખાંડ, કાંબલ, તેલ આદિ દ્રવ્યોથી ભરેલ બળદ દીઠ અડધો દ્રમ્મ એમ માલ ઉપર કર નાંખવામાં આવ્યો. આ કર વડે પાર્શ્વનાથ પ્રભુની પૂજા વગેરે થાય તેવું લખાણ સંવત ૧૩૫૨માં કર્યું. આ લખાણ કર્યું ત્યારે સારંગ દેવ રાજા રાજ્ય કરતો હતો, જે મંદિરના ખર્ચ માટે લાગો બાંધ્યો તેની દેખરેખ નાના, તેજા, ધના, મોષા, આહરા, દેવો, અજયદેવ ભોજદેવ, આલ્હ રત્નાશેઠ આદિ રાખતા હતા.

આ પ્રશસ્તિ વિ૰ સં૰ ॥ છ..... ૬૪૩ ॥ ૬. સોમાએ લખી અને સૂત્રધાર પાલ્હાકે કોતરી છે.

॥ કલ્યાણ થાઓ ॥

(જિનાલયના જીર્ણોદ્ધાર અંગેનો લેખ)

- શ્રી ગંધારના વતની ૫૰ જસિયા તેની ભાર્યા જસમાદે હાલ સ્તમ્ભતીર્થ નગરમાં રહેનાર તેમના પુત્ર રત્નપરીક્ષકોમાં અગ્રણી શ્રાવકરત્ન ૫૰ વાજીયા ૫૰ રાજીયા તેમની પત્ની વિમલાદે, કમલાદે, વડીલભાઈના પુત્ર મેઘજીના પત્ની મયગલદે આદિ પરિવારથી યુક્ત પરમતારક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન અને વર્ધમાનસ્વામીની ભવ્ય પ્રતિમાની પ્રતિષ્ઠા શ્રી ચિંતામણિ ભગવાનના ચૈત્યમાં કરાવી.
- સમ્રાટ અકબર બાદશાહ પ્રતિબોધક પૂ૰ પા૰ આચાર્ય શ્રી હીરસૂરીશ્વરજી મ૰ના પટ્ટ પ્રભાવક નિઃસ્પૃહ શિરોમણિ, વાજીયા રાજીયા શ્રેષ્ઠીનાં પ્રતિબોધક પૂ૰ પાદ આચાર્ય ભ૰ શ્રી૰ વિજયસેન સૂ૰ મ૰ ના વરદ હસ્તે **વિ૰ સં૰ ૧૬૪૪ શાલે** શુભમુ(હુ)તે મહોત્સવ અને ઉલ્લાસપૂર્વક પુષ્કલ ધનનાં સદ્વ્યયપૂર્વક કરાવી હતી.
- આ નયનરમ્ય દેવ વિમાન જેવા સુંદર વિશાલ જિનાલયનું નામ "કામદ" છે.
- ત્યારબાદ વિ૰ સં૰ ૨૦૪૭ શાલે પૂ૰ પાદ સુવિશાલ ગચ્છાધિપતિ સંઘ ધર્મસંરક્ષક શ્રીમદ્

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ૦ સા૦ના પરમાશિષપૂર્વક તપગચ્છ જૈન અમરશાળા સંઘે આ ચૈત્યનો જીર્ણોદ્ધાર કરવાનો પ્રારંભ કર્યો હતો.

- તેની પૂર્ણાહુતિ તેજ પરમારાધ્ય પાદ્શ્રીના લઘુબંધવા તપસ્વી સમ્રાટ આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રાજતિલકસૂરી મ૦ સા૦ તેમજ સુવિશાલ ગચ્છાધિપતિ આ૦ દેવ૦ શ્રી શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મ૦ સાહેબની પાવનીય ઉપસ્થિતિમાં વિ૦ સં૦ ૨૦૫૧ સાલનાં વૈશાખ સુદ ૧૦, બુધવારે તા૦ ૧૦-૫-૯૫ના શુભદિન શુભમુહૂર્તે પરિપૂર્ણ થયો છે. તથા તે જ દિવસે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભ૦ ના ઘુમ્મટ પર ધ્વજાદંડ તથા ધ્વજા ચડાવેલ છે.

॥ કલ્યાણ મસ્તુ ॥

- શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભ૦ ના પ્રાચીન શ્રી જિનમંદિરની નગર સન્મુખ દૃષ્ટિ સંપાદન કરવાના મંગલહેતુથી નવનિર્મિતિ થયેલ આ ચતુર્મુખ શ્રી જિનાલય સ્વ૦ પૂ૦ આ૦ ભ૦ શ્રી કર્મસાહિત્યનિષ્ણાત શ્રી પ્રેમ સૂ૦ મ૦ના પટ્ટાલંકાર પરમશાસન પ્રભાવક સુવિશાલ ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય રામચન્દ્રશ્વરજી મ૦ સાહેબ ૯૫ વર્ષની વૃદ્ધ વયે વિશાલ સાધુ-સાધ્વી ભ૦ ની તથા વિશાળ ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં સં૦ ૨૦૪૬ જેઠ વદ ૨ના પ્રતિષ્ઠા કરવામાં આવેલ છે.

- પ્રવેશદ્વારની ડાબી બાજુ સ્વ૦ સુવિશાલ ગચ્છાધિપતિ આ૦ ભ૦ શ્રીમદ્ વિજયરામચન્દ્ર સૂરીશ્વરજી મ૦ નું ભવ્યાતિભવ્ય ગુરુ મંદિર શોભી રહ્યું છે. જેઓની અંતિમ ચાતુર્માસ ભૂમિ ખંભાત નગર બની હતી. તેઓના સંસારી મામા કુલચંદ લાલચંદ દહેવાણવાળા પરિવાર એ ગુરુમંદિર તથા ગુરુમૂર્તિનો સંપૂર્ણ લાભ લઈ અદ્વિતીય વર્ધમાન તપારાધના સૂરિપ્રેમના પટ્ટાલંકાર પૂ૦ આ૦ ભ૦ શ્રી રાજતિલક સૂ૦ મ૦ તથા સૂરિરામના પટ્ટાલંકાર ગચ્છાધિપરતિ આ૦ ભ૦ શ્રી મહોદય સૂ૦ મ૦ની નિશ્રામાં સં૦ ૨૦૫૧ વૈ૦ સુ૦ ૭ રવિવારના રોજ પ્રતિષ્ઠા થયેલ, તથા પ્રવેશદ્વારની જમણી બાજુ પૂ૦ નીતિવિજયજી દાદા, પૂ૦ વિરસૂરિ મ૦, પૂ૦ ખાન્તિ વિજય મ૦, પૂ૦ વિજયાનંદસૂરિ મ૦, પૂ૦ કમળસૂરિ મ૦, પૂ૦ દાનસૂરિ મ૦, પૂ૦ લબ્ધિસૂરિ મ૦ તથા પૂ૦ પ્રેમસૂરિ મ૦ની ગુરુમૂર્તિઓ શોભી રહી છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચિંતારીબજાર

આદેશ્વરજી (સં૰ ૧૯૦૦ પહેલાં)

સાગોટા પાડો-હાલના ચિંતારીબજાર નામે પ્રસિદ્ધ વિસ્તારમાં એક જ કંપાઉંડમાં આવેલ-ચોમુખજી તથા ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયની સામે આદેશ્વરજીનું શિખરબંધી જિનાલય આવેલું છે.

મૂળનાયક આદેશ્વરજીની પ્રતિમા પર કોઈ લેખ નથી. આ જિનાલયનો સૌ પ્રથમ ઉલ્લેખ **સં૰ ૧૯૦૦**માં ખંભાતનાં જિનાલયોની સૂચિમાં પ્રાપ્ત થાય છે. તે સમયે સાગોટાપાડામાં વિદ્યમાન ચાર જિનાલયો પૈકી આ જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૫૩માં નીચે મુજબ થયેલો છે. તે સમયે પણ આ જિનાલય દક્ષિણાભિમુખ દર્શાવવામાં આવ્યું હતું.

અથ સાગોટાપાડામાં દેહરાં ૪ની વિગત

૫૦. શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ

.....

૫૩. **શ્રી આદિસર ભગવાનું દેહરું દક્ષિણ સન્મુખ**

સં૰ ૧૯૪૭માં પ્રગટ થયેલ **જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથ**ની પ્રસ્તાવનામાં આ જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૨૮માં દંતારવાડા વિસ્તારમાં કરવામાં આવ્યો છે.

દંતારવાડામાં

૨૨. શાંતિનાથનું.

.....

૨૬. ચીંતામણ પારસનાથજીનું

૨૭. ગોડી પારસનાથજીનું

૨૮. **રીખવદેવ સ્વામીનું.**

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં આદેશ્વરજીનું આ જિનાલય **બજાર વચ્ચે** ધાબાબંધી જિનાલય તરીકે દર્શાવવામાં આવ્યું છે. તે સમયે જિનાલયમાં પાષાણની ઓગણત્રીસ પ્રતિમાજીઓ બિરાજમાન હતી. જિનાલયના મકાનની સ્થિતિ સારી હતી.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં સાગોટાપાડામાં આવેલા આદેશ્વરજીના જિનાલયમાં પાષાણની ત્રીસ પ્રતિમાજીઓ બિરાજમાન હતી. તે સમયે જિનાલયનો વહીવટ નેમચંદ સકરચંદના પુત્ર હસ્તક હતો.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં આદેશ્વરજીનું જિનાલય **બજારમાં** ધાબાબંધી તરીકે દર્શાવવામાં આવ્યું છે. તે સમયે જિનાલયમાં પાષાણની અઠ્ઠાવીસ પ્રતિમાજીઓ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બિરાજમાન હતી અને જિનાલયનો વહીવટ શેઠ ચંદુલાલ ભોગીલાલ હસ્તક હતો. તે સમયે જિનાલયના મકાનની સ્થિતિ સારી હતી. આજે જિનાલયનો વહીવટ સાગોટાપાડામાં જ નિવાસ કરતા શ્રી વિજયભાઈ અમરતલાલ શાહ, શ્રી કિશોરભાઈ અમરતલાલ શાહ અને શ્રી મહેન્દ્રભાઈ શીવલાલ હસ્તક છે.

બે પ્રવેશદ્વાર વાળા આ જિનાલયનો રંગમંડપ સાદો છે. રંગમંડપમાં જમણી બાજુની દીવાલ પર સિદ્ધાચલજીનો ચિત્રિત કરેલો પટ છે. મુખ્ય ગર્ભદ્વારની ઉપરની દીવાલ પર ચંદનબાળાના હાથે પ્રભુનું પારણું તથા પ્રભુના આગમનના પ્રસંગનું ચિત્રાંકન થયેલું છે. મુખ્ય ગર્ભદ્વારની આજુબાજુ બારીઓ છે. જમણી બાજુની બારી ઉપરની દીવાલ પર ૧૧ ગણધર સાથે વીર પ્રભુ અને ડાબી બાજુ બારી ઉપરની દીવાલ પર ત્રિશલામાતાને આવેલાં ચૌદ સ્વપ્નોનું ચિત્રકામ થયેલ છે.

જમણી બાજુની બારી પાસે રંગમંડપમાં એક પ્રવેશદ્વાર છે. જ્યાંથી જમણી બાજુ સીધા જતાં જિનાલયની બહાર નીકળાય છે. આ જિનાલયનો તે બીજો પ્રવેશદ્વાર છે.

ગભારો સાદો છે. ગભારામાં આદેશ્વરજીની અષ્ટપ્રાતિહાર્ય પરિકરયુક્ત પ્રતિમાજી મૂળનાયક તરીકે બિરાજે છે. મૂળનાયકની ડાબી બાજુની બારી સન્મુખ ઋષભદેવજી બિરાજમાન છે. આ પ્રતિમાજીના લેખમાં "સં૰ ૧૫૨૩...શ્રે સોમા....."મુજબનું લખાણ વંચાય છે તથા જમણી બાજુ બારી સન્મુખ કુંથુનાથજી બિરાજમાન છે. આ પ્રતિમાજીના લેખમાં "સં૰ ૧૬૬૭.....કર્મા દે .." મુજબનું લખાણ વંચાય છે. જિનાલયમાં પાષાણની પચીસ પ્રતિમાજીઓ બિરાજે છે. જે પૈકી એક મોટા કાઉસ્સગ્ગીયા આદેશ્વરજીની પ્રતિમાજી ગભારામાં ડાબી બાજુ ગોખમાં બિરાજમાન છે. તેમની બાજુમાં જીર્ણ થઈ ગયેલ આરસનો માતૃકા પટ છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૯૦૦ પહેલાના** સમયનું છે.

• • •

ચિંતારીબજાર - સાગોટા પાડો

ચૌમુખજી (સં૰ ૨૦૪૬)

સાગોટા પાડામાં - ચિંતારીબજારમાં એક જ કંપાઉંડમાં અલગ-અલગ ત્રણ જિનાલયો તથા પાંચ ગુરુમંદિરો આવેલાં છે. મુખ્ય પ્રવેશદ્વારથી કંપાઉંડમાં પ્રવેશતાં પ્રથમ ચૌમુખજીનું શિખરબંધી જિનાલય દૃશ્યમાન થાય છે. આ જિનાલયની પાછળની બાજુએ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજીનું જિનાલય આવેલું છે. મૂળનાયકની ડાબી બાજુ એક શિલાલેખ છે, જે નીચે મુજબ છે :

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથાય નમઃ

શ્રી સ્થંભન તીર્થમાં ત્રણ દરવાજા વિસ્તારમાં આવેલ બજારના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનના પ્રાચીન શ્રી જિનમંદિરની નગર સન્મુખ દૃષ્ટિ સંપાદન કરવાના મંગલ હેતુથી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નવનિર્મિત થયેલ આ ચતુર્મુખ શ્રી જિનાલયની ખનનવિધિ સં૰ ૨૦૪૪ના મહા સુદ ૪ને શનિવાર તા૰ ૨૩-૧-૮૮ના રોજ તથા શીલાસ્થાપનવિધિ સં૰ ૨૦૪૪ના મહા સુદ ૧૦ને શુક્રવાર તા૰ ૨૯-૧-૮૮ના રોજ કરવામાં આવેલ છે. તેમજ આ નૂતન શ્રી જિનમંદિરના મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવંતાદિ શ્રી જિનબિંબોની તથા ગોખલામાં બિરાજમાન સ્ફટિકના શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિષ્ઠાવિધિ સકલાગમ રહસ્યવેદી... આચાર્યવેશ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજની તારક નિશ્રામાં વિશાળ ચતુર્વિધ શ્રી સંઘની ઉપસ્થિતિમાં સં૰ ૨૦૪૬ના જેઠ વદ ૨ને રવિવાર તા૰ ૧૦-૬-૯૦ ના રોજ સવારે ૭કલ્લે ૩૧ મિ૰ અષ્ટાહ્નિક મહોત્સવપૂર્વક કરવામાં આવેલ છે.

લાભની વિગતો	લાભ લેનાર મહાનુભાવો
(૧) મુખ્ય શિલા સ્થાપન	શ્રી બાબુભાઈ છગનલાલ શ્રોફ પરિવાર
(૨) શ્રી પાર્શ્વનાથ ભગવાન	શ્રી રમણલાલ દલસુખભાઈ શ્રોફ પરિવાર
(૩) શ્રી મુનિસુવ્રત ભગવાન (જમણે)	શ્રી કેશવલાલ વજેચંદ કાપડિયા પરિવાર
(૪) શ્રી શીતલનાથ ભગવાન (ડાબે)	શ્રી બાબુભાઈ કેશવલાલ હીરાચંદ પરિવાર
(૫) શ્રી ધર્મનાથ ભગવાન (પાછળ)	શ્રી બાપુલાલ શનીલાલ પરિવાર
(૬) સ્ફટિક શ્રી શાંતિનાથ	શ્રી બંસીલાલ અંબાલાલ શાહ પરિવાર
(૭) ધ્વજાદંડ (કાયમી)	શ્રી રમણલાલ દલસુખભાઈ શ્રોફ પરિવાર
(૮) કળશ સ્થાપન	શ્રી રમણલાલ વજેચંદ પરિવાર
(૯) દ્વારોદ્‌ઘાટન	શ્રી શાંતિલાલ મણિલાલ શ્રોફ

ચૌમુખજીના ચાર પ્રતિમાજીઓ પૈકી પાર્શ્વનાથજીની પ્રતિમા ચિંતામણિ પાર્શ્વનાથજીના જિનાલયમાંથી લાવી પધરાવામાં આવી છે. એના લેખ પર **સં૰ ૧૬૭૦**નો ઉલ્લેખ મળે છે. પાર્શ્વનાથના જમણે મુનિસુવ્રત, ડાબે શીતલનાથ તથા પાછળ ધર્મનાથજીની આરસની પ્રતિમાજીઓ બિરાજમાન છે. જે પ્રતિમાજીઓની અંજનશલાકા વિધિ આચાર્યશ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી દ્વારા સં૰ ૨૦૦૨ વૈશાખ સુદ ૧૧ ના દિવસે મહેસાણામાં થયેલી હતી તેનો મૂર્તિલેખ નીચે મુજબ છે :

મુનિસુવ્રત સ્વામી :

સં૰ ૨૦૦૨ વૈ૰ સુ૰ ૧૧ શનૌ ખંભાત વાસ્તવ્ય શ્રી૰ જ્ઞા૰ શ્રે૰ દલસુખભાઈ સુત રમણલાલેન બંધુ નટવરલાલ શ્રેયાર્થ શ્રી મુનિસુવ્રત બિંબ કારિત રાજનગરે શ્રેષ્ઠી નાથાલાલ સુત રતિલાલ કૃતાંજનશલાકા મહેસાણા આચાર્ય શ્રી વિજય સિદ્ધિસૂરિભિઃ પ્રતિષ્ઠિતમ્ ।

ધર્મનાથ :

સં૰ ૨૦૦૨ વૈ૰ સુ૰ ૧૧ શનૌ ખંભાત વાસ્તવ્ય શ્રીમાળ જ્ઞાતિય શ્રેષ્ઠી જગુ સુત મૂળચંદે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્વપિતૃ શ્રેયાર્થે શ્રી ધર્મનાથ બિંબ કારિત રાજનગરે શ્રેષ્ઠી નાથાલાલ સુત રતિલાલ કૃતાંજનશલાકા મહેસાણા આચાર્ય શ્રી વિજય સિદ્ધિસૂરિભિઃ પ્રતિષ્ઠિતમ્ ।

શીતલનાથ :

સં૰ ૨૦૦૨ વૈ૰ સુ૰ ૧૧ શનૌ ખંભાત વાસ્તવ્ય શ્રી૰ જ્ઞા૰ રમણલાલેન સ્વપિતૃ શ્રી દલસુખભાઈ શ્રેયાર્થ શ્રી શીતલનાથ બિંબં કા૰ રાજનગરે શ્રે૰ નાથાલાલ સુત રતિલાલ કૃતાંજનશલાકા મહે૰ તપાગચ્છાચાર્ય શ્રી વિજય સિદ્ધિસૂરિભિઃ પ્રતિષ્ઠિતમ્ ।

ટૂંકમાં આ જિનાલયની પ્રતિષ્ઠા **સં૰ ૨૦૪૬માં** થયેલી છે.

• • •

ચોળાવાડો

સુમતિનાથ - ચૌમુખજી(સં૰ ૧૯૦૦ પહેલાં)

ચોળાવાડો વિસ્તારમાં શ્રી સુમતિનાથ-ચૌમુખજીનું ઘુંમટબંધી જિનાલય આવેલું છે.

જિનાલયમાં ગભારાની રચના રંગમંડપમાં જ વચ્ચોવચ કરવામાં આવેલી છે. એમાં ચૌમુખજી પ્રતિમાજીઓ બિરાજમાન છે. ચારે પ્રતિમાજીઓ અલગ અલગ તીર્થંકર ભગવાનની છે. તે અનુક્રમે શ્રી સુમતિનાથ, શ્રી પાર્શ્વનાથ, શ્રી અજિતનાથ તથા શ્રી સુપાર્શ્વનાથ છે. પ્રતિમાજીઓ પાષાણની છે. ચારેય પ્રતિમાજીઓ મૂળનાયક તરીકે બિરાજમાન છે. મૂળનાયક ચૌમુખજીના ચારેય પ્રતિમાજી ઉપર સં૰ ૧૬૬૪..... મહા સુદિ ૧૦..... શનિવાર એ મુજબનું લખાણ વંચાય છે.

(૧) ચૌમુખજીના શ્રી સુમતિનાથજીની પ્રતિમા પર નીચે મુજબનું લખાણ વંચાય છે :

સંવત ૧૬૬૪ વર્ષે મહા સુદિ ૧૦ શનૌ શ્રી ઔસવાલ જ્ઞાતિય વૃદ્ધ શાખાય...પરમ શ્રાવક સમકિત ધારક સો૰ શ્રી ।...

(૨) **પાર્શ્વનાથ**

સંવત ૧૬૬૪ વર્ષે મહા સુદિ ૧૦ શનૌ શ્રી ... સો. કરઆતિત બાઈ પરમ શ્રાવક સો૰ ..

(૩) **અજીતનાથ**

સંવત ૧૬૬૪ વર્ષે મહા સુદિ ૧૦ શનૌ ઔસવાલ જ્ઞાતિય..... ભાર્યા બાઈ... તત્ સુત સો૰ લાલ । ...

(૪) **સુપાર્શ્વનાથ**

'સંવત ૧૬૬૪ વર્ષે મહા સુદિ ૧૦ શનૌ....

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ જિનાલયનો સૌ પ્રથમ ઉલ્લેખ સં૰ ૧૯૦૦માં નીચે મુજબ મળે છે :

અથ ચોલાવાડામાં દેહરું ૧ -

૬૪ શ્રી મેરુ પર્વતની સ્થાપના શ્રી સુમતિનાથનો ચઉમુખ દેવકુંયરબાઈનું દેહરું.

એટલે કે આ જિનાલય **સં૰ ૧૯૦૦**માં દેવકુંવરબાઈનું દેહરું તરીકે જાણીતું હતું. ઉપરાંત મેરુ પર્વતની સ્થાપનાનો ઉલ્લેખ પણ આ જિનાલયમાં થયેલો છે :

સં૰ ૧૯૪૭માં જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથની પ્રસ્તાવનામાં ચોળાવાડામાં સુમતીનાથજીના જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૧૯માં થયેલો છે :

ચોળાવાડામાં

૧૯ સુમતીનાથજીનું.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં સુમતિનાથજીના જિનાલયનો ઉલ્લેખ ચોળાવાડો વિસ્તારમાં ધાબાબંધી તરીકે થયેલો છે. તે સમયે જિનાલયમાં પાષાણની ચાર પ્રતિમાજીઓનો ઉલ્લેખ થયેલો છે અને જિનાલયના મકાનની સ્થિતિ સારી દર્શાવેલી છે.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં ચોળાવાડામાં સુમતિનાથજીના જિનાલયનો ઉલ્લેખ ચૌમુખજી તરીકે થયેલો છે. તે સમયે પાષાણની ચાર પ્રતિમાજીઓ બિરાજમાન હતી. પૃ૰ ૫૩ ઉપર આ જિનાલય વિશે નીચે મુજબની નોંધ મળે છે :

'ચોળાવાડામાં ... સુમતિનાથ પ્રભુનો ચોમુખી દશાસૂચક, ત્રિગઢનો ખ્યાલ આપતો કોરણીવાળો દેખાવ દર્શનીય છે.' તે સમયે જિનાલયનો વહીવટ વજેચંદ ખીમચંદ અને પોપટલાલ પાનાચંદવાળાને હસ્તક હતો.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં ચોળાવાડામાં સુમતિનાથના જિનાલયનો ઉલ્લેખ ઘુમ્મટબંધી તરીકે થયેલો છે. તે સમયે પાષાણની ચાર પ્રતિમાજીઓ વિદ્યમાન હતી. ઉપરાંત ધાતુની એક ગુરુમૂર્તિનો ઉલ્લેખ આવે છે. તે સમયે જિનાલયના મકાનની સ્થિતિ સારી હતી અને જિનાલયનો વહીવટ શેઠ મનસુખલાલ બાબુલાલ હસ્તક હતો. આજે જિનાલયનો વહીવટ પ્રકાશભાઈ ચીમનલાલ શાહ તથા સંદીપભાઈ હસમુખલાલ શાહ હસ્તક છે જેઓ ચોળાવાડામાં જ રહે છે.

આ જિનાલયની વર્ષગાંઠ મહા સુદ ૧૦ ને દિવસે આવે છે અને ઉપર જણાવ્યા મુજબ ચૌમુખજીના ચારેય પ્રતિમાજી પરના લેખમાં સં૰ ૧૬૬૪ની સાથે મહા સુદ ૧૦ નો જ ઉલ્લેખ સ્પષ્ટ રીતે થયેલો છે.

જિનાલયનો મુખ્ય દરવાજો કાષ્ઠની સુંદર કોતરણીવાળો છે. જિનાલયમાં રંગમંડપ તથા ગભારાની દીવાલો પરનું ચિત્રકામ દર્શનીય છે. અહીં આપણને વિવિધ તીર્થનાં પટ તથા ચરિત્રો અને જીવનપ્રસંગોનાં ચિત્રાંકનો પ્રાપ્ત થાય છે. વળી ગર્ભદ્વારની લાકડાની કોતરણી, ગર્ભદ્વાર પાસેના દ્વારપાલનાં કાષ્ઠ શિલ્પો, કાષ્ટના થાંભલા તથા ચોકીની કોતરણી ઘણી જ કલાત્મક છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયમાં પ્રવેશ્યા પછી રંગમંડપમાં ડાબી બાજુની દીવાલ પર અમરકુમાર, અષાઢાભૂતિ તથા અવંતિકુમારના ચરિત્ર ચિત્રિત કરેલા છે. આગળ શત્રુંજય મહાતીર્થનો કોતરેલો રંગીન પટ છે. સુમતિનાથજીના પંચ કલ્યાણકના પટના દર્શન થાય છે. તેનાથી આગળ વધતાં કેસરિયાજી, આબુજી, તારંગાજી, સમેતશિખરજીના પટ એક જ દીવાલ પર ચિત્રિત કરેલા છે.

મૂળનાયકની પાછળની દીવાલ પર કામદેવ શ્રાવક તથા સુલસા શ્રાવિકા ચરિત્રો ચિત્રિત છે. વળી, અષ્ટાપદજી તથા પારણું કરાવતા ગૌતમસ્વામીનો પ્રસંગ હોવા ઉપરાંત તેની નીચેના પટમાં રાજગૃહી, મહાવીરસ્વામી, પાવાપુરી તથા ચંપાપુરી ચિત્રાંકન પામ્યા છે. તદુપરાંત, ભરત રાજાનો દરબાર પણ ચિત્રિત થયેલો જોવા મળે છે.

ત્રીજી દીવાલ પર શ્રીપાલ-મયણાનો પ્રસંગ, સુદર્શન શેઠનું ચારિત્ર, ઇલાચીકુમાર ચરિત્ર, મહાવીર સ્વામીના ત્રણ ઉપસર્ગો, આદિનાથજીના પારણા વગેરેનું સુંદર ચિત્રકામ છે.

ગભારાની બિલકુલ પાછળની દીવાલમાં જમણા ખૂણે નાના ગોખમાં બિરાજમાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીની પ્રતિષ્ઠા થોડાક સમય પહેલાં જ કરવામાં આવેલ છે. શંખેશ્વર પાર્શ્વનાથજીના ગોખની નીચેની દીવાલ પર લેખ છે જે નીચે મુજબ છે :

'નમો નમઃ શ્રી ગુરુ નેમિ સૂરયે

'શાસન સમ્રાટ પ૰ પૂ૰ આચાર્ય મ૰ શ્રી વિજયનેમિ વિજ્ઞાન કસ્તૂર-ચંદ્રોદયસૂરિશ્વરજી મ૰સા૰ ના શિષ્ય રત્ન પ્રશાંતમૂર્તિ પ૰ પૂ૰ પંન્યાસ પ્રવર શ્રી અજીતચંદ્રવિજયજી ગણિવર્ય મ૰સા૰ તથા પ૰ પૂ૰ ગણિવર્ય વિનીતચંદ્રવિજયજી મ૰સા૰ની શુભ નિશ્રામાં શ્રીયુત અમરચંદ ભગુભાઈના સુપુત્રો ચીમનલાલ, જયંતિલાલ, કીર્તિકુમાર, બીપીનકુમાર આદિ પરિવારે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા સંવત ૨૦૪૧ વૈશાખ સુદ ૭ ને શનિવારના રોજ કરાવેલ છે.'

જિનાલયના અલગ રંગમંડપમાં પદ્માવતી દેવી, મહાલક્ષ્મી દેવી તથા સરસ્વતી દેવીની પાષાણની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરેલ છે. આરસની બનેલી સુંદર કોતરણીવાળી છત્રીયુક્ત ગોખમાં આ મૂર્તિઓ બિરાજમાન છે. છત્રીના થાંભલા ઉપર પણ સુંદર કોતરણી છે. તેમાં મધ્યે બિરાજમાન પદ્માવતીદેવીની પ્રતિષ્ઠા સં૰ ૨૦૪૧ વૈશાખ સુદ ૬ ને શનિવારે તથા આજુબાજુમાં બિરાજમાન સરસ્વતીદેવી તથા મહાલક્ષ્મી દેવીની પ્રતિમાની પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૪માં મહા વદ ૧૦ ને રવિવારે શ્રીમદ્ વિજયગુણશીલસૂરીશ્વરજી મ૰ સા૰ની નિશ્રામાં થયેલી છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૯૦૦ પહેલાના** સમયનું છે એટલો આધાર મળે જ છે. મૂળનાયકના પ્રતિમા લેખો પરથી આપણે તેને સં૰ ૧૬૬૪નું ગણવા માટે વધુ સંશોધન અને પુરાવાઓની જરૂર છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાઘમાસીની ખડકી

ખંભાતમાં આજે વાઘમાસીની ખડકીના નામે પ્રચલિત વિસ્તારનો કેટલોક ભાગ અગાઉ **સં૦ ૧૬૭૩**માં **પટુઆ પોલ** તથા કેટલોક ભાગ **ઊંચી શેરી**ના નામે પ્રસિદ્ધ હતો. એટલે કે વાઘમાસીની ખડકીનો વિસ્તાર (૧) પટુઆ પોલ અને (૨) ઊંચી શેરી એમ બે વિભાગમાં વહેંચાયેલો હતો. તે સમયે પટુઆ પોલમાં સંભવનાથ — ભોંયરામાં શાંતિનાથ અને ઊંચી શેરીમાં બે જિનાલયો (૧) પાર્શ્વનાથ (૨) વિમલનાથ — મળીને કુલ ત્રણ જિનાલયો વિદ્યમાન હતાં. તેનો ઉલ્લેખ સં૦ ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં નીચે મુજબની પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે :

પટૂઆ કેરી પોલિ સંભારી, **સંભવનાથ** પૂજો નરનારી,
ઘઉ પરદષ્યણ સારી, હો. ॥૧૨

પંચાસ બ્યંબ તણો પરિવાર, **ભુંયરિ શાંતિનાથ** જયન સાર,
નીતિં કરું જોહાર, હો. ॥૧૩

ઊંચી સેરીમાં હવઈ આવઈ, **પાસ** તણો પ્રાસાદ વધાવઈ,
અઢાર બ્યંબ ચિતં ભાવઈ, હો. ॥૧૪

વીમલનાથનું દેહરું સાહમું, ઈગ્યાર બ્યંબ દેષી શર નામૂ,
સકલ પદારથ પામૂં, હો. ॥૧૫

સં૦ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં આ વિસ્તાર **બોર પીપળા** તરીકે જાણીતો હતો. તે સમયે આ વિસ્તારમાં (૧) સંભવનાથ (ભોંયરા યુક્ત) (૨) વિજય ચિંતામણિ પાર્શ્વનાથ - એમ કુલ બે જિનાલયો વિદ્યમાન હતાં. જેનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયેલા છે :

.....**બોરપીપલિ** ઉલ્હસઈ

સંભવનાથ કિરતી **ભુંઈરા સહીત** પંચ્યાસી જિન સુંદરૂ
એકસુ સતર **વિજય ચિંતામણિ** નમતાં આલસ પરિહરું ॥ ૪

સં૦ ૧૭૦૧ માં સૌ પ્રથમવાર **બોરપીપળા** નામના વિસ્તારનો ઉલ્લેખ મળે છે. આજે બોરપીપળા તરીકે જાણીતો વિસ્તાર તે સમયે સાલવી વાડ કે સાવલીની પોળ તરીકે ઓળખાતો હતો. અને તે વિસ્તારમાં, આજે બોરપીપળામાં વિદ્યમાન (૧) સંભવનાથ (૨) મુનિસુવ્રત (ભોંયરાયુક્ત) અન (૩) નવપલ્લવ પાર્શ્વનાથ — એમ કુલ ત્રણ જિનાલયનો ઉલ્લેખ થયેલો છે. તે સમયે સાલવીવાડ કે સાલવીની પોળના આ જિનાલયોનો ઉલ્લેખ બોરપીપળાના (આજની વાઘમાસીની ખડકી) જિનાલયોના ઉલ્લેખ પછી આવે છે.

સં૦ ૧૯૦૦માં ખંભાતનાં જિનાલયોની સૂચિમાં ફરી એક વાર વાઘમાસીની ખડકીનો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિસ્તાર (૧) **કીકા જીવરાજની પોળ** અને (૨) **માન કુંવરબાઈની સેરી** — એમ બે વિસ્તારોમાં વહેંચાયેલો માલૂમ પડે છે અને તે સમયે આ બંને વિસ્તારોમાં નીચે મુજબના કુલ ચાર જિનાલયો વિદ્યમાન હતાં.

અથ કીકા જિવરાજની પોલમાં દેહરું ૧ -

૬૦. શ્રી વિજયચિંતામણિ પાર્શ્વનાથ

અથ માનકુંવરબાઈની સેરીમાં દેહરાં ૩ -

૬૧. શ્રી સંભવનાથનું દેહરું દક્ષિણ સન્મુષ

૬૨. શ્રી ભુંયરામાં શાંતિનાથ દક્ષિણ સન્મુષ

૬૩. શ્રી અભિનંદનજીનું દેહરું

સં૰ ૧૯૪૭માં જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથની પ્રસ્તાવનામાં આજની વાઘમાસીની ખડકીમાં વિદ્યમાન જિનાલયોનો ઉલ્લેખ બોરપીપળા વિસ્તારમાં કરવામાં આવ્યો છે, જે નીચે મુજબ છે :

બોરપીપળાના મેહેલ્લામાં

૧૨ નવપલ્લવ પારસનાથજીનું

.....

૧૭ વજે ચીંતામણ પારસનાથજીનું

૧૮ સંભવનાથજીનું (ભુંઈરામાં ત્રણ મોટા બીંબ છે) તે શાંતિનાથ આદિના છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ફરી એક વાર આ વિસ્તારના જિનાલયોનો ઉલ્લેખ **બોરપીપળાના** વિસ્તારમાં કરવામાં આવ્યો છે. તે સમયે બોરપીપળામાં કુલ સાત જિનાલયો વિદ્યમાન હતાં. આ સાત જિનાલયો પૈકી ત્રણ ઘરદેરાસરો હતાં તથા આજની વાઘમાસીની ખડકીમાં વિદ્યમાન વજે ચિંતામણિ પાર્શ્વનાથ અને સંભવનાથ એ બે જિનાલયો બોરપીપળા વિસ્તારમાં દર્શાવવામાં આવ્યાં હતાં.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં તથા સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વ સંગ્રહમાં** વાઘમાસીની ખડકીમાં (૧) વિજય ચિંતામણિ પાર્શ્વનાથ (૨) સંભવનાથ (ભોંયરાયુક્ત) એમ બે જિનાલયોનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

આજે પણ વાઘમાસીની ખડકીમાં ઉપર જણાવેલા બે જિનાલયો વિદ્યમાન છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાઘમાસીની ખડકી

વિજયચિંતામણિ પાર્શ્વનાથ (સં૰ ૧૭૦૧ પહેલા)

વાઘમાસીની ખંડકી વિસ્તારમાં શ્રી વિજયચિંતામણિ પાર્શ્વનાથજીનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે.

મૂળનાયક શ્રી વિજયચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમાના પબાસનના આગળના ભાગે નીચે મુજબનું અર્થવાળું લખાણ વાંચી શકાય છે :

"સંવત ૧૬૭૭ વર્ષે સ્થંભતીર્થે શ્રાવિકા ધનબાઈ કારિતં શ્રી પાર્શ્વનાથ બિંબં પ્રતિષ્ઠિતં તપાગચ્છ પટ્ટાલંકાર શ્રી વિજયસેનસૂરિ પટ્ટાલંકાર શ્રી વિજયદેવસૂરિભિઃ"

મૂળનાયકની પ્રતિમાના ડાબા જમણા પડખે પણ લેખ છે જે નીચે પ્રમાણે છે :

"ભલે મીંડું ॥ સંવત ૧૬૭૭ વર્ષે કાર્તિક સિત ...બુધવા...ભાર્યા રૂપાઈ... ભણસાલી વીરપાલ પ્રાણપ્રિયા બાઈ વલહાદે તનયા ધનબાઈ નામન્યા સકલ સૂરિ સૂરનરનાર... શ્રી પાર્શ્વનાથ બિમ્બં કારિતં પ્રતિષ્ઠિતમ્ ચ... શ્રી તપાગચ્છે ભટ્ટારક...શ્રી હીરવિજયસૂરિ પ્રભાવક... ભાનુ સમાન ભટ્ટારક શ્રી વિજયદેવસૂરિભિઃ "

શ્રી વિજયદેવસૂરિને વિ૰ સં૰ ૧૬૫૬ના વૈશાખ સુદ ચોથને દિવસે સૂરિ પદ ખંભાતમાં આપવામાં આવ્યું હતું. તેમના હસ્તે સં૰ ૧૬૭૭માં લગભગ ૧૧-૧૨ પ્રતિષ્ઠાઓ ખંભાતમાં થઈ હતી તેવો ઉલ્લેખ **ખંભાતનો પ્રાચીન જૈન ઈતિહાસ ગ્રંથમાં** પૃ૰ ૬૭ ઉપર કરવામાં આવ્યો છે.

સં૰ ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલામાં** નીચે મુજબની પંક્તિઓમાં પાર્શ્વનાથના એક જિનાલયનો ઉલ્લેખ આવે છે :

ઊંચી સેરીમાં હવઈ આવઈ **પાસ** તણો પ્રાસાદ વધાવઈ,
અઢાર બ્યંબ ચિત્ત ભાવઈ, હો. ॥૧૪

એટલે કે સં૰ ૧૬૭૩માં વાઘમાસીની ખડકીનો કેટલોક વિસ્તાર **ઊંચીશેરી** નામે પ્રસિદ્ધ હતો અને એમાં બે જિનાલયોનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. જે પૈકી એક પાર્શ્વનાથજીનું જિનાલય હતું.

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં આ વિસ્તારનો ઉલ્લેખ બોરપીપળામાં થયેલો છે જેમાં નીચે મુજબના બે જિનાલયો વિદ્યમાન હતાં તેવો ઉલ્લેખ મળે છે :

..... બોરપીપલિ ઉલ્હસઈ
સંભવનાથ કિરતી ભુંઈરા સહીત પંચ્યાસી જિન સુંદરુ
એકસુ સતર **વિજય ચિંતામણિ** નમતાં આલસ પરિહરું

સં૰ ૧૯૦૦માં આ જ વિસ્તાર પૈકીનો કેટલોક ભાગ **કીકા જીવરાજની પોલ**ના નામે ઓળખાતો હતો જેમાં વિજયચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૬૦માં નીચે મુજબ પ્રાપ્ત થાય છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અથ કીકા જિવરાજની પોલમાં દેહરું - ૧

૬૦. શ્રી વિજય ચિંતામણિ પાર્શ્વનાથ

સં૦ ૧૯૪૭માં પ્રગટ થયેલ જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથની પ્રસ્તાવનામાં આ વિસ્તાર બોરપીપળા વિસ્તારમાં સમાવિષ્ટ થયેલો છે તે અહીં **વજેચીંતામણ પારસનાથ** અને **સંભવનાથ (ભોંયરામાં શાંતિનાથ)**નો ઉલ્લેખ ક્રમાંક ૧૭ અને ક્રમાંક ૧૮માં કરવામાં આવ્યો છે.

સં૦ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં બોરપીપળા વિસ્તારમાં શ્રી વિજય ચિંતામણિ પાર્શ્વનાથજીના જિનાલયનો ઉલ્લેખ આવે છે તે સમયે જિનાલય ધાબાબંધી હતું અને પાષાણની સાત પ્રતિમાજીઓ વિદ્યમાન હતી. જિનાલયના મકાનની સ્થિતિ સારી દર્શાવેલી હતી.

એટલે કે આજે વાઘમાસીની ખડકીમાં વિદ્યમાન શ્રી વિજય ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ **સં૦ ૧૬૭૩માં ઊંચી શેરી** વિસ્તારમાં, **સં૦ ૧૭૦૧માં બોરપીપળા** વિસ્તારમાં, **સં૦ ૧૯૦૦માં કીકા જિવરાજની પોલમાં** તથા સં૦ ૧૯૪૭માં અને સં૦ ૧૯૬૩માં બોરપીપળા વિસ્તારમાં એમ જુદા જુદા સમયે જુદા જુદા નામવાળા વિસ્તારમાં પ્રાપ્ત થાય છે.

સં૦ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં વિજયચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ વાઘમાસીની ખડકી નજીક બજારના રસ્તા પર જણાવેલો છે. તે સમયે જિનાલયમાં પાષાણની સાત પ્રતિમાજીઓ બિરાજમાન હતી. પૃ૦ ૫૩ ઉપર આ જિનાલય વિશે નીચે મુજબ નોંધ આવે છે :

'ખડકી બહાર નીકળતાં સામે શ્રી વિજય ચિંતામણિ પાર્શ્વનાથનો પ્રાસાદ છે. મૂર્તિ પુરાણી છે'. તે સમયે વહીવટ જિનાલયની નજીક વસતાં છોટાલાલ સકળચંદ હસ્તક હતો.

સં૦ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં વાઘમાસીની ખડકીમાં આવેલા આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયેલો છે. તે સમયે પણ પાષાણની સાત પ્રતિમાજીઓ બિરાજમાન હતી. તે સમયે મૂળનાયકની પ્રતિમા પર સં૦ ૧૬૭૭નો લેખ હોવાનો ઉલ્લેખ છે. રંગનું ચિત્રકામ સુંદર હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જિનાલયનો વહીવટ શેઠ રમણલાલ વજેચંદ હસ્તક હતો. આજે આ જિનાલયનો વહીવટ શેઠ રમણલાલ વજેચંદ શાહ પરિવાર હસ્તક છે.

આ જિનાલય આરસનું બનેલું છે. જિનાલયનો છેલ્લો જીર્ણોદ્ધાર સં૦ ૨૦૩૮-૩૯ દરમ્યાન થયેલો હોવાથી નૂતન શૈલીનું દેખાય છે. રંગમંડપ લાંબો મોટો છે. રંગમંડપની ડાબી બાજુની દીવાલ પર શત્રુંજય અને જમણી બાજુની દીવાલ પર ગીરનારજીનો પટ છે.

ગર્ભદ્વાર ત્રણ છે. મૂળનાયકની જમણી બાજુના ગભારે સંભવનાથ અને ડાબી બાજુના ગભારે મહાવીરસ્વામીની પ્રતિમા બિરાજમાન છે બંને પ્રતિમાઓ પર સં૦ ૨૦૦૨નો મૂર્તિલેખ છે. ગભારામાં પાષાણની કુલ નવ પ્રતિમાજીઓ છે.

ઉપલબ્ધ પ્રમાણોને આધારે જિનાલય **સં૦ ૧૭૦૧ પહેલાંના** સમયનું છે. તેથી વધુ પ્રાચીનતા નક્કી કરવા માટે વિશેષ સંશોધનની જરૂર છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાઘમાસીની ખડકી

સંભવનાથ-શાંતિનાથ (સં૰ ૧૬૭૦)

વાઘમાસીની ખડકીમાં પ્રવેશતાં જ બહારથી મોરપીંછ રંગ અને અંદરથી ગુલાબી રંગ કરેલ શ્રી સંભવનાથજી — શ્રી શાંતિનાથજીનું બે માળનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે. આ જિનાલય ઘણું વિશાળ (આશરે ૪૯૬ ચો૰ વાર) તેમજ ભોમતી અને ભોંયરાવાળું છે.

મૂળનાયક શ્રી સંભવનાથજીની પ્રતિમા પરના લેખમાં 'સં૰૧૬૭૦ વૈશાખ સુદ પાંચમ ... વિજયસેનસૂરિ' -એવું લખાણ વંચાય છે. ઉપરાંત આ સમયે જ પ્રતિષ્ઠા થયેલ અન્ય પાષાણબિંબો પણ છે.

ભોંયરામાં મૂળનાયક શ્રી શાંતિનાથજીની ડાબી બાજુ શ્રી સુવિધિનાથ તથા જમણી બાજુ શ્રી પાર્શ્વનાથની પ્રતિમા છે. આ ત્રણે પ્રતિમાજીઓ મોટા કદની છે. ત્રણેય પ્રતિમાજીઓના પબાસન પર લેખ કોતરેલા છે જેમાં - 'સં૰ ૧૬૭૦ સ્થંભન તીર્થે વૈશાખ માસે શુક્લ પક્ષે પાંચમ .. અકબ્બર ... વિજયસેનસૂરિઃ' એ મુજબનું લખાણ મુખ્યત્વે વંચાય છે.

સં૰ ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલામાં** આ સંભવનાથ - શાંતિનાથના સંયુક્ત જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે.

પટૂઆ કેરી પોલિ સંભારી, સંભવનાથ પૂજો નરનારી,
ઘઉ પરદષ્યણ સારી, હો. ॥૧૨

પંચાસ બ્યંબ તણો પરિવાર, ભુંયરિ શાંતિનાથ જયન સાર,
નીતિં કરું જોહાર, હો. ॥૧૩

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલામાં** સંભવનાથના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં આવે છે :

.....બોરપીપલિ ઉલ્હસઈ
સંભવનાથ કિરતી ભુંઈરા સહીત પંચ્યાસી જિન સુંદરૂ
એકસુસતર વિજય ચિંતામણિ નમતાં આલસ પરિહરું

સં૰ ૧૯૦૦માં ખંભાતનાં જિનાલયોની સૂચિમાં વાઘમાસીની ખડકીનો કોઈ ઉલ્લેખ થયેલો નથી પરંતુ **માનકુંવર બાઈની પોળના** નામ સાથે કુલ ત્રણ જિનાલયોનો ઉલ્લેખ છે. જે પૈકી, ઉપર્યુક્ત સંયુક્ત જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૬૧, ૬૨માં નીચે મુજબ થયેલો છે :

અથ માનકુંવરબાઈની સેરીમાં દેહરાં - ૩

૬૧. શ્રી સંભવનાથનું દેહરું દક્ષિણ સન્મુખ

૬૨. શ્રી ભુંયરામાં શાંતિનાથ દક્ષિણ સન્મુખ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૦ ૧૯૪૭માં જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથની પ્રસ્તાવનામાં આ વિસ્તાર બોરપીપળા વિસ્તારમાં સમાવિષ્ટ થયેલો માલૂમ પડે છે. તે સમયે અહીં **વજે ચીંતામણ પારસનાથ** તથા **સંભવનાથ(ભુંઈરામાં શાંતીનાથ)**નો ઉલ્લેખ ક્રમાંક ૧૭ અને ૧૮માં કરવામાં આવ્યો હતો. સંભવનાથના જિનાલયમાં ભોંયરામાં ત્રણ મોટા બિંબ છે તેવી નોંધ પણ કરવામાં આવી હતી.

એટલે કે વાઘમાસીની ખડકીમાં વિદ્યમાન સંભવનાથ-શાંતિનાથનું સંયુક્ત જિનાલય સં૦ ૧૬૭૩માં **પટૂઆની પોળ** ના વિસ્તારમાં દર્શાવવામાં આવેલું હતું. એટલે કે તે સમયે એ વિસ્તાર પટૂઆની પોળ તરીકે જાણીતો હતો. સં૦ ૧૭૦૧માં આ વિસ્તારના આ જિનાલયની **બોરપીપલિ** નામના વિસ્તારમાં ગણના થતી હતી જ્યારે સં૦ ૧૯૦૦માં આ જિનાલય **માનકુંવરબાઈની શેરી**માં દર્શાવવામાં આવ્યું છે. એટલે કે તે સમયે આ વિસ્તાર માનકુંવરબાઈની શેરી તરીકે પ્રચલિત હતો. સં૦ ૧૯૪૭માં ફરી એક વાર આ વિસ્તાર બોરપીપળા વિસ્તારમાં ગણવામાં આવ્યો છે.

સં૦ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં વાઘમાસીની ખડકીના નામનો ઉલ્લેખ આવતો નથી પરંતુ **બોરપીપળા**માં શ્રી વજે ચિંતામણિ પાર્શ્વનાથ તથા સંભવનાથના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે. એટલે કે તે સમયે આજની વાઘમાસીની ખડકીના વિસ્તારનો બોરપીપળા વિસ્તારમાં સમાવેશ થતો હતો.

સં૦ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં સૌ પ્રથમ વાર **વાઘમાસીની ખડકી** એ મુજબનો ઉલ્લેખ આવે છે. તે સમયે તે વિસ્તારમાં સંભવનાથ-શાંતિનાથના સંયુક્ત જિનાલયનો ઉલ્લેખ થયેલો છે. ભોંયરાનો પણ ઉલ્લેખ થયેલો છે. તે સમયે સંભવનાથજીના જિનાલયમાં પાષાણની અઢાર પ્રતિમાજીઓ અને ભોંયરામાં શાંતિનાથજીના જિનાલયમાં પાષાણની ત્રણ પ્રતિમાજીઓ — એમ પાષાણની કુલ એકવીસ પ્રતિમાજીઓનો ઉલ્લેખ મળે છે. આ જિનાલય વિશે પૃ૦ ૫૩ ઉપર નીચે પ્રમાણે નોંધ જોવા મળે છે :

'વાઘમાસીની ખડકીમાં... સંભવનાથનું દેહરૂં વિશાળ તેમજ ભોમતી અને ભોંયરાવાળું ઊભી બાંધણીનું છે. બાજુના ગોખલામાં બે ધાતુના મોટા કદના કાઉસ્સગ્ગ મુદ્રાવાળાં બિંબો છે. આ દેહેરે આયંબિલની હોળી વેળાએ સ્ત્રીવૃંદ એકત્ર થઈ નવપદજીની આરાધના ભાવપૂર્વક ધરે છે. ભોંયરામાં વિશાળ કદના ત્રણ બિંબો છે. વ્યવસ્થા જૈન શાળા કમિટી હસ્તક છે.'

સં૦ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘુમ્મટબંધી તરીકે કરવામાં આવ્યો છે. તે સમયે પાષાણની વીસ પ્રતિમાજીઓ જિનાલયમાં વિદ્યમાન હતી. ઉપરાંત ધાતુની એક ગુરુમૂર્તિનો ઉલ્લેખ છે. ભોંયરામાં જિનાલય છે એ મુજબનો ઉલ્લેખ છે. પરંતુ શાંતિનાથના જિનાલયનો અલગ કે સંયુક્ત રીતે સ્પષ્ટ ઉલ્લેખ થયેલો નથી. તે સમયે આ જિનાલયનો વહીવટ શેઠ રમણલાલ દલસુખભાઈ હસ્તક હતો. આજે જિનાલયનો વહીવટ જૈન શાળા હસ્તક છે.

આ જિનાલયની નોંધપાત્ર વિશેષતા એ છે કે સં૦ ૧૬૭૩માં આ જિનાલયને ભોંયરાયુક્ત દર્શાવ્યું છે. સં૦ ૧૭૦૧માં, સં૦ ૧૯૦૦માં અને આજ પર્યંત આ જિનાલય ભોંયરા સાથે જ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયમાં રંગમંડપની છત સાદી છે. થાંભલાના ટોડલા તથા બારસાખ વગેરે કોતરણીયુક્ત છે. થાંભલાની સુંદર કોતરણીવાળી શિલ્પાકૃતિઓ જોઈ મન પ્રસન્ન થાય છે. રંગમંડપમાં ડાબી બાજુ ગોખમાં મોટા કદના કાઉસ્સગ્ગ મુદ્રાવાળી ધાતુની બે પ્રતિમાઓ છે. ઉપરાંત લાકડાનું અતિ સુંદર સમોવસરણ છે. સમોવસરણની રચના ખૂબ જ સુંદર અને કલાત્મક છે. સમોવસરણની ત્રણ પર્ષદા છે પણ દેશના દેતા ભગવાન નથી. તેના શિખર પરના કળશની નીચેના ભાગમાં ફૂલ-પાંદડીની કોતરણી સાથે શિલ્પો નજરે પડે છે.

ગભારામાં મૂળનાયક શ્રી સંભવનાથજીની પ્રતિમાજીના દર્શન કરતાં મન આનંદિત થાય છે. અહીં પાષાણની કુલ સત્તર પ્રતિમાજીઓ છે. આદેશ્વરજીનાં પગલાંની એક જોડ છે. તેના પર લેખ છે જેમાં સં૰ ૧૨૦૮ની સાલનો ઉલ્લેખ છે.

ભોંયરામાં મૂળનાયક શ્રી શાંતિનાથજીની ૭૫ ઇંચ ઊંચાઈ ધરાવતી પ્રતિમાના દર્શન કરતાં અંતરમાં આનંદ ઊભરાય છે. અહીં રંગમંડપ સાદો છે. ભોંયરાના ત્રણે પ્રતિમાજીઓના ઘુમ્મટો - ઉપરના શ્રી સંભવનાથજીના રંગમંડપમાં આવે છે. (જુઓ ફોટોગ્રાફ નં૰ ૯) ભોંયરામાં પાષાણની કુલ ત્રણ પ્રતિમાજીઓ છે.

જિનાલયની વર્ષગાંઠ વૈશાખ સુદ પાંચમને દિવસે આવે છે. આ જિનાલય ચમત્કારિક હોવાનું મનાય છે. સ્થાનિક કથા પ્રમાણે થોડા સમય પહેલાં જ નીચેના ભોંયરામાં આપમેળે ધૂપ થયો હતો અને ગુલાબ-ચંદનની સુગંધ ઘણે દૂર સુધી પ્રસરી હતી. એ સમયે લોકો જિનાલય ખોલી આ ચમત્કારિક ઘટના જોવા એકઠા થયા હતા. આંબેલની ઓળી હોય ત્યારે અહીં ભાવપૂર્વક નવપદજીની આરાધના થાય છે.

મૂળનાયકની પ્રતિમાજીઓ પર સં૰ ૧૬૭૦ - વૈશાખ સુદ પાંચમનો ઉલ્લેખ મળે છે. આજે પણ જિનાલયની વર્ષગાંઠ વૈશાખ સુદ પાંચમને જ ઊજવાય છે. એટલે કે આશરે ૪૦૦ વર્ષ દરમ્યાન જીર્ણોદ્ધાર કે પુનઃ પ્રતિષ્ઠાના પ્રસંગો આવ્યા હોય તો પણ વર્ષગાંઠનો દિવસ આશરે ૪૦૦ વર્ષથી બદલાયો ન હોય તે એક વિરલ કહી શકાય તેવી ઘટના છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૬૭૦ના** સમયનું છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લોંકાપરી - ચિતારી બજાર

ચંદ્રપ્રભસ્વામી - ઘરદેરાસર (સં૰ ૨૦૦૯)

ચિતારી બજારમાં આવેલાં લોંકાપરી વિસ્તારમાં પ્રવેશતાં જમણા હાથે ત્રીજા મકાનમાં ચંદ્રપ્રભસ્વામીનું ઘરદેરાસર આવેલું છે.

આ મકાનમાં સં૰ ૧૯૬૮માં શ્રી સુબોધ પુસ્તકાલયની સ્થાપના કરવામાં આવી હતી તે અંગેનો ઉલ્લેખ સં૰ ૨૦૩૨માં પ્રગટ થયેલ ખંભાતનું સાંસ્કૃતિક દર્શન ગ્રંથમાં પૃ૰ ૩૫૮ ઉપર શ્રી નર્મદાશંકર ભટ્ટે નીચે મુજબ કરેલો છે :

'સં૰ ૧૯૫૬માં શ્રી અંબાલાલભાઈના પ્રયાસથી પુસ્તકાલયની શરૂઆત થઈ. એક ભાડાના મકાનમાં સં૰ ૧૯૫૬માં તેની સ્થાપના કરવામાં આવી અને શ્રીમદ્ રાજચંદ્રજીની ઇચ્છાનુસાર તેનું નામ 'શ્રી સુબોધ પુસ્તકાલય' રાખવામાં આવ્યું. પાછળથી અમદાવાદના ગૃહસ્થોની મદદથી સંવત ૧૯૬૮ માં લોંકોપરામાં એક મકાન બાંધવામાં આવ્યું અને તેમાં પુસ્તકો રાખવામાં આવ્યાં તથા શ્રી રાજચંદ્રનો ફોટો વગેરે રાખવામાં આવ્યું. તેનું ઉદ્ઘાટન ખંભાતના દીવાન શ્રી માધવરામના હાથે કરવામાં આવ્યું. આ પુસ્તકાલય તેમની જ્ઞાનની તથા ધર્મની પ્રવૃત્તિનું ક્ષેત્ર બની ગયું. વડવાક્ષેત્ર ન હતું ત્યાં સુધી અહીં પ્રવૃત્તિ રહેતી.'

મકાનમાં ત્રીજે માળના એક મોટા હોલમાં જિનાલય આવેલું છે. આરસના ઓટલા જેવી રચના પર નાની છત્રીમાં મૂળનાયક શ્રી ચંદ્રપ્રભુસ્વામીની પાષાણની ૧૧ ઇંચ ઊંચાઈ ધરાવતી પ્રતિમા બિરાજમાન છે. પ્રતિમા પર કોઈ લેખ નથી. અહીં મૂળનાયકની ડાબી બાજુ ધર્મનાથની અને જમણીબાજુ શાંતિનાથની પ્રતિમા બિરાજમાન છે. અહીં પાષાણની કુલ ત્રણ પ્રતિમાજી અને ધાતુની પાંચ પ્રતિમાજીઓ છે. છત્રીના ઘુમ્મટ પર નાની ધજા છે. મૂળનાયકની પાછળની દીવાલ પર ચિત્રકામ થયેલું છે.

જિનાલયની સ્થાપના સં૰ ૨૦૦૯માં થયેલી છે જિનાલયનો વહીવટ સુબોધક પુસ્તકશાળા હસ્તક છે. જિનાલયથી ચાર પગથિયાં ઊતરતાં એક રૂમ આવે છે. રૂમમાં શ્રીમદ્ રાજચંદ્રજીના ફોટા ઉપરાંત સમેતશિખર શત્રુંજય તથા ગિરનારના ફોટાઓ મૂકેલા છે. શ્રીમદ્ જે પલંગ પર સૂતા હતા તે પલંગ અહીં યાદગીરીરૂપે રાખવામાં આવેલ છે.

ટૂંકમાં આ ઘરદેરાસરની પ્રતિષ્ઠા **સં૰ ૨૦૦૯માં** થયેલી છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દલાલનો ખાંચો - બહુચરાજીની પોળ

પાર્શ્વનાથજી - ઘરદેરાસર (સં૰ ૧૯૮૯)

ખંભાતમાં બહુચરાજીની પોળ શેરડીવાળાની પોળની સામે આવેલી છે. આ પોળમાં સીધાં જતાં જમણીબાજુ ગલીમાં—ખૂણામાં શ્રી પાર્શ્વનાથજીનું દલાલ પરિવારનું ગૃહમંદિર આવેલું છે.

આ ગૃહમંદિરનો ઉલ્લેખ સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં સ્ટેશન રોડ પર આવેલા દલાલ વીલામાં થયેલો છે. તે સમયે મૂળનાયક તરીકે પાર્શ્વનાથજી ભગવાનનો ઉલ્લેખ થયેલો છે તે સમયે પણ બે ધાતુના પ્રતિમાજીઓ બિરાજમાન હતા. બંધાવનારનું નામ તથા સંવત શેઠ મૂળચંદ ડાહ્યાભાઈ સંવત ૧૯૮૯ એ મુજબનો થયેલો છે અને જિનાલય બીજે માળ હતું. તે સમયે મૂળનાયક પર લેખનો સંવત ૧૯૮૯ દર્શાવેલો છે પરંતુ મૂર્તિલેખ સં૰ ૧૬૪૩નો છે.

આ જિનાલયનો જીર્ણોદ્ધાર સં૰ ૨૦૫૦માં થયેલ છે. જિનાલય પહેલાં માળે આવેલ છે. જિનાલયની જગ્યા મોટી છે. ઉપર જતાં બહાર આરસની તકતી પર આજે 'ચીમનલાલ ડી. દલાલ સ્થાપના સંવત - ૨૦૦૦ જીર્ણોદ્ધાર સં૰ ૨૦૫૦' એ મુજબનું લખાણ વંચાય છે.

જિનાલયમાં પ્રવેશતાં ડાબી બાજુ આરસના સિંહાસન અને આરસના પરિકરમાં શ્રી પાર્શ્વનાથજીની પંચતીર્થી ધાતુપ્રતિમાના દર્શન થાય છે. આરસની કોતરણીયુક્ત પાળીવાળી રચના તથા પરિકર કલાત્મક છે. આજે પણ આ જિનાલયમાં ધાતુના બે પ્રતિમાજી બિરાજમાન છે.

મૂળનાયક શ્રી પાર્શ્વનાથજીની ધાતુ પ્રતિમાના મૂર્તિલેખમાં નીચે મુજબનું લખાણ વંચાય છે :

''સં૰ ૧૬૪૩ વર્ષે ફાગણ સુદી પાંચમ ગુરુ શ્રી સ્તંભતીર્થ વાસ્તવ્ય પ્રાગ્વાટ જ્ઞાતિય વૃદ્ધ શાખાય વો૰ સ૰ ગર સૂત વો૰ અમી પાલ ભાર્યા બાઈ વીરાદે સૂત વો. જસવંત ભાર્યા જાસલ દે સૂત વો૰ નાનજી કાહાનજી શ્રી આગમ ગચ્છે શ્રી સંયમરત્નસૂરિ તત્પટ્ટે કૂલવર્ધનસૂરીણાં મુપુદેશેન શ્રી પાર્શ્વનાથ બિંબં કારિતં પ્રતિષ્ઠિતં ।'' મૂળનાયકની ડાબી બાજુ શ્રી શાંતિનાથજીની ધાતુ પ્રતિમા બિરાજમાન છે. તેના પર નીચે મુજબનો લેખ છે :

સંવત ૧૪૦૮ વર્ષે વૈશાખ વદિ ૫ ગુરૌ પલ્લિવાલ જ્ઞાતિય પિતૃ શ્રેષ્ઠી ષેતા શ્રેયાર્થ ભાઈ આલ્હા પુણ્યાર્થ સૂત સામતેન શ્રી શાંતિનાથ બિંબ કારિતં પ્રતિષ્ઠિતં શ્રી ચૈત્ર ગચ્છે શ્રી પયદેવસૂરિ પટ્ટ શ્રીમાન દેવસૂરિભિઃ

ટ્રસ્ટી પરિવારના સભ્ય પાસેથી મળેલી માહિતી અનુસાર સ્ટેશન રોડ પર આવેલા દલાલવીલાના વિસ્તારમાં કોમી-રમખાણો થવા માંડ્યાં. તે સંજોગોમાં જિનાલય બહુચરાજીની પોળમાં લાવવામાં આવ્યું. તે સમયે મકાન જીર્ણ હાલતમાં હોવાથી નવેસરથી પાયો કરાવી અહીં પ્રતિમાજી પધરાવવામાં આવ્યા.

ટૂંકમાં આ ઘરદેરાસર **સં૰ ૧૯૮૯ના** સમયનું હોવાનું માની શકાય.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શેરડીવાળાની પોળ

વાસુપૂજ્ય સ્વામી - ઘરદેરાસર (સં૰ ૧૯૬૩ પહેલાં)

શેરડીવાળાની પોળમાં પ્રવેશતાં જમણી બાજુના રસ્તા પર થોડેક આગળ જતાં ફરી જમણી બાજુ વળતાં છેક ખૂણામાં પહેલે માળ શ્રી વાસુપૂજ્ય સ્વામીનું ઘર દહેરાસર આવેલું છે. આજે આ દહેરાસરનો વહીવટ શ્રી વિકાસભાઈ સુંદરલાલ કરે છે જેઓ શેરડીવાળાની પોળમાં રહે છે.

મૂળનાયક વાસુપૂજ્ય સ્વામીની પ્રતિમા પર નીચે મુજબનું લખાણ છે :

"સં૰ ૧૭૦૪ ફાગણ સુદિ પાંચમ રવઈ શા રાઘવજી સુત કસ્તુરજી તમા આદિતેત્ત શ્રી વાસુપૂજ્ય બિંબં કારીતં પ્રતિષ્ઠિતં"

સં૰ ૧૯૬૩ માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં શેરડીવાળાની પોળમાં શ્રી વાસુપૂજ્ય સ્વામીનું દહેરાસર શિખર વિનાનું દર્શાવવામાં આવ્યું હતું. તે સમયે એ દહેરાસર સાથે શાહ હકમચંદ સાકળચંદનું નામ જોડાયેલું હતું. પાષાણના બે પ્રતિમાજીઓ અને ધાતુના છ પ્રતિમાજીઓ તે સમયે બિરાજમાન હતા. દહેરાસરના મકાનની સ્થિતિ સારી દર્શાવેલી હતી.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઇતિહાસ અને ચૈત્યપરિપાટીમાં શેરડીવાળાની પોળમાં વાસુપૂજ્યસ્વામીના ઘર દહેરાસરનો ઉલ્લેખ થયેલો છે. તે સમયે પણ પાષાણના બે પ્રતિમાજીઓ અને ધાતુના છ પ્રતિમાજીઓ બિરાજમાન હતા. વળી દહેરાસરમાં ચાંદીના એક હાથીનો પણ ઉલ્લેખ થયેલો હતો. પૃ૰ ૫૩ પર આ દહેરાસર વિશે નીચે મુજબની નોંધ મળે છે. "શેરડીવાળાની પોળમાં વાસુપૂજ્ય સ્વામીનું ઘર જિનાલય, હુકમચંદ સકળચંદનું છે તે જુહારી પાછા વળવું. આ પોળમાં સુવિધિનાથનું દહેરું હોવા સંબંધી પ્રાચીન લેખોમાં ઉલ્લેખ છે, છતાં આજે તો દહેરું નથી."

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં શેરડીવાળી પોળમાં વાસુપૂજ્યજીના જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયો હતો. જિનાલય બીજે માળ દર્શાવવામાં આવ્યું હતું. તે સમયે પાષાણની પ્રતિમાજીઓ વિદ્યમાન ન હતી. પરંતુ ધાતુની સાત પ્રતિમાજીઓ બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. તે સમયે જિનાલયનો વહીવટ શેઠ સુંદરલાલ અંબાલાલ હસ્તક હતો. જિનાલય બંધાવનારના નામ સાથે 'શેઠ સુંદરલાલ અંબાલાલના વડીલો' એ મુજબનો ઉલ્લેખ થયો હતો.

એક નાની ચોરસ ઓરડીમાં કાષ્ઠની કોતરણીવાળા કબાટમાં મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામી બિરાજમાન છે. ઓરડી નાની, સાદી અને સ્વચ્છ છે.

કબાટમાં મૂળનાયકની પાછળની દીવાલ પર કાચ મૂકેલો છે. મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામી ચાંદીના હાથી પર ધાતુની અંબાડી પર બિરાજમાન છે. અહીં જિનાલયમાં કુલ ધાતુ પ્રતિમા સંખ્યા આઠ છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૯૬૩ પહેલાના** સમયનું તો છે જ.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મોટો કુંભારવાડો

શીતલનાથ (સં૰ ૧૬૭૩ પહેલાં)

મોટો કુંભારવાડો - **કુમારવાડો** તરીકે ઓળખાતા આ વિસ્તારમાં શ્રી શીતલનાથજીનું મોટું શિખરબંધી જિનાલય આવેલું છે.

આ જિનાલયનો સૌ પ્રથમ ઉલ્લેખ **સં૰ ૧૬૭૩માં** કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે.

પરજાપત્યની પોલ્યમાં, શીતલ દસમુ દેવ ।
પનર બ્યંબ પ્રેમઈ નમું, સુપરઈ સારું સેવ ॥૮॥

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં કુંભારવાડામાં આદેશ્વરજીના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે. જે નીચે મુજબની પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે :

કુંભારવાડઈ શ્રી આદીશ્વર એકસુ પનર જાંણુજી
દંતારવાડઈ સોલ સમઉ પ્રભુ છ મૂરતિ વષાણુંજી ૧૩

સં૰ ૧૯૦૦માં શીતલનાથજીના જિનાલયનો ઉલ્લેખ કુંભારવાડામાં ક્રમાંક ૪૬માં દર્શાવવામાં આવેલો છે.

અથ કુંભારવાડામાં દેહરાં - ૨

૪૫. શ્રી માહાભદ્ર સ્વામી

૪૬. **શ્રી સિતલનાથ** દેહરું

સં૰ ૧૯૪૭માં **જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથની** પ્રસ્તાવનામાં કુંભારવાડા વિસ્તારમાં નીચે મુજબના જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે :

કુંભારવાડામાં

૩૮. શીતલનાથજીનું

૩૯. વેરમાન(વિહરમાન) ૧૯મા માહાભદ્રસ્વામીનું.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં શીતલનાથજીનું જિનાલય **કુંભારવાડા**માં દર્શાવવામાં આવેલું છે. તે સમયે જિનાલય શિખરબંધી દર્શાવવામાં આવ્યું છે. સં૰ ૧૯૬૩માં ખંભાતમાં કુલ છોત્તેર જિનાલયો વિદ્યમાન હતાં તે પૈકી માત્ર શીતલનાથજીનું આ જિનાલય જ શિખરબંધી હતું. તે સમયે આ જિનાલયમાં પાષાણની વીસ પ્રતિમાજીઓ બિરાજમાન હતી અને જિનાલયના મકાનની સ્થિતિ સારી હતી.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં **કુંભારવાડા**માં આવેલા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શીતલનાથજીના જિનાલયમાં પાષાણની ઓગણીસ પ્રતિમાજીઓ અને સ્ફટિકના બે પ્રતિમાજીઓ બિરાજમાન હતા. પૃ૦ ૫૩ ઉપર આ જિનાલય વિશે નીચે મુજબની નોંધ આવે છે :

'બજારના માર્ગે ચિતારી ઢાળે સીધા આગળ વધતાં **કુમારવાડો** ડાબા હાથ પર આવે છે. તેમાં દાખલ થઈ શ્રી શીતલ જિનને જુહારવા. તેનો વહીવટ મોહનભાઈ પોપટચંદ હસ્તક છે જેઓ એ પોળમાં જ રહે છે.'

સં૦ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વ સંગ્રહ**માં શીતલનાથજીનું જિનાલય **મોટો કુંભારવાડો** વિસ્તારમાં શિખરબંધી તરીકે દર્શાવવામાં આવ્યું છે અને તે સમયે પાષાણની વીસ પ્રતિમાજીઓ બિરાજમાન હતી. જિનાલયનો વહીવટ વીરચંદ ગાંડાલાલ હસ્તક હતો અને જિનાલયના મકાનની સ્થિતિ સારી દર્શાવવામાં આવી હતી. તે ઉપરાંત સ્ફટિકના એક પ્રતિમાજીનો ઉલ્લેખ તે સમયે થયેલો છે. હાલ જિનાલયનો વહીવટ શ્રી જગદીશભાઈ ભીખાભાઈ ઘીયા તથા ગુણવંતભાઈ ભીખાભાઈ ઘીયા હસ્તક છે જેઓ કુંભારવાડામાં જ રહે છે.

મૂળનાયક શ્રી શીતલનાથજીની પ્રતિમા પર **ઈલાહી સંવત ૪૫નો** મૂર્તિ લેખ છે. વિક્રમ સંવતનું લખાણ પ્રતિમાજીના લેપની અંદર હોવાથી વાંચી શકાતું નથી. 'હીર વિજયસૂરિ પટ્ટાલંકાર' એટલું લખાણ વંચાય છે એ સિવાયનું લખાણ વાંચી શકાતું નથી. મૂળનાયક પ્રતિમાના પરિકરમાંના કાઉસ્સગ્ગની નીચે લેખ છે. તેમાં **સં૦ ૧૬૭૩** વાંચી શકાય છે. જમણે ગભારે બિરાજમાન અજિતનાથજીની પ્રતિમા પર ઈલાહી સં૦ ૪૮નો લેખ છે. ડાબે ગભારે સંભવનાથજીની પ્રતિમા બિરાજમાન છે.

જિનાલયમાં પ્રવેશતાં લંબચોરસ કંપાઉંડ આવે છે. સામે જ રંગમંડપમાં પ્રવેશવાનો દ્વાર છે. તે પહેલાં પગથિયાવાળો ઓટલો આવે છે. પ્રવેશદ્વારની ડાબી બાજુ એક જાળીવાળી બારી છે. આ બારી ગભારામાં પડે છે. ત્યાંથી પ્રતિમાજીઓના દર્શન કરી શકાય છે.

રંગમંડપના થાંભલા ઉપર તથા ગર્ભદ્વારોની બારસાખ ઉપર અનુક્રમે મોટી તથા નાની કાષ્ઠની રંગીન પૂતળીઓનાં શિલ્પો ગોઠવવામાં આવેલ છે. થાંભલાઓની વચ્ચે કમાન આકાર પર સુંદર ચિત્રકામ થયેલું છે. રંગમંડપમાં ગર્ભદ્વાર પાસેની દીવાલોમાં સામસામે ગોખમાં આરસની બે નાની પ્રતિમાઓ છે. ડાબી બાજુએ બે દેવીઓની નાની મૂર્તિઓ ગોખમાં બિરાજમાન છે.

ટૂંકમાં આ જિનાલય **સં૦ ૧૬૭૩ પહેલાના** સમયનું છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નાનો ગંધ્રકવાડો

પાર્શ્વનાથ - ઘરદેરાસર (સં૦ ૧૯૬૩ પહેલાં)

નાના ગંધ્રકવાડા વિસ્તારમાં દેરાસરવાળી ખડકીમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ઘરદેરાસર આવેલું છે. આ જિનાલય પહેલા માળ પર છે.

સં૦ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં 'ગંધકવાડો' વિસ્તારમાં **શ્રી શાંતિનાથજીનું શિખર વિનાનું** જિનાલય દર્શાવવામાં આવ્યું હતું. તે સમયે જિનાલયમાં ધાતુના ચૌદ પ્રતિમાજીઓ વિદ્યમાન હતા. પાષાણની એક પણ પ્રતિમા વિદ્યમાન ન હતી. ઉપરાંત તે સમયે જિનાલય જીર્ણ અવસ્થામાં હતું.

સં૦ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં ગંધ્રકવાડામાં શાંતિનાથજીના જિનાલયને ઘરદેરાસર તરીકે દર્શાવવામાં આવેલું છે. તે સમયે ધાતુના ચૌદ પ્રતિમાજીઓ બિરાજમાન હતા. પ્રસ્તુત ગ્રંથના પૃ૦ ૫૪ પર ગંધ્રકવાડા વિસ્તાર વિશે નીચે મુજબની નોંધ આવે છે :

"પૂર્વકાળે કુમારવાડો ને ગંધકવાડો મહત્તા ધરાવતા હશે; પણ આજે તો ત્યાં જૈન વસ્તી વિખરાયેલી ને છૂટીછવાઈ છે. જૈનતરોની વસ્તી વધુ છે."

સં૦ ૨૦૧૦ માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં ગંધ્રકવાડામાં શાંતિનાથજીનું જિનાલય ત્રીજે માળ હોવાનું દર્શાવવામાં આવેલું છે. તે સમયે ધાતુની બાર પ્રતિમાજીઓ બિરાજમાન હતી અને જિનાલયના મકાનની સ્થિતિ સારી દર્શાવેલી. જિનાલયના વહીવટદાર તરીકે મોહનલાલ ઠાકરશીનો ઉલ્લેખ થયેલો છે.

સં૦ ૧૯૬૩માં આ જિનાલય જીર્ણ અવસ્થાવાળું હતું અને સં૦ ૨૦૧૦ માં મકાનની સ્થિતિ સારી દર્શાવેલી છે. એ પરથી અનુમાન કરી શકાય કે તે સમય દરમ્યાન જીર્ણોદ્ધાર થયો હશે.

સં૦ ૨૦૪૪ માં જૈન તીર્થધામ ખંભાત નામના ગ્રંથમાં શ્રી જે૦ પી૦ અમીન પૃ૦ ૮૯ પર ગંધ્રકવાડામાં પાર્શ્વનાથ જિનાલયના ઘરદેરાસરનો ઉલ્લેખ કરે છે. તે સમયે ધાતુની ચૌદ પ્રતિમાઓનો પણ ઉલ્લેખ થયેલો છે. ત્યારબાદ ૨૦૫૨માં પ્રગટ થયેલ "ચાલો સ્તંભન તીર્થે" નામના ગ્રંથમાં ગંધ્રકવાડામાં પાર્શ્વનાથજીના ઘરદેરાસર ઉલ્લેખ થયેલો છે. આજે પણ એ પાર્શ્વનાથજીના ઘરદેરાસર તરીકે ઓળખાય છે. મૂળનાયક શાતિનાથજીના બદલે પાર્શ્વનાથજીના નામનો ઉલ્લેખ ક્યારથી શરૂ થયો તે અંગેની વધુ વિગત પ્રાપ્ત થઈ શકી નથી. આ અંગે વધુ સંશોધન કરવાની જરૂર છે.

આજે ઉપલબ્ધ થતી માહિતી પ્રમાણે આ જિનાલયની વર્ષગાંઠ વૈશાખ સુદ સાતમના દિવસે આવે છે. આજે આ જિનાલયની દેખરેખ શ્રી કીકાભાઈ રતનલાલ રાખે છે જેઓ જીરાળાપાડામાં રહે છે.

જિનાલયના ગભારામાં આરસનો ઉપયોગ થયેલો છે. આજે પણ ધાતુની ચૌદ પ્રતિમાઓ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બિરાજમાન છે. મૂળનાયક શ્રી પાર્શ્વનાથજીની એકતીર્થી પ્રતિમા પર 'સં૦ ૧૬૩૦'નો મૂર્તિલેખ છે. આ લેખ પર નીચે મુજબનું લખાણ વંચાય છે :

"સં૦ ૧૬૩૦... માઘ વદ ૨ રવિ... શ્રીમાલી જ્ઞાતિય વૃદ્ધ શાખાયાં રંગાદે પુત્ર થાવર પુત્ર દોસી... હાથીકેણ પ્રતિષ્ઠિતં।"

વળી, ધાતુના એક પદ્માવતી દેવી પણ બિરાજમાન છે. આજે આ વિસ્તારમાં મુખ્યત્વે જૈનેતરોની વસ્તી છે અને જિનાલયની દેખભાળ રાખવાની સમસ્યા ઉત્તરોત્તર વિકટ બનવાનો સંભવ છે.

ટૂંકમાં, આ ઘર જિનાલય **સં૦ ૧૯૬૩** પહેલાનું છે.

• • •

જીરાળાપાડો

ખંભાતમાં આજે જીરાળાપાડા તરીકે પ્રસિદ્ધ વિસ્તાર સં૦ ૧૬૭૩ માં 'જીરાઉલાની પોળ' તરીકે પ્રચલિત હતો. તે સમયે આ વિસ્તારમાં કુલ પાંચ જિનાલયો વિદ્યમાન હતાં જે પૈકી ત્રણ જિનાલયો ભોંયરાયુક્ત હતાં. આ પાંચેય જિનાલયોનો ઉલ્લેખ **સં૦ ૧૬૭૩**માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં નીચે મુજબની પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે :

આએ **જીરાઉલાની પોલ્યમાં, પંચ ભુવન** વષાણૂં ।
આએ **શ્રી થંભણ** ચઉ બ્યંબશું, તીહાં બઈઠા એ જાણઉં ॥૧૭

આહે **શ્રી ચંદ્રપ્રભ ભૂંયરઈ**, બ્યંબ સીત્યરી એ વંદું ।
આહે મુગટકુંડલ કડલી ભલી, કરિ દેષી આણંદુ ॥૧૮॥

આહે **શ્રી જીરાઉલ ભુંયરઈ**, બ્યંબ બહઈતાલીસ સાર ।
આહે **ઋષભભુવન** ચો બ્યંબશું, વીર ભુંયરઈ બાર ॥૧૯॥

એટલે સં૦ ૧૬૭૩માં (૧) થંભણ પાર્શ્વનાથ (૨) ચંદ્રપ્રભસ્વામી (ભોંયરાયુક્ત) (૩) જીરાઉલા પાર્શ્વનાથ (ભોંયરાયુક્ત) (૪) ઋષભદેવ (૫) મહાવીરસ્વામી (ભોંયરાયુક્ત) — એમ કુલ પાંચ જિનાલયો વિદ્યમાન હતાં.

સં૦ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ-તીર્થમાલા**માં આ વિસ્તાર **જીરાઉલઈ પાટિક** તરીકે પ્રસિદ્ધ હતો. તે સમયે આ વિસ્તાર ખંભાતમાં જિનશાસનનું મુખ્ય કેન્દ્ર હશે. સં૦ ૧૭૦૧માં મતિસાગર રચિત ખંભાઈતિ તીર્થમાલાની શરૂઆત જીરાઉલઈ પાટિકથી થાય છે. તે સમયમાં આ વિસ્તારમાં આશરે તેર જિનાલયો વિદ્યમાન હતાં.

પાટિક જીરાઉલઈ થંભણુ ભેટિઉ ભલઈ
પંચ્યાસીય મૂરતિ પ્રણમશું એ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાસુપૂજ્ય દેહરઈ સતાવન જિનવર
ભૂઈરઈ પનર બિંબ **વીરશું** એ

મોહનપાસ જિન પ્રતિમા એ ચ્યાર ધિન
ભૂઈરઈ **પદ્મપ્રભુ** જિનવરુ એ

તિહાં પ્રભુ પચવીસ **આદિ** જિન છત્રીસ
ઋષભ જિન છય જિનેશરુ એ ૧

જિનેશરુ **શ્રી ચંદ્રપ્રભુનઈ** એકસુઅઢાર એ
ભુંઈરઈ **શ્રી અમીઝરાનઈ** ઓગણચ્યાલીસ સાર એ

શ્રી મુનિસુવ્રત દેહરઈ રે સષર મૂરતિ ચ્યાર
જીરાઉલઈ શ્રી પાસ જિનનઈ છસઈ છ નિરધાર ૨

આમરાઈ **ગિરિનારિ નેમિ** જિન તેણિ **જીરાઉલઈ** થાપીયા એ
ભુંઈરઈ આદિ જિન અડસઠિ બિંબ ધિન વંદીય સંઘવીય પાટકિ ગયા એ ૩

સં૦ ૧૯૦૦માં જીરાળાપાડા નામનો વિસ્તાર **જિરાલો પાડો** એ નામથી પ્રચલિત થયેલો હતો. તે સમયે આ વિસ્તારમાં કુલ અગિયાર જિનાલયો વિદ્યમાન હતાં.

અથ શ્રી જિરાલેપાડઈ દેહરાં ૧૧ - તેહની વિગત -

૨૪. શ્રી ચંદ્રપ્રભુનું દેહરું

૨૫. શ્રી શાંતિનાથનું દેહરું

૨૬. શ્રી અમીઝરા પાર્શ્વનાથનું દેહરું

૨૭. શ્રી જિરાવલિ પાર્શ્વનાથનું દેહરું

૨૮. તથા ભુંયરામાં આદિસર તથા નેમનાથ

૨૯. શ્રી નેમિનાથનું દેહરું

૩૦. શ્રી વાસુપૂજ્યનું દેહરું- આજીનું દેહરું

૩૧. ભુંયરામાં મહાવીરસ્વામી છે.

૩૨. શ્રી અભિનંદનસ્વામીનું દેહરું

૩૩. શ્રી અરનાથ- ગાંધીનું દેહરું

૩૪. શ્રી મનમોહન પાર્શ્વનાથ-હેમચંદસાનું દેહરું

સં૦ ૧૯૪૭ માં **જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથ**ની પ્રસ્તાવનામાં જીરાવલા પાડામાં કુલ દસ જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ નીચે મુજબ પ્રાપ્ત થાય છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીરાવળા પાડામાં

૪૦. અરનાથજીનું

૪૧. મનમોહન પારસનાથજીનું

૪૨. વાસુપૂજ્યસ્વામીનું

૪૩. અભીનંદનસ્વામીનું

(નંબર ૪૨-૪૩વાળાં દેહેરામાં ભુંઈરા છે તેમાં મહાવીરસ્વામી આદિ પ્રતિમાઓ છે.)

૪૪. અમીઝરા પારસનાથજીનું

૪૫. જીરાવળા પારસનાથજીનું

૪૬. શાંતીનાથજીનું

૪૭. નેમનાથસ્વામીનું

૪૮. શાંતીનાથજીનું

૪૯. ચંદ્રપ્રભુજીનું

સં૦ ૧૯૬૩ માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં જીરાળાવાડો તરીકે પ્રસિદ્ધ વિસ્તારમાં (૧) ચંદ્રપ્રભુ (૨) શાંતિનાથ (૩) અમીઝરાપાર્શ્વનાથ (૪) અભિનંદન સ્વામી (૫) અરનાથ (૬) મનમોહનપાર્શ્વનાથ — એમ કુલ છ જિનાલયો વિદ્યમાન હતાં. જો કે ભોંયરામાં આવેલા જિનાલયને અલગ જિનાલય તરીકે દર્શાવવાની તે સમયે પ્રથા ન હતી એટલે કે બે સંયુક્ત જિનાલયની પણ એક જ જિનાલય તરીકે ગણના કરવામાં આવતી.

સં૦ ૧૯૮૪માં **ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટી**માં આ વિસ્તાર **જીરાળાપાડો** તરીકે પ્રચલિત હતો. તે સમયે આ વિસ્તારમાં ચાર જિનાલયો વિદ્યમાન હતા. (૧) મનમોહન પાર્શ્વનાથ (૨) અરનાથ (૩) અમીઝરા પાર્શ્વનાથ (૪) ચિંતામણિ પાર્શ્વનાથ જેમાં આજે પાંચ શિખરવાળાં ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયમાં ૧૯ જિનાલયો સમાવી લેવામાં આવ્યાં છે.

સં૦ ૨૦૧૦ માં **જૈન તીર્થ સર્વસંગ્રહમાં જીરાળાપાડા** વિસ્તારમાં (૧) ચિંતામણિ પાર્શ્વનાથ (૨) અમીઝરા પાર્શ્વનાથ (૩) અભિનંદન સ્વામી (૪) અરનાથ (૫) મનમોહન પાર્શ્વનાથ - એમ કુલ પાંચ જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે.

જીરાળાપાડામાં સં૦ ૨૦૧૦માં જે પાંચ જિનાલયો વિદ્યમાન હતાં તે આજે સં૦ ૨૦૫૫માં પણ યથાવત્ છે.

• • •

જીરાળાપાડો

અરનાથ (સં૦ ૧૮૧૭ પહેલાં)

જીરાળાપાડામાં પ્રવેશતાં જ પ્રથમ શ્રી અરનાથનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે. મૂળનાયક તરીકે અરનાથજીનું જિનાલય જવલ્લે જ જોવા મળે છે.

સં૦ ૧૮૧૭માં પદ્મવિજય રચિત **ખંભાત ચૈત્યપરિપાટી**માં ખંભાતમાં અરનાથજીના એક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયનો ઉલ્લેખ આવે છે જે નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

દોય કુંથુ જિન ચૈત્ય છે રે છાસઠિ તિહાં અરિહંત
અર જિનવર ઘર એક છેંરે તિહાં બાવીસ ભગવંત રે ૧૪ ભવિ.

સં૰ ૧૯૦૦માં જીરાળા પાડામાં અગિયાર જિનાલયો વિદ્યમાન હતાં તે પૈકી ક્રમાંક ૩૩માં અરનાથ ભગવાન જિનાલયનો ઉલ્લેખ મળે છે અને તે સમયે એ જિનાલય **ગાંધીનું દેહરું** તરીકે પ્રચલિત હતું.

અથ શ્રી **જિરાલેપાડઈ** દેહરાં ૧૧, તેહની વિગત -

૩૩. **શ્રી અરનાથ** - ગાંધીનું દેહરું

સં૰ ૧૯૪૭માં **જયતિહુઅણ સ્તોત્ર** ગ્રંથની પ્રસ્તાવનામાં જીરાવલા પાડામાં આવેલા દસ જિનાલયો પૈકી અરનાથના જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૪૦ માં નીચે મુજબ થયેલો છે :

જીરાવળા પાડામાં

૪૦. **અરનાથ સ્વામીનું**

૪૧. મનમોહન પારસનાથજીનું

૪૨. વાસુપૂજય સ્વામીનું

.....

૪૯. ચંદ્રપ્રભુજીનું

મૂળનાયક શ્રી અરનાથની પ્રતિમાજી પર સં૰ ૧૬૭૦નો મૂર્તિલેખ છે.

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં જીરાળાપાડામાં આવેલા અરનાથજીના જિનાલયને ધાબાબંધી જિનાલય તરીકે દર્શાવવામાં આવ્યું છે તે સમયે જિનાલય બંધાવનારનાં નામ સાથે 'ગલા દલાલવાળાં'ના નામનો ઉલ્લેખ થયો હતો. જિનાલયના મકાનની સ્થિતિ સાધારણ હતી અને પાષાણની છ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી.

સં૰ ૧૯૮૪માં **ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટી**માં જીરાળાપાડામાં અરનાથજીના જિનાલયમાં પાષાણની પાંચ પ્રતિમાજીઓ બિરાજમાન હતી. તે સમયે જિનાલયનો વહીવટ શ્રી સકળચંદ નેમચંદ હસ્તક હતો.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વ સંગ્રહ**માં જીરાળાપાડાના અરનાથજીના જિનાલયને ઘુમ્મટબંધી દર્શાવવામાં આવ્યું હતું. તે સમયે અરનાથજીના જિનાલયમાં પાષાણની પાંચ પ્રતિમાજીઓ બિરાજમાન હતી. જિનાલયના મકાનની સ્થિતિ સારી હતી. જિનાલયનો વહીવટ સરૂપચંદ છોટાલાલ હસ્તક હતો. જિનાલયની વિશેષ નોંધમાં શ્રી શાંતિનાથજી જ્ઞાનભંડારનો ઉલ્લેખ થયેલો હતો. આજે આ જિનાલયનો વહીવટ શ્રી સુમનભાઈ સ્વરૂપચંદ હસ્તક છે જેઓ ગંધ્રકવાડામાં રહે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયમાં પ્રવેશવા માટે મુખ્ય બે પ્રવેશદ્વાર છે. જાળીવાળા પ્રવેશદ્વારની કમાન ઉપર સરસ્વતીદેવીની મૂર્તિનું શિલ્પ છે. ગભારા તથા રંગમંડપમાં આરસયુક્ત કારીગરી તથા બહારના ભાગમાં કાષ્ઠની સુંદર કારીગરી દૃશ્યમાન થાય છે. થાંભલાઓ પર પૂતળીઓનાં શિલ્પો સુંદર છે.

રંગમંડપ નાનો છતાં સુંદર છે. રંગમંડપના ઘુમ્મટમાં વાજિંત્રો વગાડતી નર્તકીઓની મૂર્તિઓનાં શિલ્પો દૃશ્યમાન થાય છે. થાંભલાઓ પર હાથીમુખી કમાનો છે. હાલ રંગમંડપમાં મૂળનાયકની જમણી બાજુ પ્રવેશદ્વાર પાસે એક ટાંકું છે. તથા તેની પાસેની દીવાલ પર સં૰ ૨૦૦૭માં જિનાલયની પુનઃ પ્રતિષ્ઠા થયા અંગેની માહિતી દર્શાવતો લેખ આરસમાં કોતરી કાચની ફ્રેમમાં મઢેલો છે. લેખ આ ગ્રંથમાં પાછળ પ્રકરણ-૧૩માં દર્શાવ્યો છે. જેમાં જિનાલયની પુનઃ પ્રતિષ્ઠા શ્રી વિજયનેમિસૂરિના પટ્ટાલંકાર શ્રી વિજય વિજ્ઞાનસૂરિ, તેમના પટ્ટધર વિજયકસ્તૂરસૂરિ, પંન્યાસ યશોભદ્રવિજય ગણિ, પં૰ પ્રિયંકરવિજયગણિ આદિના હસ્તે કરવામાં આવી હોવાનો ઉલ્લેખ છે.

ગર્ભદ્વાર પાસે રંગમંડપમાં સામ-સામી બાજુએ ગોખનાં યક્ષેન્દ્ર તથા ધારિણી યક્ષિણીની પાષાણની મૂર્તિઓ વિદ્યમાન છે. ગભારામાં ભીંત પર સુંદર ચિત્રકામ થયેલું છે. ગભારામાં મૂળનાયકની જમણી બાજુએ આદેશ્વરજી અને ચંદ્રપ્રભુજીની પાષાણની નાની પ્રતિમાજીઓ પર નાના ઘુમ્મટની રચના કરેલ છે. ડાબા ગભારે સુવિધિનાથ અને જમણા ગભારે અજિતનાથ બિરાજમાન છે. અહીં પાષાણની સાત પ્રતિમાજીઓ છે. જિનાલયમાં રંગમંડપમાં પાણીના ટાંકા પાસેની દીવાલની નીચે એક ભોંયરું છે પણ બંધ છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૮૧૭ પહેલાના સમયનું** છે.

• • •

જીરાળા પાડો

મનમોહન પાર્શ્વનાથ (સં૰ ૧૬૯૩)

જીરાળા પાડામાં આવેલા અરનાથના જિનાલયની સામેની બાજુએ એક ઘર છોડીને ખૂણામાં મનમોહન પાર્શ્વનાથનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે.

(૧) મૂળનાયક શ્રી મનમોહન પાર્શ્વનાથની પ્રતિમા પરના લેખમાં નીચે મુજબનું લખાણ વાંચી શકાય છે :

'સં૰ ૧૬૯૩ વર્ષે ચૈ૰ વ૰ ૧૦ રવૌ સ્તંભતીર્થ... શ્રાવિકા હીરા ।.. તત્પુત્ર...ભાર્યા હીરા... સ કુટુંબયુતેન સ્વશ્રેયાર્થે..શ્રી પાર્શ્વનાથ બિંબ કારાપિતઃ । પૂજ્ય શ્રી વિશાલસોમસૂરિનામુપુદેશત... શ્રી વિમલસોમસૂરિ તત્વાલંકાર શિરસોમસૂરિભિઃ શ્રી ૨...'

સં૰ ૧૭૦૧ની મતિસાગર કૃત **ખંભાઈતિ તીર્થમાલા**માં જીરાઉલા પાટિકમાં આવેલા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મનમોહન પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયો છે :

પાટિક જીરાઉલઈ થંભણુ ભેટિઉ ભલઈ

પંચ્યાસીય મૂરતિ પ્રણમશું એ

.....

મોહન પાસ જિન પ્રતિમા એ ચ્યાર ધિન

ભૂંઈરઈ પદ્મપ્રભુ જિનવરુ એ.

એટલે કે સં૦ ૧૩૦૧ માં મનમોહન પાર્શ્વનાથનું જિનાલય ભોંયરાયુક્ત હતું અને ભોંયરામાં મૂળનાયક તરીકે શ્રી પદ્મપ્રભુજી બિરાજમાન હતા.

સં૦ ૧૯૦૦માં જીરાળા પાડામાં અગિયાર જિનાલયો વિદ્યમાન હતાં. ક્રમાંક ૨૪ થી ક્રમાંક ૩૪ મુજબનાં અગિયાર જિનાલયો પૈકી મનમોહન પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૩૪માં નીચે મુજબ આવે છે.

અથ શ્રી જિરાલે પાડઈ દેહરાં ૧૧, તેહની વિગત -

.....

૩૪. શ્રી મનમોહન પાર્શ્વનાથ હેમચંદસાનું દેહરું

સં૦ ૧૯૪૭માં પ્રગટ થયેલ **જયતિહુઅણ સ્તોત્ર** ગ્રંથની પ્રસ્તાવનામાં જીરાવલા પાડામાં દસ જિનાલયો વિદ્યમાન હતાં તે પૈકી આ જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૪૧માં નીચે મુજબ થયેલો છે.

જીરાવળા પાડામાં

૪૦. અરનાથ સ્વામીનું

૪૧. મનમોહન પારસનાથજીનું.

૪૨. વાસુપૂજ્યસ્વામીનું.

.....

૪૯. ચંદ્રપ્રભુજીનું.

સં૦ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં જીરાળાપાડામાં શ્રી મનમોહન પાર્શ્વનાથજીના જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયેલો છે. તે સમયે પાષાણના સોળ પ્રતિમાજીઓ બિરાજમાન હતી. અને જિનાલયના મકાનની સ્થિતિ સાધારણ હતી. ઉપરાંત પગલાંની એક જોડનો પણ તે સમયે ઉલ્લેખ મળે છે.

સં૦ ૧૯૮૪માં **ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટી**માં મનમોહન પાર્શ્વનાથના જિનાલયમાં પાષાણની ત્રણ પ્રતિમાજી બિરાજમાન હતી. તે સમયે આ જિનાલયની દેખરેખ છોટાલાલ કાળીદાસના કુટુંબીજનો રાખતા હતા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૦ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં જીરાળાપાડામાં મનમોહન પાર્શ્વનાથજીનું જિનાલય ધાબાબંધી દર્શાવ્યું છે. તે સમયે જિનાલયમાં પાષાણના ત્રણ પ્રતિમાજીઓ બિરાજમાન હતા. જિનાલયના મકાનની સ્થિતિ સાધારણ હતી, અને વહીવટ છોટાલાલ કાળીદાસ હસ્તક હતો. આજે છોટાલાલ કાળીદાસ વીલ ટ્રસ્ટ અંતર્ગત શ્રી બાબુભાઈ વાડીલાલ કાપડિયા તથા પ્રતાપભાઈ ચીમનલાલ ચોક્સી વહીવટ કરે છે.

જિનાલય તદ્દન સામાન્ય બાંધણીનું છે. નાનું હોવા છતાં ઘણું સુંદર છે. જિનાલયના બહારના ભાગમાં રંગકામ કરેલ છે. જ્યારે રંગમંડપમાં ભગવાનના પાંચ કલ્યાણકના પ્રસંગોનું ચિત્રકામ તથા ભીંત પર રાજગૃહી તીર્થ તથા કદંબગિરિ તીર્થનું ચિત્રકામ છે.

ગર્ભદ્વારની બહાર રંગમંડપમાં બે ગોખ છે. જમણી બાજુના ગોખમાં આચાર્ય શ્રી નેમિસૂરિશ્વર મ૦ સા૦ની ગુરુમૂર્તિ બિરાજમાન છે જેમાં સં૦ ૨૦૩૦ - ફાગણ વદ ત્રીજનો ઉલ્લેખ છે. ડાબી બાજુના ગોખમાં સરસ્વતીદેવીની પાષાણની મૂર્તિ છે. તેમના પર "સં૦ ૧૩૩૯... જેઠ વદ છઠ... ગુણસેનસૂરિ ... સરસ્વતીદેવી ..." એવું લખાણ વંચાય છે.

એક પ્રવેશદ્વાર અને એક ગર્ભદ્વાર ધરાવતા આ જિનાલયનો ગભારો ચોરસ કદનો છે. મૂળનાયક ભગવાનની પ્રતિમાજી ખૂબ જ મનોહર છે. પ્રતિમાજીને લીલા રંગની ફણા અને સોનેરી રંગનું છત્ર ચિત્રાંકન કરેલું છે. પાષાણની ત્રણ પ્રતિમાજીઓ બિરાજમાન છે. ડાબી બાજુના પ્રતિમાજી પરિકરયુક્ત છે. અશોકવૃક્ષ નીચે પદ્માસનસ્થવાળી રચના છે. ઉપરાંત ગભારામાં પગલાંની એક જોડ છે.

મૂળનાયકની જમણી બાજુની પ્રતિમાજી પર લેખમાં 'સં૦ ૧૬૬૭ ... તપા૦ શ્રી હેમસોમસૂરિ.. આચાર્ય શ્રી વિમલસોમસૂરિ' મુજબનું લખાણ વંચાય છે. લેખનો કેટલોક ભાગ પાછળની બાજુએ જતો હોવાથી બરાબર વંચાતો નથી. તેમ છતાં નીચે મુજબનું લખાણ અસ્પષ્ટ રીતે વંચાય છે.

"તપા ॥ હેમ સોમસૂરીભિઃ શ્રી આચાર્ય શ્રી વિમલસોમસૂરિ સંવત ૧૬૬૭ વર્ષે ...."

મૂળનાયકની ડાબી બાજુની પ્રતિમાજી પર લેખમાં 'સં૦ ૧૬૬૦- હિમસોમસૂરિ-કરમાશા-તેની ભાર્યા કોડમતીએ પ્રતિષ્ઠા કર્યાના અર્થવાળું લખાણ છે.

ટૂંકમાં જીરાળાપાડામાં આવેલું મનમોહન પાર્શ્વનાથનું જિનાલય **સં૦ ૧૬૯૩ના સમયનું** છે, જો કે આ અંગે વધુ સંશોધન કરવાની જરૂર છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીરાળા પાડો

અમીઝરા પાર્શ્વનાથ (સં૰ ૧૭૦૧ પહેલાં)

જીરાળાપાડામાં ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયની સામેની બાજુ શ્યામરંગી અમીઝરા પાર્શ્વનાથનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે.

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત ખંભાઈતિ તીર્થમાલામાં જીરાળાપાડામાં ચંદ્રપ્રભુના જિનાલય સાથે ભોંયરામાં અમીઝરા પાર્શ્વનાથનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે.

"પાટિક જીરાઉલઈ થંભણુ ભેટિઉ ભલઈ

પંચ્યાસીય મૂરતિ પ્રણમશું એ

.....

.....

.....

જિનેશરુ શ્રી **ચંદ્રપ્રભુનઈ** એકસુ અઢાર એ

ભુંઇરઈ શ્રી **અમીઝરાનઈ** ઓગણચ્યાલીસ સાર એ'.

સં૰ ૧૯૦૦માં જીરાળાપાડામાં અગિયાર જિનાલયો વિદ્યમાન હતાં. તે પૈકી અમીઝરા પાર્શ્વનાથના દેહરાનો ઉલ્લેખ ક્રમાંક ૨૬માં નીચે મુજબ થયેલો છે.

અથ શ્રી જિરાલે પાડઇ દેહરાં ૧૧, તેહ ની વિગત -

૨૪. શ્રી ચંદ્રપ્રભુનું દેહરું.

૨૫. શ્રી શાંતિનાથનું દેહરું.

૨૬. **શ્રી અમીઝરા પાર્શ્વનાથનું દેહરું.**

.....

એટલે કે સં૰ ૧૯૦૦ માં શ્રી અમીઝરા પાર્શ્વનાથનું દહેરું સ્વતંત્ર દર્શાવવામાં આવ્યું છે. ચંદ્રપ્રભુનું દહેરું પણ અલગ દર્શાવવામાં આવ્યું છે.

સં૰ ૧૭૦૧ થી સં૰ ૧૯૦૦ દરમ્યાન સંભવ છે કે અમીઝરા પાર્શ્વનાથનું જિનાલય નવું બાંધવામાં આવ્યું હોય અને ચંદ્રપ્રભુના જિનાલયના ભોંયરામાં બિરાજમાન અમીઝરા પાર્શ્વનાથજી નવા જિનાલયમાં પધારવામાં આવ્યા હોય.

સં૰ ૧૯૪૭ માં જયતિહુઅણ સ્તોત્રગ્રંથની પ્રસ્તાવનામાં જીરાવલા પાડામાં અમીઝરા પાર્શ્વનાથ જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૪૪માં થયેલો છે તે સમયે પણ ચંદ્રપ્રભુજીનું જિનાલય અલગ દર્શાવવામાં આવ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીરાવળા પાડામાં

૪૦. અરનાથ સ્વામીનું.

.....

૪૪. અમીઝરા પારસનાથજીનું.

૪૫. જીરાવલા પારસનાથજીનું.

૪૬. શાંતિનાથજીનું.

૪૭. નેમનાથસ્વામીનું.

૪૮. શાંતિનાથજીનું.

૪૯. ચંદ્રપ્રભુજીનું.

સં૦ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં જિરાળાપાડામાં અમીઝરા પાર્શ્વનાથજીનું જિનાલય ધાબાબંધી દર્શાવવામાં આવેલું છે. તે સમયે પાષાણની ચુંમાળીસ પ્રતિમાજીઓ બિરાજમાન હતી. અને પગલાંની એક જોડનો પણ ઉલ્લેખ થયેલો છે.

જ્યારે ચંદ્રપ્રભુજીનું જિનાલય તે સમયે જીર્ણ અવસ્થામાં હતું અને પાષાણની બે પ્રતિમાજીઓ બિરાજમાન હતી. ચિંતામણિપાર્શ્વનાથના જિનાલયમાં જે ઓગણીસ જિનાલયો સમાવી લેવામાં આવ્યા છે. તે પૈકી એક ચંદ્રપ્રભુનું જિનાલય પણ છે. અમારી માન્યતા પ્રમાણે ઉપર્યુક્ત ઉલ્લેખ કરવામાં આવેલ ચંદ્રપ્રભુનું જિનાલય સમાવી લેવામાં આવ્યું હશે.

સં૦ ૧૯૮૪માં **ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટી**માં જીરાલા પાડામાં અમીઝરા પાર્શ્વનાથજીના જિનાલયમાં પાષાણની વીસ પ્રતિમાજીઓ બિરાજમાન હતી. આ જિનાલય વિશે પૃ૦ ૫૫ ઉપર નીચે મુજબની નોંધ આવે છે :

"..... ખાંચામાંથી બહાર નીકળી મોટા દેહરા તરફ જતાં જમણાં હાથે અમીઝરા પાર્શ્વનાથનું મોટું દહેરું છે. કહેવાય છે કે પહેલાં બિરાજમાન મૂળનાયકના બિંબ પર અમી સમા બિંદુઓ વળતા તેથી એ નામે પ્રભુશ્રીની ખ્યાતિ વિસ્તરી. રંગમંડપમાં નાના ચોમુખજી છે. ગભારામાં એક ધાતુનું બિંબ છે."

સં૦ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં જિરાળા પાડામાં અમીઝરા પાર્શ્વનાથજીના જિનાલયની બાંધણી ઘરદેરાસરની બાંધણી તરીકે દર્શાવી છે. તે સમયે જિનાલયમાં પાષાણના ત્રેવીસ પ્રતિમાજીઓ બિરાજમાન હતા અને વહીવટ શેઠ શ્રી કચરાભાઈ નેમચંદ હસ્તક હતો. આજે આ જિનાલયનો વહીવટ શ્રી તપગચ્છ અમર જૈન શાળા સંઘ તરફથી થાય છે.

આ જિનાલય પ્રથમ નજરે જોતાં ઘર જેવી બાંધણીનું લાગે છે. સ્થાનિક માહિતી પ્રમાણે આ જિનાલય અગાઉ લાકડાનું હતું. જિનાલયના પ્રવેશવાના દ્વાર પાસે અંબાડીયુક્ત હાથીનું દર્શનીય શિલ્પ છે. બહારની બાજુએ કાષ્ઠ તથા સાદા પથ્થરનો ઉપયોગ થયેલો છે. જીર્ણોદ્ધારનું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કાર્ય ચાલી રહ્યું છે. રંગમંડપમાં પ્રવેશતાં જાણે કે કોઈ ઘરમાં પ્રવેશતાં હોઈએ તેવો આભાસ થાય છે. સન્મુખ જ શ્રી અમીઝરા પાર્શ્વનાથની શ્યામ વર્ણની અલૌકિક પ્રતિમા નજરે પડે છે.

રંગમંડપમાં આરસનો તથા કાષ્ઠનો ઉપયોગ થયેલો છે. રંગમંડપમાં વચ્ચે ઝરૂખાઓની રચના છે. લાકડાની સુંદર કોતરણીવાળા ટોડલાઓ શોભાયમાન છે. થાંભલાઓ પર પણ સુંદર કોતરણી છે. રંગમંડપમાં જમણી બાજુ મહાવીરસ્વામી ભગવાનના ચૌમુખજીનું શિખરયુક્ત સમોવસરણ નજરે પડે છે. ડાબી બાજુ કાગળ પર ચિત્રિત કરી કાચની ફ્રેમમાં મઢેલ શ્રી શત્રુંજય તીર્થનો પટ છે જેના પર સં૰ ૨૦૨૬ લખેલ છે. આ પટની નીચે લાકડાની નાની તકતી જેવું પાટિયું ભીંત પર જડેલ છે જેની કોતરણી ખૂબ જ સુંદર છે. પ્રથમ નજરે જોતાં પ્રસ્તુત લાકડાનો ટુકડો કે પાટ ઘણા જૂના સમયની હોય તેમ લાગે છે. રંગમંડપમાં મુખ્ય ગર્ભદ્વારની બંને બાજુ ઝરૂખા જેવી નાની બારીઓની રચના છે.

ગભારાની ભીંત પર હાલ ચિત્રકામ થઈ રહ્યું છે. છપ્પન દિક્કુમારીઓ ભગવાનને અભિષેક કરે છે તે ચિત્ર પૂર્ણ પણ થઈ ગયું છે. ગભારામાં પાષાણની કુલ ત્રેવીસ પ્રતિમાજીઓ છે જેમાં એક પ્રતિમા તપખીરિયા આરસની તથા એક પ્રતિમા ગુલાબી આરસની છે. ગભારામાં આદેશ્વરના આરસના પગલાંની એક જોડ પણ છે જેમાં સં૰ ૧૭૧૧નો લેખ છે.

મૂળનાયક શ્રી અમીઝરા પાર્શ્વનાથની પ્રતિમાજી શ્યામ રંગની છે અને તેઓનું પરિકર સફેદ આરસનું છે. મૂળનાયક પ્રતિમા પર લેખ નથી. મૂળનાયકના ડાબા ગભારે શ્રી નેમિનાથની આરસ પ્રતિમાજી તથા જમણા ગભારે શ્રી શીતલનાથની ધાતુપ્રતિમા બિરાજમાન છે. શીતલનાથજીની ધાતુ પ્રતિમાજી ઘણી જ જીર્ણ થઈ ગયેલી માલૂમ પડે છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૭૦૧** પહેલાના સમયનું છે. જો કે આ અંગે વધુ સંશોધન કરવાની જરૂર છે.

• • •

જીરાળા પાડો

અભિનંદન સ્વામી-ઘરદેરાસર (સં૰ ૧૯૬૩ પહેલાં)

જીરાળા પાડામાં એક મકાનમાં ત્રીજે માળ અગાશી પાસે આવેલી એક તદ્દન નાનકડી રૂમમાં આ ઘર જિનાલય આવેલું છે.

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં અભિનંદન સ્વામીનું શિખર વિનાનું જિનાલય જીરાળાવાડામાં દર્શાવવામાં આવ્યું છે. તે સમયે પાષાણની એક પણ પ્રતિમાજી વિદ્યમાન ન હતી અને ધાતુની અગિયાર પ્રતિમાઓ બિરાજમાન હતી. જિનાલયના મકાનની સ્થિતિ સારી હતી.

સં૰ ૧૯૮૪માં **ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટી**માં અભિનંદન સ્વામીના જિનાલયનો ઉલ્લેખ થયેલો નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં જીરાળા પાડામાં અભિનંદન સ્વામીના ઘરદેરાસરનો ઉલ્લેખ થયેલો છે. તે સમયે જિનાલયનો વહીવટ ઝવેરી ભગુભાઈ ખુશાલચંદ હસ્તક હતો. દેરાસર પ્રાચીન દર્શાવવામાં આવ્યું હતું. ઉપરાંત દેરાસરની સ્થિતિ સારી દર્શાવવામાં આવી હતી. ત્યાં એ મકાનમાં શ્રી નેમિસૂરીશ્વરજી જ્ઞાનભંડાર હતો તે મુજબનો ઉલ્લેખ છે. આજે આ ઘરદેરાસરનો વહીવટ ખીમચંદ ભગુભાઈ ઝવેરી હસ્તક છે. અને આ ઘરદેરાસર દલપતભાઈ ખુશાલચંદ અને ભગુભાઈ ખુશાલચંદ ઝવેરી પરિવારનું ગણાય છે.

અભિનંદન સ્વામીની ધાતુની ચોવીશી મૂળનાયક તરીકે પ્રતિષ્ઠિત થયેલી છે. તેમના પર એક મૂર્તિલેખ છે જેના પર 'સં૰ ૧૫૧૮... શ્રી ભાવદેવસૂરિ...' મુજબનું લખાણ વંચાય છે. ધાતુના કુલ તેર પ્રતિમાજીઓ બિરાજમાન છે. વળી, અહીં આ ઝવેરી પરિવારના કુળદેવી પણ બિરાજમાન છે.

ટૂંકમાં આ ઘરદેરાસર **સં૰ ૧૯૬૩ પહેલાના** સમયનું છે.

• • •

જીરાળા પાડો

ચિંતામણિ પાર્શ્વનાથ - ૧૯ જિનાલય (સં૰ ૧૯૬૩)

જીરાળા પાડો નામથી ઓળખાતો આજનો આ વિસ્તાર સં૰ ૧૬૭૩માં **જિરાઉલાની પોળ** તરીકે પ્રસિદ્ધ હતો તે સમયે ભોંયરાયુક્ત જિરાઉલા પાર્શ્વનાથનું જિનાલય વિદ્યમાન હતું. સંભવ છે કે તે જિનાલયના નામ પરથી આ વિસ્તાર **જીરાઉલાની પોળ** તરીકે જાણીતો થયો હશે.

ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટી (સં૰ ૧૯૮૪) માં પૃ૰ ૬૧ પર આ જિનાલય વિશે નીચે મુજબ નોંધ આવે છે :

"જીરાઉલા પાડામાં નવી શ્રી નેમસૂરિની પ્રેરણાથી બંધાયેલી પાઠશાળા છે કે જેમાં ઉપરના બે માળે સાધુઓને ઊતરવાની સગવડ છે. પ્રથમ આ સ્થાને દહેરાં હતાં. જે મોટાં દેહરાંમાં ભળવી દેવાયાં છે. આમાં એક ભોંયરું છે જેની કારીગરી ખાસ જોવા જેવી છે. પવાસનને કમાનો તેમજ ગોખલા વગેરે કારીગરી જોઈ ભૂતકાળની આપણી કીર્તિસ્મૃતિ તાજી થાય તેમ છે."

ખંભાતનો પ્રાચીન જૈન ઈતિહાસ ગ્રંથ(સં૰ ૧૯૯૬)માં શ્રી નર્મદાશંકર ભટ્ટ પૃ૰ ૨૮ ઉપર આ જિનાલય વિશે નીચે મુજબની નોંધ લખે છે :

"અગાઉ ત્યાં મૂળ ૭ દેહરાં હતાં. તે ઘણાં જીર્ણ થઈ ગયાં એટલે તે દેહરાની મૂર્તિઓ બીજા દેહરામાં પધરાવી... મૂળ ૭ દેહરામાં બીજા ૧૫ દેહરાં ઉમેરી કુલ ૨૨ દેહરાંની મૂર્તિઓ બેસાડવામાં આવી છે."

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આચાર્યશ્રી શીલચંદ્રસૂરીશ્વરજીએ **શાસન સમ્રાટ** નામના ગ્રંથમાં આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજની જીવન કથા આલેખી છે. તે ગ્રંથના પૃ૦ ૫૮ ઉપર જિરાળા પાડાના ૧૯ જિનાલય વિશે નીચે મુજબની નોંધ છે :

"ખંભાતમાં જીરાવલા પાડા વગેરે સ્થળોમાં આવેલા શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન આદિ ૧૯ પ્રાચીન જિનમંદિરો જીર્ણ થઈ ગયેલાં. એ ૧૯ મંદિરોનો જીર્ણોદ્ધાર કરવો આવશ્યક હતો પણ જો એ ઓગણીસેય દેરાસરોનો જુદો જુદો ઉદ્ધાર કરાવે તો ખૂબ જ ખર્ચ થાય. વળી જ્યાં જૈનોનાં ઘર ઓછાં હોય યા ન હોય ત્યાં ગોઠી-પૂજારી રાખવા, રક્ષણ માટે બંદોબસ્ત કરવો ઇત્યાદિમાં ઘણો ખર્ચ આવે".

શેઠ શ્રી પોપટભાઈ.અમરચંદના મનમાં એવો વિચાર પણ આવ્યો કે જો એક જ સ્થળે એક વિશાળ જિનમંદિર થાય, તેમાં ભિન્ન-ભિન્ન ગભારાઓમાં એક એક જિનાલયના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ, ગિરનાર તીર્થના મૂળનાયક શ્રી નેમિનાથ પ્રભુની પ્રતિમા સદૃશ શ્રી નેમિનાથ પ્રભુ વગેરે મૂળનાયક પ્રભુજીના મહાપ્રભાવક બિંબો પધરાવવામાં આવે તો એક જ ભવ્ય દેરાસરમાં ઓગણીસેય દેરાસર સમાઈ જાય, ને તેની વ્યવસ્થા પણ સુંદર થઈ શકે અને ખંભાતમાં એક પણ શિખરબંધી દેરાસર ન હોવાથી આ વિશાળ મંદિર ભવ્ય શિખરબંધી પણ બની શકે, તેથી તીર્થનો મહિમા પણ વધી જાય.

પણ આ કાર્ય માટે મોટી રકમ જોઈએ. યોગ્ય કાર્યકર્તા પણ જોઈએ. આ વિચારથી પોપટલાલ શેઠ મૂંઝાતા હતા. તેઓએ પોતાના આ બધા વિચારો પૂજ્યશ્રીને (આચાર્ય શ્રી નેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબને) જણાવ્યા અને યોગ્ય માર્ગદર્શન આપવા માટે વિનંતી કરી.

પૂજ્યશ્રીને તેમની યોજના ઉત્તમ લાગી. તેથી તેઓશ્રીએ તે માટે પોપટભાઈને યોગ્ય દોરવણી આપીને ફરમાવ્યું : 'પોપટભાઈ ! શુભસ્ય શીઘ્રમ્ એ ન્યાયે વિના વિલંબે આ મહાન કાર્ય તમારે ઉપાડવું જોઈએ. વ્યાપારાદિ વ્યવહારની જેમ તમે હિન્દુસ્તાનમાં સુપ્રસિદ્ધ થયા છો. તમે હવે આ મહાન ધર્મકાર્યમાં જીવનનો ભોગ આપશો તો તમે જરૂર ફતેહમંદ થશો.'

આ સાંભળીને પોપટભાઈએ શુકનની ગાંઠ વાળી. પૂ૦ ગુરુદેવના આ વચનો તેમણે મસ્તકે ચઢાવ્યાં. તેમને પૂ૦ ગુરુદેવના વચન ઉપર અટલ શ્રદ્ધા હતી કે ગુરુદેવનું વચન જરૂર ફળશે જ. તત્કાળ તેમણે જીર્ણોદ્ધારનું કાર્ય શરૂ કરવાનો નિર્ણય કર્યો અને તે માટે પૂજ્યશ્રીને ઉત્તમ મુહૂર્ત કાઢી આપવા કહેતા તેઓશ્રીએ નજીકનો જ સારામાં સારો દિવસ બતાવ્યો.

એ મુહૂર્ત અનુસાર પોપટભાઈએ પૂજ્યશ્રીની હાજરીમાં જ જીરાવલા પાડામાં ૧૯ દેરાસરોનાં જીર્ણોદ્ધારના મહાકાર્યનો મંગલ પ્રારંભ કર્યો.

પોપટભાઈ શેઠ પોતે હંમેશ સવારે વહેલાસર શ્રી સ્તંભનાથજી શ્રી ચિન્તામણિજી, વિ૦ અનેક જિનાલયો જુહારીને હજી કડીયા-શિલ્પીઓ ન આવ્યા હોય તે પહેલાં ત્યાં પહોંચી જતા-નવકારશીનું પચ્ચક્ખાણ ત્યાં નજીકમાં જ પાળીને વાપરી લેતા અને શેઠ મૂળચંદ દીપચંદને ત્યાં જમીને બપોરે જરા આરામ કરતા. ત્યાર પછી મોડી સાંજ સુધી દેરાસરના કાર્યમાં જ વ્યસ્ત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રહેતા. તેમનો આ કાર્યક્રમ માત્ર એક-બે દિવસનો નહોતો પણ જ્યાં સુધી એ ઉદ્ધારનું કામ પૂર્ણ ન થયું ત્યાં સુધી હંમેશા એ જ પ્રમાણે તેઓ જિનાલયના કાર્યમાં વ્યસ્ત રહેતા.

આ રીતે પૂજ્યશ્રીના મંગલ આશીર્વાદથી અને શેઠ પોપટભાઈ અમરચંદની અપૂર્વ ખંત અને મહેનતથી જીર્ણોદ્ધારનું ભગીરથ કાર્ય ઝપાટાબંધ ચાલવા લાગ્યું.''

શાસન સમ્રાટ ગ્રંથમાં પૃ૦ ૮૭ પર આચાર્યશ્રી નેમિસૂરીશ્વરજીની જીવન કથા આલેખતા આચાર્યશ્રી શીલચંદ્રસૂરીશ્વરજી આ જિનાલયની પ્રતિષ્ઠા વિશેની વિગતપૂર્ણ માહિતી નીચે મુજબ આપે છે :

''... ખંભાતના શેઠ પોપટભાઈ અમરચંદ વગેરે આગેવાન ગૃહસ્થો ખંભાત-જીરાવાલાપાડામાં ૧૯ દેરાસરોમાંથી તૈયાર થયેલા એક ભવ્ય શિખરબંધી જિનાલયની પ્રતિષ્ઠા કરાવવા માટે પૂજ્યશ્રીને વિનંતી કરવા આવ્યા. આ દેરાસર પૂજ્યશ્રીની સત્પ્રેરણાથી તૈયાર થયેલું અને તેમાં તેઓશ્રીની પ્રેરણાથી શેઠ મનસુખભાઈ ભગુભાઈએ હજારો રૂપિયાની મદદ પણ ઘણી વાર કરેલી.

પોપટભાઈ શેઠ વગેરેની ઘણી વિનંતિ થવાથી પૂજ્યશ્રી વૈશાખ માસમાં ખંભાત પધાર્યા. ત્યાં મોટા મહોત્સવ અને ઘણી ધામધૂમપૂર્વક જેઠ સુદ દશમના દિવસે એ મહાન જિનપ્રાસાદમાં જુદા જુદા ૧૯ ગર્ભગૃહો ગભારાઓમાં ૧૯ જિનાલયના મૂળનાયકજી આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી અને દેરાસરના મૂળનાયક તરીકે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનના આહ્લાદક અને ચમત્કારિક પ્રતિમાજી બિરાજમાન કર્યા.

આ દેરાસરના ભૂમિગૃહમાં શ્રી ગિરનાર - તીર્થપતિ શ્રી નેમિનાથ પ્રભુની પ્રતિમા જેવી જ શ્રી નેમિનાથ ભગવાનની અદ્ભુત અને રમણીય પ્રતિમાની પ્રતિષ્ઠા કરવામાં આવી.''

આમ, પરિસ્થિતિને પારખીને રક્ષણાત્મક વ્યૂહથી ધર્મકાર્યમાં બુદ્ધિને વેગ આપવો એ સામાન્ય વાત નથી. જિનાલયજીના નિર્માણના આર્કીટેક્ચર પ્લાનમેકર અને એન્જિયર - બાંધકામ અધિકારી તરીકે પણ શ્રી પોપટભાઈએ એમની કુશાગ્ર બુદ્ધિનો પરિચય કરાવ્યો. એટલું જ નહીં, પથ્થરની ખરીદી કે આરસની ખરીદીમાં પણ જાતે હાજર રહેતા. તે સમયે દરરોજ ૧૫૦ કારીગરો ખૂબ જ તન-મનથી કામ કરતા હતા. તે સમયે આ મંદિર નિર્માણમાં આશરે રૂપિયા ચારથી પાંચ લાખ જેટલો ખર્ચ થયો હતો. આજથી ૯૦-૧૦૦ વર્ષ પહેલાના સમયમાં ચારથી પાંચ લાખ રૂપિયાનું મૂલ્ય આજના જમાનામાં કેટલું થાય તેની તો કલ્પના જ કરવી રહી !

પ્રસ્તુત જિનાલય આજે ખંભાતનું સૌથી મોટું દર્શનીય જિનાલય છે. ઉમદા હેતુસર આ એક જ જિનાલયમાં બીજાં નાનાં વીસ જિનાલયો સમાવી લેવાય તેવી ત્રણ મજલાની એની વિશિષ્ટ બાંધણી પણ ધ્યાનાકર્ષક બની છે.

આ જિનાલયને ત્રણ પ્રવેશદ્વાર છે. મૂળનાયક તરીકે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ, ભોંયરામાં શ્રી નેમિનાથ તથા પહેલા માળે શ્રી મલ્લિનાથજી બિરાજમાન છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયની ફરતે કોટ કરેલ છે. કંપાઉંડમાં જમણી બાજુ બગીચો તથા ફુવારાની સુંદર રચના કરેલ છે. ડાબી બાજુ એક દેરી આવેલી છે. મુખ્ય પ્રવેશદ્વારની જમણી બાજુ નાહવાની રૂમો છે. કંપાઉંડમાં ફરતે દીવાલોમાં જયપુરી પથ્થરનો ઉપયોગ થયેલો જણાય છે. અને કોટની ઉપર ફાનસની ગોઠવણી છે. અહીં કંપાઉંડમાં એક છૂટો આરસનો પથ્થર પડેલો છે જેના પર એક પુરુષ અને ત્રણ સ્ત્રીઓની આકૃતિ કંડારેલી છે તેની નીચે એક લેખ કોતરેલ છે જે નીચે પ્રમાણે છે.

"મહં આસિગ મહંતી સૂહવદેવી મહંતી સીતાદેવી મહન્તી મદમ સં૰ ૧૩૫૩ વર્ષે દ્વિતીય ફાગુન સુદી ૯ રવૌ સ્તંભતીર્થે શ્રી વીરવસહિકા મધ્યે મહં મંડલિકેનમાત્યૈ .....વો૰ શ્રેયસે આરાધક ... ત્યં કારિતાઃ । શિવમસ્તુ મંગલં । ભવતુ ।" (જુઓ ફોટોગ્રાફ નં૰ ૨૬)

ત્રણ મજલાવાળું આ જિનાલય પાંચ શિખર તથા રંગમંડપમાં એક ઘુમ્મટ ધરાવે છે. કંપાઉંડમાં ડાબી બાજુ આવેલી દેરીમાં મહો. શ્રી વીરવિજયજીની આરસની ગુરુમૂર્તિ બિરાજમાન છે. તેમની મૂર્તિ પર સં૰ ૧૯૭૬નો મૂર્તિલેખ છે. આ ઉપરાંત અહીં શ્રી વીરવિજયજીની પાદુકા વિદ્યમાન છે જેના પર પણ સં૰ ૧૯૭૬નો લેખ છે.

ભોંયરામાં શ્રી નેમિનાથજીની શ્યામલ મૂર્તિ મૂળનાયક તરીકે બિરાજે છે. મૂળનાયકની ડાબી બાજુની ભીંત પર ચોવીસ તીર્થંકરનો આરસનો પટ છે. જમણી બાજુ ગર્ભદ્વાર પાસે અંદર ગભારામાં શ્રી સરસ્વતીદેવીની આરસની મૂર્તિ છે. આ મૂર્તિના પગ પાસે "સં૰ ૧૨૮૦.... આચાર્ય જયસિંહ સૂરિ"ના લખાણવાળો એક લેખ છે. (જુઓ ફોટોગ્રાફ નં૰ ૨૫) ગભારામાં પાષાણની પ્રતિમાજીઓની સંખ્યા સત્તર છે. અહીં મોટા ભાગના પ્રતિમાજીઓના હાથમાં વેઢા તથા નખ છે જે સંપ્રતિમહારાજના સમયની હોય તેમ સૂચવે છે, જે આ પ્રતિમાજીઓની વિશેષતા છે. અહીં કુલ ત્રણ ગર્ભદ્વાર અને વચ્ચે બે બારીઓ છે.

નેમિનાથજીના ગભારામાં જીરાલા પાર્શ્વનાથની આરસની એક પ્રતિમા છે. જીરાળા પાડામાં પૂર્વે જીરાઉલા પાર્શ્વનાથનું જિનાલય હતું તેને કારણે આ વિસ્તાર 'જીરાઉલા પાડો' - 'જીરાલા પાડો' તરીકે વિખ્યાત બન્યો હતો. જીરાલા પાર્શ્વનાથનું તે જિનાલય હાલ તો આ ઓગણીસ જિનાલયમાં સમાવિષ્ટ કરી દેવામાં આવ્યું છે.

અહીં રંગમંડપ સાદો છે. ફર્શ કાળા તથા પીળા આરસની બનેલી છે. છત ઉપર ચારે બાજુ કાચના નાના નાના પટ્ટા મૂક્યા છે. મુખ્ય ગર્ભદ્વાર પર દર્શનીય મૂર્તિ છે. રંગમંડપ અને ગભારો લંબચોરસ છે.

મૂળનાયક શ્રી નેમિનાથની જમણી બાજુના પ્રવેશદ્વારથી બહાર નીકળતાં ડાબી બાજુ આગળ જતાં એક દેવકુલિકા આવે છે. અહીં ગભારામાં ૫૧ ઇંચ ઊંચાઈ ધરાવતા મોટા કદના શ્રી આદેશ્વરજીની પાષાણની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. મૂળનાયકની જમણી તથા ડાબી બાજુ કાઉસ્સગ્ગ મુદ્રામાં આરસની બે પ્રતિમાજીઓ છે. તે બંને પ્રતિમાજીઓના પરિકરમાં ૧૧-૧૧ નાના પ્રતિમાજીના દર્શન થાય છે. અહીં પાષાણની કુલ પ્રતિમાજીઓની સંખ્યા ત્રણ છે જેમાં બે કાઉસ્સગ્ગિયા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રંગમંડપ નાનો અને સાદો છે. અહીં ડાબી બાજુ ગર્ભદ્વાર પાસે એક ગોખની રચના છે જે હાલ ખાલી છે. અહીં પણ છત પર ફરતે કાચના નાના નાના પટ્ટા ગોઠવેલા છે. અહીં એક ગર્ભદ્વાર અને એક પ્રવેશદ્વાર છે.

મૂળનાયક શ્રી નેમિનાથના જિનાલયની ડાબી બાજુના પ્રવેશદ્વારથી બહાર નીકળી જમણીબાજુ આગળ જતાં અન્ય એક દેવકુલિકા આવે છે.

અહીં ગભારામાં ૫૧ ઇંચ ઊંચાઈ ધરાવતાં શ્રી મહાવીરસ્વામીની પાષાણની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. અહીં પાષાણની પ્રતિમાજીઓની સંખ્યા ત્રણ છે.

અહીં રંગમંડપમાં ડાબી બાજુ એક ગોખ છે જેમાં શ્રી અંબિકાદેવીની પાષાણની પદ્માસનસ્થ મૂર્તિ બિરાજમાન છે. મૂર્તિ ખૂબ જ સુંદર છે. મૂર્તિના પરિકરમાં આમ્રની નાની નાની ઝીણી કોતરણી છે. રંગમંડપ સાદો અને નાનો છે. છત પર ફરતે કાચના નાના નાના પટ્ટા ગોઠવેલા છે.

મહાવીરસ્વામી તથા આદેશ્વરજીની દેવકુલિકાનો ગભારો તથા રંગમંડપ બંનેનું કદ સરખું છે. બંને જગ્યાઓ સરખી રચના છે. બંને દેવકુલિકામાં એક ગર્ભદ્વાર, એક પ્રવેશદ્વાર અને એક ગોખ છે.

જિનાલયના મુખ્ય પ્રવેશદ્વારની દિશામાં જ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયનું મુખ્ય પ્રવેશદ્વાર આવેલું છે. ૧૫-૨૦ પગથિયાં ચડી, ચોકીમાં પ્રવેશ કરતાં સન્મુખ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનાં દર્શન થાય છે. અષ્ટ પ્રતિહાર્ય પરિકરયુક્ત મૂળનાયકશ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ૩૫ ઇંચ ઊંચાઈ ધરાવે છે. ગભારામાં પાષાણની કુલ પંદર પ્રતિમાજીઓ બિરાજમાન છે. અહીં પિત્તળની પાટલીમાં ખરતર ગચ્છીય જિનદત્તસૂરિ, જિનમાણિક્યસૂરિ તથા જિનચંદ્રસૂરિનાં નાનાં નાનાં ચાંદીનાં પગલાં છે.અને તે પાટલીમાં જ ત્રણ યંત્રો ચિત્રિત છે. પાટલીમાં સં૰ ૧૬૨૨નો ઉલ્લેખ મળી આવે છે. અહીં ગભારામાં અખંડ દીવો કરવામાં આવે છે.

વિશાળ રંગમંડપયુક્ત આ જિનાલયમાં કુલ પાંચ પ્રવેશદ્વાર અને ત્રણ ગર્ભદ્વાર છે. મુખ્ય ત્રણ પ્રવેશદ્વાર તથા રંગમંડપમાંથી આજુબાજુ ડાબી જમણી બાજુની દેવકુલિકાના દર્શન કરવા જવા માટેના બે પ્રવેશદ્વાર એમ કુલ પાંચ પ્રવેશદ્વાર છે. આજુબાજુની દેવકુલિકાઓ પાસે પણ નીચે ઊતરવા માટેનાં પગથિયાંની રચના કરેલ છે જ્યાંથી નીચે ઊતરતા ભોંયરામાં બિરાજમાન નેમિનાથના રંગમંડપમાં પ્રવેશવાનો પ્રવેશદ્વાર આવે.

ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયનો રંગમંડપ વિશાળ છે. અહીં ઘુમ્મટમાં સુંદર, કલાત્મક પૂતળીઓનાં શિલ્પો છે. અહીં છત પર નાના-નાના કાચના પટ્ટા ગોઠવેલા છે. રંગમંડપમાં ગર્ભદ્વાર પાસે ડાબી-જમણી બંને બાજુની ભીંતમાં એક ઉપર અને ત્રણ નીચે એવા જાળીવાળા ગોખની રચના કરેલ છે, જે હાલ ખાલી છે. આ ગોખની બાજુમાં બંને બાજુ સામ-સામેની દીવાલે કલાત્મક કોતરણીવાળા અરીસાવાળા કબાટ છે. ડાબી બાજુની ભીંત પર આ કબાટની બાજુમાં નીતિવિજયજી મહારાજનો ફોટો મૂકવામાં આવ્યો છે. તેને સુંદર ફ્રેમની અંદર મઢી દેવામાં આવ્યો છે. શેઠશ્રી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પોપટભાઈ અમરચંદનો ફૂલ સાઈઝનો ફોટો જમણી બાજુ પર છે.

ચિંતામણિ પાર્શ્વનાથની ડાબી બાજુની દેવકુલિકામાં શ્રી શાંતિનાથ ભગવાનની પાષાણની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. તેની આજુબાજુ બે શ્યામવર્ણી પાષાણની પ્રતિમા બિરાજમાન છે. આમ અહીં પાષાણની કુલ ત્રણ પ્રતિમાજીઓ છે.

ચિંતામણિ પાર્શ્વનાથની જમણી બાજુની દેવકુલિકામાં પણ મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની પાષાણની પ્રતિમાજી સાથે આજુબાજુમાં બે પાષાણની પ્રતિમાજીઓ મળીને પાષાણની કુલ ત્રણ પ્રતિમાજીઓ છે.

આ બંને દેવકુલિકાઓ સરખું કદ ધરાવે છે.

આ બંને દેવકુલિકા પાસેથી જ ભમતીમાં જવાનો રસ્તો છે. પાંચ પગથિયાં ઊતરીને ચાલતાં ભમતીમાં પ્રવેશી શકાય છે. અહીં ભમતીમાં પાષાણની કુલ એકસઠ પ્રતિમાજીઓ બિરાજમાન છે. પ્રવેશતાં પ્રથમ સં૰ ૧૬૫૭નો મૂર્તિલેખ ધરાવતાં પ્રતિમાજી બિરાજે છે. અહીં દરેક ભગવાનના ગોખ ઉપર જ શિખરની રચના કરેલ છે. અહીં પણ મૂળનાયક તરીકે શ્રી શાંતિનાથજી છે. આ મૂળનાયકની પ્રતિમાની નીચે આરસનો માતૃકા પટ ભીંતે જડેલ છે.

ફર્શમાં સફેદ તથા લીલા રંગના આરસનો ઉપયોગ થયેલો છે. કુદરતી પ્રકાશ આવે તેવી સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. ભોમતીમાંથી ઉપર શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના શિખરના દર્શન થઈ શકે છે.

ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયમાં રંગમંડપમાં પ્રવેશવા માટેના પ્રવેશદ્વારની બંને બાજુએ ઉપરના માળ પર ચડવા માટેના બે પ્રવેશદ્વાર છે.

ત્રીજા મજલે ત્રણ ગભારા અને બે દેવકુલિકાઓ આવેલ છે. આ બંને દેવકુલિકાઓની રચના પણ એવી રીતે કરવામાં આવેલી છે કે ઉપર ચડતાં જ તે તે દેવકુલિકામાં પ્રવેશવા માટેના દ્વાર નજરે ચડે એટલે પ્રથમ એ દેવકુલિકામાં દર્શન કરવા માટે મન મોહિત થાય.

ત્રીજે મજલે મૂળનાયક તરીકે શ્રી મલ્લિનાથજી બિરાજમાન છે. તેમની ડાબી બાજુ સુમતિનાથ અને જમણી બાજુ સહસ્રફણા પાર્શ્વનાથના ગભારા આવેલા છે. ઉપરાંત બે દેવકુલિકાઓમાં ડાબી બાજુ શ્રી વાસુપૂજ્યસ્વામી તથા જમણી બાજુ શ્રી જગવલ્લભ પાર્શ્વનાથનો ગભારો છે.

શ્રી વાસુપૂજ્યના ગભારામાં પાષાણની કુલ પાંચ પ્રતિમાજીઓ છે. ગભારામાં એક ગોખ છે. રંગમંડપ લાંબો છે. રંગમંડપમાં પ્રવેશતાં સામે જ કાચવાળી બારીઓ છે. અહીં મુખ્ય બે પ્રવેશદ્વાર અને એક ગર્ભદ્વાર છે.

શ્રી જગવલ્લભ પાર્શ્વનાથના ગભારામાં પણ પાષાણની કુલ પાંચ પ્રતિમાજીઓ છે. આ બંને દેવકુલિકાઓ એકસરખી રચના અને કદ ધરાવે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્યારબાદ અગાશીમાં થઈ મલ્લિનાથજીના રંગમંડપમાં દાખલ થઈ શકાય. ગભારામાં મૂળનાયક સાથે અહીં પાષાણની કુલ સાત પ્રતિમાજીઓ છે. જમણી બાજુ એક ગોખ છે, જે ખાલી છે. ગર્ભદ્વાર એક છે.

તેની જમણી બાજુના ગભારામાં શ્રી સહસ્રફણા પાર્શ્વનાથની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. અહીં પાષાણની કુલ પાંચ પ્રતિમાજીઓ છે. ગર્ભદ્વાર એક છે.

ડાબી બાજુ ગભારામાં શ્રી સુમતિનાથજી મૂળનાયક તરીકે બિરાજમાન છે. અહીં પાષાણની કુલ પાંચ પ્રતિમાજીઓ છે.

આ ત્રણેય ગભારાનો રંગમંડપ એક છે. ત્રણેય ગભારા એકસરખું કદ ધરાવે છે. રંગમંડપમાં કાષ્ઠની કલાત્મક કોતરણીવાળી જૂના અરીસા સામ-સામી બાજુએ ગોઠવેલા છે.

હાલ આ જિનાલયનો વહીવટ શ્રી તપગચ્છ અમર જૈન શાળા સંઘ હસ્તક છે. જિનાલયના મુખ્ય પ્રવેશદ્વાર પાસે મૂકેલ બોર્ડ પર નીચે મુજબની માહિતી પ્રાપ્ત થાય છે :

પાંચ મોટાં શિખરોવાળું ત્રણ મજલાનું આ જિનાલય સં૰ ૧૯૭૬ની સાલમાં શેઠ શ્રી પોપટભાઈ અમરચંદની જાત દેખરેખ નીચે ૨૦ નાનાં જિનાલયોનો એક જ જિનાલયમાં સમાવેશ કરી આ રીતે ભવ્ય ત્રણ મજલાનું પાંચ શિખરવાળું અને દરેક શિખર મૂળનાયક ભગવાનના ઉપર જ આવે એ રીતે કોઈ પણ એંજિનિયર કે આર્કિટેક્ટ વગર પોતાની જ જાત દેખરેખ અને કોઈ પ્લાન મુજબ બનાવવામાં આવ્યું. આ જિનાલયના દર્શનાર્થે આવનારને ૨૦ જિનાલયનાં દર્શન થાય છે. (જુઓ ફોટોગ્રાફ નં૰ ૨૪)

૧. શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ	૧૧. શ્રી નેમિનાથ
૨. શ્રી અજીતનાથ સ્વામી	૧૨. નામ નથી.
૩. શ્રી સંભવનાથ	૧૩. શ્રી મુનિસુવ્રત
૪. શ્રી અભિનંદન	૧૪. શ્રી મહાવીરસ્વામી
૫. શ્રી ચંદ્રપ્રભુસ્વામી	૧૫. શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ
૬. શ્રી શાંતિનાથ	૧૬. શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ
૭. શ્રી શાંતિનાથ	૧૭. શ્રી મલ્લિનાથ
૮. શ્રી આદિનાથ	૧૮. શ્રી સુમતિનાથ
૯. શ્રી ચંદ્રપ્રભુસ્વામી	૧૯. શ્રી વાસુપૂજ્યસ્વામી
૧૦. શ્રી જીરાળા પાર્શ્વનાથ	૨૦. શ્રી શાંતિનાથ

બોર્ડ પર શરતચૂકથી સં૰ ૧૯૭૬ની સાલ લખવામાં આવી છે, જે ભૂલ છે. સં૰ ૧૯૫૬ની સાલનો નિર્દેશ થવો જોઈએ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીરાળા પાડો ૧૯ જિનાલયના મૂર્તિલેખો

(૧) **શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ :**

મૂળનાયક - ઊંચાઈ - ૩૫"

"સં૰ ૧૬૬૨ વર્ષે દ્વિતીયા ચૈત્ર નક્ષત્રે..... વાસ્તવ્ય વુ૰ નવઘણ ભાર્યા નામલદે સુત વુ૰ રંગ ભાર્યા રંગાદે સુત વુ૰ ણાધા ભાર્યા ગંગાદે સુત વુ.... સ્વકુટુંબ....પરિ...ન સ્વશ્રેયસે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ બિંબં કારાપિતં પ્રતિષ્ઠિતં શ્રીમત્તપાગચ્છે..... ભટ્ટારક શ્રી વિજયસેનસૂરિભિઃ "

(૨) **વાસુપૂજ્ય :** (મૂળનાયકની ડાબી બાજુ)

"સં૰ ૧૭૦૬ વર્ષે જ્યેષ્ઠ વદિ ૩ ગુરૌ શ્રી સ્તંભતીર્થ સમીપસ્થ શ્રી અકબ્બરપુર વાસ્તવ્ય પ્રાગ્વાટ જ્ઞાતીય વૃદ્ધ શાખીય માર... સા ધનજી લઘુ સોદરેણ સ્વભાર્યા દેવલદે સ્વપુત્ર સા પા ... . શ્રી વાસુપૂજ્ય બિંબં કારિતં ।...."

(૩) **શ્રી ચંદ્રપ્રભુ :** (મૂળનાયકની જમણી બાજુ)

"સં૰ ૧૬૭૭ શ્રી ચંદ્રપ્રભુ બિંબં કારિતં । શ્રી તપાગચ્છે શ્રી વિજયદેવસૂરિભિઃ ।" (પાછળના ભાગમાં શ્રીમલ્લ તથા વાલ્હાદેનું નામ)

(૪) **શ્રી અભિનંદનસ્વામી :** (મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની ડાબીબાજુ બારીની સામે)

સંવત ૧૬૬૪ મૂળનાયક તરીકે - ઊંચાઈ ૧૯"

(૫) **શ્રી શ્રેયાંસનાથ :** (શ્રી અભિનંદનસ્વામીની ડાબી બાજુ)

સં૰ ૧૭૦૬..... વિજયસેનસૂરિ .....

(૬) **શ્રી સુમતિનાથ :** (શ્રી અભિનંદન સ્વામીની જમણી બાજુ)

સં૰ ૧૭૦૬..... વિજયાણંદ સૂરિ.....

(૭) **શ્રી ચંદ્રપ્રભુ :** (મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની ડાબી બાજુના દ્વારની સામે)

મૂળનાયક - ઊંચાઈ ૩૩"

સં૰ ૧૬૭૭.....વિજયદેવસૂરિ .....

(૮) **શ્રી સંભવનાથ :** (ચંદ્રપ્રભુની ડાબી બાજુ)

સં૰ ૧૬૭૭..... શ્રીમલ્લ ભાર્યા વલ્હાદે..... વિજયદેવસૂરિ

(૯) **શ્રી શાંતિનાથ :** (શ્રી ચંદ્રપ્રભુની જમણી બાજુ)

સં૰ ૧૬૬૨.....વિજયસેનસૂરિ.....

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૦) **શ્રી સંભવનાથ :** (મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની જમણી બાજુની બારી સામે)

મૂળનાયક તરીકે - ઊંચાઈ ૨૯"

"સંવત ૧૭૭૧ વર્ષે આષાઢ સુદિ ૧૦ શુક્રે સાક્ષી ઉશવંશ જ્ઞાતીય વૃદ્ધ શાખીય ॥ શ્રી સંભવનાથ બિંબં કારાપિતં શ્રી અંચલગચ્છેન પૂજ્ય શ્રી વિદ્યાસાગરસૂરી ઉપદેશેન સા સુંદરદાસ સા સમાચંદ સહિતે....."

(૧૧) **શ્રી સુવિધિનાથ :** (શ્રી સંભવનાથની જમણી બાજુ)

સં૰ ૧૭૮૧..... આષાઢ સુદિ ૧૦.....

(૧૨) **શ્રી નેમનાથ :** (શ્રી સંભવનાથની ડાબી બાજુ)

લેખ નથી

(૧૩) **શ્રી અજીતનાથ :** (મૂળનાયક ચિંતામણિ પાર્શ્વનાથની ડાબી બાજુ બારણા સામે)

મૂળનાયક તરીકે ઊંચાઈ ૧૯"

લેખ નથી

(૧૪) **શ્રી પાર્શ્વનાથ :** (શ્રી અજિતનાથની ડાબી બાજુ)

લેખ નથી.

(૧૫) **આરસપ્રતિમા :** (શ્રી અજિતનાથની જમણી બાજુ)

લેખ નથી.

ચિંતામણિ પાર્શ્વનાથના ગભારામાં કુલ પ્રતિમાસંખ્યા નીચે મુજબ છે :

આરસ પ્રતિમા - ૧૫

ધાતુ પ્રતિમા - ૫૦

મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની જમણીબાજુ દેવકુલિકા

(૧) **શ્રી શાંતિનાથ :** મૂળનાયક તરીકે - ઊંચાઈ ૨૭"

સં૰ ૧૬૭૦..... વિજયસેનસૂરિ.....

(૨) **શ્રી મહાવીર સ્વામી :** (શ્રી શાંતિનાથની ડાબી બાજુ)

સં૰ ૧૬૬૧..... અલાહી ૫૦.....વિજયસેનસૂરિ

(૩) **શ્રી નેમિનાથ :** (શ્રી શાંતિનાથની જમણીબાજુ)

સં૰ ૧૬૬૧.....વસતા ભાર્યા વિમલદે પુત્ર જુઠા..... વિજયસેનસૂરિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ દેવકુલિકામાં આરસની પ્રતિમાઓ કુલ ૩ છે.

મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની ડાબી બાજુ દેવકુલિકા

(૧) **શ્રી શાંતિનાથ :** મૂળનાયક તરીકે - ઊંચાઈ ૨૭"

"સં૦ ૧૬૭૭.....સો૦ કુંઅરજી કારિતં પ્રતિષ્ઠિતં.....શ્રી વિજયદેવસૂરિભિઃ ।"

(૨) **શ્રી સુમતિનાથ :** (શ્રી શાંતિનાથની ડાબી બાજુ)

લેખ નથી

(૩) **શ્રી કુંથુનાથ :** (શ્રી શાંતિનાથની જમણી બાજુ)

લેખ નથી.

આ દેવકુલિકામાં આરસની પ્રતિમાઓ સંખ્યા ૩ છે.

ભોંયરામાં નેમિનાથ ભગવાનની જમણી બાજુની દેવકુલિકા

(૧) **શ્રી આદેશ્વર :**

મૂળનાયક તરીકે - ઊંચાઈ ૫૧"

લેખ નથી.

આ દેવકુલિકામાં મૂળનાયકની આજુબાજુ કાઉસગ્ગ મુદ્રામાં બે આરસપ્રતિમાઓ છે.આ બન્ને પ્રતિમાઓને લેખ નથી. અહીં કુલ ૩ આરસપ્રતિમાઓ (૧ પદ્માસનસ્થ મૂળનાયક + ૨ કાઉસ્સગ્ગિયા) છે.

ભોંયરામાં નેમિનાથ ભગવાનની ડાબી બાજુની દેવકુલિકા

(૧) **શ્રીમહાવીર સ્વામી**

મૂળનાયક તરીકે - ઊંચાઇ ૫૧"

લેખ નથી.

આ દેવકુલિકામાં કુલ ૩ આરસ પ્રતિમાઓ છે. એકે પ્રતિમાજીઓ પર લેખ નથી. અહીં રંગમંડપમાં ડાબી બાજુના ગોખમાં અંબિકાદેવીની સુંદર, કલાત્મક આરસની મૂર્તિ છે.

૧લે માળ મલ્લિનાથ ભગવાનની ડાબી બાજુ દેવકુલિકા

(૧) **વાસુપૂજ્ય સ્વામી :**

મૂળનાયક તરીકે - ઊંચાઈ ૨૭"

સં૦ ૧૬૪૩.....

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આરસ પ્રતિમા - પાંચ - ૫

૧લે માળ મલ્લિનાથ-ભગવાનની જમણી બાજુ દેવકુલિકા

(૧) **જગવલ્લભ પાર્શ્વનાથ :**

મૂળનાયક તરીકે - ઊંચાઈ ૨૧''

સં૦ ૧૬૬૧ - મૂર્તિલેખ

આરસ પ્રતિમા - ચાર - ૪

ધાતુ પ્રતિમા - એક -૧

ભોંયરું

(૧) **શ્રી નેમિનાથ :**

મૂળનાયક તરીકે - ઊંચાઈ ૫૧''

લેખ નથી.

અહીં ડાબે ગભારે **શ્રી ચંદ્રપ્રભુસ્વામી** બિરાજમાન છે જેની ઊંચાઈ ૨૩'' છે તથા જમણા ગભારે શ્રી આરસ પ્રતિમા છે. તેની ઊંચાઈ ૧૯'' છે. મૂળનાયક શ્યામ વર્ણના છે. લેપ થયેલ છે. અહીં કુલ ૧૭ આરસ પ્રતિમાઓ તથા ૧ યક્ષની અને ૧ રાતા વર્ણના દેવીની પ્રતિમાઓ છે.

પ્રથમ મજલો (શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની ઉપર)

(૧) **શ્રી મલ્લિનાથ :**

મૂળનાયક તરીકે - ઊંચાઈ ૧૭''

'સં૦ ૧૭૮૧.....અષાઢ સુદિ દશમ.....શુક્રવાર.....શાહ સમાચંદ .....વિદ્યાસાગર સૂરિ.....'

અહીં કુલ ૭ આરસ પ્રતિમાઓ છે.

(૨) **શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ :** (શ્રી મલ્લિનાથ ભગવાનની જમણી બાજુનો ગભારો)

મૂળનાયક તરીકે - ઊંચાઈ ૧૯'' (ફણા સાથે - ૨૯'')

મૂર્તિલેખ સં૦ ૧૭૨૧

શ્રી નેમિનાથ : (મૂળનાયકની ડાબી બાજુ)

સં૦ ૧૬૭૭

આ જમણી બાજુના ગભારામાં કુલ ૭ આરસ પ્રતિમાઓ બિરાજમાન છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૩) **શ્રી સુમતિનાથ :** (શ્રી મલ્લિનાથ ભગવાનની ડાબી બાજુનો ગભારો)

મૂળનાયક તરીકે - ઊંચાઈ ૨૧"

લેખ દબાઈ ગયો છે.

અહીં આરસ પ્રતિમાઓ કુલ ૫ છે.

શ્રી મલ્લિનાથ ભગવાનની ડાબી બાજુની દેવકુલિકા (૧લે માળ)

(૧) **શ્રી વાસુપૂજ્ય સ્વામી :**

મૂળનાયક તરીકે - ઊંચાઈ ૨૭"

સં૰ ૧૬૪૩

આ દેવકુલિકામાં આરસની કુલ પાંચ પ્રતિમાઓ બિરાજમાન છે.

શ્રી મલ્લિનાથ ભગવનની જમણી બાજુની દેવકુલિકા (૧લે માળ)

(૧) **શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ :**

મૂળનાયક તરીકે - ઊંચાઈ ૨૧"

સં૰ ૧૬૬૧

આ દેવકુલિકામાં આરસની કુલ ચાર પ્રતિમાઓ બિરાજમાન છે.

ભોમતી

ડાબી બાજુથી શરૂ કરતાં

	મૂર્તિલેખ સંવત
(૧) શાંતિનાથ	સં૰ ૧૬૫૭
(૨) શીતલનાથ	લેખ દબાઈ ગયો છે.
(૩) ધર્મનાથ	સં૰ ૧૭૮૧ અષાઢ સુદ ૧૦ શુક્રે સા. સુંદરદાસ પુત્ર સમાચંદેન શ્રી અંચલગચ્છે પૂજ્યવિદ્યાસાગરસૂરિ ઉપદેશે
(૪) કુંથુનાથ	સં૰ ૧૭૮૧..... વિદ્યાસાગરસૂરિ.....
(૫) વાસુપૂજ્યસ્વામી	સં૰ ૧૬૭૦..... વિજયસેનસૂરિ.....
(૬) પદ્મપ્રભુસ્વામી	સં૰ ૧૬૭૦..... વિજયસેનસૂરિ.....
(૭) સુમતિનાથ	સં૰ ૧૬૭૦..... વિજયસેનસૂરિ.....
(૮) આદિનાથ	સં૰ ૧૬૪૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૯) સુમતિનાથ	સં૦ ૧૬૩૭
(૧૦) શાંતિનાથ	લેખ દબાઈ ગયો છે.
(૧૧) કુંથુનાથ	સં૦ ૧૭૦૫..... વિજયસિંહસૂરિ.....
(૧૨) અરનાથ	સં૦ ૧૭૮૧ અષાઢ સુદ ૧૦ શુક્રે સા. સુંદરદાસ પુત્ર સમાચંદેન શ્રી અંચલગચ્છે પૂજ્ય વિદ્યાસાગરસૂરિ ઉપદેશે
(૧૩) શાંતિનાથ	લેખ નથી
(૧૪) શ્રેયાંસનાથ	સં૦ ૧૭૦૫
(૧૫) આદેશ્વર	અલાઈ સં૦ ૪૪ સં૦ ૧૬૫૫
(૧૬) સુમતિનાથ	સં૦ ૧૬૭૦ વિજયસેનસૂરિ
(૧૭) સુમતિનાથ	સં૦ ૧૬૬૨
(૧૮) નામ નથી	સં૦ ૧૬૩૨
(૧૯) કલીકુંડ પાર્શ્વનાથ	સં૦ ૧૭૮૧ વૈશાખ સુદ ૧૦ અંચલગચ્છ..... વડનગરે સંઘ..... શ્રી ગોડી પાર્શ્વનાથ બિંબ
(૨૦) શાંતિનાથ	સં૦ ૧૬૭૦..... વિજયસેનસૂરિ.....
(૨૧) સુપાર્શ્વનાથ	સં૦ ૧૬૭૦..... વિજયસેનસૂરિ.....
(૨૨) નેમિનાથ	સં૦ ૧૬૬૧
(૨૩) આદિનાથ	સં૦ ૧૬૭૭..... વિજયસેનસૂરિ.....
(૨૪) શીતલનાથ	લેખ નથી
(૨૫) પદ્મપ્રભ સ્વામી	લેખ નથી
(૨૬) સંભવનાથ	સં૦ ૧૭૦૬..... પ્રાગ્વાટ વૃદ્ધ શાખીય વીરજીપુત્ર વમલદાસ... વિજયરાજ વિજયાણંદસૂરિ.....
(૨૭) પદ્મપ્રભસ્વામિ	લેખ નથી
(૨૮) શાંતિનાથ	લેખ નથી
(૨૯) શાંતિનાથ	લેખ નથી
(૩૦) પાર્શ્વનાથ	લેપ કરેલ છે.
(૩૧) શાંતિનાથ	સં૦ ૧૭૭૬
(૩૨) પાર્શ્વનાથ	લેપ કરેલ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૩૩) સુમતિનાથ	સં૦ ૧૭૮૧ અષાઢ સુદ ૧૦ શુક્રે સા. સુંદરદાસ પુત્ર સા. સમાચંદ..... વિદ્યાસાગરસૂરિ
(૩૪) વાસુપૂજ્યસ્વામી	સં૦ ૧૭૮૧ અષાઢ સુદ ૧૦ શુક્રે સા. સુંદરદાસ પુત્ર સા. સમાચંદ.....વિદ્યાસાગરસૂરિ
(૩૫) વાસુપૂજ્યસ્વામી	સં૦ ૧૬૬૨
(૩૬) મુનિસુવ્રતસ્વામી	સં૦ ૧૬૫૮
(૩૭) નામ નથી	અલાઈ ૪૨
(૩૮) આદેશ્વર	લેખ નથી
(૩૯) કુંથુનાથ	લેખ નથી
(૪૦) ધર્મનાથ	લેખ નથી
(૪૧) ગોડી પાર્શ્વનાથ	સં૦ ૧૭૮૧..... સમાચંદ દોસી પુત્ર દોસી મોતી ..... વિદ્યાસાગરસૂરિ
(૪૨) શાંતિનાથ	સં૦ ૧૬૬૬..... વિજયદેવસૂરિ.....
(૪૩) સુપાર્શ્વનાથ	લેખ વંચાતો નથી.
(૪૪) આદિનાથ	સં૦ ૧૬૫૧
(૪૫) પાર્શ્વનાથ	સં૦ ૨૦૦૧
(૪૬) શીતલનાથ	સં૦ ૧૬૫૮
(૪૭) પદ્મપ્રભ	લેખ અવાચ્ય છે.
(૪૮) મુનિસુવ્રત સ્વામી	સં૦ ૧૬૮૧
(૪૯) આદેશ્વર	લેખ નથી
(૫૦) ચંદ્રપ્રભુ	સં૦ ૧૭૦૬
(૫૧) વાસુપૂજ્ય સ્વામી	સં૦ ૧૬૩૨
(૫૨) આદેશ્વર	લેખ નથી
(૫૩) મુનિસુવ્રત સ્વામી	સં૦ ૧૬૬૨
(૫૪) આદેશ્વર	સં૦ ૧૬૬૧..... વિજયસેનસૂરિ.....
(૫૫) ધર્મનાથ	સં૦ ૧૬૭૦..... વિજયદેવસૂરિ.....

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૫૬) મહાવીર સ્વામી સં૦ ૧૬૬૦ હેમસોમસૂરિ પ્ર૦

(૫૭) શાંતિનાથ સં૦ ૧૬૬૧..... તેજબાઈ...

(૫૮) ધર્મનાથ સં૦ અલાઈ ૪૨..... માઘ વદિ.... શ્રી અંચલગચ્છે

(૫૯) સંભવનાથ લેખ અવાચ્ય છે.

(૬૦) સુમતિનાથ સં૦ ૧૬૬૭..... વિજયસેનસૂરિ

(૬૧) વાસુપૂજ્યસ્વામિ લેખ અવાચ્ય છે.

ભોમતીમાં મૂળનાયક શાંતિનાથની પ્રતિમાના ગોખની નીચે ચોવીસ માતૃકાનો આરસનો એક પટ છે.

• • •

માંડવીની પોળ

ખંભાતમાં આજે કડાકોટડી વિસ્તારની સામે આવેલા માંડવીની પોળના નામે પ્રસિદ્ધ વિસ્તારનો જુદા-જુદા સમય દરમ્યાન વિવિધ નામ સાથે ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

૧૬મા સૈકામાં કવિ ડુંગર રચિત **ખંભાત ચૈત્યપરિપાટી**માં **માંડવીની પોળ**નો વિસ્તાર **આલિગવસહી** નામે પ્રસિદ્ધ હતો અને તે સમયે શ્યામરંગના આદીનાથજીના જિનાલયનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે જે નીચે મુજબની પંક્તિઓમાં છે :

મુહુર વસહીઅ પાસનાહ પ્રભ પ્રત્યાસારો,
ખરતર વસહી અજિતનાથ સેવક સાધારો,

આલિગ વસહી આદિનાથ સામલ મન મૂરતિ,
સુરતાણપુરિ શ્રી શાંતિનાથ પ્રભ આશા પૂરઈ. ૧૦

સં૦ ૧૬૭૩ માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલામાં અલંગ વસઈની પોળ** તરીકે માંડવીની પોળનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. તે સમયે અહીં (૧) સાંમલ ઋષભદેવ (૨) કુંથુનાથ (૩) શાંતિનાથ એમ કુલ ત્રણ જિનાલયો વિદ્યમાન હતાં તેનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે :

અલંગ વસઈની પોલ્યમાં, ત્રણ્ય પ્રાસાદ ઉત્તંગ ।
રીષભદેવ વીસ બ્યંબ શું, સ્વામી **સાંમલ** રંગ ॥ ૯

કુંથનાથયન ભુવન ત્યાંહાં, પાસઈ પ્રતિમા આઠ ।
પ્રહી ઊઠીનઈ પ્રણમતાં, લહીઈ શવપુરિ વાટ ॥ ૧૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાંતિનાથ જયન સોલમુ, ત્યાંહાં ત્રીજઉ પ્રાસાદ ।
ત્રણ્ય બ્યંબ તૃવિધિં નમૂં, મુંકી મીથ્યા વાદ ॥ ૧૧

સં૦ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં આ વિસ્તાર **અલિંગ વસહી - અલિગ વસહી** તરીકે દર્શાવવામાં આવ્યો છે. તે સમયે આ વિસ્તારમાં (૧) આદિનાથ (૨) સંભવનાથ (૩) કુંથુનાથ - એમ કુલ ત્રણ જિનાલયો વિદ્યમાન હતાં તેનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

રવજી ચેલાની પોલિં પાસ જિન પંચાવન પ્રતિમા સહી
અલિંગ વસહીઈ આદિ જિનવર ત્રાણું મૂરતિ મઈ લહી ૨૦

સંભવ ત્રેવીસ **અલિગ વસહીઈ**
કુંથ પ્રાસાદે સતાવન સોહીઈ ૨૧

સં૦ ૧૯૦૦માં માંડવીની પોળમાં કુલ પાંચ જિનાલયો વિદ્યમાન હતાં જેનો ઉલ્લેખ નીચે મુજબ પ્રાપ્ત થાય છે :

અથ માંડવીની પોલમાં દેહરાં ૫ ની વિગત

૩૮. શ્રી કુંથુનાથનું દેહરું
૩૯. શ્રી મુનિસુવ્રતસ્વામી દેહરું
૪૦. શ્રી આદિસર ભગવાન દેહરું
૪૧. શ્રી વિમલનાથ દેહરું
૪૨. શ્રી મહાવીરસ્વામી મેડી ઉપર

સં૦ ૧૯૪૭ માં **જયતિહુઅણ સ્તોત્ર** ગ્રંથની પ્રસ્તાવનામાં માંડવીની પોળમાં કુલ સાત જિનાલયો વિદ્યમાન હતાં.

માંડવીની પોળમાં

૩૧. વિમલનાથનું
૩૨ રીખવદેવસ્વામીનું
૩૩. નેમનાથ સ્વામીનું
૩૪. મુનિસુવ્રતસ્વામીનું
૩૫. કુંથુનાથજીનું
૩૬. પદ્મપ્રભુજીનું
૩૭. સુમતિનાથજીનું

આજની કડાકોટડી વિસ્તારમાં આવેલાં બે જિનાલયો, (૧) પદ્મપ્રભુ, (૨) સુમતિનાથ નો ઉલ્લેખ સં૦ ૧૯૪૭માં માંડવીની પોળના વિસ્તારમાં કરવામાં આવ્યો છે.

સં૦ ૧૯૬૩ માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં** માંડવીની પોળ વિસ્તારમાં (૧) કુંથુનાથ (૨) આદિનાથ (૩) મુનિસુવ્રતસ્વામી (૪) નેમિનાથ - એમ કુલ ચાર જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૦ ૧૯૮૪માં **ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટી**માં માંડવીની પોળમાં (૧) કુંથુનાથ (૨) આદીશ્વર (નેમનાથ બાજુમાં) એમ બે જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે. આજે નેમનાથજીની આ પ્રતિમા મૂળનાયક શ્રી આદેશ્વરજીના જિનાલયમાં જમણા ગભારે મૂળનાયક તરીકે બિરાજમાન છે.

સં૦ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વ સંગ્રહ**માં માંડવીની પોળ વિસ્તારમાં કુલ બે જિનાલયો (૧) આદિનાથ (૨) કુંથુનાથ વિદ્યમાન હતાં.

આજે પણ માંડવીની પોળમાં ઉપર જણાવેલ બે જિનાલયો (૧) આદેશ્વર (૨) કુંથુનાથ વિદ્યમાન છે.

ઉપરાંત શ્રી કુંથુનાથજીના જિનાલયના વહીવટકર્તા શ્રી જયંતિભાઈ દીપચંદ શાહ, જેઓની ઉંમર ૭૯ વર્ષની છે, સાથેની વાતચીતમાં કેટલીક વિગતો જાણવા મળી :

શ્રી જયંતિભાઈ નાની ઉંમરમાં હતા ત્યારે અહીં આશરે ૭૦ વર્ષ પહેલાં કુલ પાંચ જિનાલયો હતાં. આજે જ્યાં પાઠશાળા છે ત્યાં મેડા ઉપર મહાવીરસ્વામીનું જિનાલય હતું અને તે જિનાલય ક્યાં ગયું તેની તેમને ખબર નથી. હાલ પાઠશાળાનું મકાન ખાલી છે. વળી એક ચોથું જિનાલય હતું તેમાં તો નાનપણમાં પૂજા પણ કરી છે. તેના મૂળનાયક કયા હતા તે તેઓને યાદ ન હતું. તેઓને જિનાલયના સ્થાન વિશે પૂછ્યું તો તેઓના કુંથુનાથજીના જિનાલયની બાજુમાં ઘરની પછવાડે એક જિનાલય હતું. તેના આજે પણ એ જગ્યા પર અવશેષ જોવા મળે છે. અમે જિનાલયની મુલાકાત દરમ્યાન જિનાલયની બાજુની એ ખંડેર જગ્યા જોઈ હતી. તેમાં પબાસન, સિંહાસન જેવા અવશેષો પણ જોયા હતા. એ જગ્યા પર કોઈ કાળે જિનાલય હતું તેનો એ પુરાવો છે. આ ઉપરાંત આદેશ્વરજીના જિનાલયની પાછળના ભાગમાં (આદેશ્વરના જિનાલયના કંપાઉંડમાં જ્યાં માણીભદ્ર વીરની દેરી તથા આદેશ્વરના પગલાંવાળી દેરી છે તેની બરોબર પાછળ) અમે અન્ય એક ખંડેર જગ્યા જોઈ હતી જ્યાં ગોખ, ટોડલા, ગર્ભદ્વાર પાસેના જમીન પરની કોતરણી જેવા અવશેષો જોયા હતા.

આમ જોતાં સં૦ ૧૯૦૦માં માંડવીની પોળનાં પાંચ જિનાલયમાંથી આજે બે જિનાલય લુપ્ત થયેલ માલૂમ પડે છે અને સં૦ ૧૯૪૭માં તથા સં૦ ૧૯૬૩માં નેમિનાથજીનું જિનાલય ઉમેરાયેલું માલૂમ પડે છે. આ નેમનાથના જિનાલય વિશે પૂછપરછ કરતાં જાણવા મળ્યું છે કે તે જિનાલય આદેશ્વરના જિનાલયની બિલકુલ બાજુમાં હતું. અને આજે હવે તે આદેશ્વરના જિનાલયમાં જમણી બાજુના ગર્ભદ્વાર સન્મુખ બિરાજમાન છે. કુંથુનાથજીના જિનાલયની બાજુમાં તથા આદેશ્વરના જિનાલયની બાજુમાં જે ખંડેર જગ્યાઓ છે ત્યાં ઉપરોક્ત બે જિનાલયો વિદ્યમાન હોવાનો સંભવ છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માંડવીની પોળ

કુંથુનાથ (સં૰ ૧૬૭૩ પહેલાં)

કડાકોટડીની સામે આવેલી માંડવીની પોળમાં પ્રવેશી આગળ જતાં ડાબા હાથે કુંથુનાથજીનું ધાબાબંધી જિનાલય આવેલું છે.

મૂળનાયક શ્રી કુંથુનાથજીની પ્રતિમા પર લેખ છે જેમાં નીચે મુજબનું લખાણ છે :

"ઈલાહી સં૰ ૪૮ સંવત ૧૬૫૯ વર્ષે વૈશાખ ... રાજલદે.....
.....હીરવિજયસૂરિ શિષ્ય વિજયસેનમુનિઃ।"

શ્રી વિજયસેનસૂરિના હાથે ખંભાતમાં સં૰ ૧૬૫૯માં એક પ્રતિષ્ઠા થઈ હતી તેની નોંધ **ખંભાતનો પ્રાચીન જૈન ઈતિહાસ** ગ્રંથના પૃ૰ ૫૭ ઉપર મળે છે.

સં૰ ૧૬૭૩ માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં માંડવીની પોળના વિસ્તારનો **અલંગ વસઈની પોળ** તરીકે ઉલ્લેખ થયેલો છે. તે સમયે આ વિસ્તારમાં ત્રણ જિનાલયો વિદ્યમાન હતા જે પૈકી કુંથુનાથજીના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં આવે છે :

અલંગ વસઈની પોલ્યમાં, ત્રણ પ્રાસાદ ઉતંગ।
.....
કુંથુનાથ યન ભુવન ત્યાંહા, પાસઈ પ્રતિમા આઠ।
પ્રહી ઉઠીનઈ પ્રણમતાં, લહીઈ શવપુરિ વાટ ॥ ૧૦

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં માંડવીની પોળમાં આવેલા આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

સંભવ ત્રેવીસ **અલિગ વસહીઈ**
કુંથ પ્રાસાદે સતાવન સોહીઈ ૨૧

એટલે કે અગાઉ જોઈ ગયા મુજબ માંડવીની પોળનો આ વિસ્તાર સં૰ ૧૭૦૧માં **આલિગ વસહી - અલિગ વસહી**ના નામથી જાણીતો હતો.

સં૰ ૧૯૦૦માં માંડવીની પોળમાં પાંચ જિનાલયોનો ઉલ્લેખ આવે છે. જે પૈકી કુંથુનાથજીના આ જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૩૮માં નીચે મુજબ થયેલો છે :

અથ માંડવીની પોલમાં દેહરાં ૫ ની વિગત -

૩૮. શ્રી **કુંથુનાથનું દેહરું**
૩૯. શ્રી મુનિસુવ્રતસ્વામીનું દેહરું
૪૦. શ્રી આદિસર ભગવાનનું દેહરું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૪૧. શ્રી વિમલનાથનું દેહરું

૪૨. શ્રી મહાવીરસ્વામી મેડી ઉપર

(૧) **સં૦ ૧૯૪૭માં જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથ**ની પ્રસ્તાવનામાં માંડવીની પોળમાં આવેલા કુંથુનાથના જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૩૫માં નીચે મુજબ પ્રાપ્ત થાય છે.

માંડવીની પોળમાં

૩૧. વિમલનાથનું ૩૨. રીખવદેવ સ્વામીનું.

૩૩. નેમનાથ સ્વામીનું ૩૪. મુનિસુવ્રતસ્વામીનું.

૩૫. **કુંથુનાથજી**નું ૩૬. પદમપ્રભુજીનું.

૩૭. સુમતિનાથજીનું.

સં૦ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયેલો છે તે સમયે પાષાણની એક પ્રતિમાજી વિદ્યમાન હતી અને જિનાલયના મકાનની સ્થિતિ સારી હતી.

સં૦ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં માંડવીની પોળમાં આવેલા કુંથુનાથજીના જિનાલયમાં પાષાણની એક પ્રતિમાજી વિદ્યમાન હોવાનો ઉલ્લેખ કરેલો છે. ઉપરાંત પૃ૦ ૫૪ ઉપર આ જિનાલયની નીચે મુજબ નોંધ મળે છે :

'માંડવીની પોળમાં કુંથુનાથજીના દર્શન કરવા, નાનકડા દહેરાંની સ્વચ્છતા ને નિવૃત્તિ જનકતા અજબ છે.' તે સમયે જિનાલયનો વહીવટ માસ્તર દીપચંદ પાનાચંદ હસ્તક હતો જેઓ જિનાલયની નજીકમાં જ રહેતા હતા.

સં૦ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં માંડવીની પોળના કુંથુનાથજીના જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધ તરીકે થયેલો છે તે સમયે પણ જિનાલયમાં પાષાણની એક પ્રતિમાજી વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે અને વહીવટ તે સમયે પણ શેઠ દીપચંદ પાનાચંદ હસ્તક હતો. જિનાલયની સ્થિતિ તે સમયે સાધારણ દર્શાવવામાં આવેલી હતી. હાલ આ જિનાલયનો વહીવટ શ્રી જયંતિભાઈ દીપચંદ શાહ હસ્તક છે જેઓ જિનાલયની બાજુમાં જ રહે છે.

જિનાલય નાનું છતાં સ્વચ્છ છે. તેમાં પ્રવેશતાં નાનો ચોક છે. અહીંથી તેની ચારે બાજુ પ્રદક્ષિણા કરી શકાય તેવી જગ્યા છે. આ જિનાલય આરસ તથા ખારિયા પથ્થરનું બનેલું છે. તેમાં રંગકામ થયેલું છે.

રંગમંડપ સાદો છે. ઘુમ્મટમાં ચિત્રકામ તથા પૂતળીઓનાં શિલ્પો છે.

ગભારો ઘણો નાનો છે. અષ્ટપ્રાતિહાર્ય પરિકરયુક્ત કુંથુનાથજીની આરસની માત્ર એક જ પ્રતિમાજી (મૂળનાયક) છે. એટલે કે આ જિનાલયમાં પાષાણની માત્ર એક જ પ્રતિમાજી વિદ્યમાન છે. આ એક વિરલ બાબત છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયના વહીવટકર્તા શ્રી જયંતિલાલ દીપચંદ શાહની ઉંમર આજે ૭૯ વર્ષની છે. તેઓ સાથેની વાતચીતમાં જાણવા મળ્યું કે માંડવીની પોળના કૂવા સામેના કુંથુનાથજીના જિનાલયમાં આરસનો એક શિલાલેખ હતો તે મુજબની નોંધ 'આર્કીયોલોજી ડિપાર્ટમેન્ટ'માં છે. આજે આવો કોઈ શિલાલેખ જિનાલયમાં જોવા મળતો નથી.

ટૂંકમાં માંડવીની પોળમાં આવેલું કુંથુનાથજીનું આ જિનાલય **સં૰ ૧૬૭૩ પહેલાના** સમયનું છે. (જુઓ ફોટોગ્રાફ નં૰ ૨૭)

• • •

માંડવીની પોળ

આદેશ્વર (૧૬મો સૈકો અથવા તે પહેલાનું)

માંડવીની પોળમાં કુંથુનાથજીના જિનાલયથી જરાક આગળ જતાં શ્રી આદેશ્વરજીનું ઘણું મોટું શિખરબંધી પ્રાચીન જિનાલય આવેલું છે :

૧૬મા સૈકામાં ડુંગર રચિત **ખંભાત ચૈત્યપરિપાટી**માં **આલિગવસહી**માં આદિનાથના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

આલિગ વસહી આદિનાથ સામલ મન મૂરતિ,
સુરતાણ પૂરિ શ્રી શાંતિનાથ પ્રભ આશા પૂરઈ.

સં૰ ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત 'ત્રંબાવતી તીર્થમાલા'માં '**અલંગ વસહીની પોળ**'માં ઋષભદેવ(આદિનાથ)ના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં આવે છે :

અલંગ વસઈની પોલ્યમાં, ત્રણ્ય પ્રાસાદ ઉત્તંગ ।
રીષભદેવ વીસ બ્યંબ શું, સ્વામી **સાંમલ** રંગ ॥૯॥

૧૬મા સૈકામાં કવિ ડુંગર તથા સં૰ ૧૬૭૩ માં કવિ શ્રી ઋષભદાસ આદેશ્વરજીના આ પ્રતિમાજી શ્યામ રંગના હોવાનો ઉલ્લેખ કરે છે. આજે પણ એ જ શ્યામ રંગના પ્રતિમાજી માંડવીની પોળના આ જિનાલયમાં બિરાજમાન છે.

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત 'ખંભાઈતિ તીર્થમાલા'માં '**અલિંગવસહી**'ના આદેશ્વર ભગવાનના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં આવે છે :

૨વજી ચેલાની પોલિં, પાસ જિન પંચાવન પ્રતિમા સહી
અલિંગ વસહીઈ આદિ જિનવર ત્રાણું મૂરતિ મઈ લહી ૨૦

સં૰ ૧૯૦૦માં આદિનાથ ભગવાનનું દરાસર તથા કુંથુનાથજીનું જિનાલય માંડવીની પોળના વિસ્તારમાં દર્શાવવામાં આવેલું છે. એટલે કે તે સમયે આ વિસ્તાર માંડવીની પોળના નામથી પ્રચલિત થયો હતો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અથ માંડવીની પોલમાં દેહરાં પની વિગત -

૩૮. શ્રી કુંથુનાથનું દેહરું

૩૯. શ્રી મુનિસુવ્રત સ્વામી દેહરું

૪૦. શ્રી **આદિસર ભગવાન**નું દેહરું

૪૧. શ્રી વિમલનાથ દેહરું

૪૨. શ્રી માહાવીર સ્વામી મેડી ઉપર

સં૦ ૧૯૪૭માં **જયતિહુઅણ સ્તોત્ર** ગ્રંથની પ્રસ્તાવનામાં આ જિનાલયનો ઉલ્લેખ માંડવીની પોળ વિસ્તારમાં ક્રમાંક ૩૨માં થયેલો છે.

માંડવીની પોળ

૩૧. વિમલનાથનું. ૩૨. **રીખવદેવ સ્વામીનું.**

૩૩. નેમનાથ સ્વામીનું .....

સં૦ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં માંડવીની પોળમાં ચાર જિનાલયોનો ઉલ્લેખ આવે છે જે પૈકી આદેશ્વરજીના જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયેલો છે. તે સમયે પાષાણની ચોવીસ પ્રતિમાજીઓ બિરાજમાન હતી. ઉપરાંત પગલાં જોડ ત્રણનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો હતો. જિનાલયના મકાનની સ્થિતિ સાધારણ દર્શાવવામાં આવેલી હતી.

સં૦ ૧૯૮૪માં **ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટી**માં માંડવીની પોળના આદેશ્વરજીના જિનાલયમાં પાષાણની સત્તર પ્રતિમાજીઓનો ઉલ્લેખ થયેલો છે. ઉપરાંત બાજુમાં નેમનાથજીનો ઉલ્લેખ થયેલો છે. તે સમયે જિનાલયની વિશાળ જગ્યામાં એક ઝાડનો ઉલ્લેખ થયેલો છે. કુંથુનાથજીના જિનાલયની આગળ જતાં આદેશ્વરજીનું મંદિર આવે છે. તેને પુરાણું સ્થાન ગણાવ્યું છે. તે સમયે વહીવટ ભાયચંદ કસળચંદ હસ્તક હતો.

સં૦ ૧૯૯૩માં જિનાલયનો જીર્ણોદ્ધાર થયેલો છે.

સં૦ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વ સંગ્રહ**માં માંડવીની પોળમાં આદિનાથજીનું જિનાલય શિખરબંધ દર્શાવવામાં આવેલું છે. તે સમયે પાષાણની તેર પ્રતિમાજીઓ બિરાજમાન હતી. તે સમયે જિનાલયના મકાનની સ્થિતિ સારી દર્શાવેલી છે. ઉપરાંત વલ્લભ વિજયજી, આત્મારામજી અને હર્ષ વિજયજીની મૂર્તિઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વહીવટ શેઠ ભાઈચંદ કસળચંદની પેઢી હસ્તક હતો. હાલ જિનાલયનો વહીવટ ભાઈચંદ કસળચંદની પેઢીના વારસદાર શ્રી હરેન્દ્રભાઈ કાંતિલાલ શાહ હસ્તક છે અને દેખરેખ શ્રી ભુપેન્દ્રભાઈ માણેકલાલ શાહ રાખે છે.

જિનાલયનો જીર્ણોદ્ધાર સં૦ ૧૯૯૩માં થયો. આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીએ માંડવીની પોળના આદેશ્વર ભગવાનના આ નવીન પ્રાસાદમાં પ્રતિષ્ઠા કરાવી. આ પુનઃ પ્રતિષ્ઠા સં૦ ૧૯૯૩માં શ્રાવણ સુદ ત્રીજને સોમવારના દિવસે થઈ હતી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હાલ વિશાળ જગ્યા ધરાવતાં આ જિનાલયના કંપાઉંડમાં પ્રવેશવા માટે જાળીવાળા બે પ્રવેશદ્વાર છે. જિનાલયની બંને બાજુ ઘુમ્મટયુક્ત દેરીઓ આવેલી છે. જિનમંદિરની ઉત્તર દિશામાં આવેલી દેરીમાં જૈનાચાર્ય ૧૦૦૮ શ્રીમદ્ વિજયાનંદસૂરિની આરસમૂર્તિ મધ્યમાં બિરાજમાન છે. તેમની જમણી બાજુ આ૦ શ્રી વિજયવલ્લભસૂરિજી અને ડાબી બાજુ શ્રી હર્ષસૂરિની આરસમૂર્તિ બિરાજમાન છે. આ ત્રણે ગુરુમૂર્તિઓ પર 'સં૦ ૧૯૯૪ કાર્તિક વદિ ૫ સોમવાર પ્રાગ્વાટ જ્ઞાતીય સા૦ ભાઈચંદ કશળચંદ'નો ઉલ્લેખ છે. જિનમંદિરની ડાબી બાજુ દક્ષિણ દિશામાં તપાગચ્છ અધિષ્ઠાયક શ્રી મણિભદ્ર યક્ષનું મંદિર તથા આદેશ્વરની ચરણપાદુકાની દેરી પણ આવેલ છે. આ ચરણપાદુકા ઉપર 'સં૦ ૧૯૯૪... કારતક વદ પાંચમ.' એવું વંચાય છે. આદેશ્વરના આ પગલાંની દેરી પહેલાં ત્યાં ને ત્યાં રાયણના ઝાડ નીચે હતી. હાલમાં એવું કોઈ ઝાડ નથી. પરંતુ સં૦ ૨૦૧૦માં એ ઝાડનો ઉલ્લેખ થયેલો છે.

જિનાલયના રંગમંડપમાં પ્રવેશી શકાય તેવા કુલ ત્રણ પ્રવેશદ્વાર છે. રંગમંડપમાં ગર્ભદ્વાર પાસે જમણી તથા ડાબી બાજુના ગોખમાં ગૌમુખયક્ષ અને ચક્રેશ્વરી દેવીની મૂર્તિઓ છે. રંગમંડપમાં રંગકામ સુંદર છે. દીવાલો પરના થાંભલાઓ પર બેઠી મુદ્રામાં રંગકામયુક્ત પૂતળીઓનાં શિલ્પો છે. રંગમંડપમાં મુખ્ય પ્રવેશદ્વાર પાસેની દીવાલ પર એક શિલાલેખ મૂકેલ છે. તેમાં જિનાલયની પુનઃ પ્રતિષ્ઠા અંગેની માહિતી પ્રાપ્ત થાય છે. આ શિલાલેખ આ પુસ્તકના પ્રકરણ-૧૩માં મૂકવામાં આવેલ છે.

ગભારામાં કસોટીના પથ્થરના શ્યામ વર્ણના મૂળનાયક શ્રી આદેશ્વર ભગવાનની બેનમૂન પ્રતિમા બિરાજમાન છે. અહીં આરસના કુલ બાર પ્રતિમાજીઓ છે. ગભારાના ગોખમાં સં૦ ૧૨૭૧નો લેખ ધરાવતા કલ્પવૃક્ષમાં ઉપર તથા નીચે એક-એક પ્રતિમાજી બિરાજમાન છે. (જુઓ ફોટોગ્રાફ નં૦ ૨૯) એવી જ રીતે બીજા કલ્પવૃક્ષમાં માત્ર એક પ્રતિમાજી તેની આજુબાજુ કાઉસ્સગ્ગીયા અને નીચે પરિકર છે. જિનાલયમાં ભોંયરું છે પણ કોઈ પ્રતિમાજી નથી. તે બંધ રહે છે. ગભારામાં મૂળનાયક શ્રી આદેશ્વરજીના જમણે ગભારે નેમનાથ ભગવાન તથા ડાબા ગભારે શાંતિનાથજી બિરાજમાન છે. સ્થાનિક માહિતી પ્રમાણે ગભારામાંના નેમનાથ ભગવાન સામેના ઘરના ટાંકામાંથી મળી આવેલા. સં૦ ૧૯૬૩માં માંડવીની પોળમાં નેમનાથજીના જિનાલયનો ઉલ્લેખ આવે છે. અને તે સમયે તે જિનાલય જીર્ણ અવસ્થામાં હતું તેવો પણ ઉલ્લેખ મળે છે. ઉપરાંત સં૦ ૧૯૮૪ માં માંડવીની પોળમાં આદેશ્વરજીના જિનાલયના ઉલ્લેખમાં 'નેમનાથજી બાજુમાં' સંયુક્ત જિનાલય તરીકેનો ઉલ્લેખ મળે છે. તે સમયે નેમનાથજીનું જિનાલય અલગ દર્શાવવામાં આવ્યું નથી પરંતુ પાષાણની ચાર પ્રતિમાજીઓનો ઉલ્લેખ અલગ દર્શાવવામાં આવ્યો હતો. ત્યારબાદ સં૦ ૧૯૯૩માં આ જિનાલયનો જીર્ણોદ્ધાર થયેલો છે. સંભવ છે કે તે નેમનાથજીના પ્રતિમાજી અહીં જિનાલયમાં પુનઃ પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા હોય અને સંયુક્ત દેરાસર એક બન્યું હોય.

જૈન તીર્થ સર્વ સંગ્રહ સં૦ ૨૦૧૦ માં ડુંગર કવિ કૃત **ખંભાત ચૈત્યપરિપાટી**ના આધારે પૃ૦ ૧૪ પર આ જિનાલય અંગે નીચે મુજબની નોંધ આપે છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'આલિગ નામના મંત્રીએ આદીશ્વર ભગવાનનું મંદિર બંધાવ્યું હતું.'

ટૂંકમાં આ જિનાલય **૧૬મા સૈકાનું અથવા તે અગાઉના સમયનું** છે.

આજે વિદ્યમાન ખંભાતનાં જિનાલયોમાં આ જિનાલય મોટા ભાગે સૌથી પ્રાચીન જણાય છે. (જુઓ ફોટોગ્રાફ નં. ૨૮)

કડાકોટડી

માંડવીની પોળની સામે આવેલો, આજે **કડાકોટડી** તરીકે જાણીતો વિસ્તાર અગાઉ **મોહોરવસહી - મુહુરવસહી** તરીકે ઓળખાતો હતો.

૧૬મા સૈકામાં કવિ ડુંગર રચિત **ખંભાત ચૈત્યપરિપાટીમાં** મુહુરવસહીમાં પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં કરવામાં આવ્યો છે.

મુહુર વસહીઅ પાસનાહ પ્રભ પ્રત્યાસારો,
ખરતર વસહી અજિતનાથ સેવક સાધારો,

આલિગ વસહી આદિનાથ સામલ મન મૂરતિ,
સુરતાણ પુરિ શ્રી શાંતિનાથ પ્રભ આશા પૂરઈ ૧૦

સં. ૧૬૭૩માં કવિશ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં **'મોહોરવસહી'** નામનો વિસ્તાર અલંગવસહી અને આલીની વચમાં દર્શાવવામાં આવ્યો હતો. અલંગ વસહી નામનો વિસ્તાર આજે માંડવીની પોળ તરીકે જાણીતો થયો છે. તે સમયે મોહોર વસઈની પોલમાં કુલ ત્રણ જિનાલયો વિદ્યમાન હતાં : (૧) મોહોર પાર્શ્વનાથ (૨) શાંતિનાથ (૩) સુમતિનાથ — આ ત્રણેય જિનાલયોનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયો છે :

મોહર વસઈની પોલ્યમાંહાં, ત્રણ્ય પ્રાસાદ જગીસ ।
મોહોર પાસ સ્વામી નમૂં, નમું બ્યંબ ચ્યાલીસ ॥ ૧૨

શાંતિનાથ ત્રણ્ય બ્યંબશું, સુમતિનાથ યગદીસ ।
સોલ બ્યંબ સહજઈ નમૂં, પૂરઈ મનહ જગીસ ॥ ૧૩

સં. ૧૬૭૩માં મોહોરવસહીમાં મોહોર પાર્શ્વનાથનાં જિનાલયો ઉલ્લેખ આવે છે. સંભવ છે કે મુહુર પાર્શ્વનાથનાં જિનાલયના નામ સાથે મુહુર વસહી નામ પ્રચલિત થયું હશે.

સં. ૧૨૯૧ પછી અંચલગચ્છના શ્રી અજિતસિંહસૂરિના સમમાં બનેલી એક ઘટના અહીં ઉલ્લેખનીય છે. મહીયલ ગામમાં શ્રી આદિદેવનો જિનપ્રાસાદ અને વાવ બંધાવનાર વર્ધમાન શેઠના વંશના જગમલ્લ શેઠ એક વખત મથુરા ગયેલા. ત્યાં તેમને સ્વપ્નમાં શ્રી મુહરીપાર્શ્વનાથના અધિષ્ઠાયક દેવે કહ્યું કે ઠાકરના ઘરમાં જે પાર્શ્વપ્રભુની મૂર્તિ છે તે દામ આપીને લેવી, આદેશ મુજબ તેઓ તે મૂર્તિ લઈને ખંભાત આવ્યા અને અહીં પાંચ લાખ રૂપિયા ખર્ચીને (એ જમાનાના !) જિનપ્રાસાદ બંધાવી તેમાં પ્રભુજીને બિરાજમાન કર્યા. આ મુહરી પાર્શ્વનાથ એટલે અત્રે ઉલ્લેખિત મોહર કે મુહુર પાર્શ્વનાથ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે. એવું કહેવા માટે આપણી પાસે કોઈ આધાર છે નહીં. વળી, આ પ્રાસાદનો ઉલ્લેખ સં૰ ૧૬૭૩ સુધી મળે છે. શક્ય છે કે આ જિનાલય આક્રમણનો ભોગ બન્યું હોય ! મૂર્તિને બચાવી લેવાઈ હોય અને બીજે ક્યાંક પ્રતિષ્ઠિત કરી હોય ! (આજે ટીંટોઈમાં મુહરી પાર્શ્વનાથ છે તે મુહરી ગામથી આણેલાં ગણાય છે.) આ સર્વ તર્ક આમ તો આધાર વિનાના છે પણ ભાવિ સંશોધકોને આ માહિતી ખપમાં આવે એ ધ્યાનમાં રાખી અહીં આપવામાં આવી છે.

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલામાં અલિગવસહી** અને **આળી પાડો** નામના વિસ્તારોની વચ્ચે 'મુહુરવસહી' નામનો વિસ્તાર દર્શાવવામાં આવ્યો છે. તે સમયે મુહુરવસહીમાં (૧) મુહુર પાર્શ્વનાથ (૨) શાંતિનાથ (૩) સુમતિનાથ — એમ કુલ ત્રણ જિનાલયો વિદ્યમાન હતાં જેનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે :

સોહીઈ હિવઈ **મુહુરવસહીઈ** એકસુ ત્રિહુત્તરિ વલી
શાંતિ ભુવન પાંચ **સુમતિ** દોઈસઈ ચઉવીસ ત્રણિ રત્નની ભલી.

સં૰ ૧૯૦૦માં ખંભાતનાં જિનાલયોની સૂચિમાં માંડવીની પોળ અને **આળી પાડો** એ બે વિસ્તારની વચ્ચે ષડાકોટડી વિસ્તારનાં જિનાલયોની યાદી દર્શાવવામાં આવી છે. તે સમયે આ વિસ્તારમાં નીચે મુજબના કુલ ત્રણ જિનાલયો વિદ્યમાન હતાં :

અથ ષડાકોટડી દેહરાં ૩ ની વિગત -

૩૫. શ્રી પદ્મપ્રભુનું દેહરું

૩૬. શ્રી સુમતિનાથનું દેહરું

૩૭. શ્રી મુનિસુવ્રતસ્વામીનું દેહરું

સં૰ ૧૯૪૭માં પ્રગટ થયેલ **જયતિહુઅણ સ્તોત્ર** ગ્રંથની પ્રસ્તાવનામાં ખંભાતમાં તે સમયે વિદ્યમાન જિનાલયોમાં આજે કડાકોટડી વિસ્તારમાં વિદ્યમાન છે તે જિનાલયોનો ઉલ્લેખ માંડવીની પોળ વિસ્તારમાં કરવામાં આવેલો છે. (આજે માંડવીની પોળનો વિસ્તાર કડાકોટડીના વિસ્તારની સામે આવેલો છે.)

માંડવીની પોળમાં

૩૧. વીમલનાથનું
૩૨. રીખવદેવસ્વામીનું
૩૩. નેમનાથ સ્વામીનું
૩૪. મુનીસુવ્રતસ્વામીનું.
૩૫. કુંથુનાથજીનું
૩૬. **પદમપ્રભુજીનું.**
૩૭. **સુમતીનાથજીનું.**

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં તથા **સં૰ ૧૯૮૪**માં **ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં** 'કડાકોટડી' વિસ્તારમાં (૧) શાંતિનાથ (૨) પદ્મપ્રભુ — એમ બે જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૦ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં કડાકોટડી વિસ્તારમાં (૧) સુમતિનાથ (૨) પદ્મપ્રભુ — એમ બે જિનાલયોનો ઉલ્લેખ મળે છે.

હાલ કડાકોટડી વિસ્તારમાં નીચે મુજબનાં કુલ બે જિનાલયો વિદ્યમાન છે :

(૧) સુમતિનાથ

(૨) પદ્મપ્રભુ

• • •

કડાકોટડી

સુમતિનાથ (સં૦ ૧૬૭૩ પહેલાં)

કડાકોટડી વિસ્તારમાં દાખલ થઈ ડાબા હાથે વળતાં શ્રી સુમતિનાથજીનું ધાબાબંધી પ્રાચીન જિનાલય આવેલું છે.

સં૦ ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસની **ત્રંબાવતી તીર્થમાલામાં** શ્રી સુમતિનાથજીના આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં આવે છે :

મોહોર વસઈની પોલ્ય માંહાં, ત્રણ્ય પ્રાસાદ જગીસ ।
.....
....., **સુમતિનાથ** યગદીસ ।
સોલ બ્યંબ સહજઈ નમૂં, પૂરઈ મનહ જગીસ ॥ ૧૩

સં૦ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં શ્રી સુમતિનાથજીના આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં આવે છે :

સોહીઈ હિવઈ **મુહુર વસહીઈ** એકસુ ત્રિહુત્તરિ વલી
શાંતિ ભુવન **પાંચ સુમતિ** દોહસઈ ચઉવીસ ત્રણિ રત્નની ભલી.

સં૦ ૧૯૦૦માં ષડાકોટડી વિસ્તારના ત્રણ જિનાલયો પૈકી શ્રી સુમતિનાથજીના આ જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૩૬માં થયેલો છે.

અથ ષડાકોટડી દેહરાં ૩ ની વિગત -

૩૫. શ્રી પદ્મપ્રભુનું દેહરું

૩૬. **શ્રી સુમતિનાથનું દેહરું**

૩૭. શ્રી મુનિસુવ્રતસ્વામીનું દેહરું

સં૦ ૧૯૪૭માં જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથની પ્રસ્તાવનામાં કડાકોટડી વિસ્તારનો ઉલ્લેખ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થયેલો નથી. આજે તે વિસ્તારમાં વિદ્યમાન જિનાલયોનો ઉલ્લેખ તે સમયે માંડવીની પોળના વિસ્તારમાં ક્રમાંક ૩૬ તથા ક્રમાંક ૩૭માં નીચે મુજબ થયેલો છે :

માંડવીની પોળમાં

૩૧. વીમળનાથજીનું

.....

૩૬. પદમપ્રભુજીનું

૩૭. સુમતીનાથજીનું.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં કડાકોટડી વિસ્તારમાં સુમતિનાથજીના જિનાલયનો ઉલ્લેખ આવતો નથી પણ શાંતિનાથજી અને પદ્મપ્રભુજીના જિનાલયનો ઉલ્લેખ આવે છે. તે સમયે આ બંને જિનાલયો ધાબાબંધી દર્શાવવામાં આવ્યા છે. શાંતિનાથજીના જિનાલયમાં પાષાણની અગિયાર પ્રતિમાજીઓ અને ધાતુની સુડતાળીસ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી. પદ્મપ્રભુજીના જિનાલયમાં પાષાણની બાર પ્રતિમાજીઓ અને ધાતુની પાંત્રીસ પ્રતિમાજીઓ બિરાજમાન હતી. તે સમયે બંને જિનાલયની સ્થિતિ સાધારણ હતી.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં કડાકોટડી વિસ્તારમાં શાંતિનાથજી અને પદ્મપ્રભુજીનાં જિનાલયોનો ઉલ્લેખ આવે છે. શાંતિનાથજીના જિનાલયમાં તે સમયે પાષાણની સાત પ્રતિમાજીઓ અને ધાતુની ચાર પ્રતિમાજીઓનો ઉલ્લેખ થયેલો છે. શાંતિનાથજીના જિનાલયની કલા-કારીગરી વિશેની ખાસ નોંધ તથા તે જિનાલય વિશેની નોંધ તેમાં પૃ૰ ૫૪ ૫૨ નીચે મુજબ આપવામાં આવી છે :

'આળીપાડા'માંથી નીકળી ત્રણ દરવાજા તરફ પાછા ફરતાં, ગુજરાતી મુખ્ય નિશાળ છોડી આગળ આવતાં, માંડવીની પોળ સામે કડાકોટડીનો લતો આવે છે. તેમાં દાખલ થઈ ડાબા હાથે વળતાં, શાંતિનાથજીનું દેહરું આવે છે. રંગમંડપની કારીગરી જૂના સમયની કળાનો ખ્યાલ આપે છે. બાકી પરિસ્થિતિ જીર્ણ બનતી જાય છે. તે સમયે જિનાલયનો વહીવટ પુરુષોતમદાસ સોમચંદ નામે એક યુવક હસ્તક હતો.'

સં૰ ૧૯૬૩ માં શાંતિનાથજીના જિનાલયની મકાનની સ્થિતિ સાધારણ હતી જ્યારે સં૰ ૧૯૮૪ માં શાંતિનાથજીના જિનાલયના મકાનની જીર્ણ અવસ્થા હતી.

સં૰ ૨૦૧૦ માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં કડાકોટડી વિસ્તારમાં સુમતિનાથ તથા પદ્મપ્રભુજીના જિનાલયોનો ઉલ્લેખ આવે છે. તે સમયે આ બંને જિનાલયોની બાંધણી ધાબાબંધ હતી. સુમતિનાથજીના જિનાલયમાં તે સમયે પાષાણની છ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી. વહીવટ તે સમયે પરસોત્તમદાસ સોમચંદ હસ્તક જ હતો. જિનાલયના મકાનની સ્થિતિ સાધારણ દર્શાવેલી હતી. તે સમયે જિનાલય બંધાવનાર તરીકે **શેઠ મોતીશાહ સં૰ ૧૯૦૦** લગભગ - એ મુજબનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આજે પણ આ જિનાલય સાથે શેઠ મોતી શાહનું નામ જોડાયેલું છે. આજે આ જિનાલયનો વહીવટ દીલીપકુમાર શાંતિલાલ શાહ હસ્તક છે જેઓ કડાકોટડીમાં જ રહે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૬૭૩માં આ વિસ્તારમાં શાંતિનાથજી અને સુમતિનાથજીનાં જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે. સં૰ ૧૭૦૧માં શાંતિનાથજી અને સુમતિનાથજીનાં જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે. સં૰ ૧૯૦૦માં તથા સં૰ ૧૯૪૭માં સુમતિનાથજીના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે પરંતુ શાંતિનાથજીના જિનાલયનો ઉલ્લેખ થયો નથી. સં૰ ૧૯૬૩માં તથા સં૰ ૧૯૮૪માં શાંતિનાથજીના જિનાલયનો ઉલ્લેખ છે પરંતુ સુમતિનાથજીના જિનાલયનો ઉલ્લેખ થયો નથી. સં૰ ૨૦૧૦માં સુમતિનાથજીના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે પરંતુ શાંતિનાથજીના જિનાલયનો ઉલ્લેખ થયેલો નથી. આજે સુમતિનાથજીનું જિનાલય વિદ્યમાન છે પરંતુ શાંતિનાથજીનું જિનાલય નથી. સુમતિનાથજીના જિનાલયમાં જ ગભારામાં શાંતિનાથજીની પ્રતિમા બિરાજમાન છે.

મૂળનાયક શ્રી સુમતિનાથજીની પ્રતિમાજી પરનો લેખ ઘસાઈ ગયો છે એટલે વાંચી શકાતો નથી. શાંતિનાથજીની પ્રતિમાજી પર લેપ થયેલો છે એટલે લેખ હોય તો પણ જોઈ શકાતો નથી.

આમ શાંતિનાથજી અને સુમતિનાથજીના જિનાલયનો ઉલ્લેખ જુદા-જુદા સમયે થયેલો છે.

સં૰ ૧૯૦૦ આસપાસ શેઠ મોતીશાએ આ જિનાલયનો નવેસરથી જીર્ણોદ્ધાર કરાવ્યો હોય તેવી સંભાવના વિશેષ લાગે છે અને તે સમયે આ બંને જિનાલયો એક થઈ ગયા હોય. જો કે આ અંગે વિશેષ સંશોધન કરવાની ખૂબ જરૂર છે અને વિશેષ સંશોધનથી આ બંને જિનાલયો અંગે વધુ માહિતી પ્રકાશમાં આવવાનો પૂરો સંભવ છે.

જિનાલયનો રંગમંડપ કાષ્ઠની કોતરણીવાળો છે. રંગમંડપની છતમાં રાજમહેલ જેવા ઝરૂખાઓ છે અને અષ્ટમંગલની રચના છે, જે તેના પ્રાચીન કલા-વૈભવનો ખ્યાલ આપે છે.

ગભારામાં પાષાણની છ પ્રતિમાજીઓ બિરાજમાન છે, જે પૈકી એક કાઉસ્સગ્ગ મુદ્રાવાળી શ્યામ વર્ણની પ્રતિમાજી છે. મૂળનાયકની પ્રતિમાના પબાસન પર 'સુમતિ' શબ્દ વંચાય છે. અહીં જમણે ગભારે સંભવનાથજી અને ડાબા ગભારે શાંતિનાથજી બિરાજમાન છે સંભવનાથજીની પ્રતિમા ઉપર મૂર્તિલેખ છે જેમાં 'સં૰ ૧૩૦૨' — એ મુજબનું લખાણ વંચાય છે. સુમતિનાથજીની જમણી બાજુ આદેશ્વરની પ્રતિમાજી બિરાજમાન છે. એ પ્રતિમાજીને ખભે કેશ છે તે એની વિશિષ્ટતા છે. આવી કેશવાળી અન્ય પ્રતિમા માંડવીની પોળના આદેશ્વરના જિનાલયના મૂળનાયકની પણ છે. અહીં ગભારામાં ભીંતે જડેલા આરસના એક ટુકડામાં આંખની કીકી જેટલા નાના પ્રતિમાજી છે.

જિનાલયમાં એક પ્રાચીન ઘંટ પણ છે જેના ઉપર સં૰ ૧૫૯૯ નો લેખ છે, જે નીચે મુજબ છે :

"સં૰ ૧૫૯૯ વર્ષે વૈશાખ સુદી ૫ દિને શ્રી બૃહદ્ ખરતરગચ્છે શ્રી જિનચંદ્રસૂરિ પટ્ટે શ્રી જિનશીલસૂરિ વિજયે શ્રી પટ્ટને શ્રી શાંતિનાથ ચૈત્યે દેવદ્રવ્યેણ શ્રી સંઘ... પ્રેષિતા ।.."

આ જિનાલયની અન્ય એક આગવી વિશેષતા તે મૂળનાયકનું પબાસન છે. પબાસન પર કમળની પાંદડીઓ છે જેને કારણે પ્રભુજી જાણે કમળ પર બિરાજમાન હોય તેવું લાગે છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૬૭૩ પહેલાનું** તો છે જ. આથી વિશેષ પ્રાચીનતા નક્કી કરવા માટે અંગે વધુ સંશોધન કરવાની જરૂર છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કડાકોટડી

પદ્મપ્રભુસ્વામી (સં૰ ૧૯૦૦ પહેલાં)

કડાકોટડી વિસ્તારમાં શ્રી પદ્મપ્રભુસ્વામીનું ધાબાબંધી જિનાલય આવેલું છે. મૂળનાયકની પ્રતિમાજી ચમત્કારિક ગણાય છે.

કડાકોટડી વિસ્તારમાં શ્રી પદ્મપ્રભુસ્વામીના જિનાલયનો સૌ પ્રથમ ઉલ્લેખ સં૰ ૧૯૦૦માં મળે છે. આજે ખંભાતમાં શ્રી પદ્મપ્રભુસ્વામીનું જિનાલય માત્ર આ એક જ છે.

સં૰ ૧૭૦૧ માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં ખંભાતમાં પદ્મપ્રભુસ્વામીનું જિનાલય માત્ર એક જ હતું અને તે **જીરાળાપાડા**માં મોહન પાર્શ્વનાથના જિનાલયના ભોંયરામાં બિરાજમાન હતા જેનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં આવે છે :

પાટિક જીરાઉલઈ થંભણુ બેટિઉ ભલઈ
.....
.....
.....
મોહન પાસ જિન પ્રતિમા એ ચ્યાર ધિન
ભૂંઈરઈ પદમપ્રભુ જિનવરુ એ.

આજે કડાકોટડી વિસ્તારમાં બિરાજમાન શ્રી પદ્મપ્રભુજીની પ્રતિમાજી પર સં૰ ૧૬૮૩નો મૂર્તિલેખ છે. મૂળનાયકની જમણે તથા ડાબા ગભારે પાષાણની નાની પ્રતિમાજીઓના લાંછન ઘસાઈ ગયા હોવાને કારણે નામ ખબર પડતી નથી એટલે કે જિનાલયમાં પાષાણની પ્રાચીન પ્રતિમાજીઓ બિરાજમાન છે.

સં૰ ૧૯૦૦માં આ જિનાલયનો ઉલ્લેખ ષડાકોટડી વિસ્તારના ત્રણ જિનાલયો પૈકી ૩૫માં નીચે મુજબ આવે છે :

અથ ષડાકોટડી દેહરાં ૩ની વિગત

૩૫. **શ્રી પદ્મપ્રભુનું** દેહરું

૩૬. શ્રી સુમતિનાથનું દેહરું

૩૭. શ્રી મુનિસુવ્રતસ્વામીનું દેહરું

સં૰ ૧૯૪૭માં **જયતિહુઅણ સ્તોત્ર** ગ્રંથની પ્રસ્તાવનામાં કડાકોટડી વિસ્તારનાં જિનાલયોનો ઉલ્લેખ માંડવીની પોળના વિસ્તારમાં કરવામાં આવ્યો છે. તે સમયે માંડવીની પોળમાં કુલ સાત જિનાલયો વિદ્યમાન હતાં તે પૈકી આજે કડાકોટડી વિસ્તારમાં આવેલા પદ્મપ્રભુસ્વામીના જિનાલયનો ઉલ્લેખ ક્રમાંક ૩૬માં થયેલો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માંડવીની પોળમાં

૩૧. વીમળનાથજીનું

.....

૩૬. **પદ્મપ્રભુજીનું.**

૩૭. સુમતીનાથજીનું.

સં૦ ૧૯૬૩ માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં કડાકોટડી વિસ્તારમાં આવેલા પદ્મપ્રભુજીના જિનાલયને ધાબાબંધી દર્શાવવામાં આવ્યું છે અને તે સમયે જિનાલયમાં પાષાણની બાર પ્રતિમાજીઓ વિદ્યમાન હતી અને જિનાલયના મકાનની સ્થિતિ સાધારણ હતી.

સં૦ ૧૯૮૪માં **ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટી**માં કડાકોટડી વિસ્તારમાં આવેલા પદ્મપ્રભુજીના જિનાલયમાં પાષાણની બાર પ્રતિમાજીઓ વિદ્યમાન હતી અને તેમાં પૃ૦ ૫૪ ઉપર આ જિનાલય વિશે નીચે મુજબની નોંધ આવે છે :

'અહીં પણ રંગમંડપની કારીગરી જૂની સ્મૃતિ તાજી કરાવે છે.' તે સમયે આ જિનાલયનો વહીવટ પુરુષોત્તમદાસ સોમચંદ નામના યુવક પાસે હતો.

સં૦ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વ સંગ્રહ**માં કડાકોટડીમાં આવેલા પદ્મપ્રભુજીના જિનાલયને ધાબાબંધી દર્શાવ્યું છે. તે સમયે પાષાણની દસ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી. જિનાલયના મકાનની સ્થિતિ સાધારણ હતી અને વહીવટ પુરુષોત્તમદાસ સોમચંદ હસ્તક હતો. આજે વહીવટ દીલીપકુમાર શાંતિલાલ હસ્તક છે જેઓ કડાકોટડીમાં જ રહે છે.

બહારથી ખૂબ જ સાદા લાગતા આ જિનાલયમાં મોટા રંગમંડપમાં લાકડાની કોતરણીવાળા ટોડલા, ઉપર ફરતાં રાજમહેલ જેવા ઝરૂખાઓ અને તેમાંની અષ્ટમંગલની રચના તેની પ્રાચીન ભવ્યતાનો ખ્યાલ આપે છે. છતમાં ચિત્રકામ છે.

ગભારામાં પાષાણની કુલ દસ પ્રતિમાજીઓ બિરાજમાન છે જે પૈકી પાંચ પ્રતિમાજીઓ નાના શિખરયુક્ત છે. આ પ્રતિમાજીઓ એક પાષાણના પથ્થરમાંથી બનાવવામાં આવી હોવાનું મનાય છે. આ પ્રતિમાજીઓના શિખરના ભાગમાં તેઓના નામ લખવામાં આવ્યા છે, જે પૈકી અનુક્રમે (જમણેથી) (૧) નામ વંચાતું નથી (૨) મુનિસુવ્રત સ્વામી (૩) આદિનાથ (૪) સંભવનાથ (૫) અજિતનાથ એવાં નામ વાંચી શકાય છે.

ટૂંકમાં આ જિનાલય **સં૦ ૧૯૦૦ પહેલાના** સમયનું છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આળીપાડો

શાંતિનાથ - સુપાર્શ્વનાથ (સં૰ ૧૬૭૩ પહેલાં)

આળી પાડો વિસ્તારમાં પ્રવેશી સીધા જઈ, જમણા હાથે વળતાં શ્રી શાંતિનાથ - શ્રી સુપાર્શ્વનાથનું ધાબાબંધી સંયુક્ત જિનાલય આવેલું છે. શ્રી સુપાર્શ્વનાથજીનું જિનાલય ધાબા પર આવેલું છે.

સં૰ ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં **આલી** નામના વિસ્તારમાં **શાંતિનાથજી**ના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં આવે છે :

આલીમાંહાં શ્રી શાંતિનાથ બ્યંબ નમું સડસઠિ ।
શ્રી જયનવર મુષ દેષતાં, અમીઅ પઈઠો ઘટિ ॥ ૧૪

મૂળનાયક શ્રી શાંતિનાથજીની પ્રતિમા પર કોઈ લેખ નથી. મૂળનાયક અષ્ટપ્રાતિહાર્ય પરિકરયુક્ત છે. મૂળનાયકને જમણે ગભારે શ્રી સ્થંભન પાર્શ્વનાથ બિરાજમાન છે તથા ડાબા ગભારે શ્રી મુનિસુવ્રતસ્વામી બિરાજમાન છે. આ બંને પ્રતિમાજીઓ પર સં૰ ૧૬૬૨નો મૂર્તિલેખ છે.

સં૰ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલામાં આલીપાડા**માં **શાંતિનાથ**ના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે :

આલીનઈ પાડઈ શાંતિ એકસુ સતાવન આગલિ ઉપરિ
ચઉમુખ અનઈ અષ્ટાપદ નાકર રાઉત પોલિ વલી ૨૨

સં૰ ૧૯૦૦માં **આલિપાડા**માં બે જિનાલયોનો ઉલ્લેખ ક્રમાંક ૪૩ તથા ૪૪માં નીચે મુજબ આવે છે :

અથ **આલિપાડે** ૨ની વિગત-

૪૩. **શ્રી શાંતિનાથ દેહરું**

૪૪. **શ્રી સુપાર્શ્વનાથ દહેરું**

સં૰ ૧૯૪૭માં **જયતિહુઅણ સ્તોત્રગ્રંથની** પ્રસ્તાવનામાં પણ આળી પાડામાં બે જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ મળે છે, જે નીચે મુજબ છે :

આળીપાડામાં

૨૯. **શાંતિનાથજીનું.**

૩૦. **સુપાર્શ્વનાથજીનું.**

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં આલીપાડામાં શ્રી સુપાર્શ્વનાથનું જિનાલય તથા શ્રી શાંતિનાથજીનું જિનાલય — એમ બંનેનો અલગ-અલગ જિનાલય તરીકે ઉલ્લેખ થયેલો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ ઉપરાંત અહીં શેઠ ધરમચંદ પૂંજાભાઈના ઘરદેરાસરનો ઉલ્લેખ પણ થયેલો છે. મૂળનાયક શાંતિનાથજીના ઘરદેરાસરના મકાનની સ્થિતિ સાધારણ દર્શાવવામાં આવી છે. તે સમયે સુપાર્શ્વનાથજીના જિનાલયમાં પાષાણની દસ પ્રતિમાજીઓ તથા શાંતિનાથજીના જિનાલયમાં પાષાણની ત્રેવીસ પ્રતિમાજીઓનો ઉલ્લેખ થયેલો છે. આ બંને જિનાલયોનાં મકાનોની સ્થિતિ તે સમયે સારી દર્શાવવામાં આવી હતી.

સં૦ ૧૯૮૪માં **ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટી**માં આળીપાડામાં આવેલા શાંતિનાથજીના જિનાલયમાં પાષાણની ચૌદ પ્રતિમાજીઓ અને સુપાર્શ્વનાથજીના જિનાલયમાં પાષાણની ત્રણ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી. ઉપરાંત તેના પૃ૦ ૫૪ ઉપર આ જિનાલયો વિશે નીચે મુજબની નોંધ જોવા મળે છે :

'ખૂણામાં વિશાળ બાંધણીવાળું દેરાસર આવેલું છે જેમાં શ્રી શાંતિનાથ તથા સુપાર્શ્વનાથજી મૂળનાયકવાળાં જોડાજોડ બે દેહરાં છે. શાંતિનાથજીવાળું દહેરું વિશેષ પહોળું છે. રંગમંડપનો ભાગ પ્રાચીન કલાકારીગરીનો ખ્યાલ આપે છે. વ્યવસ્થા શા. બકોરદાસ પીતાંબરદાસ હસ્તક છે. તેઓ નજીકમાં રહે છે. સામે પોરવાડ જ્ઞાતિની ધર્મશાળા છે.'

સં૦ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વ સંગ્રહ**માં આળીપાડામાં શાંતિનાથજીનું જિનાલય ઘુમ્મટબંધી દર્શાવવામાં આવ્યું છે. સુપાર્શ્વનાથજી જિનાલયના નામનો અલગ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. તે સમયે આ જિનાલયમાં પાષાણની ચૌદ પ્રતિમાજીઓનો ઉલ્લેખ છે. આ જિનાલયનો વહીવટ શેઠ પ્રેમચંદ છોટાલાલ હસ્તક હતો. અને તે સમયે મેડા ઉપર ધાતુની એક ગુરુમૂર્તિનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. હાલમાં આ જિનાલયનો વહીવટ શ્રી ઈન્દ્રવદન નટવરલાલ ચુડગર હસ્તક છે. જિનાલયની દેખરેખ શ્રી મહેન્દ્રભાઈ ઠાકોરલાલ શાહ રાખે છે જેઓ આળી પાડામાં જ રહે છે.

આ જિનાલય વિશાળ બાંધકામવાળું છે. રંગમંડપમાં કાષ્ઠની કોતરણી તેની પ્રાચીન ભવ્યતાનો ખ્યાલ આપે છે. (જુઓ ફોટોગ્રાફ નં૦ ૩૦ તથા નં૦૩૧) મધ્યે ઝરૂખાબારી તથા ટોડલાઓ ઉપર ભગવાનનાં નાનાં-નાનાં શિલ્પો છે. આખું જિનાલય કોતરણીયુક્ત હોવાથી સુંદર અને મનોહર લાગે છે. સં૦ ૧૯૯૬માં જિનાલયનો જીર્ણોદ્ધાર કરી તેને વિશાળ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. રંગમંડપમાં એક બાજુના ગોખમાં યક્ષ-યક્ષિણીઓની પાષાણની મૂર્તિઓ છે. જમણી બાજુ ગોખમાં શ્રી પદ્માવતીદેવીની પાષાણની મૂર્તિ બિરાજમાન છે. અહીં શત્રુંજય, ગીરનારજીના પટ છે.

જીર્ણોદ્ધાર અંગે **ખંભાતનો પ્રાચીન જૈન ઈતિહાસ** ગ્રંથના પૃ૦ ૨૮ ઉપર નીચે મુજબની નોંધ પ્રાપ્ત થાય છે :

'સં૦ ૧૯૯૬માં તે જિનાલયનો (આળીપાડાના શાંતિનાથના જિનાલયનો) જીર્ણોદ્ધાર થવા માંડ્યો છે. તેની બાંધણી ભવ્ય કરવામાં આવી છે. વચમાંનો તે મંડપ ઘણો સુંદર અને કોતરણીથી ભરપૂર હોવાથી જોવા યોગ્ય છે. સં૦ ૧૫૨૩ના વૈશાખ વદિ ૧૧ને ગુરુવારે જસાકે શ્રી શાંતિનાથ બિંબ ભરાવ્યાનો લેખ મળે છે. જે કદાચ આ જિનાલયના મૂળનાયક હોય એમ સંભવ છે.'

મૂળનાયક શ્રી શાંતિનાથજીની બંને બાજુએ આદેશ્વરજીની પ્રતિમાજીઓ બિરાજમાન છે. આ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રતિમાજીઓની વિશેષતા એ છે કે માથાના વાળ કાનની નીચેના ભાગમાં સ્પષ્ટ ઊપસી આવે તેવા દેખાય છે. શાંતિનાથજીના ગભારામાં પાષાણની કુલ આઠ પ્રતિમાજીઓ બિરાજમાન છે.

શાંતિનાથજીના રંગમંડપમાં પ્રવેશતાં ડાબી બાજુ(મૂળનાયકની જમણી બાજુ)ના પ્રવેશદ્વાર પાસે અંદર એક દાદર પડે છે જ્યાંથી ઉપર અગાશીમાં જઈ શકાય છે. ઉપર ચડતાં અગાશીમાં નીચેના શ્રી શાંતિનાથજીના રંગમંડપનો ઘુમ્મટ નજરે ચડે છે. સીધા ચાલી આગળ જતાં પાંચ-છ પગથિયાં ચડી જમણી બાજુ મધ્યે નાના ગભારા જેવી રચના કરવામાં આવી છે. અહીં મૂળનાયક તરીકે શ્રી સુપાર્શ્વનાથજી બિરાજમાન છે. અહીં પાષાણની કુલ ત્રણ પ્રતિમાજીઓ બિરાજમાન છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૬૭૩ પહેલાના** સમયનું છે.

• • •

દહેવાણનગર

મહાવીરસ્વામી (સં૰ ૨૦૩૫)

હરકોરબેન ગભુભાઈ નહાલચંદ દહેવાણવાળા ચોવીસ તીર્થંકરગૃહમંદિર તરીકે ઓળખાતું આ ઘરદેરાસર દહેવાણ નગર-અરિહંત એપાર્ટમેન્ટના સંકુલમાં આવેલું છે.

તદ્દન નવી જ શૈલીનું આરસપહાણથી બંધાયેલું ભોંયરાયુક્ત આ જિનાલય નવ શિખર અને છ ઘુમ્મટ ધરાવે છે. જિનાલય કુલ બે માળનું છે.

ભોંયરામાં અર્ધગોળાકારે ગત ચોવીસી અને અનાગત ચોવીસીના તીર્થંકરોની પ્રતિમાઓ પ્રતિષ્ઠિત છે. મૂળનાયક શ્રી સીમંધરસ્વામી મધ્યે બિરાજમાન છે. મૂળનાયકની જમણી બાજુ અનુક્રમે અતીત (ગત) ચોવીસી અને ડાબી બાજુ ક્રમિક રીતે અનાગત ચોવીસીના તીર્થંકરોની નયન રમ્ય પ્રતિમાજીઓ વિદ્યમાન છે. સીમંધરસ્વામીની આજુબાજુમાં વીસ વિહરમાન અને ચાર શાશ્વતા ભગવાનની નાની પ્રતિમાજીઓ પ્રતિષ્ઠિત છે. મૂળનાયકની પાછળ કાચકામમાં અશોકવૃક્ષ અને તેની આજુબાજુ દ્વારપાલનું ચિત્રકામ છે. ગભારામાં આરસનું કામ છે.

ભોંયતળિયે જિનાલયના ગોળ ઘુમ્મટમાં અર્ધગોળાકારે વર્તમાન ચોવીસ તીર્થંકરોની પ્રતિમાજીઓ વિદ્યમાન છે. અહીં મૂળનાયક શ્રી મહાવીર સ્વામી છે. મૂળનાયક મહાવીર સ્વામીનું પરિકર સુંદર છે જેમાં નાની નાની કુલ ૨૩ પ્રતિમાજીઓ છે. મૂળનાયકની જમણી બાજુ ૧ થી ૧૨ તીર્થંકરોની (પ્રથમ ઋષભદેવ) ક્રમિક રીતે પ્રતિમાજીઓ તથા ડાબી બાજુ ૧૩ થી ૨૪ તીર્થંકરોની પ્રતિમાજીઓ પ્રતિષ્ઠિત કરેલી છે. અહીં ધાતુની એક ચોવીસી છે.

જિનાલય ગોળાકારમાં છે. ભગવાનના ગભારાને બાદ કરતાં બધી દીવાલો પર અરીસા લગાડેલ છે જેથી કોઈ પણ જગ્યાએ દૃષ્ટિ પડતાં સન્મુખ ભગવાનની પ્રતિમાજી જ નજરે ચડે. આ ઘણી જ વિશિષ્ટ રચના છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયમાં રંગકામ થયેલ નથી. ગભારામાં લોખંડનો ઉપયોગ થયો નથી. ૬૦ ફુટ ઊંડો પાયો કરીને શાસ્ત્રીય વિધિ મુજબ ગભારો તથા પબાસનની રચના કરેલ છે. રંગમંડપમાં બરોબર વચ્ચે બેસીને બોલવામાં આવે તો પડઘો પડે છે. જિનાલયમાં ફર્શ પર આરસની સુંદર ડિઝાઈન છે.

આ ઘરદેરાસરની સ્થાપનાનો સમય સં૦ ૨૦૩૫ છે. જિનાલયની પ્રતિષ્ઠા શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ૦ સા૦ દ્વારા કરવામાં આવેલી છે. અને તે સમયે મણીભાઈ (બાબુભાઈ) ગભુભાઈ દેહવાણવાળાએ જિનાલયની પ્રતિષ્ઠાનો લાભ લીધો હતો. ભોંયતળિયે અંજનશલાકા શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિ મ૦ સા૦ ના દ્વારા કરવામાં આવી હતી. ભોંયરામાં ચાર વિહરમાન ભગવંતની અંજનશલાકા શ્રીમદ્ વિક્રમસૂરિના હસ્તે તથા બાકીના અગણ્યોસિત્તેર ભગવાનની અંજનશલાકા શ્રીમદ્ ભુવનભાનુસૂરીશ્વરજી મ૦ સા૦ના હસ્તે થઈ હતી.

ખંભાતના શ્રી ભાણાભાઈ પાસેથી આ જિનાલય અંગે નીચે પ્રમાણે માહિતી પ્રાપ્ત થયેલી છે :

"બાબુભાઈ પોતાના ધંધાના કામે અવારનવાર જયપુર જતા હતા. ત્યાં તેમણે ચોવીસ તીર્થંકરનું જિનાલય જોયું. તે જોઈને તેમના મનમાં પણ — 'ચોવીસ ભગવાનનું એકસાથે જિનાલય બનાવવું' — એવો વિચાર સ્ફુર્યો.

સં૦ ૨૦૨૫ માં ગભુભાઈ નહાલચંદ કુટુંબે અહીં થિયેટર બનાવવા માટે પ્લોટ ખરીદ્યો હતો. તે સમયે ૧૦૦૦ માણસના ઉપધાન ગામ બહાર કરાવ્યા હતા. તે પછી તેમની ભાવનામાં પરિવર્તન થયું અને તેમણે અહીં જિનાલય નિર્માણ કરવાનો સંકલ્પ કર્યો. પ્લોટનું ખોદકામ કરતાં અંદરથી કેસર ઘસવાનો પથ્થર તથા બીજાં સાધનો નીકળ્યાં તેના ઉપરથી અહીં પહેલાં મંદિર હશે તેમ અનુમાન કરવામાં આવ્યું."

આજે જિનાલયનાં ભોંયરામાં મૂળનાયક શ્રી સીમંધરસ્વામી તથા ભોંયતળિયે મૂળનાયક શ્રી મહાવીરસ્વામી બિરાજમાન છે.

એક સાથે અતીતની, સાંપ્રતની અને અનાગતની ચોવીશીના તીર્થંકરોના દર્શન કરવા હોય તો આ જિનાલયમાં થઈ શકે છે. એટલું જ નહીં પણ આજે મહાવિદેહક્ષેત્રે વિહરતા વીસ વિહરમાનો તથા ચાર શાશ્વતા પ્રતિમાજીના પણ દર્શન અહીં ભાવિકો કરી શકે છે અને એ રીતે આ જિનાલય વિશિષ્ટ છે. અનન્ય છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શકરપુર

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ (સં૰ ૧૬૭૩ પહેલાં)

શ્રી સીમંધરસ્વામી (સં૰ ૧૬૫૯ આસપાસ)

ખંભાતથી પૂર્વ દિશાએ આશરે એક માઈલને છેટે શકરપુર નામે ગામ આવેલું છે. તે ખંભાતની નજીક હોવાથી ખંભાતની સાથે જ ગણાય છે. શકરપુરને શક્રપુર ગણી તેને ઇન્દ્રરાજાના નામ પરથી નામ પડેલું ગણે છે.

ગામના મધ્યભાગમાં વિશાળ જગ્યામાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ તથા શ્રી સીમંધરસ્વામીનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે. સીમંધરસ્વામીના જિનાલયની બાજુમાં શ્રી ગૌતમસ્વામીનું ભોંયરાયુક્ત ગુરુમંદિર છે. આ જિનાલયના કંપાઉંડમાં પ્રવેશતાં ભીંત પર એક લેખ છે. પ્રકરણ ૧૩માં તે આપવામાં આવ્યો છે. આ લેખ પ્રમાણે શકરપુર પૂર્વે શક્રપુર તરીકે ઓળખાતું હતું. ખંભાતની પૂર્વે ૧ માઈલના અંતરે તે આવેલું છે. અકબર બાદશાહે તેને વસાવેલું તેવી એક વાયકા છે. પ્રસ્તુત લેખમાં કવિ ઋષભે સં૰ ૧૬૭૦માં રચેલ **કુમારપાળ રાસ** પૃ૰ નં૰ ૧૯૯-૨૦૧માં જણાવેલી વિગતો આપી છે. ઉદર્યા ગામનો વણિક સાજણ શેઠ કર્મયોગે નિર્ધન બન્યો અને તેના કુલદેવીએ જણાવ્યા પ્રમાણે તે શકરપુરમાં આવે છે. અને જે ઘરમાં રહ્યો હતો તે જમીનમાંથી તેને ધન પ્રાપ્ત થયું. જેની પાસેથી ઘર લીધું હતું તે રંગાઈ ભાવસાર નામના મુખી જમીનમાંથી પ્રાપ્ત સંપત્તિ (સોનાના કડા) પરત કરવા ગયો ત્યારે મુખીએ તેમને 'તેમના પુણ્યનું આ દ્રવ્ય છે' એમ કહી પાછું લીધું નહીં. પ્રારબ્ધ યોગે તે સિદ્ધરાજના મંત્રી બન્યા અને સોરઠ દેશ સંભાળ્યો. ગીરનાર પર નેમિનાથ જિનાલય પણ બંધાવ્યું અને એ રીતે શકરપુરને ગૌરવ અપાવ્યું.

સં૰ ૧૬૭૩માં કવિ શ્રી ઋષભદાસ રચિત **ત્રંબાવતી તીર્થમાલા**માં શકરપુરમાં પાંચ જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ આવે છે, જે નીચે મુજબ છે :

શકરપુરમાં જાણીઈ રે લો, **પંચ પ્રાસાદ** ઉત્તંગ રે સા.
ભાવ ધરી યન પૂજતાં રે લો, લહીઈ મુગતિ સુચંગ રે સા ॥ ૯

અમીઝરુ આદઈ, લહુ રે લાલ, સાત બ્યંબ સુવિચાર જાઉંવારી રે
સીતલ સ્વામી ત્રણ્ય બ્યંબશું રે લાલ, પૂજ્યઈ લહીઈ પાર, જાઉં.
મહિર કરુ પ્રભુ માહરી રે લાલ ॥ ૧

ઋષભ તણઉ **દેહરઈ** નમુ રે લાલ, શ્રી યન પ્રતિમા વીસ, જાઉં.
ઋદ્ધિ વૃધ્ય સુષસંપદા રે લાલ, જે નર નાંમઇ શીશ, જા. ॥ ૨

સોમચ્યંતામણિ ભોઈરઈ રે લાલ, વંદું બ્યંબ હજાર. જા.
કેસરચંદનિ પૂંજતા રે લાલ, લહીઈ ભવચા પાર, જા. ॥ ૩

સીમંધર બિરાજતા રે લાલ, બ્યંબ તિહાં પણયાલ, જા.
દિઓ દરશન પ્રભુ મુંહનઈ રે લાલ, સાહિબ પરમ દયાલ, જા. ॥ ૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધૂમઈ પગલાં ગુરુ તણાં રે લાલ, શ્રી હીરવિજય સૂરીસ, જા.
શ્રી વિજયસેનસૂરી તણું રે લાલ, વડૂઈ થૂભ જ ગીસ, જા. ॥ ૫

કવિ શ્રી ઋષભદાસ રચિત શ્રી **હીરવિજયસૂરિરાસ**માં (સં૦ ૧૬૮૫) શકરપુરના જિનાલય વિશે નીચે મુજબની નોંધ મળે છે :

શક્કરપુરિ શ્રીમલ રે
કીકા વાઘા કરે દહેરૂં પોષધશાલસ્યું એ.

ખંભાતનો પ્રાચીન જૈન ઈતિહાસ પુસ્તકના પૃ૦ ૬૭ ઉપર આ જિનાલય વિશે નીચે મુજબની નોંધ આવે છે :

'સં૦ ૧૬૭૭માં શકરપુરના ચિંતામણિ પાર્શ્વનાથના દહેરામાં શ્રી વિજયદેવસૂરિ હસ્તે સુવિધિનાથ બિંબની પ્રતિષ્ઠા થઈ છે.'

સં૦ ૧૭૦૧માં મતિસાગર રચિત **ખંભાઈતિ તીર્થમાલા**માં શકરપુરમાં ચાર જિનપ્રાસાદોનો ઉલ્લેખ આવે છે. સં૦ ૧૬૭૩માં વિદ્યમાન પાંચ જિનાલયો પૈકી શીતલનાથજીના જિનાલયનો ઉલ્લેખ સં૰ ૧૭૦૧માં મળતો નથી. બાકીનાં ચાર જિનાલયોનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં આવે છે :

..... શકરપુર પાર્શ્વનાથ રે ૨૭ જિ

અમીઝરઈ ત્રેતાલીસ સોહઈ **આદીશર** પાંચ સાત રે

ચિંતામણિ વલી ત્રઈસઠિ ભુંઇરઈ માઝનઈ સઈ સાત રે ૨૮ જિ

અઢાર સહિત **સીમંધર** વંદુ અકબરપુરિ જાશું રે

સં૦ ૧૮૧૭માં પદ્મવિજય રચિત **ખંભાત ચૈત્યપરિપાટી**માં **સક્કરપુર**માં બે જિનાલયોનો ઉલ્લેખ મળે છે જે નીચે મુજબ પ્રાપ્ત થાય છે :

ત્રંબાવતી તીરથ તણી રે
કહુ પરિપાટી જગીસો રે ૧

અગણ્યોત્તર દેઉલ ભલાં રે, **સક્કરપુરમાં રે દોય**
એક દેઉલ ઉંદલમાં રે દેષી અચરિજ હોય રે. ૨ ભવિ

સં૦ ૧૯૦૦માં ખંભાતનાં જિનાલયોની સૂચિમાં સકરપરમાં બે જિનાલયોનો ઉલ્લેખ ક્રમાંક ૮૪ અને ક્રમાંક ૮૫માં નીચે મુજબ આવે છે :

અથ **સકરપરમાં દેહરાં ૨** -

૮૪. શ્રી સીમંધરસ્વામીનું દેહરું

૮૫. શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું દેહરું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૦ ૧૯૪૭માં જયતિહુઅણ સ્તોત્ર ગ્રંથની પ્રસ્તાવનામાં પણ ખંભાતના વિસ્તારોનાં જિનાલયોનું વર્ણન કર્યા બાદ સકરપર નામના ગામમાં ચિંતામણિ પાર્શ્વનાથ અને સીમંધરસ્વામીના જિનાલય હોવાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે જે નીચે મુજબ છે :

ખંભાતથી આશરે અડધો ગાઉ સકરપર ગામ છે ત્યાં બે દેહેરાં છે.

૮૦. ચીંતામણ પારસનાથજીનું.

૮૧. મંધર સ્વામીનું

સં૦ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં સકરપોળમાં ચિંતામણિ પાર્શ્વનાથજી તથા સીમંધરસ્વામીના જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી જિનાલયો તરીકે થયેલો છે. તે સમયે ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયમાં પાષાણની સાત પ્રતિમાજીઓ અને સીમંધરસ્વામીના જિનાલયમાં પાષાણની ત્રણ પ્રતિમાજીઓ વિદ્યમાન હતી. તે સમયે બંને જિનાલયોના મકાનની સ્થિતિ સારી દર્શાવવામાં આવી હતી.

સં૦ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં ખંભાત શહેરની ચૈત્યપરિપાટી સમાપ્ત કર્યા બાદ પરામાં અગર નજીકમાં આવેલાં સ્થાનોમાંનાં જિનાલયો વિશે પૃ૦ ૫૬ પર નોંધ કરવામાં આવી છે જેમાં શકરપુર જવાના માર્ગનું પણ વર્ણન કરવામાં આવ્યું છે અને ત્યારબાદ શકરપુરનાં બે જિનાલયો વિશેની માહિતી છે, જે નીચે મુજબ છે :

"સ્ટેશનથી આવતાં શાકમાર્કેટ આગળ જે 'ગવારા' દરવાજા નામે નગરનું મુખદ્વાર છે ત્યાંથી નીકળી જમણા હાથે વળી થોડોક માર્ગ કાપતાં મોચીવાડ શરૂ થાય છે. ડાબા હાથ ઉપર આવતા ખાંચામાં જીવાતના ઓરડા તરીકે ઓળખાતા સ્થાનમાં એક ભાગ પર નાની દહેરી છે જેમાં જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિની ચરણપાદુકા તદ્દન જીર્ણ અવસ્થામાં છે. ત્યાંથી આગળ વધતાં રેલવેલાઈનનો પુલ બાંધેલો છે તેની તળે થઈ, કેટલોક રસ્તો કાપતાં શકરપુર તરીકે ખ્યાતિ ધરાવતા પરાની સીમા આવી લાગે છે. દેહરા તરફ જવાના બે માર્ગ છે. એક ધોરી પણ જરા ફેરાવાવાળો, બીજો સહેલો છતાં આંટીઘૂંટીવાળો. ઉભયનું સંધાન થાય છે ત્યાં તો પરાંનાં મકાનો તેમ જ છાપરાં દૃષ્ટિગોચર થાય છે, થોડે દૂર જતાં પોળ આવે છે તેમાં પ્રવેશ કરી, જરા ચઢાણવાળો માર્ગ કાપતાં ગુરુમંદિરની ધ્વજા તેમજ કંપાઉંડનો દરવાજો દેખાય છે. વિશાળ ચોગાનના એક ભાગ ઉપર થોડા સમય પૂર્વે જ જેની જીર્ણતા ગાંધી ભીખાભાઈ કસ્તુરચંદના પ્રયાસના પરિણામે નષ્ટ થઈ છે અર્થાત્ તેનો જીર્ણોદ્ધાર થયો છે એવા સીધી લાઈનમાં આવેલા શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ અને બીજામાં સીમંધરસ્વામી મૂળનાયક તરીકે બિરાજે છે. બંને દહેરામાં જાણવા જેવો કોઈ લેખ નથી, પણ આચાર્યોની પાદુકાઓ ઉપર છૂટાછવાયાં લેખો છે જે લગભગ ૧૮મી શતાબ્દીના છે."

"સીમંધરસ્વામીના દહેરાની બાજુમાં પૂર્વમુખે, થોડી ઊંચાઈવાળું શ્રી વિજયનેમિસૂરિ સ્થાપિત એક ગુરુમંદિર છે, જેમાં મધ્યે શ્રી ગૌતમસ્વામી ભગવાનની સાધુવેશની મૂર્તિ છે અને આજુબાજુમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રસિદ્ધ પૂર્વાચાર્યોની તેવી જ મૂર્તિઓ છે. અને તેવી બીજી મૂર્તિઓ બિરાજમાન થવાની છે. શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના દહેરામાં એક ગુપ્ત ભોંયરું છે. દાખલ થતાં ડાબા હાથે દીવાલ પરના એક તાકામાંથી અંદર ઉતરાય છે તેના ત્રણ વાંક છે. છેલ્લી જગ્યામાં પવાસનની ગોઠવણ છે. રચના જોતાં સહેજે કારીગરની બુદ્ધિ માટે માન ઊપજે છે. અને અગમબુદ્ધિ વાપરનાર વણિકોના બુદ્ધિચાતુર્યની પ્રતીતિ થાય છે. દેહરા સામે જ ઉપાશ્રય તેમજ અકેક બબ્બે ઓરડીવાળી બે સરાઓ છે. બહારના ભાગમાં ચોતરફ ગ્રામ્યવાસી જનોની વસ્તી વિસ્તરેલી છે છતાં વિશાળ કંપાઉંડમાં એકંદરે શાંતિ ઠીક છે. કારતક સુદ બીજ(ભાઈબીજ)નો મહિમા હોવાથી તે દિને નગરના લોકો ખાસ દર્શનાર્થે આવે છે. પૂજાનું કાર્ય ગોઠી દ્વારા લેવાય છે. વ્યવસ્થા જૈનશાળા કમિટી હસ્તક છે."

સં૦ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં શકરપુરમાં ચિંતામણિ પાર્શ્વનાથ અને સીમંધરસ્વામીના જિનાલયને અલગ-અલગ ધાબાબંધી જિનાલય તરીકે દર્શાવવામાં આવ્યાં છે. ચિંતામણિ પાર્શ્વનાથના ગભારામાં પાષાણની ઓગણીશ પ્રતિમાજીઓ તથા સીમંધરસ્વામીના જિનાલયમાં પાષાણની નવ પ્રતિમાજીઓ બિરાજમાન હતી. ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયમાં આરસની એક ચોવીશીનો પણ ઉલ્લેખ થયેલો છે. સીમંધરસ્વામીના જિનાલયમાં ધાતુની એક પણ પ્રતિમા તે સમયે વિદ્યમાન ન હતી. સીમંધરસ્વામીની પ્રતિમાના લેખનો સંવત તે સમયે સં૦ ૧૬૫૯ દર્શાવવામાં આવ્યો હતો. બંને જિનાલયનો વહીવટ શેઠ રમણલાલ દલસુખભાઈ હસ્તક હતો. ઉપરાંત કારતક સુદ પૂનમના રોજ દર વર્ષે મેળો ભરાય છે તેવો ઉલ્લેખ થયેલો છે. આજે આ જિનાલયનો વહીવટ શ્રી તપગચ્છ અમર જૈન શાળા સંઘ હસ્તક છે.

મુખ્ય પ્રવેશદ્વારથી પ્રવેશતાં વચ્ચે મોટો ચોક આવે છે. અહીં સન્મુખ શ્રી શત્રુંજય મહાતીર્થના આરસના પટના દર્શન થાય છે. તેના પર સં૦ ૨૦૫૩નો ઉલ્લેખ થયેલો છે. ચોકમાં જમણી બાજુ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ તથા શ્રી સીમંધરસ્વામીના ઘુમ્મટબંધી જિનાલય પાસ-પાસે આવેલા છે. આ જિનાલયોની સામે એક ધર્મશાળા તથા ઉપાશ્રય આવેલો છે.

ચિંતામણિ પાર્શ્વનાથ

ચિંતામણિ પાર્શ્વનાથના ઘુમ્મટબંધી જિનાલયમાં રંગમંડપ મોટો છે. છતમાં પીઢિયા છે. રંગમંડપ સાદો છે. રંગમંડપમાં પ્રવેશતાં આપણી ડાબી બાજુ, પ્રવેશદ્વાર પાસે જ, એક બારી છે જેની નીચે એક કબાટ જેવી રચના છે. જો કે તે કબાટ નહીં પણ ભોંયરું છે. ભોંયરામાં ઊતરવા માટેની પાંચ પગથિયાંની સાંકડી સીડી છે. નાના ચોક જેવું ઓળંગી ખૂણામાં જતાં બીજા ત્રણ પગથિયાં ઊતરતાં ભમતી જેવી રચના પસાર કર્યા બાદ ત્રણ વળાંક પછી ભગવાનનાં પબાસણની સુંદર રચના નજરે ચડે છે. આ સમગ્ર રચના કલ્પનાતીત અને સુંદર છે. વિદેશી હુમલા વખતે પ્રતિમાજીના રક્ષણ અર્થે કરેલી આ વ્યવસ્થા સાચે જ અનન્ય અને અદ્‌ભુત છે.

રંગમંડપમાં મૂળનાયકની સામે જ દીવાલ પર પ્રવેશદ્વારની જમણી બાજુની ભીંત પર એક શિલાલેખ છે. તેમાં જિનાલયના જીર્ણોદ્ધાર અંગેની વિગતો લખેલી છે જેમાં નીચે મુજબનું લખાણ ઘણી મુશ્કેલી પછી વાંચી શકાય છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રીમદ્ દ્વિકમાર્ક સમયાંતિત સવત્રિધિમુનીનેન્દ્ર

"૧૯૭૯ વર્ષે માસોતમ માધવમાસ અક્ષય તૃતીયા તીથૌ સુરૂગુરૂવાસરે રાજનગર (અહમદાવાદ) વાસ્તવ્ય પ્રાગ્વાટવંશવિભુષણ શ્રેષ્ઠિરત્ન મનસુખભાઈ ભગુભાઈ તનુજનુષા માણેકલાલ ભાઈલાલ નામના શ્રેષ્ઠિવરેણ સ્વપિતૃ મનસુખભાઈ શ્રેયાર્થ સ્વદ્રવ્ય વ્યયતોડત્ર શ્રી સ્તંભતીર્થનગર શાખાપુર શકરપુર કારિતોડયં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ચૈત્ય જિર્ણોદ્ધાર આનંદાતાપ્ટા ચન્દ્રાર્ક મિતિ ॥શ્રાઃ॥"

ખંભાતનો પ્રાચીન જૈન ઈતિહાસ ગ્રંથમાં જણાવ્યા મુજબ આ જીર્ણોદ્ધાર વિજયનેમિસૂરિની નિશ્રામાં કરવામાં આવ્યો હતો.

ગભારામાં અષ્ટપ્રાતિહાર્ય પરિકરયુક્ત શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. અહીં પાષાણની કુલ સત્તર પ્રતિમાજીઓ છે. તથા આરસનાં પગલાંની ૬ જોડ છે જે પૈકી આરસના એક પથ્થર પર પાંચ જોડ છે. તેમાંનાં બે પગલાં પર નામ વંચાતાં નથી એમ બાકીનાં ત્રણ ૩. વિજયદાનસૂરિ. ૪. હીરવિજયસૂરિ. ૫. વિજયસેનસૂરિના નામનો ઉલ્લેખ મળે છે. ઉપરાંત ગભારામાં ૨૪ તીર્થંકરનો આરસનો પટ છે જેના પર સં૦ ૧૪૨૨નો લેખ છે. મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમા પર કોઈ લેખ નથી.

સીમંધરસ્વામી

સીમંધરસ્વામીના જિનાલયના મુખ્ય પ્રવેશદ્વાર ઉપરાંત શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયના રંગમંડપમાંથી પણ આ જિનાલયમાં જઈ શકાય છે.

રંગમંડપ સાદો અને મધ્યમ કદનો છે. રંગમંડપની છતમાં પીઢિયા પર રંગકામ થયેલું છે. અહીં કાષ્ઠના થાંભલાઓ પર પણ રંગકામ થયેલું છે.

ગભારામાં મૂળનાયક શ્રી સીમંધરસ્વામી અષ્ટપ્રાતિહાર્ય પરિકરયુક્ત પ્રતિમા બિરાજમાન છે. અહીં પાષાણની કુલ છ પ્રતિમાજી છે જે પૈકી રાતા રંગના આરસમાં બે પ્રતિમાજીઓ ઉપર-નીચે બિરાજે છે. આ રાતા રંગના આરસમાં ઉપરની પ્રતિમા પર 'યુગંધરસ્વામી' અને નીચેની પ્રતિમા પર 'બાહુકસ્વામી' — એ મુજબનું લખાણ છે. અહીં આરસનાં પગલાંની કુલ નવ જોડ છે, જે પૈકી એક નાના પગલાંની જોડ છે. અન્ય પાદુકાઓ પર નીચે મુજબનું લખાણ વાંચી શકાય છે :

(૧) શ્રીમાન વિક્રમાર્ક સંવત ૧૯૧૯ના વર્ષે ફાગણ માસે શુક્લપક્ષે દસમ ભૃગુવારે ... વીરવિજયજી પાદુકા.....સુત લક્ષ્મીચંદ તતસુત મોટાભાઈ કરાપિતમ્

(૨) સંવત ૧૭૯૫..શ્રી સૌભાગ્યસૂરિ પાદુકા

(૩) સં૦ ૧૭૮૪ વર્ષે માગસર શુદિ ૬ દિને બુધવાસરે શ્રી સ્તંભતિર્થ બંદિરે શ્રી તપાગચ્છે સુવિહિત ભટ્ટારક શ્રી આનંદ વિમલસૂરીશ્વર.... વિજયદાનસૂરિ પટ્ટ ભ૦ શ્રી હીરવિજયસૂરિ... શ્રી વિજયસેનસૂરિ૦ પટ્ટે ભટ્ટારક શ્રી વિજયદેવસૂરિ પટ્ટે પ્રભાવક સકલ પુરંદર ભટ્ટારક શ્રી વિજયપ્રભસૂરિ પટ્ટે સવિજ્ઞપક્ષે ભટ્ટારક શ્રી જ્ઞાનવિમલસૂરિ સ્મર્ણા પાદુકાઃ શુભમ્ ભવતુઃ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૪) સં૦ ૧૮૪૫... વિજય સૌભાગ્યસૂરિ

(૫) ગણધર શ્રી ગૌતમસ્વામીની પાદુકા

(૬) સં૦ ૧૮૪૮ ... મહિમા વિમલસૂરિ પાદુકા

(૭) સં૦ ૧૯૧૨ ... વિજયાણંદસૂરિ પાદુકા

મૂળનાયક શ્રી સીમંધરસ્વામીની પ્રતિમા પર નીચે મુજબનો લેખ છે :

'સંવત ઈલાહી ૪૮ સં૦ ૧૬૫૯ વર્ષે વૈશાખ શુદિ ૧૩ બુધે ઉકેશવંશે વૃદ્ધ શાખીય આતુરા ગોત્રે સ્તંભતીર્થ વાસ્તવ્ય સો. વછીઆ ભાર્યા સુહામણિ સુત સો. તેજપાલ ભાર્યા તેજલ દે પ્રમુખ પરિવારયુતેન સ્વશ્રેયસે..... બિંબં કારાપિતં પ્રતિષ્ઠિતં તપાગચ્છે શ્રી હીરવિજયસૂરિ તત્પટ્ટે... ભટ્ટારક શ્રી વિજયસેનસૂરિભિઃ'

મૂળનાયક શ્રી સીમંધરસ્વામીના પરિકરમાંના બંને કાઉસ્સગ્ગીયા નીચેના લખાણમાં 'સં૦ ૧૬૭૩... વિજયસેનસૂરિ' - મુજબનો ઉલ્લેખ થયેલો છે :

મૂળનાયક શ્રી સીમંધરસ્વામીના ડાબા તથા જમણા ગર્ભદ્વાર સામે નમિનાથની પ્રતિમાજીઓ બિરાજમાન છે. આ બંને પ્રતિમાજીઓ પર પણ સં૦ ૧૬૫૯ નો મૂર્તિલેખ છે જે નીચે મુજબ છે :

'સં૦ ઈલાહી ૪૮ સં૦ ૧૬૫૯ વર્ષે વૈશાક શુદિ ૧૩ બુધે ઉકેશવંશે વૃદ્ધ શાખીય આતુરા ગોત્રે સ્તંભતીર્થ વાસ્તવ્ય સો. વછીઆ ભાર્યા સુહામણિ સુત સો. તેજપાલ ભાર્યા તેજલ દે પ્રમુખ પરિવારયુતેન સ્વશ્રેયસે શ્રી નમિનાથ બિંબં કારાપિતમ્ પ્રતિષ્ઠિતં તપાગચ્છે શ્રી હીરવિજયસૂરિ તત્પટ્ટે.... ભટ્ટારક શ્રી વિજયસેનસૂરિભિઃ'

મૂળનાયક શ્રી સીમંધરસ્વામીની ડાબી બાજુ આવેલી અજીતનાથની પ્રતિમા પર 'ઈલાહી ૪૬ સં૦ ૧૬૫૮'નો મૂર્તિલેખ છે. તથા જમણી બાજુ આવેલી શાંતિનાથની પ્રતિમા પર સં૦ ૧૬૫૯નો મૂર્તિલેખ છે .

ગૌતમસ્વામી ગુરુમંદિર

સીમંધરસ્વામીના જિનાલયના મુખ્ય પ્રવેશદ્વારની સામોસામ ભોંયરાયુક્ત ઊંચા ઓટલાવાળું ગુરુમંદિર આવેલું છે.

પ્રથમ માળ ઉપર પ્રવેશચોકી તથા ગભારાની રચના છે. તે ગભારામાં બે પાળીઓની રચનામાં હારબંધ પ્રતિમાજીઓ પ્રતિષ્ઠિત કરેલી છે.

ઉપરની પાળી ઉપર મધ્યે મહાવીરસ્વામી સમલંકૃત શ્રી ગૌતમસ્વામીની સુંદર મૂર્તિ છે. તેમની પાછળ અશોકવૃક્ષ ચિત્રિત કરેલું છે. શ્રી ગૌતમસ્વામીની પ્રતિમા પર કોઈ મૂર્તિલેખ નથી. આ મૂર્તિની જમણી બાજુ શ્રી સુધર્માસ્વામીની પ્રતિમા પાષાણની મૂર્તિ, તેની બાજુમાં શ્રી સુસ્થિતાચાર્ય તથા તેની બાજુમાં સમન્તભદ્રસૂરિની પાષાણ મૂર્તિ આવેલી છે, તે પૈકી સુધર્મા સ્વામીની મૂર્તિ પર સં૦ ૧૯૮૪ તથા સુસ્થિતાચાર્ય અને સમન્તભદ્રસૂરિની મૂર્તિ પર સં૦ ૧૯૮૫નો લેખ છે. મધ્યે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બિરાજમાન મૂળનાયક શ્રી ગૌતમસ્વામીની મૂર્તિની ડાબી બાજુ ગૌતમસ્વામી, જંબૂસ્વામી તથા ચંદ્રસૂરિમહારાજની પાષાણની મૂર્તિઓ આવેલી છે જે પૈકી ચંદ્રસૂરિમહારાજની મૂર્તિ પર સં૦ ૧૯૮૫નો લેખ અને ગૌતમસ્વામીની મૂર્તિ પર સં૦ ૧૯૮૪ નો લેખ છે.

નીચેની પાળી ઉપર આરસના પગલાંની દસ જોડ છે. તે પૈકી વિજયસિંહસૂરિ, યશોવિજયજી, નયવિજયજી, કાંતિવિજયગણિ, ધૃપ્તિવિજયજી, ગંભીરવિજયજી ગણિ તથા રૂદ્ધિવિજયજીની આરસના પગલાની જોડનો સમાવેશ થાય છે. આ બધાં જ પગલાં પર સં૦ ૧૯૭૯નો ઉલ્લેખ છે. ઉપરાંત શ્રી સર્વદેવસૂરિ શ્રી હેમચંદ્રસૂરિ તથા ગચંદ્રસૂરિની પાષાણની મૂર્તિઓ છે જેના પર સં૦ ૧૯૮૫નો લેખ છે. અહીં શ્રી વિજયસેનસૂરિ, શ્રી હીરવિજયસૂરિ તથા શ્રી વિજયદેવસૂરિની પાષાણની મૂર્તિઓ છે જે પૈકી વિજયસેનસૂરિ તથા વિજયદેવસૂરિની મૂર્તિઓ પર સં૦ ૧૬૭૭ના લેખો છે. ડાબી બાજુ કુમારપાળ મહારાજ, સરસ્વતીદેવી, ત્રિભુવનસ્વામીની દેવી, પદ્માવતીદેવી તથા શ્રી ગણપિટ્ટક યક્ષની મૂર્તિઓ છે.

ભોંયરામાં મધ્યે ભદ્રબાહુ સ્વામીની પાષાણની મૂર્તિ વિદ્યમાન છે. જમણી બાજુ સિદ્ધસેન દિવાકરસૂરિ તથા વૃદ્ધિચંદ્રજીની મૂર્તિઓ, ડાબી બાજુ આર્યસુરસ્તસૂરિ, દેવર્દ્ધિ ગણિક્ષમાક્ષમણ તથા હરિભદ્રમહારાજની પાષાણની મૂર્તિઓ બિરાજમાન છે.

નીચેની પાળી પર મધ્યે વિજયસિંહસૂરિ, ન્યાય વિશારદ ઉપાધ્યાય શ્રી યશોવિજય મહારાજની મૂર્તિઓ બિરાજમાન છે.

ભોંયરામાં બિરાજમાન આ તમામ મૂર્તિઓ પર સં૦ ૧૯૮૫ના લેખ છે. ભોંયરામાં કુલ આઠ પાષાણમૂર્તિઓ છે.

સીમંધરસ્વામીના જિનાલય અને ગૌતમસ્વામીના ગુરુમંદિરની વચ્ચે ઘુમ્મટયુક્ત ગોખ બનાવવામાં આવી રહ્યો છે. ત્યાં ભવિષ્યમાં શ્રીમદ્ વિજયરામસૂરીશ્વરજીની પાષાણની મૂર્તિ પધરાવવામાં આવશે.

શકરપુરનાં બંને જિનાલયોમાં બેસતા મહિનાના પ્રથમ રવિવારે અને ફાગણ સુદ તેરશ, વૈશાખ સુદ પૂનમ તથા કાર્તિક સુદ બીજને દિવસે ભાથું આપવામાં આવે છે.

શકરપુરનાં જિનાલયો વિશે ઉપર મુજબની તમામ વિગતો જોતાં અનુમાન થઈ શકે છે કે આ વિસ્તારમાં એક સમયે જિનશાસનનો જયજયકાર ગુંજતો હશે. આજે શકરપુર એક નાનકડું ગામ છે. પણ એક સમયે જૈનોની મોટી વસ્તીથી ધબકતું એક નગર હશે કે જેમાં પાંચ-પાંચ જિનાલયો પર જિનશાસનની ધજાઓ ધબકતી હતી. કાળની અનેક થપાટોમાંથી પસાર થયા બાદ પણ શકરપુરમાં આજે વિદ્યમાન ચિંતામણિ પાર્શ્વનાથ અને સીમંધરસ્વામીનાં જિનાલયો જિનશાસનની યશપતાકા લહેરાવી રહ્યા છે.

ટૂંકમાં ચિંતામણિ પાર્શ્વનાથનું જિનાલય **સં૦ ૧૬૭૩ પહેલાના** સમયનું અને સીમંધરસ્વામીનું જિનાલય **સં૦ ૧૬૫૯ આસપાસના** સમયનું છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વડવા

આદેશ્વર (સં૰ ૧૯૮૨)

ખંભાત શહેરની પૂર્વ દિશાએ કેટલાંક ખેતરોથી દૂર વડવા નામે એક નાનું ગામ છે. અહીં એક વાવ અને તેની નજદીકમાં એક વડ ત્યાંના વટેમાર્ગુઓ માટેનું વિશ્રામસ્થાન બન્યું હતું જેને કારણે **વડવા** નામ અસ્તિત્વમાં આવ્યું.

પરમકૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્ર સંવત ૧૯૫૨ના ભાદરવા સુદ દશમના અરસામાં રાળજથી વડવા પધાર્યા. વાવની બાજુમાં એક મંદિર અને એક વંડી હતી. મેડી ઉપર તેઓ લગભગ સાત દિવસ રહ્યા હતા. એક દિવસ કેટલાક મુમુક્ષોઓની હાજરીમાં મેડી ઉપરની બારીમાંથી દક્ષિણ દિશા તરફની સામેની ટેકરી તરફ આંગળી ચીંધી કહ્યું : 'આ સુવર્ણભૂમિ છે. અહીં પરમ ઉપકારી શ્રી ચંદ્રપ્રભુની સ્થાપના થશે.'

ત્યારબાદ સં૰ ૧૯૭૨ના આસો સુદ ૧૫ના રોજ વડવાની આ જમીનમાં પાયાનું ખાતમૂહૂર્ત કરવામાં આવ્યું અને **શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ** નામની સંસ્થા અસ્તિત્વમાં આવી. બાંધકામનું કાર્ય પૂરું થતાં સં૰ ૧૯૮૨ના માગશર સુદ સાતમના રોજ વડવામાં શ્રી ચંદ્રપ્રભુ જિનમંદિરમાં શ્રી જિનપ્રતિમાઓની સ્થાપના પણ કરવામાં આવી. આ જિનાલયના બાંધકામમાં પૂજ્ય ભાઈશ્રીના હુલામણા નામથી ઓળખાતા પોપટલાલ મોહોકમચંદનો ફાળો મહત્ત્વનો છે.

વડવા તીર્થમાં પ્રવેશી મુખ્ય પ્રવેશદ્વારથી આગળ જતાં એક વિશાળ ચોગાન જેવી રચના જોવા મળે છે. જમણી બાજુ જમવા માટેની વ્યવસ્થા તથા રસોડું છે. ડાબી બાજુ યાત્રાળુઓને રહેવા માટેની ઓરડીઓ અને તેની બાજુમાં ઉપાશ્રય છે. આ સ્થળની લાક્ષણિકતા એ છે કે અહીં ચારેબાજુની દીવાલો પર સદ્વિચાર તથા વચનામૃતો મોટા અક્ષરથી લખવામાં આવ્યાં છે.

ઉપર જણાવેલ ઉપાશ્રયની મેડી ઉપર પિત્તળનું શ્રી સદ્ગુરુ પ્રાસાદ મંદિર તથા ચાંદીનું મંદિર આવેલું છે. એક અર્થમાં આને મ્યુઝિયમ (સંગ્રહસ્થાન) પણ કહી શકાય, કારણ કે અહીં શ્રીમદ્ રાજચંદ્રજીનાં વસ્ત્રો, તેઓનો પલંગ, બેસવાની પાટ, કેટલીક હસ્તપ્રતો, જે વૃક્ષ નીચે તેઓ પ્રતિબોધતા તે વૃક્ષના થડનો ભાગ, તેમણે લખેલા પત્રો, તેઓની લોકો સાથેની મુલાકાતોના ફોટા ઉપરાંત પૂજ્ય ભાઈ શ્રી પોપટલાલ મોહોકમભાઈનાં વસ્ત્રો, તેઓની બેસવાની ગાદી તથા શ્રીમદ્નું ચાંદીનું મંદિર વગેરે સંગૃહીત કરી સાચવવામાં આવેલ છે.

વિશાળ ચોગાનના પ્રવેશદ્વારને ઓળંગી આગળ જતાં સન્મુખ શ્રી ચંદ્રપ્રભસ્વામી જિનાલય નજરે પડે છે. જિનાલય ભોંયરામાં છે. આ જિનમંદિરના પ્રવેશદ્વારની બારશાખ પર 'ચંદ્રપ્રભસ્વામીનું જિનાલય' એવું લખાણ છે. અહીં ગભારામાં મૂળનાયક તરીકે શ્રી આદેશ્વરજી બિરાજમાન છે અને ચંદ્રપ્રભસ્વામી તેઓની જમણી બાજુ બિરાજે છે. જિનાલયમાં પ્રવેશવા માટે બે પ્રવેશદ્વાર છે. જે પૈકી એક પ્રવેશદ્વારની બાજુમાં ગુરુમંદિર આવેલું છે. આ પ્રવેશદ્વારથી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયમાં દાખલ થતાં આપણી જમણી બાજુ (મૂળનાયકની ડાબી બાજુ) એક ગોખમાં ગૌતમસ્વામીની પાષાણની મૂર્તિ બિરાજમાન છે. આ મૂર્તિના મુખની સામેની બાજુએથી સીધા રંગમંડપમાં પ્રવેશી શકાય છે. રંગમંડપ મધ્યમ કદનો છે. અહીં છત ઉપર ચિત્રકામ થયેલ છે. છતમાં ઈડર તીર્થનો પટ ચિત્રિત કરેલ છે. રંગમંડપમાં બંને બાજુની દીવાલો પર સદ્‌વિચાર તથા સદ્‌વચનો લખેલ છે. ઉપરાંત ૨૪ તીર્થંકરોની માહિતી આપવામાં આવી છે.

ગભારામાં ૫૧" ઊંચાઈ ધરાવતી આદેશ્વરજીની પ્રતિમાજી મૂળનાયક તરીકે પ્રતિષ્ઠિત થયેલ છે. ગભારામાં પાષાણની કુલ પાંચ તથા ધાતુની સાત પ્રતિમાજીઓ છે. ગભારામાં મૂળનાયક પ્રતિમાજીની પાછળ ભીંત પર ચૌદ સ્વપ્નોનું ચિત્રકામ છે. ગભારામાં કાચકામ થયેલ છે.

આ ભોંયરાના જિનાલયની ઉપર **સ્વાધ્યાય મંદિરની** રચના કરવામાં આવેલ છે. રચના સુંદર છે. સં૰ ૨૦૪૬માં આ સ્વાધ્યાય મંડપનું નવીનીકરણ કરવામાં આવ્યું હતું. અને તે જ વર્ષમાં સંસ્થાના હીરકમહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ સ્વાધ્યાય મંડપમાં ભક્તિસ્વાધ્યાય આદિ લાભ સતત ચાલુ જ રહે છે.

ઉપર જણાવેલ જિનાલયના પ્રવેશદ્વારની સામે તથા વિશાળ પટાંગણ મધ્યમાં પૂજ્ય ભાઈ શ્રી પોપટભાઈ મોહોકમભાઈનું પૂતળું (સ્ટેચ્યુ) રાખવામાં આવેલ છે.

જિનાલયની સ્થાપના થયા બાદ સં૰ ૨૦૧૧ના ફાગણ સુદ ત્રીજને શુક્રવારે શેઠ શ્રી મોહનલાલ ચીમનલાલના હસ્તે જિનાલયની બાજુમાં શ્રી સદ્‌ગુરુપ્રાસાદમાં શ્રીમદ્‌ રાજચંદ્રજીની મૂર્તિની સ્થાપના કરવામાં આવી હતી. હાલ શ્રીમદ્‌ રાજચંદ્રજીની મૂર્તિ એક કાચની કબાટ જેવી રચનામાં મૂકવામાં આવેલ છે. શ્રી સદ્‌ગુરુપ્રાસાદની દીવાલો પર પણ સદ્‌વિચારો લખવામાં આવેલ છે. ગુરુમંદિર મોટું છે. દીવાલો પર ફોટાઓ પણ મૂકેલા છે.

સ્વાધ્યાયમંદિર તથા તેની નીચે ભોંયરામાં બિરાજેલ શ્રી આદેશ્વરજી જિનાલય અને ગુરુમંદિર મધ્યે અને આ બંનેની થોડી પાછળના ભાગમાં **શ્રી બાહુબલીજીની પાષાણ મૂર્તિ** ધ્યાનસ્થ મુદ્રામાં ઊભેલી છે. સં૰ ૧૯૮૮ માં આસો સુદ છઠના રોજ અમદાવાદમાં પંચભાઈની પોળમાં પૂ૰ ભાઈ શ્રી પોપટલાલનો દેહવિલય થયા બાદ સં૰ ૨૦૪૪ માં વૈશાખ સુદ છઠ્ઠના રોજ બાહુબલીજીની મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ મૂર્તિ આરસની દેવકુલિકા જેવી રચનામાં બિરાજમાન છે. તે દેવકુલિકાની પ્રદક્ષિણા થઈ શકે તેવી જગ્યા રાખવામાં આવી છે. દેવકુલિકા પાસેની દીવાલો પર તેમના જીવનપ્રસંગનું વર્ણન કરવામાં આવ્યું છે.

વડવા એ કૃપાળુદેવ રાજચંદ્રનું સ્મૃતિચિહ્નરૂપ સ્થાન છે અને તેથી તેમના ભક્તો માટે આ સ્થળ તીર્થ સમાન છે.

આ જિનાલયની સ્થાપના **સં૰ ૧૯૮૨માં** થયેલી છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રાળજ

ગોડી પાર્શ્વનાથ (સં૰ ૧૯૦૧ આસપાસ)

ખંભાતથી ૬ કિલોમીટરના અંતરે આવેલા રાળજ ગામમાં શ્રી ગોડી પાર્શ્વનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે.

મૂળનાયક શ્રી ગોડીપાર્શ્વનાથજીની પ્રતિમા પર "સંવત ૧૬૮૨ જ્યેષ્ઠ વદિ ૬ ગુરૌ ... જાતિય ગોત્રીય ... સા. પદમશી.....શ્રી પાર્શ્વનાથ બિંબં કારિતં પ્ર૰ શ્રી અંચલગચ્છેશ કલ્યાણ સાગરસૂરિનામુપદેશ" મુજબનું લખાણ વંચાય છે.

આ જિનાલય વિશે **સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં કેટલીક રસપ્રદ માહિતી પ્રાપ્ત થાય છે. તે સમયે રાળજ ગામ રામજ નામથી ઓળખાતું હતું અને તે સમયના ખંભાત સ્ટેટના બોરસદ તાલુકામાં આવેલું હતું.

ખંભાત સ્ટેટથી રામજ ગામ ત્રણ ગાઉ દૂર દર્શાવવામાં આવ્યું હતું. શ્રી ગોડી પાર્શ્વનાથનું જિનાલય ચૌટા વચ્ચે શિખરબંધી દર્શાવવામાં આવ્યું હતું. આ જિનાલય બંધાવનાર તરીકે શા. ફૂલચંદ મૂલચંદ ખંભાતવાલાના નામનો નિર્દેશ કરવામાં આવ્યો છે અને સં૰ ૧૯૦૧માં જિનાલય બંધાવ્યાનો ઉલ્લેખ છે. ત્યારે પાષાણની એક અને ધાતુની બે પ્રતિમાજીઓ બિરાજમાન હતી. જિનાલયના મકાનની સ્થિતિ સાધારણ હતી.

સં૰ ૧૯૮૪માં ખંભાતનો ઈતિહાસ અને ચૈત્યપરિપાટીમાં રાળજમાં આવેલા આ જિનાલય વિશે નીચે મુજબની નોંધ મળે છે :

'વડવાથી નાનો માર્ગ વટાવી મુખ્ય રસ્તા પર આવતાં ડાબા હાથે આગળ જતાં ત્રણ ગાઉ પર 'રાળજ' ગામ આવે છે. અહીં શ્રી ગોડીપાર્શ્વનાથનું જૂનું દેવાલય છે. પાસે ઊતરવાની સોઈ છે. કારતક વદ ૭ નો મહિમા મનાય છે. એ દિને ખંભાતથી સંઘ અહીં આવી રથયાત્રા કાઢી પૂજા ભણાવે છે. ને ધ્વજા ચઢાવે છે. ચાલતા જઈ શકાય છે તેમ વાહન પણ મળી શકે છે. દેખરેખ જૈનશાળા કમિટીની છે."

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વ સંગ્રહમાં રાળજ ગામ ખંભાતથી આશરે ૬ માઈલ દૂર દર્શાવ્યું છે. ગોડીપાર્શ્વનાથજીનું જિનાલય શિખરબંધી દર્શાવવામાં આવ્યું છે. તે સમયે પાષાણની ત્રણ પ્રતિમાજીઓ બિરાજમાન હતી અને જિનાલયના મકાનની સ્થિતિ સારી દર્શાવવામાં આવી હતી. ત્યારે જિનાલયનો વહીવટ રમણલાલ દલસુખભાઈ હસ્તક હતો. આજે વહીવટ શ્રી તપગચ્છ અમર જૈનશાળા સંઘ હસ્તક છે.

જિનાલયનો પ્રવેશદ્વાર સુંદર કમાનવાળો છે. ઉપર તીર્થંકરની પ્રતિમાનું શિલ્પ છે. જિનાલયની અંદરની તથા બહારની દીવાલો પર સુંદર કપચીકામ થયેલું છે. બહારના ભાગમાં કપચીકામમાં હાથીની સુંદર આકૃતિ છે જ્યારે અંદરની દીવાલો પર એક મોટા કુંભની રચના છે. કોટનો વિસ્તાર મધ્યમકદનો છે. અહીં બાજુમાં જૈન ધર્મશાળા છે જેનો લગભગ બે વર્ષ પહેલાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીર્ણોદ્ધાર થયેલો છે. જિનાલયને ફરતે પ્રદક્ષિણા થઈ શકે તેવી રચના છે. જિનાલયની પાછળની દીવાલની પાળી પર દ્વિમુખીવાઘનું શિલ્પ મૂકવામાં આવ્યું છે.

અહીં તદ્દન નાનો ગૂઢમંડપ તથા મધ્યમ કક્ષાનો રંગમંડપ છે. રંગમંડપમાં પ્રવેશવાનો મુખ્ય એક દ્વાર છે. દ્વાર પર દ્વારપાલનાં શિલ્પો છે.

રંગમંડપમાં પ્રવેશતાં જ સન્મુખ શ્રી ગોડીપાર્શ્વનાથની મનોહર મૂર્તિ જોતાં મન પુલકિત થઈ ઊઠે છે. રંગમંડપમાં ઘુમ્મટ તથા થાંભલાઓ પર જુદી-જુદી મુદ્રામાં નર્તકીઓનાં શિલ્પોની રચના છે. આ પૂતળીઓની મુખાકૃતિ, કેશભૂષા, વેશભૂષા, આભૂષણો વગેરે આજના જમાનાના લાગે છે.

ગભારો નાનો છે. પાષાણની કુલ પાંચ પ્રતિમાજીઓ બિરાજમાન છે જે પૈકી સામ-સામેના ગોખમાં પાષાણની બે પ્રતિમાજીઓની પ્રતિષ્ઠા સં૦ ૧૯૯૭માં થયાનો ઉલ્લેખ છે. પ્રતિમાની પ્રતિષ્ઠાનો લાભ લેનાર શ્રી રમેશભાઈ અંબાલાલના નામનો ઉલ્લેખ પણ જોવા મળે છે. મૂળનાયકની પાછળની દીવાલ પર અશોકવૃક્ષનું ચિત્રાંકન થયેલું છે.


જિનાલયના કોટના ભાગમાં ધર્મશાળાનું બારણું પડે છે. જીર્ણોદ્ધાર સમયે આ જિનાલયનો બહારનો ભાગ એટલે કે કોટનો ભાગ શ્રી રમેશભાઈ અંબાલાલ હેમચંદે સ્વદ્રવ્યથી કરાવેલો છે.

રાળજના આ જિનાલયને ખંભાતનાં જિનાલયોની સાથે ગણના કરવાની પરંપરા સં૦ ૧૯૮૪થી શરૂ થયેલી છે. કદાચ ખંભાતના જ શ્રેષ્ઠીએ આ જિનાલય બંધાવ્યું હોવાથી આ પરંપરા શરૂ થઈ હોય એમ લાગે છે.


ટૂંકમાં આ જિનાલય **સં૦ ૧૯૦૧ આસપાસ**ના સમયનું છે. મૂળનાયક શ્રી ગોડીજી પાર્શ્વનાથની પ્રતિમા પર સં૦ ૧૬૮૨નો લેખ છે. તે સંદર્ભમાં જિનાલયની વધુ પ્રાચીનતા નક્કી કરવા માટે વિશેષ સંશોધનની જરૂર છે અને વધુ પુરાવાઓની જરૂર છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



૧. સ્થંભન પાર્શ્વનાથના જિનાલયનો બાહ્ય દેખાવ (ખારવાડો)




૨. સ્થંભન પાર્શ્વનાથના જિનાલયની પ્રવેશચોકીની કમાનો (ખારવાડો)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




૩.
ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયના
ગર્ભગૃહમાંની શ્રાવકમૂર્તિ (ચોકસીની પોળ)



૪.
ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયના
ગર્ભગૃહમાંની સાધુમૂર્તિ (ચોકસીની પોળ)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



૫.




૬.



૭.

કંસારી પાર્શ્વનાથના જિનાલયના ગભારામાં મૂળનાયકના પબાસનની નીચેની કોતરણી (ખારવાડો)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




૮. મુનિસુવ્રતસ્વામીના જિનાલયનો ઝગમગતો ભવ્ય કાચનો રંગમંડપ (ખારવાડો)




૯. સંભવનાથ-શાંતિનાથના સંયુક્ત જિનાલયમાં ઉપરના રંગમંડપમાં
દેખાતા ભોંયરાના જિનાલયના ઘુમ્મટો (વાઘમાસીની ખડકી)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




૧૦. નવપલ્લવ પાર્શ્વનાથના જિનાલયના ગર્ભદ્વારની ઉપર કાષ્ટકોતરણી (બોરપીપળો)




૧૧. નવપલ્લવ પાર્શ્વનાથના જિનાલયના આરસમાં નંદીશ્વરદ્વીપ (બોરપીપળો)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




૧૨. નવપલ્લવ પાર્શ્વનાથના જિનાલયના રંગમંડપમાંના ઉત્કૃષ્ટા ૧૭૦ તીર્થંકરનો પટ (બોરપીપળો)




૧૩. આદેશ્વરના જિનાલયના ગભારામાંની મૂળનાયકના સિંહાસનની નીચેના ભાગની કોતરણી (માણેકચોક)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



૧૪. શંખેશ્વર પાર્શ્વનાથના જિનાલયમાંની અગરતગરની કાષ્ટકોતરણી (માણેકચોક)




૧૫. મહાવીરસ્વામીના જિનાલયમાં તીર્થંકરોનાં કાષ્ટશિલ્પો (માણેકચોક)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




૧૬. મહાવીરસ્વામી તથા ધર્મનાથના જિનાલયોનો બાહ્ય દેખાવ (માણેકચોક)




૧૭. કુંથુનાથ-શાંતિનાથના સંયુક્ત જિનાલયોનો બાહ્ય દેખાવ (દંતારવાડો)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




૧૮. મહાવીરસ્વામીના જિનાલયનો બાહ્ય દેખાવ (ગીમટી)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



૧૯. મહાવીરસ્વામીના જિનાલયમાં રંગમંડપના સ્થંભ પરની પૂતળીઓ (ગીમટી)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



૨૦.
ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયમાંના બહારના ગર્ભદ્વારે બારસાખ-ટોડલા સાથેની કાષ્ટકોતરણી (ચિતારીબજાર)



૨૧.
ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયમાંના ગર્ભદ્વારની કોતરણીમાંના શિલ્પો (ચિતારીબજાર)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org










૨૨. ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયમાંના રંગમંડપનાં સ્થંભ પર લાકડાની પૂતળીઓ (ચિતારીબજાર)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



૨૩. ચિંતામણિ પાર્શ્વનાથના ભોંયરાના જિનાલયની દેવકુલિકામાંનું ગ્લાસપેઈન્ટીંગ (ચિતારીબજાર)




૨૪. ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયનો બાહ્ય દેખાવ (જીરાળાપાડો)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



૨૫.
ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયના
નેમિનાથજીના ગભારામાં બિરાજમાન
સરસ્વતીદેવીની મૂર્તિ (જીરાળાપાડો)




૨૬.
ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયની
બહાર સં૦ ૧૩૫૩નું શિલાલેખયુક્ત શિલ્પ
(જીરાળાપાડો)




૨૭. કુંથુનાથના જિનાલયનો બાહ્ય દેખાવ
(માંડવીની પોળ)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



૨૮. આદેશ્વરના જિનાલયનો બાહ્ય દેખાવ (માંડવીની પોળ)



૨૯. આદેશ્વરના જિનાલયમાં હાથી સાથેના કલ્પવૃક્ષની કોતરણીયુક્ત પ્રતિમાજી (માંડવીની પોળ)


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



૩૦. શાંતિનાથના જિનાલયના રંગમંડપમાંની કોતરણીનું એક દ્રશ્ય (આળીપાડો)



૩૧. શાંતિનાથના જિનાલયના રંગમંડપમાંની એક કલાત્મક હાંડી (આળીપાડો)



૩૨. શ્રી તપગચ્છ અમર જૈન શાળા સંઘમાં ચાંદીનો કલાત્મક દીવો (ટેકરી)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મૂળનાયક ભગવાનના પ્રતિમાલેખો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મૂળનાયક ભગવાનના પ્રતિમાલેખો

સં૰ ૧૫૦૩

(૧) સં૰ ૧૫૦૩.....

સં૰ ૧૫૨૦

(૨) સં૰ ૧૫૨૦.....જેઠ સુદી ૧૦.....

સં૰ ૧૬૩૭

(૩) સં૰ ૧૬૩૭.....

સં૰ ૧૬૪૩

(૪) સંવત ૧૬૪૩ જેઠ સુદિ ૨ સોમે.....પુરિ રાણી પુત્રી હીરાસ્ય શ્રેયસે શ્રી શાંતિનાથ બિંબં કારાપિતાઃ શ્રીમદ્ વિજય.....શ્રી વિજયસેનસૂરિભિઃ પ્રતિષ્ઠિતઃ ।

સં૰ ૧૬૪૪

(૫) સંવત ૧૬૪૪ વર્ષે જેઠ સુદી પૂનમ.....સંઘ.....શ્રેયાર્થે પ્રતિષ્ઠિતં..... સંભવનાથ બિંબં.....વિજયસેનસૂરિભિઃ

(૬) સંવત ૧૬૪૪ વર્ષે જયેષ્ઠ સુ૰ ૧૨ સોમવારે વૃદ્ધશાખાયા શ્રીમાલ જ્ઞાતીય ૫૰ જસીઆ ભાર્યા જસમાદે સુ૰ ૫૰ વેજિઆ ૫૰ રાજિઆ.....પાર્શ્વનાથ બિંબ કારિતં પ્રતિષ્ઠિતં.....॥

---

(૧) માણેકચોક સ્કૂલ પાસે આવેલ આદેશ્વરના જિનાલયના મૂળનાયક આદેશ્વરની પ્રતિમા પરનો લેખ.

(૨) નાગરવાડામાં આવેલ વાસુપૂજ્યસ્વામીના જિનાલયના મૂળનાયક વાસુપૂજ્યસ્વામીની પ્રતિમાનો લેખ.

(૩) ભોંયરાપાડામાં આવેલ મલ્લિનાથના જિનાલયના મૂળનાયક મલ્લિનાથની પ્રતિમાનો લેખ.

(૪) માણેકચોકમાં આવેલ શાંતિનાથના જિનાલયના મૂળનાયક શાંતિનાથની પ્રતિમાનો લેખ.

(૫) બોરપીપળામાં આવેલ સંભવનાથના જિનાલયના મૂળનાયક સંભવનાથની પ્રતિમાનો લેખ.

(૬) ચિંતારીબજારમાં આવેલ ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયના મૂળનાયક ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમાનો લેખ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૬૫૩

(૭) સં૰ ૧૬૫૩.....

સં૰ ૧૬૫૬

(૮) સ્વસ્તિ શ્રી અલાઈ ૪૫ સં૰ ૧૬૫૬ વર્ષે વૈ૰ સુ૰ ૭ બુધ વ્ય૰ પ્રાગ્વાટ જ્ઞાતીય વુ૰ પહિરાજ સુત વુ૰ રતનપાલ ભાર્યા રતનાદે સુત વુ૰ શ્રીપાલન ભાર્યા લાલી સુત દાસ શ્રીરદાસ પ્રમુખ કુટુંબયુતેન સ્વાશ્રય શ્રી પાર્શ્વબિંબં કારિતં પ્રતિષ્ઠિતં ચ તપાગચ્છીય શ્રી હીરવિજય (દ્વ) પટ્ટાલંકાર ભટ્ટારક શ્રી વિજયસેનસૂરીશ્વરભિઃ

(૯) પાદશાહી શ્રી અકબર પ્રવર્તિત અલઈ સં૰ ૪૧ વર્ષે ફાલ્ગુન.....સા૰ સહીસ ભાર્યા સહીજલદે સુત સા કહાનુઆ નામ્ના....સુખસાગર પાર્શ્વનાથ બિંબં કારિતં પ્રતિષ્ઠિતં ચ ।..... સૂરિ પ્રવર્તન શ્રી શત્રુંજય તીર્થાદિકર મોચન....શ્રી હીરવિજય સૂરિ....શ્રી વિજયસેનસૂરિભિઃ

(૧૦) અલાઈ૪( ).....પ્રાગ્વાટ જ્ઞાતિય ધનાઈ પુત્ર.....

(૧૧) સંવત અલાઈ ૪૨ વર્ષે..... માઘ વદિ ૯ શ્રીમદકબર સાહા વિજય રાજ્યે શ્રીમાલી જ્ઞાતીય શ્રેષ્ઠી ધના સુત.....

સં૰ ૧૬૫૬

(૧૨) સં૰ ૧૬૫૬.....

(૧૩) સ્વસ્તિ શ્રી પ્રભા-વિજયસેન સૂરિભિઃ સંવત **૧૬૫૬**....શ્રી અલાઈ ૪૫ વર્ષે વા૰ ભાઈ ભાર્યા સીથમાદે નામ્ના શ્રી બિરુધ્ધારક શ્રી ૨ વિજયકર...જ્ઞાતિય વૃદ્ધ પદ્ધ શાખાયા વ્યા૰ સો૰ સધિર સુત...તપાગચ્છે બાદશાહીશ્રી અકબર પ્રદત્ત જગદ્‌ગુરુ....પ્રતિષ્ઠિતં કારિતં ભટ્ટારક વિજયસેનસૂરિભિઃ।

(૧૪) ઈલાહી સંવત ૪૫.....હીરવિજયસૂરિ પટ્ટાલંકાર.... .....

---

(૭) માણેકચોકમાં આવેલ મહાવીર સ્વામીના જિનાલયના મૂળનાયક મહાવીરસ્વામીની પ્રતિમાનો લેખ.

(૮) ચોકસીની પોળમાં મનમોહન પાર્શ્વનાથના જિનાલયના મૂળનાયક મનમોહન પાર્શ્વનાથની પ્રતિમાનો લેખ.

(૯) ખારવાડામાં સુખસાગર પાર્શ્વનાથના જિનાલયના મૂળનાયક સુખસાગર પાર્શ્વનાથની પ્રતિમાનો લેખ.

(૧૦) માણેકચોકમાં ચિંતામણિ પાર્શ્વનાથ બાવન જિનાલયના મૂળનાયક ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમાનો લેખ.

(૧૧) ચોકસીની પોળમાં વિમલનાથના જિનાલયના મૂળનાયક વિમલનાથની પ્રતિમાનો લેખ.

(૧૨) લાડવાડામાં અભિનંદનસ્વામીના જિનાલયના મૂળનાયક અભિનંદનસ્વામીની પ્રતિમાનો લેખ.

(૧૩) ઊંડીપોળમાં શાંતિનાથના જિનાલયના મૂળનાયક શાંતિનાથની પ્રતિમાનો લેખ.

(૧૪) કુંભારવાડામાં શીતલનાથના જિનાલયના મૂળનાયક શીતલનાથની પ્રતિમાનો લેખ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૬૫૮

(૧૫) ॥ભલેમીંડું॥ સંવત ઈલાહી ૪૬ વર્ષે ૧૬૫૮ વર્ષે માઘ સિત ૫ સોમૈ શ્રી સ્તંભતીર્થ વાસ્તવ્ય શ્રી શ્રીમાલી જ્ઞાતીય ૫૰ વજિઆ રાજિઆભ્યાં સ્વશ્રેયસે શ્રી સ્થંભનપાર્શ્વનાથ બિંબં કારિતં પ્રતિષ્ઠિતં। શ્રી તપાગચ્છે મહાનૃપપ્રતિબોધક સુવિહિત ભટ્ટા૰ શ્રી હીરવિજયસૂરિ તત્પટ્ટોદ્યોતકારક ભટ્ટારક શ્રી ૫ શ્રી વિજયસેનસૂરિ આચાર્ય શ્રી પશ્રી વિજયદેવસૂરિ ઉ૰શ્રી વિમલહર્ષ ગણિ ઉ૰ શ્રી કલ્યાણ વિજય ગ૰ ઉ૰ શ્રી સોમવિજય ગ૰ પ્રમુખ પરિવાર પરિકરિતૈઃ॥

(૧૬) ઈલાહી સં૰ ૪૬ સં૰ ૧૬૫૮.....શ્રી વિજયદેવસૂરિ

(૧૭) ઈલાહી સં૰ ૪૬ માઘ.....તેજપાલ ભાર્યા તેજલદે.....વિજયદેવસૂરિ

સં૰ ૧૬૫૯

(૧૮) ઈલાહી ૪૮ સં૰ ૧૬૫૯ વૈશાખ....સોહાસિણિ સુત તેજપાલ.....વિજયસેનસૂરિ

